# ભુવનભાનુ

## એન્સાઈક્લોપીડિયા

## દિવ્યદર્શન "પ્રવચન મહોદધિ"

### શાંતસુધારસ અને ઋષિદત્તા-૧

### ભાગ-૩૬



લેખક :પ.પૂ.આચાર્ય શ્રી ભુવનભાનુસૂરિ મ.સા.

# ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા

## (દિવ્ય-દર્શન પ્રવચન મહોદધિ)

## શાંતસુધારસ અને ઋષિદત્તા-૧

## ભાગ-૩૯

:: પ્રવચનકાર ::
ન્યાય વિશારદ,
સેંકડો ભવ્યાત્માઓના રાહબર
પ.પૂ. આચાર્ય શ્રી વિજય
ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા

::પ્રકાશક::
કુમારપાળભાઈ વી. શાહ
દિવ્યદર્શન ટ્રસ્ટ
૩૯, કલિકુંડ સોસાયટી,
કલિકુંડ-ધોળકા,
(અમદાવાદ)

# ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા (ભાગ-૩૯)
# દિવ્ય-દર્શન પ્રવચન મહોદધિ
# શાંતસુધારસ અને ઋષિદત્તા-૧

**:: શુભાશિષ ::**

સંઘ શા... તપાગચ્છ ભૂષણ સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્ય
શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા

**:: પ્રેરક-માર્ગદર્શક ::**

સંઘ શાસન કૌશલ્યાધાર પ.પૂ. આચાર્ય શ્રી વિજય જયસુંદરસૂરીશ્વરજી મહારાજા

**:: સહાયક ::**

સરળ સ્વભાવી પ.પૂ.પં.શ્રી પદ્મસેનવિજયજી મ.સા.

**પ્રથમ આવૃત્તિ : ૨૫૦** **કિંમત : ૧૫૦/-**

**વિમોચન : શ્રાવણ સુદ-૧૫, વિ.સં.૨૦૬૭, તા.૧૩-૮-૨૦૧૧, શનિવાર**

**:: પ્રાપ્તિસ્થાન ::**

| દિવ્યદર્શન ટ્રસ્ટ | દિવ્યદર્શન ટ્રસ્ટ | શ્રી ભુવનભાનુસૂરિ જૈન જ્ઞાન શાળા |
|---|---|---|
| ૩૯, કલિકુંડ સોસાયટી, ધોળકા | ૨૯/૩૦, વાસૂપૂજ્ય બંગલો, સેટેલાઈટ, અમદાવાદ | ૩૬, જ્ઞાનમંદિર સોસાયટી, નવકાર જૈન દેરાસર સામે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭ |
| ડૉ. હેમંતભાઈ-અમદાવાદ (૦૭૯)-૨૬૬૩૦૦૦૬ | ડૉ. સંજયભાઈ-સુરત ૯૮૨૫૧ ૨૧૪૫૫ | મો. ૯૪૨૭૦ ૩૭૪૯૧ (રાહુલભાઈ) |

**શ્રેયસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ**
૧૦૬, એસ.વી.રોડ, ઈર્લા-પાર્લા (વેસ્ટ)
ફોન : ૨૬૭૧૯૩૫૭

**ટાઈપ સેટીંગ - મુદ્રક**
**જય જિનેન્દ્ર ગ્રાફીક્સ (નીતિન શાહ - જય જિનેન્દ્ર)**
૩૦, સ્વાતિ સોસાયટી, સેન્ટ ઝેવીયર્સ હાઈસ્કુલ રોડ,
નવરંગપુરા, અમદાવાદ-૧૪. મો. ૯૮૨૫૦ ૨૪૨૦૪
ફોન : (ઓ) ૨૫૬૨ ૧૬૨૩ (ઘર) ૨૬૫૬ ૨૭૯૫
E-mail : jayjinendra90@yahoo.com

## :: પ્રકાશકીય ::

અપ્રમત્ત, મૈત્રીભાવના સ્વામી, અનાસક્ત યોગી **પ.પૂ.આ.શ્રી વિ. ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાએ જીવોના રગેરગમાં જિનશાસનને વસાવવા, શાસન પ્રભાવનાના ઉત્કૃષ્ટ કાર્યો સાથે ચાંદનીના પ્રકાશમાં પણ, પોતાની નિદ્રાનો ત્યાગ કરી જે ચિંતનો લખેલા હતા તે દિવ્યદર્શન ટ્રસ્ટ વતી દિવ્યદર્શન સાપ્તાહિકમાં છપાયેલા હતા.

વર્તમાનકાળમાં સકલ સંઘના કલ્યાણ અર્થે **શ્રી ભુવનભાનુ સૂરિજન્મશતાબ્દીનું નિમિત્ત પામી** જેઓશ્રીની સતત કૃપા અમારા ટ્રસ્ટ ઉપર છે એવા સુવિશાલ ગચ્છાધિપતિ **પ.પૂ.આ.શ્રી વિ. જયઘોષસૂરીશ્વરજી મહારાજા**ના આશિષ પામી તેમના વિનીત પટ્ટધર **પ.પૂ.આ.શ્રી વિ. જયસુંદરસૂરીશ્વરજી મહારાજા**ના માર્ગદર્શન હેઠળ તે અમૂલ્ય ચિંતનો-પ્રવચનોનો રસથાળ **"ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા"**માં સંગૃહિત કરવાનું નક્કી કર્યું છે.

વર્ષોથી સ્વર્ગસ્થ પૂજ્યપાદ ગુરુદેવશ્રીની અનન્ય ભક્તિ-વૈયાવચ્ચ કરનાર **પ.પૂ.પં.શ્રી પદ્મસેનવિજયજી મ.સા.** તથા **પૂ.પં. શ્રી ભુવનસુંદરવિજયજી મ.સા.** તથા **પૂ. મુનિ શ્રી જ્ઞાનબોધિવિજયજી મ.સા.** તથા **પૂ. મુનિ શ્રી દેવાંગરત્નવિજયજી મ.સા.**એ પુર્નમુદ્રણ માટે પરિમાર્જન કરી આપ્યું તે બદલ તેઓશ્રીને ખૂબ ધન્યવાદ.

આ સેટના મુદ્રણમાં જ્ઞાનખાતાનું દ્રવ્ય વાપરી સુકૃતના સહભાગી બનેલા સંઘો તથા વ્યક્તિગત લાભ લઈ સંપતિનો સદુપયોગ કરવા બદલ તેઓના તથા ગ્રંથનું ટાઈપ સેટીંગ તથા મુદ્રણ કરનાર **જય જિનેન્દ્ર ગ્રાફીક્સ, અમદાવાદ (નીતીન શાહ-જય જિનેન્દ્ર)** ના અમે આભારી છીએ.

આ પુસ્તકમાં કોઈ પણ પ્રિન્ટિંગાદિ ભૂલ રહી ગયેલ હોય તો પ્રબુદ્ધજનો જણાવીને અનુગ્રહ કરશો.

**કુમારપાળભાઈ વી. શાહ**



# :: સુકૃત અનુમોદન ::

સંઘશાસન કૌશલ્યાધાર પ.પૂ.આ.
શ્રી જયસુંદરસૂરીશ્વરજી મહારાજાની
પાવન પ્રેરણા થી
**શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન સંઘ**
**સાંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ)**
પોતાના જ્ઞાનનિધિમાંથી
આ પુસ્તક પ્રકાશનનો
લાભ લીધેલ છે.

અનુમોદના

## હૃદય ઊર્મિ

"આજની તારીખે-તર

પૂજ્યપાદ શ્રી ભારત ભરના જૈન સંઘોમાં તેમના લોકો ગુણોથી છવાઈ ગયા છે. પ્રવચનોમાં પ્રતિદિન તેમના ગુણો ગવાય છે. તેમના મંગલ ગીતો બનેલા છે. "ગુણ અનંતા તારા કહેતા નાવે પાર". પૂજ્યપાદશ્રી પાસે-સાથે ચોમાસામાં-વિહારમાં અમદાવાદ, જયપુર, કાનપુર, કલકત્તા, મુંબઈ રહેવાનું થયું તેમના જીવનની લોકોત્તર વાતો આ પત્રમાં સમાય નહિં. પણ પ્રથમ પરિચયની વાત લખું છું. કે ૪૫ વરસ અગાઉ ઇડર-વડાલી થી પ્રવીણ વિ. મ. સાહેબે મને કહ્યું કે ભાનુવિજયજી પન્યાસ પાસે જાવ તમને સંયમના ભાવ જાગશે તેઓ મોટી મોટી શિબિરો કરે છે કોલેજના યુવાનો પ્રોફેસરો તેમની શિબિરમાં આવે છે. C.A. ભણેલા છે અંગ્રેજીમાં પ્રવચન આપે છે" હું અમદાવાદમાં પહેલી વાર ગયો જ્ઞાનમંદિર-કાલુપુર રોડ પર તેઓ સ્થિરતા કરેલ- હું પહોંચ્યો બીજા માળે બિરાજમાન હતા ત્રીજે માળે પૂજ્યપાદ પ્રેમસૂરીશ્વરજી હતા મેં વંદન

P.T.O

ફરી પૂછ્યું શિબિરો કરે છે તે પંન્યાસજી ભાનુ
વિજયજી મ.સા ક્યાં છે. રાત્રેકની આસપાસ.
સાધુઓ ઘણા બેઠા હતા તેમાંથી એક સાધુ મને
અંદર રૂમ માં લઈ ગયા. ત્યાં મેં નજર
ફેરવી પણ કલ્પના કરેલ ભાનુવિજયજી દેખાયા
નહિ. ત્યાં સાત-આઠ મહાત્માઓ બિરાજમાન
હતા મેં પૂછ્યું શિબિર કરે છે. તે ભાનુ વિજયજી
ને મળવું છે. બિરાજમાન માંથી વિદ્યાનંદ
વિજયજી એ કહ્યું કે સામે બેઠા છે તે
ભાનુ વિજયજી છે. હું આશ્ચર્ય પામ્યો કે
C.A. ભણેલા ઓફિસર થયેલા, શિબિરો કરનારા
આવા સામાન્ય સાદા. મેં વંદન કરી કહ્યું કે
મુંબઈ છોડે ૭ દિવસ થઈ ગયા. જવાબમાં
તેમણે કહ્યું "અનંતા કાળ વીતી ગયા"
આ વાક્ય માંથી હું ઘણો જ પ્રભાવિત
થઈ ગયો જેની વાણીમાં વૈરાગ્ય નિતરે છે
આ વાક્યથી "અનંતા કાળ વીતી ગયા"
જેમણે પણ સાર લીધો હોય તે સૌ માટે
રામ્ય. અભય ની વાતો કોઈવાર...
શુભં ભવતુ
અનેકશઃ વંદના શાસનમાં સૌને
મલાડ. વેસ્ટ તા. ૩૧-૭-૨૦૧૦

**મુનિ શ્રી વિશ્વાનંદવિજયજી મ.સા.**

**'એક વાક્યમાં જબ્બર તાકાત**
**તો પાને પાને વાંચતાં**
**ભવ જલધિ થી પાર ઉતરી જશું...'**

"આવી પણ હોય શકે દૃષ્ટિ"

ઓલો ભાનુ પોતાની હથેળીમાં પ્રકાશે પોતે વિલીન-પ્રકાશ વિનષ્ટ.
આતો એવા ભાનુ હતા જે વિચરતા તો સહસ્રશ: પ્રકાશિત હતા જ પણ અવિદ્યમાનતામાં પણ અનેકશ: સ્વત: પ્રકાશિત છે. અને પ્રસ્તાવિત કરવાના...

એ પણ પ્રકાશવાની વાત તો દૂર રહી, પ્રકાશને નીરખવાની દૃષ્ટિની પણ મંદતા અને મલિનતા ધરાવનાર મારા જેવા અલ્પજ્ઞ... પણ ગુણ ગાવતા, ગુણ આવે એ ભાવે

પ્રભુ માટે કહેવાય:- ભૂમિકાન્તગુણૈરુચ્ચૈ: સામ્રાજ્યં સાધિતં ત્વયા.
ગુરુદેવ માટે કહેવું છે:- માઈક્રોસ્કોપ-કેલિડોસ્કોપ દૃષ્ટયા શાસન-શાસનં વર્ધિતં ત્વયા.

ગુરુદેવના એક ચક્ષુ માઈક્રોસ્કોપની હતી, તો અન્ય કેલિડોસ્કોપની
ગુરુદેવ સ્વદોષદર્શનમાં માઈક્રોસ્કોપ દૃષ્ટિ ધરાવતા હતા પોતાના નાનામાં નાના દોષને શુદ્ધ પ્રતિક્રમણ યોગે નિરખતા... દોષને નીરખે તો ઘણા પણ ગુરુદેવ દોષને ઓળખીને ઓગળી પણ શકતા અને અળગો પણ કરી શકતા

કેલિડોસ્કોપ દૃષ્ટિથી ગુરુદેવના તનથી દૂર રહેતા (શિષ્યાદિ)ના જ નહિ મનથી દૂર રહેલા (વિરોધિ)ના પણ ગુણદર્શન કરી શકતા અંતરથી અનુમોદના કરી શકતા.

માઈક્રોસ્કોપ દૃષ્ટિથી નાનામાં નાની ક્રિયા શુદ્ધ કઈ રીતે થાય તે દર્શાવતા
કરતા અને કરાવતા. અશુદ્ધિ નીરખતા અને નિવારણ કરતા.

કેલિડોસ્કોપ દૃષ્ટિ હતી આજે શરુ થનારા આચારથી ભવિષ્યમાં કયા અનર્થ થઈ શકે તે અવગાહી શકતા તેથી જ તીર્થ બનાવવાથી દૂર રહ્યા.

માઈક્રોસ્કોપ દૃષ્ટિ હતી નાના-નબળો જીવ પણ, નાની કે મોટી દ્રવ્ય કે ભાવ મુસીબત નિવારણ ભાવથી, પ્રભુમાં ભળી શકે. પ્રભુ દ્વારા જ એને સર્વ કાંઈ મળી શકે અને પ્રભુ ભક્તિ કરતા(૩) અંતે તરી શકે એવો આબાલ-વૃદ્ધ સર્વહિતકર જિનોક્ત માર્ગ નીરખી શક્યા પ્રરુપી શક્યા. કેવી કરુણા દૃષ્ટિ.

કેલિડોસ્કોપ દૃષ્ટિની એ કમાલ હતી કે સંમેલન અવસરે તાત્કાલિક ધમાલ-અપમાની હોવા છતાં દીર્ઘકાલીન શાંતિ-સંઘને નીરખી નિર્ભય-નિશ્ચલ રહ્યા. સકળ સંઘને ઉપશાંતતાની નિર્મળતા તરફ દોરી ગયા. આ દૃષ્ટિના મધુર ફળ આજે ચાખી રહ્યા છે. કેવી ઉપકારદૃષ્ટિ

માઈક્રોસ્કોપ દૃષ્ટિ હતા- તત્ત્વદર્શન-ચિંતનમાં જેનો આલોક પરમતેજ, ઉત્કૃષ્ટ પ્રકાશના આદિ રચિત ગ્રંથના પાને પાને નહિ શબ્દે શબ્દે અનુભવાય છે. આ ગ્રંથે એ જ રત્ન પ્રકાશ પાથરી રહ્યો છે ને!

કેલિડોસ્કોપ દૃષ્ટિ સંઘહિતદર્શનમાં જેના ફળસ્વરૂપ જ અદ્યાવધિ અપાર લાભકર શિબિર, પ્રતિક્રમણ સૂત્રચિત્ર, મહાપુરુષ ચિત્રસંપુટ આદિ અનેકવિધ ક્ષેત્રમાં આલોક પથરાયો

ખરેખર! ગુરુદેવ કહેવાનું મન થઈ જાય -> 'અલભ્યં લભ્યતે ક્વચિત્'

ક્ષરદેહે તો ગુરુદેવ! આપનો વધુ લાભ ન મળ્યો
પણ અક્ષરદેહે તો આલોકે આપશ્રીના આશીર્વાદ ઉદ્યોતિત-ઉજ્જ્વલ કરતા રહી
આત્માનંદના પૂર્ણ પ્રકાશને પામીએ એજ

ભવદીય લઘુબાળ
દેવકીર્તિ

**લઘુબાળ દેવકીર્તિ મ.સા.**

## :: અનુક્રમણિકા ::


| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૧. | ૨૦ | ૪૭ | શાંતસુધારસ અને ઋષિદત્તા | ૧ |
| ૨. | ૨૦ | ૪૮ | સંસાર મોક્ષ જીવનું જ સ્વરૂપ છે | ૧૬ |
| ૩. | ૨૧ | ૨ | મોહનીય કર્મનાં બંધનની સામે શું કરી શકાય ? | ૨૪ |
| ૪. | ૨૧ | ૨ | મહાસતી ઋષિદત્તા કથાનક | ૨૮ |
| ૫. | ૨૧ | ૪ | બાળા અદ્રશ્ય | ૫૨ |
| ૬. | ૨૧ | ૫ | રાજકુમારની જિન-સ્તવના | ૬૨ |
| ૭. | ૨૧ | ૬ | ઋષિ કોણ ? | ૭૦ |
| ૮. | ૨૧ | ૭ | હરિષેણ રાજા આશ્રમમાં | ૭૮ |
| ૯. | ૨૧ | ૭ | બાર ભાવના | ૮૧ |
| ૧૦. | ૨૧ | ૯ | રાજા-રાણી તપોવન પ્રતિ | ૧૧૨ |
| ૧૧. | ૨૧ | ૧૧ | સત્ત્વહીનતા કેમ મીટે ? | ૧૨૨ |
| ૧૨. | ૨૧ | ૧૨ | સીતાના ચમત્કારિક બોલ | ૧૨૮ |
| ૧૩. | ૨૧ | ૧૩ | દાનનો સ્વભાવ | ૧૩૦ |
| ૧૪. | ૨૧ | ૧૪ | કન્યાને બાપની હિતશિક્ષાઓ | ૧૪૪ |
| ૧૫. | ૨૧ | ૧૪ | કુમારની તત્ત્વવાણી | ૧૫૦ |
| ૧૬. | ૨૧ | ૧૭ | રુક્મિણી જોગણીને સાધે છે | ૧૬૪ |
| ૧૭. | ૨૧ | ૧૭ | ઋષિદત્તા પર કનકરથને શંકા | ૧૬૮ |
| ૧૮. | ૨૧ | ૧૮ | ઋષિદત્તાને મોતની સજા | ૧૮૬ |
| ૧૯. | ૨૧ | ૧૯ | ઋષિદત્તાનું કર્મચિંતન | ૨૦૦ |
| ૨૦. | ૨૧ | ૨૧ | ઋષિદત્તાએ શીલનો ઉપાય શોધ્યો | ૨૧૬ |
| ૨૧. | ૨૧ | ૨૨ | કુમારને મંદિરમાં ઋષિદત્તાનો ભેટો થાય છે | ૨૩૦ |
| ૨૨. | ૨૧ | ૨૩ | પંડિતની સંયમ માટે શિખામણ | ૨૪૦ |
| ૨૩. | ૨૧ | ૨૪ | ઋષિદત્તા-યોગિરાજને પુનઃ વિનંતિ | ૨૬૨ |
| ૨૪. | ૨૧ | ૨૫ | રુક્મિણી પોતાનો પ્રપંચ કહે છે | ૨૭૨ |
| ૨૫. | ૨૧ | ૨૬ | પંડિતની તત્ત્વવાણી | ૨૮૦ |
| ૨૬. | ૨૧ | ૨૭ | અશરણ ભાવનાના ૫ લાભ | ૨૯૪ |
| ૨૭. | ૨૧ | ૨૮ | યોગિરાજ કનકરથને સમજાવે છે | ૩૦૮ |
| ૨૮. | ૨૧ | ૩૦ | ઋષિદત્તાના ભક્તિભાવનો પ્રભાવ | ૩૨૨ |

# શાંતસુધારસ અને ઋષિદત્તા ભાગ-૧

**'શાંતસુધારસ' શાસ્ત્રનાં રસઝરણાં**

અનંત ઉપકાર અને અનંત ગુણોથી ભરેલા ત્રિલોકનાથ ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ આપણને અનંત કલ્યાણ સાધક ધર્મશાસનની બક્ષીસ કરી. એ શાસન એમ ફરમાવી રહ્યું છે કે

**માનવ આયુષ્ય એ ધર્મ-આરાધનાનો અતિ દુર્લભ પુરુષાર્થકાળ છે.**

'અતિદુર્લભ' એટલે સમજો છો ને ? જે પ્રાપ્ત કરવો અતિશય દુષ્કર; આ વિરાટ સંસારમાં એમ ઝટપટ અને જ્યારે ને ત્યારે ન મળે એવો જુઓ છો ને કે આ જગતમાં પશુ પંખી કીડા-કીડી વગેરેની સંખ્યા કેટલી ? અપંરપાર, એટલે કે એના અવતાર પામવા સહેલા; ત્યારે માનવસંખ્યા એની અપેક્ષાએ અતિ અતિ અલ્પ હોવાથી માનવ અવતાર પ્રાપ્ત કરવો ખૂબજ મુશ્કેલ, એ સમજાય એવું છે.

એમાં ય અનાર્ય મ્લેચ્છ જેવો માનવભવ મળ્યો તો ત્યાં ધર્મની વાત જ નથી એટલે ધર્મ-આરાધનાની વાતે ય શી ? અને એ નહિ પછી ધર્મ-આરાધનાનો પુરુષાર્થકાળ શાનો ? ત્યાં તો અર્થ-કામ સાધવાના જ પુરુષાર્થ ચાલી રહ્યો હોય તેથી સમગ્ર જીવનકાળ એ જ પુરુષાર્થ કરવામાં પસાર થાય છે. એનું આખું ય માનવ આયુષ્ય એ કીટ પશુની જેમ અર્થ કામની સાધનાનો જ પુરુષાર્થકાળ બની જાય છે.

એ તો આર્ય દેશની બલિહારી છે કે એમાં ધર્મની વાત મળે છે, ધર્મની આરાધના શક્ય બને છે, આરાધના સુલભ રહે છે. માત્ર એમાં પુરુષાર્થ ફોરવવો જોઈએ, આમે ય જીવ પુરુષાર્થ વિનાનો ક્યાં રહે છે ? ખાનપાન વિષય પરિગ્રહ આરંભસમારંભ વગેરેમાં પુરુષાર્થ ધરખમ કરે જ છે. એ પુરુષાર્થને ધર્મમાં વાળવાનો છે. પુરુષાર્થ જેમ ધનકમાઈ અને ધનરક્ષાનો થાય છે, એમ ધનના દાનનો કરવાનો છે. એમ વિષયોના ત્યાગનો, શીલનો તથા વૃત્તિસંક્ષેપનો કરવાનો છે.એવી રીતે ખાનપાનના પુરુષાર્થની જેમ નાની મોટી તપસ્યાનો પુરુષાર્થ કરવાનો છે.

તમે કહેશો કે જેવી ધન લાવવા સંઘરવાની મહેનત ગમે છે, એવો ધન દેવાનો પુરુષાર્થ ગમતો નથી. એમ વિષયો ભોગવવાનો પુરુષાર્થ ગમે છે, એવો વિષયોના ત્યાગનો પુરુષાર્થ ગમતો નથી. એવી રીતે ખાનપાન કરતા રહેવાનો પુરુષાર્થ ગમે છે. એવો એ છોડી તપ કરવાનો પુરુષાર્થ ગમતો નથી. પછી શી રીતે એ દાન શીલ તપનો પુરુષાર્થ થાય ?

પરંતુ જરાક આંખ પહોળી કરીને જુઓ કે ધન કેટલું ય કરાય છે, હોંશે હોંશે કરાય છે. એટલે ધન દેવાનું નથી જ ગમતું એમ તો નહિ ને ? ત્યારે એવા પ્રસંગ આવ્યે અગર ધન પહોંચતું ન હોય તો કેટલા ય વિષય ભોગવવાનું જતું કરાય જ છે. એવો તાવ વગેરે રોગ આવે તો ઘી, દૂધ વગેરે છોડો કે નહિ ? ઘરમાં કોઈ વહાલાનું મરણ થયું હોય તો દિવસો અને કદાચ મહિનાઓ મીઠાઈ છોડાય છે ને ? પત્ની બિમાર હોય, પિયેરમાં હોય, કે તમને ટી.બી.હોય તો બ્રહ્મચર્ય પાળો કે નહિ ? તો ત્યાગ શીલ, તપ નથી જ થઈ શકતા એમ તો નહિ ને ? વિષયો છોડવાનું નથી જ ગમતું યા એનો પુરુષાર્થ નથી જ થતો એવું તો નહિ ને ? એમ વેપારમાં કે તેવા પ્રસંગમાં ગુંથાયા ખાવાના ટંક જતા કરો કે નહિ ? દિવસમાં એક જ વાર ખાવાનું બને ને ? અજીર્ણ થઈ ગયું હોય, સવારથી જ બાદીના ડકાર આવતા દેખાય, તો આખો દિવસ ખાવાનું બંધ કરો કે નહિ ? એટલે ધન છોડવાનું વિષયો તજવાનું કે ખાવાનું બંધ કરવાનું નથી ગમતું, યા એનો પુરુષાર્થ નથી જ થતો, એવું તો નહિ ને ?

સવાલ આટલો છે કે ધર્મ માટે એવો પુરુષાર્થ કેમ નહિ ? ધન-વિષય ભોજનના ત્યાગ ધર્મના નામ હેઠળ કરવાનું ગમે નહિ ? **સંસારની બધી ય સાધના ગમે, ને સાંસારિક સાધનાઓ અંગે જરૂરી ત્યાગના હોંશે હોંશે પુરુષાર્થ થાય; ત્યારે સમગ્ર સંસારવિટંબણાનો અંત લાવી દે એવા ધર્મની આરાધના ગમે નહિ ? શું એવા ત્યાગના પુરુષાર્થ ન થાય ?**

સમજો છો ખરા ને કે સંસાર એ જીવની એક વિટંબણા છે ? ના, એ જ સમજાતું નથી ને ? નહિતર તો એ વિટંબણા જોઈ સંસાર પર ઊભગી ગયા હોત, અને એ વિટંબણાને ટાળનારા ધર્મને ધર્મની આરાધનાને ખૂબ ગમતી કરી હોત તો હવે ક્યારે એ સમજવાના ? આવતા ભવમાં ? અહીં નહિ ?

**સંસાર એ મહાવિટંબણા હોવાનું સમજાય, વિટંબણારૂપ મનાય, તો જ ધર્મ ખરેખર ગમે.**

ધર્મ કરતા હો, અને સંસાર એ વિટંબણા નહિ પણ મેવા-મીઠાઈ જેવો લાગતો હોય તો એ ધર્મ કરવાનું ને એ માટે ધર્મ ગમવાનું બનાવટી ગણાય. બનાવટી એટલા માટે કે ધર્મમાં જરાક કષ્ટ પડતાં, કે અપમાન-આપત્તિ આવતાં ય ધર્મનું ધાર્યું ફળ ન દેખાતાં ધર્મ અકારો લાગે છે, ધર્મ કરવાનું મૂકાઈ જાય છે. પરંતુ જો સંસારને તથા સંસારની સુખ સગવડ એશ આરામીને વિટંબણા સમજતો હોય, તો ધર્મમાં કષ્ટ વગેરે આવતાં મનને એમ થાય કે આ કષ્ટ વગેરેથી ગભરાવાની જરૂર નથી. કષ્ટને બદલે સુખ-સગવડ ગમે એ પણ એક સંસારની

વિટંબણા જ છે, તો એના શા લાલચુ બન્યા રહેવું ? અપમાનને બદલે સન્માન ગમે, એ પણ સંસાર વિટંબણા જ છે. તો એવા સન્માનની જ ભૂખ શી રાખ્યા કરવી ? ધર્મનાં લૌકિક ફળ ગમે એ ય સંસારની વિટંબણા એની શી આકાંક્ષા રાખવી ? સમજજો, આ જરાક ઊંચું તત્ત્વજ્ઞાન ઊંચી તત્ત્વ સમજ છે. કે-

**સંસારની સુખ-સગવડ કે સન્માન ગમે અને ધર્મનાં લૌકિક ફળ વહાલા હેમ લાગે એ વિટંબણા છે.**

પરંતુ સહેજ વિવેકથી વિચારો તો એને વિટંબણા રૂપ સમજતાં વાર નહિ લાગે. વિવેક આ, કે-

**જો એ બધું ગમતું કરવાથી જ પછી એની પાછળ,**

(૧) સત્તર પાપસ્થાનક સેવવા પડતા હોય,

(૨) કંઈકની ગુલામી કરવી પડતી હોય.

(૩) એમ તન-મનથી રચ્યાપચ્યા રહી ભગવાન ભૂલવા પડતા હોય,

(૪) મહાદુર્લભ અને અનંત કલ્યાણસાધક જિન શાસન અને એની આરાધના ભૂલવી પડતી હોય.

(૫) અનંત કાળના પોષેલા મારક કુસંસ્કારોમાં ઔર વૃદ્ધિ થતી હોય,

(૬) કર્મોના ભાર વધી ભવના ફેરા વધતા હોય,

**-આવું બધું જે સુખ-સગવડ સન્માન આદિ ગમતું કરવાથી થતું હોય એ સુખ સગવડ-સન્માન વગેરે અને એ ગમવાનું એ, ગુલામ બનાવનારી પત્નીની જેમ, વિટંબણા નહિ તો બીજું શું ?**

દુનિયામાં જુઓ કે રૂપાળી પત્નીને બહુ ગમતી કરી, (૧) રાગ મૂઢતાથી એની ગુલામી ઊઠાવવી પડતી હોય, (૨) પૈસે ખુવાર થવું પડતું હોય; (૩) લોકમાં નિંદા થાય એવી એને મોટાભા કરવી પડતી હોય તો, શું એ પત્ની અને એના પરનો અંધ રાગ એ વિટંબણારૂપ નથી ?

**નવીની વિટંબણાની કથા :-**

એક માણસને સારી સેવાભાવી પત્ની છતાં બીજી રૂપાળી કન્યા પર મોહ થયો અને એને એ પરણ્યો. પરણી આવેલી એ નવી સ્ત્રીને આ શોક્ય ગમતી નથી, તેથી એણે પતિને ઊંધું ચતું સમજાવીને જુનીને બીજા ઘરમાં જુદી રાખવા કહ્યું. પેલો સમજે છે કે જુનીમાં રૂપની ખામી સિવાય બીજો દોષ નથી, ઊલટું સેવાભાવી અને આજ્ઞાંકિત છે, છતાં નવી બહુ ગમતી હોવાથી અને આજ્ઞાંકિત છે. છતાં નવી બહુ ગમતી હોવાથી એના બોલ પર જુનીને જુદી રાખી. બોલો આ ગમવાનું પોતાની વિટંબણારૂપ નહિ ? નવી સેવાભાવી નહિ સેવા કરનારી તો

નહિ, પણ પતિની ય પાકી શેઠાણી છે, પતિ પાસેથી પોતાનું કામ લે છે. છતાં એ પતિને બહુ ગમે છે તેથી પતિના મનને ગુલામીનું કાંઈ લાગતું નથી; ઊલટું એની સેવા પોતે બજાવીને ખુશી થાય છે કેવી વિટંબણા અંધ રાગની ?

આગળ જુઓ. એકવાર ભાઈ વહેલી સવારથી કાંઈક કામે ગામડે ગયેલા તે બપોરે મોડા પાછા આવ્યા. આવીને નવીને કહે લે આજે મોડું થઈ ગયું. ભૂખ બહુ લાગી છે. ચાલ જમવાનું જલ્દી પીરસ.'

પેલી કહે અત્યારે જમવાનું ? ચોકો સાફ થઈ ગયો.'

'તો હવે ઉપવાસ કરું ?'

'ના, રે, ના, ઉપવાસ શું કામ ? સાંજના જમજો.'

'અરે ! પણ ભૂખ ખાસી લાગી છે, તે હવે જમ્યા વિના રહેવાય એવું નથી.'

નવી કહે તો જાઓ તમારી જુની જમાડશે. મારી જુની બહુ સારી કહો છો ને ? તો નહિ જમાડે ?'

ધણી શું કરે ? પરંતુ એ આનામાં એવો રાગમૂઢ છે કે ટોણો ખાવા છતાં તેમ સવારનો અત્યાર સુધી મહેનત કરીને આવેલ છતાં નવીને જમાડવાની લાગણી નથી તો ય એ એને જરાય ખોટી માનવા તૈયાર નથી. ઊલટું કહે છે, ના રે ના જુની શાની બહુ સારી ? બહુ સારી તો મારે તું છે ? બોલો, આ પોતાની વિટંબણા નથી ? નવી ને બહુ ગમતી કરી છે. માટે જ આ વિટંબણા ને ?

ખેર, શું કરે ? નવી તો નિરાંતે ખાઈ પી મસ્ત થઈને ગદેલામાં સૂતી છે, તે ઉઠતી ય નથી. એટલે ધણી પહોંચ્યો જુની પાસે. જુનીએ તરત ઉઠીને એનો આવકાર કર્યો, આવો પધારો, આજ મારાં અહોભાગ્ય તે તમારા અહીં પાવન પગલાં થયાં. લ્યો બેસો આ ગાદી પર.'

પેલો કહે, હું બેસવા નથી આવ્યો. ગામડે ગયો હતો તે હમણાં જ આવું છું. લાવ મને જમવાનું દે.'

જુનીનું દિલ મોટું છે, તે પૂછતી સરખી નથી કે 'અરે ! તમને નવીએ જમાડ્યા નથી ? એ તો તરત જ કહે છે, લ્યો આટલો શ્રમ કરીને આવ્યા છો. તો જરાક આરામ કરો, હું બે સગડી કરી હમણાં જ જમવાનું તૈયાર કરી દઉં છું. મારી ભૂલ થઈ તે જમવાનું કશું રાખ્યું નહિ. પણ ફિકર નહિ, હમણા જ તૈયાર કરી દઉં છું'. એણે તરત જ સગડી પેટાવી તાવડીમાં શીરો હલાવી નાખ્યો, શાક કર્યું, ધણીને જમવા બેસાડી દીધો, અને બહુ પ્રેમથી પીરસી રહી છે.

ત્યારે ધણીને પેલી નવી જ ગમે છે એટલે જુનીના આટલા બધા આદર અને

અવસરોચિત સરભરા છતાં એને કદર નથી. ઊલટું એ ખાતાં ખાતાં કહે છે,-

'આવું ને આવું ફિક્કું જ જમાડીશ ?'

'કેમ ? મજેનો શીરો અને સ્વાદિષ્ટ શાક ફિક્કા ક્યાં છે ? છતાં કહો તો બીજું બનાવી દઉં.'

'અરે ! તને રાંધતાં જ ક્યાં આવડે છે, તે બીજું ય સારું શું બનાવવાની હતી. ? જા નવી પાસે જા, અને એના હાથનું બનાવેલું કશું લઈ આવ; તો કાંઈક સ્વાદ આવે.'

**મજા ક્યાં ? સંવચ્છરી પડિક્કમણામાં ? કે હવામાં ? :-**

નવીમાં રાગાંધ પતિની આ કેવી વિટંબણા છે ? તમને ય જો સંસાર બહુ ગમે છે, સંસાર ઉપર અંધ રાગ છે, તો ભલે ને ધર્મ તમારી બહુ કદર કરી તમને બહુ શાંતિ આપનારો હોય. છતાં તમને પેલી જુનીની રસોઈની જેમ ધર્મની ક્રિયામાં સ્વાદ નથી આવતો, તે ત્યાં ય સંસારની કોઈ અનુકુળતા માગો છો. દા.ત. સંવચ્છરી પડિક્કમણું કરવા ગયા હો, ને ત્યાં જરાક ગરમી લાગતી હોય, તો મનને એમ થાય છે ને કે, આ ધામમાં પ્રતિક્રમણમાં શો રસ આવે ? તે ત્યાં જો જરાક બારી ઉઘાડે ને સહેજ પવનની લહેરી આવે તો એમ લાગે છે કે હાશ ? હવે શાંતિ મળી. કહો, આ કેવી વિટંબણા ? બોલો શાંતિ ક્યાં ? તુચ્છ હવા ખાવામાં કે લાખ રૂપિયાના પ્રતિક્રમણમાં ? પરંતુ સંસાર બહુ ગમતો છે તે શાંતિ સંસારની પવનની લહેરમાં મનાવે છે, પ્રતિક્રમણમાં નહિ ? જરાક હવા આવે તો ગમે. એમ શાંતિસ્નાત્રમાં જરાક સંગીત જામે તો જ મજા આવે !

પેલાને ય જુઓ, આવું જ બને છે. જુની ઉમદા હૃદયની તે ધણીના દિલને ઠારવા માટે પોતાની થતી બેકદર સામે જોતી નથી, પણ ઉઠીને તરત નવી પાસે કશુંક એના હાથનું લેવા માટે જાય છે.

નવીને એવું દિલ નથી તે જ્યાં પેલીએ કહ્યું કે, લાવ કાંઈક તારા હાથનું રાંધેલું દે; એ વિના એમને મારા હાથનો શીરો ને શાક પણ ભાવતા નથી,' ત્યારે નવી કહે, તે હું તો જાણું છું કે મારા વિના એમને ઘડી ય ચાલે એવું નથી. પણ જો મેં તો કશું રાખ્યું જ નથી. ટાઈમસર એ ન આવ્યા, એટલે મેં તો વધેલું કાઢી નાખ્યું.

'અરે પણ બાઈ ! તારા હાથની ચીજ વિના એમને બીજું ભાવશે નહિ, તે પૂરું ખાશે નહિ, ને ભૂખ્યા રહેશે. માટે લાવ, ગમે તે જરાક કરી આપ.

પ્ર.- પણ એ માટે ય જ્ઞાન તો જોઈએ ને ?

ઉ.- જરૂર જોઈએ, કિન્તુ એવું શાસ્ત્રોનું જ્ઞાન નહિ, કે જે મનને મહેકાવી

મૂકે, ઉન્મત્ત અને માની બનાવે, ચારિત્ર કરતાં જ્ઞાનને ઊંચુ મનાવરાવે. આજે પંડિત બનેલા કેટલાક શ્રાવકોની દશા જુઓ. એમ ઘરે બેઠા ઊંચા શાસ્ત્રોના ભાષાંતર વાંચી લીધેલા કેટલાક શ્રાવકોની દશા જુઓ. શું એ એટલું નહિ ભણેલા કે અભણ જેવા પણ સાધુ સાધ્વીને દેખી પાણી પાણી થઈ જાય છે ? શું એમા મનને એમ થાય છે કે 'અહો ! આ પૂજ્યો તો તરી ગયા અને હું ડૂબી ગયો. ક્યાં વિષયસુખો અને લક્ષ્મીને ઠોકરે મારવાનું આમનું ભવ્ય પરાક્રમ ? અને ક્યાં મારી વિષયસુખો અને લક્ષ્મીની ગુલામી ? ક્યાં આમનો જિનાજ્ઞા સર્વાંશે પાળવાનું સ્વીકારી લેવામાં ઉચ્ચ પ્રભુપ્રેમ અને પ્રભુ વફાદારી ? ત્યારે ક્યાં મારો તુચ્છ પ્રભુપ્રેમ અને વિશાળ પરિવારપ્રેમ ?' આવું આવું આજના કેટલાય બહુ જાણી ભણી લીધેલાને થાય ખરું ? જ્ઞાનથી આશય નિર્મળ બને એ સાચું, પરંતુ આશય નિર્મળ અને વિશાળ બનાવવા ઉપયોગી થાય અને પચી શકે એવા ને એટલા જ જ્ઞાન દ્વારા એ બને. એ પણ, જોજો, સાથે જીવનમાં ચારિત્ર્ય આચરણ માગે છે. માટે તો પવિત્ર પંચાચાર પૈકી જ્ઞાનાચારમાં શાસ્ત્ર ભણવા સમજવાના પરિશ્રમનો આચાર બતાવવા પહેલાં **કાલે વિણએ બહુમાણે ઉવહાણે** કહ્યું. એટલે ? ભણજે ખરો, પરંતુ કાળે ભણજે, સંધ્યાદિ અકાળે નહિ ગુરુનો વિનય બહુ કરજે, ગુરુ પર અથાગ બહુમાન ધરજે, જેથી બાહ્યથી પણ એમની સારી સેવા શુશ્રૂષા કરાય. એમ ઉપધાન યાને તપ પણ કરજે. શું સમજ્યા ? આ બધો જ્ઞાનનો આચાર. એ પાળવા સાથે સૂત્ર અર્થ ભણવાનો ઉદ્યમ કરવાનો. એનું શું રહસ્ય સમજાય છે ? આ જ કે વિનયાદિથી આત્મા ઘડાતો આવે તો જ જ્ઞાનથી અંતરાત્માનો આશય નિર્મળ અને વિશાળ બનતો આવે. બોલો,

**કિંમત કોની વધી ? પાયાના તેવા પવિત્ર આચાર-ચારિત્ર અને આશય-શુદ્ધિની ? કે પાયા વિનાના જ્ઞાનની ?**

'જ્ઞાન ભણો, જ્ઞાન ભણો, ભણ્યા વિનાનું બધું નકામું છે,' એમ બોલો છો, પરંતુ' 'જ્ઞાનના આચાર પહેલાં પાળો, આચરો; યોગ્ય કાળ, વિનય, સેવા બહુમાન ખૂબ સાચવો, એ વિનાના જ્ઞાનની ફૂટી કોડી જેટલી ય કિંમત નથી' એમ બોલો છો ખરા ? મનમાં ય એ આવે છે ? દીકરા માટે માસ્તરની ફરિયાદ આવે કે લેસન બરાબર નથી કરી લાવતો તો દીકરા પર ધુંઆફુંઆ થાઓ છો, પણ દીકરો માસ્તરનો, માતાનો વિનય નથી સાચવતો, માતાની સેવા નથી કરતો, સામા બોલ બોલે છે, એના પર ધુંઆફુંઆ થાઓ છો ખરા ? કહોને કે આનો વિચાર જ કોણ કરે છે ? પછી એ દીકરા ભણી ભણીને કેવા તૈયાર થયા ? માબાપને આશીર્વાદરૂપ ? કે શ્રાપરૂપ ? મહા ઉપકારી માબાપનું જે લીલું ન વાલે એ બીજાનું

શું ભલું કરવાનો ? સાધુ પણ જો જ્ઞાનના આચારને ભૂલી એકલું ભણનારા બન્યા તો એ પણ પછી ગુરુને કેટલા વળગ્યા રહે ? ગુરુને શાતા આપનારા બને ? કે આશાતા આપનારા ?

**જ્ઞાનના અને દર્શનના આચારોનો ભંગ કરનારા જ્ઞાનને અને દર્શનને પચાવી શકે નહિ.**

બસ, આ જ વાત છે કે પાયામાં અંતરાત્માનો આશય નિર્મળ અને વિશાળ બનાવતા ચાલો, અને એ માટે પવિત્ર આચારોનું પાલન કરતા રહો, એજ ઉદ્દેશબુદ્ધિ અને સચ્ચારિત્ર્ય જો આ લક્ષ પર નહિ દેવાય, જીવનમાં એને સક્રિય નહિ બનાવાય, તો જીવન એળે જશે. વીતરાગ અરિહંત પરમાત્મા મળ્યાની કિંમત હોય, કદર હોય, ને ઉચ્ચ માનવભવ પામ્યાની જો કિંમત હોય તો સમજી રાખો કે એની બહુમૂલ્યતા દિલના આશય વિશુદ્ધ વિશુદ્ધ અને વિશાળ વિશાળ કરવાની તથા સચ્ચારિત્ર્ય બનાવવાની શક્તિ આપવામાં છે. અર્થાત્ પ્રભુએ ને માનવ અવતારે તમને આ અલૌકિક સામર્થ્ય આપ્યું છે. પૈસા કમાવાનું અને વિષયો ભોગવવાનું સામર્થ્ય તો અનાર્ય મ્લેચ્છોના અને કીટ પશુના અવતારે ય મળે છે, **આ વિશુદ્ધિ અને સચ્ચારિત્ર્યનું સામર્થ્ય માનવ અવતારે અને વીતરાગ દેવાધિદેવની પ્રાપ્તિ થયે મળે. માટે એની ઊંચી કદર જોઈએ.**

સુલસા એ કાર્ય કરી રહી છે. વીતરાગ પરમાત્મા શ્રી મહાવીરપ્રભુ મળવા પર એને મન એમની એટલી ઊંચી કિંમત છે કે એ વારંવાર પ્રભુમાં શરણ લઈને એ પોતાના દિલના આશયને ભાવને વધુ ને વધુ નિર્મળ કરી રહી છે, અને એથી જ પોતાના આચારને આરાધનાને અધિકાધિક વિકસિત કરી રહી છે. અબંડની ભોજનાદિથી સારી ભક્તિ કરી, બાદ અબંડ ગયા પછી પોતાના જીવનને પ્રભુનાં ઉપકારથી અતિ ધન્ય માનતી રહે છે અને નિત્યકર્મ ઊભયકાળ આવશ્યક પ્રતિક્રમણ, ત્રિકાલ જિનભક્તિ, સાધુસેવા સુપાત્રદાન, જિનવાણી શ્રવણ, સામાયિક, સ્વાધ્યાય વગેરે અધિકાધિક ભાવભર્યા આચરે છે. પર્વતિથિએ તપસ્યા, પોષધ વગેરે પણ કરતી રહે છે. એમાં અરિહંત પ્રવચન વગેરે, વીસ સ્થાનકની યથાશક્તિ વિશિષ્ટ આરાધના પણ કરતી રહે છે; ભગવાનના અલબેલા જીવન સ્વરૂપ અને ઉપકારોને રોમાંચ ખડા કરીને ચિંતવતી રહી પોતાની આત્મદશાનો વારંવાર ખ્યાલ કરે છે. આ બધું કરતા રહેવામાં એના ચિત્તના આશય એટલા બધા નિર્મળ અને વિશાળ બનતા રહે છે કે જગતના જીવોને કેમ પ્રભુ શાસનના રસિક બનાવી દઉં, કર્મવિટંબણાનો કાયમી અંત કરનારા મોક્ષમાર્ગે ચડાવી દઉં, એવી ભાવકરુણા પ્રગટે છે. આ બધામાં એ તીર્થંકર બનવાનું પુણ્ય ઉપાર્જે છે. તીર્થંકર ભગવાનનું આવું

શરણ લે એ કેમ તીર્થંકર ન બને ?

મહાવીર પ્રભુનું એવું શરણું લેવરાવનાર કોણ છે ? દિલની ધર્મપરિણતિ. એજ મહાવીર પ્રભુએ ભાખેલો ધર્મ સુલસાએ એવો રોમ રોમ અને રગરગમાં પરિણમાવ્યો છે કે એથી એનું સમ્યગ્દર્શન ઝળબળી રહ્યું છે, આશયની ભવ્ય નિર્મળતા અને વિશાળતા થઈ રહી છે, આરાધના અને પ્રભુશરણનો સ્વીકાર જાજ્વલ્યમાન આરાધાઈ રહ્યા છે. ક્યારે સંયોગ મળતાં સર્વ જીવોનો પણ ઉદ્ધાર કરું એવો વીર્યોલ્લાસ ઝગારા મારી રહ્યો છે. આ બધું અંતરની ધર્મપરિણતિના પ્રભાવે.

આવી ધર્મપરિણતિવાળી સુલસાને હવે જ્યારે અંતકાળ નિકટ લાગે છે ત્યારે એ ગુરુ મહારાજ પાસે દસે પ્રકારની અંતિમ આરાધના કરે છે. સમસ્ત દુષ્કૃત્યોની ગર્હા-નિંદા પશ્ચાતાપ, સમ્યકત્વની અને વ્રતનિયમોની વિરાધનાની ગર્હા તથા સમ્યકત્વાદિનો પુનઃસ્વીકાર, સમસ્ત જીવરાશિ પ્રત્યે ક્ષમાયાચના ચતુઃશરણસ્વીરાક, સુકૃતાનુમોદન, નમસ્કાર મહામંત્રની રટણા, તીર્થ સ્મરણ વંદન વગેરેમાં ચિત્ત પરોવી દે છે.

અંતરની ધર્મપરિણતિ એવી છે કે સુલસાને જીવનનો સાર આ આરાધનામાં દેખાય છે. એમાં તન્મય થઈ પંચપરમેષ્ઠિસ્મરણ અને મહાવીર પ્રભુના શરણમાં આયુષ્ય પૂર્ણ કરી દેવલોકમાં સિધાવે છે. ત્યાંથી અહીં અવતરી એ આવતી ચોવીશીમાં ૧૫માં 'નિર્મમ' નામના તીર્થંકર થશે.

એક બાઈ માણસ તીર્થંકર થવાનું પુણ્ય ઉપાર્જે ? હા, બાઈએ ઉપાર્જે અને ભાઈએ ઉપાર્જે ધર્મપરિણતિ દ્વારા અંતરની તેવી આશયની જ્વલંત નિર્મળતા અને વિશાળતા કરવા પર એ બની શકે. માટે આ વાત છે કે ક્રોધને દબાવવો હોય તો ધર્મપરિણતિનું વારંવાર આલંબન લો. એટલું વિચારો કે જે આ બાહ્યનું વાંકુચુંકુ અને મનને અણગમતું થઈ રહ્યું છે, એની શી કિંમત છે, શી વિસાત છે, જો મારા અંતરની ધર્મપરિણતિ સલામત છે ? મારે તો સાચું અને મારું ધન અંતરની ધર્મપરિણતિ છે. **બહારના નુકશાનમાં હું શા સારું આ આંતર ધર્મપરિણતિને નુકશાન પહોંચાડનારો ક્રોધ કરું ?**

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"　　વર્ષ-૨૦,અંક-૪૮,તા.૨૬-૮-૧૯૭૨**

પેલી કહે, 'ભલે ને ભૂખ્યા રહે, બહુ મોડા આવે તે એજ દાવના છે.'

'અરે ઘેલી ! થાક્યા પાક્યા આવેલા ધણી માટે આમ બોલે છે ? ઉઠ બેન ! ઉઠ, તને પગે પડું, જરાક બનાવી દે !

**સંસારમાં અનાદર મળે છતાં....**

આ રિપોર્ટ જો ધણીને મળે, તો એ શું વિચારે ? નવીમાં દોષ જુએ ? જુનીના બહુ આદરની કદર કરે ? ના, એ તો એમ જ જુએ કે, કહેવું બરાબર છે, મોડું થાય તો એ બિચારી ક્યાં સુધી રાહ જુએ ?

**જ્યાં આંધળો રાગ છે, ત્યાં પોતાનો થતો અનાદર-અવગણના પણ લેખામાં નથી લેવાતો, આંધળા રાગની આ વિટંબણા છે.**

સંસાર બહુ ગમે છે માટે જ સંસારમાં ઘણા ય ખત્તા ખાવા છતાં ને અનાદર પામવા છતાં એને ખોટા માનવાનું થતું નથી, એનાથી ઉભગી જવાતું નથી. આ અતિ રાગની વિટંબણા છે.

જૂની નવીને બહુ કરગરી, પણ એને ઉપેક્ષા ન થઈ કે, આવી નાલાયકતા કરનાર પણ નવી માટે જો ધણીને બહુ માન છે, તો ભલે એમને ખાવું હોય તો ખાય, નહિતર ભલે ભૂખ્યા રહે, સદ્ગુરુ પણ આકરા કે જડ જેવા બોલ બોલનારને શાંતિથી સમજાવે છે, પણ એનું અપમાન કે ઉપેક્ષા નથી કરતા; ત્યારે પત્ની કે પુત્રાદિ અવસરે અપમાને ય કરે, ને ઉપેક્ષા ય કરે; છતાં દિલના હેત કોના પર ? ગોરાણી ઉપર ? કે ગુરુ ઉપર ? ઘરવાળી પર, દીકરા પર, શેઠ પર બહુ રાગ છે તેથી એની ગાળ પણ ઘીની નાળ જવી લાગે છે. આ વિટંબણા નથી ?

**નવીએ શું આપ્યું ?:-**

જુનીના બહુ કરગરવા પર નવી ઉઠી; પણ કોણ મોટો ચૂલો સળગાવે, કે નવીને ત્યાં જઈ બનાવવા સુધી મહેનત કરે ? તે એણે તો વાછડીનું જુવારીના દાણાવાળું થોડું છાણ લઈ એમાં મરચું મીઠું નાખી, ઘાસ સળગાવીને એના પર કડછીમાં એને તમતમાટ વઘારી આપ્યું. જુનીને કહે, લો લઈ જાઓ ખવરાવો એમને. જુની કહે, અરે ભોળી ! આ ખવરાવાય ?'

પેલી કહે, તમે તમારે જાઓ ને જો આ ખાતાં ખાતાં ખુશ ન થાય તો મને કહેજો. લેવું હોય તો આ લઈ જાઓ, બીજું કશું હું બનાવવાની નથી.

જુઓ, ધણીને આ ભાવવાનું છે, પણ પેલીનો એકલો શીરો નથી ભાવતો. ત્યારે તમારે શું છે ? કોઈએ નોંતરું આપી ગામ બહારના મંદિરમાં પૂજામાં તેડ્યા પરંતુ જે ત્યાં જમણ કે ચાપાણી નથી તો એ એકલી પૂજા નથી ગમતી. કહો જો, પૂજા લાખ રૂપિયાની ? કે જમણ ? પૂજા તો ભરચક પુણ્ય અને આત્માને કષાયોની શાંતિ આપે છે, ત્યારે જમણ રાગનો કીચડ અને બીજે દિવસે ખંખેરવા લાયક માટી આપે છે. છતાં જમણ વિનાની પૂજા નીરસ લાગે છે. કેવી વિટંબણા ? પેલા મૂરખને નવીની છાણની ચટણી વિના જુનીનો શીરો ય નીરસ લાગે છે. કેવી

વિટંબણા ?

જુની શું કરે ? લાચારીથી એ છાણીની ચટણી લઈ જઈ ધણીને પીરસી. સમજે છે કે જો ધણીને નહિ ગમે તો પછી હું ખુલાસો કરીશ કે આ તમારી નવીના રંગઢંગ છે, છતાં તમને એ સારી લાગે છે. તો ભલે તમારા દિલને શાંતિ રહે એમ કરો.

જુનીને એ ખરાબ લાગતું હતું પરંતુ ધણીને ક્યાં એ નવીના હાથનું છાણ પણ ખરાબ લાગવાનું છે ? એનો હાથ જ એવો છે કે એ કાંઈપણ બનાવે તે રસદાર હોય. તને ફુવડને શું આવડે છે બનાવતાં ?'

આનાથી હવે રહેવાતું નથી, તે કહે છે, પણ જાણો છો આ એણે શું બનાવી આપ્યું છે ?'

'ગમે તે બનાવ્યું હોય ને, એના હાથનું તે એના જ હાથનું.'

'અરે ! પણ આ તો એણે વાછડીનું છાણ વઘારી આપ્યું છે.'

ત્યારે આ નવીના મોહક ગોરા ગુલાબી બદન અને હરણી જેવી કટાક્ષ મારતી આંખમાં અતિ આસક્ત બનેલો કહે છે, ત્યારે એ તો ખૂબી છે કે છાણ પણ એના હાથે સુંદર સ્વાદિષ્ટ ચટણી બની જાય.'

બોલો, આવું મનાવનારી અને હોંશેહોંશે છાણ ખવરાવનારી નવી વહુ એ ધણીને વિટંબણારૂપ ? કે એ રૂપાળી છે માટે આશીર્વાદરૂપ ? નવીને બહુ ગમતી કરી છે માટે જ આવું ઘેલું કરાય છે; તો પછી એ ગમવાનું વિટંબણારૂપ કે કલ્યાણરૂપ જ ને ?

**સંસારને જરાક ઓળખી લો, એ તમને બહુ ગમે છે, માટે જ સુખરૂપ લાગતો પણ પત્ની-પુત્ર પરિવાર તેમ ધન-માલ મહોબ્બત અને કીર્તિ આબરૂ વગેરે તમારી પાસે કેટલું ઘેલું આચરાવે છે ?**

**સુખરૂપ પણ સંસાર ઘેલું આચરાવનારો હોઈ અસાર છે; બહુમાન જેવો નહિ.**

પેલા માણસે નવી પત્નીને ગમતી કરી, તો એની પાછળ કેવી કેવી ઘેલી પ્રવૃત્તિ કરી ? કેવી ઘેલી માન્યતાઓ ધરી ? અને સારી જુની પત્નીની કેવી અવગણના કરી ? કહો, એ બધી ઘેલછાઓમાં આલંબન ભૂત કારણભૂત કોણ એ નવી પત્ની એ નહોતી આવી ત્યાં સુધી ભાઈમાં આ ઘેલછાઓ નહોતી, પણ એના આવ્યા પછી જ એના આધારે ઘેલછાઓ ચાલી. એમ આ સંસારમાં સુખ-સમૃદ્ધિ સગવડ-પરિવાર, માન-સન્માન આવી મળે છે એટલે જ એના આધારે એના આલંબને કેટલી ય ઘેલી માન્યતાઓ અને ઘેલી પ્રવૃત્તિઓ ચાલે છે, ગુલામી અને મજૂરી વહોરાય છે, કામ-ક્રોધ-લોભાદિ કષાયો અને આરંભ-સમારંભ અસત્ય અનીતિ

વગેરે દુષ્કૃત્યો આચરાય છે, ને તેથી જ ભવચક્રમાં નિરાધાર ભટકવાનું તથા દારુણ દુઃખોથી પીડાવાનું, અને પરાધીનતા નાલેશી અપમાન તિરસ્કાર વેઠવાનું બને છે. માટે જ.

**પેલી નવી પત્નીની જેમ સંસારની સુખ સમૃદ્ધિ-સગવડો એ જીવને માટે વિટંબણારૂપ.**

ધર્મ ક્યારે ગમે ?

એ ગમતી કરવા જેવી નથી. એના પર અથાગ વિશ્વાસ, આદર અને હૈયાનાં હેત વરસાવવા જેવા નહિ. એમાં આંધળા થઈ લુબ્ધ થવા જેવું નહિ. આ બંને જો સંસારના સુખ અને સમૃદ્ધિ સગવડો વિટંબણારૂપ લાગે, એને હૈયાનાં ઊંડાણમાં અણગમતા કરાય, તો જ ધર્મનો ખરેખરો ભાવ જાગે, ધર્મ તારણહાર આશીર્વાદરૂપ લાગે; એના પર આસ્થા, બંધાય, પ્રેમ જાગે, ગરજ જાગે, કેમકે ધર્મમાં ઘેલી માન્યતાઓ ધરવાની નથી, ઘેલાં આચરવાનાં નથી, જીવની એ વિટંબણાઓ નથી.

**કર્મમાં વિટંબણા, ધર્મમાં નહિ :-**

દા.ત. જુઓ કે જેને બે પૈસાનું દાન દેવું છે, ધર્મમાર્ગે ખરચવા છે, એને શા ઘેલાં આચરવા પડે ? શી વિટંબણા ભોગવવી પડે ? પરંતુ જેને પૈસા કમાવવા છે, સંઘરી રાખવા છે, એને એની પાછળ કેવાં કેવાં ઘેલાં આચરવા પડે છે ? કેવી કેવી વિટંબણા ભોગવવી પડે છે ? એમ શીલ સદાચાર બ્રહ્મચર્ય પાળવું છે એને શી વિટંબણા ? વિટંબણા તો જેને અનાચાર માર્ગે જવું છે, જેને વિષયરંગ ઉડાવવા છે, એને ભોગવવી પડે છે. જેને ઉપવાસ આંબેલ તપ કરવા છે એને શી વિટંબણા ? તો જેને ખા ખા કરવું છે, રસ ઉડાવવા છે, ખાવાનાં બહું દ્રવ્યો જોઈએ છે એને હોય.

માટે જ વિટંબણારૂપ સંસારની બહુ ગરજ રાખવી, અને એની ખાતર ભારે પુરુષાર્થ કરવા એ ખોટું. સારું આ, કે વિટંબણાથી મુક્ત કરાવનાર ધર્મની જ ગરજ કરવી, અને ધર્મના પુરુષાર્થ આદરવા. માનવ આયુષ્ય એ ધર્મ આરાધનાનો અતિ દુર્લભ પુરુષાર્થકાળ મળી ગયો છે તો ધર્મની જ ગરજ અને ધર્મ આરાધનાનો જ પુરુષાર્થ કરવો જોઈએ. આનો અતિદુર્લભ કાળ મળ્યા તો આ જ કરવાનું હોય ને ?

મૂળ વાત આ છે કે પહેલાં સંસાર અને સંસારની સુખસમૃદ્ધિ સગવડો વિટંબણારૂપ લાગવી જોઈએ. એ લગાડવા માટે સંસારના પદાર્થ, જીવન,પરિવાર વગેરેનાં સ્વરૂપ જાણી લેવા જોઈએ અને એ વારંવાર નજર સામે તરવરતાં જોઈએ. આપણે ત્યાં એ માટે અનિત્ય અશરણ વગેરે બાર ભાવનાનો તથા ચિત્તશાંતિ માટે

મૈત્રી આદિ ચાર ભાવનાનો એક મહાન વિષય છે. આ વિષય પર પ્રખર વિદ્વાન અને હેમપ્રકાશ સંસ્કૃત વ્યાકરણ, લોકપ્રકાશ,વગેરે શાસ્ત્રોના રચયિતા મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજે શાંતસુધારસ નામના સંસ્કૃત કાવ્યાત્મક રચના કરી છે. આમાં વિવિધ છંદોમાં શ્લોકો છે, તથા ગાઈ શકાય એવી વિવિધ રાગમાં ભાવનાની ઢાળ છે. બધું સંસ્કૃત ભાષામાં પરંતુ એનો અર્થ સમજ્યા પછી એ ઠાબંધ ગાઓ તો દિલમાં અવનવી શુભ ભાવનાઓના કલ્લોલ ઊછળે; એવા એમાં ભવ્ય ભાવો ભરેલા છે. એ ભવ્ય ભાવો ભર્યા બારે ભાવનાના વિષયો નજર સામે સાંગોપાંગ તરવરતા થઈ જાય તો સંસાર અને સંસારની સુખ સમૃદ્ધિ વગેરે ખરેખર જીવની વિટંબણારૂપ જ લાગે.

એટલું ધ્યાનમાં રહે કે એ બાર અને ચાર ભાવનાનો વિષય મનને માત્ર સંસારવિટંબણા ઠસાવવા અર્થે નથી, પણ મનના કેટલાય રોગ ઉકળાટ ઉન્માદ વગેરે મિટાવી મનને નિરોગી નિર્મળ અને શાંત બનાવવાનો છે. શાંત અમૃતરસ-સુધારસમાં ઝીલતું કરવા માટે છે. માટે આ સોળ ભાવનાના શાસ્ત્રને શાંત સુધારસ નામ આપવામાં આવ્યું છે. ખરેખરા ! મહાપુરુષ જગતને આ એક અદ્‌ભુત બક્ષીસ કરી છે. સંસારના ઝંઝાવાતોથી નિશ્ચેતન જેવા બનેલા અને ગરમાગરમ વાયરાથી તપી રહેલા ભવ્યાત્માઓને ઠારવા માટે એક શીતળ અમૃતકુંડ આપ્યો છે. બસ, આ કુંડ ચોવીસે કલાક હૃદયમાં સાથે જ રાખો, તો માનવલોકમાં વસવા છતાં દિવ્યલોકમાં વિહરતા હોવાનો અનુભવ થયા કરશે, દુનિયાની ઊંચીનીચીમાં દિલ ઊંચુનીચું ન થતાં સમતોલ સ્વસ્થ રહેશે; જગતના વિચિત્ર સંયોગો અને પ્રસંગોમાં હૃદય મલિન ભાવોભર્યું ન બનતાં ઉદાત્ત ઉમદા પ્રશસ્ત ભાવોભર્યું બન્યું રહેશે. આજે પાપો અને કલેશોથી ઊભરાતી પૃથ્વી પર દિવ્ય જીવનનો અનુભવ મળે, મનની સ્વસ્થતા સમતોલતા મળે, હૃદયમાં ઉમદા વિશુદ્ધ ભાવો રમતા રહે એ ઘણું ઘણું મોંઘું છે. પરંતુ આ શાંતસુધારસ ભાવના શાસ્ત્ર એ બધું સુલભ કરી આપે છે. માત્ર શક્તિ હોય તો એને કંઠસ્થ કરી લો, ને કરીને તે વિના પણ એના ભાવ કડીબદ્ધ મનની સામે તરવરતા કરી દો એટલો આ મહાન લાભ તો તમારા હાથવેંતમાં છે.

ત્યારે આવા અદ્‌ભૂત લાભો સુલભ કરી આપે એવા શાસ્ત્રનો અને શાસ્ત્રકારનો આપણા પર કેટલો ગજબનો ઉપકાર ? કર્માનુસાર દુનિયાના સંયોગ ગમે તેવા મળ્યા હોય, નવા મળ્યે જતા હોય, છતાં આ શાસ્ત્રથી ઊભી થતી ચિત્તની આ ઉમદા સ્થિતિ આપણને મસ્ત રાખે, અનેક પ્રકારના આર્તધ્યાન-દુર્ધ્યાન અને સંકલ્પો વિકલ્પોથી બચાવે, અનેકાનેક પ્રકારના અશુભ કર્મબંધથી બચાવે,

બાહ્ય સુખ સંપત્તિઓને તુચ્છ મનાવી મનમાં એની ને એની પલોજણ કરવાને બદલે આત્માની ચિંતા કરવાનું તથા પરમાત્મા અને પરમાત્માની આજ્ઞા વિચારવાનું કરાવે, આ કેટલા બધા અદ્‌ભૂત લાભ ? ઉપકારી મહાપુરુષ આમ જીવન ભવ્ય બનાવનાર શાસ્ત્રને મૂકી ગયા, તો પછી આપણે શું મફતમાં મળેલ આ મહાન નિધાનરૂપ શાસ્ત્રનુ શાસ્ત્રનાં પદાર્થોનું પારાયણ ન કરી શકીએ ? રોજ ૧-૧ ગાથા મોંઢે કરો તો ય આઠેક મહિનામાં આખું શાસ્ત્ર આવડી જાય. શાસ્ત્રને સાંભળો, એના ભવ્ય પદાર્થોને સમજો એટલે એનું મહત્ત્વ સમજાશે.

પૂ. ઉપા. શ્રી વિનયવિજયજી મહારાજ આ શાસ્ત્રનો પ્રારંભ કરતાં પહેલાં શ્લોકમાં મંગળરૂપે ભગવાન શ્રી જિનેશ્વરદેવની વાણીની સ્તુતિ કરવા રૂપે કહે છે કે,-

'કરુણા અને પુણ્યથી ભરેલા તીર્થંકરદેવોના અમૃતરસને વરસાવનારાં મનોહર વચનો તમારું રક્ષણ કરો, કે જે સંસાર અટવીમાં ભટકી રહેલા જીવોના હિત માટે કહેવાયેલા છે. આ સંસાર અટવી છિદ્ર વિનાની છે; તેથી ઊગેલી વિવિધ કર્મલતાઓના વિસ્તારથી અટવી ગીચ છે, અને મોહના અંધકારથી ખીચોખીચ વ્યાપી છે.

શાસ્ત્રકાર મહર્ષિએ મંગળશ્લોકમાં ત્રણ વાત કરી, -

(૧) સંસાર એક કેવી અટવી છે ?

(૨) એમાં ભટકતા જીવોનું હિત શાથી ? અને

(૩) ભગવાન શ્રી તીર્થંકરદેવ કેવા છે ?

આને ક્રમસર વિચારીએ પહેલું

**(૧) સંસાર એક અટવી છે.**

**સંસાર શું છે ? :-**

સંસાર એટલે જેમાં જીવોને સારી રીતે સરકવું પડે છે તે ક્યાંથી ક્યાં સરકવાનું ?

(૧) એક ગતિમાંથી બીજી ગતિમાં;

(૨) એક ભવમાંથી બીજા ભવમાં, અર્થાત્ જીવનમાંથી મરણમાં ને મરણમાંથી જીવનમાં;

(૩) એક શરીરમાંથી બીજા શરીરમાં;

(૪) એક કર્મના ઉદય પરથી બીજા કર્મના ઉદય પર; એક કર્મની પરાધીનતાથી બીજા કર્મની પરાધીનતા પર;

(૫) સુખમાંથી દુઃખ પર, ને દુઃખમાંથી સુખ પર; યા એક દુઃખ પરથી બીજા દુઃખ પર;

(૬) એક પુદ્ગલ પરથી બીજા પુદ્ગલ પર; જેમકે જમતાં રોટલી પરથી દાળ પર, ને દાળ પરથી શાક પર....,

(૭) એક ભાવમાંથી બીજા ભાવ ઉપર; જેમકે ક્રોધમાંથી લોભ પર, ને લોભમાંથી ખેદ પર....,

આ રીતે જ્યાં સારી રીતે અર્થાત્ વારંવાર સરક્યા કરવાનું રહે છે, એનું નામ સંસાર. બોલો, અરે ! આવા સંસારમાં હું ફસાયો છું એવો વિચાર આવે છે ? વહેલા પરોઢિયે ઊઠીને આનો વિચાર કદી કર્યો છે ? ના, શું કામ ? જનાવર કે કીડા-મંકોડા આવો વિચાર કરે તો અમે કરીએ, એમ જ ને ? કેમકે આ વિચારથી થોડું જ પેટ ભરાય ? થોડાં જ વિષયોનાં સુખ મળે ? પૈસા મળે ? અમારે તો ખાનપાન વિષય સુખો અને પૈસાટકા તથા આરામી માટે કામ લાગે એટલો જ વિચાર કરવાનો, કેમ એમ જ ને ? તો પછી એટલો વિચાર તો પશુપંખી ને કીડા મંકોડા ય કરે છે, અરે ! એક ઝાડ પણ એટલો વિચાર તો કરે છે. એ ય જમીનમાં ક્યાં ખાવાનો માલ મળે છે એ તરફ આકર્ષાઈ એને ખેંચી ખાવાનું કરે છે, પોતાને મળેલી એક જ સ્પર્શ ઇંદ્રિયના વિષયસુખને અનુભવે છે, આરામી કરે છે. એટલો જ વિચાર એટલી જ સંજ્ઞા તો ઝાડને પણ છે. તો શું તમે ઝાડ જેવા જ છો ?

જરા ઊભા રહો, આંધળાની ગાડીની જેમ જીવનની ગાડી હંકાર્યે જશો તો ક્યાંક એ ભીંતડિયે ભટકાશે કે ખીણમાં યા કૂવા નદી સમુદ્રમાં જઈ પડશે. માનવભવે વિશિષ્ટ મન મળ્યું છે, આર્ય અવતારે વિશિષ્ટ બુદ્ધિ શક્તિ મળી છે, તો પશુ કે અનાર્યની જેમ આહાર વિષય-પરિગ્રહ અને નિદ્રામાત્રાના વિચાર કરીને બેસી ન રહો. મુખ્ય વિચાર આ રાખો કે હું કેવા સંસારમાં ફસાયો છું ? મારે કેટકેટલી બાબતોમાં એકથી, બીજે વારંવાર સરક્યા-ભટક્યા કરવું પડે છે ?

**સંસરણ સહજ નથી :-**

એમ ન સમજશો કે જીવને આ ગતિઓ ભવો પુદ્ગલો વગેરે ફર્યા કરવાનું તો અનાદિથી છે, એટલે એ તો સ્વાભાવિક જ ચાલતું રહે ને ? એને વળી અટકાવી શકાતું હશે ?'

હાં, અટકાવી શકાય છે. એ કાંઈ જીવન જ્ઞાનાદિ સ્વભાવની જેમ સહજ નથી, સહેજે બનતી ચીજ નથી. એ તો કર્મજનિત ઉપાધિ છે, અને કર્મ રાગાદિ દોષોને લઈને ઊભા થાય છે. પ્રશમરતિ શાસ્ત્ર કહે છે,-

સંસાર શાથી ? :-

**रागद्वेषोपहतस्य केवलं कर्मबन्ध एवास्य....।**

**नान्यः स्वल्पोऽपि गुणो यः परत्रेह च श्रेयान् ॥**
**कर्ममयः संसारः संसारनिमित्तकं पुनर्दुखम् ।**
**तस्माद् रागद्वेषादयस्तु भवसंततेर्मूलम् ॥**

અર્થાત્ રાગદ્વેષથી હણાયેલા જીવને માત્ર કર્મ બંધનો લાભ થાય છે; બીજો કોઈ થોડો પણ અહીં કે પરલોકમાં કલ્યાણભૂત ગુણ નથી થતો. (ત્યારે) સંસાર કર્મમય છે. (અર્થાત્ રાગદ્વેષથી કર્મ અને કર્મથી સંસરણ-ભ્રમણ છે; ને) એ સંસરણના લીધે ફરી દુ:ખ આવે છે. માટે રાગ-દ્વેષાદિ તો ભવપરંપરાનું મૂળ કારણ છે.

મોટા ચૌદ પૂર્વ ભણેલા મુનિઓ પણ જો આ રાગ-દ્વેષાદિ દોષમાં પડ્યા તો અંતે મરીને નિગોદમાં એકેન્દ્રિય અનંતકાયમાં ચાલ્યા ગયા. કર્મે એમની પણ શરમ ન રાખી. કર્મ તો જીવને જાણે કહે છે કે તારે રાગ દ્વેષાદિ ગુના કરવા છે ? તો આવ, હું તારી કશી હોશિયારી લેખામાં ન લેતાં તને દુર્ગતિમાં પટકું છું; તારી દયા ન કરતાં તને હું જાલિમ દુ:ખમાં રીબાવું વિડંબુ.'

કહો જો કર્મે તીર્થંકરના જીવને નથી કચર્યા ? તો એ અમારી તમારી શરમ રાખશે ? કર્મે મહા સુકોમળ ચક્રવર્તી કે એની અતિ સુકુમાર પટ્ટરાણી પર નિર્દયતા નથી કરી ? તો એ અમારા તમારા પર દયા કરશે ? ભૂલો નહિ, સનાતન કાળને માટે કર્મને ત્યાં તો આ ધોરણ છે કે, તમે રાગ દ્વેષ આદિ અપરાધ કરો, એટલે મારે તમને કચરવાના, તમારી વિટંબણા કરવાની, સંસારની વિવિધ બાબતોમાં તમને ભટકાવ્યા કરવાના.'

**રાગાદિ એ મહા અપરાધ છે. એની સજામાં કર્મથી કચરામણ.**

આ સનાતન સત્યનો વિચાર તમને આવે છે ? વિચાર ક્યારે ? સવારે જાગતાં ? રાતે સૂતી વખતે ? કે દિવસના યા રાત્રિના મધ્યમાં ? ક્યારે આ વિચાર કરો છો ? ના, આનો વળી વિચાર શો કરવાનો ? વિચાર ત્યારે ખાવા-પીવાનો ધન ભેગું કરવાનો ને વિષયોનો તથા આરામીનો જ કરવાનો; એમ ને ? તો ભૂલશો નહિ એટલો જ વિચાર તો જનાવર કરે અનાર્ય મલેચ્છ માણસ કરે. તમે એ કોટિના છો ? ના, તમે તો ઉત્તમ આર્ય કુળના રત્ન; તમારે સનાતન સત્યનો વિચાર જોઈએ.

સંસાર જીવને અનાદિનો ખરો, પણ જીવના સ્વભાવભૂત નહિ. એ સંસાર એક અટવી છે. જીવ એમાં ભમે છે.

**સંસાર મોક્ષ જીવનું જ સ્વરૂપ છે :-**

અનેક વસ્તુઓમાં સરકવારૂપ ભમવારૂપ સંસાર બહારની ચીજ નથી સમજવાની, પણ આત્માની અંદરની જ સ્થિતિ સમજવાની, આત્માનું એ સંસરણ

પરિભ્રમણ આત્માની જ એક અવસ્થા છે; અને એ સર્વથા મિટાવવામાં આવે એ પણ જીવની જ અવસ્થા છે અને એનું નામ મોક્ષ... એટલે સંસાર અને મોક્ષ બહારની ચીજ નહિ, પણ આત્માની જ અવસ્થા છે.

**'अयमात्मैव संसार । अयमात्मैव मोक्षः'**

આ જીવ જ સંસાર; અને જીવ જ મોક્ષ છે. અહીં આ સંસાર અવસ્થાને જંગલની ઉપમા આપી. ભૂલા પડીને ભટક્યા કરવાનું જંગલમાં જ હોય ને ? જીવને ભવ કાયા ભાવો આદિ ભિન્ન ભિન્ન અવસ્થાઓમાં ભટક્યા કરવું પડે છે, માટે એ સંસાર એક જંગલ છે.

આ સંસારરૂપી અરણ્ય એવું છે કે એમાં નિરંતર પાંચ આશ્રવોરૂપી મેઘ વરસ્યા જ કરે છે. તેથી ઊગેલી વિવિધ કર્મરૂપી લતાઓથી કર્મ વૃક્ષોથી એ ગીચ છે. ગહન છે, અને એના લીધે એ સંસાર મોહના અંધકારથી વ્યાપ્ત રહે છે.

જીવની આ કેવી ફસામણી ! સારું શરીર ને શાતા સંપત્તિ ને સગવડ, વિષયો અને વિલાસ વગેરે તો આયારામ ગયારામ જેવા જ્યારે આ આશ્રવમેઘ-વર્ષા, કર્મવૃદ્ધ સિંચન અને મોહ-અંધકાર કાયમના. એક ક્ષણ પણ એનો વિયોગ નહિ. નજર કેદી રાજાને પાંચ ઇંદ્રિયોના વિષયોની અનુકૂળતા મળે, પણ તે આઈ ગઈ ને નજરકેદીપણું જીવનભરનું કાયમ.

વિચાર આવે છે ? કેવાં જંગલમાં ફસ્યા છો ?

વિચાર આવે તે શું સંસારમાં બાંધી રાખનારા કાયા-કામિની-કંચન પર ઓવારી જવાય ? ને સંસારમાં ફસામણીથી ઉભગી જવાય નહિ ?

સંસારના માલ અને માન આયા-ગયા જેવા એના પર અભિમાન થાય ? કે કાયમની સંસાર ફસામણી પર નાલેશી લાગે ?

પૈસા પરિવાર સુખ ભોગના અતિ હર્ષ થાય ? કે નિરંતર વરસતા આશ્રવો સદા સીંચાતાં કર્મવૃક્ષ અને કાયમી મોહના ઘેરા અંધકાર ઉપર નિરાશા નીસાસા થાય ?

કંડરીક હજાર વર્ષ ચારિત્ર પાળી પતિત થઈ પાછા આવે છે. ભાઈ રાજા પુંડરીકને દયા આવી જાય છે કે 'અરેરે ! આ પાછા ભયંકર ફસામણીમાં પડવા માગે છે ? દિલને ઘણું ય દુઃખ થયું, પણ શું કરે ? સમજાવવાના બધા પ્રયત્ન પૂર્વે કરી છૂટ્યા છે, પરંતુ જેને સમજવું જ નથી એના પર હવે બળાત્કાર થોડો જ થાય કે જાઓ પાછા, ચારિત્ર પાળો, નહિતર....' ના, એથી કાંઈ દિલ ન પલટી શકાય; અને **દિલ વિષયસુખોનું એટલે પતન નિશ્ચિત.**

ત્યારે પુંડરીક રાજાને એ વિચાર આવે છે કે હું દયા આની શી ખાઉં ? દયા

તો મારા આત્માની ચિંતવું કે હું ક્યાં સુધી આ સંસારની ફસામણીમાં ફસ્યો રહીશ ? લાવ, આ મોકો આવ્યો છે, આને રાજ્ય સુખો જોઈએ છે, તો રાજ્ય એને ભળાવી હું આશ્રવ કર્મ, અને મોહભર્યા સંસારની ફસામણીમાંથી નીકળી જઈ મારી આત્મસાધના કરું, બીજાની દયાનો વિચાર પોતાની દયા કેમ ન ચિંતવાવે ? પુંડરીક રાજાએ ત્યાં જ કંડરીકને રાજ્ય અને રાજવી વેશ સોંપી દઈ કંડરીકનો સાધુવેશ માંગી લીધો; ને મનથી જાવજ્જીવનું ચારિત્ર સ્વીકારી લઈ નિયમ કરીને ત્યાંથી ચાલ્યા કે જ્યાં સુધી ગુરુમહારાજ પાસે પહોંચી એમના શ્રીમુખેથી ચારિત્ર પ્રતિજ્ઞા ન કરી લઉં ત્યાં સુધી ચારે આહારનો ત્યાગ.'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૧,અંક-૨,તા.૧૬-૯-૧૯૭૨**

પુંડરીક રાજર્ષિને બે દિવસે ગુરુ મળ્યા, એમની પાસે ચારિત્ર ઉચ્ચર્યું. પછી પારણામાં અરસ-નીરસ આહાર વાપર્યો. એ પચ્યો નહિ, રાતના મરણાન્ત પીડા ઊપડી. પણ મન સાવધાન છે, આનંદનો પાર નથી કે 'અહો ! હું જીવનના અંતે પણ આ આશ્રવો, કર્મો અને મોહઅંધકારભર્યો સંસારથી છૂટ્યો, અહોભાગ્ય મારું.' રાગાદિના બંધનોથી પર જેવા થઈ ગયા, કાળ કરીને અનુત્તર વિમાનમાં વીતરાગ જેવા દેવ થયા.

**પાયામાં સંસારની ઓળખ :-**

ઉત્તમ ભાવનાઓ ભાવવી છે, તો પાયામાં સંસારને ઓળખી લઈ એની ફસામણીથી ઊભગી જવું પડે. એ ઓળખમાં પહેલી ઓળખ આ, કે 'અરે ! આ નિરતંર વરસતા પાંચ આશ્રવોવાળો સંસાર કેટલો ભયંકર ! પાંચ આશ્રવોમાં (૧) હિંસા-જુઠ વગેરે આશ્રવો, (૨) ઇંદ્રિય-અવ્રત-કષાયો વગેરે આશ્રવો. અને (૩) મિથ્યાત્વ-અવિરતિ-કષાય-યોગ-પ્રમાદ એ આશ્રવો. 'યોગ' એટલે મન-વચન-કાયા-ઇંદ્રિયોના અશુભ વ્યાપારો, તથા 'પ્રમાદ' એટલે મદ્ય-વિષય-કષાય-નિંદ્રા-વિકથા, તેમજ ભ્રમ-સંશય-અજ્ઞાન-વિસ્મરણ, ધર્મમાં અનુત્સાહ-અનાદર,રાગ-દ્વેષ વગેરે. આ આશ્રવો વરસતા સંસારની ઓળખ અને એનાથી પર અત્યંત ગ્લાનિ, ભય, નાલેશીની લાગણી પાયામાં જોઈએ. એના પર શુભ ભાવનાની ઈમારત ઊભી થાય.

સંસાર-અટવી નિશ્છિદ્ર છે, છિદ્ર-છોંડા વિનાની છે. ગતિ, શરીર-વિષયો-રાગદ્વેષાદિ,કષાયો-પુદ્ગલો-માનાપમાનાદિ કર્મના ઉદયો, વિવિધ દુર્ધ્યાન વગેરેમાં ભટકવા-આથડવારૂપ સંસારમાંથી કોઈ જીવ ભાગી જવા માગે તો ભાગી છૂટવા માટે બારું છીંડું નથી. એમાં અનંતાનંત જીવો દુઃખથી પીડાઈ રહ્યા છે ને એવા

અનંતા કાળ વહી ગયા. શું એ દુઃખ ઈચ્છે છે ? ના, છતાં કેમ ભાગી છૂટ્યા નથી ? કહો, ભાગવા માટે બારું નથી. સંસાર એવી ભૂલભૂલામણીવાળી અટવી છે કે જીવ બિચારો સમજે કે, 'આમ નહિ ને આમ કરું એટલે આ વિટંબણાથી છૂટું' ને પછી એમ કરવા જાય ખરો, પરંતુ એ એમ કરવાનું પાછું સંસારનું જ અંગ હોય ને ? પૂર્વ કહેલામાં સંસરણ-પરિભ્રમણ કરવાનો જ એક પ્રકાર હોય ને ? એટલે એ આચરતાં સંસારમાં જ રહ્યા ને ?

જુઓ, દા.ત. શરીર કોઈ ભારે પીડાદાયી લકવા-કેન્સર જેવા રોગથી અત્યંત પીડાતું હોય, ત્યારે માણસ એમ ધારે કે, 'આના કરતાં હવે ઝેર જ ખાઈ મરી જાઉં;' ને કદાચ એમ કરી બેસે, તો એણે શું કર્યું ? એક પ્રકારના અનિષ્ટ વિયોગના દુર્ધ્યાનમાંથી બીજા પ્રકારના ઈષ્ટસંયોગના દુર્ધ્યાનમાં ફસાયો પછી એ મરીને તિર્યંચ જેવા અવતારમાં જઈ પટકાય. ત્યાં સંસારથી છૂટી જવાનું કયાં આવ્યું ?

**આપઘાતને બદલે ડહાપણ શું ?**

ખરી રીતે તો ત્યાં મનને એમ થવું જોઈએ કે, આમ ભયંકર દુઃખથી પીડાઉં છું અને દિવસો એમ જ આરાધના વિનાના જાય છે, ત્યારે લાવને આરાધના જ કરી લઉં. જો મરવાનું મન થાય છે, તો બહેતર છે કે વિધિ પૂર્વક મરું એ માટે (૧) એવા જોરદાર ત્યાગ અને તપ આચરું કે મન એમાં ટેવાતાં છેવટે એવો અવસર આવે કે એકેક ઉપવાસ વધારતાં અંત તક અનશન ચાલે. આ બધું કરતાં ચિત્તમાં (૨) સર્વજીવ પ્રત્યે મૈત્રીભાવ (૩) પુદ્ગલો પ્રત્યે ઉદાસીનભાવ (૪) નવકારમંત્ર અને (૫) પરમાત્માનું જ એક સ્મરણ ચલાવ્યા કરું. (૬) મહાપુરુષોએ જે ભયંકર સહ્યું, એના આલંબને, એને નજર સામે લાવ્યા કરી, આ કર્મના ઉદય સહર્ષ સહું.' આવું કાંક કરે તો તો સંસારથી છૂટકારા તરફ પ્રયાણ થાય. પરંતુ એ તો સંસાર-બહારની ધર્મવસ્તુ થઈ એ સૂઝે કયાંથી ?

**સંસારની લાલચો અને અજ્ઞાન એવા પ્રવર્તે છે કે હોલામાંથી ચૂલામાં જઈ પડે.**

અલ્પ શ્રીમંતાઈના ભાવથી છૂટવા અજ્ઞાનતાએ ફલાંગ મારે, ત્યાં કર્મની એવી તમાચ ખાય કે ગરીબીના ભાવમાં જઈ પટકાય. અથવા પુણ્ય સાબૂત હોય ને વિશેષ શ્રીમંતાઈ પામે તો એના પર મહા મદ, આરંભ-સમારંભ માનાકાંક્ષા, સંરક્ષણનું દુર્ધ્યાન વગેરેમાં પડવાનો આ બધું ય સંસાર. જીવ સંસારથી કયાં ભાગી છૂટે ? સંસાર નિશ્છિદ્ર છે, બારાછીંડા વિનાનો છે. માટે એકાંત સુખની ઈચ્છા અને પ્રયત્ન છતાં અનાદિ અનંત કાળથી જીવ સંસાર અટવીમાં જ ભટકયા કરે છે.

ત્યારે સવાલ થાય કે 'તો પછી ભલે સંસાર-અટવી છિદ્ર વિનાની હોય, પરંતુ એ સુકાઈ જ જાય તો એમાંથી છૂકારો થાય ને ?

આનો ઉત્તર શાસ્ત્રકાર એ આપે છે કે એ સુકાય શાને ? કેમકે એમાં નિરંતર પાંચ પ્રકારના આશ્રવરૂપ મેઘ વરસ્યા જ કરે છે. વરસાદ વરસ્યા કરે અને વનરાજી સુકાય ? કે લીલીછમ રહે ? સંસારમાં વસ્યો જીવ ગમે તેટલા જાલિમ દુઃખ પામે પણ જેનાથી સંસારવન સિંચાય છે એવા પાંચ આશ્રવરૂપી મેઘને ક્ષણવાર પણ છોડવા તૈયાર નથી. પછી વન શે સુકાય ?

'આશ્રવ' એટલે આત્મામાં જેનાથી કર્મ શ્રવી આવે, વહી આવે તે. એ પાંચ આશ્રવ છે.

**જાણો છો પાંચ આશ્રવ કયા ?** આ, - (૧)હિંસા-જુઠ-ચોરી-મૈથુન અને પરિગ્રહ અથવા આ,-(૨) ઇંદ્રિય-કષાય-અવ્રત-યોગ અને ક્રિયા. અથવા આ,-(૩) મિથ્યાત્વ-અવિરતિ-કષાય-યોગ-પ્રમાદ.

વિચારી જુઓ જીવનમાંની કઈ એવી ધન્ય એક પણ ક્ષણ છે ખરી કે જ્યારે આ ત્રણે પ્રકારના પાંચ આશ્રવમાંથી એક ભી ન હોય ? ભિખારી જેવાને ય હિંસાદિ આશ્રવોમાંથી ઠીકરાનો ય પરિગ્રહ સદા બેઠો હોય છે. છેવટે એ ય જો નહિ, તો પરિગ્રહની મમતા તો હોય જ છે. એમ, સંસારી જીવ ઊંઘમાં ભલે હિંસા આરંભસંમારંભાદિ કરતો ન હોય, છતાં એ કરવાની અપેક્ષા યાને છુટ તો બેઠેલી જ છે. ભૂલશો નહિ,

**જેમ પાપાચરણ એ પાપ છે, એમ પાપની અપેક્ષા પણ પાપ છે.**

પાપની અપેક્ષા હોવી, પાપની છૂટ હોવી, એ પણ પાપ હોવાથી વ્રત-વિરતિનું મહત્વ છે. માટે તો બીજા અને ત્રીજા પ્રકારના પાંચ આશ્રવોમાં એક નંબર અવ્રત અવિરતિનો છે. પાપત્યાગનું વ્રત નથી, વિરતિ નથી, પ્રતિજ્ઞા નથી, એટલે પાપનું અવ્રત-અવિરતિ છૂટ ઊભેલા જ છે. ભલે પાપ ન આચરતા હો, પણ માથે જો બંધન નથી કે 'મારે પાપનો ત્યાગ છે,' તો દિલમાં પાપની છૂટ બેઠેલી છે. મન કહે છે કે 'મારે આમ તો પાપ કરવું નથી, પરંતુ કદાચ એવો અવસર આવી જાય, તો પાપ કરવું પડે. માટે ત્યાગનુ બંધન ન રાખું.' આનું જ નામ પાપની અપેક્ષા, છૂટ, અવિરતિ. ત્યારે શું પાપની એટલી અપેક્ષા રહે, એ પાપ નહિ ? ગુનો નહિ ? અને જો એવી કોઈ અપેક્ષા જ નથી, 'જીવનમાં પાપ જોઈએ જ નહિ' એવો નિર્ધાર છે, તો ભાઈ ! પાપત્યાગની પ્રતિજ્ઞા કેમ લેવાતી નથી ?

**પ્રતિજ્ઞા ન હોવામાં શો દોષ ? :-**

**પ્ર.**- એવી પ્રતિજ્ઞા લઈને ભાંગીએ એના કરતાં, વિના પ્રતિજ્ઞાએ પાપ ન આચરીએ એ સારું ને ?

ઉ.- પાપ ન આચરો એ સારું ખરું, પણ 'પ્રતિજ્ઞા કદાચ ભંગાઈ જાય' એવો

ડર કેમ લાગે છે ? કહો, એવા કોક અવસરે પાપ સેવવું પડે એવો દિલમાં ભાવ બેઠો છે. એ ભાવ રાખ્યો એટલે પાપની અપેક્ષા રાખી, છૂટ રાખી. બસ, એટલી પાપઅપેક્ષા એ પણ પાપ જ ગણાય.

કોઈકને પૈસા ધીરતાં કેમ લખાવી લો છો ? સમજો છો કે કદાચ સામાના દિલમાં અત્યારે તો એમ હોય કે લીધેલા પૈસા પાછા આપી દઈશ,' પણ લખાણનું બંધન ન હોય તો કાલે ઊઠીને એને એમાંય કે 'ન અપાય તો સામો શું કરવાનો છે ? લખાણ હોય તો એના મન પર ભાર રહે કે એ લોકને લખાણ દેખાડી લેણું શાહજોગ મનાવશે, યા કોરટે જશે. માટે પૈસા દઈ જ દેવા જોઈએ.' આમ મન પર ભાર રહી પૈસા પાછા દેવાનો નિર્ધાર કોણ કરાવે છે ? લખાણ, એમ પાપ નહિ જ સેવવાનો નિર્ધાર કોણ કરાવે છે ? પ્રતિજ્ઞા, પ્રતિજ્ઞા હોય, વ્રત-વિરતિ હોય, તો મન પર હંમેશા ભાર રહે કે 'મારાથી પાપ આચરાય જ નહિ'

હવે વિચારી જુઓ કે જગતમાં આરંભ-સમારંભમય ધંધાનાં-ખેતી-યંત્રોનાં-રેલ-મોટર આદિ વાહનોનાં-મકાનાદિ નિર્માણરિપેરનાં-રસોઈપાણીનાં...વગેરે વગેરેનાં પાપ કેટલાં ? એમ ખાદ્ય દશ્ય વગેરે વસ્તુઓ કેટલી ?

એમાંથી કેટલાના ત્યાગની બાધા છે ? પ્રતિજ્ઞા છે ? એમ જીવનમાં કામ લાગે એવી કે આનંદ આપે એવી ફરનીચર સરંજામ વગેરેની વસ્તુઓ કેટલી ? એમાંથી કેટલાના ત્યાગનો નિયમ છે ? એમ જગતમાં કેટલા પ્રકારના જુઠ અને કેટલા પ્રકારની અનીતિ ચાલે છે કે ચલાવી શકાય ? એમાંના કેટલાના ત્યાગની બાધા છે ? પ્રતિજ્ઞા છે ? આ બધું વિચારશો તો દેખાશે કે આ જીવનમાં જે મળવા કે આચરાવાનો સંભવ નથી, સગવડ નથી, એવાં પણ અઢળક પાપસાધનો છે, પાપો છે; છતાં એના ત્યાગની પ્રતિજ્ઞા નથી, વિરતી નથી, એટલે જીવનમાં અવિરતિ છે. કેટકેટલી વસ્તુ અને કેટકેટલાં પાપ ખુલ્લા ? એ કુલહોલની અવિરતિ નામનો મહાવિશાળકાય આશ્રવ ઊભો છે.

**પાંચ આશ્રવ કયા :-**

જીવનમાં આ અવિરતિ-અવ્રત એક જ આશ્રવ ઊભો નથી, પણ ઇંદ્રિય-કષાય-અવ્રત-યોગ અને ક્રિયા, એમ પાંચે આશ્રવ ઊભા છે (૧) પાંચે ઈન્દ્રિયોની એના એના વિષયોમાં પ્રવૃતિ ચાલુ છે, સારા-નરસા વિષયોને એ ગમતા-અણગમતા કર્યા જ કરે છે. એમ (૨) કામ-ક્રોધ, માન -માયા-લોભ, હર્ષ-ખેદ -ભય વગેરે કષાયોમાંથી એક યા બીજો દિલમાં સ્ફુર્યા જ કરે છે. ત્યારે (૩) અવ્રત તો પહેલાં કહ્યું તેમ વિશાળ પ્રમાણમાં ઊભા જ છે. એમ, (૪) 'યોગ' એટલે મન-વચન-કાયાની પ્રવૃતિ, એ ભરપૂર ચાલે છે. ત્યારે, (૫) 'ક્રિયા' 'કાયિકી' એટલે કે

આરંભ-સમારંભ પ્રત્યે કાયાનું ઉત્થાન,'અધિકારણિકી' અર્થાત અધિકરણ યાને જીવઘાતનાં સાધન તરફ પ્રવૃતિ, વગેરે પચીસ ક્રિયાઓમાંથી થોડી વધુ ચાલતી જ હોય છે. સારાંશ,પાંચે આશ્રવરૂપી મહામેઘો સંસારરૂપી અરણ્યમાં રહેલા જીવ પર સતત વરસ્યા જ કરે છે.

**કર્મવૃક્ષો અને મોહાંધકાર :-**

આવા મેઘવર્ષણના કારણે કર્મલતા-કર્મવૃક્ષો સિંચાયા જ કરે છે, નવા નવા ઊગ્યા જ કરે છે, આશ્રવ ચાલુ હોય એટલે આત્મામાં કર્મ શ્રવી જ આવે, વહી જ આવે. પૂર્વ જન્મોનાં કર્મના થોકેથોક લઈને અહીં આવ્યા, હવે ત્યાગ-તપ આદિ દ્વારા એને થોકબંધ ઊખેડી નાખવાની વાત તો દૂર, પણ નવાં કર્મબંધન ન ઊભા કરવાનું ય ક્યાં છે ? ઉપરથી ઈંદ્રિયાદિ પાંચ આશ્રવ દ્વારા નવનવાં કર્મઝુંડ વધાર્યે જવાય છે. એથી સંસારવન ગહન બને છે ગાઢ ઘીચ બને છે. પછી એમાં ઘોર મોહ-અંધકાર વ્યાપેલું રહે એમાં શી નવાઈ ?

કર્મોના ઝુંડ ઊગ્યા એટલે એનાં ફળ વિપાક ઉદય ચાલુ રહેવાના. આત્મા અનંત શક્તિનો માલિક, પણ આ કર્મઝુંડો આગળ એનું શું ઊપજે છે ? એને કર્મના ઉદયો ધાર્યા મહાત કરે છે. દેવભવમાં કે સુખી માનવભવમાં ઘણુંય બેઠા રહીને લેહર કરવી છે, પરંતુ કર્મ એમ શાનું ચાલવા દે ?જોતજોતામાં એ ભવની પૂર્ણાહુતિ, મોત અને જીવને જાલિમ કર્મો ઊંચકીને ચૌદરાજલોકના ઘરામાં કયાંય ફેકી દે છે એમ ન મરવા સામે કે દુર્ગતિમાં ન પટકવા સામે જીવની કશી શક્તિ કામ લાગે ? કશી નહિ. તે એકલી મૃત્યુ સામે જ ? ના, હજારો બાબતોમાં જીવની શક્તિ નાકામિયાબ કર્મનું જ ધાર્યું થાય.

આશ્ચર્ય તો પાછું એ છે કે,

નાદાન જીવને 'કર્મ ની સામે પોતાની અનંત આત્મ-શક્તિનું કશું ઊપજતું નથી' એનો ખ્યાલે નથી ને ખેદે ય નથી!

'હજારો બાબતમાં કર્મનું પોતાના પર વર્ચસ્વ છે, પોતાને એ વાત વાતમાં ધાર્યો નચાવે છે, હસાવે છે, રોવરાવે છે, સુખના વીજળીઝબુકા અને દુઃખની દીર્ઘ અંધારી રાતો દેખાડે છે,' આનો ય વિચાર નથી. બસ, 'થોડું ગમતું ચાટવા મળે છે ને ? વાહ ભાઈ ! વાહ,' આવી ઘેલછા પ્રવર્તે છે. જાલિમ શેઠના ગુલામને થોડું મીંઠુ ચાટવા મળે અને ઘેલો ઘેલો થાય, પછી એ ન જુએ કે 'શેઠ આ ચટાડવાના બદલારૂપે તેલ કાઢશે, ધમધમાવશે, ને ડફણાં ય ઠોકશે.' ના ગુલામને આની કોઈ નાલેશી નથી લાગતી, હૈયું નઘરોળ-નઠોર-નફ્ફટ, તે થોડું ચાટવાનું મળવા પર આનંદ-મંગળ માને છે. જીવની પણ સંસારમાં આવી જ નફ્ફટ નઠોર જેવી દશા

છે, તે એને અલ્પ વિષયસુખ ચાટવાની લંપટતામાં કર્મોની મહાગુલામી નોંતરવી છે, અને કર્મજનિત નિઃસીમ દુઃખ-સંતાપ-અપમાનની કોઈ નાલેશી લાગતી નથી. કેવી ઘેલછા ! કેવી મૂઢતા !

**મોહ-અંધકાર**

આ નાલેશી ન લાગવાનું દુઃખ ન થવાનું અને સરાસર મૂઢતા રહેવાનું કારણ મહામોહનીય કર્મનો ઉદય છે. એનાથી આત્મા પર મોહનો એવો અંધકાર વ્યાપી રહે છે કે અંધારામાં આત્માને કશું સૂઝે જ નહિ.'કોઈ પોતાની આત્મસત્તા છે. પોતાના આત્માનું અસ્તિત્ત્વ છે, એને કર્મના બંધને બંધાવુ પણ પડે છે, પછી એ કર્મથી અનેક વાતની ગુલામી ઉઠાવવી પડે છે,...'વગેરે કશું ધ્યાનમાં જ ન આવે એ ન આવે એટલે પછી 'એ બંધનો તોડવાના ઉપાય શોધવાનું અને ઉપાય આદરવાનું આ મનુષ્ય અવતારે એક મહાન કર્તવ્ય છે' એ સૂઝે જ શાનું ?

**સાધુને ય બંધન કયા ? :-**

ત્યારે તો ત્રિલોકનાથ જગતદયાળુ પ્રભુ શ્રી મહાવીર પરમાત્માના પાંચમાં ગણધર શ્રી સુધર્માસ્વામીએ શ્રી જંબૂસ્વામીજીને ઉદ્દેશીને સૂયગડાંગ સૂત્રમાં આ કહ્યું કે,-

**'बुज्झिज्जति तिउट्टिज्जा बंधण परिजाणिया'**

અર્થાત્ 'હે આયુષ્મન જંબુ ! તું તારી જાતને સમજદાર માનતો હોય, તો બંધનને ઓળખી એને તોડવાનું કર.'

આ ક્યારે કહે છે ? જ્યારે જંબુસ્વામી નવ્વાણું કરોડ સોનૈયાની સંપત્તિ એક ઘાસના તણખલાની જેમ છોડીને આવેલ છે, જે માબાપના પોતે એકના એક પુત્ર છે, એવા વહાલસોયા માતાપિતાને મૂકીને ચાલી નીકળ્યા છે, ઉપરાંત આઠ અપ્સરાસમી નવોઢા રમણીઓને ય પડતી મૂકીને અહીં ચારિત્ર જીવનમાં આવી ગયા છે. હવે છોડવાનું શું બાકી રહ્યું ? એવા અવસરે એને બંધનો ઓળખવા અને તોડવાનો ગણધર મહારાજ ઉપદેશ કરે છે. કેમ વારુ ? આટલું બધું છોડયું તો હવે બંધનો બાકી રહ્યા ? આટલા બધા ભારે લલચાવનારા મોહ-માયાના બંધનોનો સર્વત્યાગ કર્યા પછી શું હજી બંધન ઊભા છે તે એને ઓળખી લઈ તોડી નાખવાનું કહે છે ?

હા, જંબુકુમારે સર્વત્યાગ કર્યો એ તો આત્માની બહારના બંધનોનો કર્યો, પરંતુ અંદરના રાગ-આસક્તિ-મમતા આદિના તથા કર્મના બંધનો હજી ઊભા જ છે. એને ઓળખી લેવાનું અને નિરંતર નજર સામે રાખવાનું તેમજ એને તોડી નાખવાનું કાર્ય હજી ઊભું જ છે.

**માનવ જનમમાં જે આ બંધનો ઓળખી લઈ એને નિરંતર નજર સામે**

**રાખવાની તથા એને તોડવાની સગવડ છે એવી બીજા જનમમાં નહિ.**

જુઓ તિર્યંચના અવતારમાં વિવેક નથી, નરકમાં ત્રાસનો પાર નથી,તેમ કોઈ ધર્મગુરુની સગવડ નથી. દેવભવમાં ઊંચા ભોગવિલાસની ભરપુરતા હોઈ એમાં ભારે મગ્નતા રહે ત્યાં આ બંધનોને ઓળખવા જવાનું અને નિરંતર નજર સામે રાખ્યા કરવાનું શે બને ? એ સગવડ તો મનુષ્યજનમમાં એમ ઊચ્ચ અહિંસા-સંયમ-તપથી એને તોડી નાખવાની સગવડ પણ એકમાત્ર મનુષ્ય અવતારે આ ધ્યાન પર લેવું છે ?

'ના, અમારે કાંઈ આ, સાંભળવું નથી, જાણવું નથી, કરવું નથી અમારે તો જ્યાં બેઠા છીએ એ ઠીક છે.' એમ આંખ મિંચામણા કરવા છે, તો ભૂલશો નહિ કે એમ કર્યાથી મૃત્યુ નહિ અટકે, પરલોકગમન બંધ નહિ પડે ત્યારે અહીં પણ કયા એવા લાખોપતિ, ક્રોડોપતિ કે અબજોપતિ થઈને શાલિભદ્રની જેમ ચોવીસે કલાક નિશ્ચિતપણે રંગરાગમાં જ મહાલ્યા કરવાના લહાવા લૂંટવાનું મળે છે ? હજી વિલાયતની રાણીનો પાળેલો કૂતરો શેરીઓમાં ટુકડા માટે ભટકતો નહિ ફરતો હોય, પરંતુ આજના કરોડપતિઓ બજારમાં આંટો માર્યા કરે છે. કહો ને,

પ્ર.- પણ કૂતરામાં તો સંપત્તિ વધારવાની અક્કલ નથી ?

ઉ.- એટલે માણસમાં અક્કલ આ કે જગતભરની સંપત્તિ હાથ પર ન થાય ત્યાં સુધી એ વધુને વધુ ભેગી કર્યા કરવી ? ને એ માટે રખડવું ? એક કીડીની અક્કલ એ જ માણસની ? જીવનભર પોતે ખાઈ પી શકે, છોકરા ખાઈ શકે, એટલું બધું મળવા છતાં નિરાંત નથી, જંપ નથી કે 'લાવ, હવે ધંધો બંધ કરી નિરાંતે ભોગવું ?' જો એ નહિ તો પછી 'નિંરાતે એકલો ધર્મ જ કરું એ વાત તો હોય જ શાની ?

બંધનો તરફ આંખ-મિંચામણા કરવામાં નહિ અહીં નિંરાત, નથી અમરપણું, ને નથી પરલોક બંધ. પણ આ કેમ સૂઝતું નથી ? મોહનું ગાઢ અંધારું હૃદયમાં વ્યાપી ગયું છે, એટલે અંધારામાં સાચી વસ્તુ કયાંથી દેખાય ? આ મોહ પણ મોહનીય કર્મના બંધનને લીધે છે, એ કર્મના ઉદયને લીધે છે પરંતુ એમ પૂછતા નહિ કે

**મોહનીય કર્મનાં બંધનની સામે શું કરી શકાય ?:-**

પ્ર.- કર્મનું બંધન હોય ત્યાં અમારું શું ઊપજે ? એનો ઉદય તો ભોગવવો જ પડે ને ?

ઉ.- ના, આ મોહનીય કર્મ એવું છે કે એને પુરુષાર્થથી દબાવી શકાય છે, તોડી શકાય છે. 'દબાવવું' એટલે (૧) એના ઉદયને નિષ્ફળ કરવો. નિષ્ફળ આ

રીતે થાય કે એને અનુકુળ મન-વચન-કાયાના યોગની સહાય ન કરવી, અર્થાત્ એને અનુકુળ વિચાર-વાણી-વર્તાવ ન કરવા. તેમજ (૨) ભાવી કર્મના વિપાકોદયને આવતો અટકાવવો.

**(૧) ઉદય કેમ નિષ્ફળ જાય ? :-**

આમાં પહેલી વાત મોહનીય કર્મના ઉદયને નિષ્ફળ કરવા એને ત્રિવિધ યોગની સહાય ન દેવી એ સમજવું સહેલું છે દા.ત. રસ્તે જતી યુવતી પર અચાનક દૃષ્ટિ પડી ગઇ, ને અંતરમાં મોહનો ઉદય જાગ્યો, કામરાગ સ્ફુરી ઊઠ્યો. ત્યાં શું કરવાનું ? આ જ, કે હવે એના પર મનોયોગની સહાય અટકાવવા એના કશા વિચાર નહિ ચલાવવા, તેમજ કાયયોગની સહાય અટકાવવા આંખને તરત ખસેડી લેવાની,તે બીજી સ્ત્રી પર પણ આંખ ન જાય એ ચોકસાઈ રાખવાની ત્યારે ઈંદ્રિય-પ્રવૃતિ ત્યાં બંધ થઈ મનની વિચારણાં બંધ થઈ,ઉપરાંત વધુમાં ચાહીને મનને કોઈ નવકારના ગણતરી બદ્ધ સ્મરણ વગેરેમાં લગાવી દીધું, પછી પેલો જાગી પડેલો મોહનો ઉદય શું કરી શકે ? એનું શું ફળ આવે ? કહો એ ઉદય નિષ્ફળ જાય. જેવું આમાં એવું ક્રોધાદિના ઉદયમાં હૃદયમાં ક્રોધ સળવળી ઊઠ્યો, પણ પછી લાલ આંખ કે ભવાં ઊચાં ન કરાય, ક્રોધનું ઉકળાટવાળું વચન ન બોલાય યાવત્ એની વિચારણા ન કરવામાં આવે; તો એ અંતરના ક્રોધને શમી જવું પડે, ક્રોધનો ઉદય નિષ્ફળ જાય,

**(૨) ભાવી ઉદય કેમ અટકે ? :-**

ઉદય બે પ્રકારે, વિપાકોદય,પ્રદેશોદય.

હવે મોહનીય કર્મના બંધનની સામે બીજો પુરુષાર્થ આ કરવાનો, કે હજી કર્મ ઉદયમાં નથી આવ્યા પણ આવવા તૈયાર છે, એવા ભાવી કર્મના વિપાક-ઉદય જ અટકાવવાના. સવાલ થાય,

**પ્ર.-** કર્મો ઉદયમાં આવીને ભોગવાયા વિના શું એમ જ નષ્ટ થાય ? કર્મની સ્થિતિ પાકે એટલે ઉદય તો દેખાડે જ ને ?

**ઉ.-** જરૂર, ઉદયમાં આવે, પરંતુ ઉદય બે જાતના (૧) વિપોકોદય, ને (૨) પ્રદેશોદય. વિપાકોદય પોતાના રસનો અનુભવ કરાવે, કરાવીને ખરી જાય. પ્રદેશોદયમાં રસનો અનુભવ નહિ માત્ર એના પ્રદેશનો ઉદય, અર્થાત્ કર્મના માત્ર દળિયાંની પક્વ અવસ્થા; તે થઈને એ ખરી જાય.

ત્યારે, ઉદય અટકાવવા આપણે શું કરવાનું છે ? આ, કે સ્થિતિ પાકતા કર્મોને માત્ર પ્રદેશોદયની સ્થિતિમાં મૂકવાના છે 'પ્રદેશોદય' એટલે કર્મના માત્ર પ્રદેશદળિયાં ઉદયમાં આવે પણ એનો રસ ઉદયમાં ન આવે; રસ સ્થગિત થઈ

જાય, બીજાથી અભિભૂત થઈ જાય દબાઈ જાય; એવું કરવાનું છે. રસનો ઉદય અર્થાત્ વિપાકોદય દબાઈ જાય એ કરવાનું છે. એ શી રીતે બને ?

**વિપાકોદય દબાઈને માત્ર પ્રદેશોદય કેમ થાય ? :-**

**ક્રોધનો વિપાક રોકવા શું કરવું ?:-**

વિપાકોદય કયા કર્મનો રોકવો છે એ પહેલાં વિચારી લો. દા.ત. ક્રોધમોહનીય કર્મનો અટકાવવો છે, તો એ માટે

(૧) દિલમાં પ્રતિકૂળ પ્રસંગો કલ્પીને ક્ષમા-શાંતિ-ઉપશમની ભાવના વહેતી કરવી જોઈએ. વળી

(૨) બહુ વિકમ સંયોગોમાં ગજસુકુમાળ મુનિ, અને સુદર્શનશેઠ જેવાએ જે સમતા-શાંતિ ઉપશમભાવ રાખ્યા, તે નજર સામે લાવ્યા કરવું જોઈએ, તેમજ

(૩) ક્રોધ દ્વેષ-વૈર રાખવાના કારમાં ફળ, અને એ ભોગવનાર અગ્નિશર્મા, ચંડકોશિક, વગેરેનાં દ્રષ્ટાન્ત વિચાર્યા કરવા જોઈએ....વગેરે. જો આ ઉપાયો ખૂબ અને સતત સેવાયા કરે, તો હવે ઉદયમાં આવનાર ક્રોધમોહનીય-દ્વેષમોહનીય કર્મનો વિપાકોદય દબાતો રહે અને માત્ર પ્રદેશોદયથી એ ભોગવાઈ ક્ષીણ થતા જાય.

એમ, માનો કે રાગમોહનીય-લોભમોહનીય કર્મના વિપાક દબાવવા છે. તો વૈરાગ્ય અને નિર્લોભતાની ભાવના,તથા 'જડ પદાર્થ-પ્રતિષ્ઠા-સન્માનાદિ આત્મસંપત્તિની આગળ અતિ અલ્પ કિંમતના છે, એવી ભાવના કરતા રહેવાય. દા.ત. ભલેને એક લાખ રૂપિયા કમાયા,કે પાંચ લાખનું લોટરીનું ઈનામ લાગ્યું, પરંતુ 'એની કિંમત કેટલી ? અને આત્મસંપત્તિરૂપે અતિ અલ્પ પરિગ્રહના વ્રતની કિંમત કેટલી ?' આ વિચારવું ઘટે.

**રૂપિયાથી આ દુનિયાની તુચ્છ અને નાશંવત સગવડ-સન્માન-સાહ્યબી મળે, પરંતુ પરભવનું કશું હિત ન મળે, એ તો ત્યાગવ્રતથી જ મળે.**

**રૂપિયાથી કેટલાં પાપ :-**

**પ્ર.**- રૂપિયાથી દાનનાં સુકૃતો થાય એથી તો પરલોકનું હિત સધાય ને ?

ઉ.- એ તો દાનથી હિત થયું ને ? રૂપિયાથી નહિ.

**પ્ર.**- પરંતુ રૂપિયા હતા તો જ દાન થયું ને ?

ઉ.- પણ એ વિચારો કે રૂપિયાથી દાન જ થાય છે એવું જગતમાં કેટલું દેખાય છે ? જગતમાં રૂપિયાવાળા કેટલા, અને દાની કેટલા ?રૂપિયા સામે જુઓ તો દેખાશે કે સોમાં પંચાણું ટકા માણસો રૂપિયાથી મોહ-મદ અને વિલાસનાં તથા આરંભ-સમારંભનાં પાપો કરતા દેખાશે. રૂપિયા હોવાના કારણે જ એ પાપો કરે છે. ત્યારે જો રૂપિયાથી પંચાણું ટકા આ થતું દેખાય તો રૂપિયાને કેવા માનવા ?

પાપ કરાવનારા ?કે દાન કરાવનારા ? જો જો પાંચ ટકાં ય માણસો દાન કરનારા કદાચ મળે તો ય એમાં ય દાન કેટલું ? એને રંગરાગ-આરંભ-સમારંભ અને સંગ્રહ આદિ પાપના ખાતે કેટલું ?

(૨) લગભગ એમ દેખાશે કે રૂપિયા પાપ-માર્ગે જાય છે. રૂપિયા અશાંતિ-ચિંતા-સંતાપ ઊભા કરે છે. ત્યારે ત્યાગનું વ્રત એ પાપો અટકાવી શાંતિ અને ધર્મ-ચિંતા વગેરેને માટે મોટો અવકાશ આવે છે એટલે કહો, જ્યાં દાન થાય છે તેમાં રૂપિયાના પ્રભાવ કરતાં ધર્મશ્રદ્ધાનો ખરો પ્રભાવ છે. બાકી રૂપિયાનો પ્રભાવ પાપ. એમ,

(૩) રૂપિયાથી પૂર્વનું પુણ્ય ખવાતું જાય છે. ત્યારે ત્યાગવ્રતથી ભારે નવાં પુણ્યની ભરતી થાય છે. એ તો ઊઘાડો હિસાબ છે કે જેટલા રૂપિયા કમાઓ એટલું એ મેળવી આપનારું પુણ્ય વટાવાઈ ગયું ઉદયમાં આવી ગયું, અને ઉદયમાં આવે પછી એ સિલકમાં ઊભું રહે ? કે હવે રવાના થવાની તૈયારીમાં ગણાય ? જમા પાસુ હતું તે હવે ઊધરી જ જવાનું ને ? બેંકમાંથી ચેક ફાડી રૂપિયા લઈ આવો એટલું મૂડીમાંથી ઊધરે જ ને ? ત્યારે પરિગ્રહત્યાગના વ્રતથી નવાં નવાં પુણ્ય જમા થતાં જાય;ને એ પરલોક સદ્ધર બનાવે. પેલા પૂર્વનાં પુણ્ય ઊધરી જતાં રૂપિયાને માલ તો મળ્યા, પણ એમાંનુ કશું સાથે ન આવે;સાથે તો ત્યાગ કર્યો એ આવે.

આમ કિંમત રૂપિયાની નહિ, પણ ત્યાગ-વ્રતરૂપી આત્મ સંપત્તિની છે. આ ભાવના દિલથી કર્યા કરો એટલે હવે ઉદયમાં આવનાર રાગ-મોહનીય કર્મનો રસ-વિપાક દબાય, એથી રાગ ઓછો અનુભવાય.

આવી રીતે બીજા પણ હાસ્ય-મદ-મત્સર-ભય શોક વગેરે અને કામવાસના જગાવનારાં મોહનીય કર્મના રસ-વિપાક દબાવવા માટે તે તે પ્રકારની ભાવના કરવાની. શું કરવું છે આ ઉચ્ચ જીવનમાં ? રાગાદિ દોષોને દબાવવા છે ને ? તો એ દબાવનારી તેવી તેવી ભાવના ભાવવાનું ખૂબ કર્યે જાઓ. 'ભરતજી મનહી મેં વૈરાગી' શી રીતે રહેતા હશે ? એકલું એમ જ માનવાથી કે, 'આ બધું ખોટું છે ?' ના, આ મોહમાયાના ખોટાપણામાં જે જે કારણો જવાબદાર છે, એની એની ભાવના વિચાર્યા કરવાથી રાગ-દ્વેષ, ક્રોધ-લોભ-મદ, હાસ્ય-રતિ-અરતિ વગેરે કરાવનારાં કર્મ એવા સુંવાળા નથી કે, 'રાગાદિ કરાવનારાં નિમિત્ત ખોટા' એટલું માત્ર કરવાથી એ કર્મના રસવિપાક અટકી જાય.

**રાગાદિ કર્મના રસવિપાક અટકાવવા માટે તો ભરપૂર ભાવનાઓ વાંરવાર ચિંતવતા રહેવું પડે. તેમ રાગાદિ કરાવનારાં નિમિત્તથી બને એટલા દૂર રહેવું પડે.**

**જેમ શુભ ભાવનાથી, એમ પાપના નિમિત્ત દૂર રાખવાથી પાપ અટકે.**

આ પણ એક ખાસ ધ્યાનમાં લાયક છે કે 'પાપનાં નિમિત્તોથી જેટલા દૂર રહીએ, એટલું પાપથી બચાય' સિનેમા-તેવા ચિત્રો અને સ્ત્રીઓના સામે ઓછુ જુઓ, સ્ત્રીઓ સાથે વાત ઓછી કરો, એટલું વિકારથી બચાય. ક્રોધની વિચારણા એ ક્રોધને ફાલવા ફૂલવાનું નિમિત્ત છે. જ્યારે જ્યારે વિચારણા ઊઠવા જાય ત્યારે ત્યારે ઝટ નવકારના ગણતરી બદ્ધ જાપ કરવા લાગો, અને એમ ક્રોધની વિચારણાને અટકાવો, એટલે ક્રોધપાપને ફાલવા-ફૂલવાનું ન મળે. એવું જ બીજી સારી વિચારણાથી સ્ત્રીઓ સંબંધી કામરાગની વિચારણા ન કરો એટલો કામરાગ સળવળતો અટકે.

**વિચારણા એ અંતરના તેવા તેવા ભાવની મહા ઉત્તેજિકા છે, ભાવોત્કટતાની સહાયક છે.**

નરસી વિચારણા કામ ક્રોધાદિના ભાવને ઉશ્કરે છે, એમ સારી વિચારણા બ્રહ્મચર્ય-ક્ષમાદિના ભાવને ઉત્તેજે છે. એટલા જ માટે જો જો કે આ 'શાંતસુધારસ' શાસ્ત્રના પદાર્થની વિચારણા શુભ ભાવોને હૃદયમાં કેવા રમતાં અને ઉછળતી કરી દે છે. માટે તો જીવનની મહાન મજા અને સફળતા આવા શાસ્ત્રોનાં વારંવાર પઠન-શ્રવણ-સ્મરણ-ચિંતનમાં છે, કેમકે એથી સારી વિચારણા ખૂબ ચાલીને દિલ શુભ ભાવોથી મઘમઘતું રહે છે.

**જીવન શુભ ભાવોભર્યું રહે એના જેવી મજા બીજા શામાં છે ? જીવનમાં એના જેવું ફળ બીજુ કયું છે ?**

સંપત્તિ -સન્માન-સગવડ તો આની આગળ તુચ્છ ફળ છે. શું ફળ જ નથી. દિલમાં અગર શુભ ભાવો નથી, તો સંપત્તિ વગેરે તો જીવની માત્ર એક વિટંબણા જ છે. પૈસા મળ્યા પણ ઉદારતા અને પરાર્થવૃતિ નથી, કૃપણતા અને સ્વાર્થવૃતિ જ છે, તો પોતાના જ પૈસાથી પોતે અશાંતિ-અજંપો-સંતાપ-ભય-હાયવોય વગેરેથી વિડંબાય છે.

**પૈસા હો કે ન હો, પરિવાર હો યા ન હો પણ શાંતિ-સ્વસ્થતા દિલના વૈરાગ્ય-ઉદારતા-પરાર્થવૃતિ-ઉપશમભાવ વગેરેથી જ મળે છે.**

આ શુભ ઉત્તમ ભાવોને સુલભ કરવા ભગવાન શ્રી જિનેશ્વરદેવની સુધારસ ઝરતી વાણી છે, અને એ વાણીને સંગ્રહીત કરનારા આ શાંતસુધારસ શાસ્ત્ર છે.

આપણે અહીં શુભ ભાવભર્યુ દિલ હોય તો કેવી સુંદર શાંતિ સ્વસ્થતા રહે છે, એ ઋષિદત્તાસતીનાં જીવનથી જોઈએ.

**શાંતસુધારસ અને મહાસતી ઋષિદત્તા**

આ ભરતક્ષેત્રના મધ્ય ખંડમાં રથમર્દન નામનું નગર છે. ત્યાં રાજા હેમરથ રાજ્ય કરે છે ન્યાયમાર્ગે રાજ્ય કરતો હોવાથી, પ્રજા સુખી છે, સંતુષ્ટ છે રાજાને

સુયશા નામની રાણીથી કનકરથ નામે પુત્ર થયો. એને કળાઓ શિખવવામાં આવી, પરંતુ એમાં એ ઊંચી ગતિનો જીવ, એટલે ધર્મકળામાં સારો હોશિયાર બન્યો.

**પ્રાયઃ હલકી ગતિથી આવેલા જીવો ધર્મકળામાં સારી કુશળતા પ્રાપ્ત કરી શકતા નથી;**

કેમકે એમના આત્મામાં હલકી ગતિના ક્ષુદ્ર અને પાપભરી જીવનચર્યાના ઘેરા સંસ્કાર એવા ભરચક ભરાયા હોય છે કે એની અસર ધર્મ તરફ રુચિ જ નહિ તો ધર્મકળાની કુશળતા કયાંથી આવે ? તો એટલું સમજી રાખો કે એક ધર્મકળા બીજી બધી કળાને જીતી જાય છે.

'ધર્મકળા' એટલે ધર્મની સુંદર શ્રદ્ધા ધર્મનો ઉત્તમ વિવેક, અને ધર્મની તારક ક્રિયા. શ્રદ્ધા, વિવેક અને ક્રિયા જેનામાં હોય તેને શ્રાવક કહેવાય.' શ્રાવક' શબદના ત્રણ અક્ષર શ્ર-વ-ક આ સુચવે છે. એટલે એવો શ્રાવક ધર્મકળાવાળો ગણાય. આ ધર્મકળાની બલિહારી છે. જગતમાં અનેક પ્રકારના હુન્નરોની અને બીજી ત્રીજી કળાઓ હોય છે. એ વિશેષરૂપે વિકસી હોય તો બીજાને ચમત્કાર પણ પમાડી દે એવી હોય.પરંતુ ધર્મકળાની આગળ એ કુછ વિસાતમાં નહિ.

**અસંમત નાસ્તિકની વાણીકળા હારી :-**

અસંમત નાસ્તિક તર્ક અને વાક્ચાતુર્યની કળામાં પાવરધો હતો, એ ભલભલા આસ્તિકને વાણીથી મહાત કરી દેતો;પરંતુ એના નગરમાં લલિતાંગમુનિ આવ્યા, એમણે એની સાથે વાદ કરવાને બદલે નગર-બહાર રહી ભારે તપ અને ધ્યાન લગાવ્યા. પેલા અસંમત નાસ્તિકે ઘણીય નિંદા કરવા માંડી કે 'જોયું ? મુનિ પાસે પોતાને માન્ય ધર્મ-આત્મા-પરલોક-પુણ્યપાપ વગેરે સાચા સિદ્ધ કરવાની દલીલો જ નહોતી એટલે બિચારા શું કરે ? વગર વાદ કર્યે નગરની બહાર જઈને બેસી ગયા;' આમ નાસ્તિકે નિંદા કરવા છતાં મુનિ પોતાની ધર્મકળામાં નિષ્ણાત ,તે ઉચ્ચ તપ-ધ્યાનના ધર્મમાં લીન બન્યા રહ્યા.

લોકોએ નાસ્તિકનું નામ 'અસંમત' એટલા જ માટે રાખેલું કે એને આત્મા-ધર્મ-પુણ્યપાપ વગેરે કશું સંમત નહોતું,માન્ય નહોતુ આવાની પણ દલીલબાજીના લીધે નગરમાં એવા ય ભોળા જીવ હોય કે જે એનાથી કરાતી મુનિનિંદામાં ટાપસી પૂરાવે. એમાં વળી કોક મુનિ પાસે જઈ બોલી ય આવતા હોય કે 'આ તમારો ધરમ બરમ સાચો હોય તો અસંમતીની આગળ સાબિત કરી બતાવો ને ?' પરંતુ ધર્મકળામાં કુશળ મુનિને એ નિંદાની પડી નહોતી; એ તો ધર્મકળાને જ મહાન માનતા, તેથી પોતાની અજ્ઞતાનો આરોપ સહર્ષ સહી લેતા. ત્યારે પેલો નાસ્તિક નગરમાં ઘુમતો ને પોકારતો ફરે છે કે 'છે કોઇ માડી જાયો ? મારી સાથે વાદ કરે તો ?'

કોણ વધે ? ધર્મકળા ? કે વાદકળા ?

ધર્મકળા જ વધે ત્યાં બન્યું એવું કે વરસાદથી નગર બહાર પાણીનાં પૂર ચડ્યાં. પરંતુ મુનિના નિરાશંસભાવના ઉગ્ર તપ અને ધ્યાનના પ્રભાવે એમની આસપાસ પાણી ચડ્યાં જ નહિ. લોકો નગરના કિલ્લા પરથી પૂરનું દ્રશ્ય દેખતા હતા, એમાં મુનિની આસપાસની જગામાં પૂર નહિ, ને બાકીમાં ઊંચા પૂર ચડેલા જોઈ ચમત્કાર પામી ગયા. તેથી મુનિનો ભારે યશોવાદ ફેલાયો કહેનારાઓએ જઈને અસંમત નાસ્તિકને કહ્યું ય ખરું કે 'લે જો, તું કહેતો હતો ને કે ધર્મ જેવું કશું છે નહિ. અહીં આ ધર્મનો પ્રભાવ સાક્ષાત દેખાય છે. ધર્મખંડની તારી તર્કબાજી અહીં ચલાવ જો, શી ચાલી શકે ?'

બસ, નાસ્તિક બળું-બળું થઇ ગયો. મુનિની ધર્મ-કળાએ એની વાક્કળાને મહાન કરી નાખી. એ શે સહી શકે ? તેથી મુનિ પર ભારે દ્વેષમાં અવસર પામીને એણે રાત્રે જઈ ધ્યાનસ્થ મુનિની આસપાસ લાકડાં ગોઠવી ચિતા બનાવી સળગાવી, અને પોતે ઘેર જઈને નિરાતવાળી બેઠો કે હાશ ! મુનિ સળગી સાફ થઈ જશે, પછી લોકોને એમનું ગાવાનું નહિ રહે;ને તેથી મારી નિન્દા નહિ થાય.'

અસાર નરસી વિચારણાથી પોષાયેલા દ્વેષના અધમ ભાવ માણસને કેવો નચાવે છે ! કેટલો અધમાધમ બનાવે છે ! અસંમત નાસ્તિક નિરપરાધી મહામુનિને બાળી ભસ્મ કરી નાખવાના વિચાર અને પ્રવૃતિ સુધી પહોચ્યોં . બળે કે નહિ, એ પરિણામ તો સામાના પુણ્ય-પાપના ઉદય પર આધારિત, પરંતુ પોતે તો સામાને બાળી નાખવાની કાળી લેશ્યામાં નરકનાં ભાતાં જ ભેગાં કરે.

**ધવળ શેઠે** શ્રીપાળકુમારને દરિયામાં ફેંકી ડૂબાડી નાખવાની બુદ્ધિ અને પ્રવૃતિ કરી શું શ્રીપાળ ડૂબી ગયા ? ના, નવપદજી હાર્દિક ઊચીં આસ્થા અને આરાધનાના પ્રતાપે ઊંચો શુભોદય થયો, તેથી તરાપાની જેમ મગરમચ્છની પીઠ મળી ગઈ; તે એના પર સવારી કરી કિનારે ક્ષેમકુશળ ઊતર્યા. એમ પછી પણ એક વાર ધવળ રાતના છરો લઈને શ્રીપાળને કાપી મારી નાખવા મહેલની સીડી પર ચડ્યો. શું શ્રીપાળને એ મારી શક્યો ? ના, ધવળ પોતે જ સીડી પરથી લપસી ગબડતાં નીચે પટકાઈ પોતાના છરાથી પોતે જ મરાયો. શ્રીપાળને તો કાંઈ આંચ ન કરી શક્યો, કિન્તુ ધવળે પોતે નરકનાં ભાતાં ભેગા કરી નરકમાં પ્રયાણ કર્યું.

**બીજા પ્રત્યેના અધમ ભાવથી એને નુકશાન નક્કી નહિ, પણ પોતાને પાપ નક્કી.**

આપણે બીજાના પર દ્વેષમાં ધમધમી એને હાનિ પહોંચાડવા, હલકો પાડવા કે મારવા-કૂટવાનું વિચારીએ કરીએ, એથી સામાને એ પરિણામ નીપજશે જ એવો

નિયમ નથી. પરંતુ આપણા આત્મા પર તો અવશ્ય જાલિમ દ્વેષના સંસ્કાર દ્રઢ થવાના, અને નરકાદિ જેવી ગતિનાં પાપ બંધાવાનાં. આ ઊંચા જીવનમાંથી શું કમાયા ? જુગજુના રાગ-દ્વેષના સંસ્કાર લઈ આવ્યા છીએ એટલે તો અહીં રાગ-દ્વેષ સ્ફૂરી આવે છે. પરંતુ હવે એના પર નિયમન-અંકુશ રાખી તેમજ ઉચ્ચ શુભ ભાવનાઓ ભાવી-ભાવી શું એમાં હ્રાસ કરવાનો ? કે એ રાગ-દ્વેષને આપણાં જ હાથે વિકસાવી એના કુસંસ્કાર દ્રઢ કરવાના ? ફાલ્યા-ફૂલ્યા કરવાના ? તે ય વીતરાગ પ્રભુનું શાસન પામ્યા પછી પણ અને મહાવીર પ્રભુ, ગજસુકુમાળ, ખંધક- મેતારાજ આદિ મુનિઓ કે સુદર્શન શેઠ વગેરે ગૃહસ્થોનાં ક્ષમા-સમતા-ઉપશમ ભર્યા આલંબન મળ્યા પર પણ દ્વેષ-ક્રોધ અને વૈર વિરોધમાં સળગવાનું ? એના કુસંસ્કાર દ્રઢ કરવાના ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૧,અંક-૩,તા.૨૩-૯-૧૯૭૨**

જૈન શાસનનો ઉપદેશ અને મહાપુરુષોનાં જીવનનું ઉત્તમ આલંબન મળ્યા પછી તો એવી ઊંચી શુભ ભવનામાં રમતાં રહીએ કે ચિત્તમાંના રાગ-દ્વેષ અને કામ-ક્રોધ-લોભ વગેરેના ઉકળાટ-ઉન્માદ શાંત થઈ જાય, અને અહીં પણ અદ્ભુત અનુપમ પ્રશમસુખનો અનુભવ કરતા રહીએ.

ઉપા. - શ્રી વિનયવિજયજી મહારાજ 'શાંતસુધારસ' શાસ્ત્રમાં કહે છે,-

**'तीर्थेशैः प्रथिताः सुधारसकिरो रम्या गिरः पान्तु वः' ।**
**स्फुरति चेतसि भावनया विना न विदुषामपि शान्तसुधारस : ।**
**न च सुखं कृशमप्यमुना विना जगति मोहविषाद-विषाकुले ॥'**

-અર્થાત્, તીર્થંકર ભગવંતોએ શાંતસુધારસને વરસાવનારી વાણી રેલાવી, એ વાણી તમારું રક્ષણ કરો. (એ વાણીના આલંબને કરાતી) શુભ ભાવના વિના વિદ્વાનોને પણ ચિત્તમાં શાંત સુધારસ સ્ફુરતો નથી; ને એ વિના મોહ અને ખેદના ઝેરથી વ્યાકુળ આ જગતમાં લેશ પણ સુખ અનુભવાતું નથી.

તીર્થંકર ભગવાન વીતરાગ છે, રાગ-દ્વેષાદિ ભાવોને નિર્મૂળ નષ્ટ કરી એમણે સર્વોત્કૃષ્ટ શમ-પ્રશમ-ઉપશાંતભાવરૂપી સુધા યાને અમૃતરસનો સ્વાદ અનુભવ્યો છે. એ એમણે જગતને ઉપદેશ્યો છે. તેથી એમની વાણીના આધારે એ શાંત-સુધારસ જીવનમાં અનુભવી શકાય છે; પરંતુ તે એની જાણી લીધા માત્રથી અર્થાત્ જૈન શાસ્ત્ર ભણી ગયા અને વિદ્વાન બની ગયા માત્રથી ન અનુભવી શકાય; કિન્તુ ચિત્તમાં એ જિનવાણીએ અર્થાત્ જૈનશાસ્ત્રોએ કહેલી શુભ ભાવનાઓને વાંરવાર

ભાવવાથી ભાવી ભાવીને ચિત્તને એનાથી ભાવિત-વાસિત-રંગાયેલું કરી દેવાથી શાંત સુધારસનો અનુભવ થાય.

**જિનવાણીનો સ્વાદ ક્યારે આવે ? :-**

વિદ્વાનની વિદ્વતા યાને શાસ્ત્રોનો બોધ તો માત્ર પ્રકાશ કરી આપે કે આ આ રીતે શુભ ભાવનાઓ કરી શકાય અને એનું આ ફળ આવે. પરંતુ એનો સ્વાદ લેવા માટે તો એ ભાવનાઓને રીતસર ચિત્તમાં ઉતારવી પડે. હૈયાને એનાથી વિંધવું પડે. સામે સારી કેરી જોઈ બોધ પ્રકાશ તો થયો કે આ સુંદર સ્વાદિષ્ટ મીઠા રસવાળી છે, પરંતુ એનો સ્વાદ કયારે આવે ? એનો ટૂકડો જીભ પર મૂકી ચાવો ત્યારે જ ને ? એવી આ જિનવાણી છે, જિનવાણી-કથિત ભાવના છે એ જાણ્યા પછી એને ચિત્તમાં ઉતારો, એનાથી હૃદયને વિંધો, ત્યારે એ વાણી અને ભાવનાનો સ્વાદ આવે.

**વિંધવુ સમજો છો ને ?**

પારાથી સોનું વિંધાય છે, એને રસવેધ કહે છે. શું થતું હશે એમાં ? પારાના અણુ અણુ સોનાની આરપાર ઊતરી જાય, સોનાની પીળાશને મારી સફેદાઈ લાવી દે; સોનું રત્નની કે મોતીની જેમ સફેદ ચમકવા માંડે બસ એ રીતે શુભ ભાવનાઓનું વર્ણન કરનારી પ્રભુની વાણીથી અને એ શુભ ભાવનાઓથી આપણું હૃદય વિંધવાનું છે. એ વાણીના એકેક બોલ અને એ ભાવનાનો એકેક અંશ હૈયામાં આરપાર ઉતરી જાય. હૈયાની પૂર્વ અશુભ વાસનાને હડસેલી દઈ, અશુભ રંગ-વલણ-લાગણીને હટાવી દઈ જિનવાણીનો અને શુભ ભાવનાનો એના પર રંગ-વલણ-લાગણી ચડાવી દે; ને ત્યારે જ ચિત્ત-દિલ-હૃદય એનાથી ભાવિત થયું ગણાય. પછી દિલનો રંગ ભાવનામય,દિલનું વલણ એ ભાવનાના ઝોકવાળું દિલની લાગણી એને અનુરૂપ ચાલે.

ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે જિનવાણીએ બક્ષેલા આ શાંતસુધારસનો સ્વાદ, જિનવાણીએ કહેલી શુભ ભાવનાઓને ચિત્તમાં ભાવિત કર્યા વિના, અબુઝ ને તો શું, પણ વિદ્વાનોને ય ન આવી શકે.

**'ભાવિત' કરવું એટલે ? :-**

દા.ત. જિનવાણીએ 'અનિત્ય ભાવના બતાવી, આ જગતમાં ઊભા થતા બાહ્ય અને આભ્યન્તર સંયોગો અનિત્ય છે, વિનશ્વર છે, નાશવંત છે; એ અનેકાનેક રાજ્ય-સંપત્તિ-પરિવાર વગેરેના સંયોગો લઈને બતાવ્યું. એ પરથી એનું જ્ઞાન તો થયું. વિદ્વતા તો આવી,પરંતુ હવે દિલને એ અનિત્ય-ભાવનાથી ભાવિત કરતા રહેવાય, ત્યારે જ દિલમાં શાંત સુધારસનો કાંઈક પણ અનુભવ થાય. કોરા જ્ઞાન

માત્રથી એ અનુભવ ન થાય.

અનિત્ય ભાવનાથી ચિત્તને ભાવિત કરવું એટલે શું, એ સમજો છો ને ? આ, કે ચિત્ત પહેલાં જગતનાં સુખાળા સંયોગને કાયમી ટકનારા માની એના પર કડક-કઠિન-નિશ્ચિત રહેતું હતું,તે ચિત્ત હવે એ સંયોગોને નાશંવત સમજી-વિચારી નરમ-ઢીલું-કંપતુ બની જાય. ચિત્તને આઘાત લાગે કે 'હે ? તો શું આ બધા કાયા-કંચન-કુટુંબના સંયોગ એક'દિ અણધાર્યા ઊડી જવાના ? તો પછી મારું શું ? દિલ કંપવા લાગે, ભયભીત બને, આવું થાય ત્યારે મનાય કે ચિત્ત અનિત્ય-ભાવનાથી ભાવિત થવા લાગ્યું.

બોલો, અનિત્ય-ભાવના જાણ્યા સમજ્યા પછી આવો અનુભવ થાય છે ને ? થાય, જો ભાવનાથી ચિત્તને ભાવિત કરતા ચાલો, દિલને ધક્કો લગાડી દો, દિલને કંપતું-ધ્રુજતું કરી દો.

શાસ્ત્રકાર કહે છે,- 'શુભ ભાવના વિના શાંતસુધારસ નહિ અનુભવાય' એ ભાવના દિલથી થવી જોઈએ, અર્થાત્ ભાવનાથી દિલને ધક્કો લગાડી દેવો જોઈએ; દિલને કપંતુ કરવાનું; એટલે રાગાદિના ઉન્માદ-ઉકળાટને ધક્કો લાગે, એ શમવા માંડે; અને ત્યાં ચિત્તમાં પ્રશમ-ઉપશમ-શાંત ભાવનો અમૃતરસ વહેતો થાય.

ત્યારે, ભાવના દિલને કંપાવે એ મહત્વની વસ્તુ છે. દા.ત. એમને એમ 'જગતના સંયોગો અનિત્ય છે,' એવું વિચાર્યું એટલેથી કામ ન પતે; કેમકે એમાં તો મનગમતા સંયોગો પર એનું એ મમત્વ કર્યે જવાતું હોય અને સાથે 'હા ભાઈ!સંયોગો અનિત્ય છે' એમ કહ્યે જવાતું, વિચાર્યે જવાતું હોય એવું બને. ત્યાં આ વિચારનો શો અર્થ રહ્યો ? એ તો સંયોગોના મમત્વને ધક્કો લગાડે એવો સંયોગોની અનિત્યતાનો વિચાર આવ્યા કરે, એવી ભાવના થયા કરે તો ભાવના સફળ થઈ ગણાય. બસ, આ માટે કહ્યું કે ભાવનાથી દિલને કપંતુ કરો.

**દિલને ભાવનાથી કંપારો એટલા માટે થાય** કે આ ભાવના કરતી વખતે મનને થાય કે 'સંયોગો જો અનિત્ય છે, નાશંવત છે, તો હું એવા સંયોગો પર અરેરે ! મમત્વ કરું છું ? 'મારા પૈસા સારા પૈસા, મારી પત્ની, સારી રૂપાળી પત્ની; મારો પુત્ર સારો ઉપયોગી પુત્ર,...' આમ ઘેલછા કરું છું? ધિક્કાર છે મારી આ મમતાને! જોત જોતામાં ઊડી જનારા આ પૈસા-પત્ની-પુત્રના સંયોગ પર આ મમતા શી ? એ મમતામાં દેવ-ગુરુ-ધર્મ-સદ્ગુણ-સુકૃતોની કલ્યાણકારી મમતા કરવાનું ગુમાવાય છે. એથી મારું પરભવે શું થશે ? એ વિચાર પર દિલ કંપવા માંડે.

દરેક ભાવનાનું આ ફળ છે કે તે તે ભાવનાની વસ્તુથી દિલ ભાવિત થતાં એને અનુરૂપ આત્મામાં અસર ઊભી થાય.દા.ત. પહેલી ભાવનાનો વિષય જગતના

સંયોગોની અનિત્યતા લક્ષમાં ન લેતાં જીવ જે મમત્વ આદિ અને પાપાચરણ કરે છે, એના કટુ વિપાક વિચારી દિલ ધ્રુજે; તેમજ જીવને એ મમત્વાદિ કરવામાં ઘેલછા લાગે, શરમ લાગે, જાત પર ધિક્કાર છૂટે. આવું કાંક દિલમાં અનુભવાય તો ભાવના કરી તે દિલથી કરી ગણાય;દિલ એથી ભાવિત થયું મનાય. નહિતર ખાલી વિચારણા તો ઉપર ઉપરથી ચાલ્યા કરે, દિલને જરાય ઊની આંચ જ ન લાગે, એમાં શો અર્થ સર્યો? ભાવના દિલને કંપાવનારી બનવી જોઈએ;તો જ એથી દિલને ધક્કો લાગે, દિલના રાગાદિ વિકારોને ધક્કો લાગે, એ શમવા માંડે અને પ્રશમભાવ યાને શાંતતાના અમૃત રસનો અનુભવ થાય.

**શાંતરસ-શાંતભાવ એ અમૃત છે, રાગાદિ ઝેરથી નિશ્ચેતન બનેલા જીવને સજીવન કરે છે, અશુદ્ધ ચેતનાને શુદ્ધ બનાવે છે, શુદ્ધ ચૈતન્ય ધબકતું કરે છે.**

અનંતા કાળ વહી ગયા જીવને પોતાનું ભાન કેમ નથી થતું ? કારણ આ જ છે કે રાગાદિના ઝેરી કેફમાં જીવ નિશ્ચેતન જેવો થઈ ગયો છે, જાતને ઓળખવા દેનાર શુદ્ધ ચેતના છે, પરંતુ રાગાદિના ઝેર વ્યાપ્યા હોય ત્યાં એ શુદ્ધ ચેતના શાની જાગતી રહે ? ત્યારે શાંત રસ પ્રશમ-ઉપશમરસ એને જાગ્રત કરે છે પેલા ઝેરને દબાવે છે, માટે એ અમૃત છે. સુધા છે.

આ શાંતસુધારસમાં જ સાચું સુખ છે. શાસ્ત્રકાર અહીં કહે છે કે ‘શાંતસુધારસ વિના જીવને લેશ પણ સુખનો અનુભવ થતો નથી, કેમકે એ જગત સામે જોયા કરી મોહ અને ખેદના ઝેરથી વ્યાપ્ત રહે છે. વ્યાકુળ રહે છે.’ શું સમજ્યા ?

**શાંતસુધારસ વિના સુખનો લેશ પણ અનુભવ નહિ.**

માનેલાં સુખસાધન મળ્યા, પણ એથી સુખનો અનુભવ કયારે થયો ગણાય ? કે જો એમાં હવે દિલ નિશ્ચિત-નિર્ભય, સ્વસ્થ શાંત બન્યું રહે પરંતુ એ બને શાનું ? કેમકે અંતરમાં એ વસ્તુઓને મોહ મમતા- આકર્ષણ-આસક્તિ એટલી બધી છે કે જગતના ધોરણ મુજબ ઊભા થતાં એક યા બીજા પ્રકારના અનિષ્ટની-પ્રતિકૂળતાની -વાંધા-વચકાની કલ્પના આવીને ઊભી જ રહે છે. આમાં દિલ ચિંતાવાળુ બને છે ભય અનુભવે છે. ખિન્ન બને છે, ત્યાં નિશ્ચિન્તતા-સ્વસ્થતા શાની રહે ? આ મોહ-ચિંતા-ખેદ એ ઝેર છે, જગતના જીવનમાં એ વ્યાપેલા રહે છે,જીવ એથી તદ્દન નિશ્ચિન્ત નહિ, પણ વ્યાકુળ બન્યો રહે છે. એ સ્થિતિમાં લેશ પણ સુખનો અનુભવ શો ? ત્યારે પૂછો

**પ્ર.- અમને થોડા તો સુખનો અનુભવ થાય છે ને ?**

ઉ.- એ સુખાનુભવ સુખની એક ભ્રમણા છે ; સુખનો સાચો અનુભવ નહિ પણ આભાસમાત્ર છે. શરીરે સોજા ચડી ગયા હોય, લોહીનાં પાણી થવા બેઠા

હોય, અને ઘેલા જીવને જેમ એમાં પુષ્ટતાનો અનુભવ લાગે, 'મારું શરીર સારું લષ્ટપુષ્ટ લાલબુંદ તંદુરસ્ત થયું' એમ લાગ્યા કરે, એની જેમ મોહમૂઢતાને લીધે જગતના પદાર્થોમાં મનને સુખ લાગે છે.

તો શું એમાં સુખ નથી ?

ના, જો એ પદાર્થોમાં સુખનો સ્વભાવ હોય તો તો સ્વભાવ હંમેશનો એટલે સતત એનો અનુભવ થયા કરવો જોઈએ ને ? પણ થતો નથી, સંયોગ-કાળ-પરિસ્થિતિ- વિચારણા વગેરે બદલાતાં સુખના બદલે દુઃખ-અશાન્તિનો અનુભવ થાય છે.

તો પછી સુખ કયાંથી લાગે છે ?

સુખ મનની કલ્પનાથી લાગે છે, મનના રાગમાંથી ઊઠે છે. હાડકું કરડનાર કૂતરાંના દાંતમાંથી લોહી નીકળે છે, અને એ જ ચાટતું કૂતરું માને છે કે 'હાશ! આ હાડકામાંથી કેવું સરસ લોહી ચાટવા મળ્યું ?' પોતાના જ લોહીને હાડકામાં આરોપે છે, એમ જીવ પોતાની રાગભરી કલ્પનામાં સુખને બહારના પદાર્થમાં આરોપે છે. ખરેખર તો સુખ મનની વસ્તુ છે. એ સ્થિર સંગીન કયારે રહે ? જો કોઈ ભય-ચિંતા-શંકા-સંતાપ વગેરે મનમાં ન ઊઠે તો.

**પરંતુ એ સ્થિર સુખકલ્પના પ્રતિક્ષણ પરિવર્તન પામતા આ જગતમાં અને જીવના પરિવર્તનશીલ બોધ-કલ્પના-વિચારણામાં શક્ય કયાં છે ?**

**જગત**ને જે અનુકુળ ભાવ-પરિસ્થિતિ-પદાર્થ-સંયોગ વગેરેને લઈને સુખ માન્યું હતું, ક્ષણ પછી એમાંનું એક પણ પલટાતાં કોઈ ચિંતા-સંતાપ-ભય-શંકા ઊભી થાય છે. એમ જીવ જે વસ્તુજ્ઞાન પર જે કલ્પના પર, જે વિચારણા પર રાગવશ થઈ સુખ માનતો હતો એ ક્ષણવાર પછી બીજી વસ્તુ પર ધ્યાન જતાં, બીજો વિચાર આવતાં પડતી મૂકાય છે, અને આ નવાં ધ્યાન, નવી વિચારણા પર ભય-શંકા-સંતાપ ઊભા થાય છે. ત્યાં પૂર્વની રાગવશ અનુભવેલી સુખકલ્પના પડતી મૂકાઈ, મનને સુખાનુભવ હેઠો મૂકાયો મનમાં સુખને બદલે કાંઈક અસ્વસ્થતા આવી.

તાત્પર્ય, ઈંદ્રિયોના વિષયોમાં સુખ નથી; પણ રાગવશ સુખનો અનુભવ લાગે છે એ ભ્રમણા છે. ખરેખરો સુખનો અનુભવ કરવો હોય તો મનને રાગ મુક્ત કરી સ્વસ્થ બનાવવાથી થાય, અને એ રાગ મુક્તતા સ્વસ્થતા શાંતસુધારસથી અર્થાત્ શાંતભાવ-ઉપશમ-પ્રશમરૂપી અમૃતરસથી આવે. ત્યારે આ શાંતસુધારસ અનિત્યાદિ શુભ ભાવનાથી રાગ મૂઢતા તોડીને આવે. એ વિના તો લેશ પણ સુખ નહિ. યાદ રાખી લો.

**મોહ અને વિષાદરૂપી વિષથી વ્યાપ્ત આ જગતમાં સુખ હોઈ શકે નહિ.**

**સુખ વિષયના ઘરનું નહિ, રાગના ઘરનું :-**

'મોહ' એટલે મૂઢતા, રાગમૂઢતા; અને 'વિષાદ' એટલે ખેદ સંતાપ-ભય-શંકા વગેરે. જ્યાં સુધી જીવ રાગમૂઢ હોય ત્યાં સુધી એને વિષયમાં સુખનો અનુભવ લાગે, પણ એ આભાસમાત્ર છે. સુખ વિષયના ઘરનું નથી, પણ પોતાના વિષયરાગના ઘરનું છે. રાગના લીધે સુખ ભાસે, રાગ છે ત્યાં સુધી સુખાનુભવ લાગ્યા કરે; કિન્તુ જ્યાં સંયોગ-પરિસ્થિતિ વગેરેને લઈને કોઇ ચિંતા શંકા-ભય-સંતાપ વગેરે વિષાદનું તત્ત્વ ઊભું થયું એટલે એ વિષય પ્રત્યેનો કામચલાઉં રાગ ઊડ્યો; એ ઊડ્યો એટલે સુખનો અનુભવ ડૂલ, ખત્મ.

અનુભવાય છે ને કે જમણમાં જમતી વખતે, પહેલાં તો મિઠાઈ ખાતાં સુખ લાગ્યું, પણ પેટ ભરાઈ જતાં હવે એ દુઃખ રૂપ લાગે છે, ને ભાત સુખરૂપ લાગે છે. અરે! પેટ નથી પણ ભરાયું કિન્તુ કોઈ ખેદકારક સમાચાર આવ્યા, દા.ત છોકરાને પરદેશમાં ડબલ ન્યુમોનિયા લાગ્યાનો તાર આવ્યો તો એ વાંચતા-સાંભળતાં મિઠાઈનો આનંદ ઊડી જાય છે.

અથવા, માનો કે બજારમાંથી ઘેર જતાં કોઈને ત્યાં બાર વાગે સહજ મળવા ગયા, સામાએ જમવા બેસવાનો આગ્રહ કર્યો બેસાડ્યાને તરત શીરો બનાવી ગરમાગરમ પીરસાયો. એ શીરો ખાતાં સુખ લાગે છે. પણ જો ત્યાં અંદરમાં નજર ગઈ અને કોકને બાસુદી-પૂરી બરફી-પેંડા કે ગુલાબજાંબુ જમતો જોયો, તો આ શીરા પરનો રાગ ઊડી જઈ સુખ ખત્મ, એના બદલે હવે દુઃખ લાગે છે, મનને થાય છે કે 'હેં પેલાને ઊંચા પકવાન ? ને મને પેટિસ ?' ત્યારે કહો, સુખવસ્તુ કોની ? શીરાની ? કે બરફીની ? એકેયની નહિ.

**સુખ તો વસ્તુના લીધે નહિ, પણ રાગના લીધે આભાસમાત્ર; જ્યાં રાગ થયો ત્યાં સુખાનુભવ; રાગ ઊડતાં ત્યાં જ દુઃખાનુભવ.**

શીરા પર પહેલાં રાગનો ઊછાળો આવ્યો એટલે શીરાથી ખુશી થયા, પણ પછી રાગનો ઉછાળો બરફી-બાસુદી પર ગયો, એટલે એ જ શીરા પર નાખુશી થઈ. આવું જગતના બીજા વિષયો અંગે થાય છે.

લાખ રૂપિયા કમાયા, એમાં સુખ લાગ્યું; પણ જો હવે એનાજ લીધે ઘરમાં કલેશ ઊઠ્યો,ને ભાઈ જુઆરું માગે છે, દુકાનના ફાડચા માગે છે, તો એ જ લાખ રૂપિયા પર દુઃખનો અનુભવ થાય છે, અથવા માનો કે પોતે લાખ પણ પછી બીજો કોઈ પાંચ લાખ કમાયો દેખાય છે, તો ખાર-ઈર્ષ્યા ઊભી થાય છે, તો ય પેલો અનુભવ ડૂલ થઈ જાય છે. શું લાખ રૂપિયા ગયા ? ના, પાસે પડયા જ છે. છતાં સુખના બદલે દુઃખ કેમ લાગ્યુ ? કહો, એ સુખ લાખ રૂપિયાના ઘરનું હતું જ

નહિ. એ તો એની પર રાગનાં લીધે લાગતું હતું, તે હવે રાગ ઊડતાં વિષાદ થતાં સુખ ઊડયું.

સંસારની વસ્તુઓ સંસારના વિષયો રાગ-વિષાદથી ભરેલા છે, ઘડીમાં એના પર રાગ, મોહ, ને ઘડીમાં વિષાદ. એટલે ઘડીમાં સુખ, ને ઘડીમાં દુઃખ આવા મોહ-વિષાદથી વ્યાકુળ સંસારમાં ખરેખર સુખ છે કયાં ?

**ખરેખરું સુખ અ-રાગ અ-વિષાદ અવસ્થામાં છે; પરંતુ પેલા રાગ-વિષાદ એને યાને સાચા સુખની ચેતનાને નષ્ટ કરે છે, માટે રાગ-વિષાદએ ઝેર છે;**

**જીવને સમજુતી :-**

વિષયોમાં સુખનો ભ્રમ રાખ્યા કરી આવા ઝેરરૂપે મોહ અને વિષાદના ભોગ બન્યા કરવું હોય, ત્યાં કાયમી સુખ કયાંથી અનુભવાય ? એ તો ભ્રમ બાજુએ મૂકી પોતાના જીવને સમજાવાય કે 'મૂર્ખ ! દુનિયાના પૈસા-પ્રતિષ્ઠા-પરિવાર-ખાનપાનમાં સુખ શાનો માની રહ્યો છે ? એના પર રાગમૂઢ છે ત્યાં સુધી સુખ લાગે છે. પણ એ સુખ સુખ જ નથી. માટે આ રાગને વિષાદ પડતા મૂક. માન કે પૈસા વગેરે વિષયો પર રાગ ને વિષાદ કરવા જેવા નથી; કેમકે એથી જ રાગ પછી વિષાદમાં તણાયો સુખના વિજળી ઝબૂકા અને દુઃખની લાંબી અંધારી રાત અનુભવે છે. તેમ બીજુ એ પણ કે રાગમૂઢ બની એની ખાતર રકમબંધ હિંસા-આરંભ સમાંરભાદિ પાપો અને અઢળક ક્રોધ-લોભાદિ કષાયો કરે છે. એથી જ આ વિરાટ વિશ્વમાં અનંતાનંત કાળથી ભટક્યા કરે છે. માટે શાંત થા, સ્વસ્થ થા, ઠર, ને રાગ-વિષાદના ઉકળાટ બંધ કર તો સાચા અનહદ આંતરિક આનંદનો અનુભવ થશે.'

**'શાંતસુધારસ'-ભાવનાઓથી સમતાવેલ :-**

શાસ્ત્રકાર આ જ વસ્તુ કહી રહ્યા છે કે 'શાંત-સુધારસ અનુભવ્યા વિના જગતમાં લેશ પણ સાચા નિર્દોષ સુખનો અનુભવ નહિ થાય . રાગ-મોહ-વિષાદના વિષથી વ્યાપ્ત જગતમાં સુખ શાનું ?' આગળ કહે છે,- **'યદિ ભવભ્રમ... સુમનસો....**

"જો ચિત્તને ભવભ્રમણનો ખેદ થાક લાગ્યો હોય, ને એથી હવે પરાङ્મુખ બન્યું હોય, તેમ સાચા અનંત સુખની સન્મુખ થઈ એની ભારે લગની લાગી હોય; તો ભાવનાથી રસવાળા મારા આ 'શાંતસુધારસ' નામના શાસ્ત્રને સાંભળ.

"હે બુદ્ધિમાન લોકો !સાંભળવાથી પણ પાવન કરે એવી આ દશ ઉપર બે અર્થાત્ બાર ભાવનાને ચિત્તમાં સ્થાપિત કરો, રમતી કરી દો; જેથી આ જગતના પરિભ્રમણમાં ઢંકાઈ ગયેલી અને અદ્ભુત વિકાસ ગતિવાળી સમતારૂપી લતા ચિત્તમાં ઊગવા માંડે, પ્રગટ થવા માંડે."

**ભવની વિટંબણાઓ :-**

શું કહ્યું ? ચિત્તને ભવભ્રમણનો થાક લાગ્યો હોય..થાક લાગ્યો છે ? મનને એમ થાય છે ખરું કે, 'વારંવાર આ જનમવું ને મરવું શું ? જન્મીને જીવતાં ય કાયા કોટડીમાં કેદ પૂરાયા રહેવું, એ કોટડીની એને ખવરાવો-પીવરાવો, મૂત્રીખાને-સંડાસખાને લઈ જાઓ,દોડાવો-સુવડાવો, એનો ઠઠારો-મઠારો કરો, રોગિષ્ઠ થયે દવાદારૂ કરાવો...' વગેરે વેઠ કર્યા કરવી, એમાં ય અપજશ-અપમાન દુર્ભાવ-તિરસ્કાર વગેરેની નાલેશીય, ભોગવ્યા કરવી, દેવ-મનુષ્ય જેવી ગતિમાંથી તિર્યંચ-નરકગતિ જેવામાં પટકાવું...,આ બધી વિટંબણા કયાં સુધી ? હું હવે થાક્યો આનાથી.' આમ મનને ભવમાં કર્મવશ નિરાધાર બેહાલ રીત ભટક્યા કરવાનો ખેદ લાગે છે ? ખેદ લાગે તો એથી ચિત્ત ઊભગી જાય, ભવભ્રમણથી પરાઙ્મુખ બની જાય, અને અનંત સુખના ધામભૂત મોક્ષની સન્મુખ થાય.

**પણ જો ભવની-સંસારની વિટંબણાઓ નફ્ફટ નિષ્ઠુર-લાલચુડા મનને વિટંબણારૂપ જ ન લાગે, તો સંસારમાં ભટક્યા કરવાનો થાક શાનો લાગે ?**

**સાંભળીને મનને શું થાય ?**

શું મનને આ સાંભળતા-સમજતાં એમ નથી થતું કે અરે ! 'હું આવો નઠોર અને વિષયોનો લાલચુડો કયાં સુધી બન્યો રહીશ ? ક્યારે આ પૈસાટકા-પરિવાર વગેરેને વિટંબણારૂપ માનીશ ? એ બધા મારી ઓછી વિટંબણા કરે છે ? હું અસલ વીતરાગ સ્વભાવવાળો, મને આ જમાત રાગમૂઢ-વિષાદમૂઢ કરે છે ને મારી પાસે અઢળક કાળાં કામ, અઢળક પાપકાર્યવાહી ને અઢળક પાપબુદ્ધિ કરાવે છે ; મારી પૂર્વ ની કમાયેલી પુણ્યાઈને વટાવરાવી-વટાવરાવી ખત્મ કર્યે જાય છે. મને રાગાંધ કરી આ બંધનોથી મુક્ત કરનારા તારક પરમાત્મા સદ્ગુરુ અને ધર્મને જ સેવવાની અહીં મળેલી અનુપમ તકને નાબૂદ-બરબાદ કરે છે. તક ગયા પછી બીજા ભવોમાં ભટકતાં મારો શે ઉદ્ધાર ? માટે છોડ જીવ! છોડ આ રાગમૂઢતાની મૂળ ખરાબીને ! અહીં સાંભળતાં ય જો મનને આ ન થાય, તો પછી કયાં થવાનું ?

**અસંમત નાસ્તિકની દુર્બુદ્ધિ :-**

પેલો અસંમત નાસ્તિક પોતાની પ્રતિષ્ઠાના રાગમાં અંધ બનેલો, જ્યાં મહાત્માના તપના પ્રભાવે પૂર અટકવાથી લોકમાં મહાત્માની પ્રતિષ્ઠા વધતી જોઈ, ત્યાં એ વિફર્યો અને મહાત્માને જીવતા સળગાવી દેવાની અધમાધમ બુદ્ધિ સુધી ચડયો. જઈને રાતના મહાત્માની આસપાસ લાકડાં ગોઠવી સળગાવ્યાં, ને ઘેર જઈ નિરાંતે સૂતો.

પરંતુ જગતમાં અનાડીઓનું જ રાજ્ય થોડું જ ચાલે છે ? ન્યાયીઓના પણ

પ્રભાવ જાગતા હોય છે. મહાત્માના તપના પ્રભાવે આકર્ષિત ક્ષેત્રદેવતાએ લાકડાં સળગી જવા દીધા ને મહાત્માને ઊની આંચ પણ ન લાગવા દીધી. સવારે આવીને અસમંત નાસ્તિક મહાત્માની રાખ થયેલી જોવાને બદલે એમને અંખડ જીવતા-જાગતા જુએ છે. જોઈ ચકિત થઈ જાય છે એ નાસ્તિકતા પર મનને એમ થાય છે કે,-

**નાસ્તિકનો પશ્ચાત્તાપ :-**

'અહો ! આ મહાત્મા જીવંત ? ધર્મનો આ પ્રભાવ છે ? અહીં પ્રત્યક્ષમાં કાંઈ તત્ત્વ એવું દેખાતું નથી કે જે આમને બચાવી શકે ? ત્યારે જરૂર એમને એમના ધર્મે જ બચાવ્યા. તો આવા ચમત્કારિક અને જીવને મહાન રક્ષા આપનારા ધર્મનો મેં વિરોધ કર્યો ? ધિક્કાર છે મારી મિથ્યા મતિને કે એમાં તણાઈ મેં આત્મા-પરમાત્મા-ધર્મ-પુણ્ય-પાપ વગેરેનો અપલાપ કર્યો ? પ્રભુ ! પ્રભુ ! મારું શું થશે ? કેઈ ધર્માત્માના વિરોધ અને કેટલાય ભદ્રક જીવોને નાસ્તિકતામાં ચડાવી દેવાનું કરનારા મારી કેટલી બધી દુષ્ટતા ? હું પૂર્વ જીવનના કયા પાપે આ સ્થિતિ પામ્યો હોઈશ ?...'

**નાસ્તિકને ભૂલના પસ્તાવા પર કેવળજ્ઞાન :-**

બસ, નાસ્તિક અસમંતને ઊહાપોહ જાગ્યો, ત્યાં અહીંની કોઈક તેવી ભૂલ અને ઘટના પર મન કેન્દ્રિત થયું જેની સમાનતા પૂર્વભવમાં હશે, અને એથી પૂર્વભવનું સ્મરણ થઈ આવ્યું, પૂર્વ જીવનમાં કરેલી ભૂલનો પારાવાર પશ્ચાત્તાપ થયો, દુષ્કૃતગર્હાનો પ્રબળ દાવાનળ સળગી ઊઠ્યો, એમાં શુભ ભાવના વધતાં વધતાં સમ્યકત્વના ભાવ, સર્વપાપવિરતિના ભાવ ,અપ્રમત્તતાના, અને...યાવત્ અનાસક્તિના ભાવ જાગી પડયા. પોતાની કાયા વગેરે સમસ્ત બાહ્ય ભાવ તરફની આસક્તિ હટી ગઈ, યાવત્ આત્માના અસ્થિર ભાવ ઉપરથી પણ આસક્તિ હટી ગઈ, શુદ્ધ અનાસક્ત યોગ લાધ્યો, આત્માના શુદ્ધ જ્ઞાનાદિસ્વરૂપમાં લીનતા અને સ્થિરતા આવી, અને એમાં સમસ્ત મોહનીય કર્મો બળીને ખાખ થઈ ગયા એ વીતરાગ બન્યા; ને પછી તો વીતરાગતાના બળ પર જ્ઞાનાવરણીય આદિ ઘાતી કર્મો પણ નષ્ટ થઈ ગયા, અને એમને કેવળજ્ઞાન પ્રગટ થયું. ભૂલના ભારે પસ્તાવામાં નાસ્તિક પણ કેટલે ચડયા ?

**દેવતાનું આગમન :-**

જુઓ, હજી પેલા લલિતાંગ મહર્ષિ છદ્મસ્થતાની અવીતરાગતાની ધરતી પર ઊભા છે, અને એક વખતના પક્કા નાસ્તિક એવા આ અસમંત નાસ્તિક વીતરાગતા અને સર્વજ્ઞતાના આસમાનમાં ઊડતા-વિહરતા થઈ ગયા ! કેવળજ્ઞાનના પ્રભાવે દેવતા નીચે ઊતર્યા, કેવળજ્ઞાનીને મુનિવેષ આપી વંદના કરે છે. ઝુમઝુમ-ઝુમ ઝુમ, ઝનનન-ઝનનનના દિવ્ય વાંજિંત્રનાદ ચાલે છે, કેવળજ્ઞાનીને સુર્વણકમળ પર

બિરાજમાન કરવા સાથે બે બાજુ ચામર વીંજતા એમનો જયજયકાર પોકારે છે ! નગરનું લોક સાંભળીને દોડી આવે છે. દેવતાઓની વિનતિથી કેવળજ્ઞાની અસમંત મહર્ષિ ધર્મની દેશના આપે છે. ત્યાં પેલા લલિતાગ મહાત્મા પણ કેવળજ્ઞાનીને વંદના કરીને પોતાને કેવળજ્ઞાન ક્યારે થશે એ પૂછે છે.

કેવા યોગ ! મહાત્માના તપના પ્રભાવે નાસ્તિક આસ્તિક થાય. યાવત્ કેવળજ્ઞાન પામે અને હવે એમના જ પ્રભાવે મહાત્મા આગળ વધે ! જગતમાં ક્યાં નિયમ છે કે અમુક પમાડનાર જ ને અમુક પામનાર જ ? સ્યાદ્વાદ છે, અહીં પામનાર પમાડનાર બને છે, ને પમાડનાર પામનાર બને છે. એમ શાથી ? કહો,

**જેની ભાવનામાં વિશેષતા, તે આગળ વધી જાય.**

શુભ ભાવનાને વિશેષરૂપે ચકાવતા આવડવું જોઈએ. અસમંત નાસ્તિકે ભાવનાને મહાત્મા કરતાં વિશેષ ચકાવી; તો એથી સામ્યભાવનો અમૃતરસ શાંતસુધારસ ઊભરાઈ ઊઠ્યો એટલો બધો ઊભરાયો કે શાંતસુધારસ ઠેઠ વીતરાગભાવ સુધી પહોંચી ગયો. શુભ ભાવના તો મહાત્મામાં હતી, પરંતુ એવી વિશેષતાવાળી નહોતી કે જે હમણાં વીતરાગભાવે પહોંચાડે.

'શાંતસુધારસ' શાસ્ત્ર ભાવનાઓના વર્ણનનો મહાન ગ્રંથ છે ; એના આધાર આપણે ભાવનાઓને આપણા જીવનમાં મહેકાવી શકીએ. શાસ્ત્રકાર કહે છે. 'જો બુદ્ધિ હોય તો બાર ભાવનાઓ મનઘરમાં સમતાવેલ પ્રગટ થાય. અને અદ્ભૂત ઝડપે વિકસતી ચાલે અસમંત નાસ્તિકે એ કર્યું, ને એ સમતાવેલ વીતરાગભાવે પહોંચી ગઈ.

**મોહ-અજ્ઞાન અને વિષયમૂઢતા તથા રાગાદિ-કષાય-મૂઢતા એ સમતાવેલને ઢાંકી રાખે છે.**

સમતા એટલે સમત્વભાવ, સમાનતાની બુદ્ધિ; શામા સમાનતા ? ઈંદ્રિયોના ઈષ્ટ મનોહર વિષયો અને અનિષ્ટ-અપ્રિય વિષયોમાં સમાનતા, ધનના ઢગલા અને દરિદ્રતામાં, દુન્યવી સુખ અને દુઃખમાં, મિત્ર અને શત્રુમાં, માન-સન્માન અને અપમાનમાં, આ બધે સમાનતાની બુદ્ધિ, સમત્વભાવ એ સમતા. એટલે ? ઈષ્ટ મનોહર-મનગમતા વિષયો સારા નહિ ને અનિષ્ટ-અપ્રિય વિષયો ખરાબ નહિ. ધનના ઢગલા સારા નહિ, ને દરિદ્રતા-ગરીબાઈ ખરાબ નહિ. દુન્યવી સુખ સારું નહિ, ને દુઃખ ખરાબ નહિ; આપણને અનુકુળ બધું કરી દેનારા મિત્ર-સ્નેહી-સગા સારા નહિ, ને આપણને પ્રતિકૂળ કરનારા દુશ્મન ખરાબ નહિ. દુનિયાના મળતાં માન સારા નહિ, ને અપમાન-અનાદર મળે તે ખરાબ નહિ, એવી મનની સ્વસ્થતા.

**સારા-નરસા વિષયમાં મન સ્વસ્થ કેવી રીતે રહે ?**

મનને આમાં કશું સારું-ખરાબ ન લાગે, બધું સમાન લાગે એ સમતા સમત્વભાવ. કેમ સારું-નરસું ન લાગે ? એટલા જ માટે કે એ સારા ગણાતા પદાર્થ આપણા આત્માનું કશું લીલું વાળતા નથી, ને નરસા એ આપણા આત્માનું કશું બગાડતા નથી. સુંદર રૂપ જોવા મળ્યાથી ને મીઠા રસ ખાવા મળ્યાથી આત્માનો શો ભલીવાર વળે છે ? કશો નહિ; એમાં પૂર્વનું પુણ્ય તો ખપી જ જાય છે, ને ભોગ-આસક્તિના નવાં પાપ ઊભાં થાય છે. તો નરસા રૂપ-રસ જોવા ખાવા મળે એમાં આત્માનું શું બગડી જાય છે ? ઊલટું એમાં જો ખરાબમા મન બગાડીએ, એના પર દ્વેષ-અરુચિ કરીએ, તો જોવા -ખાવાનું તો એનું એ જ મામુલી રહે છે, પણ પાપનાં પોટલાં મોટા બંધાઈ જાય ! માટે નરસું ખરાબ નહિ ;ને સુંદર સારું નહિ.

એમ ધનના ઢગલાથી મનમાં મદનો આફરો ચડે છે, મમતા ગાઢ બને છે, આંરભ-સમાંરભ,મોજશોખ વિલાસ વગેરે વધે છે; દેવગુરુધર્મસેવા ઓછી થાય છે,...એમાં જીવનું શું ભલું ? તો દરિદ્રતામાં ભગવાન વધુ યાદ આવે છે, દિલની ભક્તિ વધે છે અભિમાનનો પારો ન ચડતાં નમ્રતા-મૃદુતા રહે છે, પાપપ્રવૃતિ ઓછી થાય છે,...આમાં ખરાબ શું માનવું ? અને ધનનાં ઢગલામાં સારું શું માનવું ?

ત્યારે ઈંદ્રિયોના સારા વિષયો રૂપ-રસ વગેરેમાંય શું છે ?

**વિષયો અનંત શક્તિના માલિક જીવને નચાવે છે, ધર્મ માટે, વ્રતનિયમાદિ માટે ઢીલા બનાવે છે.**

મજેના ઘી દૂધ મળે છે માટે જ વિગઈત્યાગ-રસત્યાગ નથી થતા ને ? કેરી કેળાં વગેરે ફળ મળે છે માટે જ પાંચતિથિય લીલોતરી સદંતર ત્યાગ નથી કરાતી ને ? પત્ની હાજર છે તેથી જ બ્રહ્મચર્ય મોંઘુ ને ? રૂપાળી પત્ની-પુત્રાદિ ઈંદ્રિયમોજના સાધન મળ્યાં તેથી જ દહેરે-ઉપાશ્રયે જીવ ઠરતો નથી ને ? તેમ એથી જ સામાયિક પ્રતિક્રમણ સૂકાઈ ગયા ને ? મનગમતા વિષયોએ જીવનું શું ભલું કર્યું ? પુણ્ય બધું ખાઈ જઈને જીવને રસ નીકળી ગયેલા શેરડીના કૂચા જેવો જ કર્યો ને ?તો નરસા વિષયો મળ્યા એણે જીવનું શું બગાડ્યું ? ઊલટું, એ તો કાંઈકે ધર્મસાધના કરવા દે છે. એમ મીઠાબોલા સ્નેહી કે સારા સન્માન મળીને ય શું છે ? આત્માને ભૂલી બાહ્યમાં જ રમવાનું કે બીજું કાંઈ ?તો નરસા મળ્યામાં તો કાંઈ કે ય આત્મા, પુણ્ય-પાપ, પરલોક વગેરે યાદ આવે છે; ધર્મ તરફ ચિત્ત જાય છે; પછી ત્યાં બહુ ખરાબ શું ?

વાત આ છે કે દુન્યવી સારી-નરસી વસ્તુ પર રાગ-દ્વેષ-રુચિ-અરુચિ ન કરતાં મધ્યસ્થ-ઉદાસીનભાવે રહેવા જેવું છે. ઉપાધ્યાયજી કહે છે,

**'દેખીએ માર્ગ શિવનગરનો, જે ઉદાસીન પરિણામ રે,**

**તેહ અણછોડતાં ચાલીએ, પામીએ જિમ પરમધામ રે...**

દુન્યવી સારી નરસી વસ્તુ પ્રત્યે સમત્વભાવ સમાનભાવ રાખવા જેવો છે. સારું એ સારું નથી, નરસું એ નરસું નથી.

(૧) બેઉ નાશવંત છે;

(૨) બેઉ પરિવર્તનશીલ છે;

(૩) બેઉ જીવના રાગાદિ રોગો વધારનારા છે;

(૪) બંને ય આત્માથી પર છે, બાહ્ય છે, અનુપકારી છે... વગેરે વગેરે દૃષ્ટિએ સમાન છે. આમ સમત્વભાવ સમતાવેલ વિકસાવવાની પણ એ ક્યારે બને? ઉપર જામી પડેલ મોહ-અજ્ઞાન મૂઢતાને હટાવાય તો. એ હટાવવા માટે બાર ભાવના જરૂરી છે.

ઉપા૦ શ્રી વિનયવિજયજી મહારાજ કહે છે, 'હે પ્રાજ્ઞ જનો ! આ શાંતસુધારસ શાસ્ત્રમાં વર્ણવેલી બાર ભાવનાને ભાવતા રહો, એનાથી મનને ભાવિત કરો, તો મોહ હટી જઈને સમતાવેલ પ્રગટ થશે, વિકસવા માંડશે. આ થાય તો શમ-પ્રશમ-શાંતભાવનો સુધારસ ચાખવા મળે.

શાસ્ત્રકાર આગળ કહે છે, **'આર્તરૌદ્ર...'**-'આર્તધ્યાન-રૌદ્રધ્યાનની આગ સળગતી રહેતી હોય એવા મનમાંથી વિવેક અને સ્વસ્થતા તો બળીને ખાંખ થઈ જાય ત્યાં શમનો અંકુર કયાંથી પ્રગટે ?' આર્તધ્યાન એટલે ગમતા-અણગમતા વિષયો અંગે મનના બળાપા ચિંતાભર્યું ધ્યાન. એ ચાલ્યા કરંતુ હોય એટલે ચિત્તમાં સ્વસ્થતા-વિવેક-શાંતભાવનો અંશ પણ ન સ્ફુરે.

**જીવ જડનું મહત્વ આંકે છે માટે જ આવા આર્તધ્યાનમાં પડે છે, ને અહીં સુખે સિદ્ધ કરી શકાય એવા પ્રશમસુખને ગુમાવે છે.**

**કનકરથ માટે માંગુ :-**

જોજો એવો નિયમ નથી કે સંસારમાં બેઠા એટલે જડની કિંમત તો લાગે જ ને ? એની પાછળ એવાં આર્તધ્યાન થાય જ ને ? ના, વિવેક હોય તો ન થાય. જુઓ મહાસતી ઋષિદત્તાનાં જીવનમાં શું બને છે. પેલો રથમર્દન નગરનો રાજપુત્ર કનકરથ ધર્મકળામાં વિશેષ હોશિયાર છે. બીજી બીજ કૌબેરી નગરીમાં સુંદરપાણિ નામના રાજાને વાસુલા નામની રાણી છે. ઈંદ્રાણી જેવી એ રાણીથી રૂપાળી રુકમણી નામે પુત્રી ઉત્પન્ન થઈ છે. એ વિદ્યાકળામાં કુશળ છે. યૌવનમાં આવતાં રાજા એના માટે વરની ચિંતામાં વૃદ્ધ મંત્રીને પૂછે છે કે 'આ કન્યાને કયાં દેવી ?'

મંત્રી કહે છે, 'મહારાજા ! રથમર્દન નગરના રાજા હેમરથનો પુત્ર કનકરથ આપણી દીકરી માટે બહુ યોગ્ય વર છે. તો એની સાથે કન્યાને વરાવો.'

મંત્રીઓ રાજાની આંખ કહેવાય. મંત્રીએ જોયું તે રાજાએ જોયું. મંત્રીના જોયા પર વિશ્વાસ; તે રાજાએ તરત હેમરથ રાજા પાસે દૂત મોકલ્યો. જઈને રાજાની આગળ રુકમણીનાં રૂપ-ગુણના એવા વર્ણન કર્યાં કે રાજાને મનમાં એના પ્રત્યે આકર્ષણ ઊભું થઈ ગયું. અને દૂતે પછી કહ્યું કે 'અમારા રાજા આ કન્યાને આપના ગુણિયલ પુત્ર કનકરથને વેરે આપવા ઈચ્છે છે, માટે કુમારસાહેબને અમારે ત્યાં મોકલો.'

ત્યારે હેમરથ રાજાએ એ સ્વીકરી લીધું, અને પોતાના પુત્ર કનકરથને કહે છે,'જુઓ તમે આ કન્યાને પરણવા માટે કૌબેરી નગરી પહોંચી જાઓ'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૧,અંક-૪,તા.૩૦-૯-૧૯૭૨**

**જેનું મહત્વ આંધળિયા ય કરાવે :-**

કુમાર કનકરથને કાંઈ એટલી બધી તાલાવેલી નથી કેમકે એને મન જડનું એવું મહત્વ નથી કે એમાં આંધળિયા કરવાનું મન થાય. એ જુએ છે કે 'આ કન્યા અંગે તો સામેનો દૂત કહે છે એટલા માત્ર પર વિશ્વાસ કેમ ધરાય ? બાપને પોતાની કન્યા સારા ઠેકાણે વરાવવી હોય એટલે એ તો એનું સારું જ ગાય. બાકી કન્યાનું સાચું સ્વરૂપ તો આપણાં વળ દ્વારા આજુબાજુથી તપાસ કરાવીએ તો જ ખબર પડે. તો એ રીતે કન્યાના ગુણલાયકી જાણ્યા વિના એકલા વિષયરાગમાં અંધ બની રૂપમાં આકર્ષાઈ સંબંધ બાંધવામાં શો લાભ ? કદાચ આત્માને જીવનભરનાં સંતાપ-અસમાધિ ઊભા થાય તો ?'

કુમારનું મન દ્વિધામાં પડ્યું. એક બાજુ પિતાની આજ્ઞા છે, તો બીજી બાજુ આંધળિયાં કરી ગમે તેવી કન્યા સાથે જીવનભરના સંબંધ બાંધવામા જોખમ દેખાય છે. આ જોખમનો વિચાર જડ કરતાં આત્માનું વધારે મહત્વ આંકવા પર આવે છે. મનને જો એકલા જડવિષય સુખનું જ મહત્વ હોય, તો તો મનને એમ થાય કે, 'લાવોને રૂપાળી રાજ કન્યા આપણે માગવા ગયા વિના આપણને ઘેરબેઠે લાવી ધરાય છે ને ? તો વધાવી લો.'

**કુપાત્ર ખોટાં; ને પાત્ર પણ લંપટે ય ખોટાં :-**

પરંતુ ના મનને મહત્વ આત્માનું વધારે લાગે છે, તેથી મન આ વિચારે છે કે, 'વિષયલંપટતાના આંધળિયામાં જો કપાતર (કુપાત્ર) સાથે જીવન-સંબંધ બંધાઈ ગયા,તો આત્માને રોજના સંતાપ, રોજનાં આર્તધ્યાન, રોજની અસમાધિ અને સારા સહયોગથી આત્મહિત સાધવામાં જે અનુકુળતા રહે તે લૂટાંઈ જાય. એમ

ભલે ને એવું કુપાતર નહિ, પણ સેવાકારી પાત્ર મળ્યું, કિન્તુ જો એ માત્ર વિષયસુખની જ લંપટ છે, તો ય એના રૂપરંગ અને હાવભાવમાં ખેંચાઈ ગયેલા જીવને એકલા વિષયોન્માદ મળે; ત્યારે પહેલેથી જો આત્માનું મહત્વ આંકવાનું રાખ્યું હોય તો એવા પાત્રનીય સાથે સંબંધ ન જોડાય અને ઉન્માદના અનર્થથી બચી જવાય.'

રાજકુમાર કનકરથ આમ વિમાસણમાં છે કે, 'સામા પાત્રને પરખ્યા વિના, એના ગુણદોષ જાણ્યા વિના એમ જ એની સાથે જીવન-સંબંધ શી રીતે બંધાય ?' ધર્મકળાકુશળ છે ને કુમાર? એથી એને મન આત્માનું વિશેષ મહત્વ છે, એટલે આ વિમાસણમાં પડે છે, પોતાની હૃદયવ્યથા એ પિતાને જણાવે છે.

**પિતાનું સમાધાન :-**

ત્યારે પિતા કહે છે, 'એવી શંકાકુશંકા કર નહિ.સારા ઘરની એ છોકરી છે, માટે ખાનદાન હોય, એમ તો દુનિયામાં રાજકુમારો ઘણાં છે, પરંતુ એના પિતાને કોઈ સારા રાજકુમારને શોધી કાઢવાની ચિંતા થઈ, એ સૂચવે છે કે પોતાની પુત્રી એવી વિશિષ્ટ લાયકાતવાળી હોય ત્યારે જ એવા વિશિષ્ટ કુમારને શોધવા તરફ દૃષ્ટિ જાય. બાકી જેવી તેવી ને તો ગમે ત્યાં રૂપાળા અને શ્રીમંતને વેરે નાખી મન પરથી ભાર ઉતારી નખાય; એને માટે વળી ખાસ ગુણિયલની ખોડ શી કરવાનું બને ? માટે તું શંકા ન રાખ, જા, અને એને પરણી લે.'

**દાક્ષિણ્યથી કુમાર ઊપડે છે :-**

પિતાના બોલ પર કનકરથના મનને સંતોષ નથી, કિન્તુ દાક્ષિણ્ય ગુણના લીધે વિચારે છે કે 'પિતાજીની સામે દલીલબાજીમાં ઉતરવું ઠીક નથી, તેથી કર્મ અને ભવિતવ્યતા મુજબ થવાનું થવા દે.' બસ, એમ વિચારીને પિતાએ આપેલા લ્હાવ-લશ્કર સાથે એ ઊપડ્યો કૌબેરી નગર પ્રત્યે. હવે મનમાં બહુ ચિન્તા રાખી નથી. ને આગળ આગળ પ્રયાણ કર્યે જાય છે, ત્યારે પૂછો,

**પ્ર.**- જો મનમાં વસવસો હોય કે કોણ જાણે કન્યા કેવીક ગુણદોષવાળી હશે, તો શું મન નિશ્ચિન્ત રહી શકે ? ચિન્તા ન થાય ?

ઉ.- પણ અહીં સમજવા જેવું છે કે

**મનને આત્માનું મહત્વ લાગ્યા પછી એ યોગ્ય પુરૂષાર્થ બાદ બનતી બહારની ઘટનાઓને આત્માનાં કર્મ અને ભવિતવ્યતાના અવશ્યંભાવી બનાવ તરીકે લેખે છે. પછી અવશ્યંભાવીમાં ચિંતા શા સારું કરે ?**

**આત્માને મુખ્ય માન્યો એટલે તો એનાં પૂર્વોપાર્જિત કર્મ અને એના પર કામ કરતી નિયત ભવિતવ્યતાને પણ માનવી જ પડે.**

સંસારી જીવ સાથે એ કર્મ અને ભવિતવ્યતા તો અનાદિ કાળથી સંકળાયેલા તત્ત્વ છે. એટલે આત્માને મહત્ત્વ આપ્યા પછી એને કેમ અવગણાય ? કેમ ધ્યાન બહાર રખાય ? આત્માને માનવો છે, ને એની સાથે ગાઢ સંકળાયેલ કર્મ નથી માનવા ? ભવિતવ્યતા નથી માનવી ? એને અવગણો એ જાણે કશું છે જ નહિ એમ માનો. તો પછી આત્માને કેવો માન્યો ? શું સદાનો શુદ્ધ ? એવું જો હોય ને તો તો આત્મા પર બનતી વિચિત્ર ઘટનાઓ અવાસ્તવિક ઠરે. સદાશુદ્ધને વળી વિચિત્ર ઘટનાઓના ભોગ શું કામ બનવાનું હોય ? કારણ વિના કાર્ય બને નહિ.

**નિશ્ચયવાદી કયાં ભૂલે છે ? :-**

માટે ભૂલા પડતાં નહિ; આજના કપોલકલ્પિત નિશ્ચિયનયને માનનારા કે કોરી ભવિતવ્યતાની ઘટનાઓ માનનારાના પલ્લે પડતા નહિ. કર્મવશ એ નાચતા તો હોય જ છે, કર્મના ભોગ બનતાને અનિચ્છાએ આપત્તિગ્રસ્ત એ બનતા તો હોય જ છે, છતાં એની પાછળ આત્માનાં વિચિત્ર કર્મનું એ કાર્ય નથી માનવું; કહેવાતાં નિશ્ચિયવાદીની આ કેવી અજ્ઞાન મૂઢ દશા ?

**કર્મનો આત્મા પર કશો પ્રભાવ જ ન હોય તો,**

જીવ અત્યારે સંસારી શાને ?

ચાર ગતિઓમાં ભટકતો શાને ?

કાયાની કેદમાં પૂરાવાનું શા માટે ?

અનેક પ્રકારનાં શાતા-અશાતા, યશ-અપયશ, માન-અપમાન વગેરે ફળ ભોગવવાનું કેમ ?

અગર કર્મની પરાધીનતા નથી, તો આ બધું આત્માને શા સારું વેઠવાનું અનુભવવાનું હોય ?

કર્મનો પ્રભાવ નથી તો કેમ ધાર્યું ઘણું સફળ નથી થતું, ને અણધાર્યું અણઈચ્છયું કેમ આવી પડે છે ?

આ સ્થિતિમાં માનવું જ પડે કે એકલા શુદ્ધ આત્માથી આ બધી વિચિત્ર ઘટનાઓ બને નહિ; એ તો જેમ આત્માને માનીએ એમ આત્મા પરના કર્મબંધન પણ માનવા જ પડે. આત્માની સાચી માન્યતામાં કર્મની માન્યતા આવી જ જાય, રાખવી જ પડે. તો જ ખરેખર આત્મતત્ત્વ સમજપૂર્વક માન્યું ગણાય. આવી રીતે આત્માને ખાસ મહત્ત્વ અપાય ત્યારે કર્મનું મહત્ત્વ કર્મનો પ્રભાવ એની અંતર્ગત રહે જ. પછી બાહ્ય જડ પદાર્થો અને જડ સંયોગોને એવું મહત્ત્વ ન અપાયાથી તેવી તેવી પરિસ્થિતિમાં જડ વસ્તુને દોષ ન દેતા, આત્માના કર્મને કે ભવિતવ્યતાને દોષ દેવાય.

**આત્માને મહત્ત્વ આપ્યા પછી આપત્તિમાં મનને શાંતિ રખાય કે જેવા કર્મના ઉદય હોય તે જ પ્રમાણે બને, એમ જેવી ભવિતવ્યતા હોય તેવી જ પરિસ્થિતિ બની આવે.**

રાજપુત્ર કનકરથ પિતાના આગ્રહ પર દાક્ષિણ્યવશ આ જ વિચારે છે કે 'જ્યારે એમનો આ આગ્રહ જ છે, તો ભલે રાજકુમારી રુક્મિણીના ગુણદોષ બીજી રીતે જાણવા નથી મળ્યા. પણ કર્મ અને ભવિતવ્યતા હશે તેમ બનવાનું છે ; માટે હવે મારે ખેંચપકડ કરવાની જરૂર નથી. આગળ જે બનવાનું હશે તે બનશે, હાલ તો મારે પિતાજીની ઈચ્છા પ્રમાણે એને પરણવા જવાનું; પિતાજીને નારાજ નહિ કરવાના, બહારની વાતમાં મુખ્યપણે તો કર્મ જ કામ કરતા હોય છે ;પુરૂષાર્થ તો ગૌણપણે કામ કરનારો છે. ત્યારે પિતાજીનું દાક્ષિણ્ય જાળવું એ આભ્યન્તર વાત છે, ને એમાં મારો પુરૂષાર્થ મુખ્ય જવાબદાર છે; માટે આ કરું'

બસ, રાજાએ લ્હાવ-લશ્કરની જે તૈયાર કરી આપી, તે લઈને કનકરથને કૌબેરી નગરી તરફ પ્રયાણ આદર્યું. રસાલો આગળ વધી રહ્યો છે; એમાં એવું બને છે કે હવે બીજા રાજ્યની હદની અંદર જંગલમાં એક વડના ઝાડ નીચે મુકામ કર્યો છે, રાજકુમાર સિંહાસન પર બેઠો છે, ત્યાં એ રાજ્યના રાજાનો દૂત આવીને કનકરથને આમ કહે છે,-

**પર રાજ્યની હદમાં આપદા :-**

'ભાગ્યવાન ! અમારા મહારાજ પૂછાવે છે કે તમે અમારા રાજ્યની હદમાં કોને પૂછીને પેઠા ?'

કનકરથ કહે,- 'એમાં પૂછવાનું શું ? દેશાંતર જવાના રસ્તા પરથી તો કોઈ પણ પ્રવાસી પસાર થઈ શકે છે '

દૂત કહે,- 'એટલે શું રાજ્યમાલિકની રજા નહિ લેવાની ?'

આ ઉત્તરમાં પૂછે છે, 'તો શું તમારા રાજાને કાલે ઊઠીને દેશાંતર જવું હોય અને વચમાં અમારાને બીજાના રાજ્યની હદમાંથી પસાર થવાનું હોય, તો શું અમારી અને બીજાની રજા માગ માગ કરશો ?'

દૂત મુંઝાયો કે હા કહેવી કે ના ? એટલે કહે છે, 'એ વખતની વાત એ વખતે. અત્યારે તો તમે વિના રજાએ અમારી હદમાં ઘુસ્યા છો તેથી ગુનેગાર છો. માટે કાં તો ગુનાની માફી માગી આગળ જવા માટે રજા માગી લો, નહિતર યુદ્ધ માટે તૈયાર થઈ જાઓ.'

કુમારે જોયું કે આ રાજાને મિથ્યાભિમાન છે, ને તેથી ખોટી રીતે લડવા જ ચાહે છે. આમ મારા પ્રત્યે હલકી વૃતિ એટલે મારા પિતાજી પ્રત્યે હલકી વૃત્તિ

ધરાવે છે. તો પિતાજીનું ગૌરવ સાચવવા એને જવાબ દઈ દેવો.'એમ વિચારીને એ દૂતને કહે છે, તારા રાજાને ખોટી રીતે લડવું જ છે તો ભલે આવી જાય લડવા.' રાજકુમારના સલાહકાર એનું પરાક્રમ જાણે છે, એની ગંભીરતા અને વિશેષજ્ઞતા જાણે છે, તેથી એની વાતને વધાવી લે છે.

દૂત ઊપડયો પાછો, અને જઈને રાજાને વાત કરતાં રાજાલશ્કર લઈ ચડી આવ્યો. મિથ્યાભિમાન માણસને કેવો મહેકાવે છે ? કેવો વિચારશૂન્ય બનાવે છે? આંગણે આવેલા આવા સારા રાજકુમારના સ્વાગત કરી એક સારા મેમાન તરીકે ઘરે પધરાવવાની અક્કલને બદલે ઊલટું ઝગડવાની અક્કલ આપે છે !

**મિથ્યાભિમાનના ઘરની અક્કલ ખોટી.**

રાજા અને કનકરથનાં લશ્કર સામસામે અથડાયાં. એમાં કનકરથને વિશેષ ગુસ્સો આવવાથી એ આગળ જઈ લડવા તૈયાર થઈ ગયો ત્યારે એના સુભટ માણસો એને રોકે છે, કહે છે,કુમાર સાહેબ આપ તો અમારા નેતારત્ન છો, આપે આગળ થવાનું ન હોય, આપ જેવા રત્નની તો અમારે રક્ષા કરવાની હોય; માટે આપ બેસો, અમે લડી લઈશું.'

પરંતુ કુમારનું ખમીર ઊછળ્યું છે, એટલે એ ઝાલ્યો નથી રહેતો. એ તો તલવાર સાથે લશ્કરના મોખરે આવી ગયો, અને સામા રાજાને પડકાર કરે છે કે 'આગળ આવ તું જ આગળ આવ, આજ તારો કાળ તને બોલાવી રહ્યો છે. કાળથી ગભરાઈ બાયલો થઈ પાછળ શું છૂપાઈ રહ્યો છે ?'

**પર રાજાની દુર્દશા :-**

**રાજા**ને આ સાંભળી અપમાન લાગ્યું તે આવ્યો મોખરે અને કુમારે પલકમાં તેના પર કૂદકો મારી નીચે પટકીને લીધો, બેડીએ બંધાવ્યો. બસ, લશ્કર નાયક પકડાઈ જતાં ઢીલું ઘેંસ બધા નમી પડયા. કનકરથે રાજાનું અભિમાન બરાબર ઉતારી દેવા પાંજરામાં પુરાવી એને કેદી તરીકે પોતાના રસાલામાં સાથે લીધો. કૌબેરી નગરી તરફ સવારી આગળ ચાલી રહી છે, ને રાજા કેદીરૂપે એમાં સાથે છે.

લોટરી લગાવી ને ? 'સંભવ છે જીતી જઈશું; ને જીતીશું તો બહાર ખ્યાતિ વધશે,' આ લોટરી જ છે ને ? લોટરી, અતિવિશ્વાસ, અતિલોભ...બધા ખોટાં પોતાના બલાબલનો વિચાર કર્યા વિના આંધળિયા સાહસ કરવામાં પસ્તાવાનો વખત આવે. **અભિમાનથી અતિવિશ્વાસ અને દુન્યવી ચીજનો લોભ આવું વગર વિચાર્યું સાહસ કરાવે છે.**

**અરિમર્દન** રાજાને એ જ થયું એને પોતાની સત્તા અજમાવવાનો લોભ લાગ્યો; મનમાં અભિમાન સળવળ્યું કે 'હું આ રાજ્યનો મોટો રાજા,તે મારી રજા

વિના પેસનારને બતાવી દઉં કે 'હું કોણ છું ? એની પાસે માફી મંગાવું.' આ અભિમાન અને લોભે પોતાના બળનો અતિવિશ્વાસ કરાવ્યો,ને વગર વિચાર્યું સાહસ કરાવ્યું. અહીં તો આવેલ રાજકુમારનું એક મેમાન તરીકે સ્વાગત કરવાનો અવસર હતો; એને લાવીને આંગણે પધરાવી ભક્તિ કરવાની અને મિત્રતા વધારવાની તક હતી. પંરતુ એ દેખાય કયાં ? મદ અને લોભે અંધતા ઊભી કરી, અંદરની ચક્ષુ ખુલવા જ દીધી નહિ.

**મૈત્રીભાવ, કરૂણાભાવ અને બીજાના સારા ઉપર ઈર્ષ્યા નહિ પણ પ્રમોદભાવ, એનો કિંમતી અવસર અંદરની ચક્ષુ ખૂલે ત્યારે દેખાય. પણ મદ ને લોભ એ ખૂલવા દેતા નથી.**

શાસ્ત્રકારો એટલા જ માટે કામ-ક્રોધ-લોભાદિ કષાયને ભંયકર અંધાપો કહે છે. ખતરનાક કહે છે. આ ઊંચા માનવ અવતારમાં તો મૈત્રી-કરુણા-પ્રમોદ-માધ્યસ્થ્યની ભરચક સુવાસથી હૃદયને મઘમઘતું કર્યું રાખવાનો મહાન સોનેરી અવસર કહે છે. પરંતુ મૂર્ખ જીવને કષાયના અંધાપામાં એ અવસર દેખાતો જ નથી. તેથી જિંદગી આખી ય દિલમાં વૈર-વિરોધભાવ, કઠોરતા, ઈર્ષ્યા, પરચિંતા-પરદોષ દર્શન વગેરે બદલો જ ભર્યે રાખવામાં ગુમાવાય છે.

મૂર્ખ જીવને એ ભાન નથી કે 'જે બળ-સત્તા-સમૃદ્ધિ અને પરિવારાદિ પામવા પર અભિમાન અને લોભ કરે છે, ને એ કરીને આ બદલો દિલમાં ભરે છે, એ બધા તો છેવટે જીવનના અંતે તારે રદબાતલ થવાના છે, તારાથી વિખૂટા પડવાના નિશ્ચિત છે; જ્યારે મદ-લોભ વગેરેના અને વૈર-વિરોધાદિના ગોઝારા સંસ્કાર આત્મામાં જડાયા સાથે ચાલશે. એ ભાવી ભવોને ભંયકર પાપી બનાવશે.'

ભાવી દુઃખદ અને પાપિષ્ઠ ભવોની તો શી વાત,પરંતુ આ મદ વગેરે દોષો અને વૈર-વિરોધાદિ દુષ્કૃત્યો અહીં પણ જીવને ચિંતા-સંતાપ-ગ્લાનિ અને હાયવોય આપે છે. રાજા અરિદમન પડયો ને સંતાપમાં ? 'મારા રાજ્યમાં વગર રજાએ બીજા પેસે ?' સંતાપ જાતે ઊભો કર્યો ત્યારે મદ ન હોય, ને મૈત્રીભાવ હોય તો શાંતિ પામે.

**મૈત્રી આદિ ગુમાવવામાં જાતે સંતાપ ઊભો કરવાનું થાય.**

ત્યારે એ વિચારો,કે મૈત્રી યાને જીવો પર સ્નેહ-ભાવ રાખીએ દુઃખી પર કરુણા રાખીએ,બીજાના સારા પર આનંદ રાખીએ અને પરચિંતા, સંતાપ, પરદોષ દર્શન ન કરીએ તો શું આપણે ગુમાવવાનું થાય ? કે સારું પામીએ ? શું શેઠાઈ ચાલી જાય ? શું આબરૂ ઓછી થાય ? શું લોક દુશ્મન બને ? મૈત્રી-ભાવ આદિ રાખવામાં શી નુકસાની ?

**તીર્થંકર ભગવાનનું શાસન મળ્યું છે, ત્યારે મદ-લોભ,કામ-ક્રોધ, વગેરે આત્માના રોગ હટાવવાનો મહાન સોનેરી અવસર મળ્યો છે**, મૈત્રીભાવ વગેરેથી દિલને સુવાસિત મઘમઘતું રાખવાની અનેરી તક મળી છે. આપણી નજર સામે ભગવાનનાં જીવનના ઉત્તમ આદર્શ છે, ભગવાનની વાણીનો જલંવત પ્રકાશ છે **પ્રભુનો આ આદર્શ અને જિનવાણીના પ્રકાશનો આપણા જીવનમાં કોઈ ઉપયોગ નહિ ? તો જિન અને જિનવાણીને વળગ્યા છીએ શા માટે ?**

શું ઉપયોગ લેભાગુઓના જીવનનો ? ને અનાદિથી ચાલ્યા આવતા મોહ-અંધકારનો ? મદ લોભ વગેરે કેમ કરીએ છીએ ? દેખા દેખીથી જ ને ? બીજાઓએ કરે છે, માટે એ જોઈને આપણે ય ભૂલા પડીએ છીએ. મોહના અંધકારને લીધે અંદરની ચક્ષુ ખૂલતી નથી, તેથી મૈત્રીભાવ આદિના સુંદર ફળ દેખતા નથી. જોવા નથી પ્રભુ જીવનનો આદર્શ અને પ્રભુવાણીનો પ્રકાશ મળ્યાની કદર કરો, એના મહામૂલ્ય આંકો દુનિયાના મોટા દુર્લભ આદર્શ અને પ્રકાશ મળ્યા પર જીવનમાં એનો ઉપયોગ કરો.

રાજા અરિદમન મદમાં ભૂલ્યો, લડવા ગયો તો હાર્યો અને હવે કેદમાં પુરાઈ રાજકુમાર કનકરથની સાથે કેદી તરીકે ચાલવું પડયું. કેવી નાલેશી ? જો જો,

**કર્મસત્તા જીવની આનાથી પણ ભંયકર નાલેશી કરે છે.**

મોટા દેવ જેવાને પણ ઉપાડી ગર્ભીની કેદ માં અને હલકી કાયાની કોટડીમાં પૂરી દે છે. પછી કેમ ? તો કે, અભિમાનના યોગે બંધાયેલા નીચ ગોત્ર અને તિર્યંચગતિના કર્મે જો ભૂંડની કાયામાં જીવને પૂર્યો, તો એ કાયાથી એકવારનો દેવનો જીવ હવે વિષ્ઠા ખાઈ આનંદ માનશે ! કર્મસત્તાના આ જુલ્મ પર ગ્લાનિ થાય છે ? જે સંસારમાં આવું જ ચાલ્યા કરે છે, એ સંસાર પ્રત્યે નફરત છૂટે છે ? વૈરાગ્ય આવે છે ? ના, વર્તમાનમાં મળેલા વિષયો પર વિશ્વાસ રાખી લંપટતા કરવી હોય,ત્યાં સંસારની નાલેશી શાની જોવાય ?

રાજકુમાર કનકરથ ઉદાર છે. એને નથી જોઈતું અરિદમનનું રાજ્ય, કે નથી રાખવો એના પર વેરભાવ. ત્રણ ચાર પ્રયાણ આગળ વધ્યા પછી એણે રાજાને છૂટો કર્યો, શિખામણ આપી, માનભેર એના નગરમાં રવાના કર્યો. મહાન પુરૂષોનાં દિલ મહાન હોય છે, ક્ષૂપદ્ર નહિ. આપણે મહાન બનવું છે ? તો દિલ મહાન રાખવા જોઈશે. અભિમાની અને આપણને નીચા પાડવા મથનારને પણ પ્રેમ અને ઉદારતાથી નવરાવી નાખવા જોઈએ.અવસર પામી એવા પ્રેમના ઉદાર વર્તાવ દાખવવા જોઈએ. દિલ અને વર્તાવ મહાન બનાવ્યા વિના મહાન કેમ થવાય ?

**શાંતસુધારસનું મહત્ત્વ :-**

મુઝાંશો નહિ કે 'એવા આપણું બગાડનારાને આપણને હેરાન હેરાન કરનારા તરફ તે શી રીતે પ્રેમ અને ઉદારતા રહે ?' આ શાંતસુધારસ શાસ્ત્રમાં વર્ણવેલી અનિત્યાદિ બાર ભાવના અને મૈત્રી આદિ ચાર ભાવનાનું સ્વરૂપ જ એવું છે કે એને એ રીતે વાંરવાર ભાવ્યા કરવાથી ચિત્તમાં એવો શાંતરસ, એવો પ્રશમભાવ, એવો ઠંડગાર હિમ જેવો ઉપશમભાવ ઊભો થાય છે કે એ, બીજો કોઈ આપણું બગાડવાનું શરુ કરે, આપણી વિરુદ્ધ વર્તે ત્યારથી જ,દિલમાં એના માટે દયા કરુણાભાવનો ઝરો વહેતો કરે છે; ને એ વહેતો થાય એટલે પ્રેમને સુકાવા ન દે, ને નવપલ્લિત કરે, અને અવસર આવ્યે એવો પ્રેમાળ વ્યવહાર કરાવે.

શાંતસુધારસની બલિહારી છે. એને પમાડનાર બાર ને ચાર સોળ ભાવનાની પણ બલિહારી છે. એ બંને લાવવા માટે મગજમાંથી વિરોધી તત્ત્વ કાઢી નાખવું જોઈએ. શું એ વિરોધી તત્ત્વ ? અહીં શાસ્ત્રકાર કહે છે.

**'आर्तरौद्रपरिणाम-पावक...'**

**શાંતસુધારસનું વિરોધી તત્ત્વઃ-**

**અર્થાત્** મનમાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાનરૂપી આગ સળગતી હોય તો એ શાંતસુધારસથી ભાવિત થઈ શકનારા વિવેક અને સ્વસ્થતાને બાળી મૂકે છે. એવા વિવેકહીન બનેલા મનમાં વિષયલોલુપતા સારી રીતે વ્યાપીને રહે છે પછી ત્યાં શમનો-શાંતસુધારસનો સમતોલનો એક અંકુર પણ ઊગે જ કયાંથી ? એનો એક અંશ પણ ન આવવા માંડે.

આમાં એ બતાવ્યું કે શાંતસુધારસની સામે વિરોધી તત્ત્વ છે આર્તધ્યાનના આત્મપરિણામ. એ સળગતા હોય એ હિત-અહિત અને હેય-ઉપાદેયના વિવેકને બાળી નાખે. પછી ત્યાં 'આ ઇંદ્રિયવિષયોમાં મારૂં અહિત અને એના ત્યાગમાં મારુ હિત; વિષયો હેય-ત્યાજ્ય,ને ત્યાગ-તપ-સંવર મારે ઉપાદેય-આદરણીય;આ બુદ્ધિ ન ઊભી રહે એ ન રહે એટલે વિષયો મીઠા ધરાખ જેવા લાગે;જીવ એમાં લોલુપી-લંપટ બને;ને ત્યાં ઈષ્ટ-અનિષ્ટ વિષયોમાં નાચતા રહેવાનું હોય એટલે ચિત્તની સ્વસ્થતા-સમતુલા-સ્થિતપ્રજ્ઞતા પરવારી જાય. આર્તરૌદ્ર પરિણામની જેમ આ વિષય-ગૃદ્ધિ અવિવેક અને અસ્વસ્થતા, એ પણ વિરોધી તત્ત્વ એ હયાત હોય ત્યાં શમરસ-સમતાના અંકુરને ય ઊગવાના ય ફાંફા પછી એની વેલ તો શાની જ હોય ? અહીં પૂછો,-

**પ્ર.- આર્તધ્યાનથી વિવેકહીનતાને વિષયલોલુપતા શી રીતે ?**

ઉ.- જુઓ આર્તધ્યાન એટલે આ લગની કે, 'મળેલા મનગમતા વિષયો કેમ ન જાય ? અને અણગમતા કેમ ટળે ? એમ ગમતા કેમ મળે ? ને ન ગમતા કેમ

ન આવે ?' આ લેશ્યા હોય ત્યાં વિવેક કયાં રહ્યો કે વિષયો તો મારક વિષરૂપ છે, ભવની કેદ વધારનારા છે. માટે ત્યાજ્ય છે, તો પછી એની આવી લગન શી ? લગન રાખું તો ભવછેદક અને ભવથી તારક દયા-દાન-શીલ-તપ-જિન ભક્તિ-સાધુસેવા વગેરે સુકૃતોની લગન રાખું.' આ વિવેક લાવે કયાંથી ? આપણી પાસે બે ચીજ, એક અંદરનો અંનતાનંત કાળથી ભટકતો આવેલ આત્મા, અને બીજી ચીજ બહારના કાયા-માયાદિ વિષયો આ બે ચીજમાં કોના ભોગે કોને મહાલાવવાની ? વિષયના ભોગે આત્મચીજને મહલાવવી, એ વિવેક છે; કેમકે આત્મા પોતાની ચીજ છે, વિષયો પરવસ્તુ છે નાશવંત છે,વિખૂટા પડનારાં છે.

**એવા આપણને છોડી જવાના જ સ્વભાવવાળાને આપણા પોતાના કર્મ મનાય ?** જીવ અહીં ભૂલે છે, એવા નાશવંત અને પર વિષયો-ધન-માલ-પરિવાર-કાયાદિને પોતાના ગણી એને જ મહત્ત્વ આપે છે, ને ખરેખર પોતાના ગણી એનેજ મહત્ત્વ આપે છે, ને ખરેખર પોતાના એવા આત્માને જાણે પારકો, તે ય દૂર અમેરિકા જેવામાં રહેનારો એક અણજાણ પારકો લેખી એને સરાસર વીસરે છે;-તે એ આત્માની પુણ્યમૂડીના ભોગે અને એની અણમોલ સુકૃત તકના ભોગે વિષયોને પંપાળે છે; વિષયોની જ લગન રાખી આખા દિવસ-રાત એના આર્તધ્યાન કર્યા કરે છે ! આશ્ચર્ય નથી આ ?

વિષોની બહુ લગન અને એમાંથી સળગતા રહેતા આર્તધ્યાન એ આગ છે. એના સતત અભ્યાસ મનને મૂઢ બનાવે છે, વિવેક નથી જાગવા દેતા,સ્વાત્માનું કશું મહત્ત્વ જ નથી લેખવા દેતા. દા.ત.

**અવિવેકીને વિચાર નથી કે 'અલ્યા ! હું મોટો ? કે હીરો મોટો ? હું કિંમતી ? કે હીરો કિંમતી ? મારી કાયમી ચીજથી મારી શોભા ? કે ભાગેડુ હીરાથી મારી શોભા ?'**

**ભરતની ભાવના :**

ભરત ચક્રવર્તીને આરિસાભવનમાં વીંટી પડી ગયા પર આંગળી બુઠ્ઠી લાગી, ને વિચાર આવ્યો કે 'જોઉ ત્યારે,બધા અલંકાર-વેશ ઊતારી નાખ્યા પછી કાયા કેવી દેખાય છે ?' તે એમણે અંલકાર-વેશ-ઊતારી નાખ્યા ;ને હવે જુએ છે તો કાયા ફિક્કીફસ, શોભા-વિહોણી દેખાઈ એના પર એમણે ભાવના કરી કે,-

'અહો ! આ કાયાની શોભા તે મારા આત્માથી ? કે બાહ્ય વેશ-અલંકારથી ? કાયામાંથી મારો આત્મા નીકળી જાય તો ભલે એ વખતે ઘરેણે લાદેલી કાયા હોય, પણ એ કાયા કોડીની. શોભાવિહોણી અને બાળી નાખવા લાયક બને છે એટલે એની ખરી શોભા, સુંદરતા તો મારા આત્માથી ગણાય, ત્યારે હું આ કેવો મોહ-

અંધકારમાં અથડાઉં છું કે રોજ ઊઠીને આભૂષણથી કાયાની શોભા કરવા મથું છું ? ને એ બનાવટી શોભા કરનારા અલંકારાદિને મારા માની એને સાચવવા મથું છું ? ને ખરેખર જેનાથી શોભા છે એવા મારા આત્માની મમતા નથી કરતો ? ચિંતા નથી કરતો ? એને સાચવવા નથી મથતો ? આ તે કેવો મોહનો નશો ? મારી શોભા કાયાથી ? કે કાયાની શોભા મારાથી ? કેમ હું આ ભ્રમણામાં પડી કાયાથી ને બાહ્ય નાશવંત સમૃદ્ધિ-સામ્રાજ્યથી નકલી શોભામાં મારા આત્માની શોભા માનવામાં તણાયો ? નિત્ય સનાતન એવા મારા આત્માને અનિત્ય ક્ષણભંગુર પર પદાર્થોની શોભા શી ? ખરી રીતે હું અહીં જીવંત છું ત્યાં સુધી આ કાયાની શોભા છે, મારા અહીંથી નીકળી ગયા પછી તો કાયાની કશી શોભા નહિ. તો પછી કાયાની મારે મમતા શી ?'

બસ, એમ ભાવનામાં આગળ વધતાં વધતાં ભરતચક્રી કાયા સુદ્ધાં સમસ્ત પર-પદાર્થો પરથી આસક્તિ ઊઠી ગઈ, અનાસક્તભાવમાં ચડયા, અને મોહનીય કર્મનાં બંધન તૂટતાં વીતરાગ બન્યા.

મન પર પોતાના આત્માનું મહત્ત્વ લાગે અને જડનું મહત્ત્વ મૂકાઈ જાય, પછી એ જડ પદાર્થો ખાતર આર્તધ્યાન કરવાની નિર્બળતા, નિઃસત્વતા, કંગાળિયતતા હટાવી દેવાય. ભૂલશો નહિ,-

**મન આર્તધ્યાનમાં પડે એ આપણી નિર્બળતા છે, નિઃસત્વતા છે, કંગાળિયતતા છે. બળવાન સત્વશાલી હોઈએ તો આર્તધ્યાનને ફગાવી દઈએ.**

**મનને કહી દઈએ "ચાલીસ પૈસાનો રૂમાલ પડી ગયો એમાં 'હાય! શાનું કરવા બેસે છે ? સમ્રાટોના રાજ્ય ગયા છતાં 'હાય' નથી કર્યું.**

'કયાં એ શાશ્વત ટકવાનું હતું ? માટે તો બારમાંથી દશ ચક્રવર્તીઓએ છ ખંડના વૈભવ છોડયા, શાલિભદ્રે દેવતાઈ રોજની નવાણું પેટીના વૈભવ અને ભોગ છોડયા, જંબુકુમારે નવાણું ક્રોડ સોનૈયાની સંપત્તિ તૃણવત્ ત્યજી દીધી. તું શામા હાય કરવા જાય છે ?"

એમ સંપત્તિ મળ્યા પર આર્તધ્યાન થવા જાય, ત્યાં મનને કહી દઈએ 'હેઠું બેસ, શાના પર અતિહરખ કરી હવે આ ટકી રહે તો સારું એવી ચિંતા કરવા જાય છે ? પેલી પુરુષોની સંપત્તિની આગળ આ શી વિસાતમાં છે ? હરખ-હરખ માનવો હોય તો જિનેશ્વરદેવ અને જિનશાસન મળ્યાનો માન. બાકી મોટા છ ખંડ, ચૌદ રત્ન,નવ નિધાન, વગેરે પર તો ભરતજી મનહી મેં વૈરાગી રહેતા હતા.' બળ હોય સત્વ હોય તો આર્તધ્યાન અટકાવી મનને શુભ ભાવનામાં જોડી દેવાય.

**એ બળ શી રીતે આવે ?**

જડ-ચેતનના સ્વ-પરના વિવેકથી હું ચેતન, મારી સંપત્તિ જ્ઞાનાદિ-ક્ષમાદિ અહિંસાદિ છે, બાહ્ય જડ કાયા-માયા મારા નહિ.મહત્ત્વ મારા આત્માનું છે, જ્ઞાનાદિ સંપત્તિનું છે,જડ માયાનું નહિ.

આ વિવેક હોય ત્યાં પછી ઈંદ્રિયોના વિષયોનું મન પર એવું મહત્ત્વ ન રહો; તેથી જીવ એનો લપંટ ન બને. એટલે આર્તધ્યાન સહેજે અટકી જાય; અને એનાં સ્થાને શુભ ભાવનાઓ મનમાં રમ્યા કરે ;ને એથી શાંત-સુધારસ સુલભ બને.

**કનકરથ રાજકુમાર આગળ વધે છે :-**

કનકરથ રાજકુમારે ખોટી રીતે લડવા આવનાર રાજા અરિદમનને હરાવી કેદ પકડીને સાથે લીધેલો ખરો. પરંતુ એ સત્વશાળી હતો, આ વિજયનું એને મન બહુ મહત્ત્વ નહોતું, એવા હરખ ને હરખના ઘરનું આર્તધ્યાન નહોતું, રાજા પર અંતરમાં મૈત્રી ભાવ હતો, અંતર સ્વચ્છ અને પ્રશમભાવવાળું હતું, એટલે બે ચાર પ્રયાણ પછી ઉદારતાથી રાજાને મુક્ત કરી સારી શિખામણ આપીને કહ્યું 'જાઓ આપ આપનું રાજ્ય સુખે ભોગવો' રાજાને માનભેર રવાના કર્યો.

માનવ જીવનમાં આવી જ સુવાસ કમાઈ લેવાની હોય છે કે દુશ્મન હો, વિરોધી હો, કે આપણું નુકસાન કરનારા, યા આપણને દુઃખ દેનાર હો, એની ઉપર પણ મૈત્રીભાવ, સ્નેહભાવ રાખીએ, ઉદારતા દાખવીએ, આપણા વિશાળ દિલમાં એને સ્નેહી જેવું સ્થાન આપીએ.

રાજકુમાર કનકરથ આગળ વધતાં એક સાંયકાળે જંગલમાં પડાવ નાખે છે. પોતે સંધ્યાકાળની અર્હદ્‌ભક્તિ કરી પ્રતિક્રમણ કરી લે છે. ત્યારે, એના માણસો આજુબાજુ ફરવા ગયેલા, તે મોડા પાછા ફરે છે.

કુમાર પૂછે,-કેમ, આટલો બધો સમય કયાં રોકાયા ?

**બાળા અદ્રશ્યઃ-**

પેલા કહે, 'સાહેબ ! અહીં એક ચમત્કાર જોવા મળ્યો. અમે અહીંથી સહેજ આઘે ગયા ત્યાં એક દેવબાળા જેવી યુવતી જોવામાં આવી. હજી તો અમે વિચાર કરતા હતા કે આવા જંગલમાં આવી અપ્સરા કયાંથી ?એટલામાં તો એ અમને જોઈ ઝાડીમાં પેસી ગઈ અમે તરત જ એની પૂઠેં ઝાડીમાં પેઠાં, એ પૂછવા કે 'તું કોણ છે, અને અહીં ક્યાંથી ?' અમારા મનને એમ કે જો એ કુંવારી કન્યા હોય તો આપના માટે બરાબર યોગ્ય છે,તેથી એને આપની મુલાકાત કરાવી દઈએ. પરંતુ કુમાર સાહેબ ! અમે ઝાડીમાં એને ખૂબ શોધી, પંરતુ તે દેખાઈ જ નહિ. બાદ અત્રે આવ્યા. આમ અત્રે પાછા વળવામાં અમે મોડા પડ્યા. એનું કારણ આ હતું.

માણસોએ આ ખુલાસો કર્યો. એના પર કનકરથને લાગ્યું કે 'સંસારી જીવો

કૌતુકપ્રિય છે ;એટલે સ્વાભાવિક છે કે માણસો કાંઈક કૌતુક જોવા મળે ત્યાં ભૂલા પડી જાય.સામાન્ય માણસોનું ગજું કેટલું ? જીવન તો ઘણુંય ઊંચું માનવપણાનું મળ્યું હોય;પરંતુ **બહારનું જોવાનો રસ ઊંચા જીવનનાં કૂચા કરે છે, ને કર્તવ્યનું પાલન ભૂલાવી, આવાને આવા તુચ્છ વિષયો પાછળ જીવને ભમાવે છે.**

જીવને આમ જ અનંતીવાર ઊંચા માનવ અવતાર મળ્યા છતાં એ વેડફાઈ ગયા. નહિતર મનુષ્યભવે તો પોતાના આત્માની ચિંતા મુખ્ય બનાવી ઊંચા સત કર્તવ્યોના પાલન કરતા રહેવું જોઈએ; કેમકે એ કરવા દ્વારા તત્ત્વમાં રમતા રહેવાની અહીં સુંદર તક છે; તત્ત્વમાં રમતા રહી પોતાના આત્માને વાંરવાર ના જન્મ-મરણની વિટંબણામાંથી મુક્ત કરવાનો સોનેરી અવસર છે. સત્કર્તવ્યપાલન,તત્ત્વરમણ અને જન્મમરણ-ઉચ્છેદના આવા સોનેરી અવસર તો અનંતીવાર મળ્યા હતા, છતાં કેમ જીવ સંસારમાં હજી સુધી ભટકતો રહ્યો ? કહો, બાહ્યનો રસ,કૌતુક જોવાની લગની, અને વિષયોના ભારે આકર્ષણ કયાંથી એ સૂઝવા દે ? પોતાના આત્માની ચિંતા શાની જાગવા જ દે ? જો એ નહિ,તો પછી કર્તવ્યપાલન અને તત્ત્વમાં ઠરવાનું આવે જ શાના ? **બાહ્યનો રસ અને કૌતુક જોવાની લગની આત્મચિંતાને ભુલાવે છે.**

**રાજકુમાર** કનકરથની જીવનદૃષ્ટિ ઊંચી છે. એટલે આવી ભવ્ય ભાવના કરે છે. ખૂબી જુઓ એની વિચારણામાં કયાંય પેલી અપ્સરા જેવી બાળા અંગે કશો વિચાર નથી. નહિતર યુવાનીમાં આવેલાને તો એની વિચારણા મગજમાં ઘર કરી જાય..'એ કેવીક હશે....' એમ જાણવાની આતુરતાં એ જોઈ આવનારને પૂછવાનું મન થાય પછી એની જ ચર્ચા-વિચારણા ચાલે. પરંતુ અહીં કુમારને એનો કશો વિચાર સ્પર્શતો નથી. ત્યારે યુવાનીના ઉન્માદ એણે કેવા સંયમમાં રાખ્યા હશે. માટે તો જુઓ કે એના માણસો બહાર લટાર મારવા નીકળી પડયા; પણ કનકરથ પોતે પ્રભુભક્તિ અને પ્રતિક્રમણમાં લાગી ગયો. હવે માણસો જઈને આવ્યા પછી ખુલાસો કરે છે, તો પોતાને કશો ખેદ નથી કે 'આવી અપ્સરા જેવી બાળા જોવાની રહી ગઈ' ના; કારણકે એણે યુવાનીના ઉન્માદને કબજામાં રાખ્યો છે. એથી જ બાહ્યની ચમત્કારિક ઘટના સાંભળવામાં આવી તો એના પર તાત્વિક વિચારણા કરે છે.

**"दिव्य-दर्शन"-"प्रवचन महोदधि" વર્ષ-૨૧,અંક-૫,તા.૭-૧૦-૧૯૭૨**

મનને ઊંચા મનુષ્ય અવતારની કિંમત હોય, તો આત્માની ચિંતા મુખ્ય બની જાય, જીવનનાં ઊંચા કર્તવ્ય સાધી લેવાની દૃષ્ટિ જાગતી રહે, ને એ દ્વારા મન તત્ત્વમાં ઠરે. બાકી જીવનની કિંમત ન હોય, તો આત્માની ચિંતા જ શાની થાય?

ચિંતા બાહ્યની,ચિંતા જડપુદ્‌ગલની; રસ બાહ્યના,મન ઠરે તો એમાં જ ઠરે; પ્રવૃતિ દોડધામ અને ધાંધલ ચાલે એ બાહ્યની પાછળ ત્યાં સત્ કર્તવ્યની પ્રવૃતિમાં મન લાગે જ શાનું ? કુળ રિવાજથી કયાંય દેવદર્શનાદિ કર્તવ્ય-સાધના થતા હોય તો ય મન એમાં ઠરે નહિ.

આજે દેખાય છે કે શ્રાવકપણાનાં રોજના કેટલાંય કર્તવ્ય આચારો ભૂલાતા જાય છે ને ? બે વાર પ્રતિક્રમણ, ત્રિકાળ જિનભક્તિ. જિનભક્તિમાં સ્વદ્રવ્યોનું સમર્પણ, સતત જિનવાણી શ્રવણ, શાસ્ત્ર સ્વાધ્યાય, ચૌદ નિયમ, વગેરે રોજીંદી પ્રવૃતિ કરનારા કેટલા ? પર્વતિથિએ વિશેષ ત્યાગ અને તપ તથા પોષધાદિ ધર્મપ્રવૃતિ કરનારા કેટલા ? અતિ અલ્પ.બાકી તો મોટો ભાગ બાહ્યની પ્રવૃતિમાં પડેલો છે.

કેમ આમ ? કહો,ઊંચા જીવનની કિંમત નથી,આત્માની ચિંતા નથી,માત્ર બાહ્યનો ધરખમ રસ છે, બાહ્યમાં દોડધામ છે, જીવ બાહ્યમાં ઠરે છે.

**એ સહજ છે કે જેની બહુ પ્રવૃતિ, એનો રસ પોષાયો રહો, અને મન એમાં જ ઠરે. માટે** આ વાત છે તે તત્ત્વનો રસ જગાવવો-પોષવો હોય, મનને તત્ત્વમાં ઠરતું કરવું હોય, તો તાત્વિક પ્રવૃતિ અર્થાત ધાર્મિક કર્તવ્યોનું ખૂબ પાલન જોઈએ. માત્ર વાતો કરવાથી અને બાહ્યની પ્રવૃતિ પૂર જોસમાં કર્યે જવાથી, તત્ત્વમાં ઠરવાનું ન બને;

પ્ર.- ભરત ચક્રવર્તીને બાહ્યની પ્રવૃતિ ઘણી હતી, તો ય એ તત્ત્વમાં ઠરતા હતા ને ?

ઉ.- એમનો દાખલો લઈ તમારી બાહ્યમાં દોડધામ પર સિક્કો લગાવતા નહિ, એને વિના ગભરાટ સેવતા નહિ; કેમકે એ ભરત ચક્રવર્તી તો આરિસા-ભવનમાં કેવળજ્ઞાન લેનારા હતા, વીતરાગ બનનારા હતા. તમારે તો દેરાસરમાં ય સામે આરિસો આવી જાય તો 'હું કેવો સારો શોભું છું' એમ રાગથી જાતને જોઈ લેવાનું મન થાય છે; ત્યાં ઘરમાં આરિસાભવનમાં વીતરાગ બનવું સહેલું છે ?

વાત આ છે બાહ્યની બહુ પ્રવૃતિમાં બાહ્યનો રસ પોષાય છે, મન બાહ્યમાં ઠરે છે, તેથી તત્ત્વમાં અને ધર્મમાં રસ નથી આવતો, ચિત્ત ઠરતું નથી. એમાં ઠરવું હોય તો બાહ્યની ધાંધલ ઓછી કરી નાખી ધર્મપ્રવૃતિ વધારો પ્રભુ આગળ એક ચૈત્યવંદન કરતાં ય જો ડાફોળિયા મરાય છે તો ધર્મરસ ખત્મ; એ ચૈત્યવંદન ધર્મમાં ઠરવાનું ગૂમ. ચિત્ત એ ધર્મમાં ઠરતું હોત તો મન બહારનું જોવા કેમ જાય ? રૂપિયા ગણતાં ડાફોળિયાં મારો ખરા ? પરમીટ માટે મોટા ઓફિસર સાથે વાત કરતાં ડાફોળિંયા મારો ખરા ? તો નવકારવાળી ગણતાં કે ચૈત્યવંદનમાં પ્રભુની

સાથે વાત કરતાં ડાફોળિયાં શાના મરાય ?

બાહ્યનો રસ ને બાહ્યની મફતિયા-ફોગટિયા દોડધામ બંધ કરી દઈ અને જરૂરી પણ દોડધામને ઓછી કરી નાખી ધર્મ પ્રવૃત્તિ ખૂબ વધારો, પછી જુઓ કે ધર્મ-રસ કેટલો બધો વધે છે, ધર્મમાં ચિત્ત કેવુંક ઠરે છે.

**કનકરથનું પ્રયાણ આગળ વધે છે :-**

કનકરથ રાજપુત્રને આ હતુ એટલે માણસો બહાર ફરવા-જોવા ગયેલા એ વખતે પોતે જિનભક્તિ-પ્રતિક્રમણ આદિમાં લાગેલો એમાં એનું ચિત્ત ઠરતું હતું તેથી જ પેલાઓએ બહાર દેવસુંદરી જોઈ આવ્યાનાં વર્ણન કરે છે, પણ કુમારને એમાં રસ નથી. પછી બધા સૂતા સવારે વહેલા ઊઠ્યા પછી પણ કુમાર પરમેષ્ઠિ-નમસ્કાર, આત્મચિંતા, તથા પરમાત્મભક્તિ કરવામાં લાગી જાય છે. જેનું જેમાં ચિત્ત ઠરતું હોય, એએની પ્રવૃત્તિ સહેજે કરે, હોંશથી કરે.

કુમાર દેવભક્તિ કર્યા પછી સેનાને આગળ પ્રયાણનો આદેશ આપે છે, એટલે સેના એની તૈયારીમાં પડી; અને કુમાર પોતે મિત્રો સાથે આગળ ચાલવાનું કરે છે. આગળ વધતાં એક સરોવર આવ્યું એ જોતાં ચિત્તને પ્રસન્નતા થાય છે, એટલે કનકરથ ત્યાં સરોવરની પાળે જઈને બેસે છે. એવામાં પાસેના ઉદ્યાનમાં પેલી સુંદરી જોવામાં આવી.

જોઈને કુમારના મનને આશ્ચર્ય થયું કે 'અહો ! આ કોઈક દેવલોકની દેવાંગના અહીં ક્યાંથી ? સંભવ છે અહીં પાસેમાં કોઈ તીર્થ હોય તે એની ભક્તિ માટે આવી હોય.' જુઓ, કુમારની વિચારસરણી કઈ દિશામાં કામ રહી છે ? દેવાંગના જોતાં એના રૂપરંગ-સૌદર્ય પર વિચાર નહિ યા એના આગમનના હેતુમાં બીજો કોઈ વિચાર નહિ, પરંતુ તીર્થની કલ્પના થઈ આવે છે પૂછો,-

**દુન્યવી પ્રસંગમાં પણ ધર્મસંબંધી કલ્પના શી રીતે આવતી હશે ? કહો, બુદ્ધિમાં શાસ્ત્રદ્વારા અતિશય ઊભો કર્યાથી એ આવે.**

જુઓ 'શાંતસુધારસ'ગ્રન્થ આ જ કહે છે-

**'यस्याशयं श्रुतकृतातिशयं विवेक.....'**

અર્થાત્ જેનો મનનો આશય, જેની બુદ્ધિ,શ્રુતના યાને આગમશાસ્ત્રના ભાવોના વાંરવાર ચિંતન-મનન-પરિશીલનથી કેળવાઈ હોય યાને અસરકારક વિશિષ્ટતા ઊભી થાય છે. વળી એવા શાસ્ત્રકૃત અતિશયવાળી બુદ્ધિ યાને ચિત્તાશય ચિત્ત પરિણામ ઉપર સ્થાને સ્થાને 'આ સાર, આ અસાર,' એવા વિવેકરૂપી અમૃતની વર્ષા વરસ્યા કરે, તેથી એ આશય, એ બુદ્ધિ, રમણીય શ્રી-શોભા-સૌદર્યવાળી બનેલી હોય છે. આવું જેનું ચિત્ત, ચિત્તવલણ બન્યું હોય, એવા ચિત્તમાં જો બાર ભાવનારૂપી

કલ્પલતા આશ્રય કરે, અર્થાત્ કલ્પવૃક્ષની વેલડી સમી આ બાર ભાવનાઓ જો એ બુદ્ધિમાં રમ્યા કરતી હોય, તો એને લોકોત્તર પ્રશમસુખની ઉત્પત્તિ દૂર નથી. તાત્પર્ય, શાસ્ત્રચિંતનથી વિશિષ્ટતાવાળી બનેલી અને વિવેકવર્ષાથી રમણીય શોભાવાળી બનેલી બુદ્ધિમાં સારી ભાવનાઓ રમતી રહે તો એમાંથી લોકોત્તર પ્રશમ સુખ ઝટ ઊભું થાય છે.

આમાં પહેલી વાત બુદ્ધિમાં શાસ્ત્ર દ્વારા એક અતિશય ઊભો કરવાની આવી. આ બહુ મહત્ત્વની વાત છે કારણ એ છે કે જીવની બુદ્ધિ મન, આશય, વલણ, અનાદિ અનંત કાળથી શબ્દાદિ વિષયોમાં રક્ત રહેનારું હોય છે. પોતાના આત્મા તરફ લેશમાત્ર પણ દૃષ્ટિ જ નહિ જીવનમાં બધા હિસાબ-ખિતાબ માંડે તે વિષયોની અનુકુળતા જ લક્ષમાં રાખીને; પછી ભલેને એ મનુષ્યનો અવતાર પામ્યો હોય, છતાં મનનું વલણ વિષયો તરફ. ત્યારે આ તો કાંઈ એને જ આવડે છે એવું નથી; સર્વ જીવોને એ આવડે છે. પશું-પંખી-કીડા-કીડી વગેરે સૌને આવું વિષયોનું વલણ, આવી બુદ્ધિ હોય છે.એટલે એ તો સર્વસામાન્ય બુદ્ધિ થઈ માટે તો કહેવાય છે કે;

**ખોળિયું મન મનુષ્યનું મળ્યું પણ વિષયાંધ અને કષાયાવિષ્ટ દિલ જનાવરનું રહ્યું. ગધેડા પરના આથર બદલાયાં, પણ ગધેડા એના જ રહ્યા.**

એટલે આ કરવાની જરૂર છે કે દિલનો આશયવલણ બદલાય. દિલમાંથી વિષયમૂઢતા અને કષાયના આવેશને હટાવાય. તો જ પોતાના આત્મા તરફ દૃષ્ટિ જાય, આત્મચિંતા ઊભી થાય. આ કરવા માટે શ્રુત-આગમ-શાસ્ત્રની વાતોનું વારંવાર શ્રવણ અને મનન જોઈએ, તેમજ એ કરવા દ્વારા અત્યાર સુધીની ઓઘસામાન્ય બુદ્ધિને વિશિષ્ટ બનાવવી જરૂરી છે. આ વિશિષ્ટતા એટલે અતિશય. બુદ્ધિ શ્રુતથી અતિશયવાળી બનાવવી જોઈએ. બુદ્ધિમાં શ્રુત-શાસ્ત્રના ચિંતન દ્વારા એક વિશેષતા યાને અતિશય ઊભો થઈ ગયો, જે સ્વાત્માની દૃષ્ટિ અને ચિંતા જાગતી રાખે.

**આત્માચિંતાથી કેવો વિવેક આવે ? :-**

**સ્વાત્માની** ચિંતા જાગતી થઈ જાય, પછી (૧) આત્મા અને જડનો વિવેક ઊભો થાય, (૨) વિષયોમાં મૂઢપણું અને કષાયોની પકડ એ કેવા અનર્થકારી છે, જ્યારે (૩) એ ટાળીને સ્વાત્મચિંતા રખાય એ કેવા અનર્થોને અટકાવી કલ્યાણને ઊભાં કરે છે, એનો વિવેક ઊભો થાય. હવે ખરેખર ત્યાજ્ય શું ? અને આદરણીય શું ? એનો અર્થાત્ હેય-ઉપાદેયનો વિવેક જાગતો બને. આવી અતિશય અને વિવેકવાળી બુદ્ધિમાં શુભ ભાવ-નાઓ રમતી થઈ જાય, પછી લોકોત્તર પ્રશમસુખ ઊભું થવાનું સહેલું બની જાય પણ મૂળ વાત આ, કે

**શાસ્ત્રોમાં કહેલ ભાવોના ચિંતનથી બુદ્ધિમાં એક પ્રકારનો અતિશય ઊભો**

**થવો જોઈએ. તો એમાં વિવેક અને ૧૨ ભાવના ભળીને પ્રશમસુખ જન્મે.**

કનકરથ રાજકુમારને બુદ્ધિ આવી અતિશયવાળી બનેલી છે, એટલે એનામાં હેય-ઉપાદેયનો વિવેક હિતકર-અહિતકરનો વિવેક જાગતો બેઠો છે. તો જ એને જ્યારે હવે પ્રવાસમાં સ્થિરતા મળે છે .ત્યારે સંધ્યાસમયે જિનભક્તિ અને પ્રતિક્રમણ રૂપી ઉપદેય હિતકર કર્તવ્ય બજાવવાનો પુરૂષાર્થ થાય છે. એમ સવારે પણ પ્રયાણ આદરતા પહેલાં જિનભક્તિનું મંગળમય અવશ્ય કર્તવ્ય બજાવાય છે.

જુઓ એનો બુદ્ધિ-અતિશય તથા વિવેક કેટલું કામ કરી રહ્યો છે કે પ્રયાણમાં આગળ વધતાં સરોવર-કાંઠેથી દેખાઈ ગયેલી પેલી સુંદરી અદ્રશ્ય થતી દેખાય છે,ત્યારે કુમારના મનને આ કલ્પના થાય છે કે, 'આ કોઈ દેવાંગના હશે, અને સંભવ છે આટલામાં કોઈ તીર્થસ્થાન હોય તે એનાં દર્શન એ આવી હોય.' કલ્પના કયાં ગઈ ? રમણીયની સુંદરતા વગેરે વિચારવા પર નહિ, પણ તીર્થસ્થાનની કરવા પર. એ બુદ્ધિના અતિશયનું અને વિવેકનું ફળ.

**બુદ્ધિનો અતિશય એ પ્રંસગ પરની કલ્પના પર મપાય :-**

આના પરથી આપણી જાતનું માપ કાઢી શકીએ કે આપણામાં એવો બુદ્ધિ-અતિશય અને વિવેક છે કે કેમ ? પ્રસંગ-પ્રસંગ પર આપણને શું સ્ફુરે છે ?આપણી બુદ્ધિનો-ચિત્તનો ઝોક કઈ તરફ જાય છે ? કેવળ જડ વિષયો અને એની લીલા તરફ ? કે આત્મહિતકારી કોઈ તત્ત્વ તરફ ?

દા.ત. સ્નેહી પ્રેમથી બોલતા આવ્યા તો 'આ બહુ સારા સ્નેહી મળ્યા છે' એવા ખ્યાલ પર ચડયા છે ? કે આમાં મારોપુણ્યદય અર્થાત્ પૂર્વ જીવનની મારી કોઈ તપસ્યા-જિનભક્તિ કામ કરી રહી છે માટે સ્નેહીના સ્નેહમાં તપસ્યા-જિનભક્તિ ન ભ્ ું,' આવો કોઈ ખ્યાલ આવે છે? એવું ધન વગેરેની અનુકુળતા થવા પર આ બે પ્રકારમાંથી કયા પ્રકારનો ખ્યાલ આવે છે ? જો આત્મહિતકર તપ-જિનભક્તિનો ખ્યાલ આવતો હોય તો આ બુદ્ધિ અતિશયવાળી કહેવાય.

અથવા સગાં-સ્નેહી તરફથી અપમાનકારી કે કઠોર બોલ સાંભળવા મળ્યા, તો ત્યાં ચિત્તમાં તરત શું સ્ફુરે છે ? દ્વેષભાવ ?સ્વમાનહાનિનું દુઃખ? 'આ બોલનારા સારા નહિ' એવો દુર્ભાવ ?શું આવું કાંક સ્ફુરે છે કે એના બદલે 'સારું છે આ મારી ભૂલ બતાવે છે,' અથવા આપણી ભૂલ નથી તો મનને શું એવું થાય છે કે, 'મારી નબળી પુણ્યાઈ પ્રમાણે આ બરાબર છે. પૂર્વે તપસ્યા કે જિનભક્તિ એવી નહિ કરેલી એ સુચવી મને હવે તપસ્યા અને જિનભક્તિ માટે સજાગ કરે છે તે સારું છે.' આવું સ્ફુરે છે ? ચિત્તનો ઝોક,બુદ્ધિનો વળાંક,કઈ બાજુ જાય છે એ તપાસવા જેવું છે. જો સ્વાત્મસ્થિતિ તરફ યા મહાપુરુષોનાં ઉમદા ચરિત્ર તરફ

કે આશ્રવ-સંવર તત્ત્વ તરફ બુદ્ધિ-ચિત્ત આશય દોરાતો હોય તો સમજાય કે એ બુદ્ધિમાં અતિશય ઉત્પન્ન થયો છે બુદ્ધિ સાતિશય યાને અતિશયવાળી બની છે.

**સાતિશય બુદ્ધિની બલિહારી છે.**

મનને એ કેટલાય ખેદ-વિખવાદથી બચાવી લે છે;મનને શાંત સ્વસ્થ રાખે છે. લાખો ક્રોડો રૂપિયાની કે મોટા સામ્રાજ્યની સંપત્તિ પર જે શાંતિ અને મસ્તતા ન મળે એ આ બુદ્ધિના અતિશય ઉપર મળે છે.

આ બુદ્ધિનો અતિશય શાસ્ત્રના જિનવાણીના ભાવ વાંરવાર ચિંતવવા પર ઊભો થાય;કહો,

**દિલને જિનોક્ત ભાવોના ચિંતનથી વિંધવા પર બુદ્ધિનો અતિશય જન્મે.**

**૯૮ પુત્રોને બુદ્ધિ-અતિશયઃ-**

ભગવાન શ્રી ઋષભદેવના અઠ્ઠાણું પુત્રોએ શું કર્યું ? એ પ્રભુ પાસે તો ભરત પરના ક્રોધથી ધમધમતા આવ્યા હતા, પરંતુ પ્રભુએ શાંતિ-ઉપશમ કેવળનારી વાણી રેલાવી. એમાં પ્રભુએ જે (૧) ખરા શત્રુની ઓળખ, (૨) આન્તર શત્રુઓના જાલિમ ત્રાસ, (૩) સંપત્તિની નશ્વરતા સાથે જીવ પર સંહારલીલા; (૪) પરિવારની સ્વાર્થાંધતા અને દ્રોહકારિતા,(૫) મમતાની લોખંડી બેડીની અકાટય જકડામણ,વગેરે વગેરે ભાવો સમજાવ્યા, એના પર અઠ્ઠાણું પુત્રો વિચારમાં પડી ગયા; એના ઊંડા ચિંતને એમના દિલને એમના કલેજાને વીંધી નાખ્યું. એમની બુદ્ધિમાં એક સમર્થ અતિશય ઊભો થઈ ગયો. પછી તો કેમ ? તો કે

**આ અતિશયવાળી બુદ્ધિએ સ્વાત્માના વિશ્વ સાથેના અનંતકાળના વિચિત્ર સંબંધો નિહાળ્યા.**

બોલો, એમાં શું શું અવનવું ન દેખાય ? એ બધાની આગળ વર્તમાન જીવનપ્રસંગ કેવા કૂપમંડૂક જેવા જણાય ? કેવા વામણા દેખાય ? અઠ્ઠાણુંની સાતિશય બુદ્ધિએ જગતનો અને મળેલા તન-ધન-પરિવારનો નવો જ રંગ દેખાડ્યો;બુદ્ધિના અતિશયે પૂર્વ જ્યાં પ્રકાશ-પ્રકાશ દેખાતો હતો, ત્યાં ઘોર અંધારા દેખાડ્યા અને જે સાચા પ્રકાશનાં સ્થાન તદ્દન લક્ષ બહાર હતાં, તે હવે પ્રગટ કર્યાં એને ઝળહળતા પ્રકાશવાળા દેખાડયાં. સાતિશય બુદ્ધિની કેવી બલિહારી ! એણે જગતના નાશવંત અને વિનાશકારી ભાવો પ્રત્યેની માનસિક ગુલામીની જંજીરો તોડી નાખનારું બળ જગાડ્યું.

**શાસ્ત્રોના ભારે પરિચય અને હૃદયવેધી ચિંતનથી બુદ્ધિમાં અતિશય :-**

વાત આ છે કે બુદ્ધિમાં એવો અતિશય ઊભો કરી દેવો જોઈએ; અને એ માટે શાસ્ત્રોનો ભારે પરિચય રાખવો જોઈએ, એના કહેલા ભાવો પર હૃદયવેધી

ચિંતન ચલાવ્યે રાખવા જોઈએ; તુંગિયાનગરીના શ્રાવકો માટે આ વિશેષણો આવે છે કે 'લધ્ધટ્ઠા, ગહિયટ્ઠા....' અર્થાત્ 'શાસ્ત્રે કહેલા જીવાદિ પદાર્થોને સાંભળનારા-સમજનારા-ચિંતવનારા અને પોતાના આત્માને એનાથી ભાવિત કરનારા.' એવા તો બીજા કેટલાય શ્રાવકો ભાવિત બનેલા શાસ્ત્રોમાં સાંભળવા મળે છે.

તો શું એ પૂર્વકાળના જ શ્રાવકો માટે શક્ય હતું, ને તમારા માટે આજે શક્ય નથી ? શું આજે એ ભાવોને કહેનારા શાસ્ત્રોને સમજાવનારા ગુરુ નથી મળતા ? મળે જ છે; ને એનું પરિશીલન કરી કરી બુદ્ધિને એનાથી ભાવિત કરવાનું અને એ દ્વારા બુદ્ધિમાં એક અતિશય ઊભો કરવાનું પણ શક્ય છે. તો કેમ એ નથી કરાતું ?

શાસ્ત્રો કોના માટે રચાયાં છે ? તમારા માટે નહિ ?

**તમારા માટે રચાયેલાં શાસ્ત્રોનો ઉપયોગ તમારે નહિ કરવાનો?**

દાદાજીએ તમારા માટે ખાસ ઘર,ખાસ કપડાં,ખાસ ફરનીચર,વગેરે કરાવ્યું હોય, તો તમે એનો ઉપયોગ કર્યા વિના રહો ખરા ? કે ચાહીને ખાસ મમતાથી ઉપયોગ કરો ? ત્યારે મહર્ષિઓએ તમારા માટે ખાસ રચેલા શાસ્ત્રોનો જ ઉપયોગ નહિ કરવાનો ? મહર્ષિઓ પર મમતા હોય, આસ્થા હોય,બહુમાન હોય, તો ય એ મમતાની લાગણીથી પણ એમના શાસ્ત્રોનો ઉપયોગ કરાય. 'મારા કલ્યાણવાંછુ મહર્ષિઓએ મારા માટે જો ખાસ શાસ્ત્રો બનાવ્યા છે, તો મારે એનો ઉપયોગ કરવો જ જોઈએ.' એવું મનને જરૂર થાય. તો પછી એમ કહો કે મહર્ષિઓ પર એવી મમતા જ નથી. નહિતર એમણે તમારા માટે બનાવેલ શાસ્ત્રરત્નોનો કેમ ઉપયોગ ન થાય ?

'મારા દાદાજીનો મારા પર બહુ પ્રેમ હતો અને એથી એમણે આ ઘર મારા માટે ખાસ બનાવેલું,' એવી મમતાની લાગણીથી એ ઘરનો ઉપયોગ થાય છે, તો શું પૂર્વે મહર્ષિઓને તમારા પર બહુ પ્રેમ નહોતો ? શું એ પ્રેમથી ખાસ ગ્રન્થો નથી બનાવી ગયા ?

વાત આ છે કે

**પૂર્વજો એ તમારા પ્રેમથી રચેલ શાસ્ત્રોનો અમૂલ્ય વારસો તમને મળ્યો છે તો એનો સુંદર ઉપયોગ કરો; નહિતર પછી ફરીથી બીજા ભવે આવો વારસો મેળવવાનો હક ઊડી જશે,લાયકાત નષ્ટ થઈ જશે.**

**ભૌતિક વાતોના રસથી શાસ્ત્રરસ ઊડે છે :-**

શું કામ આજની બહુ ભૌતિક વાતોમાં જ મન ઘાલ્યા કરો છો ? એમાં મન ઘાલી-ઘાલીને મનને ખરાબ ખસ્ત અને કૂચા જેવું શા સારું બનાવો ? સમજી રાખો કે ભૌતિક વાતો દુન્યવી વાતોનો બહુ રસ રાખી એના જ બહુ વિચાર-વાણી-વર્તાવ કરવાથી શાસ્ત્રોનો રસ જ જાગતો નથી; પછી શાસ્ત્રોના તત્ત્વભર્યા ભાવ

જાણવા-સમજવા અને મનમાં પલોટયા કરવાનું બનવાનું જ કયાંથી ? અને આમાં ગોળને છોડી ઢોર ખાય એવા ખોળને પકડવાનું થાય છે, એ ભૂલશો નહિ.

જોશો, હિસાબ કાઢશો, તો દેખાશે કે ઘણો એવો સમય જીવનને બિનજરૂરી એવી દુન્યવી વાતો પાછળ બરબાદ થઈ રહ્યો છે. એ બધો સમય એના બદલે શાસ્ત્રોની વાતો સાંભળવા-સમજવામાં ને મનમાં પલોટવામાં વાપરી શકાય.

શાસ્ત્રની વાતો મનમાં ખૂબ ખૂબ પલોટવાનો શો લાભ ? આ મહાન લાભ થાય કે બુદ્ધિમાં એક અતિશય ઊભો થાય; ને એ પછી દુન્યવી જીવનમાં પણ ખૂબ ઉપયોગી થાય. એ જીવનમાં સામે આવતા પદાર્થો અને પ્રસંગો અંગે જુદું જ ઉમદા વલણ જગાવે,ઉમદા વિચારણા કરાવે,ને એ હૃદયને ખૂબ જ શાન્તિ આપે.

**કનકરથ જિનમંદિરમાં :-**

રાજપુત્ર કનકરથ પેલી સુંદરીને જોવા પર, આવા અતિશયવાળી બુદ્ધિથી, નોકર-માણસો કરતાં જુદી જ વિચારણામાં ચડે છે; ચિંતવે છે કે અહીં આટલામાં કોક તીર્થસ્થાન હોવું જોઈએ,જેને ફરસવા માટે આ કોઈ દેવકન્યા અહીં આવી હોય, તો લાવ, તીર્થની તપાસ કરું.'

એ પ્રમાણે ચિંતવીને કુમાર જ્યાં એટલામાં શોધતો ફરે છે, ત્યાં એના જોવામાં એક ભવ્ય સફેદ જિનમંદિર આવે છે, જાણે એ સેંપલ કૈલાસ પર્વત જ ન હોય ? જોતાં જ કુમારનું હૃદય વિશેષ ધબકારા લે છે, દિલ ગદ્ગદ થાય છે; એમાં વળી જિનમંદિરની અંદર શ્રી ઋષભદેવ ભગવાનના મનોહર બિંબને નિહાળ રોમાંચ અનુભવે છે.

**જિનમંદિરદર્શને ભવ્ય વિચારણા :-**

કુમારના મનને એમ થાય છે કે 'અહો ? મારું કેવું સૌભાગ્ય કે મને આવા તીર્થસ્વરૂપ ભવ્ય જિમંદિરને જુહારવાનું મળ્યું ? ચાલો પિતાજીના દાક્ષિણ્યથી પરણવા માટે નીકળવું પડયું, પરંતુ ધક્કો અહીં જ લેખે લાગી ગયો ! આ વિરાટ વિશ્વમાં ભટકતા જીવને આવું વીતરાગ પ્રભુનું મંદીર ભેટવાનું કયાં મળે ? મારે ધન્ય ભાગ્ય,ધન્ય ઘડી, ધન્ય અવતાર !

એવા ભાવોલ્લાસ ઊછળ્યા પછી તો કુમાર શું કામ દર્શનમાત્રથી ટૂંકે પતાવે ? એણે બહાર નીકળી માણસોને સુંદર ફૂલો લઈ આવવા કહ્યું,બીજી પણ પોતાની પૂજન-સામગ્રી મંગાવી, અને પોતે સ્નાન કરી પૂજાને યોગ્ય ચોકખાં વસ્ત્ર પહેરી લીધાં. તાજાં ફૂલો સાથે બીજાં પોતાનાં પૂજન દ્રવ્યો લઈ હવે એ મંદિરમાં વિધિસર પેસે છે, અને ઠાઠથી ભગવાનની પૂજા કરે છે; પૂજન કરતાં કોઈ અનેરો આનંદ અનુભવે છે ! એ દિવ્યાતિદિવ્ય આનંદની સામે દેવલોક અને દેવાંગનાઓ મળવાના

આનંદ પણ તુચ્છ બની જાય છે.

**શાસ્ત્રના ભાવોના પરિશીલનથી બુદ્ધિમાં અતિશય ઊભો થયા વિના આ પ્રભુપૂજનનો ય દિવ્યાતિદિવ્ય આનંદ ન અનુભવી શકાય.**

અતિશયવાળી બુદ્ધિ એ વિશિષ્ટ બુદ્ધિ; અતિશય વિનાની એ સામાન્ય. એવી સામાન્ય યાને જનસાધારણ બુદ્ધિથી લૌકિક દુન્યવી વિષયસુખના પ્રસંગોમાં અનેરો આનંદ આવે, પણ પ્રભુપૂજન જેવા લોકોત્તર અનુષ્ઠાનોમાં અનેરો આનંદ આવવો મુશ્કેલ છે. રાબેતા મુજબ પ્રભુનાં દર્શન-પૂજન-સ્તુતિ તો થાય. પણ એ હૃદયને હચમચાવી ન શકે, દિવ્ય આનંદના હિલોરે ન ચડાવી શકે અહીં કુમાર તો સાતિશય બુદ્ધિથી જિનમંદિર જિનદર્શનપૂજન વગેરેને જુદી જ રીતે નવાજે છે; તેથી જાઓ હવે એ પ્રભુની સ્તવના કેવી કરે છે ! એ ગાય છે,-

**રાજકુમારની જિન-સ્તવના :-**

**निःशेषसुखसन्दोहकन्दकन्दलनाम्बुदः ।**
**जयामेयगुणग्राम ! नाभेय ! जिनपुङ्गव ॥**
**अद्य मे सफलं चक्षुरद्य मे सफलं शिरः ।**
**अद्य मे सफलं पाणिरद्य मे सफलं वचः ॥**
**द्रष्टोसि वन्दितोसि त्वं पूजितोसि स्तुतोसि च ।**
**सुकृतेष्वेषु संसिद्ध उपकारस्तवैव हि ॥**

અર્થાત્ સમસ્ત સુખોના સમૂહના કન્દને ઉગાડનાર મેઘ સમાન અને અમાપ ગુણોના ભંડાર હે ઋષભજિનપતિ ! આપ મારા દિલમાં જયવંતો વર્તો આજે મારી આંખ સફળ થઈ ; આજ મારું મસ્તક સફળ થયું ; આજ મારા હાથ સફળ થયા; આજે મારી વાણી સફળ થઈ (કેમ કે ) ચક્ષુથી તારું દર્શન થયું. (મસ્તકથી) તને વંદન થયું; (હાથેથી) તારી પૂજા થઈ; અને (વાણીથી) તારી સ્તુતિ થઈ આ મારાં સુકૃતોમાં તારો જ ઉપકાર સિદ્ધ છે,નિશ્ચિત કારણભૂત છે.'

**દિલમાં પ્રભુ જયવંતા, તો કેવા લાભ ?:-**

કુમારની બુદ્ધિનો અતિશય આ શ્રદ્ધા કરી રહ્યો છે કે 'સમસ્ત સુખ વીતરાગ પ્રભુના પ્રભાવે જ મળે છે. માટે દિલમાં પ્રભુ જ જયવંતા વર્તો. પ્રભુ અમાપ અનંત ગુણોના ભંડાર છે, તેથી પ્રભુ દિલમાં જયવંતા બને એટલે સહજ છે કે (૧) એમના એ ગુણોની ભારે અનુમોદના ચાલે; એથી અથાગ પુણ્ય ઊભા થાય ; જે સુખની રેલમછેલ કરી દે. તેમ (૨) પ્રભુના અમાપ ક્ષમા-સમતા-ઉદાસીનતાદિ ગુણોનાં મહત્ત્વ દિલમાં અંકિત થઈ જાય પછી દુન્યવી દુઃખ દુઃખ જ ન લાગે,

સમસ્ત સંયોગમાં માનસિક સુખ-શાંતિ ધારાબદ્ધ વહ્યા કરે. વળી (૩) દિલમાં પ્રભુ જયવંતા બને, પછી દુન્યવી સમૃદ્ધિ તુચ્છ લાગે. બોલો, આ ત્રણ મહાન લાભો ખપે છે ? તો અનંતગુણસંપન્ન પ્રભુને દિલમાં જયંવતા કરો.

**દિલમાં પ્રભને જયંવતા કરો એ બુદ્ધિનો અતિશય.**

કુમારની બુદ્ધિની વિશેષતા આ મનાવી રહી છે કે 'આ જીવનમાં આંખ-મસ્તક-હાથ-વાણી તો મજેના મળ્યા પણ મળેલાં એ આજે જિનદર્શન-વંદન-પૂજન-સ્તુતિથી સફળ થયાં,સુંદર ફળવાળા બન્યા. બાકી આ સુકૃતો છોડીને દુન્યવી વિષયો અને પ્રવૃતિમાં એ વપરાવામાં એ આંખ વગેરેની શી સફળતા છે ?' કુમારની જેમ આપણને પ્રભુદર્શને એમ વિચાર આવે ,કે

**અહોભાગ્ય છે મારાં કે આ ગાત્રો મળ્યાને સફળ કરાવનાર આ પ્રભુ મળ્યાં ! બાકી તો ગમે`વી સારી આંખ વગેરે મળેલાં પણ ગટરકલાસ કાર્યોમાં વેડફાઈ રહ્યાં છે.'**

**બીજો વિચાર આ આવે,કે 'આવું દર્શન-પૂજન આદિ આપવામાં પ્રભુનો કેવો અનન્ય ઉપકાર !'**

કુમારની અતિશયવાળી બુદ્ધિ પ્રભુદર્શને આ પણ મનાવી રહી છે કે 'આ પ્રભુદર્શન વગેરે સુકૃત સાધવામાં મારી પોતાની ગુંજાયશ-વડાઈ હોશિયારી નથી, કિન્તુ એમાંય પ્રભુનો જ ઉપકાર સિદ્ધિ છે. પ્રભુનાં ઉત્તમ આલંબને જ થતાં આ દર્શનાદિ સુકૃતોની કિંમત છે. બાકી તો દર્શન વગેરેના પુરૂષાર્થ અને હોશિયારી તો ગમે તેટલી કરાય, પરંતુ જો એ વીતરાગ પ્રભુને બદલે જેનાં તેના દર્શનાદિ કરાય, તો એનું કશું મહત્ત્વ નહિ, ફળમાં હિંગોડા; એ કાંઈ એવા ઊંચા ફળ ન અપાવે એ તો ભગવાન અરિહંત પરમાત્માનાં જ દર્શન-વંદન આદિ કરાય તો જ ઊંચા ફળ આવે; એ દર્શનાદિ સારી સફળતાને પામે માટે,

**દર્શનાદિપ્રવૃતિમાં પ્રભાવ પુરૂષાર્થ-કર્તાજીવ કરતાં દર્શનાદિનાં આલંબનરૂપ પ્રભુનો મોટો; ને તે ય અતિ ભારી પ્રભાવ.**

**પ્રભુદર્શનમાં પ્રભુનો ઉપકાર સાતિશય બુદ્ધિએ સમજાય :-**

આવું બધું સામાન્ય બુદ્ધિએ ન સમજાય, હૈયે ન ઠસે.

બુદ્ધિ વિશેષતાવાળી થાય ત્યારે જ

(૧) દેવદર્શનાદિ સાધનામાં મૂળભૂત સાચો ઉપકાર મુખ્ય ઉપકાર પ્રભુનો છે એ સમજાય;તેમ

(૨) પુણ્યે મળેલ તન-મન-ધન-ઈંદ્રિયો-ગાત્રોની સફળતા જિનભક્તિમાં લાગે;તથા

(૩) સુખનાં સ્ત્રોત પ્રભુમાંથી વહેતાં દેખાય.

બધુ બુદ્ધિની વિશેષતાથી બુદ્ધિના અતિશયથી જ સમજાય એવું છે; ને બુધ્ધિમાં એ અતિશય એ વિશેષતા શાસ્ત્રોનાં પરિશીલનથી જનમે છે એ ભૂલશો નહિ; જેથી શાસ્ત્રપરિચય જીવનમાં ખૂબ વધારવાનું કરાય.

કનકરથ રાજકુમારે મસ્તીથી પ્રભુની સ્તુતિ કરી,દિલ એમાં ગદ્‌ગદ થઈ રહ્યું,જીવનની આ જ ધન્ય ઘડી મનાઈ,જીવનનો સાર પામવાનું આમાં જ લાગ્યું કવિ સ્તુતિ કરતાં કહે છે,-

'અથિર સંસારમાં સાર તુ જ સેવના દેવના દેવ તુ જ સેવ સાહે....'

'આ ફાની દુનિયામાં, આ અસ્થિર અને અસાર સંસારામાં,સાર કાંઈ હોય તો હે જિનેન્દ્રદેવ! તારી સેવા જ સારભૂત છે. માટે મોટા ઈન્દ્ર પણ તારી સેવામાં તત્પર બને છે તત્પર બની સેવા મળતાં એમાં તલ્લીન બને છે.'

**અસાર સંસારમાં જિનેન્દ્રસેવા જ કેમ સારભૂત ? :-**

વિચારો, મોટા ઇંદ્ર જેવાને આ મોહિની ? એની પાસે અથાગ ઐશ્વર્ય છે,દિવ્ય વૈભવ છે, દેવતાઈ ગળચટાં સુખના ભંડાર છે. શી કમીના તે એ એમાં જે પ્રસન્ન નહિ એવો પ્રસન્ન શ્રી જિનેન્દ્રદેવની સેવામાં ! એનું મગજ બહેર મારી ગયેલું કે સારું કામ કરતું ? મગજ મેડ, મૂઢ, કે તેજસ્વી ? બુદ્ધિનો અતિશય એને આ મનાવી રહ્યો છે કે વૈભવ વિલાસ ઠઠારો વગેરે બધુ અસાર ; એમાંથી કશો માલ ન નીકળે, એનાથી આત્માને કશો ઉપકાર ન થાય અને અંતે એ ચાલી જઈને આત્મા માટે દુઃખ-દુર્દશાના સ્રોત-પ્રવાહ મૂકતા જાય

**ત્યારે જિનેન્દ્રસેવા સારભૂત એટલા માટે, કે એમાંથી-**

(૧) પુણ્યાનુબંધી પુણ્યના થોક ઊભા થાય છે;

(૨) મનની અજબ પ્રસન્નતા અને આત્માની મહાન નિર્મળતા સધાય છે; તથા

(૩) અહીં અને પરભવે સુખ-સ્વસ્થતાના સ્રોત વહે છે.

કનકરથ આ સમજે છે, એટલે ભગવાનને સ્તવી રહ્યો છે કે 'પ્રભુ ! તું સુખના સમૂહ વર્ષાવનાર મેઘ છે, તારા દર્શનાદિમાં અમારી આંખ વગેરે સફળ થાય છે, તારો ઉપકાર અવર્ણનીય છે.'

આંખ વીતરાગ પ્રભુ પર લગાવી, મસ્તક એમને નમાવ્યું, હાથ એમના પૂજનમાં યોજ્યા, ને વાણી એમના ગુણગાનમાં જોડી, તો ફળમાં અથાગ પુણ્યની પુષ્ટિ અને અલૌકિક વિશુદ્ધિની તુષ્ટિ થાય. ભવસાગર તરવો છે, તરવા માટે દર્શનાદિ સાધના કરવી છે, તો એમાં આલબંન માત્ર વીતરાગ ભગવાન બને છે. વીતરાગનાં જ આલંબને થતાં દર્શનાદિ સફળ થાય છે. માટે વીતરાગ પ્રભુનો

અનુપમ ઉપકાર છે.

**મંદિરે ઋષિ અને કન્યા :-**

રાજકુમાર સ્તુતિ કરતાં કરતાં પ્રભુને વાંરવાર નમસ્કાર કરે છે. એટલામાં ત્યાં એક વૃદ્ધ અને ખખડી ગયેલ કાયાવાળા તથા જડાઝુંડ મસ્તકવાળા એક ઋષિ આવે છે. એમની સાથે પેલી કન્યા હાથમાં ફૂલનો કરંડિયો લઈને આવે છે; આવીને પ્રભુની પૂજા તથા સ્તવના કરે છે.

**કન્યાને કુમારનું આકર્ષણ :-**

પૂજા-સ્તવના કર્યા પછી કુમાર કન્યાની દૃષ્ટિમાં આવતાં કન્યાના મનને એમ થાય છે કે 'અહો ! આ તે કોણ ? શું આ ઈંદ્ર છે ? ચંદ્ર છે ? સૂર્ય છે ? કોઈ દેવ છે ? કે સાક્ષાત કામદેવ છે ? અથવા આવું અદભૂત સૌદર્ય ઈંદ્રનું ક્યાં છે ? ઈંદ્રને તો શરીરે હજાર આંખ કહેવાય છે એટલે એનું શરીર તો જાણે ઢાંક્યા કાણાંઓ ભર્યું કહેવાય. ત્યારે દેવમાંય આ લાવણ્ય નહિ, તો સૌદર્ય શું ? તો ચંદ્રમામાં ય આ સૌદર્ય કયાં ? કેમકે એ બિચારો કલંકવાળો છે. ત્યારે સૂર્ય વળી એટલો બધો તપનારો કે એને જોવાનું મન જ ન થાય, અને જોયું તો બળ્યા સમજો. ત્યારે કામદેવ તો અનંગ, માત્ર મનમાંથી જનમનારો; એને અંગ જ નહિ, રૂપ જ નહિ, તો સૌદર્ય શાના ? ત્યારે આ મહાભાગ કોણ હશે ?'

કન્યા આ વિચારે છે એટલામાં તો કનકરથ કુમાર સ્તુતિ કરીને ઊઠ્યો, પ્રભુને નમસ્કાર કરીને ત્યાં એકાએક દેખાયેલ ઋષિને આશ્ચર્યપૂર્વક નમસ્કાર કરે છે.

ઋષિ ત્યાં કુમારને પૂછે છે,-'નરરત્ન ! તું કોણ છે ? અને અહીં કયાંથી ?

રાજકુમાર પોતે પોતાનું શું ગાય ? પણ એની સાથેનો ભાટ-ચારણ કુમારનો સુંદર પરિચય આપે છે, ને અહીં સુધી આવવાનું પ્રયોજન કહે છે કે કુમાર રાજકન્યા રુક્મિણીને કન્યાના બાપના આગ્રહથી પરણવા જઈ રહ્યા છે'

એટલામાં ઋષિની લટકતી જટાના આંતરીમાંથી પાછળ ઊભેલી પેલી કન્યા કુમારની નજરે ચડી. કુમાર ઋષિને પૂછે છે, 'આપ તો એક વયોવૃદ્ધ મહર્ષિ દેખાઓ છો, તો અહીં આ કન્યા શી ? આપ કોણ છો ?'

જોવાની ખૂબી છે,- રાજકુમાર પ્રભુની સ્તવનામાં કેવો લીન હશે કે ત્યાં આવેલી કન્યાને અત્યાર સુધી જોઈ નહિ, તે હમણાં જ જોઈ ? વળી જોયા પછી એના દિલમાં વિકાર-વાસના-આકર્ષણ નથી જાગ્યા, પણ આશ્ચર્ય થયું છે કે 'વનવાસી ઋષિ પાસે કન્યા શી ?'

**મન જ ઉન્માદ અને અસત્ પ્રવૃતિનું કારણ :-**

કુમાર યુવાવસ્થામાં આવેલો છે, યુવાની દિવાની, અને એમાં આવી કન્યાના

દર્શનનું એ નિમિત્ત મળી જાય. પછી વાસના-વિકારનાં તોફાન જાગ્યા વિના રહે? છતાં કુમારને એ નથી જાગતાં; ત્યારે એનો મન પર અંકુશ કેટલો હશે ? આંખ પર સંયમન કેવુંક હશે ? મૂળ, મન જ ઉન્માદ અને અસત્પ્રવૃતિ તથા કલુષિત ભાવનાનું કારણ છે. માટે જ 'શાંતસુધારસ' શાસ્ત્ર કહે છે,- એવા મનને પવિત્ર શાસ્ત્રતત્ત્વોનાં ચિંતનથી સંસ્કારિત અને અતિશયવાળું બનાવ્યું, પછી તો એ મન અપવિત્ર વિચારો કરવા માટે તૈયાર જ ન હોય.

ત્યારે મન આવું સંયમિત, પવિત્ર અને પ્રશાંત બન્યા વિના પ્રભુભક્તિમાં એવું એકતાન પણ કયાંથી બની શકે કે ત્યાં પછી મોટી ઈંદ્રાણી ઊતરી પડે તો ય એના પર દૃષ્ટિ જ જાય નહિ, એનો વિચાર જ ન આવે ? મન પવિત્ર બનાવો, શાણું-સ્વસ્થ અને વિષયોથી ધરાયેલું બનાવો, તો મન આડુંઅવળું નહિ જાય, સ્ત્રીઓનાં રૂપમાં નહિ જાય. બાકી તો આજની મર્યાદાહિન વેશવાળી સ્ત્રીઓના યુગમાં માણસના મોત છે. વીતરાગનાં મદિંરમાં ય એના હલ્લા ચાલુ ! એ જોઈ માણસનું મન પાગલ થાય એની એને ક્યાં પરવા છે ? કહો એ માટે જ એવા વેશ પહેરી મંદિર આવે છે. ત્યારે ભોળા લોક ત્યાં ભાન વિસરી જાય છે.

પંરતુ એવા ઘેલા થતા મનને કહો, 'મૂર્ખ ! આવા અવસરે પવિત્ર મટી અપવિત્ર શાનું થવા જાય છે ? કોની ખાતર બગડે ? કોની ખાતર ઘેલું અને નિર્માલ્ય થાય ? વિષ્ઠાની કોથળી ઉપર નાઈલોનનું અસ્તર જોઈ શું મોહવું હતું ? એમાં જોવાલાયક વિચારવા લાયક છે જ શું ? આ તો હમણાં અહીંથી ખસી જશે, પણ તારામાં એથી પેઠેલી પાગલતા-વિહ્વળતા નહિ ખસે, ઊલટું ઊંડી ઊતરી જશે. વિકાર-ઉન્માદનો એ અનંતા કાળનો રોગ છે. એ રોગ આવા લંપટ દર્શનોથી ફાલશે-ફૂલશે. વળવાનું કાંઈ નહિ, અને મહા રોગિષ્ઠ બનવાનું.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૧,અંક-૬,તા.૧૪-૧૦-૧૯૭૨**

**કવિ કહે છે,-**

**'નરભવ દોહિલો રે, પામી મોહવશ પડિયો, પરસ્ત્રી દેખીને રે,**
**મુજ મન તિંહા જઈ અડિયો, કાજ ન કો સર્યા રે, પાપે પિડ મેં ભરિયોં;**
**શુધ બુધ નવિ રહી રે, તેણે નવિ આતમ તરિયો'**

**જીવની કરૂણ કથની :-**

કવિ પ્રભુને જાતની કરુણ કથની કહે છે, અને આપણી પાસે પણ પ્રભુને આપણી કરુણ કથની કહેવરાવે છે, કે 'હે નાથ ! આ જગતમાં મનુષ્યભવ પામવો

કેટલો બધો દુર્લભ છે ! એ ય મને મળી ગયો, તો પછી એ મળવા પર તો, પ્રભુ ! મારે મોહની પરવશતા મૂકી આપની જ આધીનતા સ્વીકારી લેવી જોઈએ. મોહ શીખવે એમ જ કરવા માટે તો આ જગતમાં જનમ ઘણા; કયારે જિનેન્દ્રદેવ ! તું શીખવે એમ જ કરવા માટેનો આ એક જ મનુષ્યનો જ ભવ; અને આ જ કરીને ભવના ફેરા મટે.'

'હે મારા નાથ ! તારે વશ થવા તારી આજ્ઞાને વશ થવા માટેની ઊંચી તક આ દુર્લભ માનવ અવતારે પામ્યા છતાં હું કંગાળ આ ઊંચી તકની કિંમત નહિ સમજતાં તારી આધીનતા મૂકી મોહની આધીનતામાં પડયો રહ્યો, અફસોસ કે હું મોહાધીન બની મોહે શીખવ્યા દુષ્કૃત્ય-દુશચરિત્ર આચરતો રહ્યો. એમાનું એક દુશ્ચારિત્ર આ, કે પરસ્ત્રી દેખીને મારું મન એનામાં જઈ લાગી ગયું. આ મારી કેટલી મોહમૂઢતા ? વીતરાગ દેવ જોવા મળ્યા તો એમાં જઈને ચિત્ત ન ચોંટયું, ને મળમૂત્ર ભરેલું ને માત્ર રૂપાળા એક અસ્તરવાળું મોહનું પૂતળું જોવા મળતાં એમાં મન ઓતપ્રોત બની ગયું ! ત્યાં વીતરાગ ! તારું મુખ યાદે ય ન આવ્યું.

નાથ ! મને એ ભાન ન રહ્યું કે આવાં મળ ભર્યાં પૂતળાં તો જનમ જનમ જોયાં, ને જનમ જનમ એમાં મન લગાડયાં,તો શું એથી મનને કયારે ય તૃપ્તિ થઈ ? અહીં પણ તૃપ્તિ છે ? એ રીતે તૃપ્તિ થાય નહિ. તૃપ્તિ થાય તો વીતરાગ તારાં દર્શનથી તારામાં ચિત્ત ઠરવાથી થાય. એમ ઠરવાની અહીં મળેલી ઉત્તમ તકને ઓળખતાં આવડ્યું નહિ અને ભૂખારવાપણું જ પોષાયે જાય એવા પરસ્ત્રીદર્શન કર્યે ગયો, એ દર્શનથી ચિત્તને ક્ષણિક ઠારવાનું કર્યે ગયો. આ મારી કેવી વિટંબણા ! કેવી મોહવશતા !

"હે મારા નાથ ! ખૂબી તો પાછી એ થઈ કે એમ પરસ્ત્રીમાં આંખોને ભટકાવી અને ચિત્તને લગાડીને વળ્યું તો કાંઈ નહિ મનની કશી ભુખ ભાંગી નહિ કે જંપવળ્યો નહિ, પણ ઉપરથી મારા પિંડને મારા આત્માને ફોગટ પાપોથી ભર્યે ગયો. મારી આ કેવી ઘેલછા ! વળ્યું કાંઈ નહિ, ને ઊલટું આંખો બળતી રહી, વલખા મારતી રહી ને ચિત્ત પરરૂપમાં ચોંટતુ રહ્યું, તે સજ્જનતા ભૂલતું રહ્યું.

હે નાથ ! આ ઘેલછા કરવામાં કશી મને શુદ્ધ બુધ શાન-સમજ રહી નહિ, શુદ્ધ બુદ્ધિ આવી નહિ, આત્માભાન રહ્યું નહિ, ને એથી જ મારો આત્મા આ ભવસાગરથી હજી સુધી તર્યો નહિ, સાગરમાં ભટકો જ રહ્યો."

કવિ આગળ જઈને કહે છે-

**"અનંત ભવ હું ભમ્યો રે, ભમતાં સાહિબ મળિયો;**

તુમ વિણ કુણ દીએ રે, બોધિરયણ મુજ બળિયો; સંભવ ! આપજો રે,

ચરણ કમળની સેવા, નય એમ વિનવે રે સુણિયે દેવાધિદેવા."

અર્થાત્ 'હે વીતરાગ નાથ ! આમ મોહવશ પડી પરસ્ત્રી અને બીજા પાપોમાં મન લગાડવાથી હું અનંતા ભવ ભટક્યો જો તારે વશ રહી તારામાં જ ચિત્ત લગાડ્યું હોત, તારામાં જ હું ઠર્યો હોત તો આ હજી સુધી ભટકવાનું શાનું હોય ? ભવભ્રમણ બંધ જ થઈ ગયું હોત.' પૂછો,-

**પ્રભુમાં ચિત્ત લગાડવાથી ભવનો અંત કેમ ?**

કારણ સ્પષ્ટ છે કે માનવ-અવતારે મોહવશ પડી ઈંદ્રિયો દ્વારા મોહની કાળી રમતો કરવાથી એના જ સંસ્કાર ઊભા થાય. પછી ભાવી અવતારો એ સસ્કારોની રમતના બને, એ સહજ છે ત્યારે ભવમાં ભટકવાનું એટલે શું છે ? મોહનાં સંસ્કારોની રમતના અવતારોની પરંપરા એ જ ભવભ્રમણ છે. અહીંની મોહઘેલી પ્રવૃત્તિઓ અને મોહવશતામાંથી એવી ભાવી રમતપરંપરાને ચલાવનારા કુસંસ્કારના જથા ઊભા થાય એમાં નવાઈ નથી.

એથી ઊલટું જો મનને જિનવશ-જિનાજ્ઞાવશ બનાવી દેવાય, તો મોહની કુટિલ ઘેલી રમતો બંધ પડી જાય, ચિત્ત એમાં જાય નહિ, તેથી કુસંસ્કારો ન વધતાં હોય એમાંથી ઘસારો પડતાં જાય. એમ કરતાં કરતાં કુસંસ્કારો નષ્ટ, પછી એવા સંસ્કારોથી ચાલતી મોહરમતનાં જીવન જ બંધ; અને પ્રભુમાં ચિત્તને ઠરવાનું ગાઢ બની જાય એટલે એ વીતરાગ પ્રભુમાં ચિત્તની તદ્દન એકમેકતા થતાં ભવનો અંત આવી લાગે.

કવિ કહે છે, 'આ સમજ જે બોધિ રત્નથી મળે, એવું મહાકિંમતી બોધિરત્ન, હે પ્રભુ ! તમારા સિવાય કોણ આપી શકે એમ છે ? કોઈ જ નહિ. માટે હે સંભવનાથ પ્રભુ ! મને એવા બોધિરત્નને પમાડનારા તમારા ચરણ-કમળની સેવા આપો; જેથી મારું મન તમારા ચરણમાં જ તમારા જીવન અને તમારી આજ્ઞામાં જ ચોટયું રહે. લાગ્યું રહે, ચિત્ત એમાં જ ઠરે, ઠંડક-ટાઢક-નિરાત એમાં જ અનુભવે.'

**ભગવાનનાં ચરણમાં ચિત્ત ઠરી બેસવાથી બોધિરત્ન મળે ?** હા, એનું કારણ ભગવાનનાં ચરણમાં ચિત્ત સ્થાપવાથી ભગવાનનું જીવન અને સ્વરૂપ તથા ભગવાનની આજ્ઞા નજર સામે આવે, મનને એમ થાય કે 'અહો ! ભગવાનને સંસારના સુખ વૈભવ કેવા ઊંચા મળેલા ! છતાં પ્રભુને એ ગમતા નહોતા; એના પ્રત્યે પ્રભુને વિરકતભાવ હતો. એટલે જ અવસર આવી લાગતાં એ બધુ પગે વળગેલા કચરાની જેમ ખંખેરી નાખ્યું, છોડી દીધું ઉપરથી કાયાની ય માયા એવી છોડી કે કઠોર તપસ્યા અને ખડા ખડા ધ્યાનમાં તથા ઘોર પરીસહો અને ઉપસર્ગોમાં પોતાની કાયા પર કાળો કેર વર્તાવ્યો. કાયાને ગમે તેવા ત્રાસ મળ્યા કે સન્માન

મળ્યા, પ્રભુએ ક્યાંય રાગ કે દ્વેષ કર્યો નહિ.' પ્રભુના ચરણમાં મન લગાડીએ એટલે આ બધું નજર સામે તરવરી આવે તેથી મનને થાય કે જો પ્રભુએ કાયા-માયાની આસક્તિ છોડી, તો તો એ મારે પણ છોડવા જ જેવી.' આ સમજ એ બોધિરત્ન.

પરંતુ જો જો હો પ્રભુ વીતરાગ બન્યા છે, એ પૂર્વે વીતરાગ બનવાની દિશામાં હતા તો એમનું આવું બધું કઠોર સાધનામય જીવન બનેલું હતું. એવું વીતરાગનું જીવન આપણી નજર સામે આવે એટલે આપણને એ સાધનાઓની ભારોભાર અનુમોદના થાય, 'હેં ? ભગવાન જેવા પણ આ સાધનાઓ કરે છે ? ત્યારે એ સાધનામાર્ગ કેટલો બધો કલ્યાણકર ? અને કેવો મારા જેવાને માટે તો ખાસ કર્તવ્ય ?' આમ, મોક્ષ માર્ગ પ્રત્યે રુચિ-આકર્ષણ-શ્રદ્ધા જાગે. ત્યાં બોધિરત્ન અર્થાત્ સમ્યગ્દર્શન સુલભ થાય. તો કહો, કોણ પમાડે એ ? વીતરાગ પ્રભુનાં ચરણની સેવા; કોઈ સરાગીની સેવા એ પમાડી શકે નહિ. વીતરાગમાં જ મન લગાડયાથી સાચી માર્ગસમજ આવે, બોધિરત્ન આવે. એટલે જ નયવિમળ કવિએ ગાયું ને કે 'હે વીતરાગ પ્રભુ સંભવનાથસ્વામી ! તારા વિના મને જોરદાર બોધિરત્ન કોણ આપનાર છે ? માટે હું વિનવું છું કે મને તમારા ચરણકમળની સેવા આપજો. હે દેવાધિદેવ ! આ મારી અરજી સુણો.'

વાત આ હતી કે આવા પરમાત્માનું આલંબન મળવા છતાં એ જ મોહની રમત ? ઉત્તમ મનુષ્યભવે એ આલંબને તો જગના વિષયો પરથી મીઠી દૃષ્ટિ ઉઠાવી લેવા જેવી હતી; પરંતુ મૂઢ જીવ મોહની ગુલામીમાં પડી પરસ્ત્રીદર્શન જેવા કેટલાંય અવિવેકી કૂડાંકામ કરે છે ! રાજકુમાર કનકરથ રાજશાહી વૈભવમાં ઊછરેલો છતાં વિવેકસંપન્ન છે. માનવભવનાં મૂલ્યાંકન કરનારો છે, એટલે જિનમંદિરમાં પૂજાસ્તવનામાં લીન બનેલા અને ત્યાં આવેલા ઋષિની સાથેની પેલી અપ્સરા જેવી કન્યા પર દૃષ્ટિ નથી. ચિત્તને પ્રભુમાં કેવું લયલીન બનાવ્યું હશે ? ચિત્ત પ્રભુમાં કેવું ઠરી બેઠું હશે ?

**ચિત્ત પ્રભુમાં ઠરતું ન હોય ત્યારે જ એને બહારમાં ઠારવા માટે ડાફોળિયા મારવાનું મન થાય.**

**બહારનું જોતાં જોતાં અનંતા સારા કાળ પડી ગયા, અને આ ભવમાં ય વર્ષો પડી ગયા, છતાં જો તૃપ્તિ થઈ નથી, તો શું હવે એ બહારનું જોઈને તૃપ્તિ થઈ જશે ?**

**જે બહારનું જોવાનું ચિત્તને ભૂખારવું જ રાખે એમાં ચિત્તે ઠરવાનું શું ?**

ચિત્તને ઠરવા દેવું તો ત્યાં, કે જ્યાં પછી એ ભૂખારવું ન રહે, એમાં ઉકળાટ-ખણજો-અધીરાઈ ઊઠવાની ન રહે માટે જ પરમાત્મા, શાસ્ત્રો, તીર્થો,

સદગુરુ અને ધર્મક્રિયાઓ વગેરે એવાં આલંબન છે કે એમાં ચિત્તને ઠરતું કરી દેવામાં આવે, તો બહારની કોઈ ખણજો-ઉકળાટ-અધીરાઈ ઊભી ન થાય. બહાર માટે તૃપ્તિ થઈ જાય. મન કહે 'બહારમાં જોવાનું છે જ શું ? ઠરવાનું છે જ શું ? કે 'ત્યાં જઈને ઠરું ?' એટલે જ કનકરથ રાજકુમારને દેરાસરમાં પ્રભુભક્તિમાં ઠરેલા ચિત્તને લીધે પેલી કન્યા પર આંખ જતી નથી હવે જ્યાં પોતાની જિનભક્તિ ગુણગાન પૂરા થયાં ત્યાં આવેલ ઋષિને એ પ્રણામ કરે છે, ઋષિ એને પૂછે છે 'આપ કોણ ? કયાંથી પધાર્યા ?'

રાજકુમારની સાથેનો બારોટ કુમારની ભવ્ય ઓળખ આપે છે. પછી કુમાર ઋષિને પૂછે છે 'આપ અહીં શી રીતે ? આ ભવ્ય તીર્થસમુ જિનમંદિર કોણે બંધાવ્યું હશે ?' ત્યાં વળી ઋષિની પાછળ ઊભેલી કન્યા ઋષિની લટકતી લાંબી જડામાંથી દેખાઈ, તેથી એ પણ પૂછે છે તે , 'અહીં આ બાળા કોણ છે ?'

ઋષિ કહે છે, 'આ મોટી કથા છે. માટે પૂજાનું કાર્ય પત્યા પછી બહાર આવું છું ત્યાં આપણે વાત કરીએ.'

કન્યાના હાથમાં ફુલનો કરંડિયો હતો, એ ફૂલોથી પૂજા વગેરે પતાવી ઋષિ બહાર આવે છે, અને ત્યાં રાજકુમારને હવે પોતાની ઝુંપડીમાં લઈ જઈ ભોજનાદિ આપી, પછી માંડીને પોતાની વાત કરે છે.

**ઋષિ કોણ ? અશિક્ષિત મન-ઘોડો વિકલ્પોના જંગલમાં :-**

રાજકુમારને ઋષિ કહે છે,- અમરાવતી જેવી એક નગરી છે, એનું નામ મિત્રાવતી ત્યાં રાજા હરિષેણ રાજ્ય કરે છે. એને પટ્ટરાણી પ્રિયદર્શનાથી અજિતસેન નામે એક પુત્ર થયો. એકવાર એવું બન્યું કે એક ઘોડા પર સવારી કરીને રાજા નગર બહાર નીકળ્યો ત્યાં એ ઘોડો અશિક્ષિત નીકળ્યો. તે એકાએક જંગલના માર્ગે દોડ્યો. રાજાના માણસો જોતા રહી ગયા, અને ઘોડો તો રાજાને ઉપાડી કયાંનો કયાંય ય દોડ્યો જાય છે. રાજા ઘણો ય એને રોકવી જાય છે, પણ અશિક્ષિત તે રોકાય શાનો ?

માણસનું મન પણ આવું જ છે. જો એ તત્ત્વથી સારી રીતે સુશિક્ષિત નથી, તો અનિચ્છનીય વિકલ્પોના જંગલી જેવા માર્ગે દોડયું જાય છે નવકારવાળી ગણતાં કે ધર્મક્રિયા કરતાં આ અનુભવ છે ને ? મનને ઘણું ય જાપના પદમાં કે ક્રિયાના સૂત્રમાં રોકવા જાઓ, પણ ક્ષણવારમાં મન કેવું છૂ થઈ જાય છે ? કેવા કેવા અંટસંટ આચડકુચડ વિચારોમાં કેવું દોડયું જાય છે ? એક વસ્તુના વિચારમાં, ને બીજીમાંથી વળી ત્રીજીના વિચારમાં...આનું કારણ શું ? આજ કે મનને તત્ત્વની શિક્ષા આપી નથી.

**જાણો છો તત્ત્વની શિક્ષા એટલે ?** માત્ર કોરું તત્ત્વ ચિંતન નહિ, કિન્તુ જીવ-અજીવ આદિ પદાર્થોનું તત્ત્વોનું ક્રમસર રસમય ચિંતન એ તત્ત્વ શિક્ષા. 'રસમય' એટલે એવા રસભર્યું કે વચમાં બીજા ત્રીજા કોઈ વિચાર ન આવે. બીજા ત્રીજાનો એવો રસ જ નહિ કે એ વચમાં વિચારમાં ઊતરી પડે. એવું રસમય તત્ત્વ-ચિંતન પણ ક્રમબદ્ધ ચાલે, એટલે કે તત્ત્વ-ચિંતનની ગાડી ક્રમસર આગળ તત્ત્વના પદાર્થ પર ચાલતી જ જાય. એમ તત્ત્વની જેમ કોઈ મહાપુરુષના જીવ-પ્રસંગોને ક્રમસર વિચારતા જવાય, તો એથી પણ મન સુશિક્ષિત થતું જાય. મુખ્યતાએ આમાં ક્રમ અને રસ ભૂલવાના નહિ તો જ મન પર સારા સંસ્કાર પડે, મન સંસ્કારી બને, ઘડાય, સુશિક્ષિત થાય. પછી એ મનને નવકારવાળીમાં રોકો ક્રિયામાં રોકો કે સ્વાધ્યાયમાં યા વ્યાખ્યાન શ્રવણમાં પણ ક્રમ અને રસથી રોકો, ત્યાં એ આડાઅવળા વિકલ્પોમાં નહિ દોડે. વાત આ કે મનને શિક્ષિત કરો, તત્ત્વથી કેળવો.

ઘણાઓની આ ફરિયાદ છે કે સાધનામાં અમારું મન કેમ સ્થિર રહેતું નથી ? પણ શી રીતે વણકેળવ્યું- અશિક્ષિત એ સ્થિર રહે ? એને કેળવ્યુ હોય તો સ્થિર રહે ને ? કેળવવાનું આ કે મનને તત્ત્વોમાં -ચારિત્રોમાં- ભાવનાઓમાં રસભર્યુ બનાવીને એ ક્રમસર ચલાવ્યા કરો. અરે ! આ કાંઈ ન આવડે તો ય જીવનમાં જે તીર્થો-જિનમંદિરો સ્પર્શ્યા હોય, એને ય ક્રમસર અને રસભરી રીતે યાદ કરતા ચાલો, એમાં ય નામ સાથે એકેક ભગવાનને ધ્યાનમાં લાવી માનસિક વંદના-ખમાસમણું દેતા જાઓ અને આગળ વધો, યા ચોવીસ ભગવાનને કે સુધર્મા ગણધરથી માંડીને પાટપરંપરાએ થયેલ આચાર્ય મહારાજોને ક્રમસર તથા રસભરી રીતે યાદ કરતા ચાલો અને માનસિક વંદના-ખમાસમણ દેતા ચાલો, આવું વારંવાર કરો, તો પણ મન સ્થિરતામાં સુશિક્ષિત થતું જાય મૂળ વાત આ છે કે **મનને એવા રસભર્યા અને ક્રમબદ્ધ પદાર્થ ચિંતનમાં લગાડયે રાખવાની જરૂર છે, તો એ સ્થિરતાનો અભ્યાસ પામે, એમાં કેવવાયેલું શિક્ષિત બનતું જાય.** 'શાંતસુધારસ' શાસ્ત્ર આ માટે સારો મશાલો પૂરો પાડે છે. એવું શિક્ષિત મન પછી ક્રિયામાં સ્થિર રહે.

બાકી અશિક્ષિત મન તો જિંદગીના છેવાડા સુધી આડાઅવળા વિચારો-વિકલ્પોરૂપી જંગલમાં દોડ્યા કરવાનું. રાજા હરિષેણને લઈ અશિક્ષિત ઘોડો જંગલમાં ક્યાંનો ક્યાંય દોડ્યો જાય છે. રાજાએ જોયું કે આ રોક્યો રોકાતો નથી, તો પછી હવે ક્યાંય એવું પકડવાનું મળે તો એને વળગી જવું.' બસ, એમ વિચારીને જ્યાં એક વડનું ઝાડ આવ્યું કે રાજા એની ડાળીને વળગી પડ્યો. ઘોડો તો આગળ ઊપડ્યો પણ રાજા હવે ઝાડ પરથી નીચે ઊતરે છે. ઝાડનાં આલંબને આગળ

ભટકતો બચ્યો. એમ વીતરાગનાં આલંબને કુવિચારોમાં આગળ વધતાં બચાય.

રાજા ચારે કોર જુએ છે તો જગંલ છે, એટલે મનને થાય છે કે ક્યાં જવું? મહેલમાં બેઠો કે શહેરમાં રહ્યો હોય ત્યાં સુધી કોઈ ચિંતા ન હોય કે જગંલમાં મૂકાઉં તો શું થાય ? પણ જંગલમાં મૂકવાનું આવ્યું ત્યારે ચિંતા થઈ.

**'આવશે ત્યારે જોવાશે' શું જોઈશ ? :-**

સંસારમાં આવું જ છે. જ્યાંસુધી જીવન ચાલુ છે, પરલોકપ્રયાણ નથી આવ્યું, પરલોકના દુઃખ વેઠવાનાં નથી આવ્યા, ત્યાં સુધી મન એ તરફ ચિંતા વિનાનું રહે છે કોઈ યાદ કરાવે, ધ્યાન ખેંચે; તો ય મનને એમ થાય છે કે 'અત્યારે શું છે ? એ આવશે ત્યારે જોવાશે;' પરંતુ એ વિચાર નથી કે 'પરલોકગમન અને દુઃખ આવીને ઊભા રહેશે એ વખતે શું જોઈશ ? એક અત્યારે જ પત્ની કે પુત્ર થોડા આઘા જાય તો મન મુંઝાય છે, એમાં વળી મહિનો થયો કશો કાગળ ન આવે તો આકુળવ્યાકુળ થાય છે, તો પછી જ્યાં પરલોક જતાં કાયમના અને વિના-કાગળ-ખબરઅતંરના વિયોગ પડશે ત્યારે કેટલી મુંઝવણ થશે ? એમ અત્યારે કોઈ શારીરિક વેદના કે બીજુ દુઃખ ઊભું થાય તો સહન નથી થતું, હાય ને વોય થાય છે, તો પરલોકમાં એવા કોઈ જાલિમ ત્રાસ ઊભા થયે શું જોઈશ ? શે શાન્તિ રહેશે ?'

પરલોક ગમન અને એના ત્રાસ-દુઃખ-વેદનાનો આ તુલનાત્મક વિચાર નથી એટલે બોલાય છે કે 'આવશે ત્યારે જોવાશે' પણ પછી શું જોઈશ ? આવવાનું નક્કી છે, માટે અત્યારે જ જો; અત્યારે જ વિચાર કર કે 'એ કેમ ન આવે ? કેમ મુંઝવણ ન થાય ?'

**(૧) શું પરલોકગમન અટકે ? :-**

**પ્ર.**- તો શું વિચારણા કરવાથી પરલોકગમન અટકે ?

ઉ.- અટકે નહિ, પણ એ આવે ત્યારે મુંઝવણ ન થાય એવું કરાય. ત્યારે એ જુએ કે માણસને મરતાં ને પરલોક જતાં મુંઝવણ કેમ થાય છે ? કારણકે આ છે કે અહીં મળેલા કાયા-માયાના મનગમતા સંયોગ પર ભારે મમત્વ છે, તેથી એ છૂટી જવાના અવસરે મન આકુળવ્યાકુળ થાય એ સહજ છે. એટલે જ જો અહીં જીવતાં જ એ મમત્વ ન રાખ્યા હોય, મમત્વ ઉતારનારી હાર્દિક સચોટ ભાવના કેળવ્યા કરી હોય તો દુઃખ ન થાય.

**મમત્વ ઉતારનારી ભાવના આ, કે -**

"આ પૈસા-પરિવાર વગેરેનાં સંયોગ નાશવંત છે, એક દિ જવાના છે, મારું એમાંનુ કશું રહેવાનું નથી, માટે એમાં 'મારું મારું' શું કરું ? કશું જ મારું નથી

એટલે હું તો અત્યારથી જ માનું કે જાણે આ બધા ઊપડી ગયા, અને હું એકલો જ છું અને હું એકલો પડવા છતાં ફિકર નથી, ભાગ્ય મારી પાસે છે. તેમ મારા દિલમાં પ્રભુ અને એમનો ધર્મ મારી સાથે છે. મારે શી ફિકર ? અને જગતમાં અઢળક જીવો એકલાઅટુલા કયાં નથી દેખાતા ? કોના પર એ મમત્વ કરે ? ત્યારે શું મારી પાસે આજે સંયોગો છે એટલે જ મમત્વ કરું છું ને ? સંયોગો ન હોય તો શાના પર મમત્વ કરવાનું ? સંયોગોના પાપે મમત્વ થાય છે, માટે એવા પાપસંયોગોને ઓળખી રાખું, એ નિશ્ચિત જવાના એ રીતે એને અત્યારથી જ પર માની રાખું. પરાયા લેખું. જાઓ, તમે મારી છો જ નહિ, એ આ ઘડીથી બરાબર સમજી રાખું."

આમ વારંવાર ભાવના કરતા રહેવાથી જીવમાં એકત્વની લાગણી ઊભી થાય, મમત્વ મોળું પડે, બાહ્ય મમત્વ રહેતું હોય, પણ અંદરખાને બરાબર સમજણ મૂકાય કે 'આ બહારનું કશું મારું નહિ, એક દિ' બધું જ ઊડી જવાનું' જીવનના અંતકાળ સુધી આ લાગણી કેળવ્યા કરી હોય, પછી પરલોકગમન આવીને ઊભું રહે ત્યારે એ છૂટતાં મુંઝવણ ન થાય. મનને એમ થાય કે 'મેં તો પહેલેથી જ સમજી રાખેલ છે કે આ કશું મારું નહિ આ તો અત્યારસુધી મારા થઈને રહ્યા એ કાકતાલીમ સંયોગ; બાકી આ જનમ પૂર્વે આ કયાં મારા હતા જ ? કયાં હું જનમતાં પૂર્વેથી બધુ સાથે લઈને આવ્યો હતો ? આ તો બધા આયારામ-ગયારામ છે, મારા કશા જ નહિ.' ત્યારે હવે પૂછો,-

**(૨) પરલોક દુઃખ અટકે ? :-**

પ્ર.- ઠીક છે, મમત્વ અટકાવ્યાથી પરલોકગમનને નિશ્ચિત યાને ચિંતારહિત બનાવી શકાય, પરંતુ પરલોકમાં દુઃખ અટકે ?

ઉ.- હા,

**પરલોકનાં દુઃખ બે રીતે અટકાવી શકાય,**

**(૧) એક તો, અહીં ધર્મ કરતા રહી પાપી વિચાર-વાણી-વર્તાવ અટકાવવાથી, અને**

**(૨) બીજું બંધાઈ ચુકેલા પાપના ઉદય જાગે ત્યાં ચિત્તને સમાધિ રહે એવું કરવાથી અર્થાત્ અહીંથી સમાધિના સંસ્કાર લઈ જવાથી ત્યાં સમાધિ રહે, તો મનને દુઃખ ન લાગે.**

આ બંને વસ્તુ અહીં સાધ્ય છે, અહીં ઊભી કરવાની.

(૧) ધર્મમાં લાગ્યા રહીએ, તે પણ એવા કે ધર્મસાધના સિવાયના કાળમાં ય દા.ત. ખાનપાનાદિ કે ધનપ્રવૃતિ વખતે ય અંતરમાં ધર્મપરિણતિ ચાલુ હોય;

મન એમ વિચારે કે,

**'આ તો કાયામાયાના તર્પણ એટલે કે મુનિમનાં પોષણ છે; એમાં રાગ-દ્વેષ કરીને માલિક આત્માનું ન લુંટાઈ જાય એ ધ્યાન રાખજે. તેમ આ દેહ મુનિમને પોષ્યા પછી એની પાસેથી આત્માનું કામ લેજે.'**

આવી આવી જાગૃતિ રાખવાથી ધર્મપરિણતિ ચોવીસે કલાક કાયમ રહે તેથી પરલોકે મહાદુઃખ લાવનારાં પાપકર્મ ન ઊભાં થાય. પાપ અટકાવવા માટે કરવાનું આ, કે

(૧) હૃદયમાં સત ધર્મના પરિણામ જાગતા રહે એવી ભિન્ન ભિન્ન પ્રકારની સારી ભાવના-લાગણી-ગણતરી શીખી લેવી જોઈએ કે 'કયા અવસરે કેવી કેવી સારી વિચારણા કેવા કેવા શુભ ભાવ અને ગણતરી રાખવાની' તેમ

(૨) શક્ય સંયમ કેળવવું જોઈએ, તથા

(૩) એને પોષનારી શક્ય ધર્મસાધનાઓમાં રમતાં રહેવાનું. એથી દુઃખ લાવનાર પાપ અટકે.

(૨) પરલોકે દુઃખ વખતે ચિત્તને સમાધિ હોય તો એ દુઃખ દુઃખ ન લાગે. એ સમાધિને અહીંથી ઊભી કરવી પડે. શી રીતે એ ઊભી કરાય ? સમ્યગ્દર્શનથી, સમ્યગ્દષ્ટિ, આશ્રવ-સંવરના વિવેક અને એને અનુરૂપ વલણથી.

સમ્યગ્દર્શન શી રીતે આવે એ સમજો છો ને ? ભગવાન જિનેશ્વરદેવ ઉપર અથાગ અનન્ય રાગે, અને એમણે કહેલાં જીવ-અજીવાદિ તત્ત્વ તથા મોક્ષમાર્ગ પર સંપૂર્ણ શ્રદ્ધાએ સમ્યગ્દર્શન આવે. આ જીવનમાં આ સમ્યગ્દર્શનનો ખૂબ અભ્યાસ કેળવવાની ચિત્તની સુંદર સમાધિ-સ્વસ્થતા જાળવી શકાય; અને એ સમ્યગ્દર્શન તથા સમાધિ અભ્યાસે એવા સુસંસ્કારોનો જથો ઊભો થાય કે પરલોકમાં એના બળ પર એ બંને સુલભ બને.

**સમ્યગ્દર્શનની તાકાત મામુલી સમજતા નહિ.**સમ્યગ્દર્શનની એટલી બધી જબ્બર તાકાત છે કે મોટી સંપત્તિના ઢગલા મળ્યા હોય તો ય ચિત્તને એ અડે નહિ,ચિત્તને મહેકાવે નહિ, ઉન્માદી ન થવા દે; તેમ પૂર્વના અશુભના ઉદયે આપત્તિઓ ઘેરી વળી હોય; છતાં ચિત્ત સમતોલ રહે, સાવધાન રહે, દીન-દુખિયારું ન બને; -આ તાકાત સમ્યગ્દર્શનની છે; વીતરાગ પ્રભુ પરના અથાગ રાગની અને જિનોક્ત જીવ-અજીવ-આશ્રવ-સંવર વગેરે તત્ત્વ પરની અથાગ શ્રદ્ધાની આ તાકાત છે.

ભરત ચક્રવર્તી પાસે છ ખંડનું ઐશ્વર્ય, ચૌદ રતન અને નવ નિધાન, આ સંપત્તિના ઢગલા હતા. છતાં ભરતજી મન મેંહી વૈરાગી; ચિત્તને રાગની અસમાધિમાં

એ ડૂબ્યું રાખનારા નહિ, પૂર્વ ભવે ચારિત્રધર્મના સુંદર પાલન દ્વારા મહાન સમ્યગ્દર્શન અને સમાધિની સાધના કરીને આવેલા; એટલે એના સુંસસ્કારોના બળે અહીં છ ખંડનાં સામ્રાજ્ય વખતે ય સમ્યગ્દર્શન અને સમાધિ સુંદર અનુભવી શકતા. વિચારજો દિન- પ્રતિદિન એનો વેગ કેવો વધતો રાખ્યો હશે કે અંતે આરિસાભવનમાં એ ઠેઠ વીતરાગતા અને કેવળજ્ઞાન સુધી પહોંચી ગયા.

શ્રેણિક અને કૃષ્ણ મહારાજા અત્યારે નરકમાં છે. નરકમાં કેટલા કારમાં દુઃખો ? પણ શાસ્ત્ર કહે છે કે નરકમાં સમકિતી આત્માઓ કારમાં દુઃખોની વચ્ચે ય બીજા મિથ્યાદષ્ટિ જીવોની માફક 'બીજાને મારુ કાપી નાખું,' એવી દુષ્ટતા ધરતા નથી ત્યાં પણ પોતાના પાપકર્મોનો ઉદય વિચારી ચિત્તને ઘોર દ્વેષની અસમાધિથી બચાવી લે છે. બીજાના ઘા એ સહી લે, પણ બીજાઓનાં કાપણ-કુપણ કરવાની એને દુષ્ટતા નહિ. ઘોર દુઃખમાં ચિત્તની આ સમાધિ સામાન્ય નથી. તત્ત્વની સમજના પ્રભાવે ત્યાં પોતાના અશુભ કર્મોનો અને એ ઊભા કરનારા પૂર્વ દુષ્કૃત્યોનો ખ્યાલ કરે છે, પશ્ચાત્તાપ કરે છે. નરકનાં કારમાં દુઃખને દુઃખ માનવા કરતાં પોતાના પૂર્વદુષ્કૃત્યોનું ભારે દુઃખ ધરે છે.

**ચિત્તમાં બાહ્ય દુઃખનું દુઃખ લાગવા કરતા એ બાહ્ય દુઃખની પાછળના પોતાના દુષ્કૃત્યોનું દુઃખ લાગે એ મહાન સમાધિ છે, ચિત્ત-સ્વસ્થતા છે, ચિત્તજાગૃતિ છે, જાગતું ચિત્ત છે.**

શ્રેણિક અને કૃષ્ણ મહારાજાને અહીં સમ્યગ્દર્શનનો સારો અભ્યાસ હતો; એના સંસ્કારો જઈને નરકમાં આ સમાધિ સુલભ કરે છે; જેથી બહારના નિઃસીમ રૌરવ દુઃખમાં ય મનને એવી અસમાધિનું દુઃખ નથી. એ કાંઇ વીતરાગ નથી; એટલે બહારનું દુઃખ મનને દુઃખ તો લગાડે, પણ દુઃખ દેનારા પ્રત્યેના ભારે દ્વેષ-તિરસ્કારવાળું દુઃખ નહિ.

**સીતાને રામે** ગર્ભિણી અવસ્થામાં જગંલમાં ત્યજાવી મૂક્યા, તો ત્યાં શું સીતાના મનને દુઃખ ન થયું ? દુઃખ તો થાય, પણ રામચંદ્રજી પ્રત્યે દ્વેષ-તિરસ્કાર નહિ. દ્વેષ પોતાના પાપકર્મ અને એને ઊભાં કરનારા પોતાના પૂર્વ જન્મનાં દુષ્કૃત્યો પ્રત્યે દુઃખ રામનું નહિ કે 'આ કેવો દુષ્ટ નાલાયક પતિ મળ્યો કે વગર વાંકે આવી ઘોર સજા કરે છે ?' ના, આ દુઃખ નહિ પણ દુઃખ જાતનું કે એવો કેવો મારો દુષ્ટનાલાયક આત્મા કે એણે એવાં પૂર્વ જન્મ દુષ્કૃત્ય આદર્યો ?'

**બાહ્ય દુઃખમાં મનને બીજાની પ્રત્યે દ્વેષ-તિરસ્કારભર્યું દુઃખ લાગે એ ભારે અસમાધિ; અને મનને જાતની દુષ્ટતા લાગી જાતનાં દુષ્કૃત્યનું દુઃખ લાગે એ સમાધિ.**

સમ્યગ્દર્શન આ સમાધિ આપે છે ભારે સંપત્તિ અને ઘોર આપત્તિ પર સમાધિ કેમ રહે એ માટે ભરતજી અને સીતાજી તથા શ્રેણિક-કૃષ્ણનાં દ્રષ્ટાન્ત નજર સામે તરવરતાં રાખવા જવા છે એથી એમની અપેક્ષાએ આપણને મળતી સાવ મામુલી સંપત્તિ વિપત્તિ ને તુચ્છ સુખ-દુઃખ વખતે સમાધિ જાળવી શકાય, ચિત્તને સ્વસ્થ રાખી શકાય.

સુખ વખતે મનને એમ થાય કે 'મને તે એવા કયા ચારે બાજુનાં સુખના ઢગલા મળ્યા છે કે વિષ્ઠાના કીડા કરમિયાની જેમ એને ચાટતો બેસી એમાં મસ્ત બનું ? કયાં એ ભરત ચક્રી અને શાલિભદ્રનાં સુખ ? ને કયાં મારાં ?' એમ દુઃખ આવ્યા હોય તો ય મનને એમ થાય કે 'મને તે શા એવાં દુઃખનાં પોટલા વરસ્યા છે કે એમાં દીન-દુખિયારો બનું ? કયાં એ જંગલમાં તરછોડવાનાં સીતાને દુઃખ ? કયાં એ શ્રેણિક-કૃષ્ણને નરકનાં કારમાં દુઃખ ? ને કયાં મારા દુઃખ ?' આ વિચાર સમ્યક્ત્વના બળે આવે.

**સમ્યગ્દર્શનનો આ પ્રભાવ છે કે બહારના સુખ વખતે અંતરમાં ભાવી અનર્થને નોંતરનારા રાગાદિ પાપોનું ભારે દુઃખ લાગે.**

સુખમાં રાગ, વિષયમૂઢતા, અને બીજા અભિમાનાદિ કષાયો તથા આરંભ-સમારંભાદિ પાપો કેવા મહાલવા માંડે છે ? ત્યારે તો જ્ઞાનીઓ સંસારનાં સુખોને અસાર તુચ્છ અને દુઃખરૂપ કહે છે. સુખી સમકિતીને મન અંતરમાં આ રાગાદિ પાપોનું ભારે દુઃખ હોય છે એટલે તો કહેવાય છે કે,-

**સમકિતી બહારથી સુખી, પણ અંતરથી દુઃખી; ત્યારે સાધુ બાહ્યથી દુઃખી, કિન્તુ અંતરથી સુખી.**

સાધુને બહારના કષ્ટોભર્યું જીવન, પણ અંતરમાં નિષ્પાપતા-સંયમ-શાસ્ત્રસ્વાધ્યાય તથા વીતરાગ દેવ અને એમનું શાસન મળ્યાનો અપરંપરા આનંદ.

**પ્ર.**- તો શું સમકિતીને આ દેવ-ગુરુ-શાસન મળ્યાનો આનંદ નથી ? તો પછી કેમ એ અંતરથી દુઃખી ?

ઉ.- કહો, આ શાસન એને પોતાનામાં ભરચક ભરેલા રાગ-વિષયગુલામી-અવિરતિ-હિંસામય આરંભ-સમાંરભ આદિ પાપોની ભયાનકતા દેખાય છે, ભાવી રાગાદિ પાપમય ભવોની પરંપરા એને દેખાય છે, તેથી એનું એને અંતરમાં ભારે દુઃખ છે. ત્યારે મુનિએ તો આ પાપોને દેશાવટો દીધો છે, એટલે મનને એનું દુઃખ નથી, પણ અનંત કલ્યાણસાધક સંયમાદિ મળ્યાનું અપરંપાર સુખ છે.

**આ સંયમાદિ મળ્યાનું મનને અપરંપાર સુખ એ સમાધિ છે; એમ પૂર્વ ભવનાં કે અહીંનાં રાગાદિ દુષ્કૃત્યોનું મનને ભારે દુઃખ એ સમાધિ છે.**

વર્તમાનમાં તમે સુખી છો ? પણ એ બાહ્ય સુખના આનંદને બદલે જો વીતરાગ પ્રભુ અને એમનું શાસન મળ્યાનો આનંદ છે, અને બાહ્ય સુખથી થતા રાગ-મદ-લોભ અને આરંભસમારંભાદિ પાપોનો ભારે કલ્પાંત છે, તો એ ચિત્તની સમાધિ છે ત્યારે વર્તમાનમાં તમે દુઃખી છો ? પણ જો મનને એનાં રોદણાંને બદલે એ દુઃખો પાછળનાં પૂર્વ જન્મનાં દુષ્કૃત્યોનું દુઃખ છે. રુદન છે તેમજ વર્તમાન દુઃખી વચ્ચે ય વીતરાગ પરમાત્મા અને શાસન પામ્યાનો ભારે આનંદ છે, તો તમારું ચિત્ત સમાધિમાં ગણાય. પૂછજો,-

**પ્ર.- શું દુષ્કૃત્યોનો કલ્પાંત એ સમાધિ કહેવાય ?**

ઉ.- હા, એ તો એવી મહાન સમાધિ છે કે એમાં આગળ વધતાં આવડે તો એ ગોઝારા રાગાદિ દુષ્કૃત્ય પ્રત્યે એવી જબરદસ્ત નફરત છૂટે કે પછી માત્ર પૂર્વજન્મના રાગાદિ ખોટા એમ નહિ, કિન્તુ અહીંના ય રાગાદિ મહાખોટા લાગે. એવા ખોટા લાગે કે પછી અહીં મળેલ પૈસા પરિવાર અને યાવત્ પોતાની કાયા તથા અહંત્વ વગેરે પરના રાગ કપાય, આસક્તિ કપાય, અને અનાસક્તભાવ જાગે. ત્યારે અનાસક્ત ભાવને શું સમજો છો ? એ જીવને વીતરાગભાવ પ્રગટ થાય એટલે તરતમાં જ કેવળજ્ઞાન પ્રગટ થઈ જાય.

તો બોલો, વીતરાગભાવ અને કેવળજ્ઞાન સુધી કોણ પોહંચાડે ? સમાધિ કે અસમાધિ ? ચિત્તની સ્વસ્થતા કે આકુળવ્યાકુળતા ? કહેવું જ પડે કે સમાધિ યાને ચિત્તની સ્વસ્થતા જ ઠેઠ વીતરાગભાવ સુધી લઈ જાય. ત્યારે મહાન આત્માઓ જો મનને દુષ્કૃત્યોનાં ભારે દુઃખ લગાડવા પર વીતરાગ બની કેવળજ્ઞાન પામ્યા છે, તો એ મનને થતું દુષ્કૃત્યોનું ભારે દુઃખ એ સમાધિ જ છે.

સાધ્વી મૃગાવતીજીને ગુરુણી ચંદનબાળાએ ઠપકો આપ્યો કે 'તમારા જેવા કુલીન આત્માએ સમવસરણમાંથી આમ મોડા આવવું ઠીક નહિ ' બસ, ગુરુવચન પર મૃગાવતીજીને આ પોતાનું મોડું આવવાનું એ પોતાનો પ્રમાદ લાગ્યો, દુષ્કૃત્ય લાગ્યું, પણ બચાવ ન કર્યો કે 'અને કયાં ભટકવા ગયા હતા ? ગયા હતા તો પ્રભુની પાસે ને ? ત્યાંથી સીધા સીધા બીજે ક્યાં ય ગયા વિના અહીં ચાલી આવ્યા જરા મોડા પડયા, તે બહુ અનુચિત કરી નાખ્યું ?' ના, આવો કોઈ જ બચાવ નહિ, પણ એ ખરેખર અનુચિત જ સમજ્યા, દુષ્કૃત્ય જ માન્યું, અને તરત ગુરુણીના પગમાં માથું મૂકી ભૂલ થઈ મિચ્છા મિ દુક્કડં ફરીથી આવી ભૂલ નહિ કરવા ધ્યાન રાખીશ' કેવો ધન્ય આત્મા !

ગુરુણી તો પછી સંથારો કરી ગયા, પરંતુ મૃગાવતીજી મનમાં આ દુષ્કૃત્યના ખેદનું તાંડવ ચાલ્યું 'હાય ! આ મારી કેવી ગફલત ? પ્રભુના સહવાસના અંધ

રાગમાં પ્રભુની સંયમયોગનો સમય ઓળખવાની આજ્ઞા જ ભૂલી ? પ્રભુ ફરમાવે છે કે સંયમના યોગોને યથાસમય બરાબર આરાધો; 'બરાબર આરાધો' એટલે એક સંયમયોગ બીજા સંયમયોગનો બાધક ન બને એ રીતે આરાધો. અર્થાત્ એક યોગમાં એવો સમય ન ખરચાય કે બીજા યોગનો સમય ઘવાય. **'કાલે કાલં સમાયરે,'** તે તે કાળે તેને તેને યોગ્ય આચારનું પાલન કરવું. આ શાસ્ત્રાજ્ઞા છે.

**પ્રભુની આજ્ઞાના પાલનમા ંજ પ્રભુની સાચી ઉપાસના છે.**

'ત્યારે મનમાની ઉપાસનાએ મને કેવી ભૂલાવી ? અંધારું થતા પહેલાં સમયસર મુકામે આવી જવું આ જિનાજ્ઞાને હું ભૂલી અહો ! આ મારું કેવું કુષ્કૃત્ય ? મારો કેવો ખોટો મોહ ? એની પાછળ કેવા મારા પૂર્વભવના રાગાદિ ? અને કેવી અહીંની આપમતિ અને જાતનું અભિમાન ?....

બસ, દુષ્કૃત્યોના સંતાપનો અને દુષ્કૃત્યોના મૂળમાં કામ કરતાં આપમતિ, સ્વાભિમાન, તથા રાગના પશ્ચાત્તાપનો દાવાનળ સળગ્યો. એ દાવાનળે સમસ્ત રાગઆસક્તિ વગેરે દોષોને સળગાવી મૂક્યા. દુષ્કૃત્યોનો ખેદ-પશ્ચાત્તાપ-દુઃખ એ સમાધિ ? કે અસમાધિ ? અસમાધિ રાગાદિને બાળી ન મૂકે; એ તો રાગાદિને મજબૂત કરે. ત્યારે અહીં તો રાગાદિને બાળી મૂક્યા. એ બાળી ભસ્મીભૂત કરનારા દુષ્કૃત્યપશ્ચાત્તાપ તથા કલ્પાંતને અસમાધિ ન કહેવાય. એ તો ભારે સમાધિ કહેવાય, કે જેમાંથી અપૂર્વ મહાસમાધિ પ્રગટી, અને એ વીતરાગ કેવળજ્ઞાની બની બેઠા.

ત્યારે એ ભૂલશો નહિ કે

**આ રાગાદિ દુષ્કૃત્યના ભારે આંતર ખેદની સમાધિમાં મૂળ પ્રભાવ કોનો ? પ્રભુનો, પ્રભુના સમ્યગ્દર્શનનો.**

**સમ્યગ્દર્શનમાં મનને શું થાય ?**

**એ** સમ્યગ્દર્શને વસ્તુસ્વરૂપનું સમ્યગ્દર્શન કરાવ્યું, તત્ત્વદર્શન કરાવ્યું મોટું ચારિત્ર પાળો, મોટી ધર્મસાધનાઓ કરો, મોટી તપસ્યાઓ કરો, કે જિનભક્તિ કરો, એ બધુ આ તત્ત્વદર્શનને, વસ્તુસ્વરૂપનાં દર્શનને, સમ્યગ્દર્શનને વધુને વધુ વિકસિત કરવા માટે કરવાનું છે. પ્રભુએ ભાખેલા તત્ત્વોનો હાડોહાડ રંગ લાગી જાય, સમ્યગ્દર્શન અંતરમાં ઉછાળા મારવા લાગે, દૃષ્ટિ સીધા તત્ત્વને જ પકડતી થઈ જાય, એવું બધી સાધનામાંથી તત્ત્વને જ પકડતી થઈ જાય, એવું બધી સાધનામાંથી ઊભું કરવાનું છે. અંતરની દૃષ્ટિમાં તત્ત્વની એટલી બધી ઓતપ્રોતતા થઈ જાય કે પછી જડ ચેતનના ભેદ સાફ સાફ દેખાય, કાયા-માયાથી આત્માનું તદ્દન નિરાળાપણું સાફ સાફ દેખાય, રાગાદિની લાગણીઓએ આત્માના મહારોગ મહાવિકાર જેવી લાગી અંતરને કરડયા કરે.

તીર્થંકર ભગવાને ભાખેલા જીવજીવાદિ તત્ત્વની શ્રદ્ધાની બલિહારી છે. જીવનમાં એવી કશી ત્યાગ-સંયમ-તપની સબળ સાધના નથી બની શકતી, તો ય કમમાં કમ આ તત્ત્વશ્રદ્ધાને આ સમ્યગ્દર્શનને અંતરમાં ઉછાળા મારતું કરી શકાય.

**તત્ત્વ મળ્યાની મનને કદર જોઈએ કે**

અહો ! આ વિરાટ વિશ્વમાં ભટકતા જીવને આ તત્ત્વોની ઓળખ કયાં મળે ? જગત બિચારું આંધળું છે, એને આ તત્ત્વોની કશી ગમ નથી. એ તો મને અહીં આ દુર્લભ ભવે વીતરાગ સર્વજ્ઞ ભગવાન મળ્યા તો એમનાં તત્ત્વોની ઓળખ મળી. કેવા મારાં અહો ભાગ્ય ! આ મળવાનો મહાન ભાગ્યોદય મળ્યા પછી પણ હું આ તત્ત્વોને દિલમાં રમાડતો ન બનું ? તો હું કેવો હૈયાફૂટો ? હૈયામાં જગતનું બીજું ત્રીજું રાખ જેવું મમરાવીને શું મળવાનું ને શું વળવાનું હતું ? હવે તો હૈયે મમરાવું તો મારા તારણહાર પ્રભુનાં તત્ત્વોને' આવા નિર્ધાર કરાય તો સમ્યગ્દર્શનની રઢ લાગે, લગન લાગે; રાતને દિવસ હૈયામાં એને વધુને વધુ ઉછાળા મારતું, રગરગમાં પ્રસરતું અને અંતરમાં અધિકાધિક ઓતપ્રોત થતું કરાય.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૧,અંક-૭,તા.૨૧-૧૦-૧૯૭૨**

વાત આ હતી કે પરલોકપ્રયાણનાં અને પરલોકનાં દુઃખ કેમ અટકે ? એના પર જોયું કે પરલોકગમન એકદમ તો અટકે નહિ, પરંતુ પરલોકમાં જવાનું આવે ત્યારે મુંઝવણ ન થાય એ માટે જીવન જીવતી વખતે શુભ ભાવનાથી કાયા-માયા પરનાં મમત્વ મોળાં પાડી દેવાય મમત્વ મોળાં પડયા એટલે પછી અંતકાળે એ કાયા-માયા છૂટી જતાં ચિત્ત આકુળવ્યાકુળ ન થાય. તેમ પરલોકનાં દુઃખ નિવારવા માટે અહીં સારી રીતે ધર્મ સાધતા રહેવાય, અને સાથે નવાં પાપ અટકાવતા જવાય. વળી ચિત્તની સમાધિ કેળવવાના સારા અભ્યાસ રખાય, જેથી એના શુભ સંસ્કારોના જથા પર પરલોકમાં નિકાચિત પણ પાપના ઉદયે સમાધિ રહેવાથી મનને દુઃખ ન લાગે.

'શાંતસુધારસ' શાસ્ત્ર આ સારી ભાવના, ધર્મપ્રેરણા, પાપની અટકાયત તથા સમાધિ માટે અદભૂત માલ આપે છે. એટલે એનું વારંવાર રટણ અને એના પર ભરચક ચિંતન-મનન કરતા રહેવાનું છે.

**હરિષેણ રાજા આશ્રમમાં :-**

પેલા રાજા હરિષેણને મહેલમાં બેઠા ચિંતા ન હોતી પણ હવે અશિક્ષિત ઘોડાથી જંગલમાં મૂકાયે ચિંતા થઈ કે 'હવે કયાં જવાનું ને શું કરવાનું ?' એ દોડતા

ઘોડા પરથી ઝાડને વળગી નીચે ઊતર્યા, અને ત્યાં આમ તેમ જુએ છે તો એક સરોવર જોયું, સરોવર પાસે જઈ હાથ-પગ-મોં ધોયા, પછી બાજુમાં જોતાં એક આશ્રમ નજરે પડયો. રાજા ત્યાં પહોંચ્યો, તો આશ્રમમાં તાપસોને જુએ છે. તાપસોએ એને આવકાર્યો અને પોતાના વિશ્વભૂતિ નામના કુલપતિ પાસે એને લઈ ગયા.

કુલપતિને રાજાએ પ્રયાણ કર્યા, અને પાસે બેઠો ઋષિ એના લક્ષણાદિ પરથી કલ્પે છે કે આ કોઈક રાજા હોવો જોઈએ. એ પહેલાં તો આશીર્વાદ દે છે, કે

'હે રાજન્ ! જે ઋષભદેવ પ્રભુના મસ્તકેથી બે કાન પાસે લટકતી ભ્રમર જેવી કેશની લટ કુંભ પર ચડાવેલ કમળમાળાની શોભાને ધારણ કરે છે એવા એ ત્રણ જગતને માટે પૂર્ણકુંભ જેવા ભગવાન તમારા મંગળોની પુષ્ટિ કરો.'

એમ આશીષ આપીને વિશ્વભૂતિ ઋષિ રાજાને પૂછે છે,- 'તમારે અહીં કયાંથી આવવાનું થયું ? એકલા કેમ ?'

રાજા જવાબમાં કહે છે, 'ભગવન ! સંસારમાં જીવ એક સ્થાનેથી બીજે સ્થાને કેવો ધારણા બહાર ભ્રષ્ટ થઈ જાય છે એ આજે અનુભવવા મળ્યું. મિત્રાવતી નગરીનો હું રાજા હરિષેણ ઘોડેસ્વારીએ નીકળેલ, તે શી ખબર ઘોડો અશિક્ષિત હશે, તે એણે જંગલ-રસ્તે દોડ્યે જ રાખ્યું; કેમેય એ ઊભો જ ન રહે; અંતે અહીં નજીકમાં ઝાડની ડાળીને હું વળગી પડ્યો. આપના દર્શન મળવાનું સૌભાગ્ય હશે તે ઝાડેથી ઊતરી અહીં આવ્યો. આ આશ્રમ કોનો સ્થાપેલો છે ?

કુલપતિ રાજાને કહે છે, 'ભગવાન ઋષભદેવ સ્વામીના વખતમાં પ્રભુના ભક્ત કચ્છ અને મહાકચ્છ નામના બે મોટા તાપસો થઈ ગયા, એમનો સ્થાપેલો આ આશ્રમ ચાલ્યો આવે છે. અહીં સંસારથી થાકેલા અને મનુષ્ય જીવનનાં સાર પામવાના ઈચ્છુક ભવ્યાત્માઓ આવીને તપસ્યામાં લાગે છે' એમ કહી નિવૃતિમય જીવનની મઝાનાં વર્ણન કરે છે.

રાજાને આ સાંભળતા મનને થયું કે 'અહો ! કેવા ધન્ય આત્માઓ કે સંસારની તાપમાન જળોજથાથી છૂટી અહીં તપોમય જીવન ગાળે છે ! ક્યારે મારે એવો ધન્ય દિવસ આવશે કે હું પણ વિટંબણા અને સંતાપભર્યા સંસારથી છૂટી આવા તપોમય જીવનમાં લાગી જઈશ ?

**શું આ માનવદેહ જીવનના અંતકાળ સુધી સંસારની જળોજથાથી વિડંબાવા માટે જ છે ? વિષયોથી ઊકળતો જ રહેવા માટે છે ?**

જીવની એ મૂઢ દશા છે કે જે સંસારની જળોજથામાં આનંદ મનાવે છે, પછી ભલે એમાં ડગલે ને પગલે એક યા બીજા પ્રકારની ચિંતા-ભય-સંતાપ ઊઠ્યા કરતા હોય. જીવને એક જાતનું અભિમાન પોષાતું રહે પછી આ ચિંતા વગેરે ભમરીઓ

ભલે કાટતી-ડંખતી વિષયોથી ઈંદ્રિયોને ઠારવાનું માને છે. પણ એ ઈંદ્રિયો જુગારીની જેમ એથી ખોટી ટેવાયેલી વધુ ને વધુ ખણજોવાળી બને છે, ને તેથી જુગારની જેમ નવા નવા વિષય સંપર્ક માટે આતુર બની રહે છે. એટલે દેહને એનો સદાનો ઉકળાટ. વિષયોમાં ક્ષણભર ઠરવાનું દેખાય, પરંતુ વિષયઝંખનાનો ઉકળાટ રાત ને દિવસ ચાલુ. એટલે આ વિષયોમાં કાયમી ઠરવાનું માનવું એ કેવી ભ્રમણા ?

**આશ્રમવાસીઓને ભય કેમ નહિ ?**

રાજા વિશ્વભૂતિની પાસે વાતચીત કરતો બેઠો છે અને શુભ ભાવના કરી રહ્યો છે, એટલામાં જંગલમાં મોટો કોળાહળ ઊઠ્યો . આશ્રમવાસીઓને એ સાંભળીને કશો ભય નથી કે 'હાય ! લૂંટાઈ જઈશું ?' કેમકે પાસે છે શું તે એ લૂંટાવાનો ભય લાગે ? ભય તો જેણે કશો પરિગ્રહ રાખ્યો છે એને એ લૂંટાઈ જવાનો હોય. આ તો ત્યાગી તાપસો છે એમને શું લૂટવાનું ? તેમ એ પણ ભય નથી કે 'હાય ! કોઈ મારશે ?' કેમકે કાયા પર પણ એવું મમત્વ રાખ્યું નથી, તેથી તો તપસ્યાઓ કરી કરી કાયાને સૂકવી રહ્યા છે.

આમ તાપસોને ભય તો કશો નહિ, પણ જિજ્ઞાસા થાય છે તે આ શાનો કોળાહળ હશે ? તે પરસ્પરના મોંઢા સામે જુએ છે ત્યાં રાજા હરિષેણને ખ્યાલ આવે છે કે પોતાનું સૈન્ય આવ્યું હોય તેથી કુલપતિને કહે છે 'મહારાજ ? મને લાગે છે કે મને શોધવા નીકળેલ મારી સેનાનો અવાજ હોય. તેથી હું જરાક એને દર્શન આપી આવું, જેથી એને શાંતિ થાય'

એમ કહી રાજા ઊઠયો. ઋષિને પ્રણામ કરીને આશ્રમની બહાર ગયો. ત્યાં જુએ છે તો પોતાની સેના જ હતી; એટલે સેનાને દર્શન આપી આનંદિત કરી દે છે સેનામાં રાજાનો જયજયકાર ગાજી રહે છે. બધા ખુશી ખુશી માને છે કે 'ચાલો રાજાસાહેબ મળી ગયા, સારું થયું'

હવે સેનાપતિ કહે 'પધારો મહારાજા ! નગર તરફ,'

રાજા કહે છે 'ના હમણાં અહીં થોભો અહીં મહર્ષિનો આશ્રમ છે, આત્માને ઘણી ઠંડક આપનારો. તેથી એમના સત્સંગનો લાભ લઈએ. શહેરમાં ગયા પછી વળી આ મહાકિંમતી સત્સંગ કયાં મળે ? અહીં જ્યારે અણધાર્યું આવવાનું બન્યું છે, તો એ સારા માટે હાલ અહીં મહિનો માસ સત્સંગ અને શાંતિ માટે રહેવું છે, તેથી તમો બધા અહીં જ પડાવ નાખો.'

બસ, રાજાનો આદેશ થયો એટલી જ વાર સેનાએ ત્યાં છાવણી જમાવી દીધી રાજા ત્યાં રહે છે અને મોટો ભાગ વિશ્વભૂતિ ઋષિની ઉપાસના કરે છે, એમની પાસે બેસી તત્ત્વની ગોષ્ઠી કરે છે દિનપ્રતિદિન રાજાની શુભ ભાવના

વધતી ચાલે છે.

**સત્સંગ અને સત્ શ્રવણનો આ પ્રતાપ છે કે માણસનાં દિલને ફેરવી નાખે; અસદ વિકલ્પો અને વિચારોથી બચાવી દિલમાં શુભ ભાવનાઓ સ્ફુરયમાન કરી દે.**

આનો અનુભવ તપને આ 'શાતસુધારસ' શાસ્ત્ર સાંભળવાથી થશે. આમાં વળી ભાવનાઓનું જ મનોહર વર્ણન છે, એટલે શુભ ચિંતવના માટે સીધો જ માલ મળે. એમાંથી પછી મનને અદભુત લોકોત્તર શાન્તિનો અનુભવ થાય એમાં નવાઈ નથી.

શાસ્ત્રકાર કહે છે કે 'શાસ્ત્રપરિશીલનથી અતિશયવાળી બનેલી બુદ્ધિમાં જો શુભ ભાવનારૂપી કલ્પવેલડી આશ્રય કરે તો એને લોકોત્તર પ્રશમસુખનો અનુભવ દૂર નથી.' એ ભાવનાઓ કઈ એ બતાવતાં કહે છે,-

**-: ૧૨ ભાવનાઓ :-**

**अनित्यवाशरणतेभवमेकत्वमन्यताम् ।**
**अशौचमाश्रवं चात्मन् ! संवरं परिभावय ॥**
**कर्मणो निर्जरां धर्म-सूक्ततां लोकपद्धतिम् ।**
**बोधिदुर्लभतामेतां भावयन् मुच्यसे भवात् ॥**

અર્થાત્ બાર ભાવનાઓ આ છે,-(૧) અનિત્યતા, (૨) અશરણતા,(૩) સંસાર, (૪) એકત્વ, (૫) અન્યત્વ, (૬) અશુચિત્વ, (૭, ૮, ૯) આશ્રવ-સંવર-કર્મનિર્જરા, (૧૦) ધર્મની દુર્લભતા, એને ભાવવી તે આ ભાવનાઓને દિલમાં ભાવિત કરનાર આત્મા ભવથી મુકાય છે. કહે છે ને'ભાવના ભવનાશિની.'

ભાવના કરવા માટે આ બાર મુદ્દા છે. એમાંના એકેક મુદ્દા પર ભાવના કરવાની છે. એ ભાવના એવી કરવાની કે દિલ એનાથી ભાવિત થાય, રંગાઈ જાય; પછી દિલ વસ્તુ દર્શન કરે ત્યાં એ દષ્ટિએ જ દર્શન થાય.

**ભાવના આત્મા પરના ભવનો (સંસારનો) નાશ કેમ કરે છે ?**

**આટલા જ માટે કે ભવ યાને સંસાર જે રાગ ઉપર ઊભો છે, ભાવના એ રાગનો નાશ કરે છે.**

મૂળ રાગ ઉપર કામ-ક્રોધ-લોભ મિથ્યાત્વ અવિરતિ-યોગ-પ્રમાદ વગેરે દોષો ઊભા થાય છે; એથી આત્મા કર્મથી બંધાય છે; અને એ કર્મોના ઉદયે ચારગતિમય સંસારને અનુભવે છે, સંસારમાં-ભવમાં સુખ-દુઃખમય વિચિત્ર ભાવોને ભોગવતો ભમ્યા કરે છે. એ બધાનું મૂળ કારણ રાગ.

આ રાગ ઈંદ્રિયોના વિષયોનાં દર્શન-શ્રવણ-સ્મરણ પર ઊઠે છે. જુઓ, જીવ શાંતિથી બેઠો હોય, પણ જ્યાં કશું દેખાયું, કશું ચાખ્યું-સુધ્યું-સ્પર્શ્યું છે. પછી એ

દેખાતું-ચખાતું મનમાં બાંધી મૂકેલ રાગના હિસાબે જો ઈષ્ટની મર્યાદામાં ન હોય, અર્થાત અનિષ્ટ હોય, તો એના પર દ્વેષ અરુચિ-અણગમો થાય છે. ગમે તેમ પણ દર્શન રાગ-દ્વેષ-નફરત વિનાનું જતું નથી. એમ બહારથી કશું જોવા-સાંભળવાનું વગેરે ન હોય, કિન્તુ મનમાં એવા કશાકનું સ્મરણ થઈ આવે, ચિંતન થઈ આવે, તો ય આ રામાયણ છે કે સાથોસાથ રાગ યા દ્વેષ સ્ફુરી આવે છે. તમારા જીવનમાં તપાસી જોજો, કશું જોયું-ચાખ્યું-સાંભળ્યું કે ચિંતવ્યું ને શું રાગ દ્વેષ ન સ્ફુર્યા ? કયું દર્શન વીતરાગભાવે થયું ?

**જીવ અનાદિનો પાગલ છે,** વિષયને જોતા-કરતાં, ઝટ એને ટકા આપવા માંડે છે કે 'આ સારું આટલું સારું,' યા 'આ ખરાબ, આટલું ખરાબ' અંતરના રાગ-દ્વેષ આ ટકા અપાવે છે.

**પ્ર.- શું રાગ-દ્વેષથી ટકા આપવા એ પાગલતા છે ?**

ઉ.- નહિ તો બીજુ શું ? જગતની વસ્તુ એના ભાવ ભજવ્યા કરે છે; એમાં તમારા ટકા આપ્યાની શી કિંમત છે ? સવારે તાજું ફુલ જોઈ સુંદર લાગ્યું, એને સુંદરતાના ટકા આપ્યા, પણ સાંજે જ એ ફૂલ કરમાઈ ચીમળાઈ જતાં સુંદરતાના ટકા ઉઠાવી લેવા પડે છે; હવે અસુંદરતાના ટકા આપો છો. એમ સુંદરતા-અસુંદરતાના તમે ટકા આપ્યાથી ફૂલવસ્તુમાં શો ફરક પડયો ? એ તો સ્વતંત્રપણે પોતાના ભાવ ભજવ્યે જાય છે, તમે સારા ટકા આપ્યા તેથી સુંદરતા વધતી નથી કે ટકી રહેતી નથી, ને પછી તમે નરસાના ટકા આપ્યા તેથી અસુંદરતા મટતી નથી, ઊલટું તમારું દિલ ફૂલે છે, ને કરમાય છે, શાંતતા-સ્વસ્થતા ગુમાવે છે. દારૂડિયો દારૂપીને ભલે ને ફૂલાય, પણ પોતાની સ્વસ્થતા ગુમાવે છે. તેથી પાગલ ગણાય છે એમ વિષયરાગથી આ ટકા વારીમાં પડવા જતાં જીવ ભલે ને ફૂલાય. પણ એમાં સ્વસ્થતા ગુમાવાય છે તો એ પાગલતા નહિ તો બીજુ શું છે ?

એટલે વાત આ છે કે વિષયદર્શને રાગ ઊઠે છે અને રાગ પર સંસાર ઊભો થાય છે, ત્યારે આ અનિત્યતાદિની ભાવનાથી જો દિલને ભાવિત કરી દીધું હોય, તો પછી એ દિલની દૃષ્ટિ જ ફરી જાય. પછી ગમે તે વિષય જોવા ચાખવા સાંભળવા મળે ને, કે વિચારમાં આવી જાય ને પણ એને એ અનિત્યતા-અશરણ વગેરેની દૃષ્ટિએ જ જોવા-કરવાનું થશે; અને એ થાય એટલે ત્યાં રાગ નહિ ઊછળી પડે. એમ રાગદબાતો મરતો જાય એટલે સંસાર મરવા માંડે. વાત, કે

**ભાવનાથી દિલને એવું ભાવિ કરો કે જેથી પછી વસ્તુદર્શન પ્રત્યે દિલની દૃષ્ટિ ટકાવારી ની નહિ, પણ જુદી જ હોય, અનિત્યાદિની હોય એથી ત્યાં ભવવર્ધક રાગ દબાય તો ભવ ટુંકા થાય.**

દા.ત. તાજું ફૂલ દેખ્યું, મનને સુંદરતાની રાગની લાગણી થવા જાય, પણ એજ વખતે દિલની એના તરફ દૃષ્ટિ જ આવી હોય કે 'આ તો અનિત્ય છે સાંજ પડયે કરમાઈ જવાનું છે, સુંદરતા ડૂલ થઈ જવાની છે, ઉકરડે ફેંકી દેવા લાયક બની જશે, આમાં શી સુંદરતા ? ને શા રાગથી મોહવું ?' તો ત્યાં રાગ દબાવાનો.

ભાવના કરીને કરવાનું આ છે કે દિલની અનાદિની દૃષ્ટિ બદલાય; એટલે પછી વિષયદર્શન-સ્વાદ-શ્રવણ વગેરે પર એ દૃષ્ટિએ જોતાં, એ દર્શનાદિ રાગ-દ્વેષથી ખરડાયેલાં ન થાય. ભાવનાથી દૃષ્ટિ બદલવાની છે માટે,

**ભાવના આવડવી જુદી, ને ભાવવી જુદી, ભાવવી એટલે દૃષ્ટિ એવા રૂપની કરવી.**

પંડિતાઈ આવી હોય એટલે ભાવના પર સારું લેકચર કરતાં આવડે લેખ લખતાં આવડે, પણ એટલા માત્રથી નિયમ નહિ કે દિલ ભાવનાથી ભાવિત થયેલું જ હોય દિલ કોરું ધાકોરે ય હોય. અનંતીવાર ચારિત્ર લીધા, શાસ્ત્રો ભણી વિદ્વાન થયા, વ્યાખ્યાતા ય બન્યા, ત્યારે શું આ ભાવનાઓ પર ભાષણો નહિ કર્યા હોય ? કે બીજાને એ સમજાવી નહિ હોય ? આવડ્યા વિના શું બોલાય ને શું સમજાવાય ? આવડેલી, સારી આવડેલી, પણ દિલ કોરું ધાકોર; દિલની દૃષ્ટિ નહિ બદલાયેલી નહિતર અત્યારસુધી ભવમાં રહેવાનું શાનું હોય ?

**શાસ્ત્રો ભણી કે વ્યાખ્યાન સાંભળીને માત્ર જાણકાર નથી થવાનું, કિન્તુ દિલને એ તત્ત્વોથી ભાવિત કરી દિલની અનાદિની ઊંધી દૃષ્ટિ બદલી નાખવાની છે.**

બોલો, વ્યાખ્યાને શા માટે આવો છો ? માત્ર જાણકાર બનવા કે દિલને સાંભળી-સમજીને ભાવિત કરી દિલની દૃષ્ટિ બદલવા ? કહે છે,-

**પ્ર.- જાણકાર થઈશું તો દૃષ્ટિ બદલાશે ને ?**

ઉ.- નિયમ નહિ; કહ્યું તો ખરું કે અનંતી વાર ઠેઠ ચારિત્ર લઈ જાણકાર તો થયા છતાં દૃષ્ટિ કયાં બદલાઈ ? એ તો દૃષ્ટિ બદલવાની ભારે ગરજ જાગી હોય, તો જ જાણકારી મળતી જાય તેમ તેમ દૃષ્ટિને બદલવા કોશીશ કરાય જાણવું જ્ઞાન મેળવવું, ઉપયોગી છે, પરંતુ દૃષ્ટિ બદલવાના ગરજુને એ જાણકારી ઉપયોગી છે, બિનગરજુને નહિ માટે પૂછાય કે 'વ્યાખ્યાને કેમ આવો છો ?' તો એમ કહેતા નહિ કે 'સારું સાંભળવા યા જ્ઞાન મેળવવા,' પણ એમ કહો કે દિલને સારી વસ્તુથી ભાવિત કરવા અને દિલની દૃષ્ટિ બદલવા વ્યાખ્યાન સાંભળીએ છીએ '

આપણે જાણીએ છીએ કે અનાદિ કાળથી દિલની દૃષ્ટિ મલિન છે, અજ્ઞાનતાભરી છે, તેથી દિલને હેય-ઉપાદેયનો સાચો વિવેક નથી. હેયયાને ત્યાજ્ય વસ્તુને હિતકારી માનીએ છીએ, તેથી એનો આદર કરીએ છીએ; અને ખરેખર

હિતકારી એવા ઉપાદેય વસ્તુને એવી સમજતા નથી તેથી એનો આદર કરતા નથી. દૃષ્ટિ જ ઊંધી તેથી પ્રવૃતિ ઊંધી થાય છે; ને એથી સંસાર-ભ્રમણ ચાલુ રહે છે. સંત પુરુષોનાં હિતવચન સાંભળીએ, શાસ્ત્રો ભણીએ-વાંચીએ, એ લાભકારી છે, કેમકે તેથી વસ્તુસ્વરૂપ ખ્યાલમાં આવે ને પેલી ઊંધી દૃષ્ટિ બદલાય પરંતુ દૃષ્ટિ બદલવાની ગરજ હોય, તમન્ના હોય, તો જ દૃષ્ટિ બદલાય. 'શાંતસુધારસ' શાસ્ત્રમાં ભાવનાઓનાં વર્ણન સાંભળીને વિશ્વની વસ્તુઓનાં અનિત્યાદિ સ્વરૂપ ખ્યાલમાં આવે, એટલે એની પ્રત્યેની ઊંધી દૃષ્ટિ બદલાય, એ વાત સાચી; પણ એ બદલવાની ગરજ હોય તો જ બદલાય એ બદલવા માટે ય એ ભાવનાઓને વાંરવાર ચિંતવીને દિલને ભાવિત કરવું જોઈએ.

**દેરાસર-નિર્માણ-**

કનકરથ રાજપુત્રને વૃદ્ધ તાપસ કહે છે કે પેલો હરિષેણ રાજા વિશ્વભૂતિ તાપસના આશ્રમ પાસે, પોતાના લશ્કરની છાવણી નખાવીને રહ્યો છે, અને એક મહિનો કુલપતિ તાપસની ઉપાસના કરે છે; સારું શ્રવણ કરી કરીને પોતાના દિલને એનાથી ભાવિત કરતો જાય છે; ત્યાં એણે સારી દૃષ્ટિ ઊભી કરી; એને પરમાત્મા પ્રત્યે ભારે રાગ ઊભો થયો; ને તેથી એણે આ દેરાસર બંધાવ્યું.

**ગુરુ પરમગુરુને મેળવી આપે.**

તાપસે પરમગુરુ પરમાત્માના કેવા ગુણ ગાયા હશે અને રાજાએ એ કેવા ઝીલ્યા હશે કે એણે ખૂબ ભાવથી જિનમંદિર બંધાવ્યું ! રાજાએ એક માસ ઉપાસના કર્યા પછી હવે કુલપતિ પાસે જવાની રજા માગે છે. એ કહે છે, 'ભગવન્ ! અહીં આપની છાયામાં એવો નિર્મળ આનંદ આવે છે કે અહીંથી જવાનું મન ન થાય. પરંતુ રાજ્યના કારભાર સંભાળવા રહે છે, તેથી હવે હું જવાની રજા માંગુ છું'

વિશ્વભૂતિ કુલપતિ પણ સમજે છે કે કારભાર સંભાળ્યા વિના વ્યવસ્થા બરાબર ચાલે નહિ, તેમજ સંસારી જીવો જેટલો પોતાની રુચિથી સત્સંગ કરે એટલી વાહવાહ, બાકી એમના પર કાંઈ સત્સંગનો બલાત્કાર થાય નહિ,' એટલે એ રાજાને કહે છે, 'જુઓ અહીં તમે સત્સમાગમનો અને તત્ત્વશ્રવણનો સારો લાભ લીધો; તો હવે એને બરાબર દિલમાં રાખજો રાજ્યના કામકાજમાં એને ભૂલી જતા નહિ' એમ કહી કુલપતિએ રાજાને વિષાપહાર-મંત્ર, ઝેર ઉતારવાનો મંત્ર આપ્યો.

**રાજાને નિવૃત્તિજીવનના આનંદે સંસાર-પ્રવૃતિનો રસ ઉપાડયો :-**

રાજા હરિષેણ પછી સેના સાથે પોતાની નગરીમાં પાછો આવ્યો; રાજ્ય-કારભારમાં પડે છે, પરંતુ એના દિલમાં તાપસના આશ્રમમાંના એક માસના વસવાટે

નાખેલા સંસ્કારોએ દૃષ્ટિ બદલી નાખી છે, તેથી રાજ્યસત્તા-સંપત્તિ વગેરેમાં એને હવે પૂર્વના જેવો આનંદ નથી. એના મનને અવરનવર યાદ આવતાં એમ થાય છે કે 'અહો ? ક્યાં એ તપોવનના નિવૃત જીવનનો આંનદ ? અને ક્યાં આ પ્રવૃતિ-જીવનની ખટપટ ?' આમ લાગવા છતાં પ્રવૃતિ-જીવન ઊભું તો રહ્યું, પણ પેલા નિવૃતિ-જીવનના આનંદે આમાંથી રસ ઉપાડી મૂક્યો. 'શાંતસુધારસ' મહાશાસ્ત્ર પણ આ કામ આપે છે એનું વારંવાર રટણ-મનન સાંસરિક પ્રવૃતિ જીવનના રસ ઉઠાડી મૂકે છે.

**રાજપુત્રી પ્રીતિમતિને સર્પદંશ :-** એક વારનો પ્રસંગ છે, રાજા હરિષેણ સભા ભરીને બેઠો છે ત્યાં બહારથી એક માણસ આવીને ખબર આપે છે. કે- 'મહારાજા ! મંગલોથી ભરેલી મંગલાવતી નામની નગરીમાં પ્રિયદર્શન નામે રાજા છે એને વિદ્યુત્પ્રભા નામ રાણી છે. આ રાણીએ પુત્રીને જન્મ આપ્યો, અને એનું નામ પ્રીતિમતી રાખવામાં આવ્યું. એ મોટી થતાં એક વાર એને દુષ્ટ સાપ ડસ્યે...એનું ઝેર ચડી જતાં એ મરવા જઈને પડી રાજાએ ગારુડિકોને બોલાવ્યા, બીજા ઉપચારના જાણકારોને બોલાવ્યા, મંત્ર જડીબુટ્ટિ વગેરે ઉપચારો કરવામાં આવ્યા, પરંતુ કશું જ ફળ આવ્યું નહિ.

રાજા-રાણીને કલ્પાંતનો પાર નથી. બીજાઓ પણ દુઃખ કરી રહ્યા છે. કે 'હે ? શું આ બિચારી છોકરી મરશે ?' જાણવા મળ્યું છે કે આપની પાસે વિષાપહાર મંત્ર છે, એથી ઝેર દૂર થાય છે તો શું આપ એ દ્વારા આ રાજકુમારીને જીવતદાન ન બક્ષી શકો ?'

રાજા હરિષેણને આ સાંભળી લાગણી ઉભરાઈ આવી, પરંતુ જુએ છે કે એ રાજ્ય અને એ નગર અહીંથી દૂર છે. તેથી એટલે છેટે જલ્દી કેમ પહોંચાય ? અને જલ્દી ન પોહાચાય,તો કુમારી કેટલું જીવતી રહે ? ખેર ! પ્રયત્ન તો કરું.'

આમ વિચારીને રાજાએ તરત સાંઢણીઓ મંગાવી અને પોતે તથા પોતાના માણસો એના પર સવારી કરીને ઊપડ્યા; પહોંચી ગયા એ નગરમાં રાજા જઈને જુએ છે તો રાજકુમારી મર્યા જેવી થઈને નિશ્ચેષ્ટ પડી છે. અને એના મા બાપ વગેરે ભારે ગમગીન થઈ બેઠા છે. સાજી સારી રાજકુમારી ઝેરથી બેભાન, અને કુંટુબીઓ રોતાં જોઈ રાજા હરિષેણનું દિલ દ્રવિત થઈ ગયું. સાથે એને એટલો આનંદ થયો કે કુમારીના દેહમાં પ્રાણ છે ને પોતે અહીં ઠીક પહોંચી ગયો. કુમારીના પિતાએ એનો આવકાર કર્યો.

રાજા હરિષેણ તાપસોના કુલપતિ પાસે તત્ત્વજ્ઞાન પામેલો છે એથી અહીં એને સંસારના જીવના માથેની કર્મની પરાધીનતા પર વિચાર આવે છે કે

**કર્મ આગળ જીવ રાંક :-**

અહો ? માણસ ગમે તેવા સત્તા અને સમૃદ્ધિથી સંપન્ન હોય અને જાતને મહાસુખી માનતો હોય; પરંતુ કર્મના એકાએક ઊઠતા ઉપદ્રવ આગળ કેટલો બધો રાંક અને પામર છે ! આવા ઉપદ્રવ વખતે એની સુખની કલ્પના કેવી ઊડી જાય છે ? અને અંહત્વ કેવું ઓગળી જાય છે ? અગર કર્મ આ સંસારમાં એક જ ઉપદ્રવ ઊભો કરીને ય જીવની છતી સત્તા-સમૃદ્ધિ ઊભીએ બધા જ સુખની કલ્પના ઉરાડી શકે છે, આવા સંસારની અસારતા ! તેમજ કર્મની કેવી શિરજોરી ?'

**સંસાર કેમ અસાર ? :-**

બોલો, તમને શું નથી દેખાતું કે માણસને ઘણી વાતે સુખ લાગતું છતાં એવા કોક એકાદ ઉપદ્રવે જાણે બધું સુખ નષ્ટ થઈ દુઃખની એ પોક મુકતો હોય ? જે સંસાર આ ખેલ કરે છે એ સંસાર સારભૂત ? કે તદ્દન અસાર ? સંસારમાં ભરપૂર સુખ-સાધન મોજૂદ છતાં જો એકાદા એવા કોઈ અનિષ્ટ પ્રસંગથી જીવનો સુખનો અનુભવ તદ્દન ડૂલ થઈ જાતો હોય, તો તો માનેલા સુખનાં ખરેખર તો બેકાર-નાકામિયાબ અને પોકળ જ નીવડ્યા ગણાય ને ? પેલા રાજાને રાજ્યપાટ-રાણીઓ-ખજાના અને રાજશાહી સુખસાધનો તો ઊભા જ છે, છતાં એક પુત્રી આ રીતે મરવા પડી છે, એમાં એવું ભારે દુઃખ શું કામ લાગે છે કે જેથી જાણે પોતાને સુખ કશું જ નથી ?

આવા અવસરે એને કોઈ પૂછે કે 'કેમ મહારાજા સાહેબ ! મહારાણી સાહેબ ! રાજ્યપાટ વગેરેથી સુખી છો ને ?" તો રાજા-રાણી શું કહે ? આ જ ને કે 'શું કપાળ સુખી ? આવી વિનયી સુશીલ અને પ્રાણથી અમને અધિક પ્યારી દીકરી મરવા પડી છે, તો એના આવા દુઃખે અમે દુઃખી મુઆ હોઈએ ત્યાં આ રાજ્યપાટ વગેરેમાં શા સુખ ? બળ્યા એ રાજ્ય ને પાટ ખાવા ધાય છે ' આવું જ કહે ને ? એટલે જ જરા ઠરીને વિચારવા જેવું છે કે સંસારના વૈભવ વિલાસ અને પરિવાર વગેરેનાં સુખ જો માત્ર એક દુઃખની બાબતથી રદ બાતલ થતાં હોય, તો એ સુખમાં અને સાધન સારભૂત ગણાય ? કે અસાર તુચ્છ ? કહો,

**સંસારના એક દુઃખે બધા મોજુદ પણ સુખ ડૂલ થયા લાગે છે માટે સંસાર અસાર છે,**

**એવા પણ અસાર સુખ અને સાધન પાછળ જીવોની કાળી ભાવનાને કાળા પાપચરણ એ સરાસર મૂઢતા છે.**

એમ તો હરિષેણ રાજાની આ તાત્વિક વિચારણા આગળ ચાલે એવી છે. પ્રસ્તુત પ્રસંગ જોઈ મન ઊંડા તત્ત્વચિંતનમાં ગરકાવ થઈ જાય એવું છે. પરંતુ

અત્યારે રાજકુમારીની સ્થિતિ જોતાં એને બચાવી લેવામાં હવે વિલંબ કામનો નથી એમ લાગે છે. તેથી એ કાર્ય કરવા પૂર્વા કુંવરીના રોતા માતા પિતાને કહે છે,-

ભાગ્યવાન ! જરાય ચિંતા ન કરશો. હવે આ કુમારી સજીવન થઈ ગઈ સમજો.' આમ કહીને તરત જ રાજાએ વિષાપહાર મંત્રનો ઉપયોગ કર્યો, અને મંત્રના પ્રભાવે કુમારીનું ઝેર તદ્દન નષ્ટ થઈ ગયું, એ ભાવમાં આવીને બેઠી થઈ ગઈ એથી બધાને હર્ષનો પાર ન રહ્યો. અહીં એક વસ્તુ સમજવા જેવી છે; પ્રશ્ન થાય,-

**પ્ર.**- જો આ મંત્ર પ્રયોગનો યોગ ન મળ્યો હોત તો તો રાજકુમારી મરત જ ને ? પણ મંત્રથી જીવી ગઈ એમાં કર્મોનાં ફળ અકાટ્ય હોવાનું કહેવાય છે એ ક્યાં કહ્યું ? શું મંત્ર કર્મ પર અસર કરે ?

**ઉ.**- જૈનધર્મનું તત્ત્વજ્ઞાન આનું સુંદર સમાધાન આપે છે જીવને જે પીડાવેદના ચાલે છે એ એકજ કર્મ-સ્કન્ધની અસર નથી; પરંતુ પ્રતિ સમય ચાલતી પીડા-વેદના ઉપજાવનાર અલગ અલગ કર્મસ્કન્ધની અસર છે, તે તે સમયે પાકનાક કર્મસ્કન્ધ પાકે એટલે ત્યાં જ વેદના ઉપજાવે છે, એની પછીના સમયે પાકનારો કર્મનો સ્કન્ધ પાકતાં જ એ જ સમયમાં વેદના આપે છે. એમ માનો કે સંળગ પીડાવેદના ચાલી, તો આ હિસાબે એટલા કાળની વેદનાનો કોઈ એક કર્મ-સ્કન્ધ નહિ કિન્તુ અનેક કર્મસ્કન્ધો જવાબદાર હોય છે.

એટલે હવે સમજાશે કે જે સમયે વેદના બંધ પડી એ સમયે એવો કોઈ જોરદાર કર્મસ્કન્ધ પાકનારો હતો જ નહિ, યા હતો તો એના પર કોઈ એવો પ્રભાવ પડ્યો કે જેથી એ ફળ દેખાડ્યા વિના એમજ રવાના થયો. પ્રશ્ન થાય,

**પ્ર.**- તો શું બધું કાકતાલીય ન્યાયથી બને છે.

**ઉ.**- ના, અહીં કાકતાલીય ન્યાયથી જેમ તાડ પડવાનું હતું, એજ વખતે કાગડો એના પર બેઠો, એમ 'ઝેરની પીડાનાં કર્મદળિયાં પૂરા થવાનાં હતાં એજ વખતે મંત્રપ્રયોગ થયો, ને મંત્રપ્રયોગે એને સાજી કરી' એવું ન માનીએ, પરંતુ હવે પાકનાર કર્મ પર મંત્રપ્રયોગની એવી અસર પડી કે કર્મની ફળ દેખાડવાની શક્તિ મંત્રપ્રયોગથી કુંઠિત થઈ ગઈ, તેથી જો કો કર્મ પાકવાના હિસાબે ઉદયમાં આવ્યાં ખરાં, પણ પીડા ન આપી શક્યાં, અને આરોગ્ય આપનાર કર્મ વિપાક-ઉદયમાં આવી, એણે આરોગ્ય દેખાડ્યું, એમ બની શકે છે. નિમિત્ત પામી વિપાક દેખાડનાર કર્મ માટે આવું બને છે કે તેવાં નિમિત્તના હિસાબે તેવાં કર્મ વિપાકમાં જોર મારી જાય, અને બીજા કર્મ પાકેલાં પણ માત્ર પ્રદેશથી ભોગવાઈ જાય. રસવિપાક ન દેખાડી શકે. પૂર્વે પણ જુઓ પાપનું ઝેર ચડયું ત્યારે તે પૂર્વે આરોગ્ય આપી રહેલ

કર્મદળિયાં આરોગ્ય આપ્યે જતાં હતાં, તો સર્પદંશ પછી આરોગ્ય કેમ અટક્યું ? કહો, સર્પદંશનું નિમિત્ત પામી અશાતાવેદનીય કર્મનો વિપાકોદય જોર મારી ગયો, તેથી પેલાં ચાલુ આરોગ્યદાયી કર્મનો રસવિપાક સ્થગિત થઈ ગયો, એટલે એ બિચારાં સ્થિતિ પાક્યે ઉદય પામવા છતાં ખાલી પ્રદેશોદયથી રસવિપાક દેખાડ્યા વિના જ ભોગવાઈ રવાના થતાં ગયાં; ને અશાતાકર્મના વિપાક પ્રબળ બનવાથી પીડા શરુ થઈ. બસ, એથી ઊલટું હવે આ ઝેર-નિવારક મંત્ર- પ્રયોગથી બન્યું. હવે અહીં આરોગ્ય શાતાદાયી કર્મ જોર મારી જાય છે.

આ બતાવે છે કે કર્મના ઉદય પર તેવાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અસર કરે છે. કર્મ તો બંધાયા પછી એનો અમુક અબાધા-કાળ અર્થાત્ એને અબાધિત રહેવાનો કાળ પૂરો થયા બાદ, સમયે સમયે ઉદય પાક્યો જાય છે એમાં શાતા-અશાતા જેવા પરસ્પર વિરોધી કર્મ પણ પોતપોતાના કાળ પાક્યે ઉદય પામતા જાય. પરંતુ જેવા દ્રવ્ય ક્ષેત્ર-કાળ-ભાવની પ્રબળતાં, એ પ્રમાણે શાતા કે અશાતા બે જાતના કર્મમાં એકની ફળ-પ્રદાન-શક્તિ કુંઠિત થઈ જાય, અને બીજાની શક્તિ અબાધિત કામ કરે. અહીં એક પ્રશ્ન થાય,

**કર્મ માનવાની શી જરૂર ? :-**

**પ્ર.**- તો તો પછી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જ ફળ આપનાર તરીકે માનો ને ? વચમાં મફતિયાં કર્મ માનવાનું શું કામ છે ?

ઉ.- ના, આત્માથી તદ્દન નિરાળા બાહ્ય-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આત્મા પર અસર ન કરી શકે. એ તો આત્મા સાથે એકમેક ચોંટેલા કર્મ જ તેવી તેવી અસર બતાવી શકે. નહિતર દા.ત જુઓ કે શહેરમાં પ્લેગની હવા ચાલુ થઈ ગઈ, તો શહેરના બધા જ માણસોને એ હવાદ્રવ્ય લાગુ થયું છતાં એથી બધાજ માણસ માંદા નથી પડતા, પણ અમુક જ માંદા પડે છે; આવું કેમ બને છે ? કહો, જેને એવા પ્રબળ અશાતા વેદનીય કર્મ હતા એના પર આ હવાદ્રવ્યે અસર કરી; એણે શાતાવેદનીય કર્મની ફળની શક્તિ કુંઠત કરી, એથી શાતાફળ રોક્યું, અને પેલા અશાંતા કર્મફળ બતાવવામાં જોર મારી ગયા. જેના શાતાવેદનીય કર્મ જોરદાર હતાં, એના પર આ હવાએ અસર ન કરી, તેથી એની શાતા ચાલુ રહી, ને અશાતા-બિમારી ન આવી. સમાન નિમિત્ત છતાં જુદાં ફળની પાછળ કારણ તરીકે જુંદા જુંદા કર્મ માનવા જ પડે.

**આમ, આત્મા પર અસર એના પર સંલગ્ન કર્મ જ બતાવી શકે.**

બહારનાં દ્રવ્ય ક્ષેત્ર-કાળ-ભાવ એ કર્મ પર અસર કરે યા ન પણ કરે, કર્મની જેવી જેવી દુર્બળતા યા સબળતા, એ પ્રમાણે અસર થાય યા ન થાય

કેટલાકાં કર્મ નિમિત્તાધીન; એટલે તેવા તેવા દ્રવ્ય ક્ષેત્ર-કાળ-ભાવનું નિમિત્ત પામી ઉદય પામનારા, વિપાક દેખાડનારા હોય એ કર્મ તેવા દ્રવ્યાદિની અસર લે; માટે દુબળાં પરંતુ સબળ કર્મ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અસર નથી લેતાં, અને પોતાના પ્રભાવ દેખાડે છે. એટલા માટે 'શ્રીપન્નવણા' સૂત્રમાં કહ્યું કે કર્મ બે જાતનાં, (૧) સનિમિત્તક ઉદયવાળા અને (૨) નિર્નિમિત્તક ઉદયવાળાં આમાં સનિમિત્તકમાં આવા કર્મ આવે કે જે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ -ભાવમાંનું -કોઈ નિમિત્ત પામીને વિપાક-ઉદયમાં આવે દા.ત અહીં રાજકુમારીને મંત્રપ્રયોગનું નિમિત્ત મળ્યું અને આરોગ્યનું કર્મ ઉદયમાં આવ્યું. બિમાર માણસ હવા ખાવાના સ્થળે જાય, અને ત્યાં રહેતાં સાજો થાય, એ ક્ષેત્રનું નિમિત્ત પામીને શાતાવેદનીય કર્મ ઉદયમાં ગણાય. એમ ઋતુ બદલાય અને શરદી વગેરે મટી આરોગ્ય મળે, એ કાળ-નિમિત્તક કર્મનો ઉદય થયો ગણાય. બહુ ચિંતા-શંકા-ભય વગેરે ભાવનું નિમિત્ત પામીને ય રોગ-અશાતા ઊભી થાય એ ભાવ-નિમિત્તક અશાતા વેદનીય કર્મનો ઉદય કહેવાય. આમ સનિમિત્તક કર્મોદય નિમિત્ત મળતાં કામ કરે. પણ આવાં કોઈ નિમિત્તને ગણકાર્યા વિના એમ જ દા.ત. ટી.બી. કેન્સર લકવા વગેરેનો રોગ ઊભો થઈ જાય ત્યાં પ્રબળ નિર્નિમિત્તક કર્મનો ઉદય ગણાય.

એમ, ગોખવાની ઘણી મહેનત કરવા છતૉ જ્ઞાન ન ચડે એ એવાં પ્રબળ જ્ઞાનાવરણ કર્મના ઉદય કહેવાય. પરંતુ ગોખેલું ભણેલું ફરી ફરી યાદ ન કરાય, પુનરાવર્તન ન કરાય, અને દિવસો જતાં ભૂલી જવાય ત્યાં જ્ઞાનાવરણ કર્મનો સનિમિત્તક ઉદય થયો કહેવાય.

એવું મોહનીય કર્મમાં ઘણું ઘણું છે હાસ્યનાં નિમિત્તમાં ઊભો રહે અને હસવું આવે એ હાસ્યમોહનીય કર્મનો સનિમિત્તક ઉદય થયો ગણાય. સ્ત્રી સામે વાંરવાર જોયા કરે, અશ્લીલ ચિત્ર કે સિનેમા જુએ યા વિલાસી વાંચન કરે, અને વાસના-વિકાર જાગે, એ કામમોહનીય કર્મનો સનિમિત્તક ઉદય ગણાય. દુશ્મન આપેલા ત્રાસ વિચારે કે દુશ્મનની હલકાઈ વિચારે, અને મનમાં ગુસ્સો-રોષ સ્ફુરી આવે, એ ક્રોધમોહનીય કર્મનો સનિમિત્તક ઉદય થયો કહેવાય. એને મનના ભાવનું નિમિત્ત મળી ગયું, અને કર્મનો ઉદય ભભુકી ઊઠ્યો. કોઈનો માલ-મકાન-મોટર વગેરે પર દૃષ્ટિ જતાં રાગ સ્ફુરી આવે, એ લોભમોહનીય કર્મનો સનિમિત્તક ઉદય થયો કહેવાય.

આમ જોશો તો દેખાશે કે હાસ્ય શોક,હર્ષ-ખેદ-ભય, કામ-ક્રોધ, માન-મદ-મત્સર, વગેરેના કેટલાંય મોહનીય કર્મ એવાં છે કે એને નિમિત્ત આપો તો ઉદય પામી એ હાસ્ય વગેરેની લાગણી ઊભી કરે છે પૂછો

પ્ર.- તો શું નિમિત્ત ન આપીએ તો એ કર્મ બેઠાં રહે છે ?

ઉ.- ના, કર્મનો સ્થિતિકાળ પામે એટલે ઉદય તો પામે જ, પરંતુ એવા કર્મ નિમિત્ત ન મળતાં બીજાના ભેગા ભળી ઉદય પામે, તેથી એનું પોતાનું ફળ દેખાડયા વિના માત્ર એના દળિયા પ્રદેશ ઉદય પામે. આને પ્રદેશોદય કહેવાય. ત્યારે ફળ દેખાડે એ વિપાકોદય કહેવાય. બંને પ્રકારના ઉદયમાં પછીથી કર્મ ખપી જાય. અર્થાત્ આત્માની સાથેના સંબંધથી અલગ થઈ જાય. વાત આ, કે ઘણાં એવાં મોહનીય કર્મ છે કે જેને નિમિત્ત આપો તો જ એવાં મોહનીય કર્મ છે કે જેને નિમિત્ત આપો તો જ વિપાકોદયમાં આવી એનું ફળ દેખાડે. માટે નિમિત્તથી આઘા રહેતાં ઘણો બચાવ મળે.

આ પરથી સમજાશે કે જો એવાં નિમિત્તો ન સેવીએ, એનાથી દૂર રહીએ, તો કેટલાંય મોહનીય કર્મના વિપાકોદયથી બચીએ અર્થાત્ તેવી તેવી મોહનીય લાગણીઓથી બચી જઈએ.

**પશુ કરતાં માનવનો અવતાર પામ્યાની આ વિશેષતા છે કે,-**

(૧) આપણને હર્ષ-ખેદ- કામ-ક્રોધ વગેરે એ મોહની લાગણીઓ છે' એની ખબર પડે છે,

(૨) એને જન્માવનાર નિમિત્તોની સમજ પડે છે,

(૩) એ નિમિત્તો ન સેવવાનું આપણા હાથમાં છે

(૪) નિમિત્તોથી દૂર રહી, એ લાગણીઓથી બચી શકાય છે.

(૫) અને એમ અનેક પ્રસંગોમાં બચવાથી એના સંસ્કાર દ્રઢ ન કરવાનું, તેમજ શુભ ભાવનાથી જુના સંસ્કારોને નષ્ટ કરતા જવાનું કરી શકીએ છીએ. તેમજ

(૬) એ રીતે અશુભ કર્મબંધનોથી ય બચી શકીએ છીએ.

માનવભવની આ મહાન વિશેષતાઓને ધ્યાન પર લઈએ તો એ માટેના પ્રયત્નમાં શી ખામી રહે ? જીવન લઈને બેઠા એટલે જીવન નભાવવા માટે ખાનપાનાદિ જરૂરી ઘણું ય કરતા રહીએ છતાં એ કશું જે મુખ્ય કર્તવ્ય ન લાગે એવું મુખ્ય કર્તવ્ય આ મોહનીય લાગણીઓથી બચતા રહેવાનું લાગે.

એ કર્તવ્ય બજાવવા માટે 'શાતંસુધારસ' શાસ્ત્ર બહુ ઉપયોગી છે. એમાં વર્ણવેલી બાર ભાવનાઓ એ રીતે ભાવી ભાવીને હૃદયને એથી ભાવિત કરતાં, હૃદયમાં એવું એ ભાવબળ ઊભું થાય છે કે જેથી અચાનક આવી પડતા અસત્ નિમિત્તો વખતે મોહની લાગણીઓને વશ થવાની નિર્બળતા રહેતી નથી, પણ એને સામનો કરી એને શાંત પાડી દેવાનું બને છે. આમ એને શાંત કરતાં કરતાં એક

દિવસ એવો આવી ઊભો રહે છે કે જ્યારે આત્મામાં અપૂર્વ બળ અપૂર્વ સામર્થ્ય પ્રગટીને રાગાદિ સર્વ લાગણીઓનો અંત લાવી આત્મા વીતરાગ બને છે, સર્વજ્ઞ બને છે, અને એ જ ભવનાં અંતે મોક્ષ પામે છે તેથી શાસ્ત્રકારે ઠીક જ કહ્યું કે **'एतद भावयन् मुच्यते भवात्'** અર્થાત્ આ ૧૨ ભાવનાઓને ભાવનાર અને એનાથી ચિત્તને ભાવિત કરનાર આત્મા સંસારથી મુકાય છે, છૂટી જાય છે.

આજના જડવિજ્ઞાનથી શું મોહિત થાઓ ? આ અદભૂત કર્મ-વિજ્ઞાન જૈનશાસન પાસેથી મળ્યાની કદર કરો. ઘણાં એવાં મોહનીય કર્મ નિમિત્ત ન મળવાથી વિપાકોદય દેખાડ્યા વિના માત્ર પ્રદેશોદય પામી પામી નષ્ટ થતાં હોય, ત્યાં આવાં શાસ્ત્રથી અને શાસ્ત્રે કહેલી બાર ભાવનાથી એને નષ્ટ કરવાનું કોણ ચૂકે ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"　　　વર્ષ-૨૧,અંક-૮,તા.૨૮-૧૦-૧૯૭૨**

**કુમારીને ઝેર ઊતાર્યા પછી :-**

હવે બાર ભાવના પૈકી પહેલી અનિત્યતાની ભાવના પર શાસ્ત્રકાર મહર્ષિ વિવેચન શરુ કરે છે, એ આપણે જોઈએ તે પહેલાં જુઓ કે પેલા હરિષેણ રાજાએ પ્રિયદર્શનરાજાની પુત્રી પ્રીતિમતીને કરડેલા સાપનું ઝેર ઉતારી નાખતાં શું થયું ? કુમારી ક્ષેમકુશળ બેઠી થઈ એટલે એના માતાપિતા વગેરેને પારાવાર આનંદ થયો. રાજા પ્રિયદર્શનને લાગ્યુ કે હરિષેણ રાજાએ આ જબરદસ્ત ઉપકાર કર્યો, તો મારે હવે એનો બદલો વાળવા શું કરવું ?'

**અજ્ઞાન મૂઢ કરતાં સુજ્ઞ માણસની આ વિશેષતા કે ઉપકારીના ઉપકારને લેનાર સુજ્ઞ માણસને એ ઉપકારનો ભાર માથે ચડયો લાગે છે**

નઘરોળને જ એવો કશો ભાર ચડયાનું ન લાગે; તેથી એને એનો યત્કિંચિત્ પણ બદલો વાળવાની વૃતિ જ નથી થતી. વિચારવા જેવું છે કે દેવ-ગુરુ-ધર્મનો આ ઉચ્ચ માનવભવ વગેરે આપવાના ઉપકારનો બદલો વાળવા કેટલી તમન્ના ? સુજ્ઞ છો કે અજ્ઞ ?

માતાપિતાનો મહાન ઉપકાર ભૂલવાનું આજના જે છોકરાઓમાં દેખાય છે, એ કઈ કક્ષાના માનવી ગણાય ? થોડા દિવસ રોજ રોટલાનો ટુકડો પામનાર કૂતરાની જાત પણ એ ઉપકારને ભૂલતી નથી, ને તેથી એ ટુકડો દેનારના ઘરની ચોકી કરે છે; ત્યારે ઠેઠ જનમથી માંડીને વરસો સુધી રોજ માત્ર ખાનપાન જ નહિ, કિન્તુ સર્વ પ્રકારના ઊછેરને પામનારો છોકરો માતપિતાના ઉપકારને ભૂલે, એનો યત્કિંચિત વાળવાની વાત તો દૂર, પણ ઉપરથી માતાપિતાના ચિત્તને કલેશ

પમાડવાનું કરે, એ કૂતરાની જાતથી ય ગયો ને ?

**એવા કૂતરાંના જીવનથી ય બદતર જીવનને જીવતાં કૃતજ્ઞ માણસજાતને કશો વિચાર ખરો ?**

કૂતરા શાળામાં શિક્ષણ નથી પામ્યા, ત્યારે મનુષ્ય આજે શાળામાં શિક્ષણ પામે છે, શિક્ષિત બન્યો કહેવાય છે. એવા શિક્ષણમાં ઉપકારીના ઉપકારને સમજવાનું યાદ રાખવાનું અને એનો યથાશક્તિ બદલો વાળવાનું કશું શીખવાનું નહિ ? ઊલટું શિક્ષણની પદ્ધતિ જ એવી કે એ શિક્ષણ પામીને તૈયાર થનાર છોકરાઓનો મોટો ભાગ સ્વાર્થરસિક અને વિષયાંધ બનેલો દેખાય કે એ સ્વાર્થરસ અને વિષયાસક્તિમાં માતાપિતાને દ્રોહ દેનારો, અને એમનાં હૈયાને હંમેશાની બળતરા કરાવનારો દેખાય, ત્યારે સહેજે વિચાર આવે કે, 'આજનો જમાનો કેવો ?'

**સ્વાર્થાંધતા અને વિષયાસક્તિ જાલિમ વધારી કૃતજ્ઞતા ભૂલાવનાર જમાના પર ઓવારી જવાનું કરાય ? કે જમાનાને ઝેરી સમજી સાવધાન બનવાનું કરાય ?**

**જમાનાનું ઝેર :-**

જમાનાનો ચેપ ભૂંડો છે એનું ઝેર ચોમેર પ્રસરી ગયું છે. ઉપકારની કૃતજ્ઞતા ભૂલી કૃતઘ્ન બનાવનારા જમાનાના પાપે આજે કોના કોના મનને ખેદ નથી ? સંતાપ નથી ? માબાપોને છોકરા તરફથી, શિક્ષકોને વિદ્યાર્થીઓ તરફથી, શેઠને નોકરો તરફથી, અવસરે ધન વગેરેની સહાય કરનાર સજ્જનોને સહાય લેનારા તરફથી, યાવત્ ધર્મઉપકાર કરનાર ગુરૂઓને ભક્તો કે શિષ્યો તરફથી, સંતાપ રહેતા હોય એવા માબાપ-શિક્ષક-સહાયક-ગુરુઓની સંખ્યા જોવા નીકળો તો કેટલા મળી આવે ? ઉપકારીને ઉપકૃત તરફથી શાંતિ મળવાની વાત તો દૂર, પણ ઉપરથી સંતાપ મળે એ જમાનાનું ઝેર નહિ તો બીજું શું છે?

તમે માબાપ હો, શિક્ષક હો, કોઈના સહાયક બન્યા હો, ગુરુ બન્યા હો, ત્યાં આવા ઝેરને જોઈ, અર્થાત્ તમારાથી ઉપકાર પામેલા તરફથી તમને સંતાપ મળતો જોઈ દુઃખ થતું હશે પરંતુ સાથે સાથે તમારા જીવનને તપાસજો કે તમે વળી તમારા ઉપકારીને સંતાપ પમાડનારા બન્યા કે બનતા તો નથી ને ? માણસને બીજાના માથે દોષની પાઘડી પહેરવાની અને પોતાના માથે ગુણની પાઘડી પહેરવાની ખરાબ આદત હોય છે પણ આ આદતમાં ફસાવા જેવું નથી.

જોજો તમને તમારા ઉપકારને પામેલા તરફથી સંતાપ મળતો હોય ત્યાં તો એવા જીવો માટે દ્વેષ ન કરતાં દયા ચિંતવજો, અને તમારા પોતાના એવા અશુભ કર્મોનો જ પ્રભાવ માનજો, જેથી તમારું દિલ તમારું કિંમતી ચિત્તરત્ન બગડે નહિ; વાતે ય સાચી; બીજાના વાંકે આપણું કિંમતી ચિત્તરત્ન શા માટે કલુષિત મલિન

કરવું ? એટલે ત્યાં તો નીતરતી ભાવદયા જ વિચારવી કે 'મને તો મારાં પૂર્વકૃત કર્મ મુજબ જ સારું-નરસુ મળે છે; એમાં આ જીવોનો કોઈ દોષ નથી, એ તો બિચારા નિમિત્તમાત્ર છે; પરંતુ આ બિચારા જીવોનું આ કૃતઘ્નતાથી શું થશે ? એમને સદ્બુદ્ધિ મળો, અને એ પરલોકના મહાન અનર્થોથી બચો.'

પોતાના દુઃખ અંગે પોતાના પૂર્વકૃત કર્મ જ જવાબદાર છે એમ સ્વકર્મ પર નજર નાખવા ઉપરાંત વિશેષ તો વળી આ જોવાનું છે કે 'પોતાને પોતાનાથી ઉપકાર પામેલા તરફથી સંતાપ મળતો લાગે છે ત્યાં ,

**સંતાપ ખરેખર એવી પરિસ્થિતિના લીધે છે ? કે પોતાના મનની સંકુચિત ક્ષુદ્ર-તુચ્છ સ્થિતિના હિસાબે છે ?** અહીં દા.ત. તમે મા-બાપ હો તો પૂછશો,-

**પ્ર.**- છોકરા આડા ફાટે ને અમને સંતાપ થાય એમાં અમારા મનની સંકુચિતતા શી ? ક્ષુદ્રતા શી ?

**ઉ.**- પણ આ વસ્તુ જરા અંતરમાં ઊતરીને વિચારશો તો સમજાય એવી છે. અંતરમાં ઊતરીને જોવાનું આ છે કે 'પુત્ર આડો ફાટે એમાં મને સંતાપ કેમ લાગે છે ? મને પુત્ર તરફથી બાહ્ય સુખ-સગવડ-સન્માન મળે એવી આશા-અપેક્ષા રહે છે માટે ને ? જો આવી આશા અપેક્ષા જ ન હોય, તો સંતાપ કરવાને કારણ છે ?

**પ્ર.**- પણ દીકરા તરફથી આશા તો રહે ને કે એ આપણું લીલું વાળે ? આપણું માન રાખે ?

**ઉ.**- ત્યારે વાત જ આ છે કે આવી આશા રાખી પછી એ અડિયા પુત્ર તરફથી ફળતી નથી તેથી સંતાપ થાય છે. એટલે સંતાપ દીકરાના કારણે નહિ, એની આડાઈના કારણે નહિ, પણ આપણી આશા-અપેક્ષાના લીધે થાય છે. આપણને આ આશા રહે છે એ સ્વાર્થ છે, સ્વાર્થની આશા છે એ ન પૂરનારો પુત્ર આપણા મનને સહન થતો નથી, મનમાં એના પર દ્વેષ થાય છે, દ્વેષના કારણે સંતાપ થાય છે.

તો હવે બોલો, સ્વાર્થલાલસા-દ્વેષ-અસૂર્યાવાળુ મન એ સાંકડું ? કે વિશાળ ? વિશાળ આવા મનને ન કહેવાય,

**વિશાળ મન તો નિઃસ્વાર્થ, પરગજુ, સહિષ્ણુ, ક્ષમાશીલ, દયાભર્યું, ઉદારતાભર્યું હોય એવા મનને કહેવાય.**

એવું વિશાળ મન હોય તો કાંઈ સંતાપ નહિ. એના બદલે મન સ્વાર્થવશ સાંકડુ હોય તો કોઈ સંતાપ જિંદગીભર ચાલ્યો છે વિચારીશું તો દેખાશે કે જીવનમાં ઠેઠ અંત સુધી કોઈ ને કોઈ સંતાપ ચાલ્યા કરતો હોય, તો એની પાછળ કારણભૂત આપણું સાંકડુ-સંકુચિત મન છે. બાહ્ય દુઃખ તો નિમિત્તમાત્ર છે પણ મૂળભૂત કારણ નહિ; કેમકે દેખાય છે, વિશાળ દિલવાળા ભાગ્યવાનને દુઃખ છતાં સંતાપ નથી

થતા શ્રી મહાવીર પ્રભુ પરસંગમદેવતા શુલપાણીયક્ષ ગોવાળિયા, ચંડકોશિક વગેરે તરફથી દુઃખની ઝડી વરસી, છતાં પ્રભુના મનને લેશ સંતાપ નહોતો; કેમકે મન વિશાળ હતું સંતાપ સાંકડા મનને લીધે થાય છે, પણ જયાં મન વિશાળ હોય ત્યાં પછી શું કામ સંતાપ થાય ?

રાજા શ્રેણિકને પુત્ર કોણિકે રાજ્યભ્રષ્ટ કરી જેલમાં નખાવ્યા, છતાં શ્રેણિકને પુત્રના કારણે સંતાપ નહોતો થતો કે 'આ અભયકુમારે કયાં દીક્ષા લઈ મને આ નાલાયક પુત્રને પનારે નાખ્યો ?' પણ ના, અભયકુમારની દીક્ષા પર ખેદ નથી થયો ઊલટું અનુમોદના જ કરી છે કે 'ધન્ય છે અભયકુમાર, મેઘકુમાર, નંદીષેણ વગેરેને કે જેમણે ચારિત્ર લઈ જનમ સફળ કર્યા; કમભાગી હું કે રાજ્ય અને વિષયોની મમતામાં બેસી રહ્યો, ચારિત્ર લીધું નહિ, ને જનમ એળે જઈ રહ્યો છે, તેમજ આ જેલની દુઃખ સહવાનું અકામનિર્જરામાં તણાઈ રહ્યું છે ચારિત્ર હોત ને કદાચ આવાં દુઃખ આવ્યા હોત તો એ ઉપસર્ગ માની આનંદથી વધાવી સકામનિર્જરા કમાવવાની થાત.'

શું ? રાજા શ્રેણિકના વિશાળ મનની આ ઉદાર વિચારધારા અને સકામનિર્જરા-અકામનિર્જરાનો ભેદ જોવા જેવા છે. દુઃખ તો તમને ય આવે, ને જરૂર પડયે સાધુને ય આવે. તમારે ય પાળેલો-પોષેલો ને સારો તૈયાર કરેલો દીકરો આડો ફાટે ને દુઃખ આપે; તેમ સાધુને ય સારી મહેનત લઈ વિરાગી બનાવેલી દીક્ષિત કરેલો ને શાસ્ત્રો ભણાવી-ગણાવી તૈયાર કરેલો શિષ્ય કદાચ માનપાનાદિમાં પડી આડો ફાટે, ને સાધુને દુઃખ આપે પરંતુ તમારે અજ્ઞાનતાથી હાયવોય કરી એ સહન કરવામા અકામનિર્જરા થાય; ત્યારે સાધુ આને એક ઉપસર્ગ સહવાનો આવ્યો માની વિશાળ મનથી સહર્ષ સહન કરી લે એમાં એને સકામનિર્જર કમાવવાની મળે. કારણ આ, કે સાધુ સ્વાર્થરસ ન રાખતાં વિશાળ દિલ રાખે છે પછી અવિનય-કૃતઘ્નતા-ગુરુદ્રાહ વગેરે ઘોર પાપમાં પડે એના પર દયા આવે છે. પોતાના માટે તો આવા પ્રસંગોમાં એ સમજે છે કે,

**'કર્મખપાવાનો અવસર એહવો. ફરી નહિ મળશે પ્રાણી ! રે'**

**માનવ-મન આત્મામાં અખૂટ સંપત્તિ અને પરમશાંતિ વહેતી કરવાનો પાતાળ કૂવો છે.**

માનવ-મનમાંથી આ અંખડપણે વહ્યા કરે; પરંતુ જો એને ક્ષુદ્ર-તુચ્છ-સંકુચિત રાખો તો નહિ, કિન્તુ ઉદાર-ઉમદા-વિશાળ બનાવો તો. ભૂલશો નહિ,-રૂપિયાના ઢેર અને સત્તા-ઠકુરાઈમાંથી મહાસંપત્તિઓ અને પરમશાંતિ નથી વહેતી એમાંથી તો ભિખારીપણું અને ચિંતા-સંતાપ-અશાંતિ વહ્યા કરે છે. આજ જુઓ છો ને કે

મોટા ધનવાનને ધનની મોટી તૃષ્ણા છે, ભૂખ છે, બજાર-દુનિયા-સંસાર પાસે મોટા ભીખ માંગવાનું છે, 'બજાર !' 'દુનિયા !' 'સંસાર !' 'તું મને મોટી દોલત આપ.' આવા મોટા ભિખારીને અખૂટ-અવિનાશી સંપત્તિ શી ? પરમ શાંતિ ? **નીતરતા સ્વાર્થ અને મોટી તૃષ્ણાથી મન ક્ષુદ્ર-તુચ્છ-સાંકડુ બને છે. એવાં સાંકડા મનને શાંતિ હોય નહિ. ભવ મહાન; માનવો; છતાં મન ક્ષુદ્ર-સાંકડું ! કેવી કમનસીબી ?**

**જેવા ભવ મહાન, તેવું મન મહાન બનાવાય તો આંતર સંપત્તિ અને નિર્ભેળ શાંતિની રેલમછેલ.**

મહાવીર પ્રભુના મહાન મનમાં અને રાજા શ્રેણિકના મહાન મનમાં દુઃખ દેનારા પર દ્વેષ નથી વરસતો, દુઃખનો સંતાપ નથી થતો. એમ તમને તમારો ઉપકાર પામેલા પુત્રાદિ તરફથી દુઃખ હોય એમ બને, છતાં એનો સંતાપ નહિ, એમના પર દ્વેષ નહિ, એવું મન મહાન બનાવો. તેમ તેમ તમારા ઉપકારીના ઉપકારને ન ભૂલો એમને સંતાપ કરનારા ન થાઓ, પણ સેવા શાંતિ આપનારા થાઓ એવું મન મહાન બનાવો.

જો મન મહાન બને તો પછી બીજા પર આપણે બહુ ઉપકાર કર્યામાં પણ કશું કર્યું ન લાગે, ને બીજાએ આપણા પર થોડો પણ ઉપકાર કર્યામાં એણે ઘણું કર્યું દેખાય સાંકડા ક્ષુદ્ર મનમાં આથી ઊલટું હોય એને પોતે મામુલી કરીને ઘણું ઘણું કર્યું લાગે ને બીજાએ પોતાના પર ઘણું ઘણું કરવા છતાં કશું કર્યું લાગે નહિ.

ત્યારે આ એક વાત વિચારજો કે ધર્મે તમારા પર ઉપકાર કેટલો કર્યો છે ? પૂર્વ જનમના ધર્મે અહીં તમને અમૂલ્ય માનવ અવતાર માનવદેહથી માંડીને કેટકેટલું આપ્યું છે ? તો ધર્મના આ અથાગ ઉપકાર વારેવારે યાદ આવે છે ને ? યાદ લાવીને એ ઉપકારોના ધોધની સામે ધર્મ પ્રત્યે શો બદલો વાળવાનું કરતા રહેવાનું મન થયા કરે છે ?

**મન ક્ષુદ્ર સાંકડુ નહિ, પણ મહાન હોય તો એમાં ધર્મના અથાગ ઉપકાર યાદ આવ્યા કરે, ને બદલામાં ધર્મનું ઘણું ઘણું કરવાની ઈચ્છા રહ્યા કરે. તેમજ એવા મનથી ખૂબ ખૂબ ધર્મસેવા કરી કૃતજ્ઞતા બજાવ્યાનો સંતોષ રહે. મન ક્ષુદ્ર હોય તો ધર્મે કશું કર્યું ન લાગે.**

ધર્મે ઘણું કર્યું લાગે પછી તો કેમ ? તો કે સવાર પડી જાગ્યા કે તરત કૃતજ્ઞભાવે ધર્મ ને ધર્મદાતા દેવ-ગુરુ યાદ આવે, પરમેષ્ઠીમંત્ર યાદ કરાય તે કૃતજ્ઞભાવે, 'એહો ! આ પરમેષ્ઠી-નમસ્કારે અને પરમેષ્ઠીઓએ મારા પર કેટલો બધો ઉપકાર કરી મને આટલે બધે ઊંચે માનવ અવતારે અને સત્કુળમાં ચડાવ્યો છે !' આમ નવકાર ગણવાના; દેવદર્શન કરવાના; પૂજા કરવાની; એ બધુ ધર્મ પ્રત્યેની કૃતજ્ઞતા

બજાવવા. 'ધર્મે મને ઘણું દીધું છે તો હું એમાંથી ઘી-દૂધ-સુખડ-કેશર-વરખ વગેરે ધર્મના એટલે કે પ્રભુના ચરણે ધરવા લઈ જાઉં.' આવું રોજ ને રોજ થાય.

એવું સાધુસેવા સાધર્મિક સેવા, અનુકંપાદાન, વગેરેમાં ખરચતા રહી ધર્મ પ્રત્યે માત્ર કૃતજ્ઞતા બજાવ્યાનો સંતોષ રહે, પણ ધર્મ મંદિર વગેરે પર પોતે કોઈ ઉપકાર કર્યો એવી વિશેષતા ન લાગે. તપાસજો મંદિર-ઉપાશ્રય-ધર્મખાતામાં ખરચીને તમે ઉપકાર કર્યો એવું નથી લાગતું ને ? એવું ન લાગતું હોય તો બોર્ડ પર ચડાવવાનું, નામ કોતરાવવાનું કે તકતી મરાવવાનું મન ન થાય. જો એનું મન થાય છે તો એનો અર્થ તો એ છે કે પોતાનો ઉપકાર મનાવવો છે કે 'મેં ધર્મનું આટલું ભલું કર્યું. મેં પૂજા ભણાવી આંગી રચાવી, પ્રભુને ગાદીએ બેસાડી, પ્રભુનું આટલું કર્યું, પ્રભુ ઉપર ધર્મ પર ઉપકાર કર્યો ! કેવી ઉલ્ટી ગંગા !

ગંગા હિમાલયમાંથી સમુદ્રમાં જાય છે ? કે સમુદ્રમાંથી હિમાલયમાં ? એમ દેવ-ગુરુ-ધર્મ તરફથી આપણા પર ઉપકાર આવે ? કે ઉપકાર આપણા તરફથી દેવ-ગુરુ-ધર્મની ઉપર જાય ?

ધર્મનું કશું ન કરવું, દેવ-ગુરુ-ધર્મની કશી સેવા ન કરવી, એ જેમ એક કૃતજ્ઞતા ભૂલવાનું ગણાય, એમ એમની સેવા કરવા છતાં કૃતજ્ઞતા અદા કર્યાનું ન માનતાં એમના પર ઉપકાર કર્યાનું માનવામાં પણ કૃતજ્ઞતાને ભૂલ્યા ગણાય. કૃતજ્ઞતા ભૂલે એ નઘરોળ ગણાય, કૂતરાની જાતથી ગયો ગણાય.

રાજા પ્રિયદર્શન પોતાની પુત્રીનું સંર્પઝેર ઊતારી એને સચેતન કરનાર રાજા હરિષેણનો બહુ ઉપકાર માને છે અને બદલામાં કૃતજ્ઞતા બજાવવા હરિષેણને કહે છે કે આ મારી પુત્રીને સ્વીકારી લો, આપની સેવાકારિણી પત્ની બનાવી લો; તો એ બિચારી પોતાના પર વરસેલા આ નવા માનવ-અવતારના અનુપમ ઉપકારનો યત્કિંચિત્ બદલો વાળી શકે.' પ્રિયદર્શને ખૂબ આગ્રહ કર્યો એટલે આમ તો હરિષેણને સેવાનો કશો બદલો જોઈતો ન હતો, છતાં બહુ આગ્રહવશ સ્વીકાર કરવો પડયો, ને ત્યાં રાજકુમારી પ્રીતિમતી સાથે એનાં લગ્ન થયાં. એને લઈને પોતાની નગરીમાં આવી ગયો.

પ્રીતિમતી તો હવે મહારાણી બની, એને રાજાની સેવા શી બજાવવાની હોય ? સેવા તો દાસી કરે કે મહારાણી ? પરંતુ જરા સમજી લેજો કે,

**સામાના તનની સેવા કરતાં એના મનની સેવા મોટી છે.**

**સામાના મનને શાંતિ આપવી, શાતા ઉપજાવવી, પ્રફુલ્લિતતા-પ્રસન્તા રહેવામાં સહાયક થવું એ મોટી સેવા છે.**

માબાપના, ઉપકારીના કે ગુરુના મનની આ સેવા કરવાનું ધ્યાનમાં રહે તો

જીવન અનેરું જીવવું પડે. હરપળે આ ધ્યાન રહે કે રખે ને મારાથી એવો એક પણ શબ્દ પણ ન બોલાય જેથી સામાના દિલને અશાંતિ થાય; મારું મુખ જરાય એવું કટાણું કે ઉદાસીન ન દેખાડાય કે જેથી એમને અશાતા ઉપજે. એવો સહેજ પણ માત્ર આંખના રોષ જેવો ય એક પણ વર્તાવ ન થાય કે જેથી એમનું મન ગમગીન બને. ઉપરથી એ ઉપકારી બીજી રીતે ગમગીન બનેલા હોય એમને પ્રફુલ્લિત કરવા માટે મારે સ્વાર્થ ભૂલી જે કાંઈ ભોગ આપવો જરૂરી હોય એ આપવો જોઈએ.'

**વીતરાગની સેવા શી ? :-**

'સેવાધર્મ પરમગહનો'....કેમ ? એની પાછળ આ રહસ્ય છે કે સેવ્ય ઉપકારીના મનને સહેજ પણ અશાતા ન થાય એવી આપણે સતત જાગૃતિ રાખી વર્તવું પડે; એટલું જ નહિ કિન્તુ જો એ સેવ્ય સ્વામી પોતે વીતરાગ જેવા હોઈ કે સ્થિતિ પ્રજ્ઞ હોઈ એમને કશી માનસિક અશાતા ન હોય, તો ત્યાં પણ એમની સેવા શી ? આ જ કે એમની નજરમાં આપણી લેશ પણ અયોગ્યતા કે નરસાપણું ન ભાસે એવી તકેદારી ભર્યા આપણા વિચાર-વાણી-વર્તાવ જોઈએ.

સમજાય છે આ ? જુઓ શ્રી મહાવીરપ્રભુ મોક્ષમાં જઈ બેઠા, યા શ્રી સીમંધરસ્વામી ભગવાન હજી ધરતી પર હયાત છતાં કરોડો માઈલ દૂર બેઠા છે, તો એમની સેવા શી કરવાની ? સેવા શી રીતે કરવાની ? આ જ સેવા, ને આ જ રીતે, કે એમના જ્ઞાનમાં આપણે અયોગ્ય-નરસા ન ભાસીએ, અનુચિત વર્તનારા ન લાગીએ. એ શી રીતે બને ? એમની આજ્ઞાને સંપૂર્ણ વળગ્યા રહીએ; એમના આદર્શને આપણો આદર્શ, એમનાં સિદ્ધાન્તને આપણો સિદ્ધાન્ત, અને એમના જ્ઞાનમાં અયોગ્ય ન ભાસીએ, નરસા ન દેખાઈએ.

દા.ત. આપણું કોઈએ મોટું નુકશાન કરી નાખ્યું, હવે એના પર જો આપણે રોષ ધમધમાવીએ, તો સર્વજ્ઞની દૃષ્ટિમાં કેવા ભાસીએ ? અથવા રોષ-ક્રોધ થઈ જાય છે કિન્તુ એ રોષની કશી અફસોસી નથી થતી, તો જ્ઞાનીની દૃષ્ટિમાં કેવા લાગીએ ? અયોગ્ય, નરસા જ ને ? બસ, ત્યાં જ આપણે એમની સેવા ગુમાવી અલબત્ એ વીતરાગને પોતાને શાત-અશાતાવાળું મન જ નથી, તેથી આપણા કે કોઈના ય તરફથી એમને માનસિક અશાતા નથી પહોંચવાની પરંતુ એમને પ્રતિસમય વિશ્વનું પલટાતું સ્વરૂપ પ્રત્યક્ષ દેખાય છે; એમાં; આપણે સારા મટી નરસા બનીએ, યોગ્ય મટી અયોગ્ય બનીએ, તો એ પણ ઝટ દેખાવવાનું; ને આ જ આપણે એમની સેવા ગુમાવી. તો હવે પૂછો,-

**પ્ર.**- જ્ઞાનીની નજરમાં આપણી અયોગ્યતા-નરસાપણું શી રીતે આવે ?

ઉ.- આ જ રીતે કે આપણે એમનાં વચનથી આડા ચાલીએ, એમનાં સિદ્ધાન્ત-

આદર્શન-દૃષ્ટિથી વિરુદ્ધ વર્તીએ; તો સ્વાભાવિક છે કે આપણે એમના જ્ઞાનમાં અયોગ્ય દેખાઈએ, નરસા જણાઈએ. વીતરાગ સર્વજ્ઞની સેવા કરવી છે ? એમના સાચા સેવક બન્યા રહેવું છે ? તો આ જ લક્ષ રાખ્યા કરવું પડે કે એમની આજ્ઞાના વિરાધક યા ઉપેક્ષક ન બનીએ. એમની જીવનદૃષ્ટિ-જીવનસિદ્ધાન્ત-જીવનઆદર્શથી વિરુદ્ધદૃષ્ટિ, વિરુદ્ધસિદ્ધાન્ત, વિરુદ્ધ આદર્શ ધરનારા ન બનીએ.

**પૂજા કરતાં આજ્ઞાપાલન મહત્ત્વનું :-**

જોજો હોં, આમ એમની લાખ રૂપિયાથી પૂજા કરવી સહેલી છે, પણ આ એમનાં વચન-સિદ્ધાન્ત-દૃષ્ટિ-આદર્શ પાળવા કઠિન છે જો આના વિના તો એકલી પેલી પૂજાની કશી કિંમત નથી માટે તો કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજે કહ્યું કે

**'वीतराग ! सपर्यातस्तवाज्ञापालनं परम् ।'**

'હે વીતરાગ ! તારી પૂજા કરતાં તારી આજ્ઞાનું પાલન વિશેષ મહત્વનું છે.' આનું કારણ આગળ બતાવ્યું કે 'આજ્ઞાની આરાધનાથી મોક્ષ થાય, ને વિરાધનાથી સંસાર થાય.' પૂજા તો શક્તિ ન હોય તો ન ય બને, ઓછી ય બને પણ એટલામાત્રથી મોક્ષ નહિ અટકે કિન્તુ આજ્ઞાસ્વીકાર ઓછો ન ચાલે; ને એથી તો મોક્ષ જરૂર અટકી જાય.

વ્યવ્હારમાં જુઓ, શું છે ? બાપની કે શેઠની ભક્તિ બહુ કરે, પરંતુ એમની આજ્ઞાની પરવા ન રાખે ખુશમિશાલ આજ્ઞા વિરુદ્ધ વર્તે, તો એ કાંઈ બાપને લાયક દીકરો કે શેઠનો લાયક નોકર નહિ ગણાય બાપ કે શેઠ એને સારો ન માને; પછી ભલે એ સેવાભક્તિ સારી કરતો હોય. એવું જ વીતરાગ પરમાત્મા અંગે છે. એમની આજ્ઞા પાળવાનું એમના આદર્શ એમનાં સિદ્ધાન્ત એમની દૃષ્ટિ ધરવાનું જ મોટું મહત્ત્વ છે.

**વીતરાગ સર્વજ્ઞની આજ્ઞાનું વિશેષ મહત્ત્વ કેમ ?**

એટલા જ માટે કે જે રસ્તે એમણે ચાલીને નિજનાં આત્મકલ્યાણ સાધ્યા ને જે એ જ રસ્તે એમણે જગતને બતાવ્યો, એ જ આપણા માટે પણ કલ્યાણમાર્ગ હોય ને ? અર્થાત્ એમનાં વચનના આધારે જ કલ્યાણમાર્ગ ને ? કે વચનથી આડા ચાલવામાં કલ્યાણ થાય ? સર્વજ્ઞનાં વચન પ્રમાણે પ્રવૃતિ-અમલ-આચરણ હજી ઓછું બને, કિન્તુ કમમાં કમ એમનાં સર્વ વચનનો સંપૂર્ણ સ્વીકાર તો જોઈએ ને ? એ હોય તો પછી પ્રવૃતિની ઓછાશમાં અફસોસી થાય. એ અફસોસી પ્રવૃતિમાં આગળ વધારનારી બનવાની, તે ઠેઠ વીતરાગ બનાવવા સુધી પહોંચાડશે. મૂળ પાયામાં સંપૂર્ણ આજ્ઞા-સ્વીકાર સલામત જોઈએ.

**કારીગર બાપનાં વચન પર પૂર્ણ આદરે પુત્ર આગળ વધે.**

જુઓ નિષ્ણાત કારીગર બાપનો દીકરો જો બાપની આજ્ઞાને સંપૂર્ણ માથે ધરનારો હોય, પછી બાપ એને કારીગરી શિખવાડે એમાં દીકરાને એકદમ જ બધું નહિ આવડે, કારીગરીનો એ અભ્યાસ કરશે એમાં ભૂલો ત્રુટિ વગેરે આવવાની, ને બાપ એ એને બતાવ્યે જવાનો. ત્યાં દીકરાને જો બાપનાં વચન પર સંપૂર્ણ આદર હશે, તો એ પોતાની ભૂલ ખામી સમજવાનો; અને એના પર એને અફસોસ થવાનો; એ અફસોસીથી આગળ વધુ મહેનત કરવાનો એમ કરતાં કરતાં એ ઠેઠ પરાકાષ્ઠાએ પહોચી કારીગરી સંપૂર્ણ નિષ્ણાત બનવાનો.

પરંતુ આ આગળ વધવાનું ત્યાં સુધી જ કે એ બાપનાં વચન પર સંપૂર્ણ આદરવાળો બની રહેશે. જે ઘડી વચન પર આદર સહેજ પણ ગુમાવ્યો તે ઘડી બાપે બતાવેલી ભૂલ સહન નહિ કરી શકે, અર્થાત્ એ ભૂલને ભૂલરૂપે નહિ માને; એટલે પછી પોતે એને સુધારવા તરફ લક્ષ જ નહિ દે. ત્યાં શી રીતે હવે આગળ વધે ?

જ્યારે વ્યવ્હારમાં આવું છે કે જ્ઞાતાનાં વચન પર સંપૂર્ણ આદર હોય, તો જ એમણે ભૂલ બતાવ્યાથી પોતાની ખામી દેખાય, એના પર પોતાને અફસોસી થાય અને એને સુધારીને આગળ વધવાનું કરાય છે, તો પછી સમજી રાખો કે આત્માનું સુધારવા માટે પણ આ જ રસ્તો હોય કે જ્ઞાનીનાં સર્વ વચન પર સંપૂર્ણ આદર હોય, તો પ્રવૃતિમાં એ વચને બતાવેલી ખામી મનમાં ઊતરે, એના પર અફસોસી થાય, અને એને સુધારીને આગળ વધવાનું કરાય. એટલે

**આગળ વધાવાના આ બે ઉપાય,-(૧) સર્વજ્ઞવચનનો આદર સાથે સંપૂર્ણ સ્વીકાર, અને (૨) વચનાનુસારી પ્રવૃતિમાં પોતાને રહેતી ખામી પર ભારે અફસોસી.**

શ્રાવક જિન વચનોક્ત સંપૂર્ણ અહિંસાને તથા સર્વથા અપરિગ્રહને ઉપાદેય-કર્તવ્ય તરીકે સ્વીકારી લે છે. પરંતુ એનું પાલન નથી કરી શકતો; એટલે જે સ્થાવર જીવોની અંહિસા પાળી નથી કરી શકતો એની એને ભારે અફસોસી રહે છે. આ અફસોસી એને શક્ય એટલી સ્થાવરકા જીવોની દયા-અહિંસામાં પ્રેરે છે, એમાં આગળ વધારે છે અને એમ કરતાં એક દિવસ એવો આવે છે કે જ્યારે એ સંપૂર્ણ હિંસાનો ત્યાગ કરે છે, અને અહિંસાનું પાલન કરે છે.

ખૂબી આ છે કે જિનવચન પર સર્વેસર્વાશ્રદ્ધા-આદર હોવાથી, પોતાને ગૃહસ્થજીવનમાં અનિવાર્ય એવી પણ લેશમાત્રે ય સ્થાવર હિંસાને કર્તવ્ય નથી માનતો; કિન્તુ એને પાપરૂપ જ અને ત્યાજ્ય જ માને છે માટે જ એ અંગે એને રોજની અફસોસી રહે છે કે 'અરે ! આ મારી કેવી મોહની ફસામણી કે એના લીધે આ અસંખ્ય સ્થાવરકાય જીવોની હિંસા કરવી પડે છે ! નહિતર એ જીવોએ મારું શું બગાડ્યું છે ?

**પરંતુ જે ઘરવાસમાં નિરપરાધી એવા એમને મારા સ્વાર્થે હણવા પડે છે, એ આ ઘરવાસને ધિક્કાર છે !**

એમ, રાતા પૈસાનો પરિગ્રહ એ પાપ છે, ત્યાજ્ય છે, છતાં પરિગ્રહ પાપને ઘરવાસ અંગે જ સેવવું પડે છે, એવા ય આ ઘરવાસને ધિક્કાર છે ! ઘરવાસના મારા મોહને અને હિંસા-પરિગ્રહાદિ પાપોને ધિક્કાર છે !'

બોલો, માત્ર પેટ ભરવા પૂરતા પૈસા વિના ઘર ચાલે ? એટલા પૂરતા આંરભ-સમાંરભ વિના પણ ચાલે ? ના છતાં જિનવચન જો એ પરિગ્રહ-આંરભને પાપરૂપ અને ત્યાજ્ય કહે છે, તો એ જિનવચન પરનો સર્વેસર્વા આદર-શ્રદ્ધા એની અફસોસી જ કરાવે છે. તો જ એ અફસોસમાંથી એક દિવસ સંપૂર્ણ ત્યાગનું જોમ પ્રગટે છે.

**પાપની સતત અફસોસીમાંથી જ પાપોનો ત્યાગ પ્રગટે; અને જિનવચનના સર્વસ્વીકારમાંથી જ નાના પણ પાપની અફસોસી જન્મે.**

આમ, જિનેશ્વર ભગવાનની મહાન સેવા એમનાં વચનનો પૂર્ણ સ્વીકાર છે. એ સ્વીકાર કરીએ એટલે એમના જ્ઞાનમાં એટલા યોગ્ય એટલા સારા તરીકે દેખાઈએ. જો એ સ્વીકાર ન હોય અને એમની લાખ રૂપિયાથી પૂજા-ભક્તિ કરીએ તો ય તેથી એમના જ્ઞાનમાં સારા લાયક ન દેખાઈએ.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૧,અંક-૯,તા.૪-૧૧-૧૯૭૨

**પ્રભુના જ્ઞાનમાં સારા દેખાવું એ એમની સાચી સેવા.**

એમ સ્વામીના કે ઉપકારી માતાપિતાના મનને શાતા ઉપજાવવી પ્રસન્ન રાખવું એ એમની મોટી સેવા છે. તન કરતાં મનની આ સેવા મોટી-પ્રીતિમતી રાણી રાજા હરિષેણના મનને સદા પ્રસન્ન રાખીને રાજાની આ મહાન સેવા બજાવી રહી છે.

**રાજા હરિષેણ વિરકત બને છે :-**

વખત જતાં રાણી પ્રીતિમતીને પુત્રનો જન્મ થાય છે, અને એનુ'ધાર' એવું નામ પાડવામાં આવે છે એ પૂત્ર ઊછેરતાં હજી બાળ છે એ વખતે જુઓ કે રાજાના મનની શી સ્થિતિ બને છે આપણે જોયું છે કે રાજા હરિષેણ તપોવનમાં મહિનો રહી આવેલ ત્યારે પવિત્ર તાપસોનાં સત્સંગ અને કુલપતિના તત્ત્વોપદેશથી ભાવિત થયેલો છે ત્યારથી તત્ત્વનું મનોમંથન ચાલુ જ છે. એ તત્ત્વચિંતનમાં પહેલાં નંબરમાં સંસારના પદાર્થો યાવત્ પોતાની કાયા અનિત્ય યાને નાશવંત જોઈ એવા સંસાર પ્રત્યે એને વૈરાગ્યભાવ જાગ્યો છે, ત્યારે પૂછતા નહિ કે,

**પ્ર.**- તો પછી એ પ્રીતિમતિને પરણ્યો કેમ ? અને પછી પણ એની સાથે

સંસાર માંડ્યો કેમ ?

ઉ.- આવું પૂછતાં પહેલાં એ સમજી રાખો કે વૈરાગ્યભાવ અને ત્યાગની વચમાં આંતરુ છે. વૈરાગ્ય ભાવ આવ્યો એટલે તરત ત્યાગ થઈ જ જાય એવો નિયમ નથી. હા, વૈરાગ્ય થયે ત્યાગની તમન્ના ખડી થાય. બાકી

**સંસારની અનિત્યતા, સંસારની દુઃખદ ઘટનાઓ અને સંસારમાં જીવની કર્મજન્ય ડગલે ને પગલે પરાધીનતા ઉપરાંત પાપોની અનિવાર્યતા વગેરે એવું વિષમ છે કે એ જો મન પર વસી જાય તો જીવને વૈરાગ્ય થઈ જાય એવું છે.**

આ તમને જજો વૈરાગ્ય મોંઘો લાગતો હોય તો એનું કારણ આ છે કે આ સંસારની અનિત્યતા, દુખઃદ ઘટનાઓ અને જીવની કર્મ પરાધીનતા વગેરે પર મન બરાબર જતું નથી, વિચારતું નથી. નહિતર સંસારના સુખ ભલે ને મીઠા લાગી ગમતા હોય, છતાં જીવન જીવતા કષ્ટો, પાપો, વસ્તુ-વસ્તુની પરાધીનતા, ધારણા બહારઈષ્ટ વિયોગ-અનિષ્ટ સંયોગ, અને અંતે મોત,...વગેરે બાબતો એવી છે કે સંસાર પરથી આસ્થા ઉઠાડી મૂકે, અંદરખાને એના પર અરુચિ-નફરત-મુંઝવણ થાય. આનું જ નામ વૈરાગ્ય.

એટલે વૈરાગ્યભાવ તો આવી જાય, પરંતુ હવે એવા સંસારનો એકદમ ત્યાગ કરી દેવો એ એટલું સહેલું કામ નથી. એ માટે તો વિશિષ્ટ વીર્યોલ્લાસ જોઈએ સુખ-સગવડમાં પોતાની ગળિયા જેવી સ્થિતિ ફગાવી કષ્ટ-પ્રતિકૂળતા ભરી ત્યાગી જીવનની ચર્યાઓ આદરવાનું સત્ત્વ જોઈએ. એ કાંઈ વૈરાગ્ય જાગતાની સાથે ઊભું થઈ જ જાય એવો નિયમ નથી. બહુ સુખ-શીલિયાને ય સંસારનું નગુણું સ્વરૂપ જોઈ અંતરમાં એના પ્રત્યે નફરત તો છૂટે, પણ એના ત્યાગની હોશ ન હોય, એવું બને. એ તો વૈરાગ્યભાવ જાગ્યા પછી મનોમંથન ચાલ્યા કરે, ચાલ્યા કરે, અને અંતરમાં જોમ વિકસાવતા વિકસાવતાં એક દિવસ એવો આવી જાય કે સંસારને ફગાવી ઊઠીને ચાલતો થઈ જાય.

રાજા હરિષેણની પહેલાં વૈરાગ્યની સ્થિતિ ઊભી થયેલ, પરંતુ ત્યાગનું જોમ નહિ. એટલે વૈરાગ્યભર્યા દિલથી સંસાર નભાવ્યે જતો હતો. એમાં હવે વૈરાગ્ય વધી ગયો, જોમ વિકસ્વર થઈ ઊઠ્યું, પુત્ર ધાર હજી બાળ અવસ્થામાં છે. કિન્તુ વૈરાગ્ય અને ત્યાગનો વીર્યોલ્લાસ પ્રગટી ઊઠ્યા પછી પુત્રમોહ શું, કે પત્ની મોહ યા રાજ્યમોહ શું બધા ય બાજુએ બેસી જાય ત્યારે, જગતમાં પાર વિનાના નિમિત્તો એવાં છે કે જે એક પણ ધ્યાન પર આવતાં જીવના વૈરાગ્યને વધારી દે, અને અંદરનું જોમ ઊછળી પડતાં જીવ બધા ય મમત્વને ફગાવી દઈ ત્યાગ તરફ ને ત્યાગી જીવન તરફ દોટ મૂકે.

રાજા હરિષેણ પહેલાં રાણી પ્રીતિમતિને કહે છે, 'જુઓ આ જીવન મારું, જીવનનો અમૂલ્ય સમય દુઃખદ રંગરાગ અને ભોગમાં વેડફાઈ જઈ રહ્યો છે; માનવજીવનનું મહાન ફળ તપ અને ત્યાગ; એ ચૂકાઈ રહ્યા છે. આમ તો જીવનનો ભરોસો પણ શો છે કે ક્યારે ધબ કરતું બંધ પડી જાય ? અને એમ થતાં પરલોક-કમાણી કરવાની તદ્દન જ રહી જાય. માટે હું હવે આ બધી માયા છોડીને તપોવનમાં જઈ તપ તપવા ઈચ્છું છું. કાયાનો ય શો વિશ્વાસ છે કે એ ક્યારે તદ્દન જ શિથિલ ન પડી જાય ? કે કોઈ મહારોગથી ક્યારે ન ઘેરાઈ જાય ? ત્યાં પછી શી તપસ્યા થઈ શકે ? માટે આજે શક્તિ છે, તો સારી તપસ્યા સાધી લેવી.'

રાણી કહે, 'હજી આપણો સંબંધ તો હમણાં થયો છે, ને એકદમ જ ત્યાગના પંથે જવું છે ?'

રાજા ઉત્તર કરે છે, 'દેવી ! આમાં એકદમ જેવું શું છે ? જીવનનો ભરોસો નથી, એ તમે તમારા જીવનમાં બરાબર અનુભવ્યું છે જુઓને સર્પદંશ એકાએક જ થયેલો, ને તમે મૃત્યું જેવી સ્થિતિ પર એકાએક જ આવી ગયેલા કાળનો ક્રુર પંજો જીવ પર ક્યારે પડે એનું શું કહી શકાય ? વર્તમાન ક્ષણે એ કાળપંજો નથી પડયો એનો શું એ અર્થ છે કે એ બીજી ક્ષણે નહિ પડે ? આવા માથે લટકતી તલવાર જેવા જીવનમાં ત્યાગમાર્ગને તો વહેલામાં વહેલી તકે વધાવી લેવો હિતાવહ છે. અગર મરીને ય ત્યાગ જ કરવો પડે છે, તો જીવન જ ત્યાગમય કાં ન બનાવવું ?

ભગવતી ! તમારા એ પ્રસંગથી તો મારા મનને સચોટ લાગી ગયું છે કે

**મારા પર આવો કોઈ કાળ પંજો નથી પડયો અને હું જીવતો રહ્યો છું તે શા માટે ? ક્ષણ વિનાશી ભોગસુખમાં અજ્ઞાન પશુની જેમ મહાલવા માટે ? કે અવિનાશી ત્યાગ અને તપની સમૃદ્ધિ સાધી લેવા માટે ?**

ભૂલશો નહિ, મળેલા બાહ્ય સંયોગો નાશંવત છે, અર્થાત્ જીવન નાશંવત છે, કાયાની શક્તિ સૌદર્ય બધું જ નાશવંત છે. આત્મા અવિનાશી છે; એ અવિનાશીનાં હિત આ નાશવંત જીવન અને કાયામાંથી કાઢી લેવા એમાં જ બુદ્ધિમત્તા છે. બાકી નાશવંતની પાછળ અવિનાશીને ખુવાર થઈ જવા દેવો એ તો અજ્ઞાન નાના કીડા-મંકોડા પણ કરે છે'

રાજાની ચોંટ સંયોગો અને જીવન તથા કાયાની નાશવંતતા પર છે. આ બધું ય નાશવંત; તેથી હવે એ નાશવંતતા નજર સામે તરવરતી થઈ ગયા પછી જીવન અને કાયામાંથી સાર ખેંચી લેવા સજ્જ થઈ ગયો છે.

શાસ્ત્રકાર મહર્ષિ 'શાંતસુધારસ' શાસ્ત્રમાં પહેલી અનિત્યતાની ભાવનામાં જુઓ કેવું સુંદર ચિત્ર રજુ કરે છે. એ કહે છે,-

પહેલું આ શરીર આકાશના વાદળની ચંચળ રમતથી, અથવા શરીર પોતાની દંભલીલાથી પરિચિત છે નજર સામે કેઈ માનવોના શરીરને દેખ્યા છે કે એ એકાએક માંદા પડ્યા, વળી એણે જીવને એકાએક અણધાર્યા પોતાનાથી અલગ કરી દીધા; તો પણ જ્યા સુધી એ જીવની સાથે ઊભાં દેખાય છે ત્યાં સુધી ય જાણે બરાબર સ્થાયી હોવાનો દેખાવ કરે છે; કિન્તુ ખરેખર એ અત્યન્ત ક્ષણભંગુર છે, ક્ષણે ક્ષણે એમાં પરિવર્તન થયા કરે છે. જન્મીને બાળક નાનેથી મોટું થાય છે તે એમાં પરિવર્તન વિના થોડું જ થાય ? જાણવા મળ્યું છે કે પ્રાચીન આયુર્વેદ મુજબ બાર વરસે અને આજના વિજ્ઞાન મુજબ સાત વર્ષે શરીરના બધા અણુઓમાં પરિવર્તન ફેરફાર થઈ ગયો હોય છે આ કાંઈ વર્ષોના અંતે એકાએક તો ન જ થાય ને ? ક્રમશઃ અર્થાત્ બાલ્ય અવસ્થાથી શરીર મોટું થવા સુધીમાં ક્ષણે ક્ષણે આ પરિવર્તન ને ? તો આ ક્ષણભંગુરતા કેવી ?

ત્યારે એમ લાગે કે,

**પ્ર.**- પણ મોટું થયા પછી યુવાની તો એવી ને એવી વરસો સુધી ટકે છે ને ? એ કયાં ક્ષણભંગુરતા રહી ?

**ઉ.**- યુવાની પણ અતિભગુંર છે, કેમકે એમાં પણ જો કે હવે શરીરને વધીને મોટું થવાનું હોતું નથી, છતાં આયુર્વેદ કે વિજ્ઞાનના સિદ્ધાંત મુજબ નવો નવો ખોરાક લેવાય છે તેમ તેમ એ ખોરાક શરીરમાં ધાતુઓ રૂપે પરિણામ પામી જુની ધાતુઓમાં ભળી જતાં રૂપાન્તર કરે જ છે. જો જુનીમાં રૂપાન્તર ન કરતું હોય તો તો એ જુની ધાતુઓ દા.ત. માંસ ઉપર નવા બનેલા માંસ ના લેપડા અલગ ચોંટ્યા દેખાય; જુના હાડકા પર નવા હાડકાનો અંશ અલગ ચોંટયા જણાય...પરંતુ બોલો આવા અલગ લેપડા થાય છે ? ના, એ તો જુનામાં એકએક ભળી જાય છે. ત્યારે પૂછો,-

**પ્ર.**- તો પછી જુનામાં વધારો થઈ યુવાનીમાં ય શરીર મોટું થતું કેમ નથી દેખાતું ?

**ઉ.**- નથી દેખાતું એ હકીકત છે. તેથી માનવું જ રહ્યું તે જુનામાં ઘસારો પડે છે, ને એની પૂર્તિ નવાથી થાય છે પરંતુ આ પૂર્તિ કશા અલગ લેપડા તરીકે નહિ, કિન્તુ જુના સાથે એકમેક ભળી જઈને બને છે. એજ બતાવે છે કે જુનાની કાયમતા નહિ, પણ પરિવર્તનશીલતા છે. એજ એની ક્ષણભંગુરતા છે.

યૌવન આવું ક્ષણભંગુર હોવા છતાં જીવ એ યુવાનીથી અવિનીત ઉદ્ધત મદોન્મત્ત બને છે કેમ જાણે એમાં કશી અશક્તિ અને ફેરફારી કયારે ય ન થતાં એ કાયમનું સશક્ત અને અપરિવર્તન રહેવાનું ન હોય ?

ત્યારે શાસ્ત્રકાર કહે છે કે આવું શરીર એ વિદ્વાનોને મન પોતાના આત્માનો મહાન ઉદય કરનારું કેવી રીતે લાગે ? કેમ ન લાગે ? એટલાજ માટે કે આત્મા સનાતન છે, શાશ્વત છે; તેથી એનો ઉદય કરનારી ચીજ ટકનારી હોય તો એ ટકીને યાને ઊભી રહીને આત્માનું ભલું કરનારી બને. પણ અહીં તો શરીર ક્ષણભગુંર, પરિવર્તન પામતું રહેનારું છે; તેથી એ શાશ્વત આત્માના ભલા માટે ક્યાંથી બને ? આત્માના ઉદયને શું કરી શકે ?

પ્ર.- પણ આવા નાશવંત શરીરથી સાધના કરીને આત્માનું ભલું થાય છે ને ? તો શરીરે આત્માનો ઉદય ન કર્યો ?

ઉ.- આત્માનો ઉદય સાધનાથી થાય, શરીરથી નહિ. ઉદય કરનારી સાધના, શરીર ઉદય કરનારું નહિ.

પ્ર.- આમ કેમ કહેવાય છે ? દેખીતું તો દેખાય છે ને કે મહાપુરુષોનાં શરીરે સાધના કરી અને એમનો આત્મા ઊંચે ઊંચે ચડતો ગયો; પછી ના કેમ પાડો છો કે શરીર આત્માનો ઉદય કરનારું નહિ ?

ઉ.- અહીં સમજવાનું છે કે,

**શરીર સાધના કરે એ બાહ્ય સાધના છે. એટલા માત્રથી આત્માનું કાંઈ ન સીઝે જો આત્માનાં અંતરમાં સાધના ન હોય, અર્થાત્ આત્મપરિણતિ સાધનાની ન હોય.**

શું ખબર નથી કે અભવી જીવ અનંતીવાર ચારિત્ર લે છે, સાધના કરે છે, પરંતુ એનો મોક્ષ નથી થતો ? અરે ! આપણા જીવે ય અનંતી વાર ચારિત્રની સાધના કરી, છતાં હજી એ સંસારમાં ભટકતો કેમ ? કેમ મોક્ષમાં જઈ બેઠો નથી ? કારણ આ જ, કે સાધના શરીરથી કરી પણ આત્માના અંતરમાં ખરેખર સાધના નહોતી ઊભી થઈ. એજ બતાવે છે કે ખાલી શરીરથી સાધનાએ કાંઈ ન વળે. આત્માની અંતરથી સાધના યાને આત્માની સાધના-પરિણતિ ઊભી થાય, તો જ આત્માનો ઉદય થતો આવે, અને એ પરિણતિ પરાકાષ્ઠાએ પહોંચતાં મોક્ષ થાય. એટલે, આત્માનો ઉદય આત્માની અંતરમાં સાધનાથી થાય.

પ્ર.- તો ભૂતકાળની અનંતી શરીરથી સાધનાએ અંતરમાં સાધના કેમ ઊભી ન કરી ?

ઉ.- તે પોતાને અંતરમાં સાધના જોઈતી હોય તો એ આવે ને ? પણ મૂળમાં પોતાને જ એની જરૂર ન હોય, પછી બહારની લાખો કરોડો સાધના ય શું કરી શકે ? આનો અર્થ એ નથી કે 'શરીરથી સાધના નકામી છે.' એ પણ ઉપયોગી છે, કિન્તુ એથી અંતરમાં સાધના ઊભી થવા દ્વારા ઉપયોગી છે. આમ, દેખીતું દેખાય કે શરીર બાહ્ય સાધનાથી આંતરિક સાધના ઊભી કરવા દ્વારા આત્માના

મહાન ઉદયને કરનારું બન્યું કિન્તુ ધ્યાનમાં રાખવાનું છે કે આ તો કેવું છે કે,-

કિમિયાગર વૈદે અફીણને કેળવીને રોગ મટાડનારી દવારૂપ ગોળીઓ બનાવી, અને એથી મરવા જેવા થઈ ગયેલા રોગીનો રોગ મટાડી એને સારું લાબું જીવન આપ્યું, એમ અફીણ જીવાડનારું બન્યું દેખાય; પરંતુ અફીણ એના મૂળ સ્વરૂપે કેવું ? તો કહેવાય કે અફીણ એ મારનારું ઝેર છે. એમ શરીર કેવું ? આત્માના ઉદયને કરનારું ? કે અધઃપતનને કરનારું ? તો કહેવાય કે અધઃપતન કરનારું કારણ ? જેમ અફીણે કેઈને માર્યા જ છે, માટે એ મારનારું જ કહેવાય, એમ શરીર અનંતા જીવોને અનંતા અનંતકાળથી પાપો કરાવી કરાવી ભટકાવી રહ્યું છે, માટે એ આત્માના ઉદયને નહિ, પણ અધઃપતનને કરનારું ગણાય.

**ઝેર કયારેક જીવાડનારું બને, એ ઝેરની વિશેષતાથી નહિ, કિન્તુ વૈદની કિમિયાગીરીથી; એમ શરીર આત્માનો ઉદય કરનારું બને એ શરીરની વિશેષતાથી નહિ, કિન્તુ આત્માની કિમિયાગીરીરૂપ સાધનાની વિશેષતાથી.**

માટે શાસ્ત્રકાર કહી રહ્યા છે કે વિદ્વાનોને મન ક્ષણભગુંર અને યુવાનીથી ઉદ્ધત શરીર આત્માના મહાન ઉદયને કરનારું કેમ લાગે !

શરીરની ક્ષણભગુંર અનિત્યતા તો આત્માને ઠગનારી બને છે. જીવ માની બેઠો હોય કે 'આ શરીર સારું ચાલે છે, એનાથી મને ઠીક છે,' પણ એટલામાં એવુ બને કે એ વાંક થઈ બેસે, રોગાદિથી પરિવર્તન પામી જાય, કે મૃત્યુ પણ પામી જાય. એમ શરીર જીવને વિશ્વાસમાં રાખી ગફલતમાં રાખી ઠગનારું બને છે.

વળી શાંતસુધારસ શાસ્ત્ર કહે છે,-

**आयुर्वायुतरत्तरङ्गतरलं लग्नापदः संपदः...**

આયુષ્ય પવનની વહેતી લહેરીના જેવું ચપળ છે; અને સંપત્તિઓને આપત્તિઓ લાગેલી હોય છે.

એટલે ? ન તો આયુષ્ય સ્થિર, કે ન સંપત્તિઓ સ્થિર. પ્રતિક્ષણ પવનનાં મોજાં આવ્યા ને ગયાં, એમ પ્રતિસમય આયુષ્યનો અંશ ઉદયમા આવ્યો ને ગયો.

**કૂવાના અરઘટ્ટની ઘડીએ ઘડી કૂવાના પાણીને બહાર ફેંકયે જ જાય છે, એમ કાળનો સમયે સમય આયુષ્યના દળિયાંને બહાર ફેંક્યે જ જાય છે.**

ક્ષણ ક્ષણ પસાર થતાં આયુષ્યનો અંશ ભોગવાઈને ગયો તે ગયો અર્થાત્ એટલી ક્ષણમાં જીવને જીવતો રાખીને ગયો, તે ગયો હવે એ કાંઈ પાછો આવે નહિ. 'પ્રશમરતિ' શાસ્ત્ર કહે છે,-

**न च गतमायुर्भूयः प्रत्येत्यपि देवराजस्य ।**

ગયેલું આયુષ્ય મોટા ઈંદ્રને પણ ફરીથી પાછું ફરતું નથી, પછી ભલેને એ

ઈંદ્રપણાની પોતાની સમસ્ત ઠકુરાઈ-વૈભવ બદલામાં આપી દેવા તૈયાર હોય; તો ય આયુષ્યની વીતેલી એક ક્ષણ પણ પાછી વાળવા કોઈ સમર્થ નથી. શું સમજ્યા મોટા ઈંદ્રને ય ભોગવાઈ ચુકેલું એક ક્ષણનું પણ આયુષ્ય પાછું ન ફરે, તો તમારે પાછું ફરે ? બધી ય સંપત્તિ આપી દો તો પણ પાછું ફરે ? ના, તો શું જોઈને આવા ભોગવાતા આયુષ્યમાં પ્રમાદ સેવી રહ્યા છો ? શા સારુ ગફલતમાં રહ્યા છો ? અરે ! સંપૂર્ણ ધર્મસાધનામાં નહિ, તો પણ કમમાં કમ પ્રભુના ધ્યાનમાં તો આયુષ્યકાળ પસાર કરી શકાય ને ?

**'જો ઘડી જાયે પ્રભુના ધ્યાનમાં, ધન ધન ભવી ! માનો'**

**પ્ર.**- પ્રભુના ધ્યાનમાં ચિત્ત લગાવીએ તો પછી સંસારનાં કામ શી રીતે બજાવાય ? એ બજાવવા મન તો એમાં પરોવવું પડે ને ? એ પરોવતાં જિનનું ધ્યાન કયાં રહે ?

ઉ.- અહીં કારીગરી કુશળતા જોઈએ; એ હોય તો સંસારના કામે ય બજતા રહે, ને પ્રભુનું ધ્યાન પણ ચાલુ રહે. કુશળતા આ, કે પ્રભુનું ધ્યાન એટલે શું એ સમજી લેવું અને એને કામે લગાડી દેવું. જુઓ,-

**પ્રભુનાં વચનનું ધ્યાન, ચિંતન, સ્મરણ એ પણ પ્રભુનું ધ્યાન છે, એમ ષોડશકશાસ્ત્ર કહે છે,-**

**'अस्मिन हृदयस्थे सति हृदयस्थस्तत्वतो मुनीन्द्र इति ।'**

અર્થાત્ જો આ જિનવચન હૃદયમાં રમતાં રહે, તો એ ખરેખર જિનેન્દ્ર ભગવાન જ હૃદયસ્થ છે તાત્પર્ય,

જિનાજ્ઞાનું ધ્યાન એ જિનનું ધ્યાન છે;
જિનાજ્ઞાનું ચિંતન એ જિનનું ચિંતન છે.
જિનાજ્ઞા પર બહુમાન એ જિનનું બહુમાન છે.
જિનાજ્ઞાની શ્રદ્ધા એ જિનની શ્રદ્ધા છે.

**સાંસરિક કામ વખતે જિનનું ધ્યાન રાખવાની કારીગરી :-**

આ પરથી સમજી શકાશે કે જિનની આજ્ઞાનું ધ્યાન કરીએ એ જિનનું જ ધ્યાન છે, પ્રભુનું જ ધ્યાન છે. હવે સંસારના કામકાજ વખતે પણ જો એમાં જિનાજ્ઞાની ખતવણી કરો, જિનાજ્ઞાનો સંબંધ યાદ કરો, તો ત્યાં જિનનું ધ્યાન આવ્યું ગણાશે દા.ત.

બાઈ રસોઈ કરતાં મનમાં આ ખ્યાલ કરે કે 'આ ચૂલો-આગ-રસોઈ વગેરે આરંભ-સમારંભનાં કામ છે; જિનેશ્વર ભગવાન એને આશ્રવ કહે છે, અને એમાં જેટલી જીવરક્ષા વગેરેની કાળજી રાખી, જયણા રાખી એટલી સંવરસાધના છે. માટે આ જયણાનો ખપ કરું'

એમ, પુરુષ વેપાર કરતાં ખ્યાલ કરે કે 'આ કાંઈ ધર્મ વ્યાપાર નથી; આ તો પાપવ્યાપાર છે પણ એમાં જેટલું અસત્ય-અનીતિ-હિંસા વગેરેથી બચાય એટલી જયણા થઈ; ને એ સંવરસાધના છે. માટે એનો ખપ કરું.' તો ત્યાં સંસારી કામ વખતે જિનાજ્ઞાનો ખ્યાલ કર્યો; ને જિનવચનનું ધ્યાન એ જિનનું ધ્યાન છે, પ્રભુનું ધ્યાન છે, એ હિસાબે ત્યાં જિનનું ધ્યાન સલામત રહ્યું.

વાત આ, જે ઘડી જાયે પ્રભુના ધ્યાનમાં, ધન ધન ભવી ! માનો.' આયુષ્ય નિરંતર ઢળી રહ્યું છે, એમાંથી એની જેટલી ક્ષણ પ્રભુનાં પ્રભુવચનનાં ધ્યાનમાં ખરચાય એટલી એ લેખે લાગી, એટલે ધન્ય બની. એ ધન્ય બનાવવા માટે આ અનિત્યતાની ભાવના છે કે 'આયુષ્ય પવનની લહેરીના જેવું ચંચળ છે, જરાય સ્થિર નથી, પ્રતિપળ ઢળી રહ્યું છે.'

ત્યારે, સંપત્તિઓની મઝાપણ અનિત્ય અસ્થિર છે; કેમકે એની સાથે એક યા બીજી આપત્તિ-ચિંતા-ભય લાગેલા હોય છે. મોટા ચક્રવર્તીઓનાં પણ છેવટે જઈને મૃત્યું થતાં બધું ઊડી જવાનો ભય રહેલો છે.

આજના કાળે દેખાય છે ને કે સંપત્તિની પાછળ કેટકેટલી ચિંતાઓ રહે છે ? જ્યાં છતી સંપત્તિએ ચિંતાથી લોહી બળતું હોય, દિલ સળગતું હોય, ત્યાં સંપત્તિથી સ્થિર આનંદ કયાં રહ્યો ? સંપત્તિ જડ જગતની ને ? એના સ્થિર સ્વભાવ નહિ; આપત્તિના કલંક એને લાગેલા જ હોય, છતાં નઠોર દિલ એને ગળી ખાય એ જીવની કેવળ અભિમાની દશા છે. 'ભલે સરકારી ઓફીસરની લાત પડતી હોય, પણ હું લાખપતિ તો ખરો ને ?' રૂપાળી સ્ત્રી કર્કશા હોય, ઘરમાં કલેશ કરી લોહી પીતી હોય છતાં એના રૂપમાં લંપટ ધણી ખુમારી અનુભવે છે કે 'ભલે ને કર્કશા, પણ મારી જેમ આવી રૂપાળી સ્ત્રી કોને મળી છે ?' અનિત્યની મોહમૂઢતામાં નિત્ય આત્મા આનંદ-અભિમાન રાખ્યા કરે અને કૂટાતો રહે એ એની કેવી દુર્દશા ?

'શાંતસુધારસ' શાસ્ત્ર આ જગત પર વ્યાપેલી અનિત્યતાનું સામ્રાજ્ય વર્ણવતાં કહે છે કે,

ઈન્દ્રિયોના બધા જ વિષયો સંધ્યાના રંગની જેમ ચપળ છે. સ્નેહીઓ, પત્નીઓ, પત્ની, સગાં વગેરે બધાના સમાગમનું સુખ સ્વપ્ન જેવું, ઈન્દ્રજાળ સમું, ક્ષણ-દ્રષ્ટનષ્ટ, હમણાં મળ્યું ને હમણાં નષ્ટ, જોતજોતામાં ઊડી જનારું ! તેથી આ સંસારમાં એવી કઈ વસ્તુ છે કે જે સજ્જનોને આનંદ માટે હોય ?'

'હે બધું ! જે જડ-ચેતન ભાવો અહીં પ્રાતઃકાળે બહુ સારી ચમકતી શોભાવાળા દેખાય છે, જે સ્વતઃ સુંદર અને જગતના મનને આનંદ દેવામાં કુશળ જણાય છે, એજ ભાવોને એ જ દિવસે પરિણામે વિરસ, કષ્ટદાયી અને નષ્ટ થતા

જોવા છતાં હાય ! મારું ચિત્ત એવા જડ-ચેતન-ભાવમય સંસાર પર રાગનું બંધન છોડતું નથી ! એ કેવું ભૂતપ્રેતથી હણાઈ જવા જેવું ? ભૂત-પિશાચે મનનો કબજો કર્યો હોય તો પછી એવા મનવાળો માણસ અનિચ્છનીય બંધનોને હોંશે પકડી રાખે છે. નગરખાળમાં પડ્યો તો શું, કે ઉકરડમાં પડ્યો તો શું એને છોડશે નહિ. એવી રીતે વિષયોથી હણાયેલું મન ચચંળ-અસ્થિર જડ-ચેતનના અનિષ્ટ બંધનોને ખુશમિશાલ વહોરી પકડી જકડી રાખે છે, પણ છોડતું નથી.

**વિષયો એ ભૂત છે; એણે મનનો કબજો કર્યો એટલે ખલાસ ! મનની સ્વતંત્રતા ગઈ; એ હાથે કરીને જડ-ચેતન પદાર્થોથી બંધાશે ?'**

શાસ્ત્રકારે ભૂતની ઉપમાંથી અહીં કેવી સચોટ ઘટના કરી બતાવી ! શબ્દાદિ જડ વિષયો અને સ્વજન આદિ ચેતન પદાર્થોને ભૂત સાથે સરખાવ્યા; અર્થાત્ વિષયો અને સ્વજનાદિ એ ભૂતપિશાચ છે. માણસમાં ભૂતનો પ્રવેશ થઈ જાય, પછી એના મન પર ભૂતનો કબજો થઈ જાય છે. એમ આ ભૂત જેવા વિષયોને પરિવાર આત્માની દૃષ્ટિમાં પ્રવેશ પામ્યા એટલે પછી એ વિષયાદિનો મન પર કબ્જો જામે છે.

ભૂતનો પ્રવેશ નહોતો ત્યાં સુધી મન પર એના માલિક આત્માનું વર્ચસ્વ હતું.- માલિક આત્મા મનથી ધારે તે વિચારે-બોલે-વર્તે પણ વર્ચસ્વ ભૂતનું જામ્યા પછી એ ગયું; હવે તો ભૂત ધારે એવું એનાં મનથી વિચારશે-બોલશે-વર્તશે. બસ વિષય-પરિવારભૂતનું પણ આવું જ છે. મન પર એનું વર્ચસ્વ જામ્યા પછી, માલિક, આત્માની મન પાસે સ્વતંત્રપણે સ્વહિતની વિચારણા કરાવવાની સ્થિતિ રહેતી નથી, કે મનથી સ્વહિતની વાણી બોલવાની યા સ્વહિતનું આચરણ કરવાનું ગજું નહિ. એ તો વિષય-પરિવારરૂપી ભૂત મન પાસે વિચારણા કરાવે તે થાય.

તો શું આમાં કાંઈ બગડે છે ? હા, બગડે છે, બંધનો વહોરાવાનું થાય એ બગડવાનું થાય છે.

**ભૂતથી પકડાયેલા માણસ હાથે કરીને બંધનો વહોરે છે, દોરડેથી જાતે જકડાશે, અને ઉપરથી ખુશી માનશે ! એમ વિષયો અને પરિવારથી પકડાયેલું મન રાગ-આસક્તિ આદિના બંધનથી જાતે જકડાય છે, ને છતાં પાછો ખુશી થાય છે.** પૈસા સારા કમાયો, સંગીત સાંભળવા મળ્યું, સ્ત્રી જોવા મળી, તો ત્યાં જીવન મન પર એવું વર્ચસ્વ જામી પડતાં, એના રાગથી બંધાય છે, પૂછો,-

**પ્ર.**- શું રાગ એ બંધન છે ?

ઉ.- હા, રાગ સામાન્ય નહિ, પણ જાલિમ બંધન છે. કસાઈ બજારમાંથી ગાય ખરીદીને એને દોરડેથી બાંધી ઘસડીને લઈ જાય છે, પરંતુ એ ગાયનું વાછરડું

ગાયની પાછળ વિના દોરડે બંધાયું હોંશેહોંશે ચાલ્યું જાય છે. શાથી ? કહો, એને માતા પર રાગ છે. આ રાગથી બંધાયેલું કહેવાય કે નહિ ? તેય રાજીથી દોડતું આવે ત્યારે, રાગ એ કેવુંક બંધન ?

**રાગ એ કારમું બંધન એટલી માટે છે**

(૧) જીવ એને હોંશે સેવે છે, તેથી બંધન જ માનવા તૈયાર નથી.

(૨) પછી એને ભંયકર તો માને જ શાને ?

(૩) એટલે જ હજી દોરડાનાં બંધનને કાપવા તૈયાર, પણ રાગને કાપવા તૈયાર નહિ !!

(૪) રાગના લીધે જડની ભારે સેવા અને હિંસાદિ કરવા સજ્જ રહે છે.

(૫) રાગ કરનારો એના લીધે બીજા અનેક અવગુણ તથા કલેશ વહોરવા તૈયાર રહે છે, પણ રાગ છોડવા તૈયાર નહિ. ત્યારે જો રાગ છોડી શકતો નથી તો શું રાગ એ બંધન નહિ ?

આજે જુઓ છો ને કે દીકરા બાયડી પરણ્યા પછી એના પરના રાગને લીધે માબાપ સામે કેવા ઉદ્ધત બને છે ? માતાની સાથે કેવા ઝગડે છે ? માબાપથી કેવા જુદા થાય છે ?

(૬) રાગની પાછળ વિયોગાદિનાં રુદન વગેરે આ લોક પરલોકનાં અનેક દુઃખોની ફોજ ઊતરી પડે છે દુઃખની સજા શેની પાછળ હોય ? બંધનની પાછળ ? કે સ્વતંત્રતાની પાછળ ?

રાગ એ બંધન છે, વાસના એ બંધન, ક્રોધાદિ કષાયો એ વિષયોની આસક્તિ એ બંધન છે, એ વાંરવાર યાદ રાખો એમ, વારે વારે એને બંધન તરીકે જોતા રહેવાથી જાત પર ધૃણા થશે કે 'અરે ! હું આ હાથે કરીને રાગાદિ બેડીથી વાંરવાર મારી જાતને જકડું છું ? હું કેવો મૂઢ ? જેની પર રાગાદિ કરું છું એ પદાર્થો તો નાશવંત છે, અંતે મારાથી છૂટી જનારા છે; એવા આયારામ-ગયારામ પદાર્થો ખાતર મારી જાતને રાગાદિ બેડીથી જકડનારો હું ? કયારે આ બંધનોને હવે અટકાવતો રહીશ ? આમ જાત પર ઘૃણા સાથે રાગાદિ બંધનોને અટકાવવાની વાંરવાર ભાવના કરતા રહેવાય, તો મન પર એનાં સુંદર સંસ્કાર પડે છે, એથી એક પ્રકારનું મનોબળ ઊભું થાય છે, જે એ રાગ-દ્વેષ, કામ-ક્રોધ, મદ-માયા-લોભ વગેરેને મોળા પાડવા પ્રેરે છે.

વાત આ હતી કે ઈંદ્રિયોના જડ વિષયો અને સ્વજનાદિ ચેતન પરિવાર એ ભૂત જેવા છે, કેમકે એ મનનો કબજો કરી લે છે, અને એથી જીવ મન પર પોતાનું વર્ચસ્વ ગુમાવી દે છે; પછી એ જડ-ચેતન પદાર્થો મનને જે ફાવે તેમ

રમાડે છે એમાં જીવ એવા વાણી-વિચાર-વર્તાવથી દોરવાય છે પરિણામ ? જીવ રાગાદિ બંધનથી જકડાતો જાય છે.

જીવે કોની પાછળ પોતાનું વર્ચસ્વ ગુમાવવાનું ? અને કોની પાછળ રાગાદિ-બંધને બંધાવાનું ? જગતના જડ-ચેતન ભાવો પાછળ જ ને ? પરંતુ આ ભાન નથી કે ' આ બધા ભાવો અનિત્ય છે, એટલે ગમે તેટલા રાગાદિ કરવા છતાં એ ઠેઠ સુધી ટકવાના નથી; તો રાગાદિબંધનો વધારવાથી અંતે પોતાને શો લાભ ?'

**હરિષેણ રાણીને જગાડે છે :-**

પેલો હરિષેણ રાજા આ સમજે છે, એને આ ભાન છે કે દુન્યવી પદાર્થો પરિવાર અને વિષયો અનિત્ય છે, વિયોગ પામનારા છે, પછી મન પર એની હકુમત લઈ એની ગુલામી ચલાવ્યે રાખવી એ મૂર્ખતા છે; કેમકે અંતે તો જવાના. જીવના હાથમાં એમાંનુ કશું જ નહિ, અને એની ગુલામીમાં રાગાદિબંધનો ઊભા કર્યા એ માથે રહેવનાં. એથી ભવભ્રમણ ઊભું રહે. આ ઉચ્ચ માનવ અવતારે જ્યારે તપસ્યાની ઉત્તમ તક છે કે જેનાથી ભવમાં ભટક્યા કરવાનો અંત આવે છે; તો પછી આ અનિત્ય રાજ્યપાટ અને પરિવારના સમાગમમાં શું બેસી રહેવું ? હવે તો આને છોડીને જાઉં તપોવનમાં અને તપ તપું."

રાજાએ પોતાના આ વિચાર રાણીને જણાવ્યા ત્યારે રાણી કહે 'તો પછી મારે પણ આ સંયોગોમાં શા માટે બેસી રહેવું ? હું પણ તપોવનમાં આવી તપ તપીશ' અને જીવન સફળ કરીશ'

રાજા પુણ્યશાળી; કેવી સહચરીનો યોગ મળ્યો છે ! ત્યાગની કપરી પણ વાત વધાવી લેનાર ઝુંપડિયા મકાનની મમતા ન છૂટે, તો મોટા રાજ્યપાટની મમતા છૂટવી સહેલી છે ? રોંજિદા સાદા ભોજન-વસ્ત્ર વગેની લહેર ન છૂટે, તો રાજશાહી સુખ વિલોસોની લહેરને છોડવી સરળ કહેવાય ? પરંતુ એ બધાની અનિત્યતાનું સાચું ભાન થાય, એની ગુલામીમાં આત્માને ભૂલવાનું ને આત્મહિત ગુમાવવાનું મહાનુકસાન દેખાય, અને એ દિલને ભારે ખટકે, તો એનો ત્યાગ કરવો કઠિન નથી.

રાજા હરિષેણે મંત્રીઓને બોલાવી પોતાના વિચાર જણાવી દીધા. મંત્રીઓએ કહ્યું 'મહારાજા ! હજી રાજકુમાર માત્ર બે જ વરસની ઉંમરના છે, માટે અમારી વિંનતી છે કે એમને મોટા થઈ જવા દો, પછી આપ ત્યાગ અને તપનો માર્ગ સ્વીકારો એ ઠીક છે.'

રાજા કહે,'જુઓ મંત્રીશ્વરો ! આયુષ્યનો ભરોસો નથી કે એ કયારે તૂટે ? એટલે એના વિશ્વાસે બેસી રહેવામાં એ કદાચ વહેલુંજ પૂરું થયું તો આ ઊંચા

અવતારે મળેલી સાધનાની અમૂલ્ય તક એમજ એળે જાય. જીવને આ સમાગમો તો જનમે જનમે મળ્યા જ કરે છે.....

જનમ-જનમના તે તે સંયોગોને જ જો સંભાળતા રહેવાનું હોય તો પછી પોતાના આત્માને કયારે સંભાળવાનો ? ને આત્માનું હિત કયારે સાધવાનું ?

માટે હવે તો અમારો નિર્ધાર છે કે તપોવનમાં જવાના. એટલે લાવો બાળકનો રાજયભિષેક કરી લઈએ. પછી તમો બધુ સંભાળી લેજો. તમારા પર વિશ્વાસ છે કે તમે એને મોટો કરી સુયોગ્ય શાસક રાજા બનાવી દેશો.'

મંત્રીઓ કહે 'પરંતુ રાણી સાહેબે તપોવનમાં જોડાવવાની ઉતાવળ શા માટે કરવી જોઈએ ?'

રાજા કહે, 'તમે જાણો છો ને કે એમને ભારે સર્પદંશ થયેલો ને મરવા જેવા થઈ ગયેલા ? એ તો એ વખતે ગયા હોત તો કશું સારું સાધ્યા વિના જ ગયા હોત. ત્યારે જો ભાગ્યયોગે એ જીવી ગયા, તો શું હવે હાથમાં રહેલું જીવન-મોહ-મમતાના પોષવા માટે હોય ? કે ત્યાગ અને તપના ઊંચા સુકૃત સાધવા માટે ? એટલે હવે એમના માટે પણ તમારો આગ્રહ નકામો છે. એમને પણ એમનું આત્મહિત સાધી લેવા દો.'

છેવટે મંત્રીઓને વાત માનવી પડી, બાળ રાજકુમારંનો રાજયભિષેક કરવામાં આવ્યો, મંત્રીઓએ રાજયકારભારનાં સુકાન સંભાળી લીધાં, અને રાજા હરિષેણ તથા રાણી પ્રીતિમતી રાજ્યનો ત્યાગ કરીને તપોવનમાં ચાલી નીકળ્યા.

**રાજા-રાણી તપોવન પ્રતિ :-**

રાજા-રાણી ત્યાગ કરી તાપસને યોગ્ય વેશ સજીને જ્યારે મહેલમાંથી ચાલી નીકળે છે એ વખતનું દૃશ્ય ! ખૂબ જ કરુણ હતું. આખી પ્રજા આવા સારા રાજાને ગુમાવવા પર ધ્રુસકે રોતી હતી રાજા-રાણીને વળાવવા ગયેલા હજારો નર નારીઓમાંના એકની પણ આંખ કોરી નથી. દરેકની આંખમાંથી આંસુ ટપકી રહ્યા છે, મોં ઉદાસ છે, ને વાણી આવા પ્રખર ત્યાગની ભૂરિ ભૂરિ પ્રશંસા કરી રહી છે. દરેક જણ પોતાની ભોગલુબ્ધ કંગાળ દશા તો સમજે ને ? પછી ત્યાં આવા રાજશાહી વૈભવ-વિલાસ ઠુકરાવી તાપસવેશે તપોવનમાં ચાલી નીકળનાર રાજા રાણીની સાત્વિકદશા પર કેમ ઓવારી ન જાય ? કેમ એની પ્રશંસા કર્યા વિના રહે ?

અનિત્ય વિષયો અને સ્વજનો જીવને ક્યારેક એકાએક છોડી દે, એ પહેલા જીવે જ એનો ત્યાગ કરી દેવો એમાં બુદ્ધિમત્તા છે ને પુરૂષાર્થ-શક્તિનો સદુપયોગ છે.

નહિતર બુદ્ધિ અને શક્તિ બંને ય વેડફાઈ જાય. એ સત્યને સમજનાર રાજા અને રાણી પેલા વિશ્વભૂતિ કુલપતિના તપોવનમાં જઈ તાપસ-તાપસી તરીકે દાખલ

થઈ ગયા. કયાં મોટા મહારાજ-મહારાણી તરીકેનું રાજમહેલવાસી જીવન ? અને કયાં અહીં તાપસ ને તાપસીપણાનું વનવાસનું જીવન ? આ વનવાસનું જીવન એટલે તો મહેલવાસની બધી જ સુંવાળી અનુકૂળતાઓ વિનાનું જીવન. કપડાં કેવા ? ભોજન કેટલી વાર ? ભોજનમાં શું ? વાહન કયાં ? શય્યા કેવી ? આટલું ગજબ પરિવર્તન એકાએક અપનાવી શકાય ? સાંભળતાં મનને ગભરામણ થાય છે ને કે 'હાય બાપ ! આટલો બધો ત્યાગ એકદમ શી રીતે અપનાવાય ?' પણ નજર સામે જુઓ છો ને કે બધીય સારી મજેની સુખ-સગવડ એકાએક છોડીને માણસ મરે છે કે નહિ ? ત્યારે શું એને માટે પરલોકમાં આવું બધું સુંવાળું તૈયાર કરી મૂકેલું છે ? એકેન્દ્રિયથી પંચેન્દ્રિય તિર્યંચગતિ સુધીના અવતારમાં તો દુઃખોના પોટલાં ખડકાયેલાં પડયાં છે. નારકીમાં ત્રાસ-રિબામણનો પાર નથી. માનવ અવતારે પણ પહેલાં તો નવ માસની ગર્ભની કેદમાં પૂરાવું પડે છે ત્યારે દેવતાઈ અવતારે કદાચ સુખ ગણો, પણ તે મળવો કયાં રીઢો પડયો છે ?

માણસ જો પરલોકનાં આ દુઃખોનો વિચાર કરે, એને નજર સામે તરવરતા રાખે, તો વર્તમાન જીવન જીવતે રાજશાહી પણ સુખ-સગવડના ત્યાગ પર હાય બાપ ! આવું કેમ છોડાય ?' એવી ગભરામણ કરવાનું ન થાય અરે ! કર્મ રૂઠે છે ત્યારે આ જ જીવનમાં સુખ-સગવડ ખૂંચવાઈ જઈ કયાં દુઃખિત દરિદ્ર અવસ્થા નથી આવતી ? એ આવ્યેથી મન પછી એમાં એડજસ્ટ થઈ જાય છે ને ? ગોઠવાઈ જાય છે ને ? સવાલ મનને એડજસ્ટ કરવાનો છે.

**સ્વેચ્છાએ ત્યાગ કરી મનને એમાં ગોઠવી લેતાં આવડે, તો પછી કોઈ દુખ નથી લાગતું**

મન વૈભવ-પરિવારને સુખદ અને એટલે જ મહત્ત્વનાં માની લે છે, તેથી જ એના ત્યાગની વાત આવતાં ભડકે છે. 'શાંતસુધારસ' શાસ્ત્રકાર કહે છે,-

**'मूढ ! मुह्यसि मुधा, मूढ मुह्यसि मुधा,**
**विभवमनुचिन्त्य हृदि सपरिवारम् । ...'**

હે મૂઢ આત્મા ! તું મનમાં પરિવારસહિત વૈભવની જ પાછળ વિચાર કરી કરીને ફોગટ મોહ પામે છે...' મન સમજે છે કે 'આ બધું મળેલું હવે કાયમી તરીકે મળ્યું છે તો હવે ચિંતા શી ? હવે આને જ સંભાળ્યા કરું' પરંતુ એવા મનને ભાન નથી કે 'કુશશિરસિ નીરમિવ ગલદનિલકમ્પિતં, વિનય ! જાનીહિ જીવિત-મસારમ' અર્થાત્ જીવન પવનથી કંપી રહેલ ઘાસના ટોરચા પરનાં અને પવનથી કંપાયમાન પાણીની જેમ ગળતું છે. એવું જીવન જોતજોતામાં ગળી જતાં, હાથમાંથી ખસી જતાં, એ વૈભવ અને પરિવાર કયાં તારા થઈને રહેવાના છે ? માટે હે

ચેતન ! એને અસાર સમજ.

**જીવન જતા જે ફના જ થવાનું હોય, ખોવાઈ-લૂંટાઈ જ જવાનું હોય, એને સારભૂત કેમ કહેવાય ?**

પાકિસ્તાનમાં જેમણે કાયમી આવક માટે બીલ્ડિંગ ઊભી કરી ભાડા ખાવાનું કરેલું, એમને ત્યાંથી મોતથી બચવા ભાગીને અહીં આવવું પડયું; એટલે પેલી બીલ્ડીંગ તો ગઈ જ ને ? ઝવેરાત હોત તો તો હજી પોટલીમાં બાંધી લાવવા અવકાશ રહેત, પણ બીલ્ડીંગ શી રીતે ઊંચકી લવાય ? હવે એ અહીં ભાગી આવેલાને એ બીલ્ડીંગ માટે શું લાગે ? બીલ્ડીંગ સારભૂત લાગે, કે અસારભૂત ? ઝવેરાત લાવી શકાયુ હોત તો તો એ સારભૂત લાગત; પણ બીલ્ડીગં તો ઊડયું, એ શી રીતે સારભૂત લાગે ? અસાર જ લાગે.

**પ્ર.**- પણ એ તો ગયા પછી જ અસાર લાગ્યું ને ? હતું ત્યાં સુધી કયાં અસાર લાગેલું ?

**ઉ.**- ભૂલ્યા, જો હતું ત્યારે પણ એમ ખ્યાલ આવ્યો હોત કે 'અહીં પાકિસ્તાની સરજાવાની છે અને પહેર્યે લુગડે ભાગવું પડવાનું છે' તો ત્યારે પણ અસાર ન લાગત ? અરે ? મનને થાત કે 'આને ઝટ વેચી સોનું-ઝવેરાત કરી રાખી લઉં નહિતર આ ઊડવાનું છે. ભાગવું પડવાનું ત્યાં બીલ્ડીગં રાખ્યામાં શો માલ ? ઝવેરાતમાં માલ, કે જે સાથે લઈ જઈ શકાય' આ શું વિચારી રહ્યો છે ?' ભાગતાં પડતું મૂકવું પડે એમાં માલ નહિ, સાર નહિ; સાથે લઈ જઈ શકાય એમાં માલ, એ સારભૂત'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૧,અંક-૧૦,તા.૧૮-૧૧-૧૯૭૨**

બસ, એ જ રીતે જીવનમાં ખ્યાલ આવ્યો કે મરતાં ભાગવું પડશે ત્યારે આ વૈભવ-પરિવાર ઊડવાના,' તો પછી એમાં માલ લાગે ? એ સારભૂત લાગે કે અસાર ? મર્યા પછી તો શું પણ કેટલાયને એ જીવતાં ઊડે છે, દુનિયામાં વૈભવ અને પરિવારના આ વિનાશ કે વિયોગ ભરચક જોવા મળે છે. એ જોવા મળવા છતાં જાત માટે એનો વિનાશ-વિયોગનો વિચાર ન આવે અને મોહમૂઢ થવાય એ સરાસર મૂર્ખતા નથી ?

તમે પૂછશો કે 'તો શું આખી દુનિયા મૂર્ખ ?'

પરંતુ હકીકત વિચારો ને કે નાશંવત મોહમાં શાણપણ છે ? દુનિયાની દલાલી કરવા શું કામ નીકળી પડો છો ? મોટી દુનિયા જો મૂર્ખ નહિ પણ શાણી

હોય, તો નાશ વખતે એ પોક કેમ મૂકે છે ? કેમ નાશને રોકતી નથી ? મોહિત થાય છે એટલે તો વિનાશ કે વિયોગ થતાં પોક મૂકવી પડે છે પહેલેથી મોહ જ ન કરે તો પછી રોવાની કશી જરૂર ન રહે. એટલે, કહો જો અંતે રોવરાવનારો મોહ કરાય એ શાણપણ કે મૂર્ખતા ?

**માનવજીવન અને માનવબુદ્ધિ અંતે રોવરાવનારો મોહ કરવાની મૂર્ખતા કરવા માટે નથી.**

**બુદ્ધિ જો સમજી લે ને વૈભવ-પરિવારનો મોહ કરવો મૂકી દે, તો પછી પુરૂષાર્થ શક્તિ તો એ નાશંવત વૈભવ પરિવારનો ત્યાગ કરવા માટે તૈયાર જ છે.**

એ વિરલ દુર્લભ મહાકિંમતી પુરૂષાર્થ શક્તિથી વૈભવ-પરિવારના સ્વેચ્છાએ ત્યાગ કર્યા પછી જે તપોમય જીવન બનાવાય, એમાં મન ગોઠવાઈ જાય છે, મન એવા ત્યાગ-તપને જ અનુકૂળ માની લે છે પછી ત્યાં કશું કપરું નથી લાગતું.

રાજા હરિષેણ અને એની રાણી પ્રીતિમતી તપોવનમાં મોજથી તપ કરી રહ્યા છે, અને વિશ્વભૂતિઋષિની ઉપાસના કરી રહ્યા છે, તત્ત્વશ્રવણ કરી રહ્યા છે. એમાં એક દુ:ખદ ઘટના બની આવે છે. રાણી પ્રીતિમતી તપ તપવા છતાં પાંચમે મહિને ગર્ભવતી હોવાનું સ્પષ્ટ દેખાય છે ત્યારે અહીં તપોવનમાં ગર્ભ એ કેટલું લજ્જાસ્પદ ? રાણી તથા રાજા હરિષેણને એ ભારે લજ્જાકારી બને છે.

જો જો હોં, અહીં હરિષેણના બ્રહ્મચર્યમાં ભંગ થયો નથી. તેથી જ એને આશ્ચર્ય સાથે ખેદ થાય કે 'આ શું ?' એને ખાતરી છે કે 'રાણીમાં પહેલેથી સંસારી જીવનમાંય પાકો સદાચાર છે. એ કાંઈ અહીં તાપસ જેવા ઉચ્ચ જીવનમાં તો સદાચારનો ભંગ કરે જ શાની ? એટલે આશ્ચર્ય પામી પત્નીને પૂછે છે,-

'હે ભાગ્યવતી ! સદાચારમાં મક્કમ એવી તારે આ ગર્ભ શાનો ?'

પ્રીતિમતી કહે છે, 'સ્વામી ! માફ કરજો, જ્યારે આપણે તપોવનમાં નીકળ્યા ત્યારે જ હું ગર્ભવતી હતી; સંસારવાસમાં હતા એ વખતે આપનાથી જ આ ગર્ભ રહેલો. પરંતુ જો એ સંસારત્યાગ વેળાએ હું ગર્ભનું કહુ તો મને આ તપ-સંયમનું જીવન ન મળે. તપ-સંયમના એ અંતરાયના ભયથી મે એ વખતે કહેલું નહિ'.

મોટી રાજરાણી અને સંસારત્યાગ માટે એના પર કોઈ જ દબાણ નહિ કે ઉપદેશ પણ નહિ છતાં એની સંસાર છોડી તપોવનમાં તપ તપવા માટેની કેટલી બધી તમન્ના કે એ ન છોડવો હોય ગર્ભનું સાચું બહાનું હાજર છે, છતાં એ નિમિત્તે પણ સંસારમાં રહેવાની વાત નથી; તપ-સંયમની સાધનાને ગુમાવવાની વાત નથી !

**માનવજીવનના ઊંચા ઉદ્દેશ સમજાય છે ?**

જીવન કઈ ઊંચી સાધના માટે છે ? શું ખાનપાન માટે છે ? શું પૈસા

કમાવવા માટે ? શું વેપાર માટે છે ? શું પરિવારમાં મોહઘેલા બન્યા રહેવા માટે છે ? શું બીજા પર રોફ બજાવવા ને રોષ કરવા સારું છે ? એ બધું કરીને અંતે આત્માને શું સારું સિદ્ધ થવાનું ? મરણસમયે સમાધિ સિદ્ધ થવાની ? જીવતાં જે એ ખાનપાન-વેપાર-પૈસા-પરિવાર સમાધિ યાને ચિત્તની સ્વસ્થતા-શાંતતા નથી દેખાડતા એ મરણ સમયે શી રીતે સ્વસ્થતા-શાંતતા દેખાડશે ?

**રાગમાં શાંતિ કેમ નહિ ? રાગમાં અશાંતિ શી ?:-**

**ભૂલશો નહિ, સમાધિ-શાંતિ માત્ર દ્વેષના ધમધમાટમાં ન હોય એમ નહિ, કિંતુ રાગની વિહ્વળતામાં પણ ન હોય.**

ચિત્ત રાગ મોહ વગેરે કરતું હોય તો પણ એની અશાંત અવસ્થા જ છે; કેમકે રાગનો વિષય બગડતાં કે ફેરફાર પામતાં, ચિત્ત આકુળવ્યાકુળ બનવું પડતું હોય, એ અવસ્થા શાંતિ-સમાધિની ન ગણાય. અહીં પ્રશ્ન થાય,-

**પ્ર.**- જ્યાં સુધી રાગની ચીજમાં ફેરફાર ન થાય ત્યાં સુધી તો એ રાગમાં ચિત્તને શાંતિનો અનુભવ રહે છે ને ? તો રાગમાં અશાંતિ શાની ?

ઉ.- એ અનુભવ ખોટો છે. રાગમાં ચિત્તને શાંતિ નથી, કિન્તુ એક પ્રકારની વિહ્વળતા જ છે; એનું કારણ એ છે કે માનો કે એ કોઈ દુન્યવી વસ્તુ પર રાગ ભરેલા ચિત્તથી ભગવાનનું નામ જપવા બેઠા, કે ભગવાનની સ્તવના કરવા માંડી, યા કોઈ ધર્મ અનુષ્ઠાનમાં લાગ્યા, તો શું એમાં ચિત્ત સ્થિર રહે છે ખરું ? ના, ચિત્ત અહીંથી ઊઠી ઊઠીને પેલી રાગવાળી દુન્યવી વસ્તુના વિચારમાં જાય છે ચિત્તને તમે ખેંચી ખેંચીને ધર્મક્રિયામાં લાવતા હો, ને એ ખસી ખસીને બહાર પેલી રાગની વસ્તુમાં સરકી જાય છે, એના વિચારામાં ચડી જાય છે તો શું આ ચિત્તની વિહ્વળતા નથી ?

**ધર્મક્રિયામાં અસ્થિરતા કેમ ? :-**

આજે ધર્મી જીવોની આ ફરિયાદ છે કે 'ધર્મક્રિયામાં અમને સ્થિરતા કેમ નથી રહેતી ? અમારું ચિત્ત કેમ ચંચળ રહે છે ? આનું કારણ સ્પષ્ટ છે કે ચિત્ત જેનાં વિચારમાં ખેંચાય છે એ વસ્તુ પર રાગ યા દ્વેષ-અરુચિ છે. જો અણગમતી ચીજના વિચાર આવે છે તો એ દ્વેષ-અરુચિભર્યા આવે છે, ને એમાં ગર્ભિતપણે ગમતી વસ્તુ પર રાગ રહેલો છે. દા.ત. બહુ ગરમી પડે છે એ ગમતી નથી, એના પર દ્વેષ-અરુચિ થાય છે; તો એના પેટામાં ઠંડક ગમે છે, ઠંડક પર રાગ છે મૂળ આ રાગ ઉપર દ્વેષ થાય છે, અને એમ થતો પ્રતિકૂળ વસ્તુ પર દ્વેષ ચિત્તને વિહ્વળ કરે છે, તેથી. પછી એવું વિહ્વળ ચિત્ત ધર્મમાં સ્થિર રહેતું નથી.

ચિત્ત જો શાંત-સ્વસ્થ હોય તો તો ધર્મક્રિયામાં સ્થિર કેમ ન રહે ? પણ શાંત-સ્વસ્થતા નથી માટે ચિત્તની ચંચળતા અનુભવાય છે. આ અશાંતિ-અસ્વસ્થતા

શા કારણે ? કહો રાગ-દ્વેષના જ કારણે એ હોય ત્યાં સુધી શાંતિ શાની ? માટે આ વાત છે કે રાગમાં પણ ચિત્ત શાંત નહિ પણ અશાંત અસ્વસ્થ છે, વિહ્વળ જ છે. માટે તો દુન્યવી ચીજ પર રાગ સ્થાપ્યા પછી ચિત્તમાં એવો ભય કે શંકા થાય છે કે 'શું આ નાશ તો નહિ પામે ? આ આવી જ રહેશે કે બગડશે ?' રાગની વસ્તુ ન બગડે ન ખોવાય એની તકેદારી રહે, એના પર આક્રમણ દેખી સંતાપ થાય એ બધી અસ્વસ્થતા જ છે.

અરે ! ખરેખર આક્રમણ ન આવ્યું હોય તોય એની માત્ર કલ્પના થવાથી ય ચિંતા-સંતાપ ઊભા થાય છે. દા.ત. ઘરવાળા પર કે દીકરા પર બહુ રાગ છે. તો તપાસી જુઓ કે 'આ ફલુની હવામાં એ માંદા પડશે તો ?' એવો ભય સંતાપ થાય છે કે નહિ ? પૈસા બહુ ગમે છે તો 'ખર્ચા વધી જશે તો ? ટેક્ષ લાગશે તો ? વ્યાજ ઓછું આવશે તો ?' વગેરે કેટલાં લફરાં ચિત્તમાં ઊઠે છે ? ધન પર બહુ રાગના હિસાબે જ આ ભય-શંકા-સંતાપ ને ? માટે સારાંશ આ છે કે રાગમાં ચિત્ત શાંત સ્વસ્થ નથી, અસ્વસ્થ છે, વિહ્વળ છે. વિહ્વળતા હોય ત્યાં સમાધિ ન હોય.

વાત આ હતી કે જીવનભર રાગ-દ્વેષ કરી કરીને ચિત્તમાં અસમાધિનો જ અભ્યાસ રાખ્યા કર્યો હોય તો શું અંતકાળે એ એકદમ ટળી જઈને સમાધિ આવશે ? જો અહીં નહિ તો પછી પરલોકમાં સમાધિ મળશે ?

પ્રીતિમતી રાણીએ જીવનનો આ ઊંચો ઉદ્દેશ પરખ્યો કે,

**માનવજીવને આ સમાધિનો ખૂબ અભ્યાસ કરી અંતે સમાધિ સિદ્ધ કરવા માટે છે, જેથી પરલોકમાં સહેજે સમાધિ આત્માની સાથે જ હોય.**

આ સમાધિનો અભ્યાસ કયાં થાય ? ખાનપાન અને મોહમાયાના સંગ રાખ્યા કરવાથી એ ન થાય એમાં તો રાગાદિ પોષાયા કરે, ને તેથી ચિત્તમાં અસમાધિ જ રહ્યા કરે. સમાધિ તો મોહમાયાના રંગનો ત્યાગ કરી તપનું જીવન જીવવાથી મળે. બસ રાણીને આની લગન લાગી, તેથી પોતે સગર્ભ છતાં એણે એ વાત છૂપાવી રાખી, જેથી રાજા એને તપોવનમાં આવવાનો ઈન્કાર ન કરે, ને તપ-સંયમમાં અંતરાય ન થાય.

પરંતુ હવે પાંચ મહિને ગર્ભ પ્રગટ થવાથી શું કરે ? રાજા હરિષેણને રાણીનો ખુલાસો સાંભળીને પોતાને તો સંતોષ થયો. પરંતુ બીજા તાપસોને દરેકને શી રીતે ખુલાસો કરવા જાય કે આ તો સંસારી જીવનનું પરિણામ છે, પણ તપોવનના જીવનમાં કશો આચારભંગ નથી થયો ? આવો ખુલાસો દરેકને કરી શકાતો નથી, અને મનને વસવસો રહે છે કે આ બધા તાપસોના મનને શંકા અમારા આચારભંગની શંકા રહેતી હોય, તેથી હવે બધાની નજરમાં મોં શી રીતે બતાવવું ?'

**વિચાર કેવા કરવા ?:-**

જીવનમાં કેટલીક વાર આવી સમસ્યા ઊભી થાય છે કે 'આપણે સાચા હોઈએ છતાં હકીકત એવી ઊભી થઈ હોય કે જેથી બીજાઓને આપણા માટે હલકી કલ્પના થતી હોય, અને આપણે સાચી વસ્તુનો ખુલાસો ન કરી શકતા હોઈએ;' ત્યારે મુંઝવણ થાય કે મનને સમાધિ શી રીતે રાખવી ? ત્યાં સમાધિ માટે કર્મસત્તાનું તત્ત્વ આવીને ઊભું રહે છે. આપણે વિચારવું રહ્યું કે,-

આપણાં અશુભ કર્મ વિના શિષ્ટ જનોમાં આપણી હલકાઈ થાય નહિ. આપણે સારા છતાં સાચા છતાં આપણી હલકાઈ કોણ કરાવે છે ? આપણાં અશુભ કર્મના ઉદય. એ અશુભ કયાંથી ઊભા થયા ? પૂર્વ જીવનમાં આપણે મહાપુરુષોના જીવન પ્રસંગોના વિચાર, ઉમદા વિચાર, દા.ત માર્ગાનુસારીના ૩૫ ગુણ સમકિતના ૬૭ ગુણ, મહાવીર પ્રભુના ૨૭ ભવ, અનિત્યાદિ ૧૨ ભાવનાઓ, વગેરેના ક્રમસર વિચારોને ભૂલી, પરની હલકાઈના કે જાતની વડાઈના વિચાર કરવા બેઠેલા અને વાણીમાં એ ઉતારેલા, તેથી એવાં અશુભ કર્મ ઊભા થઈ ગયાં. તે હવે અહીં નડે છે.

"તો ફિકર નહિ, હવે અહીં બીજાની હલકાઈના વિચાર પડતા મૂકી એ ઉમદા વિચારોની મનમાં સળંગ સીરિયલ (પરંપરા) ચાલુ રાખું ? જિનની ભક્તિ અને જિનાજ્ઞાનું પાલન પૂર્વે ઓછાં કરેલાં, તેથી અહીં વિટંબણા-વસવસા ઉભા થાય છે, માટે હવે એ જિનભક્તિને વધારું, જિનાજ્ઞાપાલન વધારું."

**વર્તમાન વાતાવરણ :-**

વિષમ સમસ્યાની પાછળ આ ઉપાય લેવાય, અને આપણા માટે હલકું માનનાર પ્રત્યે જરાય દ્વેષ ન કરાય. જીવનમાં તપાસજો કે એક તો પૂર્વનાં તેવા અશુભ કર્મ આપણે ભોગવીએ છીએ, છતાં વર્તમાનમાં બીજાનું હલકું આપણે નથી વિચારતા ને ? બીજા પર આપણે દ્વેષ નથી કરતાં ને ? આ મુશ્કેલ છે હોં આજે આપણી આજુબાજુ વાતાવરણ લગભગ આવું છે. કવિ કહે છે,-

**'કરત પ્રશંસા સબ મિલ અપની.**
**પરનિંદા અધિકેરી,**
**કંયુ કર ભક્તિ કરું પ્રભુ ! તેરી '**

આવા વાતાવરણની વચમાં રહીને બચવાનું છે. વાતાવરણ છોડીને ભાગી જવાય એવું નથી. ક્યાં ભાગી જઈએ ? જગતની વચ્ચે રહીને જ મોક્ષમાર્ગ સાધવાનો છે, ને જગત વિચિત્ર છે, તો એથી બચવા ક્યાં બહાર જઈ શકાય ? એ તો બચવું કેમ એનો જ ઉપાય લેવાનો એ માટે માનવિજયજી કવિ આ જ કહે છે,-

**'કહત માન જિન-ભાવ-ભગતિ બિન,**

**શિવ ગતિ હોત ન મેરી,**

**ક્યું કર ભક્તિ કરું પ્રભુ ! તેરી'**

જિનેશ્વર ભગવંતની ભાવથી ભક્તિ કર્યા વિના આ સ્વપ્રશંસાનો રોગ તથા પરનિંદાનો રોગ મટે નહિ, અને મોક્ષ થાય નહિ.

**પ્રભુની ભાવભક્તિનો પ્રભાવ :-**

**પ્રભુની ભક્તિ વિના કે ખાલી દ્રવ્યભક્તિથી પેલા વિચારના રોગ મટે નહિ. રોગ મટાડનાર છે પ્રભુની ભાવભક્તિ.**

વીતરાગ અરિહંત પ્રભુની ભક્તિ કરવાનો તો અમુક સમય મળે, પરંતુ એમાં હૃદય માત્ર શુદ્ધ ભક્તિના ભાવથી ભર્યું ભર્યું હોય, અને બીજી કશી નાશંવત પદાર્થોની લાલસા-આંશસા ન હોય, તો પછી એના સંસ્કાર અને એનો રસ બીજા સમયમાં પણ દિલમાં શુદ્ધ ભક્તિના ભાવ જાગતા રાખે. મનને એમ થાય.

'અહો ! આ પ્રપંચ કોલાહલ અને વિટંબણાભરી દુનિયામાં ભગવાન શ્રી તીર્થંકરદેવ વિના કોણ શાંતિ-સ્વસ્થતા-પ્રફુલ્લિતતા આપનાર છે ? બીજું કોણ પવિત્રતા, સ્ફુર્તિ અને ઓજસ આપી શકે એમ છે ? ખરેખર વીતરાગ પરમાત્મા જ એક આધાર છે, અનન્ય ઉપકારી છે. અનન્ય ગુણભંડાર હોઈ એ જ એક ઉપાદેય, ઉપાસનીય ને આરાધ્ય છે, ધ્યેય અને સ્મરણીય છે. એ પ્રભુના કેવા ઉચ્ચ આદર્શ ! કેવું એમનું ઉચ્ચ જીવન ! કેવાં એમના ઉચ્ચ સિદ્ધાન્તો ! પ્રભુની કેવી ઊંચી આત્મપરિણતિ ! આત્મલગન ! અને પરમઆત્મનિષ્ઠતા !

આમ મનને વારે વારે થયા કરે, એટલે દિલમાં એ પ્રભુ પ્રત્યે પ્રીતિભક્તિ-બહુમાનના ભાવ ઊછળ્યા કરે. આ

**પ્રભુ પ્રત્યે ભાવભક્તિ-બહુમાનના મનમાં તરંગ ચાલતા હોય ત્યાં, જાતની વડાઈ કે બીજાની હલકાઈના વિચાર મનને સ્પર્શે નહિ.**

એવા વિચાર સ્ફુરતાં જ પેલી વીતરાગ પ્રભુ પરની ભક્તિના ભાવ જીવને શીખવે કે 'નાદાન ! આવા જાતવડાઈ અને પરહલકાઈના વિચારના રોગ શા પોષવા'તા ? એવું કરતાં કરતાં તો જન્મારા અને જિંદગીઓ વહી ગઈ મનને નીરોગી નિર્મળ બનાવવું હોય, તો વીતરાગ પ્રભુની વડાઈના જ વિચારો સેવ.

ગર્વિષ્ઠ થતી તારી જાતને એ અનંતગુણોના ધણી પ્રભુની સામે ઊભી તો રાખ, અને જો તો ખરો કે એમનાંમાં જે દયા, જે ક્ષમા, જે ત્યાગ, જે વૈરાગ્ય વગેરે ગુણ સમૃદ્ધિ હતી, એમાંનુ તારી પાસે શું છે તે જાતવડાઈ માને છે ?

ત્યારે, બીજાનું હલકું, બીજાની ખામી, બીજાના દોષ, જોઈ જોઈ તારા કિંમતી મનમાં શી ઉજ્જવળતા, શી સ્વસ્થતા, અને શા પ્રકાશ પ્રગટે છે ?

એની સામે પ્રભુના વિચાર કરે તો મન કેવું ઉજ્જવળ-સ્વસ્થ-શાંત અને પ્રકાશભર્યું બને ? માટે મેલ આ જાતવડાઈ અને પરહલકાઈ જોવાની લત.' આમ, પ્રભુની ભાવભક્તિનો ખરેખરો રંગ લાગે અને ભક્તિભાવના જ વિચાર વાંરવાર આવ્યા કરે, તો એ અનાદિના ગોઝારા જાલિમ કુવિચારોથી મુક્તિ મળે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૧,અંક-૧૧,તા.૨૫-૧૧-૧૯૭૨**

**રાજા-રાણી ગુપ્ત સ્થળે :-**

રાજા હરિષેણને પત્નીની ગર્ભવતી સ્થિતિ પર એમ નથી લાગતું કે 'અહીં તાપસો નિંદા કરે, તો એ કેવા ક્ષુદ્ર દિલના ગણાય ?' રાજાના અંતરમાં પ્રભુ પ્રત્યેની ભક્તિ વસી છે, તેથી દિલ ઉમદા છે, એટલે માત્ર જાતની હલકાઈ જુએ છે. પત્નીને કહે છે.

'બન્યું તે બન્યું પરંતુ હવે આપણે આ નિર્મળ જીવન જીવનારા તાપસોની વચમાં રહેવું ઠીક નથી તેથી કયાંક એકાંતમાં જઈને રહીએ.'

રાણીએ એ સ્વીકારી લીધું અને બંને જણ વહેલી પ્રભાતે ત્યાંથી નીકળી ગયા, ને જંગલના કોઈક ગુપ્ત સ્થાને જઈને રહ્યા.

**તાપસોની શોધ :-**

અહીં તપોવન આવા બે ઉચ્ચ આત્મા વિના શૂન્ય લાગવા માંડયુ તાપસો જૂએ છે કે 'આ શું થયું ? આ બંને એકાએક કયાં ઊપડી ગયા ?' તાપસો ચારે બાજુ જંગલમાં શોધાશોધ કરે છે. કેમ ? ગુનેગાર સમજીને નહિ; પરંતુ સહધર્મી તરીકે એમના પર વાત્સલ્ય છે માટે; એમના મનને જો કશું દુઃખ લાગીને જતા રહ્યા હોય એમને શોધીને એમના મનનું દુઃખ દૂર કરીને પાછા તપોવનમાં લઈ આવી સાથે રાખવા માટે. દિલ ધર્મમાં લાગ્યા પછી જો એ ભૂલેલા પર ઉદારતા દાખવવા તૈયાર ન હોય તો ધર્મમાં લાગ્યું શાનું ? ધર્મી દિલ જો ઉદારતા ન રાખતાં ક્ષુદ્રતા રાખે, તો પછી શું પાપી દિલ ઉદાર બનશે ? ઉદારતાની આશા કોની પાસેથી ? પાપી પાસેથી કે ધર્મી પાસેથી ?

**ધર્મનું શરણ પકડનાર ઉપર ધર્મ આ ભાર મૂકે છે કે**

**'તું અનાદિના રાહે તો બીજા જીવ પ્રત્યે ક્ષુદ્રતા અને દ્વેષ કરતો હતો; પણ હવે તારે અનાદિ રાહ બદલી ભૂલેલા જીવ પર ઉદાર દિલ અને કરુણા રાખવી પડશે'**

આ રાખવા માટે આપણે આટલું વિચારવું જોઈએ કે,-

**'જો ધર્મ તારણહાર માની મેં વધાવ્યો છે, સ્વીકાર્યો છે, તો મારે હવે**

**અનાદિના ક્ષુદ્ર અને દ્વેષિલા દિલને પલટવું જોઈશે; નહિતર મેં ધર્મને સ્વીકારી એનો શો ભાર માથે રાખ્યો ?**

તાપસો રાજા-રાણીને ઉદાર દિલે શોધવા નીકળી પડયા છે, ત્યાં એક વૃદ્ધ તાપસને જંગલના ઊંડાણમાં હરિષેણ તાપસ જતા દેખાયા. તરત પાસે જઈ એમને કહે છે, 'મહાનુભાવ ! આ તમે શું કર્યું ? કેમ એકાએક ચાલી ગયા ?' ત્યાં હરિષેણે એ તાપસને વાત કરી કે 'તપોવનમાં તાપસપણે રહેવા આવતા પહેલાં રાણી ગર્ભવતી બનેલી, પરંતુ તપોવનના સંયમ-જીવનમાં આવવાના અંતરાયના ભયથી એ વાત એણે છૂપાવી રાખેલી. છતાં આ વસ્તુના અજાણ બીજાઓ હવે ગર્ભ પ્રગટ થયો દેખી અંહી તપોવનના જીવન પર શંકા ખાય. એ શરમથી અમારે ગુપ્તવાસ લેવો પડયો.'

વૃદ્ધ તાપસ કહે છે, 'અહો ! એમાં તમારે શરમાવાનું શાનું હોય ? તાપસો મોટા મનવાળા હોય છે. એ કાંઈ તમને ગુનેગાર સમજે નહિ. માટે વિના સંકોચ ચાલો તપોવનમાં' એમ બહુ આગ્રહ કરને બંનેને એ તપોવનમાં લઈ ગયો.

આ સંસારની અનિત્ય ઘટમાળ દેખો કે ભલે હરિષેણને આ એક આપદા ટળી, પણ હવે બીજી આપદામાં ફસાય છે. રાણીએ ક્રમશઃ નવ મહિના પૂરા કરી એક બાળકીને જન્મ આપ્યો; પણ પોતે પ્રસૂતિની વેદનાથી મૃત્યું પામી; એટલે હવે બાળકીને ઉછેરવાનો ભાર હરિષેણ તાપસના માથે આવ્યો. જુઓ કર્મની વિટંબણા ! ઘરના બળ્યા વનમાં ગયા તો વનમાં લાગી આગ. જનમ આપતાં જ દીકરીની માં મરી પરવારી.

સંસારના ભાવો અનિત્ય, નાંશવત; એમાં શા રાગ કરવા ? એ હિસાબે રાજાને વૈરાગ્ય જનમેલો, અને તેથી રાજ્યપાટ છોડી વાનપ્રસ્થ જીવન સ્વીકારેલું; એટલે હવે અહીં રાણીના વિયોગ પર દુઃખ કરવાનું હતું નહિ; કિન્તુ બાળકીને કયાં મૂકી આવે ? એક જીવ તરીકે એના પર દયા હોય; એટલે આ સ્થિતિમાં એની ઉપેક્ષા ન કરાય, એને તરછોડાય નહિ.

હરિષેણ બાળકીને કાળજીથી ઉછેરે છે. એ અહીં જન્મી તેથી એનું નામ ઋષિદત્તા રાખવામાં આવ્યું. પછી તો સહેજે મોટી થતાં હવે બીજા તાપસોને રાગાદિ કરાવવા દ્વારા આરાધનામાં અંતરાયભૂત ન થાય એ માટે હરિષેણ પોતે તો સમજે છે, પરંતુ બીજા તાપસો પણ આ વસ્તુ સમજે છે, એટલે હવે એને આ તપોવનમાં સાથે રાખવાનો આગ્રહ કરવો છોડી દે છે.

**સાધક આત્માને આ સાવધાની જોઈએ કે 'હું રાગાદિનાં નિમિત્તથી આઘો રહું;' પણ બેપરવાઈ ન જોઈએ કે 'મને નિમિત્ત શું કરવાના હતા ?'**

નિમિત્ત સેવતાં તો ભલભલા ડૂબ્યા. વિશ્વામિત્ર ઋષિને મેનકા અપ્સારાના નૃત્યનું નિમિત્ત મળ્યું, એમાં એ બેપરવાઈ કરવા ગયા કે 'મને તપોનિષ્ઠને આ નિમિત્ત શું કરવાનું હતું ?' તો અંતે એનામાં લોભાયા અને પડયા. આજની દુનિયામાં જુઓ છો ને કે પ્રલોભક નિમિત્તો બહુ વધી જતાં એ સેવવામાં પડેલી પ્રજા કેવી પાયમાલીના પંથે પડી છે ? પવિત્ર રહેવું છે ? તો ભૂલે ચૂકે ચિત્રપટદર્શન, નવલિકાવાંચન, પરસ્ત્રીદર્શન વગેરે નિમિત્તો સેવતા નહિ.

આજના વિષયરસભર્યા છાપાં વાંચી છોકરા-છોકરીઓનાં માનસ અને વર્તાવ કેવા બની ગયા છે ? આજની છોકરીઓને પોતાના શીલની વિશેષ ચિંતા રહે છે ? કે પોતાના અંગોપાંગ અને હાવભાવ દેખાડવાની ? આજના છોકરાઓને ગુણસમૃદ્ધિના વિચાર ચાલે છે ? કે ધનસમૃદ્ધિના ? આજે છાપાં અને લોકવર્તાવે દાટ વાળ્યો છે બીજાના દેખાદેખી નવા નવા આત્મા પતન પામતા જાય છે, બગડતા જાય છે. નિમિત્ત બળવાન છે. તાપસો તપોવનમાં ઋષિદત્તાનાં વારંવારના દર્શનને પતનનું નિમિત્ત માની એને લઈને રાજાતાપસને અહીં જ રહેવા માટે આગ્રહ નથી કરતા.

રાજા હરિષેણ-તાપસ કન્યા ઋષિદત્તાને લઈ જઈ જંગલના ગુપ્ત ભાગમાં રહે છે. પણ હવે કન્યા ઉંમરે વધતાં એનું સૌદર્ય ખીલી ઊઠયું છે, તેથી મોટા ભય છે કે 'કોઈ વનચર માણસ એને જોઈ જતાં એના પર ઉપદ્રવ કરે તો ?' એટલે કન્યાની રક્ષા ખાતર હરિષેણે એને એવું વનસ્પતિઓનું અંજન આપી મૂક્યું છે કે એવા પરજન દેખાઈ જતાં પોતે એ આંખમાં આંજીને અદ્રશ્ય બની શકે.

**કથાનું અનુસંધાન :-**

વાત ચાલી છે કનકકેતુ રાજકુમારની એ પિતાના આગ્રહે રુક્મિણી રાજકન્યાને પરણવા જઈ રહ્યો છે, એમાં એને જંગલમાં રૂપાળી કન્યા દેખાઈ પણ પાછી તરત એ અદ્રશ્ય થઈ ગઈ. ત્યાં વળી પાસેમાં જિનમંદિર જોવા મળ્યું, તો નાહી-ધોઈ રાજકુમાર પ્રભુની પૂજા નિમિત્તે મંદિરમાં ગયો. ત્યાં એક તાપસ અને પાછી પેલી કન્યા દેખાયા. બહાર આવી તાપસને 'આપ કોણ છો ? અને અહીં જંગલમાં આ કન્યા કોણ ?' એમ પૂછતાં તાપસે હરિષેણ રાજાનો પ્રસંગ કહેવા માંડ્યો છે; તે હવે અહીં સુધી એની હકીકત કહી, હવે રાજપુત્રને કહે છે,-

'જો ભાગ્યવાન ! એ હરિષેણ તાપસ હું પોતે જ છું, અને આ ઋષિદત્તા મારી કન્યા છે. તમારા માણસોને અને તમને એ દેખાયા પછી તરત અદ્રશ્ય થયેલી તે અંજનના પ્રતાપે અજાણ્યા માણસ તરફથી શીલ પર આપત્તિનો પ્રસંગ ન આવે એ માટે કન્યાને અહીં અદ્રશ્ય થવા સિવાય બીજો ઉપાય શો ?'

**તાપસ ને કુમારનો વૈરાગ્ય અંગે સંવાદ :-**

રાજપુત્ર કનકરથ તાપસનો આખો અધિકાર સાંભળી દિઙ્મૂઢ થઈ ગયો હરિષેણ તાપસના અદભુત જીવન પર ઓવારી ગયો કહે છે, 'ધન્ય તમારો અવતાર ! ધન્ય તમારું ચરિત્ર ! અહો ! સુખદસંયોગોમાં પણ કેવો જ્વલન્ત વૈરાગ્ય ? હેં પ્રભુ ! તો પછી અમને કેમ વૈરાગ્ય નહિ થતો હોય ?

મહાન તાપસ કહે છે, 'મહાનુભાવ ! આ તમને વૈરાગ્યનું ચરિત્ર સાંભળવુ ગમ્યું, એના પર તમે ઓવારી ગયા એ તમારી પણ વૈરાગ્યદશા સૂચવે છે. વૈરાગ્યનાં પ્રસંગ સાંભળતાં સાંભળતા કયાયં તમને અજુગતું લાગ્યું ખરૂં કે આવું કેમ મનાય ? કેમ કરાય ? ના ઊલટું માન થયું, આલ્હાદ થયો. એ સૂચવે છે કે તમને પણ સંસારના સંયોગો રાગ-મમતા-આકર્ષણ કરવા જેવા લાગતા નથી બસ, એ જ તમારી વૈરાગ્યદશા સૂચવે છે.

**અંતરમાં વૈરાગ્યદશા વિના વૈરાગ્યની વાત ગમે નહિ.**

કુમાર કહે,- 'તો પ્રભુ ! અમારાથી કેમ આવા દુઃખદ સંસાર-સંયોગો છૂટતા નથી ?'

તાપસ કહે છે, 'એ માટે વિશિષ્ટ વીર્યોલ્લાસ જોઈએ છે. વૈરાગ્ય ટકાવી રાખવાથી એક દિવસ એ જરૂર પ્રગટ થશે એવી શ્રદ્ધા રાખવી જરૂરી છે. સાથે વૈરાગ્યવાળા ત્યાગી પવિત્ર પુરુષોના સમાગમ સાધતા રહેવું. એથી ત્યાગનું જરૂરી આંતરિક બળ-વીર્ય-સત્વ વધતું રહેશે.'

**સત્વ વિના સ્વેચ્છાએ વિષયત્યાગ નહિ :-**

જુઓ ખૂબી આટલી બધી વાતચીતમાં રૂપવતી કન્યા ઋષિદત્તા ત્યાં ઊભી છે, છતાં રાજકુમાર કનકનું મન એના પર જતું જ નથી. જો મનમાં ય એ નહિ, તો પછી એનાં દર્શનની કે એના અંગેની કશી આગળ વાત-ચીતની વાતે ય શી ? કુમારની આ સાત્વિક પ્રકૃતિ સૂચવે છે. સામે ગમતા વિષય આવે એ વખતે સત્વ હોય તો જ એના સ્વેચ્છાએ ત્યાગ થાય. સત્ત્વહીન જીવો અહીં ટકી શકતા નથી. અવસર મળ્યે પરસ્ત્રી જોવામાં ય લાગી જાય, તો પછી અપરિણિત એક કન્યા પર આંખો મારવાનું ચૂકે ? 'તો હવે આનું કેમ કરશો,' એમ પૂછ્યા વિના રહે ?

**પ્રશ્ન કેવા જોઈએ ? :-**

**પ્ર.**- એવી સત્વહીનતા કેમ મીટે ?

ઉ.- પ્રશ્ન મજેનો; પરંતુ અંતરમાં એ સત્ત્વહીનતા ખટકી રહી છે અને એને કાઢી સત્વ પ્રગટાવવું છે માટે પૂછો છો ને ? કે ખાલી જાણવા ખાતર પૂછો છો ? ભૂલતા નહિ, માત્ર જાણવા ખાતર પૂછતા હશો તો જાણ્યા પછી અહીંથી કશો નિર્ધાર લઈને નહિ જાઓ. આજે એવા ખાલી ખાલી જાણવા માટે પ્રશ્ન પૂછનારા

ઘણા જોવામાં આવે છે. એટલે તો સારું સમાધાન મળ્યા પછી પણ જરાક પેલું સમાધાન જાણે ગળે ઊતર્યું નથી તે પાછા ઊંહું કરે છે, પાછા એવા જ પ્રશ્ન બીજા શબ્દોમાં કરતા રહે છે; તેમજ અહીંથી ગયા પછી એમના પૂર્વ માનસમાં કશો ફેરફાર દેખાતો નથી. માટે પ્રશ્ન કરવા તે સાચું સમાધાન ગ્રહણ કરી દિલમાં ને જીવનમાં ઉતારવા સારુ હોવા જોઈએ અસ્તુ.

**'પરસ્ત્રીદર્શનની સત્વહીનતા કેમ મીટે ?'**

આ પ્રશ્નનું સમાધાન આ છે કે

(૧) પહેલું તો, એ સત્વહીનતા મનને ખટકવી જોઈએ કે 'અરે ! હું આ કેવો મુડદાલ કે મારી જ આંખને મારા કબજામાં નથી રાખી શકતો ? કામ કશું સરતું નથી, ઉલ્ટુ પાછળથી ચિત્ત બળતરામાં પડે છે. છતાં મારી આ ઘેલછા ? આ મુડદાલગીરી ? કેટલા કાળ માટે ? જીવવાનું છે કેટલું થોડું ? એમાં આ જનમ-જનમ ચાલે એવા કુંસંસ્કારના થોક ઊભા કરનારા આંખના નાચ શા સારુ ?' એમ મનને ભારે ખટકો થાય. એવું બીજી પણ સત્ત્વહીનતા માટે.

(૨) આવો ખટકો થયા કરે એના પર હવે બીજા પગથિયા તરીકે આંખ વગેરેના સંયમ માટે પૂર્વના મહાપુરુષો અને સતીઓનાં જીવનપ્રસંગો વારંવાર વિચારતા રહેવાય. એ વિચારતાં મનને એમ થાય કે, 'એમણે જ્યારે વિકટમાં વિકટ સંયોગો આવી પડવા છતાં, અથવા મહા પ્રલોભનો ઊભા થવા છતાં, શીલ-સદાચાર-સન્માર્ગની મર્યાદાઓથી લેશમાત્ર પણ ચલિત ન થવાના સત્વ દાખવ્યાં, તો હું સામાન્ય પ્રસંગો કે પ્રલોભનોમાં બચવા કેમ એવું સત્ત્વ ન કેળવું ?' આવા વિચારથી સત્ત્વહીનતા કપાતી આવે, સત્ત્વ પ્રગટાવતા રહેવાય.

જુઓ શ્રીમહાવીર ભગવાન, શાલિભદ્ર, જંબુકુમાર સનત્કુમાર ચક્રવર્તી, સીતાજી, ચંદનબાલા વગેરેનાં સત્ત્વના દાખલા ક્યાં ઓછા છે ? એમણે કેવા સંયોગોમાં પણ કેવા મહાસંયમ અને કેવી ધીરતા-પ્રસન્નતા-સહિષ્ણુતા રાખેલી ? ચિત્તમાં આના વારંવાર મનન સાથે મંથન ચાલ્યા કરે તો શું આપણા અંતરમાં છૂપાયેલ સત્ત્વ જરાય સળવળે નહિ ? બહાર પ્રગટ થાય નહિ ? પરંતુ વાત આ છે કે મનમાં બીજા ડોચરા ચલાવ્યા કરવા હોય પણ મહાપુરુષોનાં સત્ત્વભર્યા પ્રસંગો નહિ, તો પછી સત્ત્વ ક્યાંથી પ્રગટે ?

(૩) સત્ત્વ કેળવવા માટે વળી એક આ ઉપાય છે કે જગતની કેટલીક વસ્તુ સામે જોવું કે એ મહાઆપત્તિમાં પણ કેવું સત્ત્વ દાખવે છે ! દા.ત. ચંદનને ગમે તેટલું ઘસો એ શીતલતા જ આપે. એને ગમે તેટલું બાળો એ સુવાસ જ પ્રસરાવે. ફૂલને ગમે તેટલું ચોળી નાખો એ સુંગધિથી જ હાથને વાસિત કરે. સોનાને કસોટી

પર ઘસો તો ય ચળકાટજ, છીણીથી કાપો તો ય એ જ, ને અગ્નિમાં ગમે તેટલું તપાવો તો પણ વધુ ને વધુ ચળકાટ જ દેખાડે છે. રત્નને ગમે તેટલું ઘસો છતાં એ તેજ જ બતાવે છે.

ત્યારે વિચારવું જોઈએ કે આવા એકેન્દ્રિય ફૂલ-રત્ન-ચંદન જેવા જીવ પણ જો ગુણ જ બતાવવાનું સત્વ ધરાવે છે, તો પછી હું પંચેન્દ્રિય માનવ સત્વને ન કેળવું ?

(૪) સત્ત્વ કેળવવા વળી આ જુઓ કે જીવની વડાઈ શેમાં ? સત્વહીન બન્યા રહી કરમાવામાં ને કાળો પડવામાં ? કે પ્રફુલ્લિત અને ઉજ્જવળ રહેવામાં ? જરાક શી વાતમાં ક્રોધથી ધમધમવામાં ? કે મન શાંત રાખી ક્ષમાને ઉદારતા દાખવવામાં ? શોભા ક્યાં ? એક જરા રૂપાળી ભિખારણ સામે આવી એના પર આંખો વળગાડી દેવામાં ? કે મોટી ઈંદ્રાણી આવે છતાં એના પર સહેજ મટકું ય ન મારવામાં ?

**આત્માનાં સૌદર્ય અને ઉત્તમતા શામાં ? એ ઈંદ્રિયો તથા મન પર સંયમ કેળવી ભલભલા પણ વિષયોથી વિમુખ રહેવાનું સત્ત્વ દાખવવામાં છે.**

બોલો, સસરો દીકરાઓની વહુઓ સામે જોયા કરે એમાં શોભે ? કે સામે સહેજ પણ આંખ ન લઈ જાય એમાં શોભે ? શોભા શામાં ? કુંટુંબનો વડેરો પોતાનાં ભાણે ઘી-દૂધ-માલ ભરે એમાં ? કે કુંટુંબનાં ભાણે ભરે એમાં ? જરાક જરાકમાં નાનડિયા પર રોષ-રોફ કરે એમાં ? કે એમની ભૂલભાલ ખમી લઈ એમના હેત-સદભાવ વધારે એમાં ? સજ્જનો અને મહાત્માઓ કેમ પૂજાય છે ? સ્ત્રીઓ સામે નજરો નાખે એથી ? કે મોઢું નીચું કરી દઈ લેશ પણ મટકું ન મારે એથી ? ક્રોધી અભિમાની બને એમાં ? કે શાંત ક્ષમાશીલ અને નમ્ર-મૃદુ બને એમાં ?

**શોભા-પૂજા-વડાઈગુણોનાં સત્ત્વ કેળવવામાં છે, પણ નહિ કે દોષો પોષનારી નિઃસત્ત્વતા રાખવામાં ?**

'અનંતા જનમ એવી નિઃસત્ત્વ-મુડદાલ સ્થિતિ રાખી રાખી દોષ-દુષ્કૃત્ય-દુર્ભાવો પોષ્યે રાખ્યા; તો શું અહીં પણ એ જ ચાલું રાખવાનું ? સત્ત્વ કેળવવાનો આ મહાન જનમ મળ્યો છે, તો હવે સત્ત્વ જ કેળવું'- આ નિર્ધાર થાય, તો સત્ત્વ કેળવાય.

કનકરથનો સત્વ જાળવવાનો પ્રયત્ન છે, તેથી કન્યાની સામે ન જોતાં કે એનાં અંગે કશું ન પૂછતાં વૈરાગ્ય અને ત્યાગનું પૂછે છે. ઋષિના ખુલાસા પર રાજકુમાર કનકરથના સમજમાં આવી ગયું કે 'સંસાર પર વૈરાગ્ય થયા પછી પણ વિશિષ્ટ વીર્ય સત્વ ફોરવવામાં આવે તો જ સંસારનો ત્યાગ થઈ શકે' પોતે એ સાંભળી એવું સત્ત્વ-વીર્ય હવે કેમ પ્રગટે એના મનોરથ સેવે છે. ત્યારે અહીં

હકીકત બીજી જ બને છે.

**કુમારને તાપસ કન્યા સ્વીકારવા કહે છે :-**

હરિષેણ તાપસને ચિંતા છે કન્યાની કે 'હવે ઉંમરમાં આવેલી એને કયાં વરાવવી ?' એમાં અહીં પહેલાં આ રાજકુમારનો સારો પરિચય મેળવ્યો છે, તેથી તો એને બધી વાત કરી. તેમજ વિશેષમાં એના વિવેકભર્યા બોલ સાંભળ્યા એટલે તાપસના મનને એમ થાય છે કે, 'કન્યાને કયાંક દેવાની તો છે જ; તો સહેજે સહેજે અહીં મળી ગયેલ આવા વિવેકી સદ્ગુણી અને સુયોગ્ય રાજકુમારને જ કાં ન દેવી ? દઇ દઉં એટલે મારા માથેથી આ ભાર ઊતરી જાય.'

એમ વિચારીને રાજકુમારને કહે, 'કુમાર ! તમે અમારા મેમાન બન્યા છો, તેથી મેમાનની ભક્તિ કરવા રૂપે આ કન્યા તમને દેવા ઇચ્છુ છું. મને વિશ્વાસ છે કે તમે એ સ્વીકારી લેશો; ના નહિ પાડો.'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૧,અંક-૧૨,તા.૨-૧૨-૧૯૭૨**

ઋષિદત્તાની કુમાર પર દૃષ્ટિ પડતાં એક બાજુ રાગનું આકર્ષણ ઊભું થાય છે; અને પિતાના બોલ પર બીજી બાજુ લજ્જાથી એનું મુખ નીચું નમી પડે છે.

રાજકુમાર કનકરથ જુએ છે કે 'પિતાનો આગ્રહ મૂળ તો કોઈ કન્યા પરણી લેવાનો છે, પછી ચાહ્ય એ રુક્મિણી હો, કે ઋષિદત્તા. એમાં રુક્મિણીનો હજી કાંઈ અનુભવ મળ્યો નથી, ને અહીં આ મહાન તાપસ હરિષેણની હકીકત સાંભળતા આ કન્યા નિર્દોષ અને કોઈ પુરુષના સંપર્કમાં નહિ આવેલી લાગે છે. તો એને જ કેમ ન સ્વીકારી લેવી ?' એમ વિચારીને તાપસને કહે,- 'જેવી તમારી આજ્ઞા.'

**કન્યા સાથે લગ્ન :-**

બસ, ત્યાં ઋષિદત્તાને કનકરથ સાથે બહુ ઉલ્લાસથી પરણાવવામાં આવે છે. કનકરથ રાજપુત્ર તાપસના આગ્રહથી પછી ત્યાં કેટલાક દિવસ રોકાય છે.

હવે કુમાર તાપસને કહે, 'તાત ! હવે કૃપા કરીને મને રજા આપો તો હું મારા પિતાજીના ચરણમાં પહોંચી જાઉં.'

રાજર્ષિ હરિષેણ આ સાંભળીને ગદ્ગદ સ્વરે કહે છે,-

**કન્યા અંગે બાપ તાપસની ભલામણ :-**

"જુઓ કુમાર ! મારે હવે કાર્ય પતી ગયું છે. તમારા જેવા જમાઈને પામી હું કૃતકૃત્ય બની ગયો છું તેથી હવે તમને વધુ રોકી શકતો નથી પરંતુ મારી આ તમને ખાસ ભલામણ છે કે તમે આ કન્યા તરફ ખૂબ રહેમ નજર રાખજો કન્યા

વનમાં જન્મીને વનમાં જ ઊછરી છે, તેથી એ મુગ્ધ છે. ભોળી છે. શહેરી વાતાવરણ એણે જોયું નથી, તેથી એની આંટી-ઘુંટીઓ એ કશી જાણતી નથી. માટે તમે એને બરાબર સંભાળજો એની ભૂલભાલ ઉપર ઉદાર દિલ રાખી એને સમજાવી લેશો. મોટા રાજકુળની કોઈ ખટપટ ઊભી થાય એનો ભોગ એને બનવા દેતા નહિ."

"તમે તો કુમાર ? કાલે રાજા થશો, એટલે જગતના આધાર થશો, વળી જેને પોતાના કર્યા, એના પર તમે વાત્સલ્ય ભાવને ધરનારા છો, વિશેષ તમને શું કહેવું ? મુગ્ધ બાળાને અપમાન-અવગણનાનું પાત્ર ન બનાવશો તમોને મહા ગુણસંપન્ન તરીકે જોયા છે, માટે જ આ વનવાસી પણ કન્યા તમને સોંપી છે. તમારા જેવા ગુણનિધિના સંપર્કથી આ પણ ગુણવતી બનશે. ચંદનના વનમાં ચંદનની સુવાસના સંપર્કથી પાસેનો લીમડો પણ ચંદન જેવી સુવાસવાળો બની જાય છે. હરણની ડૂંટીમાં પેઠેલી ધૂળ પણ કસ્તુરીની સુવાસને પકડે છે. તેથી તમારા સંપર્કથી કન્યા ગુણસમૃદ્ધ થાઓ, અને તમે એને બરાબર સંભાળજો એમ હું ઈચ્છું છું."

રાજર્ષિથી આ કહેવાયેલી વાણી. અને તે પણ યુક્તિ-યુક્ત અને વાત્સલ્યભરી તેમજ ગદ્‌ગદ્ સ્વરે કહેવાયેલી, એણે કુમારના દિલને વીંધી નાખ્યું. આંખ આંસુથી ભરાઈ ગઈ ઋષિદત્તા પ્રત્યે જબરદસ્ત લાગણી ઊભરાઈ ગઈ મનને થયું કે ' આવું અનહદ પ્રેમ સાથે પાલન મારે પ્રાણના ભોગે પણ કરવું જ જોઈએ નહિતર હું વિશ્વાસઘાતી અને નિર્દય ઠરું.'

પ્રસંગ પ્રસંગને માન હોય છે. પુત્રી અને જમાઈ બંનેના વિદાય વખતનો પ્રસંગ જ વિશિષ્ટ હોય છે. એના હિસાબે પણ રાજર્ષિની વાણી ભારે અસર કરી જાય છે. માત્ર, પ્રસંગે ઉચિત બોલતાં આવડવું જોઈએ; નહિતર વિવાહની વરસી થાય.

**જીવનમાં આપણને અનેક પ્રસંગનો લાભ મળે છે; પણ જો એવા પ્રસંગને વધાવી લઈ ઉચિત વિવેકભર્યા વેણ કાઢીએ તો સોના સવાસો થાય; ને એ ન આવડે તો સોના સાઠ થાય.**

માણસના અવસરોચિત બોલ પરથી એની ઊંચી કિંમત થાય છે વચન અનુચિત કાઢો કે ઉચિત કાઢો, એમાં કશો ખર્ચ લાગતો નથી કે શ્રમવિશેષ પડતો નથી. તો પછી જશ શું કામ ન લેવો ? ઉચિત વિવેકભર્યા મુલાયમ વેણથી સામાના દિલ કેમ ન જીતવા ?

**કડવા બોલમાં કેવી ઘેલછા ?**

જીવની આ ઘેલી માન્યતા છે કે 'હું ચડભડિયા બોલ ન બોલું, તડાક જેવાં

વેણ ન સંભળાવી દઉં, તો નુકસાન થઈ જાય' એમાં તો લોક કહે છે 'જવા દો એ ભાઈની વાત; એની તો મિજાસી પ્રકૃતિ ને કુહાડા જેવી જીભ છે, એક ઘા ને બે ટુકડા કરે એવી ' એવી જીભનો શો લાભ ? નુકસાન તો પુણ્ય હોય તો કશું થતું નથી ઊલટું, કડવી યા અવિવેકી જીભથી સામાનો સ્નેહ-સદ્‌ભાવ જીવનભર માટે ગુમાવવાનું મોટું નુકસાન ઊભું થાય છે.

**ચીજનાં નુકસાન કરતાં પ્રેમનાં નુકસાન મોટાં.**

ચીજવસ્તુ એ કોઈ જીવનભરની બાબત નથી. જ્યારે જેની સાથે જિંદગી કાઢવી છે, એના સ્નેહ-સદભાવ એ જીવનભરની ઉપયોગી બાબત છે તો કોણ એવો મૂર્ખ હોય કે કામચલાઉ ચીજને સુધારવા જીવનભરની ચીજને નંદી કાઢે ? માટે શાણા થાઓ, સમજદાર બનો, જીભને અવિવેક-અનુચિતતા-ઉદ્ધાતાઈ-કર્કશતા વગેરેથી બચાવી લો. જીભ પર મધુપુડો મૂકી દો. જેથી એમાંથી મધ જ મધ ઝર્યા કરે. બસ, પછી પ્રસંગે પ્રંસગે એ ઝરવાથી વિરોધીને પણ વહાલા લાગશો; તો સગા-સ્નેહીના તમારા પર હેત વરસે એમાં નવાઈ શી ?

**સીતાના ચમત્કારિક બોલ :-**

**યોગ્ય શબ્દ તો ચમત્કાર છે,** દ્વેષની આગ પર હિમની વર્ષા કરે; શોકના હૃદય પર ચંદનરસના વિલેપન કરે; ભ્રાન્ત માન્યતાના અંધકારને નષ્ટ કરી દે; અનંત કાળની મોહમૂઢતાને ઉડાવી દે. જુઓ,-

સીતાજીને માટે રામચંદ્રજીને લાગ્યું કે 'લોક કહે છે કે એ રાવણને ત્યાં રહી આવેલા માટે રામચંદ્રજી જેવા મહાન રાજાએ ઘરમાં ન રખાય; તો પછી મારે એક સારા રાજા તરીકે એમને રાખવા નહિ જોઈએ.' એમ વિચારીને એમને જંગલમાં મૂકાવી દીધા. પંરતુ મૂકવા જનાર સેનાપતિએ સીતાજીને વનમાં છોડી એમની પાસે સ્વામીને કહેવાનો સંદેશો માગ્યો, તો મહાસતીએ કહ્યું,-' સ્વામીને કહેજો કે લોકનાં વચનથી તમે મને છોડી તો ભલે પરંતુ કાલે ઊઠીને લોક તમારા જૈન ધર્મની નિંદા કરી એ છોડવાનું કહે, તો પણ તમે એને છોડતા નહિ; કેમકે મારો ત્યાગ કરવાથી તમને મારા કરતાં સારી પત્ની નહિ મળે એમ નહિ, મળે અને એથી તમારો મોક્ષ અટકે જ એવું નથી, મોક્ષમાર્ગે ચડી જવાથી મોક્ષ પણ થશે. કિન્તુ વીતરાગનો જૈન ધર્મ છોડી દેવાથી એનાથી સવાયો તો શું, એની હરોળનો ય ધર્મ નહિ મળે; અને જે મળશે એ સરાગીનો ધર્મ મળશે. એમાં તમને સાચો મોક્ષમાર્ગ નહિ મળે, અને એથી તમારો મોક્ષ અચૂક અટકી જશે.'

સીતાજીના આ શબ્દો જ્યારે રામચંદ્રજીએ સાંભળ્યા ત્યારે એણે ચમત્કાર સર્જ્યો. સાંભળતાં જ રામ મૂર્ચ્છિત થઈ ગયા, અને ભાનમાં આવતાં જ કહે

'અરે ! મેં આવા મૂઢ લોકના બોલથી જંગલમાં છોડાવી ? આ મારી કેવી મૂર્ખતા ? કેવી નિર્દયતા ?' પછી સેનાપતિને કહે "ચાલ જલ્દી રથ ત્યાં લઈ લે, આપણે મહાસતીને પાછી લઈ આવીએ." શબ્દ શું કામ કરે છે ? રામના હૈયાને સીતાના શબ્દોએ પલાળી નાખ્યું, અજ્ઞાન મૂઢ લોકનાં વચન પર મદાર બાંધવાનું મૂકાવી દીધું.

અલબત રામ જંગલમાં શોધવા ગયા, પણ સીતાજી મળ્યા નહિ, ત્યારે એમને પારાવાર શોક સાથે પસ્તાવો થયો વર્ષો પછી લવણ-અંકુશે બહાર પડી રામચંદ્રજી તથા લક્ષ્મણજી સામે સચોટ લડાઈ આપતાં, જ્યારે રામને એમની ઓળખાણ પડી અને સીતાજી મળ્યા, તેમજ એમની પાસે અગ્નિનું દિવ્ય કરાવતાં એ એમાં ક્ષેમકુશળ પાસ થયા, ત્યારે પોતાના અપકૃત્યથી ભારે દિલવાળા રામ સીતાને કહે છે,-

'દેવી ! મારા લીધે તમારે આટલું બધું કષ્ટ પડયું તેનું મને બહુ દુઃખ થાય છે, ક્ષમા કરજો.'

**સીતા રામથી જ બચાવ માને છે :-**

એ વખતે જુઓ સીતાજી શબ્દનો ચમત્કાર કેવો સરજે છે ! એ કહે છે,- 'નાથ ! આ શું બોલો છો ? તમારાથી મને કષ્ટ ? ના, ના, તમારાથી તો મને કષ્ટ નહિ, કિન્તુ જબરદસ્ત બચાવ મળેલો છે જુઓ (૧) તમે જ મારા દિલમાં હતા અને બીજો કોઈ પુરુષ નહિ, તેથી જ મને ભરંજગલમાં ધર્મનો ભાઈ મળ્યો અને એણે આશ્રય આપતાં સુખે સુખે આ તમારા બે રત્નોનો જન્મ થયો અને એ ઊછરી મોટા થઈ ગયા.

(૨) એમ, નાથ ! તમે જ મારા દિલમાં હતા પણ અન્ય કોઈ પુરુષ નહિ તેથી જ આ અગ્નિની ખાઈ પાણીનું સરોવર બની ગઈ તમારા બદલે જો બીજો કોઈ પુરુષ મારા દિલમાં હોત તો શું એની મજાલ હતી કે એ અગ્નિને પાણી બનાવી દે ? એ તો આપ જ દિલમાં હતા એટલે આમ બન્યું. માટે આપનાથી તો મને કષ્ટ નહિ, પણ ભારે બચાવ મળેલ છે પછી આપને શાનું દુઃખ કરવાનું હોય ? કે શેની ક્ષમા માગવાની હોય ? **આપ તો મારા ઉપકારી છો.'**

શબ્દનો ચમત્કાર કેવો ? સીતાજીના આ શબ્દોએ રામચંદ્રજીના દિલનો શોક મિટાવી ભારે દિલને ફોરું ફુલ કરી દીધું. રામને સીતા પર અનહદ સદભાવ વધી ગયો; એટલો બધો કે સીતાજીને સંસાર ત્યજી દીક્ષા લેવી છે પણ રામ આવા ઉચ્ચ નારીરત્નનો વિયોગ સહવા તૈયાર નથી. સદ્‌ગુણો આકર્ષણ તો કરે છે, પરંતુ સમયોચિત વિશિષ્ટ શબ્દો આકર્ષણને ભારે વધારી દે છે.

**આંમ્રભટ્ટ** એ રાજા કુમારપાળના એક મહાન મંત્રી એમણે રાજાની આજ્ઞાથી એક અનાડી દુશ્મનને જીતી એનું રાજ્ય અને ઘણી સંપત્તિ રાજાના કબજે લાવી મુકેલી ત્યારે

કુમારપાળે આમ્રભટ્ટને કેટલાય હાથી ઘોડા અને લાખો રૂપિયાનું ઈનામ આપ્યું એ લઈને આમ્રભટ્ટ ઘર પર જાય છે પરંતુ વચમાં કેઈ યાચકો દાન માગનાર મળ્યા બોલો; આમાંથી ધન છૂટે ? છૂટે તો કેટલું છૂટે ? આમ્રભટ્ટ ઘેર પોહંચતા સુધીમાં બધું જ ઈનામ દાનમાં દઈ દે છે !! શી રીતે એટલું બધું હાથથી છૂટયુ ?

**(૧) મહાદાનનું એક કારણ સ્વભાવ. અમાપ સંગ્રહના સ્વભાવની જેમ અમાપ દાનનો સ્વભાવ :-**

આમ્રભટ્ટના હાથે એટલું બધું અઢળક ધન દાનમાં છૂટવાનું ? (૧)પહેલું કારણતો એમનામાં મહાન દાનસ્વભાવ હતો. આજે કેટલાયને પૈસા ભેગા કરવાનો સ્વભાવ હોય છે ને ? કેટલાંયનો સંઘરી રાખવાનો સ્વભાવ હોય છે ને ? તો કેટલું ભેગું કરે છે, ને કેટલું સંઘરી રાખે છે ? કહો, એનું માપ નહિ. બસ, એ જ રીતે દાનરુચિવાળા જીવોને દાન દેવાનો જ સ્વભાવ એવો હોય છે કે ત્યાં પછી છે એમાંથી કેટલું દેવું એનું માપ નથી હોતું કૃપણ માણસો આ સ્વભાવને ન સમજી શકે. જેમકે, સંસારના અતિ આસક્ત માણસો શાલિભદ્ર જેવાથી મહાસંપત્તિ અને પરિવાર વગેરે સંસારનો એકીકલમે ત્યાગ શે કરાયો એ નથી સમજી શકતા.

લક્ષ્મી અને વિષયોની અતિ આસક્તિ ચીજ જ એવી છે કે પોતે દાન અને ત્યાગ કરવાની તો વાતે ય શી પરંતુ બીજાઓ દાન અને ત્યાગ કરે એને સમજવાનું પચાવવાનું અને અનુમોદવાનું પણ એમનું ગજુ નહિ. પછી ઊંચો માનવભવ મળ્યો છતાં એમાંથી એવાને શું કમાઈ જવાનું ? રાખ ને ધૂળ. અતિ આસક્તિના લીધે તો એવા ઘેરા કુસંસ્કારોનો જથો પાપકર્મોનો એવો રાશિ કમાઈને જવાનું થાય કે પછી દુર્ગતિના હલકા અવતારો અને એમાં અપંરપાર દુઃખોમાં શેકામણ ઉપંરાત વિષયોની અતિ આસક્તિના ઘોર પાપોનું આચરણ જ જોવા મળે ! માટે ધન-માલ-પરિવાર અને વિષયોની અતિ આસક્તિ ભૂંડી.

અફસોસ આટલી જ કે એવા જાલિમ દુઃખદાયી પરિણામને પણ લક્ષમાં ન લેવરાવતાં અતિ આસક્તિ કોટે વળગી રહે છે. જાણે જીવનો સ્વભાવ જ એવો ! આમ્રભટ્ટને દાન દેવાનો સ્વભાવ એની પાસે સહેલાઈથી મહાદાન કરાવી દે છે.

(૨) મહાદાનનું બીજું એ પણ કારણ છે કે યાચકોએ જૈન ધર્મની વાહવાહ ગાવા માંડી હોય તેથી અવસર પર ધર્મની એવી વાહવાહ બોલાવવા માટે છૂટે હાથે દાન દીધ્યે રાખ્યું હોય કિંમતી શું ? પૈસા કે જૈનધર્મની વાહવાહ ?

**ધર્માત્માને મન ધર્મની જાહોજલાલીની સૌથી વધારે કિંમત હોય છે, એની આગળ પૈસાની કિંમત નહિ.**

ધરણશાહ પોરવાડ એક રાણકપુરજીનું મંદિર બંધાવવા પાછળ એ કાળના

નવ્વાણુ ક્રોડ રૂપિયા શી રીતે ખર્ચી શક્યા હશે ? એમણે જોયું કે મને માનવભવની આ મહાન સદ્ગતિથી માંડીને ધન વગેરે બધાની અઢળક પુણ્યાઈ આપનારા તથા હવે પછીના ભવિષ્યમાં મારા તારણહાર દેવાધિદેવનું વિશિષ્ટ ભવ્યતાવાળું મંદિર બંધાવવાની આ સોનેરી તક છે; તો એવું બંધાવી દઉં કે એમાં સેંકડો-હજારો વરસ સુધી ધર્મની જાહોજલાલી થતી જ રહે, થતી જ રહે; કેઈ લાખો જીવોના દિલમાં એ ધર્મનાં બીજ અને ધર્મનું પોષણ કરતું જ રહે !

**મરતાં પોતાને તો અવશ્ય મૂકવાની, તથા મૂકેલી પછી બીજાઓના વિષયવિલાસ પોષનારી, ને અસંખ્ય સ્થાવર વગેરે જીવોનો કચ્ચરઘાણ કાઢતી રહેનારી લક્ષ્મીનો આવો સદુપયોગ ન કરે એ કેવો પામર અને કંગાળ ?**

**તન-મન-ધનનો શો સદુપયોગ ? :-**

સંસારમાં બટકતાં જીવને લક્ષ્મી પ્રાપ્ત કરવાની શી નવાઈ છે ? અનંતી વાર એ મળી; નથી મળ્યું એથી ધર્મની જાહોજલાલી કરવાનું . મૂઢ જીવને એ ભાન નથી કે ગોઝારી લક્ષ્મીએ જ અતિ આસક્તિ તૃષ્ણા મમતા કરાવી કરાવીને જ મને દુર્ગતિના ધરામાં એવો ફેકીં દીધો કે ભવોના ભવો સુધી એમાં જ ભટકતો રહ્યો. માટે આ શીખો કે મળેલી તન-મન-ધનની સંપત્તિથી આપણા પોતાના અને બીજાના આત્મામાં ધર્મની જાહોજલાલી કેમ કરતાં રહીએ. પરમાત્મી ભક્તિ, સાધુ-સાધ્વીની સેવા, સમ્યગ્જ્ઞાનનો પ્રચાર, તીર્થયાત્રા, ઉધાન, ઉદ્યાપન, વ્રતધારીનાં સન્માન, સાધર્મિકભક્તિ, તપસ્વીની ભક્તિ, અનુકંપાદાન વગેરેથી, ત્યાગ-તપસ્યાથી, વ્રત-નિયમ અને શીલ-સદાચારોથી, તથા ધર્મના અનુષ્ઠાનોથી, અને શુભ ભાવનાઓ તથા ક્ષમા આદિ શુભ ભાવોથી તન-મન-ધનને લેખે લગાડી શકાય. ધર્મની જાહોજલાલી કરી શકાય.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૧,અંક-૧૩,તા.૯-૧૨-૧૯૭૨**

આમ્રભટ્ટે ધર્મની જાહોજલાલી થવાનું દેખ્યું હોય તેથી મોટા ઈનામની બધી જ રકમ દાનમાં લૂંટાવી દીધી. કહે છે ને 'જીવ્યા કરતા જોયું ભલું ?' **એમ, 'ભોગવ્યા કરતાં દીધું ભલું' નો હિસાબ હોય ત્યાં દેતાં શો આંચકો ?**

(૩) મહાદાનનું ત્રીજું આ પણ કારણ છે કે લક્ષ્મી ઘરે લઈ ગયેલી મમતાને પોષે, એ કરતાં દાનમાં ઊછાળી દીધેલી પાછળથી વાંરવાર સુકૃત-અનુમોદનાની અને નિર્મળ યશની કમાણી કરાવે, આ હિસાબ, આ ધોરણ દાનને સ્વાભાવિક બનાવી દે છે એ યશ એવો કે ભવિષ્યના કાળમાં પણ હજારો-લાખો જીવોને દાનની પ્રેરણા-પ્રોત્સાહન આપે.

અસ્તુ. આમ્રભટ્ટે દાન તો દઈ દીધું, પણ વિઘ્ન સંતોષીઓએ જઈને રાજા કુમારપાળને ભંભેરણી કરી કે "મહારાજા ! આપને ઝાંખા પાડવા માટે આમ્રભટ્ટે ઈર્ષ્યા અને અભિમાનથી આપની બધી ભેટ યાચકોમાં ઊછાળી દીધી. આપે તો બહુ ઉદારતાથી લાખોનું ઈનામ આપ્યું પણ એના જ પર આમ્રભટ્ટે આપને ઝાંખા પાડવાનો ધંધો કર્યો કેવી ઈર્ષ્યા ! કેવું ગુમાન ! "

રાજાને ક્ષણભર આંચકો લાગ્યો કે આ શું ? એમણે તરત આમ્રભટ્ટને બોલાવ્યો, અને કહ્યું 'કેમ કાંઈ બધું ઈનામ દાનમાં દઈ દીધું તે મારા કરતાં ચડિયાતા થવા માટે !' આમ્રભટ્ટ કહે છે, 'મહારાજાધિરાજ ! આપનાથી ચડિયાતો તો હું છું જ. આપ છો એક ત્રિભુવનપાલ ઠાકોરના પુત્ર અને હું છું અઢાર દેશનાં સમ્રાટ રાજાધિરાજ કુમારપાળનો પુત્ર એવા સમ્રાટના પુત્ર તરીકે મારે આ દાન દેવું ઉચિત જ છે; એમાં સમ્રાટની જ શોભા છે.'

**દ્રઢ પ્રહારીને શબ્દનો ચમત્કાર :-**

કેવા શબ્દ ! કુમારપાળ રાજાના હૈયાને એ ચમત્કારિક અસર કરી ગયા. મહાન પુરૂષોના જીવનોમાં આવા શબ્દના ચમત્કાર ઘણા જોવા મળે. શબ્દના પ્રભાવે જીવનભરના અંધકાર ઊલેચાઈ જાય છે. દ્રઢપ્રહારી ઘોર ચાર હત્યાઓ કર્યા પછી પસ્તાયો હવે જીવવું નકામું લાગે છે તેથી જંગલમાં આપઘાત કરવા માટે દોડી રહ્યો છે. ત્યાં મહાત્મા ભેટ્યા, મહાત્મા મુનિ કહે છે, 'કેમ દોડે ?'

દ્રઢપ્રહારી કહે 'મહારાજ ! હું ઘોર પાપી છું. આવેશમાં એવી ચાર મોટી હત્યાઓ, કરી નાખી કે મને લાગે છે કે મારા જેવો પાપત્મા હવે જીવવા લાયક નથી, માટે આપઘાત કરવા જાઉં છું.'

મહાત્મા કહે ' ભલા આદમી ! તે એમ કાંઈ મરી જવાય ? **તું મરીશ પણ તારાં પાપ કયાંથી મરશે ? અને એ અહીં નહિ મરે તો પરભવોમાં તારા ડૂચા કાઢી નાખશે, 'ઘોર ત્રાસ દેશે ! એ તો અહીં જીવતા રહીને પાપોને મારે તો જ પરભવે નિરાંત.'**

દ્રઢપ્રહારી પરભવોના આ ત્રાસને સાંભળી ચોંક્યો, અને કહે છે, 'તો શું પ્રભુ ! મારાં આવા ઘોર પાપને અહીં મારી શકાય ?'

મહાત્માએ કહ્યું 'હા, આ શું, આથી પણ ભંયકર પાપોનો ય અહિંસા-સંયમ-તપની ઉત્કૃષ્ટ આરાધના દ્વારા નિર્મૂળ નષ્ટ કરી શકાય.'

દ્રઢ પ્રહારીનું દિલ પલટાઈ ગયું અને એ આરાધના માટે તૈયાર થઈ ગયો. ત્યાં જ સંસાર ત્યાગ કરી ચારિત્ર લીધું, અને પ્રતિજ્ઞા કરી કે 'જયાં મારું પાપ યાદ આવે એ દિવસે આહાર-પાણીનો ત્યાગ' આ પ્રતિજ્ઞા કરી નગરના દરવાજા બહાર

કાઉસ્સગ્ગ-ધ્યાનમાં ઊભા રહેવા માંડ્યું કેમ ? જે નગરમાં ચાર ઘોર હત્યાઓ કરી હોય, એ નગરના લોક આને જોઈ તિરસ્કાર કરવારૂપે એ પાપ યાદ કરાવ્યા વિના રહે ? અરે ! તિરસ્કાર માત્ર શું એને લાત-લાકડી-ધબ્બો; મારનારે ય કોક મળી આવે થયું, રોજ ઉપવાસ પડે છે. ઉપરથી અપમાન-તિરસ્કાર-ભાડન મળે એ જુદું. છતાં ડગવાની વાત નથી. એમાં એક દરવાજે લોક થાક્યું, તો બીજે દરવાજે, ત્રીજે, ચોથે એમ છ મહિના સુધી લાગટ ઉપવાસ સાથે કદર્થના સહી મહાત્મા દ્રઢપ્રહારી તરીકે પ્રસિદ્ધિ પામી ગયા.

**બધો શાનો પ્રતાપ ? શબ્દના ચમત્કારનો.**

'તું મરીશ, પણ તારા પાપ શી રીતે મરશે ?' આ શબ્દોએ એને આપઘાતથી અટકાવી મહાત્મા બનાવ્યો. જીવનમાં શબ્દના ચમત્કારને સમજી, વાણી પર સંયમ મૂકવા જેવો છે, વાણીમાં કુશળતા વાપરવાનો અભ્યાસ કરવા જેવો છે. ઘરે મેમાન લઈ ગયા, ઘરવાળાએ જમાડ્યા. પણ જો મોકો લઈ ઘરવાળાનાં સાંભળતાં મેમાનને કહો, 'ભગવાનની મહેરબાની છે કે આ ઘરવાળા રતન જેવા મળ્યા છે. જાતે ભારે શ્રમ લઈને ઘરની શોભા વધારે છે,' બસ, ત્યાં એ સાંભળીને ઘરવાળા પાણી પાણી થયા સમજો. એટલું જો ન આવડ્યું તો જતે દહાડે કંટાળીને મોં ચડાવી કદાચ સંભળાવી દે કે 'બીજાની વેઠો કરવા જ અમને અહીં લાવીને બેસાડ્યા છે ? કેમ જાણે રસોઈયણ રાખી ! તે જેને ને તેને ઉપાડી લાવવા છે, 'લે રાંધ એનું તું તારે ભઠિયારું કૂટયા કર....'

**શબ્દનો વિવેક ન આવડે તો આવા કલેશ ઊભા થાય.**

**ઉપબૃંહણા દર્શનાચારમાં શબ્દચમત્કાર :-**

શાસ્ત્રકારોએ સમ્યગ્દર્શનના આચારોમાં આ સમજીને જ 'ઉપબૃંહણા' નો એક આચાર મૂક્યો છે. 'ઉપબૃંહણા' એટલે સામાના ગુણની પ્રશંસા કરી સુકૃતની પ્રશંસા સેવા-ગુણ-આરાધનાના પરાક્રમની પ્રશંસા કરી પ્રોત્સાહન આપવું તે ઉપબૃંહણા કહેવાય. સમ્યગ્દર્શનના આ આચારના પાલનમાં શું છે ? શબ્દનો ચમત્કાર જ ને ? સામા પર ચમત્કાર તો થાય, કિન્તુ પોતાના આત્મામાં પણ ગુણ-સુકૃત-સેવાની અનુમોદના અને ધર્મપ્રેમ વધારવાનો ને તેથી ગુણ બીજાધાનનો ચમત્કાર થાય.

બસ, વાત આ છે,-બોલો તે જોખીને વિચારીને સૌમ્ય મધ જેવી ભાષામાં બોલો; એવું ગોઠવીને બોલો કે સામાનાં કલેજાને ઠારી દે, પ્રોત્સાહિત કરી દે, એનામાં સ્નેહ-સદ્ભાવ વધારી દે .

રાજકુમાર કનકરથને જમાઈ બનાવી વિદાય પહેલાં હરિષેણ રાજર્ષિ આવી વાણીમાં કહે છે 'જુઓ, તમે તો મહા ગુણસંપન્ન છો, ત્યારે મારી આ કન્યા

ૠષિદત્તા વનવાસમાં ઊછરેલી હોઈ અત્યંત મુગ્ધ છે. પંરતુ મૃગની નાભિમાં પેઠેલી ધૂળ પણ કસ્તૂરીના સંપર્કે પણ તમારા સંપર્કે ગુણસંપન્ન, વિવેકી, અને શાણી બની જશે.' કેમ આમ કહે છે ? એટલા જ માટે કે રાજકુમાર કદીક રાજ ખટપટના કારણે મુગ્ધ બાળાનું અપમાન ન કરે, તિરસ્કાર ન કરે, અને ખરેખર ! બન્યું એવું કે એ શબ્દોએ કુમારના દિલમાં પ્રોત્સાહન જગાવ્યું, બાળા પર સ્નેહ સદ્ભાવ વધારી દીધો. એનું સુખદ પરિણામ આગળ જોજો.

**જગતના સંયોગો અનિત્ય છે; આવ્યા ને જવાના, નિશ્ચિત જવાના, એની વચ્ચે આવા આવા જશ લઈ લેવાના છે.**

સ્વયં સુકૃત-સદગુણો કમાઈ લેવાનો યશ, અને બીજાને પણ એ કમાઈ લેવામાં ચમત્કારિક શબ્દ આદિ દ્વારા સહાયક થવાનો નિમિત્તરૂપ બનવાનો જશ, અજ્ઞાન માણસો સંયોગોની અનિત્યતા સમજતા નથી, તે કેમ જાણે એ કાયમી રહેવાના ન હોય તે એની ખાતર આવા નિર્મળ યશ કમાઈ લેવાનું ગુમાવી ઊલટું વધારામાં પાપવાણી-વર્તાવ અને પાપી વિચારોથી અપજશ વહોરે છે.

શાંતસુધારસ શાસ્ત્ર કહે છે,-

**पश्य भङ्गुरमिदं विषयसुख-सौहृदं, पश्यतामेव नश्यति सहासम् ।**
**एतदनुहरति संसाररूपं रया, ज्वलज्जल-बालिकारुचिविलासम् ॥"**
**-मूढ ! मुह्यसि.......**

'હે ચેતન ! જો, કે આ વિષયસુખનો સંગ ભાંગી જવાના સ્વભાવવાળો છે, તે કેમ જાણે જીવની હાંસી મશ્કરી કરતો ન હોય એમ જોત જોતામાં ઉડી જાય છે. આવું વિષય-સંયોગોત્મક સંસારનું સ્વરૂપ ઝાકઝમાળ વિજળીના તેજના ચમકારાનું વેગથી અનુકરણ કરે છે. માટે હે મૂઢ જીવ ! તું ફોગટ એવા પર મોહ પામે છે.'

શું કહ્યું ? પાંચે ઈન્દ્રિયોના વિષયોની દશા જુઓ કે એનાં સુખ કયા કાયમી છે ? જીભનો વિષય રસ; એક સારામાં સારા લાગતા પકવાન્ન આફુસ મેવાનો કોળિયો મોંમા મૂક્યો, સહેજ વાર મીઠો સ્વાદ આવ્યો ન આવ્યો કે તરત એ ગળે ઊતરી જતાં મોંમાંથી મિઠાશ ખત્મ ! પછી પેટમાં જઈ એ જીભ પર સ્વાદ ફેંક્યા કરે ? ના, ઊતર્યું ઘાંટી ને થયું માટી. નથી ને વાયુંનો ઉછાળો આવતાં જો પેટમાંથી ઊંચે ઊછળી પાછો મોંમા આવે તો એનો સ્વાદ હવે ન ગમે; અરે ! પાછું ગળે ઊતારી દેવું ય ન ગમે; બહાર થુંકી નાખવાનું જ મન થાય. તો પછી શું આવા ક્ષણભંગુર વિજળીના ચમકારા જેવા નાશવંત રસાસ્વાદના વિષયસુખની ખાતર અવિનાશી ત્યાગધર્મ ને ગુમાવવાનો ? તિથિની આરાધના ખોવાની ? આયંબિલ ઉપવાસ જેવી મહાન તપસમૃદ્ધિ જતી કરવાની ?

પણ આજે કેટલાકને એમ લાગે છે કે 'આ ત્યાગ, ને તપ, ને આરાધનાનું કામ જ શું છે ? શો લાભ છે એનાથી ? એમાં શા સારુ નકામા કૂચે મરવાનું ?' આવું કોણ લગાડે છે ? ક્ષણભંગુર વિષયસુખોની આંધળી લંપટતા કેમ જાણે આત્મા જેવી કોઈ વસ્તુ જ નથી, ને જે છે તે કાયા અને એના વિષયસુખો, તેમજ એ કાયમી બેઠા રહેવાના છે, તે જીવન વિષયસુખોની ગુલામી અને કાયાનાં હુલામણાનું જ જીવવાનું ? કેવી આ પશુતુલ્ય માન્યતા અને કેવું આ પશુતુલ્ય જીવન ?

**ગુલામી માનસ કોનું ? ભોગીનું કે ત્યાગીનું ?**

આવોને કહો, 'ભાઈ ! એકવાર આત્માની વાત ભલે બાજુએ રાખો, પણ એ તો બતાવો કે એક જણ મેવા-મિઠાઈ બધું આરોગે છે, ને બીજો માણસ એનો સ્વેચ્છાએ ત્યાગી બની સાદું ભોજન કરે છે, એ બેમાં ગુલામી માનસ કોનું ? અને સ્વાધીન માનસ કોનું ? બેમાંથી સ્વસ્થતા-શાંતિ-સંતોષ કોને ? એક દંપતી યુવાનીમાંથી સ્વેચ્છાએ નિર્મળ બ્રહ્મચર્ય પાળતાં સગા ભાઈ-બેનની જેમ રહે છે, ને બીજા દંપતી ખૂબ કામાંધ બનીને રહે છે. બેમાં સ્વસ્થ અને સ્વતંત્ર માનસના કોણ ? તેમ મલિન, વિહ્વળ તથા ગુલામી માનસના કોણ ? કહેવું પડે ને કે બ્રહ્મ પાળનાર દંપતી એ સ્વચ્છ, સ્વસ્થ ને સ્વતંત્ર માનસવાળા ?

તો શું વિહ્વળ અશાંત અને ગુલામી માનસનું જીવન સારું કે પ્રશાંત-સ્વચ્છ-સ્વંતત્ર માનસનું જીવન સારું ? પહેલાને કોઈ સારું ન કહે. ગુલામી માનસમાં સારાપણું શું ?

વિષયસુખની લગની છે ત્યાં ગુલામી માનસ છે. માનસ ગુલામી; કેમકે વિષયસુખ જોઈએ છે માટે એ માનસ વિષય પ્રત્યે બેપરવા નહિ રહી શકે. એને વિષયોની પરવા કરવી પડશે, ગરજ કરવી પડશે વિષયો અનુકૂળ રહે એવું મન રહેશે, એટલે મનને એની ગરજ પરવા રહેવાની. એનું જ નામ મનની એના પ્રત્યે, ગુલામી એના બદલે જો વિષયોથી બેપરવા સ્વંતત્ર રહેવું હશે, તો નાશવંત વિષયસુખની ઝંખના પડતી મૂકવી પડશે. એવા પણ માણસ હોય છે કે પત્ની જો ઉદ્ધતાઈ કે અનાચાર જેવું કરી પિયેર ચાલી ગઈ ગઈ તો એને પાછી બોલાવતા નથી, ને વિષય સુખની ય ઝંખના મૂકી દઈ સંવતંત્ર મસ્ત મનથી જીવન ગાળે છે. મનને આશ્વાસન લે છે કે 'હાશ ! રોજનો ટિટિયાળો મટ્યો.'

ત્યારે પૂછો,-

**પ્ર.**- પણ પત્ની અનુકૂળ સેવાભાવી અને સુશીલ હોય તો તો મજા ખરી ને ?

ઉ.- શી મજા ? એમાં માનસ ગુલામી બને કે નહિ ? કે માનસ સ્વંતત્ર રહે ? પત્ની તરફથી સેવા-સુખ-અનુકૂળતાઓ ગમે છે. એટલે મન એ બધી સેવાઆદિને

અને પત્નીને આધીન બન્યું રહેવાનું પછી એ બધી કેમ સાચવ્યા કરવી, એની તકેદારી રહેવાની આજના સમયના અનુસારે પુણ્ય કાચાં લઈ આવેલાં છે, એટલે એમાં વાંધા-વચકાં પડયા કરવાના. એથી મન વિહ્વળ થવાનું, અકળાયા કરવાનું આ હિસાબે જ છતી સેવા-સગવડોમાં પણ ભય રહ્યા કરવાનો કે, 'આમાં કાંઈ વાંધો તો નહિ પડે ને ? સરકાર આવા ટેક્ષો નાખે છે; વેપારીઓ લુચ્ચા થયા છે, ઓફિસરો લાંચિયા અને અભિમાની બન્યા છે...શું થશે ?'

ત્યારે, જો વિષયસુખોની ક્ષણભગુંરતા સમજી મન એવા નાંશવત સુખમાં રાચવાને બદલે એથી ઊભગી જાય, અને એને બાજુએ રાખી ત્યાગમાં-તપમાં-આરાધનામાં લાગી જાય, તો વિષયોની ગુલામી, ભય, સંતાપ, અશાંતિ વગેરેથી બચે છે, મહા સ્વસ્થતા ને સ્વાધીનતા અનુભવે છે.

તો પછી કૂચે મરવાનું કયાં ગણાય ? ને કયાં ન ગણાય ? વિષયોની ગુલામીમાં ? કે એ છોડીને કરાતા ત્યાગ-તપ અને અન્ય આરાધનામાં ? આમાં પરલોકની વાત તો પછી છે; પણ આ જીવનમાં ય કૂચે મરવાનું અને ભય-સંતાપ-અશાંતિ વગેરે અનુભવવાનું વિષયો પ્રત્યેનો ગુલામી માનસમાં છે; ત્યારે મસ્તક રહેવાનું ને શાંતિ-નિર્ભયતા-સ્વાધીનતા અનુભવવાનું ત્યાગ-તપ અને આરાધનામાં છે. **અલબત્ત એમાં આ શાંતિ-સ્વાધીનતા સમજીને એ ત્યાગ-તપ આદિ આચરવા જોઈએ.**

આત્મા અને ધર્મનુ મહત્ત્વ નહિ સમજનાર નાસ્તિક જેવાને ય અહીં વિષયોમાં વિટંબણા-કદર્થના-અસ્વસ્થતા અનુભવવા પડે છે. પણ એ વિટંબણાદિ હોવાનું સમજવા એ તૈયાર નથી તે અનુકુળ વિષયોમાં મજા માને છે ! ખરજવું ખણતા મૂઢ માણસ માને, પણ એ કાંઈ મજા છે ?

'શાંતસુધારસ' શાસ્ત્ર અનિત્યતાની ભાવનામાં કહે છે કે 'ચેતન ! જો વિજળીના ચમકારા જેવા વિષયસુખો ક્ષણભંગુર છે, તે જોત જોતામાં નાશ પામે છે અને જીવને મૂર્ખ બનાવતા જાય છે કે, 'જો તું અમને ટકનારા માની બેઠો હતો તે આ અમે કેવા પલાયન થઈ જઈએ છીએ ?'

શાસ્ત્ર આગળ વધતાં વૈભવ-પરિવાર અને વિષય-સુખોની અનિત્યતાની જેમ યૌવનની અનિત્યતા પર કહે છે,-

**'અફસોસની વાત એ છે કે કૂતરાની પૂંછડી જેવું વક્ર મતિવાળું યૌવન, તે પણ ઊગીને ઊભું થતાં જ અલ્પ કાળમાં જ નષ્ટભ્રષ્ટ થઈ જાય છે ! એવા યૌવનને પરાધીન બનેલા માણસો બુદ્ધિહીન બની પરવસ્તુના પનારે પડયા અહીં શું શું કડવું કષ્ટ નથી પામતા ?'**

શાસ્ત્રકાર અંહી યુવાનીને કૂતરાની પૂછડીં સાથે સરખાવે છે; કેમકે જેમ પૂછડીં વાંકી આકૃતિવાળી એમ યુવાની વાંકી મતિવાળી હોય છે પૂંછડીને બાર વરસ સીધી નળીમાં ઘાલી રાખી હોય તો પણ અંતે બહાર કાઢ્યા પછી એ વાંકી જ રહેનારી. એમ યુવાનીની બુદ્ધિ વડિલો વગેરેના ભાર નીચે સીધી ચલાવવી પડી હોય, તો પણ એ ભાર હટી જતાં વાંકી તે વાંકી જ ચાલે.

**મતિ 'વાંકી' એટલે આત્માના હિતને અવગણી કાયા-માયાનાં હિતનો જ વિચાર કરનારી.**

**યુવાનીનો ઉન્માદ :-**

યુવાનીનો થનગનાટ, યુવાનીનું ઊછળતું લોહી અને યુવાનીમાં કૂદતી ધાતુઓ યુવાનીને વિષયો તરફ દોડાવે છે, વિષયોમાં ગળાબૂડ મગ્ન કરે છે કારણ એ છે કે અનાદિના સંસ્કારો એ તરફ ના જ દ્રઢ થયેલા છે, તે એમને અહીં પૂરબહારમાં ખીલી ઊઠવા માટે યુવાનીના થનગનાટનો કાળ વસંતઋતુ જેવું કામ કરે છે. વંસતમાં વનરાજી ખીલી ઊઠે, એમ યુવાનીમાં અનાદિના વિષયસંસ્કારો જાગતા-ખીલતા થઈ જાય છે. પછી પરિણામ વિચારો જીવને અનાદિથી આ ગમતી વાત છે, વિષયરંગે રંગાઈ જવાની વસ્તુ પસંદ છે. એમાં યુવાની સહાય કરે પછી જીવ ઝાલ્યો રહે ?

**યુવાની દિવાની, યુવાની વાંકી :-**

યુવાનીમાં ઈષ્ટ વિષયો સિવાય બીજું કાંઈ એને સુઝે ? પ્રિયાનું દર્શન મળ્યા પછી પ્રભુનાં દર્શનની ભૂખ રહે ? એક નાસ્તિકે કહ્યું, '**प्रियादर्शनमेवास्तु, किमन्यद्दर्शनान्तरै :** ।' અમારે તો ગોરી ગુલાબી પ્રિયાનું જ દર્શન હો બીજા દર્શનોનું શું કામ છે ?

સમજાય છે ? યુવાની કેવી દિવાની ? રુડાં રૂપાળા વિષયોની એવી જાલિમ આસક્તિ કે એમાંથી માથું ઊંચુ કરવાની વાત નથી. ભવ તો ઘણો ઊંચો મળ્યો, વીતરાગ અરિહંત ભગવાનના દર્શન-પૂજન-વંદન આદિ દ્વારા મનને પ્રભુમાં લગાવી શકાય એવો ભવ; પરંતુ યુવાની એવી વાંકી કે મનને વિષયોમાં જ પકડી રાખી ત્યાં જવા જ ન દે.

**માનવ અવતારે તક કેવી સુંદર ? :-**

માનવ અવતારે તો એટલો સુંદર મળ્યો, ને એમાં યુવાની વળી એવી જુસ્સાભરી કે અરિહંત તીર્થંકર ભગવાનની આજ્ઞાનુસાર ત્યાગ-તપસ્યા-અહિંસા સત્ય-બ્રહ્મચર્ય આદિને સુદંર કોટિના આચરવાની સોનેરી તક મળી ગણાય, ને એથી કર્મની શૃંખલાઓ અને ભવના ફેરા કાપી શકાય; પરંતુ વક્ર યુવાની એ શું

કામ આચરે ? કહે છે ને કે સીધા રહીને દૂધ ન પીએ, પણ વાંકા રહીને મૂતર પીએ. યુવાની વાંકી તે દુર્લભ જન્મ અને દુર્લભ શક્તિઓ-સંયોગોને જિન-જિનાજ્ઞાની આરાધનામાં લેખે લગાડવા ન દે. પણ હલાહલ વિષથી ભયંકર એવા વિષયોમાં હોમાવી દારૂડિયા જેવી પાગલ દશા ઊભી કરે ! અને પરલોકે ભંયકર દુર્ગતિઓમાં ભટકતા રહેવું ઊભું કરી આપે !

પરંતુ રાંક જીવને ભાન નથી કે 'આ યુવાનીના ગોઝારા તોફાનમાં ચડયો છે પણ એ યુવાની રહેવાની કેટલી ? હમણાં જોતજોતામાં એ ચાલીજવાની, અને એની સાથે આરાધનાની થનગનતી શક્તિઓ પલાયન !' આ ભાન નહિ એટલે યુવાનીને વશ રાખી યુવાનીનો સદુપયોગ કરી લેવાને બદલે પોતે યુવાનીને જ વશ બની જાય છે, અને એ પરવશતામાં પછી ઈંદ્રિયો અને વિષયોની ગુલામી ઉઠાવે છે. ત્યાં પછી ગમે તેટલાં કષ્ટ ઉઠાવવા પડે તો જીવ તૈયાર ! કેવી ઘેલછા !

**ઊખડેલ કન્યાને પરણનારો કેવો નિર્લજ્જ ગુલામ ?:-**

જેમ કે, કોઈ કરોડપતિ પોતાની બહુ વહાલી પણ ઊખડેલ કન્યાને પરણાવવા શરત મૂકે કે 'આને પરણાવીને દશ લાખ રૂપિયાને દાયજો આપું, ફેકટરીમાં ભાગ આપું, મોટર અને બંગલો આપું, પણ આ મારી કન્યાને જ્યાં ભટકવું હોય ત્યાં લઈ જવાની, અને એને જેની સાથે ખેલ ખેલવા હોય એની સાથે એને ખેલાવી ખુશી થવાનું ' તો આ શરતે કોણ એને પરણે ? પણ પૈસા વિષયસુખનો લોભિયો લાલચુ યુવાન એને પરણવા તૈયાર થાય, અને પરણીને પછી શું કામ કરે ? આ જ કે ઊખડેલ નવોઢા નવી વહુને જ્યાં ખેલ ખેલવા ત્યાં હોંશે હોંશે એને લઈ જવાનો, પેલી ખેલ ખેલે ત્યાં ખવાસની જેમ ઊભો રહીને એ જોવાનો. પેલી પૂછે, 'કેમ તમને ગમ્યું ?' તો આ ખવાસ ધણી કહેશે કે, 'તને ગમે છે ને ? બસ, તને ગમે એમાં હું રાજી' આ કેવી નિર્લજ્જ ગુલામી ? ડાહ્યા લોક ભલે ને આની નિંદા કરે પણ આ મૂઢને એની લજ્જા નહિ, પરવા નહિ. એ તો આ રાણી સાહેબની કુલટાગીરીના ખેલમાં જ રાજી.

**ઈન્દ્રિયરાણીઓનો જીવ ખવાસ :-**

એમ, કર્મસત્તાએ જીવને પાંચ ઈંદ્રિયોરૂપી ઊખડેલ કન્યાઓ પરણાવીને ઘણી વાતની સગવડો આપી પણ આ શરતે; તે જીવ શું કરે છે ? ખવાસની જેમ ઈંદ્રિયરાણીઓને એના ગમતા વિષયોમાં તેડી જાય છે, અને વિષયો સાથે ખેલતી ઈંદ્રિય-કુલટાઓને કહે છે, કે 'કેમ ? તું રાજી ને ? બસ, તને ગમે છે તો હું એમાં રાજી છું ' જીવને આમાં શું મળવાનું ? નામનું ય પુણ્ય નહિ, લેશમાત્ર જ્ઞાનમગ્નતા નહિ, છાંટો ય ઉપશમ-પ્રશાંતતા નહિ જે મળશે તે ઈન્દ્રિયોને ખુશખુશાલી, ઈંદ્રિયોને

તુષ્ટિપુષ્ટિ મળવાની. જીવ લુખ્ખો બાકસ એ ખુશી માનશે તે ઈંદ્રિયોની ખુશી પર;- 'આહા ! મારી ઈંદ્રિયોને કેવું સરસ જોવા-સાંભળવાનું મળ્યું ! બસ, આંખ આમાં ચોંટી જ જાય છે કાન આમાં લીન જ થઈ જાય છે ! વાહ સરસ ! બસ, તો પછી આપણે બીજું જોઈએ છે ય શું ? ઈંદ્રિયોને મજા પડે એ જ જોઈએ.'

**વિષયસેવામાં કેમ બુધ્ધુગીરી ? કેટકેટલા અનર્થ અને ખોટ ?:-**

જીવની આ કેવી ખવાસગીરી ? કેવી ગુલામી ! થનગનતી યુવાનીનું બધું જોમ એને ઈંદ્રિયોનું ખવાસપણું કરવામાં ખલાસ કરવું છે આમાં જીવની કોઈ બુદ્ધિમત્તા ? સરાસર બુદ્ધુગીરી ? ઈંદ્રિયો અને એના વિષયોની જ ગુલામી કરવામાં જયા (૧)પુણ્યનો લેશ પણ કમાવવાનો નહિ (૨) તત્ત્વજ્ઞાનની લેશ રમણતા નહિ (૩) સુસંસ્કારનું નામનું ય સર્જન નહિ, (૪) પરમાત્મભક્તિની સહેજ પણ મસ્તી નહિ; ને ઉપરથી (૧) પાપોના ઢેર, (૨) કુસંસ્કારોની પુષ્ટતા, (૩)મોહની રમણતા તથા (૪) આ ભવની બરબાદી, અને (૫) એ ઊભો થવામાં વપરાયેલી પૂર્વના અનેક જન્મોની અથાગ તપસ્યાની સરાસર બરબાદી, સાથે (૬) દીર્ઘ દુર્ગતિઓનાં જાલિમ દુઃખોની પંરપરા ચાલે એવા પાપાનુંબંધના થોકબંધ સર્જન થાય, ત્યાં જીવની શી બુદ્ધિમત્તા ગણાય ? નક્કી બુદ્ધુગીરી જ ગણાય, કે પોતે પોતાના જ હાથે પોતાનો એંકાત વિનાશ સર્જે !!

આ બધું તોફાન બેફામ વર્તતી યુવાનીનું છે ખૂબી તો પાછી એ છે કે એ ઈંદ્રિયોના ગમતા વિષયો ઊભા કરવામાં, ભોગવવામાં, સંભાળવામાં કષ્ટ ઓછાં છે ? આધિ-વ્યાધિ ઓછી છે ? સગા-વહાલાનાં મોં સાચવવામાં કષ્ટ-કલેશ નથી પડતાં ? **બોલો, સંસાર તમારો સુંવાળી ગુલાબની શય્યા જેવો છે ? કોઈ જ ચિત્તકલેશ-કષ્ટ-આધિ-ઉપાધિ નથી ?**

જીવને ગુલામ બનાવનારી, વિષયોની જ સેવા કરાવનારી અને સેંકડો ગમે તેવાં કલેશ-કષ્ટ ઉપડાવનારી આ વક્ર યુવાની પણ અંતે તો જોત જોતામાં ઊડી જનારી ! એવી અનિત્ય નાશંવત યુવાનીના દુરાચરણમાં યથેચ્છ વર્તનમાં નિત્ય અવિનાશી આત્માએ પોતાનાં હિતવિસરી જવાના ?

**હરિષેણ તાપસકુમારને શું કહે છે ? :-**

જુઓ પેલા હરિષેણ રાજાએ યુવાની આમ વેડફી નાખવાની પોતાની મૂર્ખતા વિચારી શું કર્યું ? રાજયપાટ અને નવી મનગમતી રાણી પ્રીતિમતીના સુખને તિલાંજલી આપી સંન્યાસનો અને તપનો માર્ગ લીધો. તે હવે માથે આવી પડેલી ઋષિદત્તા કન્યાની આપદા હેઠી ઉતારી રાજકુમાર કનકરથને ભળાવી દઈને કુમારને કહે છે,-

'કુમાર ! જુઓ મેં કુટિલ યુવાની તો વિષયરંગમાં વેડફી નાખી, ને યુવાની તો ઓસરવા લાગી. નાશવંત યુવાનીથી અવિનાશી મારા આત્માનાં કશાં હિત સાધ્યા નહિ; પણ પ્રભુકૃપાએ જાગીને પાછળથી આ કાયાથી શક્ય તપસ્યા કરી લીધી. હવે કાયા વૃદ્ધ થઈ ગઈ છે તેથી હું એને અગ્નિમાં પ્રવેશ કરી ભસ્મીભૂત કરવા ઇચ્છું છું. કેમકે મારા જેવા ઘસાઈ ગયેલા માણસને જીવવા કરતાં મરવું ભલું.'

કુમાર આ સાંભળી ચોંકી ઊઠે છે, પગમાં પડીને કહે છે, 'મુનીશ્વર ? અગ્નિમાં પડી પ્રાણત્યાગ કરવાની વાત રહેવા દો; કેમકે આવું મૃત્યું એ દુર્ગતિનું કારણ છે.'

**આપઘાતથી કેમ દુર્ગતિ ?:-**

'આવું અકાળ દુઃખદ મૃત્યું ' એટલે આત્મહત્યા, આપઘાત એમાં અસહ્ય પીડાના યોગે ચિત્ત અસમાધિમાં દુર્ધ્યાનમાં પડવા સંભવ, અને એથી દુર્ગતિ થાય. અંતે જેવી લેશ્યા તેવી ગતિ પાપી પણ ગોશાળાને અંતે સારી, પાપના પશ્ચાત્તાપની લેશ્યા આવી તો એ બારમાં દેવલોકે ઉત્પન્ન થયો. શ્રેણિક ક્ષાયિક સમકિતના ધણી એટલે હવે એમનું સમ્યકત્વ શાશ્વત કાળસ્થાયી; છતાં મરવા વખતે લેશ્યા બગડી, તો મરીને પહેલી નરકે ગયા. આપઘાત કરવામાં જે સાધનથી આપઘાત કરાય છે, એની પીડા, મોટો સંભવ છે કે, અસહ્ય બની જાય ! માણસ કોઈ દુઃખનાં કારણે તો આપઘાત કરવા જાય છે; એ દુઃખમાં જીવવું અસહ્ય લાગે છે માટે તો મરવાનું કરે છે. તો પછી હવે મરવાનાં સાધનભૂત અગ્નિદાહ-ઝંપાપાત વગેરેમાં જે પીડા ઊભી થશે એ, દુઃખ અસહ્ય લાગવાના સ્વભાવ મુજબ, કયાંથી સહ્ય બનવાની ? અને આમ જો એ પીડા અસહ્ય લાગી તો ચિત્તની સમાધિ-સ્વસ્થતા રહેવી મુશ્કેલ; તેથી લેશ્યા બગડતાં ગતિ, દુર્ગતિ થાય...

**આપઘાતનું મન રોકવા ૩ વિચાર :-**

આ ઉપરથી આ ખૂબ ધ્યાનમાં રાખવા જેવું છે કે જીવનમાં ભારે પીડા-આપત્તિ આવતા અગર કોઈ તેવું પાપકાર્ય થઈ જતાં સંભવ છે મન મરવાના વિચારમાં ચડી જાય; પરંતુ ત્યાં એવો વિચાર રોકવો જોઈએ એ રોકવા માટે ત્રણ વાત વિચારવાની;-

(૧) આપઘાતમાં અંતે સમાધિ-લેશ્યા બગડતાં દુર્ગતિ થશે. અહીં થોડું દુઃખ અસહ્ય લાગે છે તો ત્યાં જાલિમ દુઃખ કેમ સહન થશે ? તે પણ જીવનભર, એટલે જીવનભર અસમાધિ દુર્ધ્યાન-અશુભ લેશ્યા.

**આમ દુર્ગતિનાં દુઃખ વખતે અસમાધિ થયા કરે; એનાથી કેવાં ઘોર પાપ બંધાયે જ જવાનાં ?**

(૨) વળી દુર્ગતિનો ભવ એટલે એમાં કોઈ જ ધર્મસમજ નહિ, તેથી વાણી-વિચાર વર્તાવ પાપભર્યા ચાલવાના.

**આપઘાતથી દુર્ગતિનું જીવન દુઃખમય સાથે પાપાચરણભર્યું હોય એનું ય પરિણામ કેવું ખરાબ ? ત્યાં ઊગરવાનો શો આરો ?**

**(૩) આપઘાતથી ઊંચો માનવજીવનનો નાશ એટલે પાપનાશ ને સુકૃતની બધી તકનો નાશ.**

**આપઘાતમાં કેવા કેવા સુકૃતોની તક નષ્ટ ?:-**

અર્થાત્ આપઘાત ન કરતાં હજી જો અહીં જીવતા રહીએ છીએ, તો તન-મન-ધન-ઈંદ્રિયોથી કેટલાય સુકૃતો કરી શકીએ છીએ, કમમાં કમ પરમેષ્ઠિ-નમસ્કાર મંત્રનું કે અરિહતનું સ્મરણ કરી શકીએ છીએ વળી કાયાનો મોહ મૂકી મરીને કાયા નષ્ટ કરવી છે તો જીવતા રહીને એને ત્યાગ-તપસ્યાથી ઓગાળી શકીએ છીએ. સાથે કેવા કેવા ય વ્રત-નિયમો લઈ પાળી શકીએ છીએ. આંખોને પ્રભુ જ જોવામાં ને શાસ્ત્ર વાંચવામાં ને કાનને સદ્ગુરુની વાણી જ સાંભળવામાં જોડી શકીએ છીએ. આનાં અંતરાય હોય તો ય મન આવા બધામાં જોડાય, શુભ વિચારો શુભ ભાવનાઓ મહાપુરુષો અને તીર્થંકર ભગવાનનાં ચરિત્રોનાં ચિંતન...વગેરે બધું જીવતા રહીએ તો જ કરવાની તક; તો જ એ બધું કરી શકીએ. આપઘાતથી એકદમ મરી ગયા પછી પરલોકમાં આ શું થઈ શકવાનું ? એ તો ગઈ એ બધી તક.

વળી જીવતા રહીએ તો જીવનનાં પાપોનો નાશ કરવાની તક છે. જ્યારે દુઃખ ભર્યું કંટાળાજનક લાગ્યું છે તો જીવનમાં આજસુધી આચરેલા થોકબંધ અશુભ વિચાર, મોહભર્યા બોલ, અને અઢાર પાપસ્થાનકના વર્તાવનાં પાપશું કંટાળાજનક નથી લાગતાં ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"      વર્ષ-૨૧,અંક-૧૪,તા.૧૬-૧૨-૧૯૭૨**

**દુઃખનો કંટાળો ખરો, અને પાપનો કંટાળો નહિ એ સરાસર મૂઢતા છે, મિથ્યાત્વ છે, અજૈનપણું છે.**

જૈનને તો ખરેખરો પાપનો કંટાળો હોય. તેથી જ એ ઘરવાસને સંસારને દુઃખદ માને; અસાર માનનારો હોય મનને એમ થયા કરે કે, 'આ સંસાર-ઘરવાસનાં નિમિત્તે કેટકેટલાં ય પાપો સેવવાં પડે છે ! પાપની હોંશ પણ થાય, પાપની યોજનાઓ થાય, દા.ત.સગાઈ થઈ લગ્ન થયા ત્યારથી વિવિધ મોહ-રમતોના મનમાં વિચાર ચાલે; એક ધંધો માંડયો ત્યારથી લોભ અને આંરભ-સમાંરભની

યોજના વિચાર ચાલે;....આવો પાપ-પાપ-પાપ ભર્યો સંસાર કેવો અસાર ? કેટલો દુઃખદ નીવડવાનો ? તો ક્યાં સુધી આમ ?' આ રીતે પાપનો કંટાળો લાવવાને બદલે માત્ર દુઃખનો કંટાળો લાવવો એ અજ્ઞાનતા સાથે કાયરતા છે. 'દુઃખથી જીવન પર કંટાળો જ આવ્યો છે, તો હવે લાવ, જીવનમાં સુખ-શાતા પર કંટાળો લાવીને એનો મોહ છોડી વ્રત નિયમ સાથે કડક ત્યાગ, અને કઠોર તપસ્યા તથા જિનભક્તિ-સાધુસમાગમ કરતો રહું, પાપોનાં પ્રાયશ્ચિત લઉં, તેમજ પાપો-દુષ્કૃત્યોની રોજ નિંદા-પશ્ચાત્તાપ કરતા રહી મારાં આ અને પૂર્વ જીવન પાપોનો વિધ્વંસ કરવા લાગુ.' આવા વિચારથી આપઘાત કરવાને બદલે જીવતા રહી પાપનાશ કરનારા ઉપાયો સાધવાની મહાન તક છે. એ જીવતા રહી સફળ કાં ન કરવી ? મર્યા એટલે તો ખલાસ, તક ગઈ !

**ઘોર પાપ થઈ ગયા પર પણ આપઘાત કેમ ન કરાય ?:-**

આ જ પાપનાશના પુરુષાર્થ વસ્તુ, જીવનમાં કોઈક ભયંકર પાપ સેવાઈ ગયા પર આપઘાત કરવાનું મન થાય ત્યારે પણ વિચારવાની છે. મોટાં પાપાચરણથી જે ભારી અશુભ કર્મ બંધાયા એનો નિકાલ કરવા માટે, અહીં જો જીવતા હોઈએ તો, ઉપાય થઈ શકે; પણ આપાઘાતથી જીવન ટૂંકાવી નાખ્યે શું થાય ? કેમકે ઉપાયમાં, પહેલા નંબરમાં ગુરુ આગળ યથાસ્થિત આલોચના કરવી પ્રકાશન કરવું એ છે દુષ્કૃત્ય જેવું બન્યું, જે રીતે બન્યું, એ બધું સ્પષ્ટ રૂપે બાળભાવની સરળતાથી તેમજ અત્યંત પશ્ચાત્તાપ સાથે ગુરુને કહી દેવું, એ છે. આ વસ્તુ મર્યા પછી બીજા જનમમાં અહીંનું યાદ જ નહિ આવવાથી શી રીતે બની શકે ?

ત્યારે, જે પાપની ગુરુ આગળ આલોચના ન કરી અને હૃદયમાં જ છુપાવી રાખ્યું, એ પાપનું દિલમાં શલ્ય રહી જાય છે.

**પાપનું એ શલ્ય પછી જનમ-જનમ પાપબુદ્ધિ કરાવી આંખ મીંચીને એવા પાપચરણ કરાવે છે.**

પાપનું શલ્ય એટલે કાંટો એ ઉંડાણમાં જામી પડયો એ ભૂંડુ માટે પાપનું શલ્ય અંદરમાં ઊભું રાખ્યું અને પશ્ચાત્તાપથી બહારમાં તપ ઘણો કર્યો છતાં ઉદ્ધાર થાય નહિ. ગુરુને કહ્યું હોત, અને ગુરુ જે પ્રાયશ્ચિત્તરૂપે તપ આપત એના કરતા ય ૧૦-૧૦૦-૧૦૦૦ ગુણી તપસ્યા કરી, છતાં પાપનો નિકાલ નહિ, શલ્યનો ઉદ્ધાર નહિ; તે તે હલકાં જન્મો અને એમાં પાપબુદ્ધિ અને પાપચરણ આપ્યા જ કરે છે. ગુરુ આગળ પાપનું પ્રકાશન ન કર્યું અને મનમાં જ એ રાખી મૂકવું એની આ ભુડાંઈ છે.

ગોશાળાને અંતકાળે પસ્તાવો થયો કે 'અરેરે ! મેં ગુરૂ ધર્માચાર્ય મહાવીર

પ્રભુની કેટલી બધી અવહીલના કરી ? વિટંબણા કરી ?' પોતાના શિષ્યોને એ કહ્યું પણ ખરું, અને કોઈએ ગુરુની હીલના ન કરવા ઉપદેશ પણ કર્યો તેમજ જગતને પોતાના દ્રષ્ટાન્તથી ગુરુ-અવજ્ઞા ન કરવાનું જાહેર કરવા પણ કહ્યું; કિન્તુ પોતે ગુરુ પાસે આલોચના ન કરી. એને એ ન સૂઝ્યું કે શિષ્યોને કહું કે 'મને લઈ જાઓ મહાવીર પ્રભુ પાસે, જેથી હું પાપોની આલોચના કરી પ્રાયશ્ચિત માગું,' તો પાપનાં શલ્ય કેવા ઊંડા ઊતરેલા રહી ગયા ! કે હવે એ સંસારમાં દુર્ગતિઓમાં ભયંકર ભટકવાનો છે.

**પાપશલ્યની આ ભુંડાઈ કે ભવોભવ પાપ આપે ?**

જીવતા છીએ ત્યાં સુધી જ ગુરુ આગળ આના ઉદ્ધાર શકય. આપઘાતથી મરી ગયા પછી, અગર જીવંત રહેવા છતાં મૃત્યુ સુધી ગુરુ આગળ એનો ઉદ્ધાર ન કરવામાં મરી ગયા પછી શું થાય ? ગુરૂને કહીએ તો ગુરૂ આગળ હલકા પડીએ, માટે ન કહેવું તે ન જ કહેવું.' એમ કરી જરા પોતાનું માન સાચવ્યું એનો લાભ કેટલો ? અને પરભવે જન્મોના જન્મો પાપચરણમય મળે એનું કેટલું નુકસાન ? આ જો વિચારાય તો અહીં આલોચન કરતાં ભલે ને ગુરુની નજરમાં હલકાઈ થઈ, પરંતુ એ નુકસાન વધાવી લઈ પરલોકનાં અતિ ભયંકર નુકસાનોને રોકવાનું કરાય; તેમજ માન કષાય પર ભારે પ્રહાર કરાય.

**તીવ્ર પશ્ચાત્તાપ સાથે આલોચનાની બલિહારી છે.**

પાપનાશનો એ પહેલો ઉપાય છે. એના પર જે પ્રાયશ્ચિત આવે તે વહન કરવાનું, એ બીજું પગલું તેમજ જીવનમાં ભૂલાઈ ગયેલા તેમજ પૂર્વ જન્મોનાં પાપોના અનુબંધ તોડવા માટે દુષ્કૃત્યોની તીવ્ર ગર્હા સાથે અહિંસા-સંયમ-તપોમય ચારિત્રનું પાલન એ પાપનાશ-કર્મનાશ માટેનો રામબાણ ઈલાજ છે. આ બધું ય જીવતા રહીને થઈ શકે; પણ એ ન કરતાં આપઘાત કરવા માત્રથી શું થાય ? ઊલટું એમ જ આપઘાત કરવા જતાં અસહ્ય વેદનાથી લેશ્યા બગડે, અસમાધિ થાય, તો દુર્ગતિ થાય. ત્યાં પેલા પાપોનાં શલ્યો અને કર્મો જાલિમ જુલ્મ વરસાવે ?

રાજકુમાર કનકરથ હરિષેણ રાજર્ષિના પગમાં પડીને કહે છે, 'મહારાજ ! આપ અગ્નિપ્રવેશથી આપઘાત કરવા ધારો છો પણ એથી ગતિ બગડી જાય. માટે કૃપા કરી રહેવા દો એ રીતે પ્રાણત્યાગ કરવાનું.

બીજી બાજુ તાપસકન્યા ઋષિદત્તા પણ હાથ જોડીને કહે છે, 'તાત ! આ તમારા જમાઈ જો કહે છે તો પછી તમે એમનું માની જાઓ, એટલી મારા પર દયા કરો.'

ઋષિ બંનેની લાગણી અને વિવેકના બોલ સાંભળી પ્રસન્નતા દેખાડે છે, તો

શું અગ્નિપ્રવેશનો વિચાર માંડી વાળ્યો ? ના, પોતાનો નિર્ધાર ભલે અડગ હોય ફેરવવાનો ન હોય, કિન્તુ સામાના એ ફેરવવા માટેના વિનય-વિવેક-યુક્તિભર્યા બોલની કદર તો કરવી જ જોઈએ. કદર આ, કે એમના એ વિનય-વિવેક પર પ્રસન્નતા દેખાડવી અને યુક્તિભર્યા બોલને ન્યાય આપવો કે 'તમારી દૃષ્ટિએ તમારી વાત બરાબર છે. એ ધ્યાનમાં લેવા યોગ્ય જ છે. માત્ર, તમે મારું દૃષ્ટિ બિંદુ જરાક સમજશો એટલે મારો વિચાર વજુદવાળો લાગશે.

હરિષેણ પ્રસન્નતાથી કન્યાને કહ્યું, 'વત્સે ! તારે આ શોક કરવા જેવો નથી. તારે તો અમારી હિત શિક્ષાના બોલ કયાંય વિસારવા નહિ એ જ ધ્યાનમાં લેવા જેવી વસ્તુ છે મારું જીવન તો બે વરસ વધુ ચાલ્યું કે આ જ સમાપ્ત થયું એથી તને બહુ વિશેષતા નથી; પણ તું શિક્ષાવચન બરાબર અમલમાં ઉતારે એથી તારે જીવનભર લાભ છે, તમારા જીવનમાં મહાન વિશેષતા થશે. હિતવચન આ છે કે :-

**शुश्रुषेथा गुरुन् शीलं पालयेथाः पतिव्रते ।**
**सपत्नीष्वपि मा कोपीः कोपयन्तीष्वेपि ध्रुवम् ॥**
**विधुःसंतप्यते क्वचिद् ग्रस्यमाणोऽपि राहुणा ।**
**मा भूः सुखे च दुःखे च वत्से ! धर्मपराङ्मुखी ।**
**धर्म एव हि जन्तूनां पिता माता सुतः प्रभुः ॥**

**કન્યાને બાપની હિતશિક્ષાઓ :-**

તાપસ હરિષેણ કન્યા ઋષિદત્તાને કહે છે,-

(૧) **સેવાઃ-** "વત્સ ! વડિલોની સેવા-શુશ્રુષા કરજે.

**વડિલોની જે સેવા કરે છે એ જગતમાં સેવા પામે છે.**

સેવા પામવા પુણ્ય જોઈએ છે, ને ગુરુજનોની સેવા કરવાથી પુણ્ય ઊભું થાય છે એ જો ભૂલાય તો સેવાને બદલે અવિનય-અક્કડતા-અભિમાન હરામહાડકાં વગેરે દોષોપોષાય છે; ને એથી તો પુણ્યને બદલે પાપકચરા જ વધે. વળી આપણા સેવાનું સક્રિય શિક્ષણ મળે છે; નહિતર આપણા અવિનય-સ્વાર્થીધતા વગેરે જોઈ એને એ જ શીખવાનું મળે. માટે સંતાનના ભલા ખાતર પણ ગુરુજનોની સેવા ચૂકીશ નહિ.

(૨) **શુશ્રુષા :-** " એમ, ગુરુજનોની શુશ્રુષા એટલે એમનું સાંભળવાની ઈચ્છા રાખજે; જેથી એ ઈચ્છા હશે તો એમના ટોણા ઠપકાના બોલ પણ હિતશિક્ષારૂપે સાંભળવાની રુચિ રહેશે; ને એ સાંભળતા કોપ નહિ થાય; ઊલટું

જીવનમાં હિતની શિક્ષા વધશે તેમજ ક્ષમા-સમતા કેળવવાની તક મળશે.

**હે બાળા ! આ જીવનમાં હિતનો ખ્યાલ વધારતા રહેવાનું છે, અને ક્ષમા સમતા-સૌમ્યતા ડગલે ને પગલે કેળવતા જવાનું છે.**

એથી જ જીવનની સફળતા છે; નહિતર જીવન તો અનાર્ય માણસ પણ અહિતનાં ખ્યાલો અને ક્રોધ-ધમાધમ વગેરે કરતો પણ જીવે છે; કિન્તુ એવાં મનુષ્ય જીવન સરાસર નિષ્ફળ છે. કૂતરાનું જીવન પામ્યા કરતાં માનવજીવન પામીને એનામાં કોઈ વિશેષતા નથી.

**(૩) શીલ :-** "હે પતિવ્રતા ! તું શીલ બરાબર પાળજે, જેથી મન ધરપતવાળુ બન્યું રહે. નહિતર કુશીલમાં તો મનનું ભૂખારવાપણું વધી જતાં એ રાક્ષસી બને છે. ભૂલીશ નહિ, આ જીવને ગમે તેટલા વિષયો મળ્યા પણ કદી તૃપ્તિ નથી થઈ.

**વિષયોના સંપર્કથી તો વાસનાની આગ વધતી જાય છે, શાંતિ તૃપ્તિ વધતી નથી.**

એ આગ વધતાં મન એમાં જ રક્ત રહેવાથી પછી પરમાત્મામાં ચોટતું નથી તેમજ પોતાના આત્માની ચિંતા પણ થતી નથી. કહી શકતું નથી. વિષયઘેલું મન એટલું બધું મુડદાલ બની જાય છે.

બાકી એ તો તું સમજે જ છે કે કુશીલના માર્ગે જતાં કુળને કેવું કલંક લાગે; તેમજ ગમે તેટલા પ્રેમાળ પતિને પણ તિરસ્કાર છૂટે ? અને કદાચ જીવનભર માટે કાઢી પણ મૂકે ? ત્યારે બાઈ માણસ માટે એવું હડધૂત થયેલ જીવન કેટલું નાલેશી ભર્યું અને કેવું દુઃખદ બને ? સ્ત્રી જાત માટે શીલ એ તો સાચો અલંકાર છે.

**(૪) સહવર્તી પર કોપ નહિ :-**

"હે ભાગ્યવતી ! બીજું એ પણ ધ્યાન રાખજે કે તું રાજરાણી થશે એટલે બીજી શોકય રાણીઓના પણ સંપર્ક મળશે એમાં એ કદાચ તારા પર ગુસ્સે થાય તો ય તું જરાય ગુસ્સે ન થઈશ.એમને તારી નાની સગી બેનો ગણજે; અને 'નાનડિયા ઊંચાનીચા થાય એમાં આપણે વડેરાએ શું ઊંચુનીચું થવું ? નાનાનું તો ગળી જ ખાવાનું હોય,' એવો ભાવ દિલમાં હંમેશા રાખજે. તો તને બધાનો સ્નેહ-સદભાવ-સહાનુભૂતિ મળશે. જોજે,

**જગતની વચમાં જીવન જીવવાનું છે; એ સાથેનાઓના સ્નેહ-સદ્ભાવ સહાનુભૂતિ વિના તો અકારું જીવન બની જાય;** ચિત્ત અસદ્ વિકલ્પો, અસમાધિ અને દુર્ધ્યાનથી ઘેરાયેલું રહે, તેથી આવા ઉચ્ચ જીવનમાં શુભકર્મો ઉપાર્જનની, સોનેરી તક ગુમાવી અશુભ કર્મોના પળે પળે થોક બાંધવાનું થાય. શી મઝા આવું જીવન જીવવામાં ? માટે શોકય રાણીઓ તરફથી સ્નેહ મળે કે ગુસ્સો, તું ક્યારે

ય ન અભિમાન કે ન ગુસ્સો કરીશ. શું ચંદ્રમાં રાહુથી આખો ને આખો ગળાઈ જાય છતાં કયારે ય તપી ઊઠે છે ? ના, એ તો શીતળ તે શીતળ જ રહે છે. આપણે એ આલંબન નજર સામે રાખી આપણી શીતલ સ્વભાવની વિશેષતા કયારે ય નહિ છોડવાની.

**(૫) ધર્મ ન ભૂલાય : ધર્મ એ જ સાચા માતાપિતા :-**

"વળી હે પ્રિય પુત્રી ! શું સુખમાં કે દુઃખમાં, કદી તું ધર્મપરાઙ્મુખ ન બનીશ, ધર્મ ન ભૂલીશ, જાણે છે ને કે આ સંસારમાં જીવને સાચા માતાપિતા-પુત્ર ને સ્વામી કોણ ? એક માત્ર ધર્મ. દુન્યવી માતાપિતા સાચા માબાપ નહિ કેમકે એમના સ્નેહ અને સંરક્ષણ કેવા અને ક્યાં સુધી મળે ? બહુમાં બહુ માત્ર આ જીવનના અંત સુધી જ ને ? તે ય એમનો સ્વાર્થ ભંગાતો હોય તો આ જીવનમાં પણ સ્નેહ મૂકી દે ને ? ત્યારે આપણે રોગ-અકસ્માત્-અંગભંગથી ઘેરાયા હોઈએ તો સંરક્ષણમાં શું એ આપણી અંદરની વેદના ટાળી શકે ? ના, કશું નહિ.

**ધર્મ કેમ સંરક્ષક ?:-**

એ તો એક ધર્મ જ આપણી પાસે હોય તો એ આપણને એવું બળ આપે, એવી તત્ત્વ સમજ આપે કે જેના આધારે અંતરની હાયવોય અટકે; રોગ-આપત્તિ-અકસ્માત કશું દુઃખરૂપ જ ન લાગે. પછી એની વેદનામાં દુઃખ શું માનવું ?

**ધર્મની રૂએ રોગાદિ પ્રસંગને કઠિન કર્મોના કટરો સાફ થઈ જવાના પ્રસંગ માન્યા હોય, એટલે જાણે 'દિવાળી આવી' ની કલ્પના અને હરખ હોય**

**ધર્મ જીવને આ કલ્પના અને હરખ આપે, એ જ જીવનું મહાન સંરક્ષણ કર્યું.**

ધર્મ અહીં પણ જીવને નિશ્ચિન્ત-નિર્ભીક અને સમસ્ત બનવાનું કરી આપે એને મન પીડા એ પીડા જ ન લાગે. અનંત લાભદાયી નવકાર અને પરમેષ્ઠી મળ્યાથી બીજી કશી વાતની ખોટ જ ન લાગે; તેમ ધર્મ પરલોકે જીવને મહાન સદ્ગતિ અને શુભોદય સર્જી આપે.

ધર્મનો આ કેવો સંરક્ષણ ગુણ ! કેવો સ્નેહ ! બચ્ચું બધેથી હારીને મા પાસે જાય ત્યારે માતા તરફથી એને એકલી ભારે હુંફ-આશ્વાસન-હિંમત મળે છે; એમ જીવ બધેથી હારીને ધર્મ પાસે જાય ત્યારે ધર્મ તરફથી જીવને જ્ઞાનીનાં વચનનાં, તત્ત્વ સમજનાં અને મહાપુરુષોનાં આલંબનનાં બળ ઉપર ભારે હુંફ-હિંમત-આશ્વાસન મળે છે.

**હારેલા અજિતસેનને ધર્મે શી હિંમત આપી ?:-**

શ્રીપાલના હાથે કાકા અજિતસેન હાર્યા, ભારે નાલેશી થઈ ત્યારે કાકાએ ધર્મનું શરણું લીધું ધર્મે બતાવ્યું એમને, " અરે પામર ! તું આ હારને શું ગણે ?

આ નાલેશી શી વીસાતમાં છે તું (૧) જે તારા આંતરશત્રુ રાગ-તૃષ્ણા-અંહત્વ આદિથી અને (૨)કર્મથી હારેલા છે, તેમ (૩) એથી નરક-નિગોદ સુધીના ત્રાસ અને દીર્ઘાતિ દીર્ઘ કેદમાં નખાઈ જે નાલેશી વેઠતો આવ્યો છે, એજ ખરેખરી ભયંકર હારને નાલેશી છે. માટે મન પર લેવી ફરીથી એ ન વેઠવી પડે એવો પુરૂષાર્થ કર જે અહીં જ તારે હાથવેંતમાં છે બાકી શ્રીપાલ તરફથી મળેલી આ હાર-નાલેશીને શું રુએ ?"

ધર્મ તરફથી મળેલ આ વિવેક ઉપર અજિતસેનને ભારે હુંફ-હિંમત આવી ગઈ; અને આંતરશત્રુઓનો ખોડો કાઢી નાખનારા જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપના પુરુષાર્થને હાથ કરી લીધો; યુદ્ધભૂમિ પર જ મનોમન સંસારત્યાગ કરી ઉપશમભાવમાં ચડીને ચારિત્ર મુનિપણું સ્વીકારી લીધું, અને ત્યાં જ કાઉસ્સગ્ગ-ધ્યાનમાં ઊભા રહી ગયા. બોલો, રહ્યું કોઈ હવે દુઃખ ? બહારની લાગે કોઈ પીડા ? દુન્યવી માતા-પિતા આ શું કરી આપી શકે ? એ તો ધર્મની જ તાકાત માટે ધર્મ એજ સાચા માતા પિતા છે.

**ધર્મ એજ સાચો પુત્ર :-**

હરિષેણ કન્યા ઋષિદત્તાને કહે છે, "હે પુણ્યવંતી ! ધર્મ એ જ સાચો પુત્ર છે. પુત્ર શું કરે છે, માતા-પિતાના મનને આનંદ ઉત્પન્ન કરે છે, એમની સેવા કરે છે, અને વૃદ્ધ જર્જરિત થઈ ગયેલા એમનું પાલન-પોષણ બજાવે છે. એમ ધર્મ જીવના મનને મહાઆનંદ ઉત્પન્ન કરે છે. જીવની ભારે સેવા બજાવે છે, અને રાગાદિથી તથા કર્મની જર્જરિત થઈ ગયેલા જીવનું ભારે પાલન-પોષણ કરે છે."

મહાવીર પ્રભુના જીવ નયસારને સમ્યકત્વ ધર્મ મળતાં અપૂર્વ આનંદ થયો, તે જીવ્યો ત્યાં સુધી કાયમ રહ્યો ત્યારે,

**ધર્મે સેવા એ બજાવી કે (૧) ધર્મ પામ્યા પહેલાં કષાયોથી મન ભારે રહેતું હતું. હવે કષાયો પર અંકુશ કરી આપીને મનને ફોરું બનાવી દીધું; ને (૨) સાધના આપી કર્મ સામે પાલન-પોષણ કર્યું.**

સેવા શું કરે છે ? સહારો કરીને મનને ફોરું કરી આપે એ જ ને ? ધર્મ આ કરી આપે છે. ત્યારે રાગાદિથી ને કર્મથી જર્જરિત બનેલા જીવનું ધર્મ વૈરાગ્ય-ઉપશમ-ઉદાસીનભાવ તથા સંવર-નિર્જરાની સાધના આપી જે પાલન-પોષણ કરે છે, જીવને નવયુવાનીની બળ સ્ફુર્તિ આપે છે, એ અલૌકિક છે. આ બધું દુન્યવી પુત્ર કશું કરી શકે નહિ; એ તો ધર્મ જ કરે. માટે ધર્મ એ જ સાચો પુત્ર છે.

**ધર્મ એજ સાચો પ્રભુ છે. :-**

ઋષિ કન્યાને કહે, 'હે ભોળી ! ભૂલી ન પડીશ ધર્મ એ જ સાચો પ્રભુ

છે, સ્વામી છે. સ્વામી સેવકની બધી વાતે જતના કરી સેવકને ઊંચે ચડાવે છે. તો આ કામ ધર્મ જ ખરેખરું બજાવે છે. મહા આપત્તિઓમાં ધર્મ રક્ષણ આપે છે રસ્તે જતાં વાહનના સપાટામાંશી દુન્યવી માલિક શેઠ શું બચાવે ? એ તો ધર્મ જ બચાવી લે;- પૂર્વ જીવનમાં ધર્મ સાધ્યો હોય એ અહીં અકસ્માતની આડે આવી બચાવી લે છે.

**મુબંઈનો એક પ્રસંગ :-**

માણસની સાવચેતી કેટલું કામ આપે ? મુંબઈમાં એક ભાઈને ત્યાં મહેમાન આવ્યા. રાતના એમને સુવા માટે સારી જગા આપવી એટલા સારુ અંદરના ઓરડામાં સુવાડ્યા; અને પોતે સકુટુંબ એની બહારના ભાગમાં સુતા; પણ પોતાનો નાનો છોકરો કહે 'મારે કાકા (મહેમાન)સાથે સુવું છે' એમ કરીએ પણ અંદર સૂતો. મકાન જર્જરિત, તે રાતના વરસાદની હેલી કે એવા કોક કારણે અંદરના ઓરડાના ઉપરની છત જ બેસી ગઈ મહેમાન અને ઘરધણીનો છોકરો એ દટાઈ મર્યો !

બોલો 'ઘરધણીનું જતન કોણે કર્યું ? મહેમાનને મોત અહીં કેમ બોલાવી લાવ્યું ?' કહેવું જ પડશે કે ઘરધણીને પૂર્વ ભવનો ધર્મ માથે માલિક હતો, એણે એમને બચાવી લીધા; ને મહેમાનને પૂર્વનો ધર્મ ખૂટયો, તેથી જતન ન થયું. અરે ! પેલા બાળકને પણ ધર્મનો સહારો નહોતો, તો પોતાના માબાપ પણ એને બચાવી શક્યા નહિ ? કોણ પાલક ? ધર્મ ? કે માતાપિતાદિ દુન્યવી સ્વામી ? સાચા સ્વામી કોણ ?

**હરિષેણ કેમ આપઘાત કરે છે ?:-**

હરિષેણ પોતાની કન્યા ઋષિદત્તાને કહે છે, 'ધર્મ એજ સાચો સંરક્ષક સ્વામી છે. માટે તું કયારે ય ધર્મથી પરાઙ્મુખ ન થઈશ. હું તો હવે વૃદ્ધ થઈ ગયો છું; વળી શરીરે તીવ્ર વેદના પણ છે; તેથી હું તો શીઘ્ર મૃત્યુને સાધીશ; અને અગ્નિ વિના એ નહિ સધાય; માટે હવે હું અગ્નિ-પ્રવેશ કરીશ. તમો બંને હવે સમજી જશો અને જરાય અંતરાય નહિ કરતા. તીવ્ર વેદનામાં દીર્ઘ કાળનાં ત્રાસથી કંટાળીને હું તીવ્ર પણ અગ્નિદાહની ટુંકી પીડા સમજ પૂર્વક જ વધાવી લઉં છું, તેથી અસમાધિ ન થાય એ માટે જાગ્રત જ છું, જેથી પરલોક ન બગડે. નમસ્કાર મંત્રના ધ્યાનમાં જઈશ !

બસ, હવે ઋષિદત્તા અને એના પતિને બોલવા જગા ન રહી. ઋષિ હરિષેણે પંચપરમેષ્ઠિ મંત્રમાં ચિત્ત લગાવી બળતી ચિતામાં પ્રવેશ કર્યો ભડભડતી આગમાં સળગી જતાં વાર કેટલી ? આ બાજુ ઋષિદત્તા તો પિતાના આ અગ્નિ-પ્રવેશને જોઈ ભારે આઘાત પામી ગઈ એકલા પિતા સાથે જંગલમાં રહેતી, તે એને

પિતાની માયા જબરદસ્ત બંધાઈ ગઈ હોય એ સહજ છે. જનમતાં માતા મરી ગયેલી, તેથી પિતાનું વાત્સલ્ય વધી ગયું હોય, એવા એકલા પિતાના જ વાત્સલ્યને પામેલી એટલે હવે એ પિતાના આ અગ્નિ પ્રવેશ પર અપાર દુઃખ પામે એમાં નવાઈ નથી.

સંસારની આ વિચિત્રતા જોવા જેવી છે. કેટલાય બહુ સારા અને પ્રેમાળ માતાપિતા પર ભારે પ્રેમ રાખનારી  દીકરીઓ ઉંમરમાં આવતા નવા જ પ્રેમને પરવશ પડી લગ્ન કરીને એ માતાપિતાને હોંશે છોડીને ચાલી જાય છે. 'હોંશે છોડીને કહું છું, વિરોધ કરો ને.

**પહેલી વાર સાસરે જતાં ઢોંગધતૂરો :-**

કલકત્તા વિહારમાં માર્ગમાં એક ગામના નાકે જોવા મળ્યું કે એક યુવાન બાઈને ગાડીમાં બીજી બાળાઓ પરાણે પકડીને બેસાડતી હતી. ત્યાં પેલી બાઈ હાથ ઊંચા કરી જાણે કૂટવા મથતી હતી અને પોકારતી રોતી હતી, 'હાય માડી ! તને છોડી ક્યાં જાઉં ? બસ, મને છોડો, છોડો, મારે નથી જવું, નથી જવું,...ઓ મારે !

મને થયું 'કેમ આ બિચારીને રોતી કકળતી લઈ જતા હશે ?

ત્યાં બીજાએ કહ્યું કે,'આ તો બાઈનો રોવાનો દેખાવ માત્ર છે. એને લગ્ન પછી હવે સાસરે લઈ જાય છે, એટલે એને આ દેખાવ કરવો પડે, ગામડામાં આ દેખાવ ન કરે તો બીજી બાઈઓમાં ભૂંડી દેખાય; કેમકે દરેક કન્યા પહેલવહેલી સાસરે જતાં આ રોવા-કકળવાનો ઢોંગધતૂરો કરતી જ હોય છે. એ ન કરે ને એમ જ ચાલી નીકળે તો લોક ટીકા કરે કે,'જોયું ? ધણી મળ્યો એટલે હજી તો હમણાં પહેલી જ વાર મળે છે, છતાં એમાં કેવી મોહિત થઈ ગઈ કે વરસોના પ્રેમી મા-બાપના પ્રેમને આ ઘેલી ભૂલી જાય છે તે ચાલી હોંશે હોંશે વહાલસોયા માબાપને છોડીને !' આ ટીકા ન થાય માટે નહિ જવાનો ઢોંગધતુરો કરાય છે.

**વાસના ભૂંડી :-**

ભલા ! માબાપના વર્ષોના અત્યંત વહાલ પડતા મૂકી નવા જ પરિચય કરવાના પતિ પર આ પ્રેમ શા ? પણ સંસાર જ એવો કંઢગો છે કે ઉપકારી પિતા કરતાં જેની સેવા ને ગુલામી કરવી પડે એવા પતિ ઉપર અથાગ પ્રેમ ઊભો કરી દે !  એ કંઢગાપણું સંસારમાંની કામવાસનાનો લઈને છે. વાસનાવશ બનેલી હવે પતિને સર્વેસર્વા માને છે પિતા કરતાં કેઈગુણે પ્રેમ પતિ ઉપર ધરાવતી બની જાય છે. વાસના જ ભૂંડી છે, તે ઉપકારીને પડતા મૂકાવી નવાની જ સેવામાં લગાવે. વાસના ન હોય તો પરણવાનું કામ જ શું ?

**પ્ર.**- પણ એ તો સ્ત્રીને ને ? પુરુષ રામ જેવાને વાસના ક્યાં એવી ભુલાવે

છે કે એ પિતા કરતાં પત્ની પર વધુ પ્રેમ ધરાવે ? એ તો પિતા પરના પ્રેમથી એમનાં વચન ખાતર પત્નીને છોડીને જવા તૈયાર થયા ને ?

ઉ.- એવા પુત્ર જગતમાં કેટલા ? કોઈક જ ને ? બાકી આજે જુઓ શું દેખાય છે ? માબાપ તરફ ભારે દિલ અને પત્ની તરફ ફોરું દિલ ઊભું કરાવે છે ને ? આજના પુત્રોને માબાપમાં હવે કાંક ભૂલ અને પત્નીમાં શાણપણ દેખાતું હોય એવું જોવા બહુ મળે ને ? કારણ ? વાસના મારે છે.

અરે ! ડાહ્યા પણ દીકરામાં કદાચ માબાપ તરફ એટલો જ પ્રેમ ઊભો હોય છતાં એ તપાસો કે એ હૃદય ક્યાં વધુ સોંપે છે ? જેવું પત્નીને હૈયું સોંપે એવું માતાને કે પિતાને સોંપતો હોય એવું દેખાય ? કે હૈયું તો પત્નીને જ આપતો દેખાય ? પરણ્યો નહોતો કે ત્યાં સુધી ધંધામાં જામ્યો નહોતો ત્યાંસુધી હજી પિતાને હૈયું સોંપતો હોય, પણ પરણ્યા પછી ? અને ધંધામાં જામી ગયા પછી ? દેખાય છે કે પત્નીને દિલ, એવું માતાપિતાને નહિ.

વાસના ભૂંડી છે. ત્યારે આ વિચારવા જેવું છે કે જો કામવાસના આવી ઉપકારી માતાપિતા પરના અથાગ પ્રેમમાં ઉથલપાથલ કરતી હોય, તો વાસનાવાળો સંસાર પણ ભૂંડો જ ને ? સંસાર અસાર, નહિ રહેવા જેવો કેમ ? આટલા જ માટે કે એમાં વિષયવાસના આવી ઉથલપાથલ કરાવે છે માટે. પૂછતા નહિ,

**સંસારની અસારતા જાણ્યાનો શો ઉપયોગ ?:-**

**પ્ર.**- સંસારની અસારતા જાણીને શું કરવાનું ? આજને આજ એ થોડો જ મૂકાઈ જવાનો હતો ?

ઉ.- ભલે, પણ સંસારને એવો અસાર નગુણો જાણી સમજી રાખ્યો હોય તો એવા સંસારની ખાતર કારમા પાપ ન થાય; એવા આંધળા રાગ ચાલુ ન રખાય,....તેમ સંસારના વિલાસો અને પ્રમાદ ખાતર આત્માનું હિત અને ધર્મસાધનાઓ ન ગુમાવાય.

બોલો, સવારે ઊઠીને અને રાત પડયે પડિક્કમણું કોણ ચૂકાવે છે ? સંસારના ઘરનો પ્રમાદ જ ને ? અર્થકામની લાલસા ને ? અર્થ, કામ, કાયા,...બધા જ સંસારના. જો સંસારને ધડમૂળથી નગુણો હોવાનું ઓળખી લીધું હોય, તો શું મનને એમ ન થાય કે

**'અરે ! શ્રાવિકાની કુક્ષીએ અવતાર પામવા છતાં, હું આ નગુણા સંસારના અર્થ, કામ અને કાયાની આ ગુલામી વહોરું ? ને ધર્મ ભૂલું ?**

મારા આત્માને જ ભૂલું ? તો પછી હું આસ્તિક શાનો ? નાસ્તિક પણ આવું જીવન તો જીવે છે. સવારે જાગ્યા ત્યારથી 'ખાંઉ,' તો નાસ્તિક પણ કરે છે.

હું ય આત્માને બદલે કાયા-ઈંદ્રિયોનું જ સંભાળું, ખરચા, પણ પ્રભુ-ભક્તિમાં ને ધર્મક્ષેત્રમાં એનો ચોથો શું, દશમો ભાગ પણ ખરચવા નહિ ! રાત્રિભોજન, અભક્ષ્યભક્ષણ, ધંધા આદિમાં જૂઠડફાણ ને કાળાધોળાં, ગુસ્સો, તુંડમિજાજ ...વગેરે જેવું નાસ્તિકમાં, એવું આસ્તિકતા હોય તો આટલો વિચાર પણ આવે. તેથી

**સંસારની અસારતા જાણવા પર પાપમાં આંધળિયા ન કરાય.**

· હરપળે ધ્યાન રહે કે 'સંસાર ઠગારો છે, ઠગની જેમ જીવની સંપત્તિમાત્ર ગૂમ કરી જીવને મહા વિટંબણામાં ઉતારે છે, જીવની મહા દુર્દશા કરે છે. માટે ક્યારે એથી છૂટું ? ને ન છૂટાય ત્યાં સુધી પાપમાં રાચુંમાચું નહિ .'

પેલી ઋષિદત્તાને વનવગડામાં એકલા પિતાનો જ સંપર્ક મળેલો, પિતા પર અથાગ પ્રેમ હતો, તે હવે પિતા એકાએક અગ્નિ પ્રવેશ કરી દે છે એ જોઈએને ભારે આઘાત લાગ્યો. એ ભોંય પર પડી; આળોટતી કલ્પાંત કરી રહી છે,- 'હે તાત ! તાત ! હે સંતાન પર અનહદ વાત્સલ્યમાં તત્પર ! હવે તો હાય ! મુળ વિનાની વેલડીની જેમ તમારા વિના હું શોકપાત્ર બની ગઈ, દુખિયારી થઈ ગઈ ! હે પિતાજી ! મેં તો માતાજીને જોયેલા જ નહિ, તેથી તમે જ મારા માતા પણ હતા. મારે તો માતા ગણું પિતા ગણું, ભાઈ ગણું, કે બેન ગણું, બધું તમે જ હતા; તે મારે એકના એક જ સગા તમે; તમારો અસ્ત થઈ ગયે શું મારે આપનો પણ વિયોગ થઈ જાય ? હે તાત ! ઓ મારા અનન્ય ઉપકારી તાત ! તમે આમ એકાએક ચાલ્યા ગયા ?...'

ઋષિદત્તાના કરુણ કલ્પાંત પર એના પતિ કનકરથને લાગે તો છે જ કે આ બાળા એકલા પિતા સાથે આ વનવગડામાં ઊછરેલી, એમની પાસેથી શિક્ષણ સંસ્કરણ પામેલી, એને આવા ઉપકારીનો આમ એકાએક વિયોગ થઈ જાય એ અસહ્ય બને, એ સ્વાભાવિક છે. પરંતુ હવે કલ્પાંતથી શું વળે ? તેથી મારે એને આશ્વાસન આપવું જોઈએ; એટલે એ એને કહે છે,-

**કુમારની તત્ત્વવાણી :-**

'ધીરી પડ, ધીરી પડ, હે પ્રિયા ! આટલો બધો કલ્પાંત કરવો હવે રહેવા દે. તું જાણે છે કે આ તારો દેવ જેવા પિતાએ પોતાના ઘસાઈ ગયેલા શરીરમાં અત્યન્ત વેદના હોવાથી એનાથી છુટવા પરલોકયાત્રાનો માર્ગ લીધો છે આપણે આપણો સ્વાર્થ જોઈએ છીએ કે 'આવા પિતા કેમ અમને રખડતા કરીને ચાલ્યા ગયા ?' પરંતુ એમના દુઃખને શું આપણે જોવાનું નહિ ? અને

'હે સુશીલા ! આ તારા પિતાએ તો મોટાં રાજ્યસુખ પણ ભોગવ્યા અને મહાન તાપસવ્રત પાળ્યું; એમ સાંસરિક જીવો અને યોગીજનો બંનેની દૃષ્ટિએ જીવન કૃતાર્થ

કર્યું, હવે તે, સમય થયે ચાલતી પકડે, એના પર શું શોક કરવા જેવો છે ? સૂર્ય ઉદય પામી આખો દિવસ પ્રકાશમાન રહી જગતને પણ આનંદ આપી, પછી સાંજે સમય થયે અસ્ત પામે એના પર કોણ શોક કરે છે કે બિચારો સૂર્ય અસ્ત પામ્યો, બહુ દુઃખમાં પડયો !' આવો ખેદ સુજ્ઞ માણસ ન કરે; કેમકે જાણે છે કે સુર્ય આ પૃથ્વી પર સફળ ઉજ્જવળ કારકીર્દીથી કૃતાર્થ થઈને ગયો છે. એના પર ખેદ શાનો કરાય ?

"બાકી હે સૌભાગ્યવતી ! સમય થયે જવાનું કોને નથી ? આ જગતના સનાતન કાળથી ચાલી આવત ક્રમ મુજબ નિયમ મુજબ વસ્તુમાત્ર પોતપોતાનો સમય બજાવી રૂપાન્તર પામી જાય છે. ત્યાં રૂપાન્તરને બદલે સ્થિરતા જ રહેવાનો આગ્રહ રાખવો એ મૂઢતા છે. 'જગત ' શબ્દનો અર્થ જ એ છે કે 'જે વાંરવાર ગમન કરે, વાંરવાર નવી નવી અવસ્થામાં ગયા કરે...' એમાં પછી એકજ અવસ્થા કાયમી રહેવાનો આગ્રહ ન રખાય. માટે આવા જીવન કૃતાર્થ કરી ગયેલા ધન્ય પિતા પાછળ શોક ન કરતાં એમના સુકૃતોની અનુમોદના કર."

**કુમારના ઉપદેશનો સાર :-**

રાજકુમાર કનકરથે ટુંકમાં મહાન તત્ત્વજ્ઞાન દઈ દીધું

(૧) દુઃખથી ત્રાસેલો માણસ દુઃખ નિવૃતિનો માર્ગ લે એમાં આપણા સ્વાર્થ ભંગને ન રોવાય.

(૨) જીવન સમૃદ્ધિસંપન્ન, ને સુકૃત-સંપન્ન જીવી ગયેલાની વિદાય પર દુઃખ ન કરતાં એમના ગુણો અને સુકૃતોની અનુમોદના જ કરાય.

(૩) 'જગત સ્થિર નહિ પણ પરિવર્તનશીલ છે,' એ પ્રતિક્ષણ નજર સામે રાખી, સમય આવ્યે ચાલી જતી જગતની વસ્તુ પર ખેદ ન કરાય. 'જગત' શબ્દ પ્રમાણે વસ્તુ જંગમન-પુનઃપુનઃ પરિવર્તન સ્વભાવ બજાવે એમાં ખેદ કરવો એ મૂઢતા છે.

**શ્રી શાંતસુધારસ શાસ્ત્રમાં** શાસ્ત્રકાર પહેલી અનિત્યતાની ભાવનાંમાં આ જ કહે છે,- હે મૂઢ ! વૈભવ અને પરિવારને કાયમી માનવાનો મોહ શું કરે ? ઘાસ પરના બિંદુની જેમ એ નાશવંત છે. ઈંદ્રિયોના વિષયો પણ એવા, અને યૌવન પણ એવું. વિષયસુખ વિજળીના ઝબુકા જેવું. જુવાની દિવાની. અરે ! શરીર પણ ગમે તેટલું તગડું હોય અને ગમે તેટલા માલમેવાથી પુષ્ટ કરાયે ગયું હોય, છતાં એ ય સમય જતાં ત્રિભુવન-વિજેત્રી જરા અવસ્થાને પામી જાય છે ? આ કેવી શરીરને પામર દશા ! છતાં જીવોનું મન ઊલટી બુદ્ધિ રાખીને કામવિકારને છોડતું નથી ! આ કેવી એની નિર્લજ્જતા ?

નફ્ફટ મનને ભાન નથી કે, 'ઘસારાને પામી પામી નિશ્ચિત વિનાશને

વરેલા આ શરીરે ગમે તેટલા વિકાર અને વાસનાઓમાં તું રોળાય, પણ એ કેટલા કાળ માટે ? એમાં પરિણામે કયો જશ મળવાનો ? તત્કાળે ય વિહ્વળતા જ રહ્યે કઈ શાન્તિ મળે ?

**વિકાર-વાસનાની કાબેદારીમાં અપજશ અને દુઃખી અને પાપી ભવોની પરંપરા સર્જાય.**

શરીર ઘસાતું અને નાશંવત એટલે વિકાર-વાસનાના બધા ઉધમાત અંતે શૂન્યમાં પરિણમવાના; નક્કર નફા તરીકે કશું હાથમાં નહિ વધારામાં આત્માને બિચારીને કુટિલ પાપો અને જાલિમ કુસંસ્કારોની લોંખડી બેડીએ જકડવાનું; જે એને ભંયકર દુઃખોમાં રીબાવશે, અને પાપિષ્ઠ જીવનોની હારમાળા આપશે. અહીંની ઘસાતી સ્થિતિ, વિહ્વળતા અને પરલોકની ત્રાસ ભરી તથા પાપમય જિંદગીઓ સામે ન જોતાં ક્ષણિક સુખાભાસ દેખાડનારા વિષયવિકારોમાં ડૂબનારું મન કેટલું નિર્લજ્જ, નફ્ફટ અને નઘરોળ ગણાય? શાસ્ત્ર કહે છે,-

**"सुखमनुत्तरसुरावधि यदतिमेदुरम् "**

**અનુત્તરસુરનાં સુખ :-**

અહીંના તુચ્છ વિષય-સુખમાં લંપટ બનેલા મનને ભાન નથી કે, 'આ તો શું સુખ છે ? સુખ તો મોટા અનુત્તર વિમાનવાસી દેવતાઓને અહીંના કરતા અનંત ગુણું મળેલું છે. કેમકે એમને એ મળેલા ઉત્કૃષ્ટ સુખમાં, ઈંદ્રિયો અને મનની ઉત્કૃષ્ટ શાતામાં, અત્યન્ત ઉચ્ચ પ્રશમસુખ છે; તેથી એમાં રાગાદિનો લેશમાત્ર વિકાર નથી એવા એ અનુત્તરવાસી વીતરાગ જેવા દેવ છે. અહીંવાળા ને રાગાદિના અંનતકક્ષાના અને અનંત વિષયપ્રમાણના વિકારોની સતામણી. એ અનુત્તરવાસી દેવને નહિ, તેથી સુખ અનંતગણું અને વળી એ અહીંના કરતાં અસંખ્ય ગુણા કાળ માટેનાં સુખ !

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"  વર્ષ-૨૧,અંક-૧૫,તા.૨૩-૧૨-૧૯૭૨**

**અનુત્તરનો સુખ-કાળ કેટલો ?** ૩૩ સાગરોપમ વર્ષ એટલે ? ૩૩૦ કોડાકોડી પલ્યોપમ વર્ષ. એક પલ્યોપમ વર્ષનું માપ જાણો ? ચાર ગાઉનો લાંબો-પહોળો-ઊંડો કૂવો યુગલિયાના અતિ બારિક વાળના અસંખ્ય-અસંખ્ય ટૂકડે ઠસ પેક ભર્યો હોય અને એમાંથી ૧૦૦-૧૦૦ વરસે એકેક ટૂકડો કાઢવામાં આવે દા.ત. ૧૯૦૦ની સાલમાં એક ટૂકડો કાઢ્યો હોય, પછી ૨૦૦૦ની સાલમાં બીજો ટૂકડો કાંઢે, પછી ૨૧૦૦ની સાલમાં ત્રીજો કાઢે,...એમ કરતાં કરતાં જ્યારે આખો કૂવો તદ્દન ખાલી

થાય, એમાં જેટલા વર્ષ લાગે એટલા વરસનો એક 'પલ્યોપમ'કાળ થાય. એવા પલ્યોપમ હજાર બે હજાર નહિ, લાખ બે લાખ નહિ, પરંતુ સો લાખ ! યાને એક કરોડ પસાર થાય, એ કોટિ પલ્યોપમ ગણાય એવા કોટિ પલ્યોપમ વર્ષ પણ ૧-૨ વાર નહિ, ૧૦૦-૨૦૦ વાર નહિ, ૧૦૦૦-૨૦૦૦ વાર નહિ, લાખ બે લાખ નહિ, પણ એક ક્રોડ વાર પસાર થાય ત્યારે એક કોટિ કોટિ પલ્યોપમ વર્ષ થાય. એવા કોટિકોટિ પલ્યોપમ પણ ૩૩૦ વાર પસાર થાય, એ ૩૩૦ કોટિ કોટિ પલ્યોપમ યાને ૩૩ સાગરોપમ વરસ કહેવાય.

**અનુત્તરનાં સુખ જોતાં આપણાં સુખમાં શી નિરાંત ? શો મદ ?:-**

અનુત્તર વિમાનવાસી દેવતાના આયુષ્યનો આ કેટલો મોટો જંગી કાળ ? એટલા મોટા જંગી કાળનું પણ અનુપમ અથાગ સુખ, તે પણ છેવટે અંત પામનારું ! એની આગળ આપણા બિંદુ જેવા ક્ષુદ્ર સુખનો કાળ શી વિસાતમાં ? કેવું અનિત્ય ? શું એના પર નિંરાત કરી બેસવાનું ? એને બહુ મોટું કાયમી અને ભરપુર સુખ માની અભિમાન કરવાનું ? એ નિંરાત એને અભિમાનમાં તણાયા ઊંચા માનવજીવને અનુત્તરવાસી દેવને પ્રાપ્ત નહિ એવી મોંઘેરી ત્યાગધર્મની તક ચૂકવાની ?'

શાસ્ત્રકાર મહર્ષિ કહે છે,- 'સંસારના ભાવોની અનિત્યતા તો જુઓ. ઊચા દેવતાઈ સુખ પણ અને દિવ્ય કાળ પણ અંત પામનારા ! તે એકલું સુખને આયુષ્ય જ અનિત્ય છે ? ના; શાસ્ત્ર કહે છે,-

**'यैः समं क्रीडिता, ये च भृशमीडिता...'**

જેની સાથે બાળરમત મોહરમત અને કામરમતો ખેલી, તેમજ જે પૈસા વગેરે ખટાવનાર શેઠ આદિના વાંરવાર ગુણ ગાયા અને માથે ધરી ફાલ્યા ફૂલ્યા, તથા જે સ્નેહી-સંબંધી સાથે પ્રેમની વાતો કરી એમને કાયમી સ્નેહી માનીને નિંરાતવાળી, એ બધા પણ એક દિવસ ઊઠીને ચાલતા થઈ ગયા; અરે ! સગી આંખે એમની કાયાની ભસ્મ થતી જોઈ; તો ય શું પોતાની જાતનો વિચાર આવ્યો કે હું પણ એકાએક ચાલ્યો જઈશ ? મારી કાયાની પણ ખાખ થશે ? ના, એ

**બીજાની અંતે ખાખ પર જાતનો વિચાર આવે તો તો આ લોક સુધારવાના નહિ, પણ પરલોક સુધારવાના માર્ગે લગાય.**

**જીવ કેવો કંગાળ ?:-**

પરંતુ ના, એ સગા, એ શેઠ, એ સ્નેહી-સંબંધીઓ સાથેના પ્રેમાલાપ પ્રેમ-ચેષ્ટાઓ તથા પ્રેમ-ચિંતનમાં નિરાંતે જીવન વેડફી નખાય છે, જાતના અનિત્ય આયુષ્યની કશી ફિકર-ચિંતા નથી, નથી પરલોકહિતકારી ધર્મની સાધના કરી લેવાની તમન્ના. આ તે કેવી નિઃશંક દશા ? ધિક્કાર છે આપણા પ્રમાદને આપણી મૂઢતા

અને બિનજાગૃતિને ! ધિક્કાર છે આપણી સરાસર આત્મવિસ્મૃતિને અને વૈભવ-વિષયોની ઘેલછાને ! જીવની આ ભારે કંગાલિયતતા છે. જો જો, ભૂલશો નહિ કે,

**આવી જગતના સંયોગોની અનિત્યતાને નિહાળવાની અને યોગ્ય રાહે ચાલવાની મોંઘેરી તકે આ માનવબુદ્ધિ ને માનવશક્તિને વરેલી છે.**

નરકના ઘોર ત્રાસમાં શું કે તિર્યંચની જડતામાં શું, યા દેવના અતિશય રંગરાગમાં શું, કયાંય આ નિહાળવાનું કયાં રેઢું પડયું છે ? પછી અનિત્યનાં આકર્ષણ છોડી અવિનાશી પોતાના આત્માના કલ્યાણની સાધના કરવાનો વિવેક તો ક્યાં ય રહ્યો ? અહીં સારા માનવભવે આ વિવેક કરવાનો અને વિવેકના માર્ગે ચાલવાનો અનુપમ અવસર મળ્યો છે, એને કેમ જતો કરાય ? પણ અનિત્યતા નિહાળ્યા કરવાનું અને વિવેક કરવાનું ય મોઘું છે, કેમ ?

**કેમ જાણે જીવન એટલે ઈંદ્રિયોને ગમતું સારૂં સારૂં ઝડપી લાવવાનું અને સારૂં સારૂં ચાટતા રહેવાનું જ જીવન !**

બુદ્ધિ વાપરવાની હોય તો એમાં જ આ ઢોરનું જીવન ? કે માણસનું ? અનાર્યનું જીવન ? કે આર્યનું ? ચારે કોર અનિત્યાનું સામ્રાજ્ય ફેલાયેલું જોવું નહિ એના પર એ અનિત્યના મોહ છોડવા જેવા એવો વિવેક કરવાની વાત નહિ, એટલે કચરાપટ્ટી અને છોડવા લાયકને વળગી રહેવાનો કોઈ ખેદ નહિ; આ કેટલી ધિઠ્ઠાઈ ? કેવી મૂઢતા ? ઉચ્ચ બુદ્ધિશક્તિનો કેટલો બધો દુરુપયોગ ? શાની પાછળ ? અનિત્ય વિષયો ઝડપતા ને ચાટતા રહેવા પાછળ જ ને ?

ત્યારે શું આવા આયા-ગયા વિષયો તમારી ખુશી મુજબ અહીં પણ ટકી રહે છે ? ઈચ્છા મુજબ સુખ આપ્યા કરે છે ? ઘેલછા છે ઘેલછા. એ વિષયોમાં ન ધાર્યા પરિવર્તન આવે છે. ઈચ્છા વિરૂદ્ધ એનાં સુખ-શાંતિ લોપાઈ જાય છે. જુઓ પેલા કનકરથ-ૠષિદત્તાની હવે દશા મનમાન્યુ થયું બંનેનુ, પણ એ કેવું ઊડે છે ? કેવી ભયંકર વિમાસણ ઊભી થાય છે ? એ જુઓ જોઈને ગોઝારી વિષયાસક્તિ દૂર ફગાવી ધર્મ પ્રેમ ઝળહળાવો તો સારી વાત.

**ૠષિદત્તાનું શું ?**

કનકરથ રાજકુમાર નવી પત્ની ૠષિદત્તાને લઈને રસાલા સાથે પાછો વળ્યો. પિતાનો આગ્રહ હતો કે એક સારી રાજકન્યાને પરણી આવો. તે આ મળી તો હવે રુકિમણીને પરણવા જવાનું શું કામ છે ? 'રાણી એકથી બે ભલી;' ના, કુમારમાં આવી વિષયલંપટતા નથી. જોજો ડર નથી કે બે કરીને કદાચ પરસ્પર લડી મરે તો ? એ ડર સામાન્ય માણસને ત્યાં. આ તો રાજા, એટલે મોટા ઠઠારા-વૈભવવાળો અને પાછો સત્તાધીશ એને ત્યાં બે પત્નીઓને પરસ્પર લડી હોળી સળગાવવાનું

જરાય ચાલી ન શકે. સત્તાની રૂએ રાજા એને તગેડી જ મુકે.

**આ સંસારમાં વૈભવ ઠઠારો અરે સત્તનાં અંજામણ અનેરાં ! માટે સંસાર અસાર.**

આજે દેખો જગતમાં એનાથી અંજાયેલી પત્ની, પુત્રો સ્નેહી પરિવાર કેવાં હોંશે હોંશે ગુલામની જેમ વર્તે છે ! અરે ! વૈભવી અને સત્તાધીશ બનેલા દીકરાની ગુલામીઓ બાપને કેવી કરવી પડે છે ! આવો સંસાર અસાર નહિ ? ધર્મના ઘરમાં આ અંજામણ નહિ એટલે ગુરુની એવી તાબેદારી કોણ વેઠે ? હા, ગુરુના ગુણોનું અંજામણ હોય, ધર્મનો ભારબોજ માથે હોય એ તો ગુરુની આગળ નમ્ર પણે વર્તે. પણ એ કેટલાને ? ને કેટલા પ્રમાણમાં ? આજના પડતા કાળમાં એક ગુમાસ્તા પર શેઠનું જેટલું અંજામણ અને ભારબોજ હોય એટલું શિષ્યની ઉપર ગુરુનું અંજામણ અને ભારબોજ કેટલામાં જોવા મળે ? ગુરુની આજ્ઞા કે ઈચ્છા હોંશે હોંશે વધાવી લેવાનું કેટલામાં દેખાય ? શું બધામાં ના, એટલે જ કહેવાય છે કે દુન્યવી વૈભવ-ઠઠારાનાં અને સત્તાનાં અંજામણ અનેરાં.

**વૈભવ જેવા અંજામણ ધર્મનાં નહિ, ગુરૂના ગુણોનાં નહિ, તેથી એમની શેઠ જેવી તાબેદારી કોણ સેવે ?**

સત્તા-વૈભવનાં અંજામણ અનેરા ! તેથી રાજા બનનાર કનકરથને ડર નથી કે ‘બે રાણી કરું ને એ અંદર અંદર લડી મને પજવે તો ?’ આ ડર ન હોવાનું કારણ પોતાની સત્તાધીશતાની આગળ રાણીઓની શી મજાલ કે ગરબડ મચાવી શકે ? ગરબડ મચાવનારી તગેડાઈ જ જાય. આમ, કુમારને ડર નહિ છતાં રાજકુમારે ઋષિદત્તાને પરણ્યા પછી રુકિમણીને પરણવા જવાનું કેમ ન કર્યું ? એના માટે તો ઘરેથી નીકળ્યો હતો, ને વળી રુકિમણી અને એનો બાપ કુમારને ખૂબ ઝંખી રહ્યા હતા. ત્યારે કહો, કુમારના દિલમાં એવી વિષયલંપટતા અને માનાકાંક્ષા નહોતી, તેથી રુકિમણીને પરણવા જવાનું માંડી વાળ્યું.

**વિષયલંપટતા અને માનાકાંક્ષા માણસને અધિક વિષયો તરફ દોડાવે છે. અને, દુનિયાના વિષયો તરફ અધિક દોટ એટલે ભગવાન વધારે ભૂલાવાના.**

આ ઉત્તમ માનવભવ શા માટે છે ? ભગવાનને ભૂલવા માટે ? કે ભગવાનને વધુ યાદ કરવા માટે ? ભૂલશો નહિ ભગવાનને ભૂલવાના ભવ ઘણા, યાદ કરવાનો ઉત્તમભવ આ માનવભવ. અનતાં ભવ ભટક્યા આપણે; ત્યાં ભગવાનને ભૂલતા આવ્યા, ને તેથી જ હજી પણ ભટકતા છીએ. પ્રભુને કવિ કહે છે,

**‘અનતં ભવ હું ભમ્યો રે, ભમતાં સાહિબ મળિયો;**
**તુમ વિના કુણ દીએ રે, બોધિરયણ મુજ બળિયો ?’**

'પ્રભુ ! તમારા વિના, તમને યાદ કર્યા વિના અનંતાભવ ભમ્યો; એમાં ભમતાં ભમતાં અહીં મને તું મળી ગયો હવે તને જ યાદ કર્યા કરું તો મને મહાન બોધિરત્ન મળે, તારા આલંબને બોધિ મળે. તારા વિના મને એ કોણ આપનાર છે ? તારું આલંબન લીધા વિના બોધિરત્ન મળે નહિ' ભગવાનને ખૂબ યાદ કર્યા કરીએ ભગવાનના પોતાના જીવનને અને એમના ઉપદેશને યાદ કરતા રહીએ, તો ધર્મ તરફ દૃષ્ટિ જાય, ધર્મપ્રત્યે આકર્ષણ ઉભું થાય, ધર્મશ્રદ્ધા આવે, ધર્મનો પુરૂષાર્થ કરવાનું મન થાય, ને ધર્મ સધાવા મંડાય આ બધું મૂળમાં ભગવાનને બહુ યાદ કરીએ તો, પરંતુ દુનિયાના વિષયો તરફ બહુ દોટ હોય ત્યાં ભગવાન શાના યાદ આવે ?

**વિષયો તરફની બહુ દોટ ભગવાનને બહુ ભુલાવે.**

**માટે ભગવાનને ન ભૂલવાનો માર્ગ આ, કે વિષયોને ભૂલવા; (૧) બહાર દુનિયાના વિષયોની બહુ લપ ન રાખવી; (૨) મનમાં વિષયોને બહુ પલોટવા નહિ.**

બહાર એની બહુ લપ કર્યા કરો તો મનને એ પકડવાના વિષયોના વિચારથી દેવદર્શન-નવકારવાળી વગેરેમાં પણ મન વિષયોના વિચારથી ઘેરાવાનું. જીવન જીવતાં વિષયોની બહુ લપ રાખવાથી મનમાં એના જોરદાર સંસ્કાર ઊભા થાય છે, ને એ ધર્મસાધના વખતે વિષયોના વિચારો રમતા કરે છે એટલે કહો,

**ધર્મમાં મન સ્થિર રાખવા ઉપાય આ, કે જીવનમાં વિષયોની લપ ઓછી કરો.**

પૂછો છો ને કે ધર્મ કરતી વખતે અમારું મન કેમ સ્થિર નથી રહેતું ? સમજી લો એનું કારણ આ છે કે દુન્યવી જીવન જીવતા નાનેથી માંડી મોટી મોટી વસ્તુઓની ખૂબ લપ કરો છો. 'આ સાવરણી અહીં કેમ મૂકી ?... મસોતા ત્રણમાંથી બે કેમ રહ્યા ? એક કેમ ફાટી ગયું ?'... આવી તુચ્છ બાબતોથી માંડી 'ઘર કેમ અપ-ટુ-ડેટ બનાવું ? સોસાયટીમાં બંગલો કેવી રીતે ઘાલું ? બાયડી કેમ દાસી જેવી થઈને રહે ? હજારો લાખો રૂપિયા કેમ બને ? કયાં બજારમાં સારું માર્જિન છે ? સમાજમાં માનવંતા કેમ બનાય ?...' આવી આવી મોટી બાબતોની લપ બહુ કરાય છે, બની શકે એટલો એની પાછળ ઉદ્યમ કરાય છે, એટલે જ એના ઘેરા સંસ્કારોનો થોક મગજ પર જામતો જાય છે પછી એ સંસ્કારો ધર્મ સાધના કરતી વખતે શાના જપે ? ત્યારે પૂછો,-

દુન્યવી કાર્યમાં નહિ, ને ધર્મ કાર્ય માં મન કેમ અસ્થિર ?:-

**પ્ર.**- દુનિયાના કામ કરતી વખતે નહિ, ને ધર્મ કરતી વખતે જ કેમ આડાઅવળા વિચાર બહુ આવે છે ?

**ઉ.**- આનું કારણ સ્પષ્ટ છે દુનિયાની બાબતોના દ્રઢ સંસ્કારોથી એનો રસ

બહુ; એ રસથી દુનિયાનાં કામ કરતી વખતે જીવ એમાં બહુ ઓતપ્રોત થઈ જાય છે; તેથી મનમાં એના જ વિચાર રમતા હોઈ બીજા-ત્રીજા વિચારને જગા નથી મળતી. ત્યારે ધર્મકાર્યોથી ધર્મની બાબતોથી એવા દ્રઢ સંસ્કાર પાડયા નથી, તેથી ધર્મનો રસ જમાવ્યો નથી; એટલે એવા રસ વિના ધર્મનાં કામ થાય એમાં ચિત્ત ઓતપ્રોત કયાંથી રહે ? ન રહે એટલે એના જ વિચાર એવા જોરદાર સતત ચાલે નહિ, પછી દુન્યવી બાબતોના ઘેરા સંસ્કાર અને દુન્યવીનો રસ બીજા-ત્રીજા વિચારની હારમાળા ચલાવે એમાં નવાઈ નથી.

**ધર્મમાં મન સ્થિર કરવાના ૪ ઉપાય :-**

એટલે કર્તવ્ય આ બની રહે છે કે દુન્યવી લપ ઓછી કરો, એના પર બહુ મન ન લઈ જાઓ, એની બહુ પ્રવૃતિ ન કર; દા.ત.

(૧) 'આ શું છે ? પેલું કોણ ગયું ? ઓલો શું બોલે છે ?..' આમ આડાઅવળા ડાફોળિયાં ને જે તેમાં મન ઘાલવાનું, તેમજ એવા મફતિયા નિષ્ફળ વિકલ્પો કરવાનું બંધ કરો.

(૨) દુન્યવી જે કામો કરવા જરૂરી છે, એમાં પણ એને બહુ બહુ ઠીકઠાક કરવાનું અપ-ટુ-ડેટ બનાવવા ભારે મથવાનું, જરાક વાંકાચૂંકામાં આકુળ-વ્યાકુળ થઈ એને સુધારવાની ચિંતા કર્યા કરવાનું, અને એને સરખું કર્યા વિના નહિ જપવાનું...વગેરે બંધ કરો.

(૩) થોડી-ઘણી ત્યાગવૃતિ ઊભી રાખો, ત્યાગના નિયમો રાખો, જેથી પુદ્ગલની બહુ લપ ન કરવી પડે.

(૪) જીવનમાં સહન કરી લેવાની વૃતિ કેળવો; જેથી અણગમતું-બિનમાફક સહર્ષ ચલાવી લેવાય અને એને ટાળી દેવાની મથામણમાં ન પડાય; એમ ગમતું મળેલું જતું ન રહે એ લક્ષમાં એને બહુ સાચવવા કરવાની ગડમથલમાં ઉતરાય નહિ.

**આમ, (૧) ડાફોળિયાં ને નિષ્ફળ વિકલ્પો બંધ; (૨) જરૂરીમાં બહુ ઠીકઠાકની મથામણ બંધ; (૩) ત્યાગના નિયમો ને ત્યાગવૃત્તિ; (૪) સહન કરવાની વૃત્તિની ટેવ રાખવી.**

આવા આવા ઉપાયો અજમાવતા રહેવાથી બહારની બાબતોની લપ ઓછી થાય. એના પર જ ધર્મનું આરાધન કરતી વખતે બીજા ત્રીજા વિચાર અટકે, આ કરવાની બહુ જરૂર છે. બહારની લપ, જડ પુદ્ગલની લપ ઓછી કરો તો જ એના વિચારો મગજને ઘેરી વળ્યા ન રહે અને મનમાં ભગવાનને આવવાને અવકાશ રહે; નહિતર બહારની બહુ લપમાં તો ભગવાનને ભૂલવાનું બહુ થાય છે.

**કુમાર પાછો નગરમાં :-**

રાજકુમાર કનકરથના મનમાં એવી બહુ લપ નથી, કેમકે એવી વિષયલંપટતા નથી, તેથી એક ઋષિદત્તાથી સંતોષ માની બીજી રાજકન્યા રુકિમણીને પરણવા જવાનું માંડી વાળે છે સામેથી કન્યાના પિતાનો આગ્રહ ભારે છે, છતાં હવે એ વાત નહિ; તેથી હવે પાછા વળી અવિરત પ્રયાણથી કુમાર પોતાના નગરમાં જાય છે. એના પિતાને સમાચાર મળ્યાથી કુમારનો પ્રવેશ બહુ ઠાઠથી કરાવે છે.

કનકરથ અને ઋષિદત્તા મહેલમાં પહોચી જઈને માતાપિતાના પગમાં પડી નમસ્કાર કરે છે. એ પણ પ્રસન્ન થઈ એમને દીર્ઘાયુષ્ય અને સુખ સંપત્તિના આશીર્વાદ આપે છે.

**પ્ર.**- તો શું પિતાએ પૂછ્યું નહિ કે આ તું રુકિમણીને બદલે બીજી કેમ લઈ આવ્યો ? કે પિતાને ખબર જ ન પડી ?

ઉ.- ખબર તો પડી, પરંતુ પિતાની ઈચ્છા તો માત્ર એટલી જ હતી કે કુમાર લગ્ન કરે; પરિણીત જીવનમાં આવી જાય, પછી રુકિમણીને પરણી લાવે કે ઋષિદત્તાને એમાં કોઈ આગ્રહ નથી. વળી મોટી ઉંમરના છોકરાને, ને તે આવા રાજકુળમાં સુંદર કેળવણી પામેલાને વિશેષ કહેવાનું શાનું હોય ?

**સમજદાર સાથે મુખ્ય બાબતની જ ચર્ચા કરવાની હોય. ગૌણ નાની-નાની બાબતની નહિ.**

નાની બાબતમાં ય સમજદાર સાથે ચોળીને ચિકણું કરવામાં સામાની સમજદારીની અવગણના થાય અને એમાં એને આપણા પર અભાવ ઊભો થાય છે. જાતનો જ વિચાર કરી જુઓ, તમારી સાથે કોઈ નાની બાબતમાં તમારા વિચારથી વિરુદ્ધમાં ખેંચ ખેંચ કરે, દલીલબાજી કરે, તો તમને કેવું લાગે ? એવું જ ને કે આ કેમ ખોટી ખેંચ ખેંચ કરે છે ? શું મેં આમ કર્યું એમાં મને અક્કલ વિનાનો ગણે છે તે ખોટા પ્રશ્ન કરે છે ? આ કઈ મોટી બાબત હતી તે એમાં મેં સમજ વિનાનું કર્યું માને છે ? આવું જાત માટે લાગે તો બીજાને પોતાના માટે એવું ન લાગે ?

રાજ કુમારને સમજદાર માને છે, અને પોતે જુએ છે કે, 'મુખ્ય બાબત સારી કન્યા પરણવાની હતી તે તો પતી ગઈ છે; તો હવે એ રુકિમણીને કેમ ન પરણી લાવ્યો ને આને કેમ લાવ્યો, એ બાબત મહત્ત્વી નથી.' બસ, એ અંગે કાંઈ પૂછ્યું નહિ. કુમારને રહેવા અલગ મહેલ આપ્યો.

**રુક્મિણી પર પ્રત્યાઘાત :-**

હવે જુઓ અહીં કર્મસત્તા શું કરે છે. ઋષિદત્તાને અહીં હવે અશુભ કર્મનો

ઉદય જાગે છે, તે એની સાથેના કુમારના લગ્નના સમાચાર પેલી રુક્મિણીને પહોંચી જતાં, એ ઊંચીનીચી થાય છે, એના પર સર્જાય છે. રુક્મિણીને આશાના ભાંગીને ભુક્કા થયા દેખાયા કુમારને પરણવાનો રાગ તો ઘણો જ હતો, એમાં જુએ છે કે આ તો મારા બદલે વનવાસી કોઈક ઋષિદત્તા પરણી ગઈ. એટલે એને ઈર્ષ્યા પણ થઈ આવી કે, 'હે ? મારા બદલે આ પરણી જાય ?' રાગ કુમાર સાથે પરણવાની તાલાવેલી રખાવે છે. અને ઈર્ષ્યા ઋષિદત્તાને કેમ હેઠી ઉતારું એવી નિર્દયતા કરાવે છે.

**રાગ ઈર્ષ્યા કરાવે છે, ને ઈર્ષ્યા નિર્દય બનાવે છે.**

**રુક્મિણીની ક્રુર વિચારણા :-**

એ વિચારે છે કે, 'ત્યારે હવે મારે શો રસ્તો લેવો ?' જ્યાં સુધી કુમાર ઋષિદત્તા પ્રત્યે અભાવ-અરુચિ-દ્વેષવાળો ન બને ત્યાં સુધી એ એને છોડે નહિ, ને મને પરણે નહિ. એ તો એના પર ભારે દ્વેષ કરીને એને કાઢી મૂકે તો જ મને ત્યાં પેસવાની જગા મળે. માટે ઋષિદત્તાને હું કુમારની નજરમાં એવી કોઈ હલકટ જંગલી તરીકે દેખાડું જેથી ગુસ્સામાં ધમધમીને એને ખત્મ જ કરી દે, અગર દૂર જંગલમાં હટાવી દે. બસ, હવે આ માટે મારે રસ્તો શોધવો રહ્યો.'

જોજો, રુક્મિણી કેટલી ક્રૂરતાભરી વિચારણા પર ચડી છે કોણ કરાવે છે આ ? અંતરનો કુમાર સાથે પરણીને મનમાન્યા વિષયસુખ ભોગવવાની લાલસા ભર્યો રાગ અને એમાંથી જનમેલ ઋષિદત્તા પ્રત્યેની ઈર્ષ્યા આ ભયાનક ક્રૂર વિચારણા કરાવી રહી છે.

**જીવની પાસે ગોઝારી વિચારણા અને ગોઝારાં અપકૃત્યો કરાવનાર રાગ અને ઈર્ષ્યાના જાલિમ માનસિક રોગની ચિંતા છે.**

**માનસિક રોગ કેવા જાલિમ ?**

શરીરના જરા જેટલા રોગની ભારે ચિંતા થાય છે, માનસિક મોટા રોગોની પણ થોડી ય ચિંતા નહિ ? કેમ થતી નથી ? થતી નથી ? કે કરવી નથી ? કરવી હોય તો રુડી થાય. શરીરના જરા જેટલા પણ રોગને કાઢવા માટે ઉપાય કેટલા કરાય છે ? અરે ! રોગ ઓળખાય નહિ, તો નિષ્ણાત પાસે તપાસ કરાવાય છે, અને ઓળખ થતાં ભારે ચિંતા કરાય છે, ને ઉપાયની યોજના ગોઠવાય છે. એમ માનસિક રોગની ખબર ન પડે તો એના નિષ્ણાતને મળો, પૂછો, તપાસ કરાવો, એવું કાંઈ જીવનમાં ખરું ? મનના રોગની ઓળખ થતાં એની મુખ્ય ચિંતા ઊભી કરો ખરાં ? કે,

**'અરરર! અહં જીવતો છું ને આ રોગ હટાવ્યા વિના જાઉં, તો દીર્ઘ પરલોકે**

**કેવી દુર્દશા ? અહીં પણ માનસિક રોગોના કારણે કેટલી વિટંબણા ?'**

આ ચિંતા કરવી હોય તો શું ન થાય ? રાગ-મદ-ઈર્ષ્યા વગેરે માનસિક રોગોની ચિંતા કરવી હોય તો કરી શકાય એવી છે ભૂલશો નહિ.

**માનસિક રોગો શરીર બગાડે છે.**

શરીરરોગની ચિંતા કરનારા, પણ માનસિક રોગમાં રીબાનારા, પ્રાયઃશારીરિક રોગના ચાલુ ભોગ બન્યા રહે છે. આજનું મેડિકલ સાયન્સ કહે છે 'શંકા, ભય, ગુસ્સો વગેરે માનસિક લાગણીઓ શરીરના લોહી-ધાતુઓ-પાચન વગેરે પર ખરાબ અસર કરે છે. એમાંથી ડાયાબિટિસ વગેરે રોગો થાય છે. માણસ જમતી વખતે ક્રોધના ધમધમાટમાં હોય તો એ વખતે લીવર હોજરી વગેરેના રસ વિકૃત થવાથી એવા વિકૃત રસ અન્નમાં ભળી રોગ કરે એમાં નવાઈ નથી. આમ, ક્રોધ-ભય-શંકા વગેરે માનસિક રોગોની શરીર પર પણ ખોટી અસર પડે છે.

**માનસિક રોગોની જીવન-વ્યવહાર ઉપરે ય ખોટી અસર પડે છે.**

એ કેવી રીતે એનો તો મોટો વિસ્તૃત વિચાર થાય.

(૧) શંકાના માર્યા કેઈ ધણી-ધણીયાણીના વચ્ચે કાયમી કલેશ ઊભા થઈ ગયા; કેઈ પિતા-પુત્ર અને શેઠ-મેનેજરના રાહ જામતા નથી.

(૨) ભયના માર્યા ઊંધા વેતરણ કરી કેટલાઓએ પૈસા ગુમાવ્યા .

(૩) ગુસ્સાભર્યા સ્વભાવથી કુંટુંબકલેશ હંમેશા ચાલ્યા કરે છે.

(૪) સ્વાર્થના જ અંધાપામાં મોટા શેઠિયા પણ પીઠ પાછળ થૂ-થૂ થાય છે.

(૫)વૈરની ગાંઠ બાંધી કેટલાય પામરો સારા ચાન્સ ગુમાવે છે.

(૬) અભિમાનના તોર પર કેઈકને લપડાકો પડી. કેટલું જોવું છે ?

**આખું જગત આ સ્વાર્થ-ભય-શંકા-ગુસ્સો-વૈર-અભિમાન વગેરે માનસિક રોગોના અનર્થોનું પ્રદર્શન છે.**

એકલી આપણી જાતમાં જોઈએ તો ય દેખાશે કે આપણે એકયા બીજા માનસિક રોગને ખુશમિશાલ સેવીએ છીએ.'ખુશમિશાલ' એટલે સમજો છો ? જે સેવવામાં દિલને સંકોચ નથી, સેવવા પર કોઈ અફસોસી નથી કે 'અરે ! અ મેં શું કર્યું ?' કોઈ ભય નથી કે 'આ સેવીને મારું શું થશે ?' દા.ત.

આઘે કયાં જવું ? માનો ને કે દેરાસરમાં ભગવાનનાં દર્શન કરતા હતા એટલામાં કોઈ પૂજા કરનારો આડે આવીને ઊભો, પ્રભુનું મુખ દેખાતું બંધ થયું, ત્યાં ઝટ મનમાં ગુસ્સો ઊઠી આવે છે.

ગુસ્સો કરવાનો સંકોચ છે ખરો કે મંદિરમાં ગુસ્સો ન થાય ?

ના, મંદિરમાં ખાવા પીવાનો સંકોચ ખરો, કે ખવાય-પીવાય નહિ; પણ

ગુસ્સાનો આભિમાનનો સંકોચ નહિ કે એ ન થાય. પછી અફસોસી પણ નહિ કે 'અરેરે ! મેં વીતરાગ પ્રભુની સમક્ષમાં ગુસ્સો કર્યો ? કેવું ખોટું કામ ?' કોઈ ભય નહિ કે 'ગુસ્સો કરું છું, તો ધર્મનાં સ્થાનમાં ય કેવા પાપ લાગશે ! ને ગુસ્સાના સંસ્કાર કેવા દ્રઢ થશે ? એથી આગળ મારું શું થશે ! ' આ ભય જ નહિ, આમ ગુસ્સાનો માનસિક રોગ કેવો અનર્થ કરે છે ?

**પ્ર.**- પ્રભુની આડે ઊભો રહી દર્શન અટકાવે તો ગુસ્સો ન થાય ?

ઉ.- એ વિચારો ને કે,

**વીતરાગનાં દર્શન શા માટે કરવાં છે ?**

કહેતાં નહિ, 'પુણ્ય માટે.' એકલા પુણ્યથી આત્માનો ઉદ્ધાર નહિ થાય. એકલા દર્શન જ શું, ઠેઠ ચારિત્રપાલન સુધી અનંતી વાર કર્યા, પણ એ નિષ્ફળ ગયાં, ને હજી સંસારમાં રખડતા છીએ કારણ ? પુણ્ય અને એથી મળતા દુન્યવી સુખ માટે એ દર્શનાદિ કર્યા. ત્યાં આત્માનો આ ભયાનક જન્મ-મરણાદિ વિટંબણા ભર્યા સંસારમાંથી ઉદ્ધાર કયાં થયો ?

અગર કહો, 'પ્રભુ દર્શન આત્માનાં કલ્યાણ માટે કરીએ છીએ,' તો એ વિચારો કે શું કલ્યાણ ગુસ્સાથી થાય ? કષાયો અટકાવવાથી કલ્યાણ ? કે દાબવાથી કલ્યાણ ? દર્શનમાં કોઈ આડે આવ્યો ત્યાં ગુસ્સો અટકાવવા આ વિચારાય કે 'દર્શનથી મારે આત્મકલ્યાણ સાધવું છે, કષાયોને મારવા છે, અંતે વીતરાગ થવું છે, તો શું કામ ગુસ્સો કરું ?'

**વીતરાગના દર્શનાદિ વીતરાગ થવા માટે હોય; ને વીતરાગ થવાનું રાગ-દ્વેષ-કામ-ક્રોધાદિને સંદતર નષ્ટ કરી દેવાથી જ બને.**

બીજા સરાગ દેવ નહિ, ને વીતરાગ દેવનું આલંબન પકડીએ, એમના દર્શન પૂજન ગુણગાન કરીએ તે વીતરાગ બનવા માટે જ હોય. આ આલંબનની બલિહારી છે; કવિ કહે છે,-

**'પ્રભુજીને અવલંબતાં, નિજ પ્રભુતા હો પ્રગટે ગુણરાશ કે;**
**દેવચંદ્રની સેવના, આપે મુજ હો અવિચલ સુખવાસ કે**
**ઋષભ જિણંદશું પ્રીતડી.'**

**તન-મન ધન વાપરવા છે, કયાં વાપરીએ તો ઊંચા આવીએ ? આપણી પ્રભુતા યાને વીતરાગ દશા પામવા તરફ ચડવાનું થાય ?**

કહો, વીતરાગ ભગવાનમાં એ લગાવીએ, તન-શરીર પ્રભુને જોવામાં, પૂજવામાં ને વીતરાગની આજ્ઞા પાળવામાં વપરાય, મન પ્રભુનાં જીવન, ગુણો અને ઉપકાર ચિંતવવામાં વપરાય, ધન પ્રભુની ભક્તિમાં જાય; મતલબ, વીતરાગ

વિષયમાં તન-મન-ધન જોડાય, તો નિજના રાગ-દ્વેષ વગેરેની ગુલામી ઓછી થતી આવે, રાગ દ્વેષાદિ ઘટતા આવે, અને અંતે સર્વથા નષ્ટ થઈ વીતરાગપણાની પ્રભુતા થાય. આ વીતરાગનાં આલંબને જ થાય.

ત્યારે, આવું સુંદર આલંબન મળ્યું છતાં ક્રોધ-રોષ-અભિમાન વગેરે મનના રોગ પોષીએ તો દુર્દશા ક્યાં મીટવાની ? દર્શનની આડે આવનારો ગુનેગાર છે એ વાત જરા બાજુએ રાખો, પણ એ જુઓ કે આપણને અનંતા કાળથી આ સંસારમાં ભટકાવનાર ક્રોધ-રોષ આપણે (૧) વીતરાગની સમક્ષમાં ય સેવીએ, (૨) વીતરાગનાં દર્શન-સ્મરણ માટે પ્રભુનું આલંબન મળવા છતાં ય સેવીએ, ને (૩) વીતરાગ બનવાની પ્રવૃતિમાં ય સેવીએ તો આપણા એ મનના રોગ ક્યારે મટવાના ?

**ક્રોધ કરીને શું આપણે વીતરાગની નજીક જઈએ છીએ કે પાછા પડીએ છીએ ?**

**દર્શન વખતે ક્રોધ અટકાવવા બીજો ઉપાય :-**

પ્રભુદર્શને કોઈ આડે આવ્યું એ તો કસોટી આવી, ત્યાં ક્રોધને ન ઊઠવા દઈએ તો દર્શનની પહેલી કક્ષાની પરીક્ષામાં પાસ થયા, નહિતર નપાસ.

પ્ર.- પણ ત્યાં રહેવાતું નથી ને ?

ઉ.- કારણકે એકલાં દર્શનનો જ આગ્રહ છે, પણ સ્મરણનો નહિ. નહિતર દર્શન બંધ થતાં. જો ત્યાં આંખ મીંચી પ્રભુનું સ્મરણ કરીએ, એ વીતરાગ ભગવાનનાં ગુણ-જીવન-ઉપકારમાં મન લગાવીએ, તો ગુસ્સો કરવાનો રહે નહિ દર્શન કરીને ય પ્રભુનાં સ્મરણમાં જવું છે ને ? તો જરા દર્શનમાં અંતરાય આવ્યો તો ય એ જ સ્મરણ કરવાનું. શું કામ ગુસ્સો ભભૂકે ? મન નવરું હોય તો ગુસ્સામાં જાય ને ? મનને પ્રભુનાં સ્મરણમાં લગાવી દીધું પછી ગુસ્સામાં નહિ જાય.

વાત આ છે કે પ્રભુ દર્શન કરવાનો ઉદ્દેશ જ લક્ષમાં નથી; 'દર્શન સ્મરણ માટે,' એ ધ્યાનમાં નથી; તેથી દર્શનમાં અંતરાય આવતાં 'સ્મરણની તક મળી તો આંખ મીંચી સ્મરણ કરું, મન એમાં લગાઉં, ' એ ખ્યાલમાં નથી; એટલે જ મન બીજા બીજા વિકલ્પો અને ગુસ્સામાં પરોવાય છે.

**પ્રભુનાં દર્શન પ્રભુનાં સતત સ્મરણ માટે છે એ ખૂબ ખ્યાલમાં રાખો.**

આ ખ્યાલ રહેતાં દર્શન કરતી વખતે વચ્ચે વચ્ચે આંખ મીંચી એ જોવાનું મન થશે કે 'પ્રભુ કેટલા યાદ રહ્યા, કેવા યાદ આવે છે ?' બરાબર સ્મરણમાં લેવા આંખ પ્રભુ પર બરાબર લગાવી લગાવી, એમાં ય ખાસ કરીને પ્રભુની કીકીમાં વીતરાગતા જોઈ જોઈ એ વીતરાગતા પ્રભુએ કયાં કયાં જોડી, એ ધ્યાન પર લેવાનું કરાશે. ત્યાં વચમાં કોઈ આડે આવ્યું તો મનને કાંઈ નહિ. આંખ મીચીં સ્મરણ

ચાલુ થઈ જશે.

મનના રોગ હટાવવા છે ? દર્શન વખતે બીજા પર ગુસ્સો થાય એ મનનો રોગ છે હટાવવાને માટે આ ચાવી છે કે આંખ મીંચી પ્રભુનું સ્મરણ ચાલુ કરી દો. સ્મરણમાં મન રોકાયાથી ગુસ્સો અટકી જશે. આ ચાવી બીજે પણ કામ લાગશે પણ પહેલી વાત આ છે કે,-

**આપણા ક્રોધ-અંહકાર-રાગ-દ્વેષ વગેરે એ જાલિમ માનસિક રોગો છે એ તો પાકા ખ્યાલ, ને સાથે એ સેવતાં અરેકારો-અફસોસી-ગ્લાનિ થવી જોઈએ; એની પાછળ ભય લાગવો જોઈએ.**

**પછી મનમાં બીજું સારૂ ચિંતવવાનું ચાલુ કરી દેવું જેથી એ રોગ દબે.**

કામ ક્રોધ-લોભ વગેરે ભયંકર રોગોને હટાવવા આ ચાવી છે.

પેલી રુકિમણીને રાજકુમાર કનકરથ પોતાને બદલે ઋષિદત્તાને પરણી ગયાનું જાણવા મળ્યું તેથી ઈર્ષ્યાથી હવે ઋષિદત્તાનું કાટલું કઢાવી નાખવાનું ધારે છે. ઈર્ષ્યા, હિંસાની ધારણા, નિર્દયતા એ આત્માના ભંયકર રોગ હોઈ એનો ભય લાગવો જોઈએ. પણ એ લાગવાની વાત નથી, એટલે એ શું કામ હવે અટકે ? એણે એક જોગણીને સાધી એની પૂજા ભક્તિ કરી કહે છે,-

**રુક્મિણી જોગણીને સાધે છે :-**

'મા ! જોને આ મને પરણવા નીકળેલા રૂપાળા રાજકુમાર કનકરથ પર જંગલની કોઈક ઋષિદત્તાએ એવું કાંક કામણટૂમણ કર્યું કે પછી રાજકુમાર એનામાં ભોળવાઈ જઈ એને જ પરણીને ચાલ્યો પાછો; અહીં મારા પિતાનો આગ્રહ અને એના પિતાનો આદેશ છતાં પરણવા આવ્યો નહિ, માટે મા ! ઋષિદત્તા પર તું કાંઈક એવું કલંક ન ચડાવી આપે કે રાજકુમાર એને કાઢી મૂકી મને પરણવા આવી જાય ? એવી લુચ્ચી જંગલની બાળાને કલંકિત તરીકે ઓળખી લઈ ભલેને પછી એ પછી એને જંગલમાં રખડતી કરી નાખે તો ય શો વાંધો ?

માણસ કોઈ પણ કષાયના, જેવા કે ક્રોધના, અભિમાનના માયાના, ઈર્ષ્યાના, કે લોભના આવેશમાં ચડે છે ત્યારે દિલના પરિણામ કેટલા નિષ્ઠુર કરાય એનું માપ નથી રાખતો; એને એક જ ધૂન રહે છે કે, યેન કેન પ્રકારે મારું ધાર્યું સિદ્ધ કરું; યા સામાને બતાવી આપું' બસ, પછી એ માટે જરૂર પડયે અધમાધમ કાર્યવાહી કરવામાં સંકોચ શું કામ રાખે ?

**કુલવાલક** મુનિને ગુરુ પર દ્વેષનો આવેશ જાગતો રહ્યો, તો એ કેટલા બધા ભ્રષ્ટ થયા ? એમાં ય વેશ્યાની સરભરા લેવાના રાગના આવેશમાં તણાયા તો એમનું ચારિત્ર-સંયમ ને સમ્યગ્દર્શન પણ ઠેકાણે પડી ગયાનું ને ઠેઠ ભગવાન

મુનિસુવ્રતસ્વામીનો પ્રાચીન સ્તૂપ તોડાવી નખાવવા તથા વિશાલાનગરી નષ્ટ કરાવવા સુધી પહોંચી ગયા.

**બ્રહ્મદત્ત** ચક્રવર્તીએ વિષયાસક્તિના આવેશમાં જાતિસ્મરણ અને અવધિજ્ઞાની ભાઈમુનિની શિખામણ વગેરે મળ્યું છતાં સાતમી નરકનો પંથ લીધો અંતે પોતાની આંખ ફોડાવનાર એક બ્રાહ્મણ પરના ક્રોધના આવેશમાં એણે જગતભરના બ્રાહ્મણોની આંખો ફોડાવવાની કાળી લેશ્યા લગાવી. મૂળ કારણ વિષયાસક્તિ ને આવેશ;- 'મારા વિષયસુખોને તોડાવનાર કઈ હરામીની જાત છે !'

રુકિમણી પણ કનકરથ રાજપુત્રને પરણવાના લોભના આવેશમાં નિર્દોષબાળા ઋષિદત્તાનું કાસળ કઢાવવાની પેરવી કરે છે. આપણે કામ-ક્રોધ-લોભ ઈર્ષ્યા મશ્કરી વગેરેના આવેશમાં ચડતા પહેલાં સાવધાન બની જવા જેવું છે. નહિતર એનાં ખતરનાક પરિણામ વેઠવાનાં આવે ત્યારે એમાંથી બચવાનો, ઊગરવાનો કોઈ અવકાશ જ નહિ રહે.

**એક મનુષ્ય ભવ દુર્ગતિના હજારો ભવોને નોંતરનારો કેમ બને છે ?**

**આથી જ કે વિષય-કષાયના આવેશમાં ભાનભૂલી જીવે જાલિમ વિચારણા-યોજના પ્રવૃતિ કરી હોય છે.**

મરીચિએ શિષ્ય કરવાના લોભના આવેશમાં ઉત્સૂત્ર ભાષણ કર્યું, તો એને અસંખ્ય ભવ દુર્ગતિઓમાં ભટકવું પડ્યું કેટલાય ભવ દેવગતિ મનુષ્યગતિ મળી, તો ય જૈનધર્મનું મોઢું દેખવા ન મળ્યું ! અજ્ઞાન કષ્ટ-તપથી દેવલોક મળ્યો, તેથી શું ? આત્માની ઉન્નતિ, આત્માનું કલ્યાણ કયાં છે ? ભવે ભવે ત્રિદંડિક સંન્યાસીપણું લઈ સંસાર છોડવા છતાં, જૈનધર્મ મળ્યો નથી તો પાપના ત્યાગ કયાં છે ? સમ્યગ્દર્શન અને સમ્યકચારિત્ર કયાં ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"　　　વર્ષ-૨૧,અંક-૧૭,તા.૧૩-૧-૧૯૭૩**

રુક્મિણીએ જોગણીને સાધી. જોગણ વિદ્યામંત્રની જાણકાર હતી. એણે ઘાટ ઘડી કાઢ્યો એવો કે જેમાં ઋષિદત્તા કોઈ હત્યારી ડાકણ છે, અને મનુષ્યના માંસ-લોહી આરોગનારી છે એવો ભાસ થાય ! વિદ્યામંત્ર તો દિવ્ય વસ્તુ છે, એનો ઉપયોગ શો ? દિવ્ય કામ કરવાનો ? કે રાક્ષસી-પિશાચી કામ કરવાનો ? પરંતુ,

**વસ્તુ ગમે તેટલી સારી હોય છતાં એના ઉપયોગનો આધાર એ વસ્તુના પાત્ર ઉપર છે.**

પાત્ર કેટલી લાયકવાળું છે એ હિસાબે ઉપયોગ થવાનો. વરસાદનું નિર્મળ

પાણી એનું એ જ, પણ સાપના મોંમા જઈ ઝેર બને છે, ને ગાયના મુખમાં જઈ દૂધ બનવામાં ઉપયોગી થાય છે, ને એ જ પાણી વળી કાળી જમીનમાં પડી ઘંઉ ને કપાસ બનાવે છે, ત્યારે ઉકરડા પર પડી ગંદવાડ-કહોવાટ-દુર્ગંધ વધારે છે ! પૈસા કેટલાયને મળેલા હોય છે, છતાં એનાથી ભારે જિનભક્તિ-સાધુસેવા-દયા-પરોપકાર વગેરે ઉપયોગ થવાનું કેટલામાં દેખાય છે ? બહુ થોડામાં જ ને ? કારણ ? પૈસા સારા પાત્રના હાથમાં પડયા હોય તો એનો સદુપયોગ થાય, કપાતરના હાથે ચડયા પૈસા રંગ-રાગ, જીવહિંસામય, આંરભસમાંરંભ અને આગળ વધીને જુગાર-દુરાચાર-જુલ્મ વગેરેમાં વપરાતા હોય છે. વસ્તુ તો કિંમતી મળી, કિન્તુ આપણી પાત્રતા-યોગ્યતા ઊંચી રાખીએ તો એનો તારક સદુપયોગ થવાનો માટે જ આપણે પહેલી તો આપણી પાત્રતા સારી ખીલવવાની જરૂર છે. પછી તો આપણને મળેલ ઠેઠ આ મનુષ્ય દેહથી માંડી ઇંદ્રિયો, માનવ-મન, વાણી, બુદ્ધિ તર્કની અને પુરૂષાર્થની શક્તિ, તથા બીજી બાહ્ય સામગ્રી-સરંજામના ઊંચા સદુપયોગ કરવા તરફ જ લક્ષ રહેવાનું, અને એવો ઉદ્યમ થવાનો. ચિંતન જ મુખ્ય એનું ચાલવાનું.

**જોગણનું ગોઝારું કૃત્ય :-**

પેલી બિચારી જોગણમાં પાત્રતા નથી તેથી વિદ્યામંત્રનો દુષ્ટ ઉપયોગ, ગોઝારો ઉપયોગ, કરવા તરફ એ પ્રેરાય છે, ઋષિદત્તાના દુર્ભાગ્યે એ ઉપડી કનકરથ રાજકુમારના નગરમાં. ત્યાં જઈ એણે તપાસ કરી લીધી કે રાતના ઋષિદત્તા પાસે શી રીતે પહોંચી જવાય. પછી મોડી રાતે મહેલ નજીકમાં માણસોને અવસ્વાપિની નિદ્રા આપી જેથી કોઈ જાગી ન શકે; અને ત્યાં એક માણસને મારી નાખી એનું લોહી માંસ લઈ પહોંચી ઋષિદત્તા પાસે, અવસ્વાપિની વિદ્યાથી પહેરગીર જેવાને પણ ઊંઘતા કરી દીધા છે, એટલે એને કોઈ રોકનાર નથી. એણે ઋષિદત્તાને જોઈ તો એને લાગ્યું કે, 'અહો શું આનું રૂપ ! કેવી આની કાન્તિ ? આ કુમાર પુણ્યશાળી કે આને આવી સ્ત્રી મળી ! પરંતુ મારે આ જોવાનું શું કામ છે ? મને મારું ધારેલું બજાવવા દે.' એમ કરી એણે ઋષિદત્તાનું મોં લોહી ખરડયું કર્યું, અને ઓશિકે માંસના ટુકડા મૂકી દીધા. પછી ત્યાંથી નીકળી જઈને અવસ્વાપિની વિદ્યા ઉઠાવી લીધી.

હવે અહીં જાગેલા લોકોએ માણસ મરાયેલો જોઈ કોલાહલ કરી મૂક્યો, અને રાજાને જઈને આ ભંયકર હત્યા થયાનું જણાવ્યું.

રાજા પુછે, 'આ હત્યા કોણે કરી ?'

લોક કહે, 'મહારાજા ! ગમે તે પુરુષ યા સ્ત્રીએ કરી હશે, એની ખબર

નથી; પરતું હત્યા થઈ છે એ હકીકત છે આપ પ્રજાના ન્યાયી માલિક છો, તેથી હત્યારાને પકડાવીને આપે ભયંકર સજા ફટકારવી જોઈએ'

રાજા કહે છે 'આવું કામ કરનાર તો કોઈ રાક્ષસ કે રાક્ષસી જ હોવી જોઈએ. જે હશે એને ખેંચી કાઢવામાં આવશે;' એમ કહી સિપાઈઓને બોલાવી કહે છે 'જાઓ, તપાસ કરો, અને પકડી પાડો કોણ છે એ હત્યારો-હત્યારી ?

**કુમારને ચિંતા :-**

હવે જ્યારે અહીં આ ધમાધમ ચાલી ત્યારે કુમાર જાગી જાય છે, અને વાતાવરણ પરથી સમજી જાય છે કે 'કોઈ નિર્દોષ માણસનું ખૂન થયેલું છે.' બીજી બાજુ જુએ છે કો ઋષિદત્તાનું મોઢું લોહી ખરડયું છે. એ ચમકી ઊઠે છે, એના મનને એમ થાય છે કે,

'આ શું ? શું મારી પત્ની રાક્ષસી છે ? બહાર કોઈક મારી નખાયો સંભળાય છે, ને અહીં આ લોહિયાળ મોં તથા માંસના ટુકડા પડયા છે ! ત્યારે શું આ રાક્ષસી ? તો રાક્ષસી મારી પ્રાણપ્યારી હોય ? શાસ્ત્રમાં જે સંભળાય છે કે **રૂપ અને સંપત્તિ પાપ માટે થાય છે,** એવું અહીં આ રૂપાળી સ્ત્રીમાં બન્યું લાગે છે હે વિધાતા ! હે તાત ! આ ઊલટું શું બન્યું ? પત્ની તો સારી ગુણિયલ દેવી જેવી માનીને કરી ને એ રાક્ષસી નીવડી ? હું કયાં ફસાયો જંગલમાં ?..'

કુમારના મનમાં અનેક સંકલ્પ-વિલ્પો ઊઠ્યા સારી ગુણિયલ એવી પણ ઋષિદત્તાનું મોં લોહી-ખરડયું અને પાસે માંસના ટુકડા દેખ્યા, તેથી માણસના ખૂન સાથે સેહજે આની કડી જોડાઈ ગઈ, ને એમાં કારણભૂત રૂપને માન્યું. મહર્ષિઓની વાણી એને યાદ આવી કે.

**'રૂપ અને સંપત્તિઓ પાપ કરાવનારી બને છે.'**

જગતમાં આવું બહું બનતું દેખાય છે કે રૂપાળા સ્ત્રી-પુરૂષો કેવા કેવા જાતને પાપો આચરે છે અને બીજા પાસે આચરાવે છે.

સૂર્યકાન્તા રાણી બહુ રૂપાળા, તે પહેલા તો પતિ પ્રદેશી રજાને એવો ઘેલો કરેલો કે એ બિચારાને દેવ-ગુરુ-ધર્મ કશું યાદ જ ન આવે, ઊલટું નાસ્તિક બની લોકોમાં પણ ધર્મ ન ચાલે એ માટે નગરમાં સાધુ-સંત જ આવતા બંધ કરેલા સૂર્યકાન્તાના રૂપનો આ એક અનર્થ પછી બીજો અનર્થ એ થયો કે કેશી ગણધર મહારાજના ઉપદેશથી પ્રદેશી રાજા આસ્તિક અને ધર્માત્મા બન્યો ત્યારે આ રૂપાળી પત્ની સૂર્યકાન્તાએ એને ઝેર ખવરાવી મારી નાખ્યો.

**સંપત્તિ પાપ કરાવનારી ના દાખલા :-**

સંપત્તિ પાપ કરાવે છે એના દાખલા આજે પાર વિનાના દેખાય છે. લાંચરુશ્વત,

દ્રોહ, અનીતિ ખૂન દુરાચાર વગેરે કેટલા ધૂમ પાપો સંપત્તિ પાછળ ચાલી રહ્યા છે ! મોટા મોટા દેશો આજે સામસામા લડી રહ્યા છે. તે સંપત્તિ ઉપર જ ને ? સંપત્તિવાળા જ દેશ ગરીબ દેશો પર ત્રાટકી રહ્યા છે જુલ્મ વરસાવી રહ્યા છે. ચુંટણીઓ સંપત્તિ ખાતર જ લડાઈ રહી છે ને ? અને સંપત્તિવાળા જ એમાં ઘાલમેલ કરે છે ને ?

**કોણિકે** રાજ્યસંપત્તિના લોભે જ સગા બાપ રાજા શ્રેણિકને જેલમાં નખાવી રોજ ફટકા મરાવવાનું કરેલું. **રાજા અશોકે** સંપત્તિના બળ પર કલિંગ દેશમાં ભયંકર નરસંહાર કરાવેલ. **મમ્મણ શેઠે** સંપત્તિના મોહમાં સાતમી નરકના ક્રૂર ભાવો કર્યા દ્વૈપાયન દેવે દેવતાઈ શક્તિ સંપત્તિના બળ પર દ્વારિકા સળગાવી દીધી. અમેરિકાએ એટમ બોંબની સંપત્તિ પર નિર્દોષ નાગાસાકી અને હીરોશીમા નગર બાળી નાખ્યા. સંપત્તિ શું ન કરે ?

કોઈ મિલમાલિકને જોઈ અંજાઈ જાઓ છો ને ? મોંમા લાળ ગળે છે ? પણ ખબર છે ખરી કે એમાં મોટા મોટા ઢોરોની ક્રુર કત્લેઆમ પર નીપજેલી ચરબી કેટલી વપરાય છે ? સંપત્તિ ઉપર જ ને સંપત્તિ માટે જ આ હિંસક ધંધા ને ? સંપત્તિ કેવી ગોઝારી ?

**રૂપ પાછળનાં અનર્થ :-**

ત્યારે આજે રૂપની પાછળ કેટલા પાપ ચાલે છે ? પરસ્ત્રીનાં રૂપ પાછળની ઘેલી કામગીરી ઠેઠ વ્યભિચાર સુધી પહોંચાડે છે. આજે સ્ત્રીઓ ઉદભટ વેશ કરી રૂપનાં પ્રદર્શન કરવામાં જાતમાં સળગતી કામવાસના પોષે છે, ને જોનારને કામના ઉન્માદ જગાવે છે. રૂપની પાછળ ઘેલાં બનેલ એક પ્રેમી બીજા પ્રેમીનું ખૂન કરે છે રૂપ ઘેલો પુત્ર માતાપિતાને ત્રાસ દે છે રૂપ ઘેલા રાવણે યુદ્ધના હત્યાકાંડ અપનાવ્યા ! દુનિયાનાં રૂપ અને સંપત્તિને દૂર થી નમસ્કાર કરવા જેવા અને એના પર ધિક્કાર વરસાવવા જેવા છે.

**ઋષિદત્તા પર કનકરથને શંકા :-**

કનકરથ રાજકુમારને રૂપાળી ઋષિદત્તા પર નરહત્યાની શંકા જાય છે. એ એને જગાડીને પૂછે છે. 'તું જો મનમાં ન છૂપાવે તો હું તને પૂછું.' ઋષિદત્તા કહે, 'પ્રાણનાથ ! ખુશીથી પૂછો, મારે આપનાથી કશું છૂપાવવાનું નથી '

કુમાર કહે, 'પ્રિયે ! તું માનવી સ્ત્રી નહિ, પણ કોક રાક્ષસી લાગે છે.

'અરે ! આપ આમ બોલો છો ?'

'હા, આ જોને તારું મોં લોહી-ખરડયું છે, ને ઓશિકે માંસ પડયું છે. તેથી લાગે છે કે તેં કોઈ માણસની હત્યા કરી છે. નહિતર તારું મુખ આવું કેમ દેખાય ?'

ઋષિદત્તા દર્પણમાં જુએ તો પોતાનું મોં એવું જ છે; ને ઓશિકે માંસ પણ

દેખ્યું. એટલે

**ઋષિદત્તાનો જવાબ :-**

હવે ઋષિદત્તા કહે છે, "હું કશું જાણતી નથી. રાતના સૂતા પછી હું ક્યાંય ગઈ નથી, અરે ! જાગી પણ નથી. એટલે જે કાંઈ બન્યું હોય એ મારી ઊંઘતી અવસ્થામાં જ મારા કર્મે પ્રેર્યા કોઈ વૈરીએ કર્યું હશે. તે પણ ગમે તે દૈવી પ્રયોગથી બન્યું હશે. મને કશી ખબર નથી. જો હું માંસાહારી હોત, તો પૂર્વે માંસનો ત્યાગ શું કામ કરત ? છતાં આપ મને આપની માનતા હો, ને આપને વહેમ હોય તો ઠીક લાગે તે સજા મને કરી શકો છો. સડેલું પણ પોતાનું અંગ ક્યાં કાપી નખાતું નથી ? એમ આપના પરિવાર પૈકી હું એક અંગ સડેલું-બગડેલું લાગતી હોઉં, તો ખુશીથી મારો નિકાલ કરી નાખો. પતિને વહેમ જ હોય તો પ્રિય પતિના હાથે મરાઈ જવામાં ય મને આનંદ છે.

કનકરથ રાજપુત્ર મોટા મનનો છે, તેમજ આ ઋષિદત્તાના બોલથી એના ઉપર શ્રદ્ધા થાય એવું છે કે, 'એ અસત્ય બોલે નહિ, યા માયાજાળ રચે નહિ;' તેથી એનાં વચન પર વિશ્વાસ મૂકી માની લે છે કે, 'ગમે તે અગમ-નિગમ કારણે આમ બન્યું લાગે છે, બાકી ઋષિદત્તા નિર્દોષ છે;' ને એ પ્રમાણ એને આશ્વાસન આપે છે કે, 'તું નિર્દોષ છે; માટે મનમાં જરાય ખેદ ન કરીશ, તારા પરથી મારી શંકા નષ્ટ થઈ જાય છે.'

કુમારના વિશ્વાસ પર જુઓ એના મનની વ્યવસ્થિતતા શું કામ કરે છે. તેમજ હજી ઋષિદત્તાનો પુણ્યોદય જાગતો છે, એટલે પણ જુઓ કે કુમારના મન પર એ શો પ્રભાવ પાડે છે રાજા નગરમાં આખો દિવસ તપાસ કરાવે છે કે કોણે આ ખૂન કર્યું પરંતુ પત્તો લાગતો નથી. કુમાર પાસે પણ વાત આવી કોઈ ખૂનીનો પત્તો નથી , છતાં એને ઋષિદત્તા પર લેશ માત્ર વહેમ જતો નથી. ગુણસંપન્ન જીવન જીવ્યું હોય તો પોતાના સંપર્કમાં આવેલા પર એની આવી છાયા પડે છે કે એ એવા કોઈ અણધાર્યા વિચિત્ર પ્રસંગમાં આ ગુણસંપન્ન આત્મા માટે એમ જ હલકો અભિપ્રાય ન બાંધી લે. ઋષિદત્તાના ગુણસંપન્ન જીવનની કુમાર પર આ છાયા છે. અલબત્ એમાં ઋષિદત્તાનો પુણ્યોદય પણ કામ કરી રહ્યો છે. અશુભનો ઉદય થાય તો તો નિર્દોષને પણ કલંક ચડતાં વાર નહિ. સીતાજીને એમ બન્યું ને ?

**જોગણીની રોજ ખુનરેજી :-**

અહીં એક દિવસ પૂરો થયો, પણ બીજી ત્રીજી રાત્રિએ પણ એમ જ ચાલ્યું રોજ એકેક માણસનું જોગણ ખૂન કરતી ગઈ, ને ઋષિદત્તાના મુખ પર લોહીના લપેટા ને પાસે માંસના ટુકડાનું સ્થાપન કરતી ગઈ. રાજા પાસે રોજ ને રોજ

ફરિયાદ આવતી ગઈ, ને એના તરફથી નગરમાં રોજ રોજ ધમધમાટ તપાસ થતી ચાલી કુમાર સાથે પણ એ આ અંગે વિચારણાની આપ-લે કરે છે કે 'આ રોજ રોજ કેમ ખૂન થયા કરે છે ?'

પેલી જોગણ એ ગણતરીમાં છે કે, "રાજકુમાર કેમેય પોતાની પત્ની પર વહેમ ખાય છે ? વહેમ લાવીને પોતાના પિતાને ઋષિદત્તાના મુખની રોજ રાતની સ્થિતિને કહે છે ? જો આટલું થાય તો તો રાજા તરત કડી જોડી દે કે, 'તો પછી ઋષિદત્તા જ હત્યારી લાગે છે જે રોજ રાતના આ એકેક માણસને મારી નાખતી હોય."

**જોગણની ગણતરી કેમ નિષ્ફળ ?:-**

પરંતુ જોગણની ગણતરી પાર પડતી નથી; કેમકે (૧) ઋષિદત્તાનું પુણ્ય તપે છે; (૨) વળી રાજપુત્ર કનકરથને ઋષિદત્તા પર અથાગ વિશ્વાસ છે, તેમજ (૩) એના પિતા હરિષેણ તાપસે આ કન્યા માટે જ ભલામણ કરી છે કે 'આ વનમાં જ ઊછરેલી બાળા ભોળી છે, મુગ્ધ છે, માટે એ ધ્યાનમાં રહે કે એ શહેરી પ્રપંચનો ભોગ ન બને;' એ ભલામણ બરાબર ખ્યાલમાં છે. તેથી ઋષિદત્તા પર લેશ પણ અકાર્યની શંકા એને ઊઠતી નથી. તેમ પિતાને ય શંકા ન પડે એ માટે ઋષિદત્તાના મુખની રાતની વાત જરાય જણાવતો નથી.

હવે શું કરે જોગણ ? કૃત્ય તો ગોઝારાં કર્યા, પરંતુ ઋષિદત્તા પર કુમારને અભાવ તિરસ્કાર ઊભો કરાવવાનું કરી શકતી નથી; એટલે એને પોતાની મેલી મુરાદ બર આવતી દેખાતી નથી. રોજ ને રોજ ઋષિદત્તાનું પ્રભાતે મોઢું લોહી ખરડયું ને માંસધેરાયેલું દેખાડવાનું છતાં કુમારને ઋષિદત્તા પર જરાય શંકા જ જતી નથી. પોતે સજ્જન છે, અને ઋષિદત્તા સુશીલ-સદ્ગુણી હોવાનો એને પાકો વિશ્વાસ છે. ત્યાં જોગણનું શું ચાલે ?

**ત્યારે શું જોગણ હારી થાકીને પાછી જાય એવી છે ? ના,**

**દુષ્ટ માણસો ચાલે ત્યાં સુધી દુષ્ટતામાં હારતા થાકતા નથી.**

**સંગમદેવનું ચાલ્યું ત્યાં સુધી મહાવીર પ્રભુ પ્રત્યે દુષ્ટતા કર્યે ગયો.**

**કાલસૌરિક** કસાઈને રોજ ૫૦૦ પાડા મારવાની આદત; તે શ્રેણિક રાજાએ એની આ ઘોર હિંસા બંધ કરાવવા એકવાર એને કૂવામાં ઊંધે મસ્તકે લટકાવ્યો. તો શું એણે હિંસાની દુષ્ટતા મૂકી ? ના, ત્યાં પણ એ મટોડાથી કૂવાની દિવાલ પર પાડા ચિતરી હાથેથી એના ગળા કાપવા લાગ્યો.

**અગ્નિશર્માનો** જીવ જન્મે જન્મે સમરાદિત્યના જીવની પાછળ પડયો. **કમઠ** ભાઈ મરુભૂતિ તે પાર્શ્વનાથ ભગવાનના જીવની પૂંઠે ભવે ભવે ઉપસર્ગ કરતો લાગ્યો.

એ તો બંનેનું અંતે ચાલ્યું નહિ, ત્યારે પાછા પડયા, અને એ દુષ્ટતા મૂકી તો ય અગ્નિશર્મા અનંત સંસાર ભટકવાનો એમાં શું દુષ્ટતા બંધ ? ના, તો તો અનંતોકાળ શાનો ભટકે ?

આ પરથી સમજવા જેવું એ છે કે દુષ્ટતાનો ચીલો ભયંકર ! એકવાર દુષ્ટતા કરવાના માર્ગે ચડયા, પછી પાછા વળવાનું મુશ્કેલ છે. માટે દિલને દુષ્ટ બનાવતા પહેલાં જ વિચારવાનું કે 'આ દુષ્ટતાનું પછી પૂંછડું લંબાશે એ તને પાલવશે ? ક્યાં સુધી દુષ્ટતા કર્યે જઈશ ? અને એના ભંયકર દુઃખદ પરિણામ કેવાં ? અહીં થોડી તકલીફ પડતી હોય, ધન-માલ ઓછા મળતા હોય, એ બધું ચલાવી લે, લોભ જતો કર, પણ તકલીફ ટાળવા કે ધન-માલ મેળવા દુષ્ટતા ન આચર, દિલ જ દુષ્ટ ન બનાવ.'

દિલની દુષ્ટતા શી ? એ સમજો છો ને ? દિલ બહુ વિષયલંપટ કે કષાયા-વેશવાળું બને, એને દિલની દુષ્ટતા કહેવાય. આજે સિનેમા જોવાની લત લાગે છે એ શું છે ? આંખના વિષયની લંપટતા એ દિલની દુષ્ટતા છે આશ્ચર્ય છે કે આજની સ્ત્રીઓને આની લત લાગી છે ! દુષ્ટતા કયાં સુધી પહોંચી ? આર્ય દેશની કુલીન બાળાઓ તો વિષયલંપટ પતિનીય લપંટતાને કાબૂમાં રાખનારી હોય એટલી એની ઊંચી કક્ષા. તો શું એ પોતે જ લંપટ અને દુષ્ટ બનવાની અધમકક્ષામાં દોડે ?

એકલા સિનેમા જ શું, પણ વિલાસી વાંચન, અભક્ષ્ય હોટેલોમાં ભટકવાનું, ઉદ્ભટ વેશ, પફ-પોમેંડ આદિ મોજશોખ, બાથમાં સ્નાન, કલબ-સોસાયટી વગેરેની લત, એ બધું વિષયલપંટતા જ છે, દિલની દુષ્ટતા જ છે. એમાં કાંઈ દિલની પવિત્રતા ન ગણાય, સ્વસ્થતા-શિષ્ટતા ન ગણાય. આ દુષ્ટતામાં જીવ કયારે હારવાનો થાકવાનો ? કશું નહિ, એ તો જીવનભરની બલા વળગી તે છોડે શાનો ? ત્યારે પૂછો,-

**પ્ર.**- ધર્મ ન બચાવે ?

**ઉ.**- આજે દેખાય છે ને ધર્મ વધ્યો છે, પર્યુષણામાં તપસ્યાઓ, ઉછરામણીઓ, ઓળીઓ, ઓચ્છવો, ઉપાધાન, યાત્રાઓ, વગેરે ધર્મપ્રવૃતિ સારી વધી છે. છતાં એ કરનારાં જીવન દેખો. મોજશોખ ઘટ્યા ? સિનેમા બંધ થયા ? અભક્ષ્ય કે ટેસદાર ભક્ષ્યભોજન ઓછા થયા ? હરવા-ફરવાનું, પરસ્ત્રી-પુરુષોના દર્શન-મિલન-વાતો-ચીતો, રાત્રિભોજન, તિથિની વિરાધના, વગેરે વગેરે ઘટ્યા ? ના, આ પાપો તો ધૂમ ચાલી રહ્યા છે; કેમકે,

**વિષયલંપટતાની દુષ્ટતા ઘર કરી ગઈ, તે પારાવાર પાપ કરાવે.**

**તો શું ધર્મ ન બચાવે ?**

**જરૂર બચાવે, પરંતુ ધર્મનો મર્મ સમજે એને ધર્મ આ દુષ્ટતાથી બચાવે.**

આજે તો ધર્મ કરવો છે, પણ ધર્મનો ધર્મ મર્મ સમજીને ધર્મ કયાં કરવો છે ?

આનંદઘનજી મહારાજ કહે છે,-

**"ધરમ ધરમ રટતો જગ સહુ ફિરે, ધરમ ન જાણે મર્મ;**
**ધર્મજિણેસર ચરણ ગ્રહ્યા થકી, કોઈ ન બાંધે કર્મ."**

અર્થાત્ ધર્મ-ધર્મની રટણા કરતા ફરનારા જગતમાં અનેક; ઘણા એવા મળશે જે એમ કહેતા હશે કે અમે ધર્મ કરીએ છીએ. પરંતુ અફસોસી એ છે કે એ ધર્મનો મર્મ નથી જાણતા. એથી જ ધર્મ કરવા છતાં બીજી બાજુ લખલૂટ કર્મ બાંધે છે. નહિતર 'ધર્મ-જિણેસર' એટલે કે જિનશ્વેર શ્રી ધર્મનાથ ભગવાનનાં ચરણ પકડ્યા, અર્થાત્ વીતરાગ દેવાધિદેવને જ એકમાત્ર શરણરૂપે ધર્યા પછી તો એવાં કર્મ કોઈ ન બાંધે. પણ ધર્મના પાયામાં જિન-ચરણ પકડવાની વાત જ ક્યાં છે ?

**'જિનચરણ પકડવા'** એટલે વીતરાગ પ્રભુનાં ચરણ પકડવા, એટલે કે વીતરાગતાને લક્ષ્યરૂપે પકડવી, વીતરાગતાને જીવન-આદર્શ બનાવવી. જીવનના ઉદ્દેશ તરીકે નજર સામે વીતરાગતા રાખ્યા કરવી. બાહ્યથી ધર્મ કરનાર બંધામાં આ કયાં છે ? બોલો, તમે ધર્મ કરનારા છો ને ? તો ધર્મના મર્મનો વિચાર છે ? મર્મ વિના ધર્મ ફળે ? ઘઉંના દાણામાંથી કીડીએ મર્મ કોચી લીધું હોય, તો એ દાણો વાવવાથી ઊગે ? એના પર પાક આવે ? ના, તો જો મર્મ વિનાનો એક ઘઉંનો દાણો ય ન ફળે, તો મર્મ વિનાનો ધર્મ ફળે ?

અગર કહો, 'અમે ધર્મનો મર્મ સમજીએ છીએ,' તો બોલો ધર્મનો મર્મ શું ?

કહો ને ધર્મનો મર્મ એટલે,'પાપ પ્રવૃતિમાંથી સારી પ્રવૃતિમાં આવવું.' ના, એમ તો આપણે અનંતી વાર સારી પ્રવૃતિમાં આવ્યા, છતાં હજી ભવાટવીમાં રખડતા કેમ ?

**ધર્મનો મર્મ હાથ આવ્યા પછી અંનતો કાળ ભટકવાનું રહે નહિ.**

**ધર્મનો મર્મ વીતરાગતાનો ઉદ્દેશ, વિષય-લંપટતા પર કાપ :-**

માટે કહો, ધર્મનો મર્મ હાથ લાગ્યો ન હોતો, તેથી ભટકતા જ રહ્યા. જુઓ ધર્મનો મર્મ આ,-કે, વીતરાગ પ્રભુનાં ચરણ પકડવા, વીતરાગતાને આગળ કરવી, ધર્મસાધનાના ફળ તરીકે વીતરાગતાને નજર સામે રાખ્યા કરવી. પાપપ્રવૃતિ મૂકી ધર્મપ્રવૃત્તિ કરીને શું જોઈએ છે ? શા માટે ધર્મ કરી રહ્યા છો ? આનો જવાબ આ કે ક્રમશઃ રાગ-દ્વેષ મમતા- તૃષ્ણા- આસક્તિ વિષયલંપટતા ને કષાયવેશ ઓછા થતાં આવે; જેથી એક દિવસ એ સર્વથા નષ્ટ થઈ વીતરાગ બનાય, અને આ સંસારજાળ-જન્મ-મરણની જંજાળનો અંત આવે. એટલા માટે પાપપ્રવૃતિ મૂકીને ધર્મપ્રવૃતિ કરીએ છીએ.

આમ, ધર્મનો આ મર્મ, એ પાપપ્રવૃતિથી એટલા પ્રમાણમાં છોડાવે; એટલે

એટલા પ્રમાણમાં પાપના પરિચય અને અભ્યાસમાં થતા રાગ-દ્વેષાદિ અટકાવે; તેમજ ધર્મ વીતરાગ પરમાત્માનો કહેલો કરવાનો છે એટલે એમને નજર સામે રાખીને કરવાનો છે, અર્થાત્ વીતરાગનાં ચરણ પકડીને કરવાનો છે; જાતે વીતરાગ બનવાની જ એકમાત્ર લાલસાથી કરવાનો છે તેથી ધર્મ કરતાં રાગ-દ્વેષને દુબળા પાડવાનું લક્ષ રહે.

**અંનતી ધર્મક્રિયા નિષ્ફળ કેમ ગઈ ?:-**

પૂર્વે અનંતી ધર્મપ્રવૃતિ કરી ત્યારે ધર્મનુ આ મર્મ-રહસ્ય સમજાયું જ નહોતું. ઊલટું ત્યાં તો દુન્યવી વિષયોના રાગના જોસથી જ ધર્મપ્રવૃતિ કર્યે ગયા, 'ધર્મ કરું તો પૈસા મળે,' ચારિત્ર લઉં તો માનપાન મળે, દેવતાઈ સુખભર્યા સ્વર્ગમાં જવાય,...' આવા આવા ઉદ્દેશથી ધર્મપ્રવૃતિ કરી ત્યાં રાગ-આસક્તિ-તૃષ્ણા જ વધે ને ? એમાં જોરદાર મહામોહનાં કર્મ ન બંધાય, ને સંસારભ્રમણ ન વધે તો બીજુ શું થાય ?

ત્રિપૃષ્ઠ વાસુદેવ અને બ્રહ્મદત્ત ચક્રવર્તીના જીવે પૂર્વભવમાં પહેલા તો સારા ઉદ્દેશથી તપ-સંયમની સાધના માંડેલી; પરંતુ પાછળથી ઉદ્દેશ ફેરવી નાખ્યો અને મલિન એકલો પૌદ્ગલિક આશય ઊભો કર્યો તો બંનેની ધર્મનો જે માલ વાસુદેવ-ચક્રવર્તી પણાની લીલા, તે ભોગવી લીધા પછી કેટલી બધી કરુણ દશા સરજાઈ? કેવાં જોરદાર કર્મ અને ભવભ્રમણ વધ્યા ? આ કરાવનારી આત્માની વિષયલપંટતા એ એની દુષ્ટતા જ છે.

**'ધર્મ જિણેસર ચરણ ગ્રહ્યા થકી, કોઈ ન બાંધે કર્મ,'**

વીતરાગ ભગવાનના જો ચરણ પકડયાં, તો આવાં કર્મ બાંધવાનું હોય નહિ. એમણે એવા પ્રલોભક સંયોગમાં પણ જો વીતરાગ ભગવાનને હૃદય સામે રાખી એમની વીતરાગતાને પોતાના આદર્શ તરીકે, પોતાને પ્રાપ્ત કરવાના ઉદ્દેશ તરીકે મનમાં જોરદાર પકડી રાખી હોત, તો એવાં કર્મ બાંધી ને પતન પામવાનું શાનું ઊભું થાત ?

**પરંતુ વિષયલંપટતા ભૂંડી, મહાદુષ્ટ; ચડેલાને ય પાડે; તો પછી પૂર્વના અનંત કાળમાં જ્યા ચડવાનું કર્યુ જ નથી, ત્યાં પતનનું પૂછવું જ શું ?**

કર્મસત્તા જાણે વિષયલંપટ ધર્મીને કહે છે,- 'ધર્મનાં કષ્ટ કર્યા છે ને ? તો એનો માલ પુણ્યાઈ એકવાર ભોગવી લે, પણ પછી તારી મૂળભૂત વિષયલંપટતાની દુષ્ટતાનાં ભયંકર ફળરૂપે નરકાદિ ગતિઓનાં ભ્રમણ માટે તૈયાર રહેજે.'

ધર્મ ન બચાવે ? બચાવે, વીતરાગ ભગવાનનાં ચરણ પકડી રાખો તો બચાવે. ધર્મ કરતી વખતે ઉદ્દેશ તરીકે પોતાનો વિષયરાગ અને માનાદિ કષાય-

આવેશની દુષ્ટતા ટાળી ઠેઠ વીતરાગતા પ્રાપ્ત કરવાનો રાખ્યો હોય, તો એ ધર્મ અહીંથી જ બચાવવા માટે પૂછો,-

**ધર્મથી અહીં બચાવ શો ?**

અહીં બચાવ આ, કે ધર્મસેવનના કાળમાં તો વીતરાગ અને એમની વીતરાગતા નજર સામે છે જ, પરંતુ ધર્મસેવન પુરૂં થયા પછી દુનિયાદારીમાં પડયા ત્યાં પણ વીતરાગતાની મિઠાશ મન પર આવ્યા કરે, વૈરાગ્ય જાગતો રહે, એટલે વિષયલંપટતા અને કષાયાવેશની દુષ્ટતા દબાય. ધર્મ સાધતાં જો વીતરાગતાને ઝંખી આવ્યો છે, તો એ ઝંખના પછી થોડી જ ભૂલાય છે ? એટલે જ કહેવાય કે, 'ધર્મ જિનેશ્વરનાં ચરણ પકડયા પછી દુનિયાદારીમાં પણ એવાં ભારે કર્મ ન બંધાય;' કેમકે એ બંધાવનારી વિષયલંપટતા અને કષાયાવેશની દુષ્ટતા વીતરાગની ઝંખનાને લીધે ઊભી રહે નહિ.

પેલી જોગણ બિચારી દુષ્ટતામાં પડેલી, એને ક્યાં વીતરાગ ભગવાનનાં ચરણ પકડવાનું સૌભાગ્ય છે ? તેથી પોતે ઘોર કૃત્ય કરવા પર ધાર્યા પ્રમાણે કનકરથ રાજકુમાર પત્ની ઋષિદત્તા પર અભાવ-તિરસ્કારવાળો નથી બનતો એ જોવા છતાં દુષ્ટતા મૂકવા તૈયાર નથી. એટલે હવે એ, જુઓ કેવી આગળ વધે છે.

આ બાજુ રોજ એકેક માણસ હણાયાની ફરિયાદ રાજા પાસે આવે છે, અને કોટવાળોની તપાસમાં કોઈ હત્યારો મળતો નથી, એટલે રાજા હવે દિવાન પર ગુસ્સે થઈ કહે છે,-'તમારા કારભારમાં આ શું ચાલી રહ્યું છે ?'

**સંન્યાસીઓનો નિકાલ :-**

દિવાન કહે છે, 'મહારાજા ! તપાસ તો પૂરી કરાવીએ છીએ, પરંતુ લાગે છે કે આ કોઈ સામાન્ય માણસનું કામ નથી, આ તો કોઈ વિદ્યામંતર-તંતર જાણનારનું કાર્ય લાગે છે. એ જાણનારા જોગી સંન્યાસીઓ હોય છે. માટે એક આદેશ કરો કે એક વાર તો બધા જોગી-સંન્યાસીઓને આ નગરમાંથી રવાના કરાવી દો. પછી જોઈએ આવું બને છે કે કેમ ?

દિવાનની સલાહ ઉપર રાજાએ જૈન સાધુ-સાધ્વી સિવાય બીજા બધા જોગી-સંન્યાસીઓને નગરમાંથી રવાના કરાવી દીધા, અને નવા આવતા બંધ રખાવ્યા. આમ છતાં પેલી સુલસાજોગણ તો હવે જોગણના વેશે નહિ, પણ એક ગૃહસ્થ બાઈના વેશે રહે છે, તે એને કોણ બહાર કાઢે ? એમ એ એનું ગોઝારું કૃત્ય રોજ એક માણસને મારવાનું ચાલુ રાખે છે. હવે દિવાન શું કરે, ને રાજા ય શું કરે ? પડ્યા મુંઝવણમાં બીજી બાજુ કનકરથ ઋષિદત્તાનું મોં લોહીલીપેલું જોવા છતાં એના પર વહેમ લઈ જવા તૈયાર નથી. જોગણી શું કરે ?

**જોગણનો બીજો દાવ :-**

બસ, હવે જોગણી એક ગૃહસ્થ બાઈના વેશે રાજા પાસે ઊપડી, અને કહે છે,- 'મહારાજા ! મને એક સ્વપ્ન આવ્યું છે, અને એમાં આ રોજની હત્યાઓનો ભેદ ખુલ્લો થયો છે.'

રાજાને તો રહસ્ય પકડવા માટે ઈંતેજાર હતો જ, એટલે પૂછે છે, 'બોલો બોલો, શું સ્વપ્ન જોયું ?'

જોગણી કહે, 'સ્વપ્નમાં મને એક દેવ કહી ગયો કે રાજાએ જોગી-સંન્યાસીઓને નકામા કાઢી મૂક્યા છે. હત્યારી ઋષિદત્તા જ આ અઘોર કૃત્ય કરનારી છે. કુમારસાહેબ જે ઋષિદત્તાને પરણી લાવ્યા છે, એ મૂળ તો વનમાં ઊછરેલી એટલે રાક્ષસી જેવી; વળી કાંક જંતર-મંતર જાણતી હશે તેથી રાતના બહાર નીકળી કોઈ ન જાણે એ રીતે એક માણસને મારી માંસ ખાઈ કરી લોહી પણ પી કરીને પછી પોતાના સ્થાને જઈ સૂઈ જાય છે હવે આપને તપાસ કરાવવી હોય તો ગુપ્તચરો દ્વારા રાતે એની ખાનગી તપાસ કરાવો '

જોગણીએ આમ કહી રાજાને ભ્રમિત કરી નાખ્યો એનાં મનને થયું કે 'આ શું ? પણ સંભવ છે વનમાં જ ઊછરેલી એટલે આવી કોઈ આદત હોય, અને એ યાદ આવી જતાં આવું કામ ચાલુ કર્યું હોય. લાવ ત્યારે પહેલાં ખાનગીમાં તપાસ કરાવવા દે કે ઋષિદત્તા શું કરે છે એમાં આનાં સ્વપ્નની સત્યતા-અસત્યતા વર્તાઈ જશે '

એ વખતે કુમાર પાસે બેઠો છે તેથી કુમારને કહે છે, 'આજે તું અહીં સૂઈ રહેજે માણસો તપાસ કરી લેશે ને જોશે કે શું બને છે ?'

કુમારને ચિંતા થઈ કે, 'ગમે તે કોઈ દેવી ઘટના તો બની જ રહી છે, તો સંભવ છે આજ રાત્રે શું થશે ?' પરંતુ ચિંતા કરીને શું કરે ? પિતાની આ તપાસ આગળ બોલાય એવું નથી; અને હવે ઋષિદત્તાનો અશુભો દય ચાલુ થાય છે.

**ગુપ્તચરો ઋષિદત્તાની તપાસ રાખે છે.:-**

પત્યું, રાતના જોગણીએ આજુબાજુવાળા સૌને અવસ્વાપિની નિદ્રાથી ઊંઘાડી દીધા, અને એક માણસની હત્યા, એના શરીરમાંથી માંસના ટુકડા અને લોહી લેવાનું, પછી ઋષિદત્તાના મુખ પર લોહીના છટંકાવ કરવા, એના ઓશીકે માંસના ટુકડા મુકી દેવાના, વગેરે કામ પતાવી પછી અવસ્વાપિની નિદ્રા ઉઠવી લીધી. રાજાના ગુપ્તચરોએ ત્યાં તપાસ કરી તો ઊંઘતી ઋષિદત્તાની એ સ્થિતિ નિહાળી અને બહારની બાજુએ એક માણસની હત્યા થયેલી જોઈ. બસ, બંનેની કડી મેળવી લઈ રાજા પાસે આવી કહે છે,-

'મહારાજા ! આજે પણ એક માણસની હત્યા થઈ છે, અને ઋષિદત્તાનુ મો લોહી ખરડયું છે, તેમજ એના ઓશિકા પાસે એ માણસના શરીરના માંસના ટુકડા પડેલા છે. એણે શી રીતે હત્યા કરી હશે એ જોવા નથી મળ્યું, પરંતુ એક બાજુ કોઈ માણસનું કપાયેલું મોઢું તથા પાસે માંસના ટુકડા જોવા મળ્યા છે.'

રાજાને મનમાં ચોકસ થઈ ગયું કે, 'માણસોને ગમે તે ગફલતમાં નાખીને પણ ઋષિદત્તાએ જ આ હત્યા કરી, અને માંસ-લોહી, ખાઈ-પી પાછળથી અઘોર કૃત્યથી મસ્ત બની એમજ લોહિયાળા મુખે આ દુષ્ટા નિરાતે સૂતી. પણ આજે પકડાઈ ગઈ. બાકી રોજ આમ આજ કરતી હશે. ત્યારે કુમારે આ રોજ કેમ ચલાવી લીધું ?'

**કુમાર પર ગુસ્સો :-**

રાજા કુમાર પર ગુસ્સે થઈ કહે છે, 'અરે પાપી ! આ તો રોજ બનતું હતુ, તો કેમ તેં છુંપું રાખ્યું ? રાક્ષસી આચરણવાળી આને તું જાણતા છતાં, કુલાંગાર ! એને તેં નભાવી લાધી ? તને શરમ ન આવી ? જા રે જા રાક્ષસીના પતિ ! મારી આંખ સામેથી ચાલ્યો જા. તે તો આવી રાક્ષસીણીનું પોષાણ કરીને ચંદ્ર જેવા ઉજ્જવળ આપણા કુળને કંલકિત કર્યું ! જા જઈને જો એનું મોં, કે એ કેવું ઘોર કૃત્ય કરનારી છે એની ખબર પડે.'

કુમારે જઈ ઋષિદત્તાને જગાડી પૂછયું કે 'આ શું ?'એણે કહ્યું 'હું કાંઈ જાણતી નથી.' કુમારને વિશ્વાસ છે પણ પિતા માને એમ નથી. એ તો કુમારને ધમકાવે છે. ત્યાં કુમારના મનને ઘણું દુઃખ થયું; એ જુએ છે કે 'આ નિર્દોષ ઋષિદત્તા પર ખોટું કલંક ચડી રહ્યું છે.' નિર્દોષની વિટંબણા ન થાય એ હેતુંથી પિતાને હાથ જોડીને કહે છે,-

**પિતા આગળ કુમારનો પત્ની અંગે બચાવ :-**

'પિતાજી ! આપની પુત્રવધૂ નિર્દોષ છે બહાર હત્યા થઈ છે એ વાત સાચી, પરંતુ હજી સુધી કોઈ એ તો જોઈ નથી લાવ્યુંકે ઋષિદત્તાએ જ ખરેખર હત્યા કરી. ત્યારે એનું મોં લોહી-ખરડયું તો ઊંઘમાં ગમે તે માણસ કરી શકે છે. માટે આપ ક્ષમા કરો, નિર્દોષની ઉપર વહેમ ન લાવશો. બાપુ ! હજી ય તપાસ કરવી હોય તો આ સ્વપ્નની વાત કરનારની તપાસ કરો."

રાજકુમારે આમ ભલે ને યુક્તિયુક્ત કહ્યું, પરંતુ ઋષિદત્તાનો અને એનો અશુભનો ઉદય હોય ત્યાં એની યુક્તિયુક્ત પણ વાત પિતા જેવા પિતા પણ શાના માને ? એ તો વધુ ગુસ્સે થઈને કુમારને ધમકાવે છે,-

'અરે ! સ્ત્રીના ગુલામ ! એનો ખોટો બચાવ કરે છે ? આટલું પ્રત્યક્ષ

પકડાયું કે પુરુષની હત્યા થઈ છે અને ઋષિદત્તાનું મોઢું લોહિયાળું તથા ઓશિકે માંસના ટુકડા છે પછી એનો તું બચાવ કરે છે ? ને 'ચોર કોટવાળને દંડે' એમ આ સ્વપ્ન કહેનારી ભલી બાઈ બિચારી પર હત્યા કરનાર તરીકે વહેમ લાવવાનું કહે છે ? બોલ, આટલા દિવસ એ જંગલની ઊછરેલી ઋષિદત્તાએ હત્યાઓ કર્યાનું તેં નથી જાણ્યું ? કદાચ હત્યા કરતી નહિ જોઈ હોય પણ એનું લોહિયાળ મોં ને માંસ, તો રોજ જોયા હશે ને ? કેમ નથી બોલતો ?'

અહીં કુમાર શું બોલે ? પિતા એના મૌન પર કહે છે,- 'સ્ત્રી ઘેલા ! આટલા દિવસ એ જાણવા છતાં એનાં કરપીણ કૃત્ય તે ઢાક્યે રાખ્યા ? ઊઠ ઊભો થા, તારું સ્ત્રી ઘેલાનું મારે સાંભળવું નથી.'

**ઋષિદત્તાના વધનો આદેશ :-**

આમ કહીને રાજા તરત સિપાઈઓને હાક મારી કહે છે, 'એ સિપાઈઓ ! જાઓ પેલી હત્યારી રાક્ષસણી ઋષિદત્તાને નગરમાં ફેરવી ઘોર હત્યારી તરીકે જાહેર કરો, અને પછી મસાણમાં લઈ જઈ એનો વધ કરી નાખો. જુઓ એ રાક્ષસી છે, તમને ગફલતમાં ન નાખે. એને મસાણમાં ઠેઠપૂરી જ કરી નાંખજો.'

**એકનો અશુભોદય બીજાનાં માનને ય દબાવે.**

ઋષિદત્તાએ પૂર્વ જન્મમાં એવું કોઈક દુષ્કૃત્ય કર્યું હોય એના યોગે અશુભ કર્મ બંધાવા પર હવે અહીં એ કર્મનો ઉદય થતાં આવી વિચિત્ર ઘટના બની આવી એના પર હત્યારી તરીકેનું કલંક ચડે એમાં રાજકુમાર પતિનો બચાવ શો કામ લાગે ? કુમાર પિતાને બહુ વહાલો છે, એની હોશિયારી ઉપર પિતાના દિલમાં માન છે; પરંતુ ઋષિદત્તાનો અશુભોદય અત્યારે એ પ્રેમ અને માનને અકિંચિત્કર બનાવી દે છે. પિતા પુત્રનું માનવા તૈયાર નથી.

રામચંદ્રજીનો લક્ષ્મણ પર ઘણોય પ્રેમ હતો, લક્ષ્મણનું એ સારું માને એમ હતા, પંરતુ સીતાજીનો ભારે અશુભોદય જાગ્યો છે એટલે એ વખતે લક્ષ્મણ રામચંદ્રજીને ઘણું ય કહેવા છતાં કે, 'મોટાભાઈ ! આ આપ લોકની નિંદાથી મહાસતી સીતાજી પર વહેમ લાવો નહિ યા એમનો ત્યાગ કરવાનું સાહસ કરો નહિ.' આમ કહેવા છતાં રામ અત્યારે એનું માનવા તૈયાર નથી.

વિચારો ત્યારે કે સીતાજી જેવા મહાન આત્માને ય પોતાના કોક પૂર્વનાં અશુભ કર્મનો ઉદય આમ નડી જાય; પછી પતિ પોતે એમને ચોક્કસપણે વિશુદ્ધ સતીત્વવાળી માનવા છતાં પોતાની જાતને એક બાયડી ઘેલા નહિ એવા સારા રાજા તરીકેની ખ્યાતિના મોહમાં તાણે અને પોતે અત્યંત પ્રિયભાઈ લક્ષ્મણનું પણ કહેવું અવગણે, એમાં મહાન સીતાજીનો પણ અશુભોદય કેટલો જોરદાર કામ કરી

રહ્યો છે ? કર્મની કેવી શિરજોરી કામ કરી રહી છે ?

**કર્મની શિરજોરી પર સંસારમાં વિચિત્ર ઘટનાઓ બને છે.**

એક વખતના ઈંદ્રને કે મોટા ચક્રવર્તીને પણ કર્મની જોહુકમીએ હેઠા ઊતરી જેવું પડે છે ગમે તેવા વહાલ અને સ્નેહી પણ મરી આપણી નજરમાં જ ભસ્મીભૂત થઈ ઊડી જાય છે. ત્યારે 'શાંતસુધારસ' શાસ્ત્ર કહે છે, જેની સાથે આપણે મોહની રમતો કરી, ભારે પ્રેમની વાતો કરી, એમને જ મૃત્યુ પામતા અને ભસ્મીભૂત થતા જોવા છતાં હજી આપણે નિઃશંક બેઠા છીએ !

**ધિક્કાર છે આપણા પ્રમાદને કે સંસાર આખાની આવી અસ્થિરતા જોવા છતાં આપણને આપણી જાતની કોઈ અસ્થિરતા જ નથી દેખાતી, તે નિરાંતે વિષયોના રંગરાગમાં પડયા રહેવાય છે ?**

**असकृदुन्मिष्य निमिषन्ति सिन्धूर्मिवत् ।**

**જગતમાં ચેતન અને જડ ભાવો દરિયાના મોજાં ની જેમ અનેક વાર પ્રગટ થઈ થઈને અદ્રશ્ય થઈ જાય છે.**

સ્વજન સ્નેહી શું કે ધનમાલ શું, બધાનો યોગ ઈંદ્રજાળ જેવા હમણાં ચકચકતો દેખાય છે, તો ઘડી પછી કાંઈ છે જ નહિ. એમ લુપ્ત થઈ જતો દેખાય છે. આવા ઈંદ્રજાળિયા ધન અને સ્વજનના સંયોગમાં જીવ રાચે માચે છે, એ કેવો એને મૂઢ સ્વભાવ !

શાસ્ત્રકાર અહીં કહે છે એ જગતમાં જોવા મળે છે. કેવા કેવા જડ અને ચેતન પદાર્થો એકવાર જાહોજલાલીમાં વિલસતા અને પછી નામશેષ થયેલા બને છે ! મોટા શહેરોના શહેરો ઊડી ગયા, એ આજે એ પ્રદેશોના ખંડિયેરો સાક્ષી પૂરે છે. નવા પાટણની આસપાસ જુના પાટણના ભંગાર, રાજગિરની આસપાસ એના અને નાલંદાના ખંડિયેરો, પિંડવાડા અજારી પાસે વિલાસપુર કે એવા કોઈક નગરના ચોમેર વિસ્તારાયેલા અવશેષો...વગેરે આવ મોટા જડ પદાર્થોની પણ નાશવંતતાને પોકારી રહ્યા છે. શહેરોની આ દશા, ત્યાં મોટી મહેલાતો કે પત્થરિયા પણ મકાનોની શી વાત ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૧,અંક-૧૮,તા.૨૦-૧-૧૯૭૩**

**કૃષ્ણ વાસુદેવની દ્વારિકાનું શું રહ્યું ?**

શ્રીસિદ્ધિગિરિ પર બહુ જુના કાળના મંદિરો પણ ખખડી ગયા ! ત્યારે તો અનેક વાર ત્યાં ઉદ્ધાર થયા સંભળાય છે વૈશાલીનો લાખો વરસ-જુનો શ્રીમુનિસુવ્રત-

સ્વામી ભગવાનનો સ્તૂપ નામશેષ થઈ ગયો ! બેલ્જિયમનો અભેદ્ય કિલ્લો ઊડી ગયો. દરિયાની ભરતી ચડતાં મોટા બંદરો નષ્ટ થઈ ગયા. પૂર્વના મહાસમૃધ્ધ ઘોઘા-ખંભાત-ગંધાર બંદરોની આજે કેવી બિસ્માર હાલત છે ?

**ચેતનની નાશંવતતા :-**

ત્યારે ચેતન પદાર્થોમાં ય શું છે ? મોટમોટા ચક્રવર્તીઓ ય મરી ગયા ને ? બોલો, તમારા કુળમાંના હારબદ્ધ થઈ ગયેલ પૂર્વજો આજે ક્યાં છે ? અરે ! પૂર્વના મૌર્ય વંશ ને ગુપ્તવંશ વગેરે વંશોના વંશો નામશેષ થઈ ગયા ને ? આજે ય હમણાં જોયેલા માંધાતા માણસો પણ રવાના થઈ ગયા ને ? તો હું ને તમે અહીં કાયમ ઊભા રહેવાના છીએ ?

આ જો ધ્યાન પર લઈ વિચાર કરીએ તો આજના જાહોજલાલીવાળા અપ-ટુ-ડેટ મકાનો બંગલા કે બગીચા ઉપર શા મોહ મમતા કે રાગ થાય ? માણસ જડ-ચેતનના ઉત્પાદ અને વિનાશના અનંત કાળના ઈતિહાસ ઉપર દૃષ્ટિ નથી ઠેરાવતો તેથી વર્તમાન પર મુંઝાય છે, ફોગટ મુગ્ધ થાય છે, ને સગા-સ્નેહી પર નિરર્થક અંધરાગી બને છે. શાસ્ત્રકાર કહે છે બધા જ સંયોગો જાણે ઈંદ્રજાળ ન હોય એવી દશા ભોગવે છે; હમણા ચકચકતા ને હમણાં છૂ !

**એવા સ્વપ્ન જેવા સંયોગો પર રાચવું-માચવું અને એની ખાતર કાળા કામ, કાળી લેશ્યા, અને કાળા કષાયી દિલ કરવા એ જીવની મહા મૂર્ખતા છે, મહા મૂઢતા છે.**

મૂઢતા શી ? આ; કે જડ-ચેતન પદાર્થોના સંયોગ આપણી પાસેથી ઊડી જવાના નિશ્ચિત છે, પણ એ કાળાં કામનાં પાપ, અને કાળી લેશ્યા, કાળા કષાયોના જાલિમ કુસંસ્કાર આત્મા પર જડબેસલાક એવા ચોંટી જઈ રહ્યા છે કે જે દુર્ગતિના ભવોના ભવો વીત્યે ઘસારે પડે. ત્યાં સુધીમાં એ સંસ્કારો જીવો ને ભવો સુધી કેવા પીડે ? કેવો દુઃખી અને પાપી બનાવે ? ઈંદ્રજાળિયા સંયોગોમાં મુંઝાઈ જાત પર આ દુઃખદ રામાયણ નોંતરવાની ? નાશવંતમાં એવા રાચવા-માચવાનું એ મહા મૂઢતા નહિ તો બીજું શું છે ?

આવી મૂઢતા એકાદવાર કે એકાદ સ્થાને થતી હોત તો તો સમજ્યા કે, 'જીવ છે ભૂલ થઈ જાય; ' પણ ના, એ તો ઠામ ઠામ અને વર્ષોના વર્ષો સુધી જીવને મૂઢતા કરવા જોઈએ છે. તેથી શાસ્ત્રકારે અહીં જીવનો મૂઢ સ્વભાવ જ કહ્યો 'સ્વભાવ' એટલે પછી તો જ્યાં ને ત્યાં એ જ ઊલસ્યા કરે. અનંતાનંત કાળથી જીવનું આવું મૂઢ બનવાનું ચાલુ છે.

છતાં એટલું જોજો કે અનાદિનો આ મૂઢ સ્વભાવ સહજ નથી, પણ ઔપધિક

છે; પૂર્વ પૂર્વનાં મોહનીય કર્મના કારણે છે; તેથી અનાદિથી એ ચાલુ છતાં એનો અંત લાવી શકાય છે. જીવનો સહજ એવો જ્ઞાનસ્વભાવ જીવત્વસ્વભાવ કદી સમૂળ નષ્ટ ન થાય; પણ ઔપાધિક એવો અનાદિનો ય રાગાદિ સ્વભાવ નિર્મૂળ નષ્ટ કરી શકાય. **૧. તત્ત્વની સમજ. ૨.તત્ત્વની ભાવના, ૩ વૈરાગ્યનો ઝળકાટ, રાગ તોડનારા ૪. ત્યાગના વ્રત-નિયમો, ૫. જંબૂ શાલિભદ્ર-સનત્કૂમાર જેવા મહાવૈરાગી અને ત્યાગી મહાત્માઓના જીવનનાં વાંરવાર સ્મરણ....ઈત્યાદિ દ્વારા આપણા રાગ અને મૂઢતાને ઓછાં કરતાં કરતાં, પૂર્ણ વિરામે પહોંચાડી શકાય.**

**દુનિયાનું એકવાર પણ જુઓ ત્યાં રુઓ :-**

પરંતુ ખાટલે મોટી ખોડ એક પાયો જ નથી, એમ જગતના ઈંદ્રજાળિયા રળિયામણા દેખાતા સંયોગો જોઈ ભાનભૂલા બનાય છે. 'જુઓ ત્યાં રુઓ' ના ખેલ છે, તો ય જે તે હોંશે હોંશે જોવાની કુટેવ છે; ને જોઈ જોઈને ખુશ થવું છે. ત્યારે જો વર્ષોનો જોવાનો ત્યાગી એક વાર પણ બાહ્ય સંયોગને જુએ, તો એને ય રોવાનું થાય, જોવા પર રાગદ્વેષમાં એનો ય મહાવિનાશ સરજાય; તો પછી જોવાના ત્યાગની વાત જ નથી ને એકલું ભરચક જોવાનું જ કરવું છે, એની કઈ દશા થાય ?

મહાવીર પ્રભુનો જીવ વિશ્વભૂતિ મુનિ વર્ષોના મહાત્યાગી, મહાતપસ્વી, પરંતુ જો એક વાર પણ પિતરિયાના હાસ્ય સામે જોવા ગયા, પછી પોતાના બળનો ગાય ઊછાળવાનો ચમત્કાર, બળની ગાય પાછી ઝીલવાની વડાઈ...જોવા ગયા, તો વાસુદેવનો અવતાર પામી, એ જોવા પરના નિયાણાને લીધે એમાં પાપિષ્ઠ જીવન જીવ્યા અને મરીને સાતમા નરકે સિધાવ્યા ! દુનિયાનું જુઓ ત્યાં રુઓ.

**સંભૂતિ** મુનિ પણ મહાત્યાગી-મહાતપસ્વી છતાં જો એકવાર જ સનત્કુમાર ચક્રવર્તીની પટ્ટરાણીની સુકોમળતા સામે જોવા ગયા, તો એ ય ભાનભૂલા બન્યા, નિયાણું કરી બ્રહ્મદત્ત ચક્રવર્તી થયા અને પાપિષ્ઠ જીવન જીવી સાતમી નરકમાં જઈ પડ્યા. ત્યાં ૩૩૦ કોડા કોડી પલ્યોપમ કારમું રોવાનું ઉભું થયું.

બાહ્ય સંયોગ જોવાથી શો ફાયદો કાઢયો ?'જુઓ ને રુઓ ' ના જ ચક્રાવે ચડયા ને ?

**આમ એક વાર બહારનું જોવાનું જો રોવરાવે, તો જીવનભર જો-જો કરવાનું કેટલું રોવરાવે ?**

**ચિંતવાઈ કે જોવાઈ જાય, તો કેમ બચવું ?**

માટે બસ, થયું બહારનું બહુ જોયું, હવે જોવાનું માંડી વાળો.

**પ્ર.-** પણ (૧) ધ્યાન પર આવે કે (૨) નજર સામે આવે, તે તો જોવાઈ જ જાય ને ?

ઉ.- (૧) માટે એવું ધ્યાન પર ન આવે એવું કરો. એ માટે મનમાં સારું સારું બહુ રમાડ્યા કરો, તીર્થો, મંદિરો, મૂર્તિઓ, મહાપુરુષોનાં જીવન ચરિત્રો, તત્ત્વો વગેરે બહુયે સારું સારું છે, એને જ મનમાં ફેરવ્યા કરો, તેથી મનમાં બીજું બાહ્ય નહિ પેસે; મનનું ધ્યાન બાહ્ય પર નહિ જાય .પેલામાં રોકાયેલા મનને બહારનું યાદેય નહિ આવે; એટલે મનથી એ જોવાનું અટકાશે.

(૨) ત્યારે નજરે ચડી આવે એ જોવાઈ જાય એવું બનવા જોગ છે, પરંતુ ત્યાં તરત આ સૂત્ર લગાડો કે મારો આત્મા અવિનાશી છે, શાશ્વત છે, નિત્ય છે, ત્યારે જગતના આ બધા જડ-ચેતનના સંયોગો ઈંદ્રજાળ જેવા નાશવંત છે, અસ્થિર છે, અનિત્ય છે; તો **નિત્ય શાશ્વત એવા મારા આત્માએ શા નાશવંતનાં મૂલ્ય કે મહત્વ આંકી રાગ-દ્વેષ કરવા ? કૂછ નહિ;**

મારા આત્માની દૃષ્ટિએ આ બાહ્યની કશી કિંમત કે ગુણકારિતા નથી. આમ વિચારીને જોયું ન-જોયું કરી શકાય; તો જોવા પાછળ રોવાનું ન આવે.

રેલ્વેની મુસાફરીમાં શું થાય છે ? અજાણ્યા પેસેન્જરોના કામચલાઉ યોગ આવી મળે છે ત્યાં એ ગમે તેટલી સારી વાતો કરતા હોય અને પ્રેમે દેખાડતા હોય, છતાં તમારું કલેજુ ઠેકાણે રાખી એના પર ઓવારી જતા નથી એવો રાગ કરી, એના કોઈ સ્ટેશને ઊતરી જવા પર રોવા બેસતા નથી; ત્યારે નાના બચ્ચા એ મીઠા લાગતા પેસેન્જર પર ઓવારી જઈ એના ઊતરી જવા વખતે રોવા જેવા થઈ જાય છે. કેમ આ તફાવત ? એટલા જ માટે કે તમે એને જોયા ન-જોયા કરો છો, ત્યારે બચ્ચા એને જોવા પર રાગ કરે છે, તેથી તમને દુઃખ નહિ, ને બચ્ચાને દુઃખ લાગે છે. એમ મેળામાંથી લાવેલું અને ખૂબ જોયા કરેલું રમકડું ફૂટી જતાં બચ્ચું રુએ છે, પણ તમે રોતા નથી; કેમકે તમે પહેલેથી જોયું ન-જોયું કર્યું છે.

બસ, આ રીતે **જીવનમાં સંયોગમાં આવતા જડ-ચેતન ભાવો પૈસાટકા-પરિવાર પર મેળાના રમકડાં અને રેલ્વેના પેસેન્જરની માફક ઓવારી ન જાઓ, એના સંયોગને પહેલેથી નાશવંત ગોખી રાખો, તો પછી એ સંયોગ નષ્ટ થતાં રોવાનું દુઃખ કરવાનું શાનું હોય ?**

નાના વજ્રકુમારે માતાના વિયોગમાં દુઃખ ન કર્યું પણ માતાએ આ સારા પુત્રના વિયોગ પર ભારે ઉદ્વેગ કર્યો; કેમ વારું ? બચ્ચાને મા વહાલી ન હોય ? પણ ના, અહીં બાળ વજ્રકુમારને પૂર્વ જન્મના સ્મરણથી દેખાય છે કે આ માતા કાંઈ પૂર્વ નહોતી. તેય અહીં મારા મર્યા પછી આગળ ભવે પણ સાથે નથી ચાલવાની. પછી એના પર શું મોહવું ? શું ઓવારી જવું ?

માતાને આ બોધ નહોતો એ એક જનમના જ સંબંધ જોતી હતી, તેથી

પહેલાં બચ્ચુ સતત રોતડ જોઈ એના પર દ્વેષવાળી બની. અને પાછળથી એને હસ્તુ-ખીલતું જોઈ એના પર રાગમૂઢ બની ! દ્વેષમાં વહોરાવી દીધેલું છતાં રાગમાં માગવા નીકળી ! આમાં ક્યાં વિવેક રહ્યો ? **પોતાના મોહમાં બચ્ચાનું પરલોકમાં શું થાય ? એ વિચાર જ કયાં કરવો છે ?**

કોર્ટે ચડી રાજાને કહે છે, ' મારો છોકરો સાધુઓ પાસેથી અપાવો.' કેમ જાણે છોકરો મળે તો પોતે એને કાયમ માટે સાથે રાખશે. 'જગતના ભાવો અનિત્ય છે, એમ પોતાનું જીવન પણ નાશવંત છે,' એ ય જોવાનું ન હોય ત્યાં પરલોકની દૃષ્ટિએ પોતાનું હિત સાધી લેવું, અને બચ્ચાનું હિત ન બગાડવું એવી લાગણી શાની થાય ?

શાંતસુધારસ શાસ્ત્ર કહે છે,-

**कवलयन्नविरतं जंगमाजंगमान्.... जगदहो नैव तृप्यति कृतान्तः ।...**

**યમને કાળને તૃપ્તિ જ નહિ :-**

અર્થાત્ જમરાજ યાને વિનાશરૂપી રાક્ષસ એટલે કે કાળરાજા હાલતા-ચાલતા અને સ્થિર સમસ્ત જગતને સતત કોળિયો કરતો રહે છે,...એમ અનંત કાળથી ચાલ્યું છતાં એને કયારે ય તૃપ્તિ થતી નથી, તેથી હજી પણ એનું જગતને ભરખવાનું ચાલુ છે. એમાં જગતના કેટલાય પદાર્થોને કાળે મોંમા લીધા છે, અને એનો અંત સરજી રહ્યો છે; જ્યારે આપણે હજી કાળની હથેલીમાં છીએ. છતાં આપણને આપણો અંત નથી દેખાતો એ કેવી દુર્દશા ?

કાળ શું હાથમાં પકડાયેલ કોળિયાને મોંમાં નહિ પધરાવે ? અને કાળના મોંમા પધરાયા આપણે ચવાતા થઈ ગયા એટલે આપણો અંત નહિ થાય ? હજી ગઈકાલે જ કાળના હાથમાં જે ખેલતા હતા, તે આજે ભલભલા પણ અંત પામતા દેખાવા છતાં આપણને આપણો અંત ન દેખાય એ કેવી અંધતા ?

જૈન શાસ્ત્રો કહે છે, શાશ્વત મેરુ અને દેવ વિમાન જેવા પદાર્થોના પુદગલ-અણુઓ અસંખ્ય કાળથી વધારે ત્યાં રહી શકતા નથી, વધુમાં વધુ અસંખ્ય કાળે, ક્રમશઃ થોડા થોડા છૂટતા છૂટતાં અંતે આ બધા અણુ ત્યાંથી છૂટા પડી જ જાય છે પછી ત્યાં નવા અણુઓ દાખલ થઈ થઈને એ શાશ્વત ગણાતા પદાર્થની આકૃતિ એવી ને એવી રાખે, પરંતુ અંદરના અણુઓ તો રવાના થાય જ . શાશ્વતાની આ સ્થિતિ, તો અશાશ્વતા બંગલા-બગીચા વગેરેનું તો પૂછવું જ શું ? દરેકને પોતાનો અંત દેખવાનો.

મોટા ૩૩૦ ક્રોડ પલ્લોપમ યાને અસંખ્ય વર્ષીય કાળની સ્થિતિવાળા અનુત્તર-વાસી દેવોને પણ એક દિ' કાળ-જમરાજના હાથમાંથી મોંમા હડસેલાયે અંત જોવા

પડે, ત્યાં નાના આયુષ્યવાળા આપણે શી વિસાતમાં ? જમરાજ કાળ આપણને શાનો છોડશે ? અત્યારે હજી આપણે જીવતા છીએ એટલે એનો અર્થ કાંઈ એ નથી કે કાળનાં સંકજામાંથી આપણે બાદ છીએ ? કાળના હાથમાં પકડાયા આપણે હાલ રમી રહ્યા છીએ. એ મોંમા પધરાવે એટલી જ વાર છે. પરંતુ આપણને એ કાળની પકડ અને આગામી અંત ન દેખાય એ કેવી મોહમૂઢતા ! કેવી બુદ્ધિહીનતા !

કદાચ એમ દાવો રાખતા હો કે 'ના, એમ તો અમે સમજીએ જ છીએ કે અમારે પણ એક દિવસ મરવાનું તો છે જ,' તો પછી સવાલ આ છે કે,

**'એક દી' મરવાનું તો છે જ આવી સમજનું ફળ શું ? જીવન પર અસર શી ?**

જેને ૨-૪ મહિના મોડી પણ ફાંસીની સજા ફરમાઈ ગયેલી દેખાય એને મન પર અને જીવન પર કોઈ અસર ન થાય ? મન હતાશ અને જીવન સૂક્કું બની જાય ?

માનો કે કોઈ મોટા શેઠિયાને રાજ્ય તરફથી સજા ફરમાઈ કે 'આને બાર મહિના પછી ફાંસી દઈ દેવાની તો હવે એ માણસ ધમધોકાર વેપાર કરી શકવાનો ? એ મોટા રંગરાગના વિલાસ મોજથી કરી શકે ? ના, મન પર મોતની ઘેરી અસર પડવાથી મોજબોજ ક્યાંય ઊડી જાય. જીવન ભયવિહ્વળ બની જાય, રંગરાગ અને માલમિલ્કતમાંથી રસ સુકાઈ જાય. તો પછી જો ફાંસીની જેમ મૃત્યું નિશ્ચિત થવાનું સમજતાં હોઈએ તો મન અને જીવન પર એની આવી અસર કેમ ન પડે ?

**જનક વિદેહી કેમ ?:-**

**પેલા જનકરાજાના દિવાનની વાત** ખબર છે ને ? એણે રાજાને પ્રશ્ન કરેલો કે આપ તો રાજ્યપાટ અને રાણીઓ વગેરેના વૈભવવિલાસમાં બેઠા છો, તો પછી લોક કેમ તમને 'વિદેહી' એટલે કે મુક્ત જેવા કહે છે ?'

રાજાને આના જવાબમાં એ બતાવવું છે કે ભલે બહારથી વૈભવવિલાસમાં રહેવાનું દેખાય, પણ પોતાને પ્રતિક્ષણ મૃત્યુંનો ભય લાગતો હોઈ પોતાના દિલને એ કશામાં રસ નથી, નીરસતા છે, અને પ્રજા પણ અવસરે અવસરે રાજાની એ નીરસતા દેખે છે તેથી એને વિદેહી કહે છે; આમ દિવાનને સમજાવવું છે કિન્તુ એ સીધું નહિ સમજાય, નહિ ગળે ઊતરે, તેથી દિવાનને પોતાને મૃત્યુના ભયમાં મૂકી એને પછી નીરસતાનો અનુભવ કરાવવા રાજાએ યુક્તિ કરી 'અવસરે જવાબ દઈશ' એમ કરી દિવસો પસાર કર્યા.

પછી રાજાએ પહેલાં તો ગાર્ડન-પાર્ટી (ઉદ્યાન-મિજબાની ) ની યોજના કરી, દિવાન વગેરેને સવારે નોંતરા મોકલ્યા કે સાંજે ચાર વાગે બગીચામાં મિજબાનીમાં આવજો. પછી બપોરે બે વાગે નગરમાં ઢંઢેરો પિટાવ્યો કે બગીચામાં

આજે સાંજે પાંચ વાગે દિવાનને ફાંસી દેવાની છે.

બસ, દિવાનના એ સાંભળતાં મોતિયા જ મરી ગયાં. મનને વહેમ ગયો કે, 'પેલા મારા ઉદ્ધત પ્રશ્ન પર નક્કી રાજાએ આ સજા ઠરાવી લાગે છે, હવે

હવે આપણે ગયા.' કુટુંબને ભર-ભલામણ કરી એ સાંજે ચાર વાગ્યે બગીચે પહોંચ્યા. બધાની સાથે જમવા બેઠો, પણ શું જમે ?

રાજા પૂછે છે, 'કેમ દિવાનજી ! આજ જમણ ન ગમ્યું ? કેમ જમવામાં રસ નથી ?'

દિવાન ઊકળીને કહે છે, 'શું રાખ રસ હોય ? પાંચ વાગ્યે તો આપ મને ફાંસી દેવાના છો.'

રાજા કહે, 'પણ એને તો હજી કલાકની વાર છે ને ?'

દિવાન અકળાઈને કહે છે, 'મહારાજા ! કલાક શું એક દિવસ એક મહિના પછી પણ જો મોતની સજા નક્કી હોય તો ય માણસને ખાવું ન ભાવે, ને કશું ય ન ભાવે, તો આ તો હવે માત્ર એક કલાકની જ વાર છે, ત્યાં ખાવાનું શું ભાવે ?'

જનક રાજા હવે કહે છે, 'ત્યારે જુઓ દિવાનજી ! તમને તો કલાક પછી મોત દેખાયું તો ય ગભરાઈ ગયા, અને બધામાંથી રસ ઊડી ગયો, તો મને તો પ્રત્યેક ક્ષણ પછી મારું મૃત્યું દેખાય છે; પછી મને બધા વિષયોમાંથી રસ ઊડી જાય અને મન વિરક્ત વિદેહી જેવું રહે એમાં શી નવાઈ છે ? જાઓ તમને કશી ફાંસી-બાંસી દેવાની છે નહિ; આ તો માત્ર તમને મૃત્યુના ભયે કેવી વિષયવિરક્તતા આવે છે, એનો અનુભવ કરાવવો હતો એટલે આ તાકડો ગોઠવ્યો હતો. બાકી માણસે વિષયલુબ્ધ ન બનવું હોય, વિષયોના જ વિકલ્પ-વિકલ્પમાં ડૂબ્યું ન રહેવું હોય, તો માથે મૃત્યુની તલવાર હંમેશા લટકતી દેખતા રહેવું જોઈએ; જેથી મૃત્યુના ભયમાં વિષયોના રસ જ ઊડી જાય; પછી એની લુબ્ધતા-લંપટતા શાની ઊભી રહે ?'

'શાંતસુધારસ' કાર આ જ કહે છે કે જે અત્યારે મૃત્યુ પામતા દેખાય છે એમનાંમાં અને આપણામાં આટલો જ ફરક છે કે જમરાજે એમને મુખમાં પધરાવ્યા છે, અને આપણને હથેલીમાં પકડ્યા છે; તે પછી હાથ ઊંચો કરે એટલી જ વાર છે. હાથમાં પકડાયા આપણે મોંમા મૂકાયા વિના ક્યાં જવાના છીએ ? છતાં જો આપણને આપણો અંત આપણું મૃત્યુ નથી દેખાતું, તો એ કેવી દુર્દશા છે ? કેવી બેભાન સ્થિતિ ગણાય ?

**જગતના જડ-ચેતન ભાવોની અને આપણી નાશવંતતા નજર સામે રહે તો ઘણા ખોટા વિકલ્પો-કષાયો અને હાયવોયથી બચી જવાય.**

સમસ્ત જડ-ચેતનના સંયોગો અનિત્ય છે, તેથી આપણા ટકાવ્યા ટકવાના

નથી, એવી અનિત્યતાની સચોટ ભાવના રાખ્યા કરવી જોઈએ. એ રાખીએ તો પછી વિકલ્પો-કષાયો-હાયવોય કરવાના રહે નહિ. કેમકે એ ઊઠે છે જડ યા ચેતનની ખાતર; એટલે મનને એમ થાય કે જડ-ચેતનના સંયોગ તો અનિત્ય છે, ઊઠીને ચાલ્યા જવાના છે. તો એની ખાતર શા માટે મારું મન વિકલ્પોથી બગાડું ? એ હોય ત્યાં સુધી પણ શા સારું એના પર ઓવારી જાઉં ? કે એ નરસા હોવા પર દુ:ખી થાઉં ?

**ઊઠીને ચાલ્યા જનારા પર હરખ શા કે ખેદ શા ?**

(૧) તીર્થમેળામાં ધર્મશાળામાં મળેલા સારા-નરસા યાત્રિક પર કોણ ઓવારી જાય છે કે ખિન્ન થાય છે ? કોઈ નહિ. કેમકે પેલા ઊઠીને ચાલ્યા જનારા છે, એવો ખ્યાલ પાકો છે.

(૨) 'ના, હું કાયમ રહેવાની નથી, ગમે ત્યારે મારાબાપને ઘેર જતી રહીશ,' એવું બોલનારી પત્ની રહે ત્યાં સુધી પણ એના પર કયો સુજ્ઞ પતિ ઓવારી જાય ? કે એના ચાલી જવા પર ખેદ કરે ?

(૩) પરણીને ધંધામાં ગોઠવાઈ ગયે, બસ, તરત જુદા થવાનાં લક્ષણ પહેલેથી દેખાડનારા દીકરા પર ડાહ્યા માબાપ ઓવારી જતા નથી, પણ આશા જ મૂકી દે છે; અને જુદો થતાં મન વાળી લે છે કે એનાં લક્ષણ જ એવાં હતાં. એવા દીકરાની શી બહુ આશા કરવી ? કે શા ઓરતા કરવા ?'

**છેલ્લો શ્લોક: નિત્ય ચિદાનંદ સ્વરૂપ પર પ્રશમસુખ :-**

તાત્પર્ય, જડ-ચેતનના સંયોગો અનિત્ય છે, નાંશવત છે. એમ, આપણું શરીર અને આયુષ્ય પણ નાશંવત છે, માત્ર, આપણા આત્માનું જ્ઞાન-આનંદમય સ્વરૂપ અવિનાશી છે. 'શાંતસુધારસ ' શાસ્ત્ર કહે છે,-

**नित्यमेकं चिदानन्दमयमात्मनो, रुपमभिरुप्य सुखमनुभवेयम् ।...'**

અનિત્યની ભાવનાની પહેલી ઢાળમાં આ છેવટનો વિચાર છે કે આત્માનું ચિદ અને આનંદમય અર્થાત્ જ્ઞાન અને નિરપેક્ષ સુખમય મૌલિક સ્વરૂપ, એ જ એકલું નિત્ય છે, અવિનાશી છે એને બરાબર તપાસી નિશ્ચિત કરી, (એના વિશ્વાસ પર) હું પ્રશમસુખનો અનુભવ કરું. આ સંસારમાં સજ્જન પુરુષોને હંમેશા આ પ્રશમરસના નવીન અમૃતપાનનો મોક્ષદાયી ઉત્સવ બન્યો રહો.

અહીં 'વિનય ' શબ્દથી શાસ્ત્રકર્તા ઉપાધ્યાયજી શ્રી વિનયવિજયજી મહારાજે પોતાના નામનો નિર્દેશ પણ કર્યો, અને વિ' એટલે વિશેષથી, 'નય' એટલે લઈ જનાર અર્થાત્ ઠેઠ મોક્ષ સુધી લઈ જનાર, મોક્ષ પમાડનાર મોક્ષદાયી - એમ પણ સૂચન કર્યું. શું એ ? તો કે ઉત્સવ. મોક્ષદાયી ઉત્સવ શાનો ? પ્રશમરસ-અમૃતપાનનો

એ સતત ચાલુ રહે; સંસારના છેડા સુધી બન્યો રહો.

અમૃત જેવા પ્રશમરસને પીધા કરવો, પ્રશમને સતત અનુભવ્યા કરવો, એ એક ઉત્સવરૂપ છે, ઊજાણી-મિજબાની-આનંદમંગળ પ્રસંગ છે. અગર

પ્ર.- પ્રશમ એ અમૃત કેમ ? અમૃતમાં તો મૃત્યુ ન હોય.

ઉ.- ચિત્તપ્રશમ-ઉપશમ-શાંત ભાવવાળું બન્યું રહે, તો એને મૃત્યુ એ કશું મોતરૂપજ નથી લાગતું માટે પ્રશમને અમૃત કહ્યું, પણ નવીન જાતનું અમૃત હોં, કેમકે દેવોનું અમૃત તો એમને સો-બસો હજાર-બે હજાર લાખ-બેલાખ, અરે અબજો વરસ સુધી મરવા ન દે, પરંતુ અસખ્ય વરસ પછી મૃત્યુ લાવે જ. ત્યારે પ્રશમ-અમૃત ઠેઠસુધી યાને અજર-અમરતા આવે ત્યાં સુધી પણ મૃત્યુ દુઃખનો અનુભવ જ થવા નથી દેતુ; માટે એને મન મૃત્યુ શું ? અને અંતે તો અક્ષય-અજર-અમર સ્થિતિ છે જ,

ધ્યાન રાખવાનું છે,-મનને જગતના ભાવો પ્રત્યે રાગ-દ્વેષનો અનુભવ બંધ થાય, મન નક્કી કરે કે ‘જગતના જડ-ચેતન ભાવો  સાથે મારે શી નિસ્બત છે ? એ સારા રળિયામણા તેથી મારે શું ? અને એ નરસા તેથી પણ મારે શું ? મારો આત્મા તો સહજ રૂપે વિશુદ્ધ જ્ઞાન-આનંદથી ભરેલો જ છે. એને જગતના ભાવો પર કશો આધાર રાખવો પડતો નથી.

**એ બહારના ભાવ આત્માના મૂળ સ્વરૂપમાં કશો ફરક પાડી શકતા નથી;**

અર્થાત જગતના રળિયામણા દેખાતા પદાર્થ આત્માના અનંત શુદ્ધ જ્ઞાન-આનંદ સ્વરૂપમાં કશો વધારો કરતા નથી, કે જગતના નરસા દેખાતા પદાર્થ એમાં કશી હાનિ કરી શકતા નથી. પછી શા સારુ એ બહારના સારા ભાવ પર રાગ કરવા ? કે નરસા પર દ્વેષ કરવા ? શા સારુ મૂળ તદવસ્થ અનંતજ્ઞાન-આનંદ સ્વરૂપના ભરોસે લહેર ન કરવી ?

આમ, રાગ-દ્વેષ બંધ પડે એટલે મન એથી ડહોળાતું અટકે, અને શાંત બને, શાંત-પ્રશમભાવમાં ઝીલતું રહે.

**એ રાગ-દ્વેષ અટકાવી પ્રશમરસમાં ઝીલાવનાર કોણ ? આત્માના અવિનાશી ચિદાનંદ સ્વરૂપનો ખ્યાલમાં ઝીલાવનાર છે.**

મારો આત્મા નિત્ય-અવિનાશી જ્ઞાન-આનંદમય છે; આ ખ્યાલ જાગતો રહે પછી જગતના ભાવોથી જરાય રાગમાં કે દ્વેષમાં લહેવાઈ જવાની જરૂર નથી.

ખૂબી જુઓ-આત્માનું સહજ જ્ઞાન-આનંદ સ્વરૂપ જ એકલું નિત્ય છે; બાકી જગતના જડ પુદ્ગલ-માત્રના સ્વરૂપ રૂપ-રસ-ગંધ-સ્પર્શ વગેરે અનિત્ય છે તેમજ બાહ્ય ચેતન સગાં સ્નેહી કે વિરોધનાં સ્વરૂપ પ્રેમ યા દ્વેષ એ પણ અનિત્ય છે.

વિશ્વમાં જીવદ્રવ્યની જ આ વિશેષતા છે કે એનું ચૈતન્ય-જ્ઞાન-આનંદસ્વરૂપ નિત્ય છે, તે એવું નિત્ય કે એને સંપૂર્ણ પ્રગટ કર્યા પછી કદી ય એ આવરાતું નથી. અર્થાત્ પ્રગટ થયેલ અનંતજ્ઞાન-આનંદમય શુદ્ધ આત્મા હવે ભવિષ્યના અનંતાનંત શાશ્વત કાળ માટે શુદ્ધ રહે છે; કદાપિ અશુદ્ધ થતો જ નથી.

આ હિસાબે આપણી દૃષ્ટિ ક્યાં ઠારવા જેવી ? ભલે અત્યારે આ આપણું શુદ્ધ સ્વરૂપ પ્રગટ નથી, પરંતુ છૂપાયેલું-ઢંકાયેલુ તો વિદ્યમાન છે ને ? એનો મનને કોઈ હરખ થાય છે ખરો ? એમ ખબર મળે કે 'અમુકને ત્યાં તમારું ક્રોડનું ધન પડેલું છે, માત્ર, કોરટમાં પૂરાવા રજુ કરી જજમેન્ટ અને ઓર્ડર મેળવવાનો બાકી છે, ને પૂરાવા પણ તમારી પાસે છે.' આવી ખબર મળ્યા પછી ભલે અત્યારે એ ક્રોડોનું ધન તમારા કબજામાં નહિ, પરંતુ તમારું હોવા પર કેટકેટલો હરખ થાય કે, 'હેં ? મારા ક્રોડો સોનૈયા છે ?' બસ, એ પ્રમાણે આપણા આત્મામાં અનંત જ્ઞાન અને આનંદ ભર્યો પડયાનો હરખ ન થાય કે, હેં ? હું વિશ્વના ત્રણે કાળના સમસ્ત ભાવોને જાણનારો ? અને અનંત સુખનો ભરેલો ! '

શાસ્ત્રકાર આ જ કહે છે કે 'નિત્યમેક ચિદાનન્દમયમાત્મનો...સુખમનુભવેયમ' આત્માનું નીતરતું શાશ્વત જ્ઞાન-આનંદમય સ્વરૂપ સમજીને હું હરખ અનુભવું. 'આ ભાવનાથી સજ્જનોને આ જન્મમાં સતત પ્રશમ-સુધાપાનનો મોક્ષદાયી ઉત્સવ બન્યો રહો.'

**સ્વાત્માના અનંત જ્ઞાન-આનંદમય સ્વરૂપના ખ્યાલથી કેટલા લાભ ?:-**

આ પોતાના અનંત જ્ઞાન-આનંદસ્વરૂપનો ખ્યાલ અને પ્રશમ-અમૃતનો અનુભવ સતત બન્યો રહેવા પર (૧) જગતના જડચેતનના નાશવંત સંયોગો કે પોતાના નાશવંત આયુષ્યની કશી પરવા નહિ રહે (૨) જગતની અને જાતના દેહની અનિત્યતા જોઈ એના પર ખોટા મોહ નહિ ઊઠે, એના નાશ પર મુંઝાવાનું નહિ થાય; તેમજ (૩) એવા નાંશવતની સ્વાત્માના અનંત જ્ઞાન-આનંદ સ્વરૂપની હૈયે હુંફ રહેશે અને મન શાંત પ્રશમભાવમાં ઝીલતું રહેશે.

આમ, અનિત્યતાની ભાવના ખોટા મોહથી અને ખોટાં કામોથી બચાવે છે; તેમજ એની સામે જ્ઞાન-આનંદ સ્વરૂપની નિત્યતાની ભાવના શાંત પ્રશમભાવના સાગરમાં ઝીલતો રાખે છે.

**ઋષિદત્તાને મોતની સજા :-**

ત્યારે જગતના સંયોગો કેવા અનિત્ય છે એ જુઓ કે પેલી ઋષિદત્તા એક પવિત્ર નિર્દોષ બાઈ છતાં એના પર રોજ એક માણસને મારી નાખનારી તરીકેનું કલંક ચડયું. એક વખતની એ રાજાની દીકરી, અને અત્યારે મોટા રાજકુમારની એ

આબરૂદાર પત્ની, પણ હવે ક્યાં રહી આબરૂ અને ક્યાં રહેવાની મહેલસપાટી ?

રાજકુમાર કનકરથનો પિતા રાજા ભારે ગુસ્સામાં આવી ગયો છે પેલી જોગણીના ગુપ્ત પ્રપંચે રાજાને ઋષિદત્તાનુ લોહીયાળું મુખ અને એના ઓશીકે માંસના ટૂકડા દેખાડ્યા, ને હત્યારી હોવાનું ઠસાવી દીધું એટલે હવે એ સિપાઈઓને એ કહે છે, 'જાઓ ચંડાળોને બોલાવી લાવો. આ રાક્ષસીને મારી નાખ્યા વિના બીજો કોઈ ઉપાય નથી.'

ત્યારે શું રાજકુમારને આ જોઈ રહેવાનું ? પણ એ શું કરે ? પિતાની આગળ દલીલ તો કરી કે 'ઋષિદત્તાએ માણસની હત્યા કરવાનું પ્રત્યક્ષ કોણે જોયું છે ?' પરંતુ રાજાના મનમાં એક બાજુ હત્યા ને બીજી બાજુ ઋષિદત્તાનું લોહિયાળું મોં તથા પાસે માંસના ટૂકડા, એ બંનેની કડી જોડાઈ ગઈ છે, એટલે એટલી જ વસ્તુ પર એ એને પ્રત્યક્ષ હત્યાકારિણી માની લે છે, અને પુત્રને પત્નીનો મોહઘેલો માની ધમકાવે છે, ત્યાં વિનય-દાક્ષિણ્યગુણવાળો એ કુમાર શું કરે ?

**પ્ર.**- શું એ પિતાને કહી ન દે કે જો તમારે એક નિર્દોષ સ્ત્રીને મારી નખાવવી છે, તો હું પણ એની સાથે મરીશ ?

**ઉ.**- કહી શકે, એને કાંઈ પોતાના જીવનની એવી પરવા નથી. પરંતુ એક તો એ જન્મથી માતાપિતાની પ્રત્યે ભારે વિનય-દાક્ષિણ્યવાળો છે, અને બીજી બાજુ સાંયોગિક પુરાવો એવો બન્યો છે કે, પોતાને ઋષિદત્તાની નિર્દોષતાની ખાતરી છતાં, બહુ જોર મારવાને જગા દેખાથી નથી. રોજના રોજ એક માણસની હત્યાની બૂમ, અને રોજે ઋષિદત્તાનું મોં લોહિયાળું આ સજ્જડ સાંયોગિક પુરાવા પર રાજાને નિર્ધાર થઈ ગયો ત્યાં પછી કુમાર મરવાની તૈયાર બતાવે તેથી રાજા રાજાપણાની રૂએ ઋષિદત્તાને જતી ન કરે. તો પછી કુમારનું મોત વ્યર્થ જાય-પોતે આ જનમના શક્ય સુકૃત-સાધનાઓ ગુમાવનારો બને એટલે ઋષિદત્તાનું નિર્ધારિત મોત જાણી એમાં કશો સુધારો કે ફેરફાર અશક્ય જાણી કુમારે હવે બીજુ બોલવાનું બંધ કર્યું હોય, તેમજ પોતાના મૃત્યુને વ્યર્થ માની એનો પ્રસ્તાવ ન મૂક્યો હોય.

**પ્ર.**- તો પછી એને પોતાને જ ઋષિદત્તા પર કેમ શંકા ન ગઈ ?

**ઉ.**- શંકા એટલા માટે ન રહી કે ઋષિદત્તા ગુણિયલ અને મૃદુ કોમળ સ્વભાવની એણે અનુભવી છે. તેમજ એના પિતા તાપસના વૃતાન્તને એણે સાંભળીને એ કન્યાની ખાનદાની એ સમજ્યો છે; ઉપરાંત એણે શંકાથી ઋષિદત્તાને પૂછેલું ત્યારે ઋષિદત્તાએ પોતે હત્યા તથા લોહિયાળા મુખ અંગે કશું ન જાણતી હોવાનું કહ્યા પર કહ્યું હતું કે 'આમ છતાં તમને એમ જ લાગતું હોય કે હું હત્યારી જ છું તો તમે ખુશીથી મને એક સડેલા અંગની જેમ ખત્મ કરી નાખો.' આટલી

હકીકત પર હવે કુમારને એની નિર્દોષતાની ખાતરી કેમ ન થાય ?

અસ્તુ. હવે કુમાર લાચાર બની બેઠો છે; ને રાજાએ ચંડાલો આવ્યા એટલે એમને કહી દીધું કે, 'જુઓ આ ઋષિદત્તા રાક્ષસણી છે એટલે સાવધાન રહેજો, તમને ય ઠગી ન જાય. લઈ જાઓ એને નગરમાં રાક્ષસી તરીકે જાહેર કરતાં કરતાં ફેરવીને શ્મશાનભૂમિમાં લઈ જઈ એનો વધ કરી નાખો.'

જો જો જગતના ભાવોની અનિત્યતા પેલી રુકિમણી કન્યા કુમારના પાણિગ્રહણમાંથી ઊતરી ગયેલી. એને હવે પાણિગ્રહણના પ્રસંગમાં આવવું છે; એ માટે આ ઋષિદત્તા સુખે સમાધે રાજપુત્રની પત્ની બની બેઠેલી, એના પર વધની સજા ઠોકાય, ભારે કલંકિતપણું માથે આવે, એ કેવી અનિત્યતા ? તમે વર્તમાનના તમારા સુખદ માનેલા સંયોગોના ભરોસે બેઠા છો ને ? કે આવું સાંભળીને મનને વસવસો થાય ખરો કે,'હે ? તો શું આ સંયોગો કોને ખબર કાલે કેવા ફરી બેસે ?'

**મહાપુરુષોનાં ચરિત્ર સાંભળતાં સાંભળતાં પોતાના જીવન પર ધડો લેવાય તો શ્રવણ સફળ થાય.**

વરસે વરસે એ જ પર્યુષણાનાં વ્યાખ્યાન અને કલ્પસૂત્ર સાંભળવાનું પ્રયોજન શું ? પોતાના જીવનમાં કશું જોવાનું નહિ ? પોતાના જીવન માટે કશી પ્રેરણા નહિ લેવાની ? ઋષિદત્તાનો આ પ્રસંગ વિચારતાં આવડે તો આપણા વર્તમાન સુખદ સંયોગો પર નિરાંત વાળવાનું મન ન થાય.

ચંડાળો ઋષિદત્તાને લઈ ચાલ્યા, ને નગરમાં આ રાક્ષસણી છે, એણે રોજ રોજ એકેક જણની હત્યા કરી છે, તેથી હવે એને મસાણમાં લઈ જઈ મારી નાખવામાં આવશે ' એમ જાહેરાત કરતાં કરતાં નગરમાં ફેરવે છે. પરંતુ ખૂબી જુઓ કે લોકો બધાજ આ સાચું માની લેતા નથી ! કેટલાયને આની નિર્દોષ આકૃતિ અને આનું રુદન રોવરાવી જાય છે. એમ લોકોનાં રડવા વચ્ચે થઈને આને ચંડાલો વડે લઈ જવામાં આવે છે.

**ઋષિદત્તા તલવારની ધાર નીચે :-**

લોકો રડે તેથી ઋષિદત્તાને શું ? એને કોઈ બચાવનાર મળે ? રાજાના કડક આદેશની સામે કોઈની બચાવ માટે આગળ આવવાની મજાલ નથી. ખુદ રાજકુમારનું ગજુ નહિ, તો બીજાની શી વાત ? જીવની આ અશરણ દશા કેવી ? ઋષિદત્તાને ઠેઠ મસાણમાં લઈ જઈ ખડી કરવામાં આવી. ત્યાં સૂર્યાસ્ત થઈ જઈ રાત્રિ શરુ થઈ ગઈ છે. ચંડાલો સ્મશાનમાં ખડી કરી હવે એને હણી નાખવા માટે ચકમકતી તલવાર કાઢી ઉગામે છે. વિચારો ઋષિદત્તાની અત્યારે માનસિક પરિસ્થિતિ.

ઋષિદત્તા નિરાધાર ઊભી છે. દિલને દુઃખનો પાર નથી. ઊંચે આભ, નીચે

ધરતી, ને આસપાસ ચંડાલ સિવાય કાંઈ નથી; વિકરાળ મસાણભૂમિ છે. ઋષિદત્તા નિરાધાર ઊભી છે. અહીં હવે આંખ સામે તલવારની ચકમકતી ધાર, એનો કમકમતો ઘા, સીધું કપાઈ મરવાનું અને મોત પામવાનું દેખાઈ રહ્યું છે. કોઈ બચાવનાર દેખાતું નથી. નથી પોતાનો પતિ બચાવનાર, કે નથી કોઈ નગરનો દયાળુ નગરશેઠ વગેરે ય બચાવવાવાળો. ચંડાળ જાણે યમરાજ તે એના હાથમાં સપડાઈ ઋષિદત્તા તદ્દન અશરણ-નિરાધાર ઊભી છે કદાચ પતિએ જ મારી નાખી હોત તો એને જે દુઃખ ન લાગત, એ પારાવાર દુઃખ ચંડાળના હાથે મરાવાનું લાગે છે.

**કેવી કરુણાપાત્ર દશા ?**

જીવને જ્યાં સુધી સારાસારી હોય છે ત્યાં સુધી આવા દુઃખદ પ્રસંગની કલ્પના નથી આવતી, એટલે મોહ-રાગ-આસક્તિ અને મદ-નિશ્ચિતતા એમજ ઊભા રહી આત્મહિત સુઝતું નથી, ને પછી જ્યારે દુઃખદ પ્રસંગ આવીને ઊભો રહે છે ત્યારે મોહ-મદ ઓગળી જઈ દીનતા આવે છે, અને હિત સાધવાનો અવસરહોતો નથી. મોતના મુખમાં એવી અશરણ દશા ઊભી થાય છે.

**શાંતસુધારસ 'અશરણ 'ભાવના અને મહાસતીઋષિદત્તા**

મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજ 'શાંતસુધારસ'શાસ્ત્ર માં બીજી 'અશરણ'ભાવનાનું વર્ણન કરતાં કહે છે,-

**'ये षट्खंडभुजोमहीमहीनतरसा निर्जित्य बभ्राजिरे,**
**ये च स्वर्गभुजो भुजोर्जितमदा मेदुर्मुदा मेदुराः ।**
**तेऽपि क्रूरकृतान्तवक्त्ररदनैर्निदल्यमाना हठा–**
**दत्राणाः शरणाय हा दशदिशः प्रैक्षन्त दीनाननाः ॥'**

-અર્થાત્ જે મોટા છ ખંડ સામ્રાજ્યના ભોકતાઓ ભારે વેગથી પૃથ્વીને જીતીને શોભતા હતા, અને જે સ્વર્ગના ભોક્તા દેવતાઓ ભુજાબળના વિકસી ઊઠેલા મદભરેલા બની આનંદથી હર્ષિત થતા હતા, તે પણ જ્યારે ક્રૂર યમરાજના મોંમા દાંત નીચે જોરથી ચવાતા હતા ત્યારે ક્ષણ વિનાના એ જીવો શરણને માટે હાય ! દીન મુખવાળા બની દશે દિશામાં જોયા કરતા હતા !

ચક્રવર્તીની અશરણ દશા :-

શું ? મોટા માંધાતા ચક્રવર્તીઓને અને ચમરબંધી દેવોને ય મોતના આક્રમણ વખતે, બચવા કોઈ શરણ નહિ; બચવું તો ઘણું ય હોય, પણ મજાલ કોની કે એમના મૃત્યુને અટકાવી શકે ? મૃત્યુ વખતે ઊભી થતી એ મહાસમૃદ્ધિ અને શરીર સુદ્ધાંના વિયોગની પીડાને અટકાવી શકે ? જ્યારે એ ચક્રવર્તીપણું ઊભું કરેલું, ત્યારે તો એવા વટ અને વેગથી કરેલું કે જાણે આને જગતમાં હવે કોઈ આંબનાર

નથી ! આ સૂર્ય હવે અસ્ત જ થાય નહિ ! પરંતુ વખતને જતાં શો વિલંબ ?તે જોતજોતામાં મૃત્યુરૂપી અસ્ત એવો આવી ઊભો કે ચક્રવર્તી ઉપર બહારના કોઈ ચડી આવનાર શત્રુ વિના જ એનાં હાંજા ગગડવા લાગ્યા. આજુબાજુ આજ્ઞાંકિત પરિવાર મોટો ખડો છે, પરંતુ કોઈનું ચાલતું ઊપજતું નથી. 'હેં મારે જવાનું ? કોઈ બચાવી રાખનાર ?' એમ ચારે બાજુ ચક્રવર્તી દીન-હીન મુખે નજર નાખે છે, પરંતુ અ-ત્રાણ દશા છે. કોઈ ત્રાણ-રક્ષણ દેખાતું નથી એ વખતે પોતાની માંધાતાગીરીના મદ ઓગળી જાય છે.

ચક્રવર્તી સૂભુમના લહાવ-લશ્કર ભર્યા વિમાનને ૧૬૦૦૦ યક્ષ દેવતાઓનો ટેકો એકી કલમે છૂટી જવાથી વિમાન જ્યાં આકાશમાંથી નીચે પટકાવા માંડ્યું, ત્યાં સુભૂમનો ક્ષણ પહેલાંનો પાવર-મદ-અંહકાર લુપ્ત ! હાય ! આ શો ગજબ ? અરે ! પકડો પકડો કોઈ વિમાનને પકડી રાખો' એમ સુભૂમની કાકલુદીભરી યાચનાને સાંભળનાર કોણ છે ? કોઈ જ નહિ વિમાનમાં બેઠેલા બધા જ આ કાકલુદી કરી રહ્યા છે. વિમાન પટકાઈને સાગરમાં ડૂબી જવાનું એટલું બધું જોત જોતામાં બની રહ્યું છે કે યક્ષોના હાથમાં ય હવે એને ઊંચકી બચાવી લેવાની બાજી રહી નથી. માંધાતા સુભૂમની કેવી અશરણ-નિરાધાર દશા !

ત્યારે મોટા દેવતાની ય શી વલે છે ? એ ય અહીંની લાખો-કરોડો પેઢીઓ નીકળી જાય ત્યાં સુધી જીવતા ઊભા હતા, દેવ-દેવીઓના પરિવારથી સેવાતા હતા, ને એના પર નિંરાત-નિશ્ચિતન્તા કરીને બેઠા હતા, પરંતુ જ્યાં મૃત્યુને છ મહિના બાકી રહ્યા, ત્યાં બધું ફિક્કુ કરમાતું-ઓસરતું દેખાવા માંડ્યુ. દેવતાને નિકટ મૃત્યુ ચોક્કસ લાગી ગયું હાય થઈ કે 'હે ? આ હવે બધું જવાનું ?' છ મહિના ઝુરી મરે છે; દીનતાથી અહીં તહીં ફાંફા માર્યા કરે છે કે, 'કોઈ રાખનાર છે ? કોઈ પહેલાં જેવું સરખું કરી આપનાર છે ?' પણ કોણ હોય ? વિશ્વવ્યાપી હકુમતવાળા જાલિમ મોતનાં આક્રમણને રોકનાર કોઈ જ નથી.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૧,અંક-૧૯,તા.૨૭-૧-૧૯૭૩**

ત્યારે આ દેવતાઈ વર્ચસ્વવાળા મોટા દેવતાની ય આ અવસરે કેવી અશરણ નિરાધાર દશા ? હવે કોઈ મદ ? કોઈ હોશિયારી !

શાસ્ત્રકાર કહે છે કે –

**'तावदेव मदविभ्रममाली, तावदेव गुणसौरभशाली...**

જીવરૂપી કીડો ત્યાં સુધી જ અભિમાન અને નશાના ફાંકાવાળો, ને ત્યાં

સુધી જ ગુણસુવાસ-ગુણબાહોશીવાળો રહી શકે છે કે જ્યાં સુધી અસહિષ્ણુ યમરાજના આંખના કટાક્ષ એના પર નથી પડયા. એ પડયા એટલે જીવકીડાની બધી મદલીલા અને બાહોશી ડૂલ ! એટલી બધી જીવની અશરણ નિરાધાર દશા છે **યમરાજનો કટાક્ષ પડતાં નાસ્તિકના ચાળા ખત્મ ! અને આસ્તિકના વિશ્વાસ અને નિરાતં નષ્ટ !**

**પેલી ઋષિદત્તાને મસાણ વચ્ચે** ખડી કરીને એની ચારે બાજુ ચંડાળો એને તલવારના ઝટકે ખત્મ કરવા તૈયાર ઊભા છે. થોડા વખત પહેલાં એ કેવા વિશ્વાસમાં બેઠી હતી, કેવી નિંરાત વાળીને રહી હતી કે 'મારે સમર્થ ને રૂપાળો-ગુણિયલ-પ્રેમાળ પતિ કનકરથ રાજકુમાર મળ્યો છે. પાછો એ પિતાનો વહાલસોયો લાડકો પુત્ર છે, મારે તો મનમાન્યું બની આવ્યું છે હવે ચિંતા શી ?' એવો વિશ્વાસ અને નિરાંત ધરીને બેઠેલી ઋષિદત્તાને અત્યારે એકલી અટુલી સ્થિતિમાં ચંડાળો મારી નાખવા ઊભા છે.

પતિ ઉપરથી એના પિતાનું વહાલ ઊઠ્યું અને પિતાને પરવશ પતિની રક્ષકતા ઊડી ! નગરવાસીઓની દાઝ સહાનુભૂતિ ય નિષ્ક્રિય ! કોઈ જ રક્ષક કોઈ જ શરણ કોઈ જ આધાર અહીં મસાણમાં ચંડાળોથી ઘેરાયેલી એકલીઅટુલી ઋષિદત્તાને દેખાતો નથી. અહીં તો મારી નાખનાર ચંડાળ ઊભા છે. વિચાર આવે છે ખરો કે 'આપણને પણ કોઈ મહારોગ, મહાવિટંબણા, મહા અકસ્માત કે છેવટે મહામૃત્યું આવું આવીને ઊભુ રહેવાનું છે ? ત્યારે કોઈ રક્ષણહાર નહિ મળે ? અહીં જેની બહુ મમતા કરી એવી એક પણ ચીજ કે સગાસ્નેહી શરણ નહિ આપે ? કે એને આપણી તરીકે ટકાવી રાખનાર કોઈ નહિ મળે ?' આ વિચાર આવે ખરો ? જો આવતો હોય તો પછી શા સારુ એની પાછળ કાળાંકૃત્ય, કાળી લેશ્યા ? શા સારુ દુર્ધ્યાન-વિકલ્પો-ચિંતા-સંતાપ ? શું એ ચિંતા-સંતાપ દુર્ધ્યાન અને દુષ્કૃત્યો વિના નથી જીવી શકાતું ?

**પ્રતિપળ મૃત્યું વખતની અશરણ-નિરાધાર-નિર્બળ દશા લક્ષમાં રાખવા જેવી છે.**

જે પ્રતાપ અને પાવર પર જે તેજ અને બળ પર, જે અર્થ-કામના મહાન પુરુષાર્થ પર તથા જે તનના જોમ અને ધનના ઢેર પર માણસ મુસ્તાક બને છે, એમાં રાચ્યો-માચ્યો રહે છે એ બધું મૃત્યુ વખતે ઊભું રહેવાનું ? મૃત્યુ બાદ શું એ સાથે ચાલવાનું ? શાસ્ત્રકાર કહે છે,-

**'प्रतापैर्व्यापन्नं गलितमथ तेजोभिरुदितैर्...**
**जने कीनाशेन प्रसभमुपनीते निजवशम् ॥'**

જ્યારે માણસ જમરાજથી બળાત્કારે પોતાને વશ કરાય છે ત્યારે માણસના

પ્રતાપ નષ્ટ થઈ જાય છે, ચડેલા તેજ ઊતરી જાય છે ધૈર્ય ખત્મ થાય છે, ઉદ્યોગો-પુરુષાર્થ વિરામ પામી જાય છે, અને ગમે તેવું લષ્ટપુષ્ટ પણ શરીર તદ્દન શિથિલ નિષ્ક્રિય બને છે, અરે ! સગાં-સ્નેહીઓ એનું ધન આંચકવામાં પડે છે. બતાવો મરતી વખતે કઈ જીવનમાં બહુ માનેલી ચીજ, બુદ્ધિ કે મહેનતશક્તિ એમજ પોતાની થઈને ઊભી રહેતી હોય ? કશુંય નહિ ને ? નાસ્તિકના બાપને પણ આ માન્યે જ છૂટકો....એ ધર્મ ન માને, આત્મા ન માને, પરલોક-પુણ્ય-પાપ ન માને, પરંતુ આ અંતકાળની અશરણતા તો માનવી જ પડે ને ? એનાં ઓસરી જતાં પ્રતાપ-તેજ વગેરેને અંતકાળે કોઈ બચાવનાર-ટકાવનાર છે ?

**જો અંતકાળની આ નિર્ધારિત અશરણ સ્થિતિ છે તો પછી,**

**કઈ બુદ્ધિ પર નાસ્તિકતા ?**

અગર આસ્તિકતા છતાં કઈ બુદ્ધિ પર નિરાંત ?

કઈ અક્કલ પર એ નાશંવત ખાતર ક્રોધના ધમધમાટ અને અભિમાનના ફાંકા, તેમજ અસત્ વિચારો અને વિકલ્પો ?

કઈ હોશિયારી પર વિષયાસક્તિ અને ભોગવિલાસો ?

**અશરણના દાખલા :-**

**રાવણ અને લક્ષ્મણ** ઘણા પ્રતાપી હતા, પરંતુ મૃત્યુ થતાં પ્રતાપ પલાયન થઈ આજે ચોથી નરકમાં સબડે છે. ચક્રવર્તી **સનત્કુમારના** તેજ-સૌદર્ય-કાન્તિ એવાં અભિમાન; પરંતુ કાચી સેંકડમાં સોળ રોગ જન્મી એ નષ્ટ-ભ્રષ્ટ થતાં સન્તકુમાર કેવો અશરણ-અબળ કે એને ટકાવી શકે નહિ ? **નેપોલિયન હિટલરનું** આગળ વધવામાં ધૈર્ય કેટલું ? પણ એ કેટલું ટક્યું ? **મમ્મણનો** ધન ભેળું કરવાનો ઉદ્યોગ કેટલો કે રત્ન જડેલો સોનાનો બળદ ઊભો કરી દીધો ! હવે શિંગડુ બાકી છે, પણ મૃત્યુ વખતની અશરણતાએ ઉદ્યોગ ક્યાં ફેંકી દીધો ? **ભરતચક્રીની** કાયા કેવી લષ્ટપુષ્ટ કે ક્રોડોની સેનાએ પકડેલી અને ખેંચવા ઇચ્છેલી સાંકળને ભરતે સહેજ હાથ વાળતાં પોતાની તરફ ખેંચી લશ્કરને હેઠું પાડ્યું. છતાં એ પુષ્ટતાનું બાહુબળ સામે શું ઊપજ્યું ?

આ તો જીવતા જીવે બનવાની વાત થઈ. બાકી મૃત્યુ વખતે તો દરેકને આ સ્થિતિ બને છે. માણસ મરવા પડયો હોય ત્યાં કુટુંબીઓ એનું દ્રવ્ય લૂંટવાની પેરવીમાં પડે છે. એ વખતે મરવા પડેલા શુભ ખાતે સારું દેવું હોય તો શું એ દઈ શકે ? ના, હવે એ અશરણ બની ગયો, એટલે પોતાના કમાયેલા પણ ધન પર હવે પોતાનું ચાલે નહિ; એટલી કુટુંબીઓની જોહુકમી અને તરાપ હોય છે.

**પોતાનું ધન છતાં અશરણતાનો દાખલો :-**

એક ભાઈ મોટી ઉંમરે પત્ની ગુજરી જવાથી બીજી પરણ્યા. નાતના આગેવાનોને લાગ્યું કે, 'અત્યારે ભાઈ બીજા લગ્નના આનંદમાં છે, સુખી છે, તેથી લાવો જઈએ એમની પાસે, અને ધર્મખાતામાં રકમ કઢાવીએ.'

આગેવાનો જઈને ભાઈને ઘરે ઊભા. ભાઈએ આવકારતા કહ્યું, 'પધારો, પધારો, બિરાજો આસન પર.' બેસાડીને પૂછે છે, 'ફરમાવો, કેમ પધારવું થયું ?'

આગેવાનો કહે,'આ તો સહેજ મનને થયું કે લાવો શેઠને જરા મળી એમને સારા ઘરની કન્યા મળી એનાં અભિનંદન આપી આવીએ, અને...' એમ કહેતા અચકી ગયા.

શેઠ કહે, 'બોલો બોલો, બોલતા કેમ અટકી ગયા ?'

પેલા કહે 'બીજુ તો કાંઈ નહિ, પણ ભગવાનની તમારા પર મહેરબાની છે, પૈસા સારા મળ્યા છે, તો જરા આપણી ધર્મશાળા પાંજરાપોળ વગેરે તરફ જોવા જેવું છે. એ માટે આપનું ધ્યાન ખેંચવા આવ્યા છીએ.'

શેઠ સમજી ગયા કે, 'આ પૈસા કઢાવવા આવ્યા છે.' એટલે તરત કહે, 'વાત તમારી સાચી ધર્મખાતાઓમાં દેવું જોઈએ. પણ જુઓને આ જુનીને મંદવાડ ઘણો ચાલ્યો એમાં પૈસા સારા ખરચવા પડયા, પાછું આ લગ્ન કર્યું એમાં ય ઠીકઠીક ખરચો ઊપડ્યો, એટલે હમણાં તમે સમજો જ છો કે નવો કેટલો ખરચ ઊપડે ?'

'પણ શેઠ ! આ તો 'લાલા ! લાખ; તો કે સવા લાખ ' જેવું છે ઘા ભેગો ઘસરકો. '

હા, પણ ખરચ ધાર્યા કરતાં વધારે થઈ ગયો છે, એટલે હાલ દેવાનું બને એવું નથી.'

શું વાત સાચી છે ? બને એવું નથી ? હમણાં કોઈ સ્વારથનો ખરચો આવે, નવી સ્ત્રી જ માગે કે, 'અમુક જાતનો દાગીનો કરાવી આપો, યા દિવાનખાનું અપ-ટુ-ડેટ સજાવી આપો,' તો નવીના મોહમાં ખરચ કરે કે નહિ ? કરે; તો અહીં ધર્મમાં ખર્ચ કેમ નહિ ? કહો, ધર્મ પર સ્ત્રી જેવો રાગ ક્યાં છે ? શેઠે નવી માટે સારું ખરચ્યું તો ય ભંડાર ભર્યો છે, પણ ધર્મ પર એવો રાગ ક્યાંથી લાવવો કે એમાં ખરચવા હોંશ હોય ? આગેવાનો ધર્મશાળાદિમાં ભરાવવા સામે પગલે ચાલીને આવેલાને પણ રોકડું પરખાવ્યું 'હમણાં ખરચા બહુ થઈ ગયા છે, તેથી હાલ દેવાનું બને એવું નથી.

થયું, આગેવાનોએ જોયું કે કાંઈ વળે એવું નથી, એટલે નિરાશ થઈને ઊઠી ચાલ્યા ગયા.

વખત જતાં શેઠે જોયું કે જે નવી વહુની પાછળ મોહ-મૂઢ બની એને ભારે

કપડાલત્તા-દાગીના-રોકડ વગેરે આપે છે, એના રંગઢંગ કાંઈ ઓર જ છે. એ બાપનું ઘર ભરતી જાય છે, ઉપરથી અવસરે પોતાને દબડાવે છે. અને બીજી બાજુ ચાપલુસી પણ કરે છે. ત્યારે એને વિચાર આવ્યો કે,-

'અરે ! આ સ્ત્રીજાત ? માયાનું મંદિર ? સ્વાર્થ અને પ્રપંચનું જ પૂતળું ? અવસરે અભિમાનનો દૈત્ય ? મારી વિષયભોગની લંપટતા છે માટે એને ચાપલુસી અને વર્ચસ્વ જમાવવું છે માટે રોફ અને દબામણી; કેવો ખેલ ? ખાનગી ભેગું કરવું છે માટે માયા-પ્રપંચ ? આ બલામાં મારા આત્માનું શું ભલું થઈ રહ્યું છે ? એને પોતાના આત્માની તો કશી પડી જ નથી, પણ મારા આત્માની ય કોઈ ચિંતા નથી મારે તો હવે અહીંથી ઊપડવાના દહાડા આવ્યા; પૂર્વના પુણ્યે અહીં તો લહેર ભોગવી લીધી પરંતુ હવે આગળના ભવે શું ? **આગળ માટેના પુણ્ય વિના ક્યાં જઈ પટકાવાનું અને શું સારું પામવાનું ?**

શેઠ ગભરાયા, પરલોકની ચિંતા થઈ, એકાએક જો ધબી જવાની ઘડી આવે, તો આ બાયડી અઢળક સંપત્તિમાંશી એને કશું સુકૃત પરખાવે નહિ એની ભડક લાગી એટલે એણે ખાનગીમાં હવે સુકૃતનું વીલ કરી લેવા નિર્ધાર કર્યો એ માટે આગેવાનોને મળવા ધાર્યું .

**પ્રભુ અને શાસનનો જયજયકાર શાના પર ?**

અત્યાર સુધી ધર્મમાં રસ લીધો નથી, પૈસા ખરચવા પડે માટે મંદિર-ઉપાશ્રય સાથે એવો સંબંધ રાખ્યો નથી. તેથી ધર્મના ક્યા ખાતામાં વિશેષ જરૂર છે એની એને ખબર નથી; પણ વિવેક હોઈ એનું મન કહે છે કે જે જે ખાતામાં ખાસ જરૂરિયાત હોય એમાં વિશેષ રકમ આપવી; કેમકે એ આપવાના ઉદ્દેશમાં સરવાળે તો તીર્થંકર ભગવાન અને એમના શાસનનો જયજયકાર બોલાવવાનું જ મહાન કર્તવ્ય છે, અને તે તો જે ક્ષેત્રમાં ખાસ જરૂર હોય એને તરતા કરવાથી થાય; કેમકે બધા ય ધર્મક્ષેત્ર સરવાળે તીર્થંકર ભગવાન અને એમના શાસનની ઉદ્ભ્રાજના-પ્રભાવના-બોલબાલા કરાવનારા બનવા જોઈએ. અમુક અમુક ખાતાં સીદાતા રહે તો આ ન બને. માટે સીદાતામાં વિશેષ દઉં ?

સાધારણ-ખાતાનું મહત્ત્વઃ-

(૧) શેઠની વિચારધારા જોવા જેવી છે મંદિરનું સાધારણ ખાતુ સીદાતું હોય, એટલે પૂજારીને પગાર મુફલીસ અપાય, એ પછી પ્રભુની સારી ભક્તિ કરે ? કે વેઠ ઉતારે ? લે તું પગાર તો ખાય છે, માટે આંગી રચવાના તું પૈસા માગે ? આ રચી કાઢ આંગી.' એમ કહી એને આંગીનો સારો માલ પણ આપવામાં આવે તો ય એ શાનો બહુ ચીવટ ને મહેનત લઈ ભવ્ય આંગી રચે ? એ વેઠ ઉતારે

અને ઉપરથી માલ-માંથી ચોરી ન ખાય તો સારું. ત્યારે જો એને મનમાન્યો પગાર, બોનસ, અંગરચનાદિ વિશેષ કાર્ય ના સારા પુરસ્કાર વગેરે અપાતું હોય, તો ભર્યા પેટે એ દિલથી, પ્રામાણિકતાથી અને ભવ્ય કામ કરે. એથી તીર્થંકર ભગવાનની શોભા થાય, જીવો આકર્ષાઈને સારાં ભક્તિ-ગુણગાન કરે. કોઈ વિશિષ્ટ અંગરચનામાં ભદ્રક ઈતરોને પણ દર્શન કરવાનું મન થાય. આમ પ્રભુ અને શાસનની પ્રશંસા પ્રભાવના થાય. પરંતુ આ પૂજારીને ભર્યા પેટવાળો બનાવાય તો ને ? એ બનાવવાનું તો જ થાય કે જો સાધારણખાતું સારું તરતું હોય.

(૨) એમ માનો કે શ્રાવકો સીદાતા હોય, એમનો જો એક યા બીજી રીતે સારું ધન લગાવીને ઉદ્ધાર કર્યો હોય તો એના અહેસાનમાં આવેલા એમને પછી પ્રભુભક્તિ અને શાસન-આરાધના કરવાની અવસરે અવસરે પ્રેરણા કરી શકાય અને એ આરાધના કરવા લાગે. એથી પ્રભુની અને શાસનની બોલબોલા થાય.

(૩)એમ ઉપાશ્રયના સાધારણમાં ભરતી કરી હોય, તો ઉપાશ્રય રોનકદાર પૂર્વ પુરૂષોનાં ચિત્રોથી ઝગમગતો થાય; એમાં ધર્મોપકરણોની મજેની સગવડ હોય, ઉપાશ્રયમાં આરાધના કરવા આવનારને સુંદર પ્રભાવના અપાતી થાય, વગેરે વગેરે દ્વારા ઉપાશ્રયમાં આવનારા વધે, આરાધનારા વધે, એથી પ્રભુશાસનની વાહાવાહ થાય. એ આરાધકો પછી સારી જિનભક્તિ કરે એથી પ્રભુની વાહ વાહ થાય.

સારાંશ, જે ક્ષેત્ર સીદાતાં હોય એમાં સારું દેવાથી શાસનનો જય જયકાર થાય, પ્રભુનો જયજયકાર થાય. પરંતુ જો એના બદલે એકલો દેવદ્રવ્યમાં જ દેવાનો ને મંદિરના ભંડારમાં જ નાખવાનો આગ્રહ રાખ્યો હોય તો આજે દેખાય છે ને કે સાધારણના તોટા, મંદિરમાં મુફલીસ દૂધ-કેશર, આરાધકોની ઓછાશ, વગેરે વગેરે કેવું ચાલી પડયું છે ?

અરે ! મંદિરમાં દેવદ્રવ્યના પૈસા હોય છતાં શિખર કાળા, ભીત ઝાંખી, થાંભલા ફિક્કા ! પ્રભુજીની આંગી નહિ, પ્રભુની આગળ રાજશાહી દરબારની સજાવટ નહિ ! છતે પૈસે આમ કેમ ? કહો, મનમાં બેઠું છે કે પૈસા ખરચાઈ જાય તો પછી વહીવટદારે વહીવટ શાનો કરવાનો ?' નહિતર જો પૈસા ખરચતા રહેવું હોય તો દેરાસર હંમેશા અંદરથી અને બહારથી ચાટલા જેવા રખાય, પ્રભુજીની અનેક ચાંદીના ખોખા પર જુદી જુદી ફેશનની મીનાકારીથી ટીકાથી યા જડાવથી આંગીઓ બનાવી તૈયાર રાખીને વારાફરતી એમાંથી એકેક પ્રભુજીને ચડાવાય. આગળ વિવિધ દરબાર ફરતા-ફરતી ગોઠવાય પણ આજે મંદિરમાં પૈસાના ઢગ છે, આ સામગ્રી ક્યાં છે ?

માટે કહેવાય છે,'હાથે તે સાથે.' પૈસા ખરચવા છે ? સુકૃત કરવું છે ? તો

આ કરો,

**(૧) પ્રભુના એવા એવા જુદી જુદી અંગરચનાવાળા ચાંદીના ખોખા બનાવરાવો;**

**(૨) પ્રભુની આગળ રાજદરબારની શોભ થાય એવી સામગ્રી ઊભી કરો;**

**(૩) મંદિર અને શિખરો તથા ઘુમટોને અંદર તથા બહારથી ચાટલા જેવા બનાવરાવો;**

**(૪) ધાતુના બિંબોને પાટણની વડીથી સોના સમાન ચકચકિત કરો.**

**થોડા ખર્ચથી ય પ્રભુભક્તિ :-**

પ્રભુની ભક્તિ કરવી હોય તો એવું નથી કે હજારો રૂપિયા ખરચવા હોય એનું જ કામ છે, શક્તિ પ્રમાણે ભક્તિ થઈ શકે છે. મહિને બસો રૂપિયા ઘરખર્ચના કાઢી શકો છો તો ૧૦-૨૦ રૂપિયા વધુ ખરચવા કાઢી શકો ને ? એટલામાં ય પોતાનાં સારા દ્રવ્યથી પ્રભુ પૂજા કરી શકો પૂજારીને ખુશ રાખી શકો. અરે ! માસિક ૪-૫ રૂા. ખર્ચમાં રોજ નિયમિત પ્રભુજીની આગળ તમારા પોતાના એક અગરબત્તીના ટૂકડાનો ધૂપ; એક ઘીની બત્તીનો દીવો ધરી શકો, તેમજ પ્રભુજીને એક વરખના પાનાનો ચોથિયો ટૂકડો રોજ લગાડી શકો.

શક્તિ પ્રમાણે ભક્તિ કરવી છે ? મંદિરમાં દેખાય કે સુખડના ટૂકડાને બદલે લાકડાનો યા હલકા સુખડનો ટૂકડો ઘસાઈ રહ્યો છે, તો સારા ચોકખા સુગંધિત સુખડનો ટૂકડો લાવીને મૂકી શકો. એમ અવરનવર સાફ અંગલૂછણાનાં ટૂકડા લાવી શકાય. અરે! વપરાતાં અંગલૂછણાં ઝાંખા શ્યામ પડેલા જોઈ ઘરે લઈ જઈ બાફ સફેદ કરીને લાવી શકો.

આપણી વાત એ હતી કે ધર્મના જે ખાતામાં ખાસ જરૂરિયાત હોય એમાં દાન કરવાથી સીધી કે પરંપરા એ ભગવાનની ભક્તિ થાય. પેલા શેઠને સ્વાર્થી સ્ત્રીની ગભરામણીથી વીલ કરું અને એમાં જે જે ખાતાઓમાં ખાસ જરૂરિયાત હોય એમાં સારી રકમો નક્કી કરી નોંધ કરાવું.'

**શેઠ સુકૃતનું વીલ કરાવે છેઃ-**

હવે એ ખાનગી અવસરની રાહ જુએ છે એમાં એકવાર પોતે નરમ શરીરના કારણે ઘરે છે, અને પત્ની કયાંક બહાર ગઈ છે, એ વખતે અવસર જોઈ જ્ઞાતિના આગેવાનોને બોલાવી પોતાની ઈચ્છા જણાવે છે, અને વીલ લખાવે છે. એમાં એમને પૂછી પૂછીને વિવિધ જરૂરી ખાતાઓમાં સારી સારી રકમો લખાવે છે. વીલ તૈયાર થઈ ગયું. પાસે દસેક લાખ રૂપિયા જેવું પહોંચતું હશે એમાંથી બાઈ માટે રૂ.૨-૩ લાખનું ધન રાખી બાકીની રકમ નોંધાવી દીધી. વીલ તૈયાર; હવે સહી-

શાખ સિક્કા કરવાની વાર છે એટલામાં તો શું ગજબ બન્યુ એ જુઓ.

પોતાનું કમાયેલું ધન પાસે છતાં માણસની પોતાના જ કુટુંબી આગળ કેવી અશરણતા છે એના આ દાખલાની વાત ચાલી છે. વીલ તૈયાર થઈ ગયું છે, સહી સિક્કા કરીને આગેવાનોને આપી દે એટલી જ વાર છે; પરંતુ શાંતસુધારસ શાસ્ત્ર કહે છે કે કુંટુબીઓ લૂંટવા બેઠા હોય ત્યાં જીવ અશરણ-નિરાધાર તે સુકૃત શું કરી શકે ?

**પત્નીને ખબર પડતાં....**

પેલા શેઠની પત્ની બહાર ગયેલી તે કોકે એને કીધું કે તારા ઘરે મહાજનના આગેવાનો ગયા છે એ સાંભળતા જ ચોંકી,-'અરે ? એ કેમ ગયા હશે ? પહેલા આવ્યા હતા નાણાં કઢાવવા, તે એમણે પાછા કાઢેલા; પાછા એ ઘરે ગયા છે તો લાગે છે કે નાણાં કઢાવવા હશે. મારા એ ભોળિયા છે. તેથી તો હું ધાર્યો માલ મારા પિયર ભેગો કરતી રહી છું. પણ એ હવે જો આ લોકોમાં ભોળવાઈ જાય તો ઘરનું ઉઠમણું જ થાય. ને મારા બાર વાગે. માટે લાવ, જલ્દી જવા દે.'

બસ, બાઈ ઝટપટ દોડી ઘરે. જ્યાં અહીં વીલમાં સહી કરવાની વાત આવીને ઊભી છે. એટલામાં તો બાઈ આવીને ઊભી રહી. જોયું સરકારી સ્ટેમ્પવાળો કાગળ કશોક લખેલો પડ્યો છે. એને થયું કે, 'હાયબાપ ! આ શું ? 'શરમ મૂકીને આગેવાનોની વચમાંથી ઘુસી ખટ કરતાંકને વીલનો કાગળ ઊપાડ્યો, સહેજ વાંચી જોતાં લાખોનું વીલ જણાયું.

બાઈ તાડૂકી આગેવાનો સામે,-' આ લુચ્ચાઓ ! શું માંડયુ છે પારકા ઘરમાં મારુ ઘર લૂંટાવવા આવ્યા છો ? લ્યો લૂંટો લૂંટો કહેતાક વીલના કાગળના ફાડીને ટુકડે ટુકડે કરી નાખ્યા.

વીલના ટુકડા કરતી ધણી સામે તાડૂકી કહે છે, 'તમે ય ભોળિયા તે પાછળવાળાને ભીખારી બનાવવાનો આ ધંધો આદર્યો છે ? મારી રજા વિના એક પાઈ તમે લૂંટાવી શકો ? શી વાત છે ?'

**શેઠને હાર્ટફેઈલ :-**

બસ, શેઠને આ જોતાં હૈયે એવો ભારે આઘાત લાગ્યો કે ત્યાં જ હાર્ટ ફેઈલ થઈ ગયું 'હેં ? ધન મારું કમાયેલું ને આની રજા વિના એક પાઈ પણ વાપરી શકું નહિ ? તો મારા પરલોક માટે મારા ધનમાંથી ય કશું જ નહિ ? લાખો રૂપિયા આ ધુતારણ નવી આવેલી બાયડી જ બથાવી પડવાની ?' આઘાત એવો જોરદાર લાગ્યો કે ત્યાં જ હૃદય બંધ પડી ગયું. શેઠ ધરણી પર ઢળી પડ્યા.

બોલો, પહેલા આગેવાનો સામે પગલે ચાલીને આવેલા, ને એમણે શેઠને

ધર્મખાતામાં રકમો દેવા વિનવેલા, ત્યારે શેઠને દેવાનું સૂઝ્યું નહિ. હવે અત્યારે જાતે દેવું હતું ત્યાં સ્ત્રી આડે આવી તે એવી કે દેવાનું તો દૂર રહ્યું. પણ પ્રાણ પણ દૂર ચાલી ગયા.

**માણસ ધર્મને વાયદે રાખે છે તે કઈ અક્કલ પર રાખતો હશે ? પાડોશીને પરાયાને કુટુંબીને પોતાના કરતો હશે, ને પોતાના કરીને એમના વર્ચસ્વ માથે ધરતો હશે તે ક્યાં ભરોસા અને કઈ બુદ્ધિ પર ? અંતે અશરણ થવા માટે જ ને ?**

શેઠ મર્યા દેખી આગેવાનો આભા બની ગયા. પેલી ગાજીને કહે, 'અરે બાપલા ! આ મારા ધણીને મારી નાખ્યો ?

હરામીઓ પારકે ઘેર ધાડ પાડવા આવ્યા ? હે ભગવાન ! આ શું થયું ? આ ગોઝારાઓએ મારો ચૂડો ફોડાવ્યો ? મારું ઘર ભંગાવ્યું ? ઓ મારા બાપરે..! આગેવાનો ઊઠીને ચાલ્યા ગયા.

શાંતસુધારસ શાસ્ત્ર કહે છે જીવ પ્રાણ છોડે છે ત્યારે કુટુંબીઓ એનું ધન લૂટે છે; પણ અહીં તો સ્ત્રી ધન લૂંટવા બેઠી ત્યારે ધણીના પ્રાણ ઊડયા ! કેવી અશરણ દશા ? પોતાના ધનને ય ખરચવા પોતે સ્વતંત્ર નહિ ! જાતને પૂછી જુઓ, અંતે તો શું પણ અત્યારે ય તમારી ઈચ્છા મુજબ ધર્મમાં ખરચવા પોતે સ્વંતત્ર છો ? બહાર મોટું સ્વચેછાએ ખરચી આવો અને ઘરે આવી કહો, તો ઘરના માણસો વધાવી જ લે ને ? ના ? તો પછી અંતે ? તો ય ના. ત્યારે શું જોઈને આ જીવનના તકલાદી સબંધને બહુ માની એની પાછળ તૂટી મરો છો, અને અગણિત જીવહિંસા-પ્રપંચ-જુઠ રાગ-દ્વેષ વગેરે પાપો આચરો છો, શું એ અંતે શરણ આપશે ?

**ઋષિદત્તાનો ગેબી બચાવ :-**

જુઓ ઋષિદત્તાને અત્યારે કોનું શરણ છે ? વનવગડામાં મશાણમાં ચંડાળોથી ઘેરાયેલી એકલી ઉભી છે. અંધારુ થઈ ગયું છે. ને સામે ચકચકતી તલવાર દેખે છે ! પોતાના માનેલા પતિનું ય અત્યારે શરણ ક્યાં છે ? ખેર પણ જ્યાં ચંડાળે એના પર ઠોકવા માટે તલવાર ઊગામી કે એ એવી ગભરાઈ ગઈ કે એને તરત તમ્મર ચડી આવ્યા ને ધસ કરતી નીચે પડી. આ પુણ્યનો ઉદય ? કે પાપનો ? પડી એ સારું થયું કે ખોટું ? ચંડાળને હવે તલવારના ઝટકા દેવાનું વધારે ફાવે ? કે પેલી ઊભી હોય ત્યાં વધુ ફાવે ?

**ઉતાવળી કલ્પના કરશો નહિ, દેખીતા નરસા પ્રસંગ કેટલીવાર સારા માટે થાય છે.**

તેથી કહેવું પડે કે એ નરસો પ્રસંગ ઊભું કરનારા કર્મનો ઉદય શુભોદયનું કામ કરનારો કહેવાય. અહીં ઋષિદત્તાને એવું જ બને છે. જ્યાં એ ધસ કરતાંક

નીચે પડીને બેભાન છે. ત્યાં ચંડાળ સમજ્યા કે આ બીકથી એમજ મરી ગઈ લાગે છે, તેથી એ એને એમજ પડતી મૂકીને ત્યાંથી ચાલી ગયા, અને નગરમાં પહોંચી ગયા.

ઋષિદત્તા ગભરાઈ મૂર્છા પામી ગઈ, અને પડી નીચે, તથા વાગ્યું, એ અશુભ કર્મનો ઉદય છે. પરંતુ એ એના શુભને માટે બન્યું; કપાઈ જતી બચી. ત્યાં 'જીવતો નર ભદ્રા પામે,' એ ન્યાયે જો જીવતી રહી છે તો કલ્યાણ દેખવા પામશે. જીવતી કપાઈ મરી હોત તો અહીં કલ્યાણ પામવાને અવકાશ ક્યાં રહેત ?

**ઋષિદત્તાનું કર્મચિંતન :-**

ચંડાળો મૂકીને ચાલ્યા ગયા, અને અહીં રાત્રિના ઠંડા પવનથી ઋષિદત્તાની મૂર્છા વળી, એટલે ભાનમાં આવીને જુએ છે તો ચંડાળો મારી નાખવા સજ્જ થયેલા દેખાતા નથી; એટલે ત્યાંથી ઊઠીને જંગલ તરફ ચાલે છે. એના મનને વિચાર આવે છે કે

'આ બધું ગયું એમાં કોઈને દોષ દેવાની જરૂર નથી. એમાં તો માત્ર મારા પૂર્વનાં કર્મ કામ કરી રહ્યા છે. જો કર્મ સલામત હોત તો મારે આ કલંક ચડવાનું શાનું હોય ? ને મને ઠેઠ જાનથી મારી નખાવાની સજા શાની હોય ? અહીં મેં કોઈનું કાંઈ બગાડ્યું નથી, તો આવી મોટી આપત્તિ શાની આવે ? પણ પૂર્વજીવનોમાં ક્યાંક દુષ્કૃત આચર્યા હોય, એના બંધાયેલા કર્મફળ આપ્યા વિના શાના રહે ?

**ગુના વિના સજા નહિ, પછી ગુનો અહીંનો નહિ, તો પૂર્વનો.**

છતાં મારા ધર્મે મને જીવતી રાખી. એ સારું થયું માટે જ જગતમાં એક માત્ર ધર્મનું જ શરણું લેવા યોગ્ય છે. અહીં ક્યાં પિતાજી કે પતિ વગેરે કોઈ જ બચાવવા આવ્યું ? પૂર્વભવે આડા હાથે પણ ધર્મ કાંઈક કર્યો હશે એણે જીવતી કપાતી બચાવી. નહિતર તલવાર ઉગામીને મારી નાખવા તૈયાર થઈ ગયેલ તે માર્યા વિના એમજ શાના ચાલ્યા જાય ? કોણ બીજું અહીં બચાવનાર દેખાય છે ? ખરેખર ! ધર્મ જ શરણભૂત છે.'

શાંતસુધારસ શાસ્ત્રકાર બીજી અશરણ ભાવનામાં કહે છે, 'જીવ સગા-સ્નેહીઓનો ખૂબ હિતૈષી બન્યો, પ્રેમાળ બન્યો, છતાં એ સ્વજનો એને એની મરણ-દશાએ બચાવી શકતા નથી; માટે એમનો આધાર માની રાખવાનો કોઈ અર્થ નથી; મન પર એકમાત્ર ધર્મનું શરણું લીધું હોય તો મૃત્યુ વખતે સ્વસ્થતા રહે છે. તેમ કેટલીક વાર મોતના મુખમાંથી ગેબી રીતે બચી જવાનું મળતું હોય તો તે ધર્મના જ પ્રભાવે બને છે. તેથી હે જીવ ! જૈન ધર્મ જ શરણ કરવા યોગ્ય છે. તું એનું જ શરણું પકડ; અને વહેલી તકે જૈન ધર્મનું શરણું લે; એ જ શરણ-

આધાર-તારણહાર છે માની જૈન ધર્મે બતાવેલ ચારિત્રમાર્ગને અપનાવી લેવાનું જ ચિંતવ્યા કર.'

**આ શરણ-ભાવના અને એકમાત્ર ધર્મનું શરણ લેવાની મનોદશા જીવને કેવો સ્વસ્થ બનાવે છે !**

જેની પાસે આ નથી, એની આકુળ વ્યાકુળતા દુનિયામાં ઠામઠામ જોવા મળે છે. માટે ડગલે ને પગલે મનમાં ધર્મનું શરણું સ્વીકારતા રહો. એથી પહેલો મહાન લાભ આ થશે કે ઋષિદત્તાની જેમ મન સ્વસ્થ રહેશે. મનને ખોટી વ્યાકુળતા-વિહ્વળતા નહિ થાય, અને તેથી બીજાઓ ઉપર કષાયની આંધી નહિ ચડે. મનને શાંતિ રહેશે કે ધર્મ જ તારણહાર છે, માટે એના જ ભરોસે રહેવા દે. બીજાના આધાર માન્યા ખોટા, અને બીજાને દોષ દેવા ય ખોટા.

ઋષિદત્તા વનમાં ભમી રહી છે અલબત્ત એને પૂર્વકર્મનો વિચાર આવ્યો, અને એથી બીજા કોઈ ઉપર દ્વેષ-ગુસ્સો ન થયો, પરંતુ જંગલની રાત્રિ સમયની બિહામણી સ્થિતિ પાછી એને જરા અકળાવી મૂકે છે, તેમજ બની ગયેલ પ્રસંગ ચિત્તને વ્યાકુળ કરી દે છે. એટલે એ પોતાના પિતાને યાદ કરી કલ્પાંત કરે છે.

'હે તાત ! એ વખતે તમે જતાં એક હરણીની જેમ મને કેમ મૂકીને ચાલ્યા ગયા, તે મારે આ કલંક જોવાનું આવ્યું ? ત્યારે પૂર્વ મેં ક્યાં એવાં દુષ્કૃત્ય કર્યા હશે કે મારા કોઈ દોષ વિના પણ આ કલંક માથે ચડ્યું ? હે તાત ! તમે તો ચાલી ગયા, પણ હે સ્વામી ! તમે તો અહીં આવો,. આ ભયાનક વનમાં એકલી હું ક્યાં જાઉં ? પણ બેમાંથી જ્યારે કોઈ અહીં સાથે નથી થતું તો હે જીવ ! તું તારા કર્મનાં ફળ સહન કર. હસતાં બાંધેલ કર્મ રોતાં ય ક્યાં છૂટે છે ? ક્યાં માફ થાય છે ? પરંતુ હે વિધિ ! તેં જો મારી આ સ્થિતિ કરી તો એ બિચારા મારા પતિ મારા વિના કેમ રહી શકશે ? પણ ખરેખર ! મારે શું, કે એમને શું પોતાના પૂર્વ કર્મ ભોગવ્યે જ છૂટકો છે.'

એમ ઋષિદત્તા આશ્વાસન લઈ, દિલ ધરપત કરી આગળ ચાલતી જાય છે, અને ક્રમે કરીને એ પિતાના આશ્રમે પહોંચી જાય છે. આ પરિચિત સ્થળ છે, તેથી બીજા કોઈ અપરિચિત સ્થળે ક્યાં જવું ? ગમે તેની ઓથ લેતા શીલ પર આક્રમણ ન આવે એનો શો ભરોસો ? ઋષિદત્તા સુશીલ સન્નારી છે. સન્નારીને મન મોટી વાત પહેલી શીલની છે. કોઈ ગામ કે શહેરમાં હજી ય કોઈક સારા માણસની ઓથ મળે, પણ એ શોધવા ક્યાં જવું ? તેમ ઘરધણી કદાચ સારો હોય, પણ એની સાથેવાળા બધા જ સારા હોવાની શી ખાતરી ? એટલે નથી ને કોઈક મોહમૂઢ ફસાવી દે તો ? આ એને ભય છે. ત્યારે પૂછો,-

પ્ર.- તો પણ આશ્રમમાં એકલા રહેવામાં ય સ્ત્રીજાતને ક્યાં જોખમ નથી ? ઊલટું ગામમાં તો કોઈ બચાવનારે ય મળે; અહીં કોણ મળે ?

ઉ.- જરૂર, જંગલમાં એકલા રહેવું જોખમી છે, પરંતુ અહીં જુઓ કે ઋષિદત્તા એ જોખમ કેવી રીતે ટાળે છે.

**ઋષિદત્તાનો આશ્રમમાં કલ્પાંત :-**

ઋષિદત્તા, જ્યાં આશ્રમમાં પિતાએ જીવતા જાતે અગ્નિસ્નાન કરેલું અને એની નજર સામે જ એ ભસ્મીભૂત થઈ ગયેલું અને એની નજર સામે જ એ ભસ્મીભૂત થઈ ગયેલ, ત્યાં આવતાં એ જગા જોઈને એને પિતાના અગ્નિ પ્રવેશનો તાદશ ચિતાર મનની સામે આબેહૂબ ખડો થઈ ગયો, ને એનું હૈયું ભરાઈ આવ્યું. એ એકદમ ચીસ પાડીને રોઈ પડી. આક્રંદ કરતી એ પોકારી ઊઠે છે કે,-

"હે તાત ! તમે ક્યાં ગયા ? આ તમારી દીકરી અનહદ દુઃખના દરિયામાં ડૂબેલી છે, ને તમે ક્યાં છો ? આવો આવો, ને હે ! પુત્રી પર અથાગ વાત્સલ્યવાળા તમે ! મને દર્શન આપો. હે તાત ! અહીં એકવાર આવીને આ તારી અત્યંત દુઃખિત અને દીન-હીન બનેલી દીકરીની અશરણતા નિરાધારતા તો દેખો. આ શૂન્ય વનમાં તમારા વિના હું દુઃખથી પકડાઈ ગઈ છું. કોની આગળ હું પોકાર કરું ? ક્યાં જાઉં ? હવે હું શું કરું ?

"હે તાત ! તમે જીવંત હતા તો આ જંગલ પણ શહેરની માફક રમણીય હતું. આજે આ વન દાવાનળની જેમ મને ખાવા ધાય છે ભલે મારે મોટા કલંકનું દુઃખ અને પતિવિયોગનું કષ્ટ આવ્યું, છતાં હે તાત ! જો તમે અહીં જીવતા દેખાઓ, તો મારે આ દુઃખ પણ ઉત્સવરૂપ થાય; કેમકે વાત્સલ્યભર્યા તમારું દર્શન તો મારે અથાગ સુખનો ભંડાર છે.

"પરંતુ હે પિતાજી ! આવું તમારા જીવંત થવાનું ઘેલું ઘેલું કેટલું બોલું ? પૂર્વે જન્મમાં મેં જેવું વાવ્યું હોય તેવું જ લણવા મળે છે. પૂર્વ જન્મમાં મેં બીજાના સુખ લૂંટી એમને દુઃખનાં દાન કરવાના બીજ વાવ્યા હોય પછી અહીં મને એના પાકમાં સુખનો પાક ક્યાંથી જોવા મળે ? ખેર ! હવે મારે પૂર્વકૃતનાં ફળ ભોગવી જ લેવા રહ્યાં"

એ પ્રમાણે ઋષિદત્તા પોતાના દિલનો શોક પોતાની જાતે જ હલકો કરે છે. બાકી તો અહીં આશ્વાસન આપનાર કોણ છે ? પોતે ગમે તેટલી સારી છે, છતાં સસરો કે અખંડપ્રેમી પતિ, કોઈ કોઈ જ બચાવનાર યા આશ્વાસન પણ આપનાર છે નહિ; તેમ માતાપિતાને જમરાજે ઊપાડી લીધા છે. એટલે એ હવે બચાવવા તો શું થોડું આશ્વાસન આપવા ય આવે એમ નથી.

શાંતસુધારસ શાસ્ત્ર કહે છે તેમ :-

**'સ્વજનજંનો બહુધા હિતકામમ્... રક્ષતિ કોપિ ન સન્તમ્,**
**વિનય ! વિધીયતાં રે શ્રી જિનધર્મ શરણમ્,**
**અનુસન્ધીયતાં રે શુચિતરચરણસ્મરણમ્"**

બહુ પ્રકારે જેના હિતની સજ્જને કામના કરી એવા કોઈપણ સ્વજન જન એ સજ્જનને બચાવતા નથી. (બચાવનાર એક માત્ર જિનધર્મ છે. માટે) હે આત્મન ! શ્રી જિનધર્મ ને જ શરણભૂત કરે 'મારે જૈન ધર્મ જ શરણરૂપ હો' એવો નિર્ધાર કર; (અને

**જિનનો ધર્મ મુખ્યતાએ સર્વસંગત્યાગ અને ક્ષમાદિધર્મરૂપ ચારિત્ર છે,**

તેથી) એ શરણસ્વીકારની પાછળ એવા પવિત્ર ચારિત્રમાર્ગનું સ્મરણ-ચિંતા-કામના જોડતો રહે; અર્થાત એમ ભાવ્યા કર કે 'મારે એક માત્ર જિનધર્મ જ શરણભૂત હો; ક્યારે મને એ ચારિત્રધર્મ મળે એ સર્વસંગત્યાગ અને ક્ષમાદિનો જિનોક્ત ચારિત્રધર્મ જ તારણહાર છે.

**ધર્મ શું રક્ષણ આપે ?:-**

આપણને ધર્મની શ્રદ્ધા છે એમ કહીએ છીએ. ત્યાં આ વિચારવા જેવું છે કે આ શ્રદ્ધા છે ખરી કે સર્વસંગત્યાગ અને ક્ષમાદિ ધર્મો જ રક્ષણ આપનાર છે ? રક્ષણ એટલે ? કાયિક બચાવ સમજતા નહિ; કાયાનો બચાવ, ધનનો બચાવ, માન-કીર્તિનો બચાવએ કોઈ રક્ષણરૂપ નથી રક્ષણરૂપે તો આત્માનો બચાવ થાય એ છે. આત્માને સમાધિ મળે, આત્માના રાગાદિ દોષો ઘટે. હિસાંદિ દુષ્કૃત્યો ઘટે, અને વૈરાગ્યાદિ ગુણ-સંપત્તિ વધે, વ્રતનિયમાદિ સુકૃતં વધે-એ બધું આપણને પોતાને રક્ષણ મળ્યું ગણાય. આ રક્ષણ આપનાર ધન--પરિવારના સંયોગ કે જાતના રોફ-હોશિયારી નથી. શરણભૂત તો સંગત્યાગ અને ક્ષમાદિ ધર્મ છે.' -આ શ્રદ્ધા ઊભી થવી જોઈએ,

**ધર્મનું સાચું શરણું લીધું શેને કહેવાય ?:-**

'અરિહંત સિદ્ધ સાધુ અને કેવલી ભગવાને ભાખેલો ધર્મ એ મારે શરણ છે,' એમ સ્વીકારીએ, ત્યાં ધર્મનું શરણું લેતા આ નજર સામે આવે કે 'મારે ધન-કુટુંબ વગેરે રક્ષણહાર નથી, તેમ બીજાઓને દબાયેલા રાખવા રોષ કરું, રોફ બતાવું, પોલિસી વાપરું...એ કાંઈ મારું રક્ષણ કરે એમ નથી,, પરંતુ સંગત્યાગ અને ક્ષમાદિ ધર્મ જ મને રક્ષણ આપે એવા છે.' આ શ્રદ્ધા સાથે દિલ એ ધર્મ તરફ

ઝુકે, દિલ એનો જ આધાર માનતું રહે. ત્યારે ધર્મનું સાચું શરણ લીધું ગણાય.

ધર્મનું સાચું શરણું સ્વીકારવું એ કઠિન છે. પુણ્યની યારી હોય, મનમાન્યા સંયોગ મળી આવ્યા ને મળી આવતા હોય, બહારમાં બોલબાલા હોય, આપણી હોંશીયારી ગવાતી અને બીજાને આંજતી હોય, બીજા પર પ્રભાવ પાડતી હોય, ત્યાં એ પુણ્યાઈનાં છલબલિયામાં હૈયાને સચોટ લાગવું કે ' આ મનમાન્યા સંગ અને જાતના રૂવાબ જરાય રક્ષણહાર નથી,' એ લાગવાનું કઠિન છે. આ કાંઈ બોલીને મન મનાવવાની વાત નથી. પરંતુ હૈયે આરપાર લગાડવાનું છે.

મનને એમ સચોટ લાગે કે, 'કર્મના તેવા કોઈ વિકટ સંયોગ ઊભા થઈ ગયા તો ધન-માલ-પરિવાર-પ્રતિષ્ઠા શાંતિ આપી શકે એમ નથી. શાંતિ ધર્મથી જ મળે પરલોક સુધારનારા એ બાહ્ય સંગ કે કષાયો નહિ, પણ સંગત્યાગ અને ક્ષમાદિરૂપ ધર્મ જ. બાહ્ય ઈષ્ટ સંયોગ અને કષાયો તો આત્મામાં વિહ્‌વળતા વ્યાકુળતા વધારનારા હોય છે, તેમજ પરલોકને ભારે કરનારા બને છે. ત્યાં આત્માનો બચાવ શો ? જીવનભર એ રાખ્યા પછી અંતકાળે એના પર કશી શાંતિ-આશ્વાસન-ખુશખુશાલીનો અનુભવ ન થાય. ત્યારે એના બદલે જો સંગત્યાગ કર્યા હોય, સંગના નિમિત્તનાં પાપ બંધ કર્યા હોય, અને ક્ષમાદિ સેવ્યા હોય, તો મનને શાંતિ રહે કે મૃત્યુ થતાં આ બહારનું જાય છે એથી મને કશો વાંધો નથી. મારે તો ક્ષમાનિર્લોભતા-નિંરહકાર વગેરે સેવેલાના શુભ સંસ્કારોની મહાન મૂડી સાથે છે એ મારે તારણહાર છે; પછી શી ફિકર ?'

'અરિંહત મારે શરણભૂત...ધર્મ અર્થાત ચારિત્ર ધર્મ મારે શરણભૂત,' એવું સાચુ શરણુ લેવું હોય ત્યારે બહારના દેવતાઈ સુખસગવડના સંયોગને બેકાર સમજવા પડે તેમ પ્રસંગે પ્રસંગે જે રોફ બતાવી રોષ સમજી લેવા પડે. બધું મન ગમતું રાખીને બેઠા હોઈએ અને નવું એવું લાવતા પણ હોઈએ, છતાં દિલના ઉંડાણમાં એ બધું બેકાર લાગે, રક્ષણદાતા ન લાગે. ક્રોધ-મદ, લોભ-રાગાદિ કષાયો સેવતા હોઈએ તો પણ એ બેકાર લાગે, જરાય રક્ષણદાતા ન લાગે. ત્યારે જ ધર્મ ખરેખર શરણભૂત લાગે, દિલ સાચી રીતે એનું શરણું સ્વીકારનારું બની શકે.

'શાંતસુધારસ'શાસ્ત્ર આ બનાવવાનું કહે છે, 'વિનય ! વિધીયતાં રે શ્રી જિનધર્મઃ શરણમ્ ...હે આત્મન શ્રીજિનેશ્વર ભગંવતોએ કહેલા ધર્મનું શરણું લે. અતિ પવિત્ર ચારિત્રમાર્ગને જ રક્ષણહાર તરીકે મનમાં ધાર.'

'ચારિત્ર' એટલે બાહ્ય સંયોગોનો ત્યાગ; એ જ રક્ષણહાર, પણ બાહ્ય સંગો બચાવનાર નહિ, એવું મનને શી રીતે બેસે ? એ બેસાડવા માટે કહે છે,-

**'तुरगरथेभनरावृतिकलितम् दधतं बलमस्खलितम् ।**

**हरित यमो नरपतिमपि दीनम्, मैनिक इव लघुमीनम् ॥'**

અર્થાત ઘોડા-રથ-હાથી અને માણસોથી પરિવરેલા હોય એવા અને સ્વયં અસ્ખલિત બળને ધારણ કરનારા એવા રાજાને પણ જમરાજ ઉપાડી જાય છે, શાની જેમ ? તો કે નાના માછલાને મોટા મત્સ્ય પોતાના મોંમા ઉપાડી લે એની જેમ

આમાં આવા બાહ્ય સમૃદ્ધિ-પરિવારના સંગવાળા મોટા બળવાન રાજાની પણ શી કિંમત રહી ? બાહ્ય સંગોએ એને શું રક્ષણ આપ્યું ? સમુદ્રમાં મત્સ્ય ગલાગલ ન્યાય ચાલે છે. નાના માછલાને મોટા ગળી જાય, અને એ મોટાને એનાથી મોટો કોળિયા કરી લે. ત્યાં જો એ માછલાં પાણીમાં મોજથી હરવા-ફરવાના મળેલા સંયોગ પર અભિમાન રાખે યા એના વિશ્વાસે રહે કે 'આ મારે કેવો સરસ સંયોગ મળ્યો છે !' તો એ કેટલું યુક્તિ-યુક્ત ગણાય ? અને એ સંયોગે મોટા મચ્છથી ગળાતી વખતે શું રક્ષણ આપ્યું ? કશું જ નહિ બસ, એજ દશા ભલભલા રાજા-મહારાજાની ભરચક સમૃદ્ધિ સંગોમાં છે.

**જ્યાં મૃત્યુ કોળિયો કરવા આવ્યું ત્યાં એ રાજાઓને એ સંયોગો કશું જ રક્ષણ આપી શકતા નથી. માટે બાહ્ય સંગોનો ત્યાગ કરવા રૂપે ચારિત્ર લેવું.**

**પ્ર.**- એમ તો ચારિત્ર પણ મૃત્યુની સામે ક્યાં રક્ષણ આપે છે ? મૃત્યુને ક્યાં અટકાવી શકે છે ?

ઉ.- ભૂલ્યા ઉપર ઉપરથી જોયું. પણ બંનેમાં મોટો ફરક છે. બાહ્ય સગાવાળાને તો મૃત્યુ ન આવે એવી ભારે ઈચ્છા છે, તેથી મૃત્યુનો ભય છે, બાહ્ય સંયોગો મૃત્યુને અટકાવતા નથી માટે મૃત્યુ વખતે કલ્પાંત છે. ત્યારે બાહ્ય સંગ ત્યજી ચારિત્ર લેનારને મૃત્યુ આવે કે ન આવે એની પરવા નથી, મૃત્યુનો ભય નથી, મૃત્યુથી કશું બગડી ગયું લાગતું નથી. તેથી મૃત્યુ આવતાં કશો કલ્પાતં કે દુઃખ નથી. પછી એને અટકાવવાની ચિંતા જ શાની ? મૃત્યુના ભયવાળાને મૃત્યુ વખતે એ પોક હોય કે, 'હેં ? આ બધા મારા સમૃદ્ધિ-પરિવાર મને બચાવતા નથી ?' પણ મૃત્યુના ભય વિનાના મુનિને એ પોક જ શાની કે, 'હે ? આ ચારિત્ર મને મૃત્યુથી બચાવતું નથી ?'

સંગત્યાગી ચારિત્રીને આ ખૂબી કે મૃત્યુની ચિંતા નહિ, તેથી મૃત્યુથી બચાવનાર જોઈએ નહિ, 'મોત આવ્યું તો મારે શી ફિકર ? હું મારી ચારિત્ર સાધનાના હિસાબે ઉપશમભાવમાં છું, સમતાભાવમાં છું, તો મારે દુર્ગતિઓમાં ભટકવાનું નથી. આ સાધનાથી ઉત્તરોત્તર અધિક સાધનાવાળા જનમ મળવાના, ને અંતે મૃત્યુ કાયમનું ટળી અજર અમર મોક્ષ-અવસ્થા પામવાનો.' આમ ચારિત્રીમુનિ વર્તમાન કામચલાઉ મૃત્યુથી નિર્ભીક, અને મૃત્યુ અંગે નિશ્ચિત હોઈ મુનિને ચારિત્ર પાસેથી

મૃત્યુ સામે રક્ષણ જોઈતું જ નથી. ચાત્રિધર્મનું શરણું લેવાથી એ સુરક્ષિત જ છે.

ત્યારે બાહ્ય સંગોના ભરોસે બેઠેલા સંસારી જીવડાને મૃત્યુનો ભય છે, 'હાય ! હું મરીશ !' મૃત્યુ ભયાનક લાગે છે; તેથી એ બાહ્ય સંગો પાસેથી મૃત્યુની સામે રક્ષણ મળતું હોય તો એને જોઈએ છે. એટલે તો અંત-વખતે પણ હજારો લાખો રૂપિયા મોતને અટકાવવા માટે ખરચવા તૈયાર હોય છે. ડાકટરોને કહે છે 'ભાઈ સા'બ ! કાંક કરો ને ? મને બચાવોને ?' સમૃદ્ધિથી બચાવ ઈચ્છે છે. પરંતુ અફસોસ તે સમૃદ્ધિ બચાવ આપી શકતી નથી.

આમાંથી આ તારવણી નીકળે છે કે,-

**મૃત્યુ બંનેને; પણ બાહ્ય સંગવાળાને મૃત્યુની ગભરામણ, ત્યારે સંગ ત્યાગીને એ નહિ.**

**અર્થાત્ સંગમાં મૃત્યુનો ભય; ત્યાગમાં એ ભય નહિ.**

તેથી શાસ્ત્રકાર કહે છે, 'હે આત્મન ! બાહ્યસંગનું શરણ છોડ, અને ચારિત્રધર્મનું શરણું સ્વીકાર એ સાચું શરણ છે. કેમકે એમાં મૃત્યુનો ભય નથી. બાહ્ય સંગ એ સાચું શરણ નહિ કેમકે એનો ભારોભાર રાગ હોવાથી મૃત્યુનો ડર છે, મૃત્યુથી એ બધું ડૂલ થતું લાગવાથી મૃત્યુના નામ પર એને કમકમી છૂટે છે. ત્યારે હકીકતમાં એ બાહ્ય સંગો મૃત્યુથી બચાવી શકતા નથી. પછી એનું શરણું રાખી બેઠામાં શી બુદ્ધિમત્તા ?

ઋષિદત્તા મહાન રાજકુમાર કનકરથ જેવો પતિનો સંગ પામીને નિશ્ચિત બેઠી હતી, પણ માયાવી જોગણીના પ્રપંચે એના પર આળ ચડયું, સસરા રાજાએ એના વધનો આદેશ કર્યો ચંડાળો મારી નાખવા ઊભા છે, ત્યાં એ પતિના સંગે શો બચાવ આપ્યો ? બચાવ તો પૂર્વના પુણ્યે આપ્યો કે આ મૂર્છિત માની એમજ છોડી ગયા. ત્યાંથી એ પિતાના મૂળ આશ્રમમાં પહોંચી, તો ત્યાંય રાજકુમાર દ્વારા એની ખાનગી તપાસ અને એને ખાનગી પણ ઓથ-રક્ષણ ક્યાં છે ?

**બાહ્ય સંગ કર્મ પીડાના અવસરે રક્ષણ આપી શકતા નથી.**

**પ્ર.**- તોશું ચારિત્ર કર્મપીડાના અવસરે રક્ષણ આપી શકે છે ?

ઉ.- પાછા ભૂલ્યા, ચારિત્રવાળાને કર્મપીડાથી બચાવ જોઈતો જ નથી એ તો વધાવી લે છે કે 'હાશ ! આ કર્મપીડામાં એટલા કર્મ અહીં સુખેસમાધે ભોગવાઈ જઈને ઓછાં થાય છે.

**કર્મ છે તો જ સહવાનું આવે છે, પણ જેટલું સહીએ એટલાં કર્મ ઓછાં જ થાય છે, વધતાં નથી, કે એટલા પડી રહેતા નથી. પછી ચિંતા શી ?'**

આમ કર્મપીડાથી જો બચવું જ નથી તો ચારિત્ર પાસેથી એથી બચાવની

ઈચ્છા જ શાની ?

ઋષિદત્તાને અનુકુળ બાહ્ય સંગ ચાલી ગયા, પણ એ મનથી એની ત્યાગી નથી તેથી દુઃખી છે એને જાત અશરણ નિરાધાર બની ગઈ દેખાય છે, તેથી પિતાના દહન-સ્થાન પર પહોંચતા પિતાને યાદ કરી કલ્પાંત કરે છે કે, 'હે તાત ! તમે આ મને છોડીને ક્યાં ચાલી ગયા ? આ તમારી દીકરી અનહદ દુઃખમાં પડી છે . તમે ક્યાં છો ? તમે અહીં આવો અને આ દુખિયારીને દર્શન આપો.

"હે તાત ! હું શરણરહિત નોધારી બની ગઈ છું. તમે મારા પર દયા લાવી અહીં આવીને મને આશ્વાસન આપો. આ શુન્યકાર જંગલમાં મહાદુઃખમાં પડેલી હું તમારા વિના કોની આગળ પોકાર કરું ? ક્યાં જાઊં ? હું શું કરું ? મને કાંઈ સમજ પડતી નથી. તમે અહીં હતા ત્યારે તો આ વન પણ મારે રમણીય નગર જેવું હતું. તમે જતાં તો આ હવે મારે ચિંતા જેવું બની ગયું છે.'

ઋષિદત્તા શું ચિંતવી રહી છે ? પતિને શરણ માનેલા, તે તો ગયા, એટલે હવે પિતાનું શરણ શોધે છે. ખરેખર બેમાંથી એકે ય શરણ છે ? શરણ હોય તો બચાવ ન આપે ?

જ્ઞાની ભગવંતો પોકારીને કહે છે કે 'આ જગતની જડ કે ચેતન કોઈ ચીજ શરણભૂત નથી, રક્ષણ આપી શકતી નથી. જાઓ જોઈ વળો જગતમાં ઘુમીને કે કોને કઈ વસ્તુ રક્ષણ આપી શકે છે ? ફોગટ ફાંફાં શું મારો કે આ મારે આધાર, ને આ મારી રક્ષણહાર ? આધાર તો એકમાત્ર જૈનધર્મ શરણ એનું પકડો.'

અનાથી મુનિ મગધસમ્રાટ શ્રેણિકને કહે છે,-

**' જૈન ધર્મ વિના નરનાથ ! નથી કોઈ મુગતિનો સાથ'**

**ધર્મીને ય આપદા, તો ધર્મ શરણ કેમ ?:-**

કેમ ધનમાલ, બૈરી-છોકરા તગડી કાયા, માન-મોભો-પ્રતિષ્ઠા વગેરે શરણ નહિ, અને જૈનધર્મ જ શરણ ? એનું આ રહસ્ય બરાબર યાદ રાખી લેજો કે અલબત્ બંને ય જાતના શરણ પકડવારને કર્મ સંયોગે રોગ-આપત્તિ-અકસ્માત આવે, પરાધીનતા ત્રાસ-જરા-મૃત્યુ વગેરે આપદા તો આવે તે આવે જ; અને એમાંથી બચાવનાર કે એ અટકાવનાર ન મળે તે ન જ મળે; છતાં પણ ધનમાલ વગેરે ને શરણભૂત-આધારભૂત માની બેઠેલાને રોગાદિ આપદાનો ભય લાગે છે અને આપદા આવતાં એ ધનમાલ આદિ બચાવ નથી આપતા માટે એ શરણભૂત નહિ ત્યારે ધર્મનું શરણું પકડનાર સમજે કે આ આપદાઓ તો કર્મ તેવા જો ઉદયમાં આવે તો ઊભી થાય જ,' એથી એનો બહુ ભય નથી. એને તો આશ્વાસન એથી કે 'મારી પાસે કોહિનૂર હીરા જેવો ધર્મ છે, પછી મૃત્યુ ય આવે તો મારે શી ચિંતા

છે ? શી ખોટ છે ?

આમ ધર્મ પર મુસ્તાક હોવાથી આપદામાં ય ધર્મ એને શરણભૂત કહેવાય.

**બિચારો ધન-માલ વગેરેને આધારરૂપ માની એના પર મુસ્તાક બની બેઠેલો આપદામાં 'મારે શી ચિંતા ? શી ખોટ ?' એવું આશ્વાસન ક્યાંથી લઈ શકે ?**

**એ તો ધર્મનું શરણું લઈ એના પર મુસ્તાક રહેનારોજ આપદામાં 'શી ચિંતા ? શી ખોટ ?' એવું આશ્વાસન લઈ શકે.**

**ચાર શરણાં લેવા એટલે શું કરવાનું ?:-**

માટે 'અરિંહતા મે સરણં, સિદ્ધા મે સરણં, સાહૂ મે સરણં, જિણધમ્મો મે સરણં, એમ ચાર શરણ સ્વીકારવાનો ભાવ સમજજો...આમનું શરણ સ્વીકારવાનું એટલે શું કરવાનું ? આ, કે એમ ચિંતવવાનું,-

"મારે અરિંહતનું શરણ. તેથી એમને પામવા પર એવો મુસ્તાક રહું કે કર્મની નિર્ધારિત આપદાઓ રોગ ધનનાશ-કુટુંબીમરણ...યાવત્ મારા મૃત્યુનો મને ભય ન રહે; મને ભારે આશ્વાસન રહે કે 'અરિંહતદેવ મળ્યા છે પછી એ આપદાઓમાં મારે ચિંતા શી ? મારે ખોટ શી ?' બસ, મારે હુંફ ને ઓથ અરિંહતની છે એમુનું મારે અનન્ય આશ્વાસન છે. મને જગતની માયાજાળ, મારી કાયા, કે મારા અહંત્વદિની કોઈ હુંફ-ઓથ લાગતી નથી. એ વાંકા જાય એનો મને કોઈ ભય કે દુઃખ નથી. અરિંહતકોહિનૂર પાસે છતાં દુઃખ શું ? ભય શાનો ?'

એમ સિદ્ધભગવાનનું શરણ આચાર્યનું શરણ અને જૈનધર્મનું શરણ લેવામાં આ પ્રમાણે વિચારવાનું 'પ્રભુ! મારે દુન્યવી સંપત્તિનો દુન્યવી સગાં-સ્નેહીનો ને કહેવાતા પાલક-રક્ષક-રાજા-શેઠ-સિપાઈ વગેરે કોઈનો આધાર નહિ; પણ આધાર માત્ર તમારો હો,' તે આધાર એવો કે પછી કહેવાતી કશી આપદા આપદારૂપ ન લાગે, એનો કશો ભય જ ન લાગતાં એ સંપદારૂપ લાગ્યા કરે' આવું અરિહંતાદિ શરણું સ્વીકારતા રહીએ તો દુન્યવી સંયોગો ખાંડ ખાય છે, અર્થાત્ એ કશું આપણા આત્માનું બગાડી શકે નહિ, કશા આપણને રોવરાવી-બીવરાવી શકે નહિ ત્યારે પૂછો,-

**પ્ર.- આપદાઓ સંપદારૂપ શી રીતે લાગે ?**

ઉ.- જેવી રીતે આપણા નાથ મહાવીર ભગવાને લગાડી તે રીતે આપણને આપદાઓ સંપદારૂપ લાગે. નાથ પ્રભુ પર હલકી તુચ્છ ગોવાળિયા જેવા દ્વારા કાનમાં ખીલા ઠોકાવા જેવા ઉપદ્રવ આવ્યા, અનાર્ય દેશના અનાડી મ્લેચ્છ લોકો તરફથી અપમાન-તિરસ્કાર આવ્યા, સંગમ-શૂલપાણી જેવા દુષ્ટ દેવતા દ્વારા ઘોર ત્રાસ, ૬-૬ મહિના- આહાર-અટકાયત, જન ઉશ્કેરાટ વગેરે ઉપદ્રવ આવ્યા,

પરંતુ એ બધું (૧) પોતાના આત્મામાં ઘુસી ગયેલ કર્મની ફોજનો સંહાર કરનારું દેખ્યું, (૨) આત્મામાં પેધી ગયેલ રાગ-દ્વેષ-મદ-માયાને કચરાવામાં સહાયક તરીકે જોયું, અને (૩) એના પરિણામે અંતરાત્મામાં અસાધારણ ઉપશમભાવ, ક્ષમા દયા અને પરમશાંતસુધારસ, તથા સત્ત્વ-ઓજસ પ્રગટતા-વિકસતા દેખ્યા, એ સંપદારૂપ મહાસંપદારૂપે નહિ તો બીજું શું ?

ત્યારે શું બહારના ધન-માલ, સત્તાસન્માન, સેના-પરિવાર એ ખરેખર સંપદા છે ? સંપત્તિ છે ? એ જો સંપદારૂપ હોય તો માણસ એ મળતાં છતાં કેમ રોદણાં રુએ છે ? ચિંતા-સંતાપ કેમ કરે છે ? રોગ-અકસ્માતનો ભોગ કેમ બને છે ? અને આખરે કેમ એક રાંક બકરાની જેમ જમકસાઈ ઉપાડી જવાય છે ? સંપદા એને કશો બચાવ ન આપે ? છતી કહેવાતી સંપદા પાસે છતાં, સંતાપમાં શેકાયા કરવાનું ?

કહો, એ ધન-માલ વગેરે સંપદારૂપ છે જ નહિ. સંપદારૂપ તો જાલિમ કર્મોથી મુક્તિ મળે એ છે; રાગાદિ જાલિમ રોગોનો નાશ એ સંપદારૂપ છે, ક્ષમા-સમતા-ઉપશમ એ સંપદારૂપ છે, ક્ષમાદિ દશ પ્રકારનો યતિધર્મ-ચારિત્રધર્મ એ જ સાચી સંપદા, કે જ્યા બાહ્ય અંગે કશા સંતાપ નહિ, રોદણાં નહિ, ભય નહિ; મન નિશ્ચિત, નિરપેક્ષ, અને મસ્તસ્વસ્થ ! ચારિત્રધર્મનું શરણું લેવાથી આવું મન બને.

ઋષિદત્તા પાસે આ ચારિત્રધર્મ નથી એટલે જંગલમાં પિતાના અગ્નિસ્નાનના સ્થળે ઊભી રોઈ રહી છે કે 'તાત ! તમે ક્યાં ચાલ્યા ગયા ? અહીં દર્શન આપો તો મારે કશું દુઃખ નથી, અરે ! દુઃખ પણ ઉત્સવરૂપ બની જાય; ઘરેથી કાઢી મૂકવાનું ય આપનાં મધુર મીલન માટે બને.'

**ધર્મના શરણ વિના જીવ ફોગટ ફાંફા મારે છે, અસંભવિત સંભવિત થવાની કલ્પના કરે છે, અને નિષ્ફળ રોદણાં છે.**

પરંતુ ઋષિદત્તાએ હવે જોયું કે રોતાં બેસી રહેવાનો કોઈ અર્થ નથી સરવાનો. તેથી વિચારે છે કે 'ભસ્મીભૂત થઈ ગયેલા પિતા હવે દર્શન આપો, એટલે મારે આનંદમંગળ થાય,...આવું બધું બોલવું એ ગાડંપણ છે મરેલા કોઈ પાછા આવ્યા છે ? માટે એવા ગાંડા બોલ બોલવાથી સર્યું. કારમું કલંક ચડયું તે ચડયું. એ તો પૂર્વભવે જેવો આરોપ બીજા પર ચડાવ્યો હોય તેવો જ અહીં આપણા પર ચડે છે. જેવું વાવીએ તેવું લણાય માટે,

**વર્તમાન કલંકનો શો શોક કરવો ? શોક કરૂં તો પૂર્વ મેં કોઈને દીધેલ કલંકનો જ ન કરૂં ?**

**સન્નારીને મોટી ચિંતા શીલની :-**

આમ પોતાના શોકને હળવો કરીને ઋષિદત્તા પિતાની ઝુંપડીમાં જઈને રહી. જંગલ છે, એકલી રહેવાનુ છે, ભોજન તો ત્યાં ફળાહારનો કરી લે છે, પરંતુ મોટી ચિંતા એને પોતાના શીલની છે. એના મનને એમ થાય છે કે 'આવા વનમાં નથી ને કોઈ આવી ચડયું, તો એને મન તો હું પાકેલા ફળ જેવી. એ એકલી અટુલી મારા પર આક્રમણ કરે તો આ નિર્જન વનવગડામાં મને બચાવનાર કોણ? મારે મારું શીલ કેવી રીતે સાચવવું ?' આ ચિંતા મોટી થઈ પડી. સન્નારીને મોટી ચિંતા શીલની.

**જંગલનાં દુઃખ વિસાતમાં કેમ નહિ ?:-**

ઋષિદત્તાને જગંલમાં શું ખાઈશ, શું પહેરીશ, મહેલમાં જે બીજી સગવડો મળતી હતી તે અહીં ક્યાં મળશે ? એવી કોઈ ચિંતા ન થઈ, પણ ચિંતા શીલની થઈ કે એનું રક્ષણ શી રીતે થશે ?' કેમ વારુ આમ ? કહો, ઓળખી લે છે કે જ્યારે પૂર્વ કર્મે આવા મોટા માનવ-હત્યારી અને માંસભક્ષિણી તરીકેના કલંકની સજા કરી, અને સસરા રાજાએ એથી ભ્રમણામાં પડીને વધની શિક્ષા ફરમાવી તો હવે મારે આ જાલિમ મોટા દુઃખ આગળ ખાનપાન-કપડાં-સગવડ સામગ્રીનાં નાના દુઃખને શું ગણવું હતું ? એવા ભારે અશુભના ઉદય પરથી માપી લેવું જોઈએ કે કર્મ કેટલા જાલિમ રુઠયા છે ? એવા જાલિમ રુઠેલા કર્મ પર સુખસગવડનો અધિકાર રાખવો ખોટો છે.

મહાન આત્માઓ રામ-સીતા, નળ-દમયંતી, હરિશ્ચંદ્ર-તારામતિ, પાંડવો-દ્રૌપદી વગેરેને વનમાં ભટકવાનું આવ્યું ત્યારે એમણે આ જ કર્યું,-'પોતાનાં કર્મ માપી લીધા કે ભારે અશુભનો ઉદય જાગ્યો છે તો હવે દાવો રાખવો ખોટો છે કે 'મને આવી આવી સગવડો જ મળવી જોઈએ. એ વિના મને ફાવે જ નહિ' આવો ખોટો અધિકાર શાના ઉપર, કે જ્યારે કર્મ જ રુઠયા છે ?

**માણસ પોતાનું પુણ્ય માપી લે, તો ખોટા ઓરતા કે અધિકાર ન કરે.**

સટોડિયા પાયમાલ ક્યારે થાય છે ? ક્યારેક ભારે ફટકો પડી જતાં કે એક-બે-ત્રણ સોદામાં પાછો પડતાં એ નથી વિચારતો કે 'હવે મારે ભારે અશુભનો ઉદય જાગ્યો છે તેથી હવે દાવો રાખવો રહેવા દે કે નવો સોદો કરીને નફો મેળવી લેવાનો. ધંધામાં આપત્તિએ સૂઝાડી દીધું, એંધાણી આપી દીધી કે 'હવે અશુભ કર્મ ઉદયમાં આવે છે. શુભના પાવર સામર્થ્ય ઘટયાં છે. તો ચેતી જા, આગળ ન વધ નહિતર આથી પણ મોટી પછાડ ખાઈશ.' આમ કરી સટોડિયા જો અટકી જાય તો નવનવા દાવ નાખી પાયમાલ ન થાય.'

એવું જ માનપાનાદિમાં છે. આજ સુધી માન મળતું આવ્યું, આપણી સત્તા ચાલતી રહી, એના ભરોસે એમાં આગળ વધવા ગયા અને પછાડ ખાવી પડી, માનભંગ થયા, સત્તાની સામે આક્રમણ થયાં, તો સમજી લેવું ઘટે કે 'હવે અશુભના ઉદય જાગ્યા છે, માટે પૂર્વની રીતરસમ બદલી નાખો. માનની આશા અને સત્તાની અજમાયશ રહેવા દો.' એમ કરી જો માનાકાંક્ષાને દાબી દે. માન લેવાની પ્રવૃતિ ન કરે, તો હજી થોડું ઘણું માન બચે. એમ સત્તા અજમાવવી રહેવા દે, તો હજીય થોડોઘણો મોભો જળવાઈ રહે પણ

**અશુભના ઉદય ચાલુ થઈ ગયાને પરખ્યા વિના એની એજ હોશિયારી કરવા જાય, તો માર ખાય.**

સંસાર કેવો વિચિત્ર છે ? સામાન્ય રીતે, માણસ પરણે એટલે પોતાની પત્ની તરફથી જે માન મળતું હોય, પત્ની પર જે સત્તા ચાલતી હોય, તે એને એક બે છોકરા થયા પછી એવું માન નથી મળતું, એની એવી સત્તા નથી ચાલતી. એમ છોકરા નાના છતે એના તરફથી જે માન મળતું હોય, ને એના પર પોતાની જે સત્તા ચાલતી હોય, તે છોકરા સારું રળતા થયા પછી એવી સત્તા નથી ચાલતી. સંસારની આ કેવી વિચિત્રતા ! વર્તમાન કાળે શુભના ઉદય કેવા તકલાદી ?

શુભ કર્મોના આ તકલાદીપણાને ઓળખી લઈ,માણસ જો પત્ની કે પુત્રો પાસેથી ય માન-સન્માન લેવાનો હઠવાદ ન કરે, એમના પર પણ એવી સત્તા અજમાવવાનો આગ્રહ ન રાખે તો તો (૧) એનો માન-મોભો જળવાઈ રહે, અને (૨) ચિત્તની શાંતિ-શીતળતાને વાંધો ન આવે. પરંતુ આજનાં મૂર્ખ માનસ આ નથી સમજવા દેતા અને માન-સત્તાનો આગ્રહ કરાવી ધપાટ ખવડાવે છે. પછી એવા ખોટા આગ્રહમાં ચિત્તની અશાંતિ જ વહોરાવાનું બને છે.

**શું આપણા ચિત્તની શાંતિ બીજો કોઈ બગાડે છે ?**

ના, આપણી જાતે જ શાંતિ ખોઈ નાખીએ છીએ. માન લેવા ગયા ને અપમાન મળ્યું, સત્તા અજમાવવા ગયા ને સામનો થયો, ત્યાં ચિત્ત અશાંતિમાં પડે છે. પરંતુ સવાલ તો આ છે કે એવું કરવા ગયા જ શું કામ ? અશુભના ઉદયને પરખી લીધો હોત તો એવી માનાકાંક્ષા અને સત્તાપ્રિયતા બાજુએ જ મુકી દેત. મન સમજી લેત કે 'હવે અશુભોદય ચાલુ થયો છે, શુભોદય દુબળો પડ્યો છે, તેથી હવે એ માન મળવાના દહાડા ગયા, એવી સત્તા ચાલવાના સમય વીતી ગયા, માટે માનાકાંક્ષા અને સત્તાપ્રિયતા છોડીને શાંતિથી બેસ.'

**જીવન શાંતિથી જીવવા માટે આ બહુ મજેનું સૂત્ર છે કે 'આપણા શુભોદયની મંદતા અને અશુભોદયની પ્રબળતાને પરખીને ચાલવું.'** બેચાર પ્રસંગ પરથી આ સમજી

જવાય અમુક અમુક મનમાન્યુ બનતું આવ્યું હોય, પણ હવે એમાં ફરક માલુમ પડતાં શુભની મંદતા અને અશુભનો ઉદય વર્તી શકાય. એ વર્તી હવે રીતરસમ થોડી બદલવી પડે. મનગમતું જ થવાના કે કરવાના આગ્રહ-દાવા મૂકી દેવા ઘટે.

ઋષિદત્તાએ પોતાના અશુભોદયની બળવત્તા જોઈ એટલે હવે એ એવો દાવો નથી રાખતી કે 'મને અમુક સગવડ મળવી જ જોઈએ.' ના, એ તો શુભોદયના દિવસ હતા ત્યાં ચાલી શકે, હવે અશુભના ઉદયમાં નહિ. **આવડા મોટા કલંક અને મોતની સજા દેનારા અશુભોદય જાગ્યા, ત્યાં વનવાસની અગવડોના નાના અશુભોદયનું પૂછવું જ શું ?**

માટે હવે એવા ખાન-પાન-કપડાં-સગવડસામગ્રીનો આગ્રહ મૂકી દેવાનો; તો જ આ જંગલમાં શાંતિથી રહી શકાય, એટલે એને એ ખાનપાનાદિની ચિંતા નહોતી; પણ ચિંતા શીલરક્ષાની હતી.

માણસ પરદેશ કમાવા જાય છે. ત્યાં શરૂ શરૂમાં એ ક્યાં એવાં ખાનપાનાદિનો આગ્રહ રાખે છે ? સમય ઓળખી લે છે, સંયોગો ઓળખી લે છે, અને ગમે તે મળ્યું તેમાં ચલાવી લે છે. તો અશુભના ઉદયે પરિસ્થિતિ પલટાયા પછી શું આ સમજ ન હોય કે હવે ખાનપાનાદિ પર સંયમ મૂકી દઉં ?

ધર્મ વળી આ સમજાવે છે કે અશુભોદયે તેવા વિકટ સંયોગ-પરિસ્થિતિમાં સંયમ મૂકવા પડે છે; તો શુભના ઉદયમાં પણ આત્માના હિત માટે ખાનપાનાદિ પર સંયમ મૂક.

**જેમ અશુભના ઉદયે સંયમથી શાંતિ રહે છે, એમ શુભોદયમાં પણ સંયમથી શાંતિ રહેશે.**

**વિષયો પર 'સંયમ' એટલે** સંયમન-(૧) મળી શકતા ધન-માલ-વિષયો લેવા પર કાપ, (૨) મળેલા વિષયો ભોગવવા પર કાપ, અને (૩) ધન-માલ વિષયો મેળવવાની, મળે તો લેવા-ભોગવવાની વૃત્તિ પર કાપ. ત્યારે 'અસંયમ' એટલે (૧) જેટલું મળે એટલું લઈ લેવું (૨) મળેલાને પૂરું ભોગવવું, અને (૩) મેળવવાની કે સહેજે મળતું લેવાની કે ભોગવવાની બધી છૂટ. આ થયો વિષયો અંગે સંયમ-અસંયમ.

**એમ ક્રોધાદિ કષાયો અંગે 'સંયમ' એટલે** એ ક્રોધાદિ ઊઠેલા કે ઉઠતાંને દબાવવા, તેમજ હવે ઊઠવા જ ન દેવા. ત્યારે 'અસંયમ' એટલે એ કષાયોને યથેચ્છ ઊઠવા દેવાની છૂટ રાખવી, ફાવે એટલા કરવા, અને ઊઠેલા પર કશો ક્યારેય કાપ નહિ, વધવાની સીમા નહિ. ક્રોધ શું, અભિમાન શું, માયા-પ્રપંચ શું, કે લોભ શું, યા રાગ-દ્વેષ-હર્ષ-શોક, હાસ્ય-ઈર્ષ્યાદિ શું; કશા પર નિયમન નહિ,

ફાવે ત્યારે અને ઠીક લાગે એટલા કર્યે જવા એ બધું કષાયનો અસંયમ.

**એમ, ઈંદ્રિયોનો અસયંમ એટલે એને** વિષયોમાં ભટકતી રાખવી, એના પર કશો નિગ્રહ-કાપ-અટકાયત નહિ. 'જોવા-સાંભળવા-ચાખવા-સુંઘવા-સ્પર્શવા મળે છે ? બસ, જોઈલો, સાંભળી લો, ચાખી લો, સુંઘી લો, સ્પર્શી લો. અરે ! મળ્યું નથી, તો ડાફોળિયા મારો, ને જે જોવા-સાંભળવા વગેરે મળે એને ઝડપો'. ઈંદ્રિયોના આ યથેચ્છ પ્રવર્તન અને લાલસા એ અસંયમ એના પર કાપ-નિગ્રહ-નિયંત્રણ, એ સંયમ.

એમ, હિંસાદિ પાપોમાં અસંયમ એટલે ફાવે એટલી હિસા-આરંભસમારભ, જુઠ, ચોરી-અનિતી વિશ્વાસઘાત, વિષયોભોગ અને પરિગ્રહ વગેરે પાપો કરવાની છૂટ, કર્યે જવા. ત્યારે સંયમ એટલે એ કરવા પર કાપ, મર્યાદા,અટકાયત, અને એ હિસાંદિનો પ્રતિજ્ઞા બદ્ધ ત્યાગ.

જીવન બે જાતનું જીવી શકાય, સંયમનું કે અસંયમનું હવે વિચારો, શાંતિને શોભા શેમાં ? સંયમમાં ? કે અસયંમમાં ? ચિત્તની સ્વસ્થતા-સમાધિ-નિશ્ચિતતા શેમાં ? ભૂલશો નહિ, વિષયો-ધન-માલ મેળવી કે ભોગવી લેવામાં કષાયો સેવી લેવામાં, ઈંદ્રિયો પ્રવર્તાવી દેવામાં કે હિંસાદિ આચરી લેવામાં ક્ષણભર સુખનો અનુભવ લાગશે, પરંતુ એમાં ચિત્ત વિહ્વળ રહે છે, સ્વસ્થ નહિ. નદી-તળાવમાં પડીને નહાવા-તરવાનો શોખ છે એટલે પડયા, કલેજે ઠંડક લાગે છે. મસ્તતા લાગે છે પણ બહાર નીકળતાં મન કચવાય છે, અને અંદર હો, ત્યાં ય વિહ્વળતા જરૂર છે કે આમાં કદાચ ડૂબી તો ન જાઉં ? એમ ધન-માલ-વિષયોના સંગ્રહ કે ભોગવટામાં કલેજે ઠંડક ભલે લાગતી હોય, પરંતુ એમાં અંતરાય-આપત્તિનો ભય અને વિહ્વળતા છૂપાયેલા પડયા જ છે. એવું કષાયો અને હિંસાદિના અસંયમમાં તો પછી એવી વિહ્વળતા-અશાંતિવાળા સુખને શું કરવાના ? એ ખરેખરું સુખ જ નથી.

ત્યારે સંયમમાં શાંતિ રહે છે જેટલો સંયમ એટલી શાંતિ; જેટલો અસંયમ એટલી અશાંતિ. અભક્ષ્યત્યાગનો નિયમ છે, સંયમ છે, તો એટલી શાંતિ છે; પછી ભલે ને એ અભક્ષ્ય ગમે તેટલા સ્વાદિષ્ટ હોય, પરંતુ નક્કી કર્યું કે મારે એ ન જોઈએ, તો એટલા અંશે ચિત્ત શાંત-સ્વસ્થ રહેવાનું. પરંતુ ભક્ષ્યમાં જો સંયમ નથી, તો એટલા અંશે અશાંતિ રહેવાની. પાંચ ચીજ ખાવા મળે પંદર મળે...જેટલી મળે એટલી ખપે છે, આવો અસંયમ હોય ત્યાં ભલે વધુ ને વધુ મળતી જવાથી આનંદ લાગે, પણ ત્યાં વિહ્વળતા છે. એટલે જ સત્તર ચીજ મળી, પરંતુ ધારી એકાદ ચીજ નથી મળી તો ચિત્તની અશાંતિ દેખાય છે.

એવું કામના વિષયમાં પરસ્રીત્યાગ છે એટલો સંયમ છે, તો એટલી શાંતિ

રહેવાની. દેખાય શું, જાતે અનુભવાય કે પરસ્ત્રી જોવા માટે પણ જો ત્યાગ છે, અર્થાત સંયમ છે, તો ચિત્તને શાંતિ; પછી ગમે તેટલી સ્ત્રીઓ સામે હોય ત્યારે આ સંયમ વિનાનાને ભારે અશાંતિ; આંખ જોતા ધરાય જ નહિ, એ અશાંતિ વિહ્વળતા નથી તો બીજુ શું છે ? ઠીક પરસ્ત્રીત્યાગ હોય, પણ સ્વસ્ત્રીમાં સંયમ નથી, તો પાછી એટલી અશાંતિ મન વિહ્વળ રહ્યા જ કરે કે કેમ વધુ ને વધુ આનંદ લઉં ?' ત્યારે સંયમવાળાને એટલી શાંતિ રહેવાની મનથી વિચારી જોયું કે 'શું મારી તે કાંઈ ગધેડાની જિંદગી છે કે જેમ ગધેડી પાછળ એ ઘેલો ને ઘેલો, તેમજ હું ય ઘેલો ને ઘેલો રહ્યા કરું ? ના, વાસના પર કાપ મૂકું,' એમ વિચારી સારા સંયમમાં આવે તો ચિત્ત મહાન શાંતિ અનુભવે.

વાત આ છે કે શાંતિ સંયમમાં છે, અસંયમમાં નહિ, દિવસના ખાવાના ટંક અને ખાવાની વસ્તુ પર જો મર્યાદા બાંધી, સંયમ કર્યા કે અમુક જ ટંક અને ભલે ને સાત ટંક રાખ્યા, અને એક ઠેકાણે આગ્રહથી ચાહ પીધી, બીજે ઠેકાણે જરાક મુખવાસ ખાધું, એમ કરતાં બપોરે સુધીમાં છ ટંક થઈ ગયા, તો ય ચિત્તને શાંતિ રહેવાની કે 'ચાલો હવે સાંજે એક જમવાનો ટંક બાકી છે, એટલે બીજે ત્રીજે ચાહપાણી વગેરેની લમણા ફોડ મટી. કોઈ આગ્રહ કરે તો કહી દેવાનું કે 'ભાઈ ! મારે ટંક થઈ ગયા છે, હવે નિયમમાં માત્ર એક જ ટંક જમવાનો બાકી છે.'

શાંતિ સંયમમાં છે, અને એ જ સાચું સુખ છે. પુણ્યના ઉદયમાં મળતું ઘણું હોય, પણ જો આ સંયમની ટેવ પાડી હોય, તો શાંતિ રહેવાની, તેમજ અશુભના ઉદય વખતે જરૂરીમાં ય ઓછું મળતાં અશાંતિ નહિ થાય, શાંતિ બની રહેશે. સંયમવાળો બંને સ્થિતિમાં શાંતિનો અનુભવ કરશે અસંયમવાળાને બંને સ્થિતિમાં અશાંતિ એમાં ય અશુભોદયની સ્થિતિમાં તો ભારે અશાંતિથી પીડાશે. ત્યાં પછી એને એ વિચાર નહિ આવે કે 'ભાઈ ! હવે અશુભોદય ચાલે છે તો સુખ-સગવડના હક-દાવા રહેવા દે કે 'મને આવું આવું ને આટલું આટલું કેમ ન મળે ? એના વિના કેમ ચાલે ? કેમ ફાવે ?' ના, હવે એ મનમાન્યું મળવાના દહાડા ગયા; તેથી હવે તો જે મળે, જેટલું મળે, એ બરાબર. એમાં જ સંતોષ માનવાનો ઊલટું એમ માનવાનું કે આટલું ય મળે છે એ વધારે છે; કેમકે અશુભોદય એવો ભારે જાગ્યો છે કે એની પાછળ આટલું ય મળવાના શુભોદય ન ઊભા રહે. ભારે અશુભોદય એ નાના અશુભોદયની એંધાણી છે, તે કેઈ શુભોદયને ભગાડી મૂકે.

ઋષિદત્તાના માથે ભારે કલંક આવ્યું, મોતની સજા ફરમાવાઈ, એ તીવ્ર અશુભોદયને બીજા કેટલાય નાના શુભોદયને ધક્કો મારનારી અને નાના નાના અશુભોદયને જગાડનારી એંધાણી સમજે છે. તેથી હવે જંગલમાં કશી સુખ-સગવડ

ન મળે, અન્નનો દાણો ન મળે, એના પર શોક નથી કરતી, ચિંતા નથી કરતી કે આવી અગવડમાં કેમ ફાવે ? મનવાળી લે છે કે 'ભારી અશુભોદયમાં હવે નાના અશુભોદય સમજી રાખવાના અને વધાવી લેવાના.' એટલે ખાનપાનાદિની અગવડની એને ચિંતા નથી.

પરંતુ એને એક જ ચિંતા છે કે આ વનવગડામાં એકલી અટુલી મારે શીલની રક્ષા કેવી રીતે કરવી ? શું ?

**અશુભોદયમાં ઓછું કે હલકું ખાવા-પીવા-પહેરવા-ઓઢવા મળે, દુઃખ આવે, એ ચલાવી લેવાય, પણ શીલમાં જરાય ઓછું ન ચલાવી લેવાય.**

એમ ગુસ્સો ન કરાય કે સસરાએ કાઢી મૂકી, ધણીએ રક્ષણ કર્યું નહિ, ત્યારે મારે ય હવે એવી શીલની પરવા રાખવાનુ શું કામ છે ?' અથવા એવી દીનતા ન કરાય કે' જંગલમાં એકલા પડ્યા; શું કરીએ ? જેમ ખાનપાનાદિ જેવા મળ્યા એવા ચલાવી લેવાય, એમાં કમી તો કમી, પણ એ ચલાવી લેવી પડે, એની બહુ ચિંતા ન કરાય, એમ શીલમાં કમી પડે તો કમી, ચલાવી લેવી પડે; વનમાં એકલા પડે શીલ પણ પૂરું શે સચવાય ? માટે એની ચિંતા શી કરવી ?' ચલાવી લેવું,' આવી દીનતા ન કરાય.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"   વર્ષ-૨૧,અંક-૨૧,તા.૧૦-૨-૧૯૭૩**

'શીલ તો ગમે તેવા વિકટ સંયોગમાં પણ પૂરુપૂરું પાળવાનું જ એમાં જરાય કમી ન ચાલે તો અહીં અનાડીઓથી શીલ પર આક્રમણ આવે નહિ એ માટે શું કરવું ? આ ચિંતા ઋષિદત્તાને ભારે થઈ. હવે એને બીજી અગવડ-આપત્તિનું એવું દુઃખ નથી લાગતું, જે શીલ પર આપત્તિનું લાગે છે.

**સતીને મન મહાદુઃખ કયું ?:-**

સતીઓની આ ખૂબી કે બીજા ભારે દુઃખ વિસરવા તૈયાર, પણ શીલ પર જોખમનું એને મહાદુઃખ લાગે આમાં ય ખૂબી એ, કે આ માત્ર કોઈ નરકના ભયથી નહિ કે 'શીલ ભાગું તો મારે નરકમાં પડવું પડે,' પરંતુ સ્ત્રી અવતારમાં શીલભંગ એ તદ્દન અનુચિત અસંગત બીના લાગે છે આની સામે આજની સ્થિતિ વિચારજો આજની નવી માન્યતાઓ એમ મનાવે છે કે, 'વિષયસેવન તો જીવનનો એક આનંદ છે; એમાં વળી ભેદ શો પાડવાનો કે સ્વસ્ત્રી-પુરૂષથી એ વ્યાજબી, ને પરસ્ત્રી-પુરૂષથી વ્યાજબી નહિ ? સદાચાર શું, ને દુરાચાર શું ?' તમારા છોકરા-છોકરી સ્કુલ-કોલેજોમાં જે ભણે છે, એમાં આ સદાચાર-દુરાચારનો ભેદ કશો

ભણાવાતો નથી. ઊલટું જ્યાં આ ભેદ નથી એવી પાશ્ચાત્ય સભ્યતા અને ખ્રિસ્તી ધર્મ મહાન હોવાનું વિદ્યાર્થીના મગજ પર ઠસાવાય છે. દુરાચારની ઉત્તેજના કરે એવા પહેરવેશ ચાલુ થઈ ગયા. સિનેમા-ચિત્રપટો એવું ખુલ્લંખુલ્લા દેખાડે છે. છાપાઓ એવી કથાઓ અને ચિત્રો બેફામ પ્રગટ કર્યે જાય છે.

બોલો, આમાં નવી પ્રજા કેવી તૈયાર થઈ રહી છે ? એને શીલ-સદાચારના ઊંચા ખ્યાલ કોણ શીખવવાનું ? તમારા ઘરમાં આવેલા નવા જીવોને માનવભવની આ શીલ-સદાચારની અતિશય મહત્તા ન શીખવા મળે, બલ્કે ઊંધા માનસ ઘડાય, એવા ઊછેરનું તમને દુઃખ નહિ ને ? એનો અર્થ તો આ જ ને કે, 'કૂતરા-કૂતરી પોતાના ભોટિલાનો ઊછેર કરે એમાં શીલ-સદાચારનું શિક્ષણ હોય, તો અમારે ત્યાં હોય ? માનવ તરીકેની ખરેખરી જવાબદારી સ્વ-પરમાં શીલ-સદાચારની સંભાળ કરવાની; એ જવાબદારી કશી ઉઠાવવાની ખરી ? લગ્ન પહેલાં છોકરા-છોકરીના મેલાપ જે ચાહીને ગોઠવી અપાય છે, ને લગ્ન પછી ચાહીને જે રીતનું રીસેપ્શન ગોઠવાય છે. એમાં છોકરા છોકરીના મન પર શીલ-સદાચારનો ભાવ રહે ખરો ?

**ઋષિદત્તાએ શીલનો ઉપાય શોધ્યો :-**

જવા દો, આજે અમારા અવાજ તમારા હૈયા સુધી પહોંચે એમ લાગતું નથી પેલી ઋષિદત્તાને વનવગડામાં એકલી પડી પોતાના શીલની રક્ષાની ભારે ચિંતા થઈ. એના પર ઉપાય માટે વિચાર કરતાં પિતાનું અદ્રશ્ય થવાનું અંજન યાદ આવ્યું. જ્યા કોઈ પુરૂષ દેખાય કે તરત એથી અદ્રશ્ય થવામાં જોખમ ન રહે એમ લાગ્યું; પરંતુ એ અંજન આજે ક્યાં છે ? પોતાને એ બનાવતાં આવડતું નથી, ને પિતા તો પરલોક સિધાવી ગયા છે, તો હવે શું કરવું.

વિચાર કરતાં કરતાં એને યાદ આવ્યું કે, 'હા, પિતાજીએ વિદ્યાથી મંત્રિત કરાયેલી એક વનસ્પતિ એવી દેખાડી છે કે જેનો ઉપયોગ કરવાથી એના પ્રતાપે સ્ત્રી પુરૂષ જેવી દેખાય. બસ, એનો ઉપયોગ કરી હું પુરૂષરૂપે રહું તો શીલ પર આપત્તિ ન આવે. એમાં વળી એક જોગી તરીકેનો વેશ રહે એટલે વિશેષ બચાવ મળે. જોગીના વેશે રહેલા પુરૂષ પર કોણ પુરૂષ મોહ પામવાનું હતું ?'

આ યાદ આવતાં એને ભારે આનંદ થયો; કેમકે શીલની અણમોલ સંપત્તિનું રક્ષણ થશે. એમ એને લાગ્યું. બસ, એટલી જ વાર, જગંલમાં ફરીને એ વનસ્પતિ મેળવી લઈ એનો ઉપયોગ કરી એ પુરૂષની આકૃતિમાં ફેરવાઈ ગઈ. ઉપર જોગીનો વેશ કરી લીધો. અને હવે નિશ્ચિતન્તાથી આપત્તિકાળ પસાર કરે છે. ભગવાન ઋષભદેવનું પિતાએ બંધાવેલ મંદિર મળ્યું છે, એટલે પ્રભુની ભક્તિમાં જ ઘણો સમય વીતાવે છ. સમજે છે કે 'આપત્તિ તો મહા આવી, પરંતુ એમાં આવો

નિશ્ચિતન્તાથી ઘણો સમય વિતાવવાનો અવસર આ ખરેખરો મળ્યો. ઘેર બેઠી આવો ભક્તિયોગ ક્યાં સધાતો હતો ? ચાલો આપત્તિનો ઉપકાર માનો કે એણે આ દેખાડ્યું ! પ્રભુ-ભક્તિમાં એવી ઝીલે છે કે એને તો જાણે દુઃખના દહાડા સુખમાં ફેરવાઈ ગયા !

**જીવનમાં દુઃખ આવે છે ને ? એને સુખમાં ફેરવવું છે ? તો આ કરો,-પ્રભુ-ભક્તિમાં વિશેષ લાગી જાઓ.**

**દુઃખની બળતરામાં ભક્તિ શી રીતે થાય ?:-**

**પ્ર.**- દુઃખની બળતરા હોય ત્યાં મન પ્રભુભક્તિમાં શી રીતે લાગે ?

ઉ.- મન જરૂર લાગી શકે; કેમકે મનની સ્થિતિ એવી છે કે એ નવરું પડયું ખોટા વિકલ્પો બહુ કરે. એને જો કામે લગાડી દો તો પેલું એટલો ટાઈમ ભૂલાઈ જવાથી એના વિકલ્પોથી બચે. બળતરા વિકલ્પોના ઘરની વિચારોના ઘરની છે. દુઃખના ને એના વિષયના વિચારો બહુ કર કર કરો એટલે બળતરા બહુ થાય. પણ જો બીજા વિચારમાં ચડી ગયા તો એટલો ટાઈમ બળતરા ભૂલાશે. દા.ત. જુઓ છો ને કે છોકરો મરી ગયો છે, એનું દુઃખ બહુ છે, બળતરા ભારે છે. પરંતુ બહારનો કોઈ આવીને બીજી વાતે જો લગાડી દે છે, તો એટલો સમય પેલું દુઃખ ભૂલી જવાય છે એના વિચાર અટકી પડે છે, બળતરા ભૂલાય છે ધ્યાનમાં રહે,-

**બળતરા દુઃખની નથી, દુઃખના વિચારોના ઘરની છે. માટે જ એ વિચાર બંધ, કે બળતરા બંધ.**

આ અનુભવ છે ને ? પુત્ર વિયોગનું દુઃખ તો ઊભું જ છે, પણ મન બીજે રોકાયું બળતરા નથી અનુભવતું તેથી બળતરા-સંતાપ-ખેદ ટાળવાનો અદભૂત ઉપાય થયો કે મનને બીજે રોકી લેવું પરંતુ એવામાં ન રોકવું કે જ્યાં પાછું ઓલામાંથી ચૂલામાં પડવાનું થાય. એટલા માટે બળતરાથી બચવા વીતરાગ અરિહંત દેવની ભક્તિ એ શ્રેષ્ઠ ઉપાય છે. એમાં મન લગાડ્યું તો ત્યાં નવી બળતરા ઊભી કરે એવું તત્ત્વ નથી. બલ્કે,

**મનને ઠંડક આપે, તાજગી આપે, એવાં ભારોભાર તત્ત્વો વીતરાગ પ્રભુની ભક્તિમાં ભરેલાં છે.**

વીતરાગ ભગવાનનાં દર્શને જાઓ ત્યાં દેખાય કે,' આ મારા ભગવાન જો છતા મહા અનુકુળ અને પ્રેમાળ સ્નેહી-સંબંધીને પડતા મૂકી નિવૃત્તિનું મસ્ત જીવન જીવ્યા, તો હું એકાદ સ્નેહી ચાલી જાય એમાં શો વિહ્વળ થાઉં છું ?' આમ, સ્નેહીના વિયોગની બળતરા મિટાવી ઠંડક કરી આપે. પ્રભુની ભક્તિ કરતી વખતે મનને એમ થાય કે; 'હું આ ભક્તિ શા માટે કરું છું ? એટલા જ માટે કે આ

મારા પ્રભુ કેવી સર્વોચ્ચ કોટિની ક્ષમા-નમ્રતા, નિર્વિકારતા-નિર્લોભતા, અનુપમ સમતા-સમાધિ, અનુપમ ત્યાગ, નિર્મળતા વગેરે ગુણોના ભંડાર છે ! એની સક્રિય અનુમોદનાનો લાભ મળે આમ જ્યારે એ ગુણગણનિધિ પર મારે અત્યંત અનુમોદના અર્થાત્ એની પાછળ પ્રમોદ હરખ-આનંદ માણવાનો છે, તો પછી ખેદ-શોક-રાગ-દીનતા વગેરેને કેમ નભાવાય ?' આ વિચારથી એ દોષોનું જોર ઓછું થયે ઠંડકનો અનુભવ થાય.

પ્ર.- પણ દુન્યવી બાબતો હરખ-ખેદ કરાવી દે છે તેનું કેમ ?

ઉ.- એનું કારણ પ્રભુની ભક્તિ અને પ્રભુનાં સ્મરણ વારેવારે નથી કરતા એ છે ઉપાય આ અદ્ભુત કે પ્રભુભક્તિમાં પરોવાયા રહેતાં પ્રભુનાં જીવનના પ્રભુના ગુણોના, ને પ્રભુના આત્મિક ઉપકારોના વિચારો જો ચાલ્યા કરે, તેથી દુન્યવી બાબતો તુચ્છ લાગી એના સંતાપ ભૂલાય. ચિત્તની બળતરા મીટે. ઋષિદત્તા હવે જંગલમાં રહી મંદિરમાં પ્રભુભક્તિમાં ઘણો સમય વ્યતીત કરે છે, તેથી પોતાની ઉપર વરસેલી મહાઆપત્તિના સંતાપ એને ઓછા પીડે છે.

આ બાજુ એનો પતિ કનકરથ એને ચંડાળોથી મરાઈ જાણી એના વિરહના દુઃખથી શેકાઈ રહ્યો રોયા કરે છે, ઉદાસ રહે છે, શરીરે દુબળો પડે છે, તમે પૂછશો,

પ્ર.- 'એ તો મહા ગુણિયલ અને તત્ત્વજ્ઞ પુરૂષ છે; તો એને વળી આવો શોક શો ?

ઉ.- પરંતુ પરિસ્થિતિનો વિચાર કરો. પત્ની સહજ રીતે આયુષ્ય પૂર્ણ થઈ મરી હોત તો એનું એવું દુઃખ ન થાત; પરંતુ ખોટું કલંક ચડીને ચંડાળોના હાથે મારી નખાવાની એ સજા પામીને ગયાનું એને દુઃખ છે. એ સંસારસુખ નષ્ટ થયાને રુએ એવો નથી, પરંતુ ઋષિદત્તાના સદગુણો અને લાયકી પર આકર્ષાયેલા એને એવી પણ એની થયેલી દુર્દશાનું દુઃખ છે.

**ખેદ-ખેદમાં ફરક :-**

સારા ગુણિયલ સ્નેહીના વિયોગનું તમને ય દુઃખ હશે પણ તપાસજો કે એ દુઃખ એનો સ્વાર્થ ભંગાયાનું છે ? શું મનને એ વિચાર આવીને મન દુઃખિત થાય છે કે એ બિચારા જીવને સુંદર માનવભવ હાથથી ગયે પાપનાશ અને સુકૃત સંચય કરવાની અણમોલ તક ગઈ ? એને કર્મની કેવી કઠણાઈ ?' આવા એના સ્વાર્થભંગના વિચારથી તમે દુઃખી થાઓ છો ? કે તમારા સ્વાર્થભંગના વિચારથી કે 'હાય ! મારે સારો પ્રેમી ગયો ! પાલક આધાર ગયો ! ઓથ ગઈ ! સુખ આપનાર ગયો !' દિલના દુઃખ-દુઃખમાં ફેર. કોઈના મર્યા પર દુઃખ લાગે, પણ જો એ પોતાનો સ્વાર્થ ભંગાયો

માટે લાગતું હોય તો એ હલકો-અધમ ખેદ છે. ત્યારે જો સ્વાર્થ સામાનો ભંગાયો એનું દુઃખ લાગે છે, એમાં ય પોતે એને મોહમાં મરડી તારક ધર્મની તક વિસરાવ્યાનું અને એને પાપકર્મોનાં પોટલાં બંધાવ્યાનું દુઃખ થાય છે, તો એ ઉત્તમ ખેદ છે.

શીખો, શીખો,-ખેદ થાય તો ય તે શાનો થાય ? કેવો થાય ?

**પોતાના દુન્યવી સ્વાર્થભંગનો ખેદ કરવામાં મન મલિન બને છે; ત્યારે બીજાનાં આત્મહિત ભંગાયાનો ખેદ કરવામાં મન નિર્મળ બને છે.**

આ ખેદ જો ખરેખરો દિલથી ઊઠે, તો (૧) પોતાનાં આત્મહિત હવે સાધી લેવાની પ્રેરણા મળે, ચાનક લાગે; તેમજ (૨) સામાના ગુણો-સુકૃત-લાયકાતની અનુમોદના થાય આ વસ્તુ મનને નિર્મળ કરનારી છે. પરસુકૃતની અનુમોદના અને સ્વહિતની પ્રેરણા એ નિર્મળતા છે. કનકરથ તત્ત્વવેત્તા છે, છતાં ખિન્ન ? હા, સામાન્ય રીતે ખરેખરું તત્ત્વસંવેદન હોય ત્યાં ખેદ ન હોય; પરંતુ વિશેષ પ્રસંગમાં અહીં પત્નીની ગુણસંપન્નતા છતાં એ દુર્દશા પામી એનો ખેદ હોઈ શકે

આ બાજુ એક ગુણિયલ આત્માની થયેલી દુર્દશા પર કુમારની આ ખેદમય સ્થિતિ છે; ત્યારે બીજી બાજુ પેલી રુકિમણી રાજકન્યા વળી જોગણીના મુખેથી ઋષિદત્તાનું કાસળ નીકળી ગયાનું સાંભળી પારાવાર હર્ષ અનુભવે છે. **માણસ બંને; પણ વિચાસરણીના ભેદ દિલ જુદા; તેથી એક ઉત્તમ કોટિમાં અને બીજો અધમ કોટિમાં મૂકાય છે.**

**ઉત્તમતા વેશ-પૈસા-વિદ્વત્તાદિ પર નથી, પરંતુ ઉત્તમ દિલ પર છે.**

રુક્મિણીનું દિલ અધમ છે, તેથી સારા વૈભવ-વેશ-હોંશિયારી હોવા છતાં અધમકક્ષાઓ ઊભી છે, હવે એણે જોગણી પાસેથી હકીકત જાણી લાગ જોયો; તેથી એ પોતાના પિતાને સખી દ્વારા કહેવરાવે છે કે 'કનકરથ રાજપુત્ર સાથે મારાં લગ્ન કરાવી દો.'

પિતા રાજા સુંદરપાણિને કન્યા દેવી તો છે જ; તેમજ એને જોગણીના આ પ્રપંચની કશી ખબર નથી; વળી એણે પહેલા કહેવરાવ્યું હતું, છતાં રાજકુમાર કનકરથ પરણવા અહીં આવ્યો નથી; તેથી ફરીવાર કહેવરાવવા હિસાબે કનકરથના પિતા રાજા અરિમર્દન ઉપર દૂત મોકલે છે.

દૂત આવીને અરિમર્દનને નમીને કહે છે, 'અમારા મહારાજા સુંદરપાણી આપને વિજ્ઞપ્તિ કરે છે કે મારી પુત્રી રુકિમણી આપના સુપુત્ર કનકરથ ઉપર અનુરાગવાળી બનેલી છે. પૂર્વે પણ આપને વિનંતિ કરેલી, પરંતુ કુમાર કાંઈ પરણવા આવ્યા નહિ, તો હવે એમને રુકિમણીને પરણવા માટે ખાસ મોકલો તેથી આપના સુપુત્રને યોગ્ય પત્ની મળશે, અને આપણો સ્નેહસંબંધ દ્રઢ થશે.'

રાજા અરિમર્દન આ સાંભળી લઈ દૂતને ઠહરી જવા કહે છે, અને પોતે પુત્ર કનકરથને ખાનગીમાં બોલાવી કહે છે,-

'કુમાર ! તને ભારે દુઃખ છે એ હું જોયા કરું છું પરંતુ શા સારું તું આટલું બધું અનહદ દુઃખ કરે ? શું તેં સાંભળ્યું નથી કે શાણા માણસે કરેલું કર્મને દોષ દેતાં બેસી નહિ રહેવું, પણ પુરૂષાર્થ કરવો ?' માટે જો કે તારા દુઃખથી અમે પણ ઘણા દુઃખી છીએ, પરંતુ એ દુઃખ હવે ભૂલી જા, અને જા, અમારા વચનથી રુકિમણીને પરણીને આવ. હવે તારે આ લગ્ન કરવા જ પડશે.'

કનકરથને ઋષિદત્તાના વિયોગનું હજી એટલું બધું હૈયે દુઃખ છે, કે એને પરણવાનો કશો રસ નથી, છતાં દાક્ષિણ્ય ગુણવાળો, તે પિતાનાં દાક્ષિણ્યથી એને પરણવા જવાનું મંજુર કરવું પડયું, અને સામગ્રી-સરંજામ તથા માણસોના પરિવાર સાથે એ ચાલ્યો તો ખરો, પણ કનકરથનું દિલ બહુ ઊંચુ છે, તેથી માર્ગે જતાં જુઓ એ કેવા વિચાર કરી રહેલ છે ! એના મનને એમ થાય છે કે,-

**'અહો ! આ સંસારની કેવી વિષમતા છે કે પરણીને પસ્તાયા છતાં ફરી પરણવા જવાનું ? શું નવા લગ્ન પછી નવા ઉપદ્રવ નહિ આવે ?**

**જીવે પરના બંધન માથે લેવાં એ જ ઉપદ્રવને આવકાર છે.**

કશાય બંધન વિનાના સિદ્ધ ભગવાનને ક્યાં કશો ઉપદ્રવ છે ? કર્મનાં બંધનવશ જનમનો ઉપદ્રવ; અને જનમના બંધનવશ કાયા સંભાળવાની મોટી લોથ. કાયાના બંધનના લીધે કેટકેટલા ખાનપાન, ધન-અર્જન, ધનરક્ષણ અને પરિવારના ઉપદ્રવ માથે આવે છે ? એ બંધનોના લીધે રોગ-ભૂખ-તરસ-અપમાન-અગવડ-ટાઢ-તડકો-ખેદ-શોક...વગેરે કેટલાય ઉપદ્રવ ઊભા થાય છે. એવું પરણીને પત્નીનું બંધન વહોરી હાથે કરીને નવા ઉપપ્રવોને જગા કરી આપવાનું થાય છે. સુખ તો મધના બિન્દુ જેટલું, પણ નાના મોટા ઉપદ્રવો પાર વિનાના !

**પરણવામા પ્રભુતા ?:-**

આમ છતાં જીવની મૂઢતા કેવી કે 'પરણીને પ્રભુતામાં પગલાં માંડવા' નું સમજે છે.

પ્ર.- પરણ્યા એટલે પત્નીના સ્વામી-પ્રભુ ન બન્યા ?

ઉ.- તો પત્ની ય પરણી, એથી એણે પરણીને ગુલામીમાં પગલાં માંડ્યા ? ખરેખર બંધનમાં તો પ્રભુતા ? કે ગુલામી ? પરંતુ વિષયસુખના લંપટ જીવોએ આ પ્રભુતાનું સુત્ર બનાવી દીધું છે. એ ખરેખર એમની મૂઢતા છે, અનભિજ્ઞતા છે, સરાસર અજ્ઞાનદશા છે'

કુમાર વિચારે છે,- 'માતાપિતાનાં દાક્ષિણ્યે મારે આવા બંધનને વહોરવા

જવું પડે છે, એમાં પણ પહેલું તો આ જનમનું બંધન લઈને માતાપિતાનું બંધન ઊભું કર્યું એની જ બલિહારી છે. મુળમાં જનમનું જ બંધન ખોટું. બંધન એટલે જ ઉપદ્રવ, બિચારી પેલી ઋષિદત્તા મારી સાથેના લગ્નનાં બંધનમાં ફસાણી તો કેવા જાલિમ ઉપદ્રવ એના પર વરસ્યા ! પ્રભુ ! પ્રભુ ! ક્યારે હું સાવ બંધનરહિત બનું !'

કુમાર વિચારણા કરતો કરતો ઉદાસીન મનથી આગળ વધ્યે જાય છે; તે એમ કરતાં કરતાં પેલા ઋષિદત્તાએ આશ્રય કરેલ વનમાં પહોંચે છે. વનને જોતાં, પૂર્વે જોયેલું હોવાથી, ને પોતે અહીં ઋષિદત્તાની સાથે રહ્યો હોવાથી, હવે પૂર્વનુ બધું સ્મરણ થઈ આવતાં અને એમાં ય ખાસ કરીને આ વને આપેલી બક્ષીસ ઋષિદત્તાને પોતે ખોઈ નાખ્યા પર હૈયું ભરાઈ આવે છે, આંખ અશ્રુભીની બની જાય છે. મનને વિચાર આવે છે કે 'અહો ! આ એ જ વન છે કે જ્યાં મને નિર્દોષ ગુણસંપન્ન ઋષિદત્તા પરણવા મળી હતી. જે આ વન એક વાર મારે આનંદ માટે બન્યું હતું. એ જ આજે વિષાદ માટે થાય છે ! કેવું આશ્ચર્ય ! કેવી વિષમતા ! દૈવ વિચિત્ર છે. અહીંથી પરણીને જતાં ઋષિદત્તાના કેવા કોડ ! આજ એ બિચારીના બધા કોડ નિષ્ફળ થયા; ને મારા પણ કોડ એળે ! ગુણકારી લાગતું આ વન આજે ખાવા ધાય છે ! ક્યાં અહીં એ મહાતાપસની દિવ્ય વાતો ? ને ક્યાં આજનો શૂન્યકાર !'

કુમાર કનકરથ ગુણિયલ છે; નઠોર નથી કે 'ચાલો, નવી રૂપાળી રાજકન્યા સામેથી માગતી આવતી પરણવા મળે છે માટે હવે લીલાલહેર !' ના, એવી હૃદયની નિષ્ઠુરતા નથી, પણ કોમળતા છે, ગુણસંપન્નતા છે, તેથી મહાતાપસની ધર્મસુવાસભરી વાતોનું સંસ્મરણ કરે છે, ઋષિદત્તાની નિર્દોષતા ગુણિયલતા યાદ કરે છે, એક સવાલ થાય.

**રાજકુમારને પોતાના પિતા પર દ્વેષ કેમ નહિ ?:-**

**પ્ર.**- અહીં એને એવી ગુણિયલ નિર્દોષ ઋષિદત્તાના બેહાલ કરનાર પોતાના પિતા ઉપર દ્વેષ કેમ નથી સ્ફુરી આવતો ?

ઉ.- આનું સમાધાન એ છે કે (૧) સમસ્ત જીવો પ્રત્યે મૈત્રી ભાવ, (૨) દુઃખી કે પાપી જીવો પ્રત્યે નીતરતો કરુણાભાવ, કરુણાર્દ્ર દિલ, ને (૩) ગુણવાન પ્રત્યે ઈર્ષ્યા નહિ પણ પ્રમોદભાવ; તથા ક્ષમા-સમતા-ગંભીરતા, ઉદાર-ઉમદા દિલ, સત્ય, પ્રમાણિકતા વગેરે ગુણો એનામાં એવા છે કે એ ગુણોથી ભરેલા દિલમાં ગુનેગાર પ્રત્યે પણ દ્વેષ ન ઊઠે. અહીં તો કુમાર સમજે છે કે વાત સાચી કે નિર્દોષ પત્ની પ્રત્યે થયું એ ખોટું, પરંતુ પિતાજીએ જે સંયોગમાં ને જે પરિસ્થિતિના

હિસાબે થઈ જવું સહજ છે. એમાં એમને ઋષિદત્તા પર અંગત કશો દ્વેષ નહોતો. વળી એમને પ્રજાના કલ્યાણની જ દૃષ્ટિએ પોતાને જરૂરી લાગ્યું તે કરવું પડયું કોઈ પોતાના સ્વાર્થ ખાતર નહિ, તેથી એમના પર દ્વેષ શો કરવો ?'

અંગત દ્વેષ કે સ્વાર્થ ન હોય, પછી જો કે સત્યદર્શીની દૃષ્ટિએ ભૂલ થતી હોય, તો પણ માણસ સંયોગ-પરિસ્થિતિના હિસાબે વિચારી યોગ્ય કે જરૂરી લાગતું કરે, એથી એને સાવ અયોગ્ય નાલાયક કેમ ગણાય ? એના પર દ્વેષ કેમ કરાય ? મુનિ રસાસ્વાદ વગેરે દોષ ન ઊભો થવા દઈ સંયોગો જોઈ તથા બરાબર પૃચ્છા કરી નિર્દોષ લાગતી ગોચરી-ભિક્ષા લઈ આવે, એમાં કેવળજ્ઞાની દોષ લાગેલો જોતા હોય તો પણ એ ભિક્ષા લાવનાર મુનિને દોષિત નથી કરતા. એ તો જુએ છે કે, 'અલબત્ત મુનિને ભ્રમ થયો પણ મુનિએ શ્રુતજ્ઞાનના હિસાબે સંયોગો જોઈ વિચારી યોગ્ય લાગ્યુ તે કર્યું છે ને ? પછી એને દોષિત નાલાયક ન ઠરાવાય.'

**સામાના સંયોગ-પરિસ્થિતિ અને એના આધારે થતી ભૂલ જોશો તો તમને એના પર દ્વેષ નહિ થાય.**

કનકરથ કુમારને પિતા પર આ રીતે દ્વેષ નથી થતો. તેમ ઋષિદત્તાને પોતે નિર્દોષ માને છે, તેથી એના પ્રત્યે લાગણીહીન પણ નથી બનતો; લાગણીમાં આ સમાધાન કરી લે છે કે, 'બીચારી ! એવાં કોઈ પોતાનાં જટિલ પૂર્વ કર્મના હિસાબે રાજાસાહેબના ભ્રમનો ભોગ બની. કર્મની ગતિ ન્યારી છે કે, અહીં ન્યાય પંથે ચાલનારને પણ અન્યાય કરે, એવાં કર્મ આગળ મારું ય શું ચાલે ? ને ઋષિદત્તાનું ય શું ચાલે ?'

**મૈત્રી-કરૂણાદિ ભાવોથી મૂળ પાયામાં ગુણિયલ હોય, ઉદાર-ઉમદા દિલ હોય, પછી ખોટા દ્વેષ, તામસભાવ, વૈરની ગાંઠ વગેરેને સ્થાન ન આપે; વિચારસરણી સૌમ્યભાવની અને તત્ત્વવિવેકભરી રાખે.**

**ગુણિયલ બનવાની ચાવી :-**

ત્યારે, આપણી ગુણિયલતાનું આ રીતે માપ નીકળે

આપણે ગુણિયલ છીએ ? એ તપાસ આના પર કરાય કે આપણી વિચારસરણી કેવી ચાલે છે ?

સૌમ્ય ભાવની કે ઉગ્રતા અને આવેશભરી ?

તેમજ વિચારસરણી તત્ત્વવિવેકભરી હોય છે ? કે ઉડઝુડિયા અને ઉપલક દૃષ્ટિની ? આ હિસાબે ગુણિયલ બનવાનો આ ઉપાય પણ કહેવાય કે,

(૧) વિચારણા-વિચારસરણી સૌમ્યભાવની રખાય, તેમજ

(૨) તત્ત્વવિવેકભરી રખાય. વિચારસરણી એવી બનાવવા માટે

(૩) આવેશ-ઉગ્રતા-ઉપલકદૃષ્ટિ વગેરે રોકવા પડે; અને

(૪) એમાં પછી ક્ષમા ય કરવી પડે અભિમાનને ય રોકવું પડે, ક્ષુદ્રતા-તુચ્છ સ્વભાવ પણ જતો કરવો પડે.

એમ ગુણોની કેળવણી થતી આવે અસ્તુ.

**કુમારની જમણી આંખ ફરકે છે :-**

કનકરથ રાજકુમાર હવે ત્યાં વનમાંના જિનમંદિરમાં ભગવાનના દર્શન-નમન અર્થે જાય છે. એમાં અકસ્માત એની જમણી આંખ ફરકે છે. ત્યારે એને વિચાર આવ્યો કે, 'અહો ! મારું જમણું નેત્ર ફરકી રહ્યું છે એ તો પ્રિયાનો યોગ થવાનું સૂચવતું લાગે છે; પરંતુ દૈવે ઉપાડી લીધેલી એ હવે ક્યાં છે જ ? તેથી આ નેત્ર સ્ફુરવાનું નિષ્ફળ જ સમજવું રહ્યું; પ્રિયાનો યોગ શાનો થાય ? જ્ઞાનીઓ કહે છે,-

**'विना धर्मं विशुद्धं न जायते प्रियसंगमः ।**

**प्रायः प्रियवियोगाय प्राणिनां पापसञ्चयः ॥**

અર્થાત જીવોને નિર્મળ ધર્મ વિના પ્રિય વસ્તુનો યોગ નથી બનતો; (તેમ) પાપનો ંચય પ્રાયઃ પ્રિયનો વિયોગ કરાવનારો બને છે.

માણસ ઉધમાત તો ઘણો ય કરે, ભારે મહેનત-પરિશ્રમ ઉઠાવે, પરંતુ નિર્મળ ધર્મનો સહારો ન હોય તો મનગમતો યોગ શે બની આવે ? જગતમાં દેખાય જ છે કે જીવોના ઉદ્યમનો પાર નથી, છતા ંમનગમતું કેટલાને બની આવે છે ? કેમ બધા ઉદ્યમીને મનગમતાને યોગ નહિ ? કારણ આ જ, કે પૂર્વ એવા નિર્મળ ધર્મનું બળ ઊભું નથી કર્યું કે જે અહીંની મહેનતને ફળીભૂત કરે. મશીનરી ગોઠવે, સાંચાઓના મેળ મેળવે, પરંતુ મૂળ પાવહાઉસમાંથી પાવર મળ્યા વિના એ ક્યાંથી ચાલે ? કે ક્યાંથી ફળ દેખાડે ? સારું સારું ખાઈ જવાની મહેનત તો કરી, પરંતુ મૂળમાં પિત્તાશય-આમાશય જ દૂષિત હોય, તેથી આમાંથી સારા પાચનરસ બરાબર ન મળે, ન ભળે, તો ખાધેલાનું ફળ શે આપે ?

**મૂળમાં પાવહાઉસનો પાવર મળ્યા વિના મશીનરી ન ફળે, પાચક રસ વિના ખાધેલું ન ફળે; એમ ધર્મ વિના ઉદ્યમ-હોશિયારી ન ફળે.**

આવા તો કેટલાય દાખલા દુનિયામાં નજરે દેખાય છે કે જ્યાં એકલી મહેનતથી કાંઈ નીપજતું નથી; પણ મૂળ પાયાની વસ્તુ પાવહાઉસનો પાવર, આમાશય-પિત્તાશયના સુયોગ્ય રસો, વગેરે અસાધરણ કારણ કામ કરે છે, ને એના જ આધાર પર ફળ નીપજે છે. વલોણાની મહેનત તો ઘણી હોય પણ મૂળ પાયામાં દહીંમાં સત્વ જ ન હોય સેપરેટ દૂધનું દહીં હોય તો માખણ કેવું નીકળે ? એમ,

જીવની અહીં ઈષ્ટ પ્રિય વસ્તુ મેળવવાની મહેનત ગમે તેટલી હોય, પણ મૂળ પાયામાં પૂર્વના નિર્મળ ધર્મનું બળ ન હોય તો પ્રિયસમાગમ-ઈષ્ટપ્રાપ્તિ ક્યાંથી થાય ?

કનકરથ આ વિચારી રહ્યો છે કે 'અહીં જમણી આંખ ગમે તેટલી ફરકતી હોય, પરંતુ જ્યાં મારે પૂર્વે નિર્મળ ધર્મની ખામી રહી હોય ત્યાં પ્રિયે ઋષિદત્તાનો સંગમ કેમ મળી શકે ?' અરે ! એનો યોગ તો રૂપાળો બની આવ્યો હતો; છતાં પણ પાછો વિયોગ કેમ થયો ? કારણ આ જ કે પૂર્વે ધર્મ સાથે પાપનાં મિશ્રણ થયેલાં એ પૂર્વના પાપ ઉદયમાં આવ્યા હોય, પાપના સંચય જોર કરતા હોય ત્યાં પ્રિયના સંયોગ શે ટકે ? વિયોગ જણાય.

**જીવોને ધર્મ ઈષ્ટસંયોગ કરાવનારો બને છે, અને પાપ ઈષ્ટવિયોગને સરજે છે એ બેની સામે માણસની મહેનત અને હોશિયારી ફિક્કા પડી જાય છે.**

ગોખો,-મહેનત તો ઘણી ય હોય, પણ ધર્મનું બળ નથી તો ઈષ્ટસંયોગ ન મળે હોશિયારી ઘણી ય હોય, પણ પાપના જોર ઉપર ઈષ્ટના વિયોગ થયા વિના રહે નહિ. ઋષિદત્તા વિનયી હતી, બધાનાં મન જીતી લીધા હતા, તેથી તો એના દેશનિકાલ વખતે પ્રજા રોતી હતી. એમ કનકરથ પણ મહાગુણિયલ હતો. પરંતુ એ બંનેની હોંશિયારી ક્યાં કામ લાગી ? બંનેનો વિયોગ આવીને ઊભો રહ્યો કારણ ? બંનેના પાપસંચયે જોર કર્યું.

આ ઉપરથી શીખવા મળે છે કે આપણી હોશિયારી ઘણી હોય અને ઈષ્ટનો સંયોગ બન્યો રહેતો હોય, છતાં એ બની રહેવા પર એ હોશિયારનું લેશ પણ ગુમાન રાખવા જેવું નથી કે,'અમે આવા હોશિયાર છીએ માટે અમારે મનગમતો સંયોગ બની રહે છે.' એ તો પૂર્વધર્મનું બળ પહોંચે છે ત્યાં સુધી જ એ સંયોગ સલામત છે. બાકી તો જ્યાં પાપોદયની તમાચ પડી, પાપસંચયે જોર માર્યું કે હોશિયારી ય પાણીમાં અને ગુમાન પણ પાણીમાં; ઈષ્ટનો સંયોગ ઊચકાઈ જઈ વિયોગ આવીને ઊભો રહેવાનો.

એમ, સારી મહેનત કરીએ ને ઈષ્ટસંયોગ બની આવ્યો દેખાય,ત્યાં પણ પૂર્વ ધર્મ જ કામ કરી રહ્યો હોય છે. તેથી મહેનતને બહુ જશ આપવા જેવો નહિ, મહેનત પર વિશ્વાસ ધરીને બેસવાનું નહિ કે, 'મહેનત કરીએ તો શું ન મળે ? બધું મળે.' રહેવા દો, આ અતિ વિશ્વાસને, કેમકે જ્યાં ધર્મની ખામી પડી, ત્યાં મહેનત બધી ય પાણીમાં જશે.

**દુન્યવી બાબતોમાં મહેનત અને હોશિયારી તો ગૌણ કારણ છે. બાકી ઈષ્ટના સંયોગ-વિયોગમાં પૂર્વ ધર્મ અને પાપ જ પ્રધાન કારણ છે.**

**એટલે જ જીવન જીવતા મુખ્ય લક્ષ નિર્મળ ધર્મબળ વધાર્યે જવા પર અને**

**પાપથી બચતા રહેવા પર રાખવા જેવું છે, જેથી દીર્ઘ ભાવી સ્થિતિ સંગીન સદ્ધર બને.**

મહાન આત્માઓ એ કરી ગયા. એ દુન્યવી બાબતો માટેની મહેનત અને હોશિયારી પર મુસ્તાક ન બનતાં કે એમાં જ દટાઈ ન જતાં નિર્મળ ધર્મ-સાધના અને પાપત્યાગ પર નિર્ભર રહ્યા તો જ એથી આગળ પર ઘણાં ઊંચા આવ્યા. જંબૂકુમારે પૂર્વ ભવોમાં કેમ સંસારસુખો ફગાવી દીધા ? અને કેમ ધર્મમાં જ લાગ્યા ? અહીં પણ શા સારુ નવ્વાણું ક્રોડ સોનૈયાની સમૃદ્ધિ ફગાવી દીધી ? અને આઠ નવીન રૂપસુંદરીઓને કેમ વધાવી ન લીધી ? એક જ હેતું કે,

**આવા ઊંચા માનવભવે વિશુદ્ધ ધર્મ કમાઈ અને પાપના ત્યાગનાં જ ઉચ્ચ કર્તવ્ય બજાવવાના હોય.**

તો એનું ફળ પણ કેટલું અદ્દ્ભૂત સુંદર પામ્યા ? 'જંબુ ચરમ જ કેવળી !' ઠેઠ કેવળજ્ઞાની સર્વજ્ઞ બની જંબૂસ્વામી બની મોક્ષમાં સિધાવી ગયા !

**તમને પણ ખ્યાલ છે ખરો કે ભવ ઉચ્ચ કોટિનો મળ્યો છે ?**

જો ખ્યાલ હોય તો આ વિચાર આવે કે આ ભવ ઉત્તમ શા માટે ? નિર્મળ-ધર્મસાધના અને પાપત્યાગનાં ઊંચાકર્તવ્ય બજાવવા માટે જ ને ? તો એ કામ જોરદાર ચાલુ છે ને ? મનમાં ગડમથલ એની જ રહે છે ને કે,'કેમ અધિકાધિક નિર્મળ ધર્મ સાધતો રહું ને થાય એટલા પાપ છોડતો ચાલુ ?' હોશિયારી ત્યાં જ અજમાવાય છે ને ?

ના, મનમાં ગડમથલ તો દુન્યવી બાબતોની ચાલે છે હોશિયારી એમાં જ ખરચાય છે. મહેનત પણ બહુધા દુન્યવી બાબતો માટે થાય છે. પછી આ ભવની ઉચ્ચતા ક્યાં ખ્યાલમાં રહી ?

**દુન્યવી જ ગડમથલ એટલે ? મહાપુરુષોના માર્ગે ચાલવાનું મૂકી અધમ જીવોનાં માર્ગે ચાલવાનું ?**

તમને તમારા મહાપુરરુષોનું ગૌરવ નથી ? એમણે અપનાવેલો માર્ગ ખોટો લાગે છે ? એમણે શું મૂર્ખાઈ કરી હતી ? તમને શું એટલું ય નથી થતું કે,

'અહો ! હું કેવો ભાગ્યશાળી કે મને આવા મહાપુરુષો મળી ગયા ! જગતમાં કેટલાને આ મહાપુરૂષોનો યોગ મળ્યો છે ? જગતમાં ક્રોડો મનુષ્ય એવા છે કે એમને બિચારાને આ કે આવા મહાપુરૂષોનું નામ નથી મળ્યું, તો પછી એમનાં જીવનનું આલંબન મળવાની તો વાતે ય શી ? ત્યારે મને એ મળવા પર મારાં ભાગ્યની અવધિ નથી ! તો પછી એ મહાપુરુષો મળ્યાનું ગૌરવ અનુભવું અને એમના માર્ગે શક્ય ચાલવાની જ મનમાં ગડમથલ કર્યા કરું. તેમજ એમના માર્ગે શક્ય એટલું ચાલવાનો પુરૂષાર્થ કર્યે જઉં.'

**મનમાં મહાપુરૂષો મળ્યાનું ગૌરવ લાવો, તો દુનિયાના અજ્ઞાન મૂઢ અને વિષયલંપટતા તથા કષાયપ્રેમી જીવોના રાહે ચાલવાનું મૂર્ખતાભર્યુ લાગે; એવા અજ્ઞાન જીવોનાં જીવનથી અંજામણ ન થાય.**

**ઈતિહાસથી મહાપુરૂષોનાં જીવન નજર સામે રહી એનાં અંજામણ રહ્યા કરે તો અજ્ઞાન જીવોનાં જીવનથી અંજાઈ જવાનું શાનું થાય ?**

બે વાત છે,- (૧) મહાપુરૂષોનાં જીવન નજર સામે આવ્યા કરવા જોઈએ. (૨) મન પર એનાં અંજામણ જોઈએ.

હવે તપાસો ઉપાશ્રયમાં સાંભળતા મહાપુરૂષો યાદ પછી ઘરે યાદ કરો છો ? કહો, 'હા સવારના પ્રતિક્રમણમાં 'ભરહેસર' ની સજ્ઝાય વખતે ઘરે યાદ કરીએ છીએ;' ત્યાં પણ તપાસવા જેવું છે કે ભરહેસર બોલતી વખતે પદે પદે તે તે મહાપુરૂષ એમના એમના ધર્મ પરાક્રમ સાથે નજર સામે આવે છે ? આવે તો કેવા આવે ? એમના જીવનનાં કોઈ ખાસ પ્રસંગમાં રહેલા તરીકે યાદ આવે ? નજર સામે આવે ? આમ યાદ જ ન આવે પછી અંજામણની વાતે ય શી ?

સૂત્રમાં મહાપુરૂષનાં નામ બોલતાં એમના લાબાં જીવન કદાચ ન યાદ આવે, પરંતુ જીવનનો એકાદ એકાદ પ્રસંગ તો યાદ લાવવો પડે ને ?

'ના, નામ યાદ કરીએ છીએ' એવું ભલે કહો, તો ય ત્યાં પણ તપાસવા જેવું છે કે નામ પણ ચાહીને સ્મરણમાં લાવવાનું કરાય છે ખરું ? કે એ વિના જ માત્ર અંતરથી એકવાર રટાઈ જાય એટલું જ ?

બોલો, જીવન પર સારો પ્રભાવવંતા પુરુષની છાયા, એ પુરુષનું અંજામણ મન પર લેવું નથી પછી શી રીતે એનો પોતાના જીવન પર પ્રભાવ પડે ? કવિ કહે છે,-

**'પ્રભુજીને અવલંબતાં, નિજ પ્રભુતા હો પ્રગટે ગુણરાશિ'**

**પ્રભુનું આલંબન કરતાં ગુણના ઢગવાળી પોતાની પ્રભુતા પ્રગટ થાય; પણ દુનિયાનું આલંબન કરતાં નહિ.**

**"પ્રભુજીનું આલંબન કરવું' એટલે ?**

સતત કે વાંરવાર પ્રભુજીના જીવનપ્રસંગ નજર સામે લાવી લાવી મન પર એનું અંજામણ રહ્યા કરે, 'પ્રભુના કેવા અદભૂત જીવનપ્રસંગ !' એમ વારેવારે મન એથી અંજાયા કરે; તો એથી ભગીરથ પુરુષાર્થ પ્રગટ કરાય, અને એમાંથી પોતાની પ્રભુતા પ્રગટ થાય, જે ગુણોના થોકભરી હોય. 'મનથી પ્રભુનું આલંબન લેવાનું' એટલે મન પર પ્રભુનું અંજામણ ઊભું કરવાનું. એટલે શું કરવાનું એ સમજવા માટે દુન્યવી દાખલો લો.

**મન અંજાયાનો દાખલો :-**

દા.ત મન પર સારા સુખી માણસનું જો અંજામણ હોય છે, તો મનને એમ થાય છે કે,-'ઓહો ! આ ભાઈ આટલા ઠાઠથી રહે છે ? નાસ્તામાં દસ જાતના પ્રવાહી અને ચોવીસ ચીજો ? કપડાં સાફ સફાઈવાળાં, તે ઘરનાં જુદા, બજારના જુદા, સગા-સ્નેહીને ત્યાં જવાના જુદા ? ભાઈની આરામ-પદ્ધતિ, યાત્રા-પદ્ધતિ, મિજબાની પદ્ધતિ....વગેરે વગેરે બધું અવ્વલ ? વાહ ભાઈ ! વાહ ! કેવું સુખી જીવન ! ' આમ મન જો સુખીનાં જીવનની વિવિધ બાબતોથી અંજાયા કરતું હોય છે, તો પછી પોતાના જીવન પર એનો પ્રભાવ પડે છે; પોતાની પહોંચ પ્રમાણે ખાનપાન-વસ્ત્ર-રાચરચિલું-યાત્રા-મિજબાની વગેરેમાં પેલાની છાયા ઊતરે છે, અંશે અનુકરણ કરાય છે. પાછું વળી, આઘો જાય પાછો જાય, સ્થાન-સ્થાનમાં પેલાની રીતરીસમ યાદ આવે છે. એટલું જ નહિ, પણ એનાં ગાણાં ગવાય છે. ચિત્તને 'ઓહો !' ને 'વાહ ! વાહ !' થયા કરે છે. આ બંધા મન પર સુખીનાં જીવનના અંજામણ લક્ષણ છે.

બસ, એવું અંજામણ પ્રભુનાં જીવનનું આપણા મન પર લાવવાનું છે. પ્રભુનું જીવન નજર સામે આવી આવીને મનને એમ થયા કરે કે 'ઓહો ! શું પ્રભુની ક્ષમા ! કેવો પ્રભુનો ત્યાગ ! કેવી સહિષ્ણુતા ! કેટકેટલા ઘોર કષ્ટોનાં વધામણાં !'...મન પર આની વાહવાહ લાગે, આનું અંજામણ થાય, એટલે જીવન પર એની છાયા ઊતરે. આઘા જઈએ, પાછા જઈએ, પરંતુ મન પરનું આ અંજામણ મનમાં એ ગુણોની યાદ લાવ્યા કરે.

વ્યવહારમાં જુઓ શું થાય છે. કોઈ ભપકાબંધ ધનવાન પાડોશીનું અંજામણ હોય છે તો એની શ્રીમંતાઈ અને એના ઠઠારા વારે વારે યાદ આવે છે તમે જો કહો કે 'એ તો પાસે રહેતો હોવાથી રોજ દેખાયા કરે એટલે એનું યાદ આવ્યા કરે ને ? પરંતુ તો પછી તમે સમજી લો કો ભગવાનને ય આપણે રોજ ક્યાં નથી જોતા ? મંદિર પાસેથી થઈને રોજ જવું-આવવું પડતું હોય, ત્યાં ભગવાન પાસે જ રહ્યા ગણાય ને ? તો પછી જો પેલાની શ્રીમંતાઈ અને ઠઠારા યાદ આવે તો આમના ઉચ્ચ ત્યાગ-વૈરાગ્ય-સહિષ્ણુતા વગેરે ગુણો કાં ન યાદ આવે ?

જો પ્રભુના કે બીજા મહાપુરુષોનાં અંજામણથી એમના મહાન ગુણો વાંરવાર યાદ આવે તો તો મનને લગન રહે રટણ રહે કે હું ક્યારે આ ક્ષમાદિગુણની સમૃદ્ધિવાળો થાઉં ! અને જો મનમાં આવી રટણ ચાલ્યા કરે, લગની રહ્યા કરે, તો ક્રોધાદિથવાના પ્રસંગ પર ઝટ ક્ષમાદિ રાખવા પ્રયત્ન કરાય, સાવધાની રહે.

**કોઈક જ વારની યાદગીરીનો નહિ, પણ વાંરવારની રટણાનો આ પ્રભાવ**

છે કે અવસરે, એ રટેલું, સામે આવી ઊભું રહે.

અભિમાનીને આનો અનુભવ છે. મનમાં અભિમાનની લાગણી વારંવાર લાવ્યા કરી હોય છે, માન રહ્યા કર્યું હોય છે એટલે અવસર મળતાં, ઝટ અભિમાન પ્રગટ થાય છે. વિષયાંધ માણસને ઈષ્ટ વિષયની બહુ રટણા રહે છે તેથી જ્યાં સહેજ પણ મોકો મળ્યો કે ઝટ મનમાં એ વિષય આવીને ખડો થઈ જ જાય છે.તો પછી પ્રભુની પાસે રહેતા હોઈએ યા પ્રભુને વારેવારે હૈયામાં લાવ્યા કરતા હોઈએ અને એમના ગુણો સુકૃતો મનમાં રટાયા કરતા હોય તો મોકો આવ્યે કેમ એ યાદ ન આવે ? મૂળ જરૂરી આ, કે મન પર એ પ્રભુનું અને પ્રભુની વિશેષતાઓનું અંજામણ જોઈએ. ધ્યાન રાખજો,

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૧,અંક-૨૨,તા.૧૭-૨-૧૯૭૩**

**કોઈ ચીજ કે વ્યક્તિને સારી કહેવી એ જુદું; અને એનું અંજામણ હોવું એ જુદું,**

ઠોઠ નિશાળિયાને હોશિયાર વિદ્યાર્થી સારો તો લાગે છે, પરંતુ એના મન પર એ હોશિયારનું ખટકતું નથી, એની શરમ નથી લાગતી, એનો બાપ જો એને ઠપકો આપે કે અલ્યા એ ! જો આ પાડોશીનો છોકરો કેટલી મહેનત કરી કેવો હોશિયાર બની ગયો ? ત્યારે ઠોઠ કહેશે કે, એ ભણવામાં સારો છે એ તો હું ય કહું છું, પણ એનું પુણ્ય ચડિયાતું છે એવું મારું નથી. લ્યો, આ શું કર્યું ? પોતાની ઠોઠગીરીનો ખેદ અરેકારો રહ્યો ? કેમકે પેલાની હોશિયારીનું અંજામણ જ નથી કે વાહ ! કેવી સરસ હોશિયારી ! આપણને એ ક્યારે મળે ? આમ, હોશિયારી-સારાપણું માનવું જુદું, અને એનું અંજામ હોવું એ જુદું, એવું અંજામણ જેને હોય છે એ વિદ્યાર્થીઓ સારાનાં આલંબને સારા થવા હોશિયાર થવા કેટકેટલું મથતા હોય છે.

એવું પ્રભુનું અને મહાપુરુષોનું અંજામણ જોઈએ. કેટલાય માણસો પત્નીના અંજામણમાં પત્ની જો ધર્માત્મા હતી તો એના ધર્મનું અનુકરણ કરવા લાગી ગયા, અને ધર્મી બની ગયા. ત્યારે કેટલાક ધર્મી છતાં જો પત્ની અધર્મી આવી મળી, મોજી વિલાસી અને વિષયમૂઢ આવી મળી, તો એનાં અંજામણમાં પડી ગયા.

**મન પર કોઈનું ઘેરૂં અંજામણ કઠિન વાતને ય સરળ બનાવી દે છે.**

એવી સુંવાળી અને બાપને ઘેર મોજથી ઊછરેલી કન્યાને જો મૂરતિયાનું અંજામણ લાગી ગયું તો પરણ્યા પછી એની સાથે રહેતાં, એના જીવનની કઠિન

પણ વાતોને પોતે પોતાનાં જીવનમાં ઊતારતી થઈ જાય છે. પેલો કહે, મારે તો ચહાનો ત્યાગ છે, તો આય કહેશે કે તો પછી મારે પણ એ ન જોઈએ. માત્ર, ઘેરું અંજામણ જોઈએ, પછી કશું કઠિન નથી. મન પર મહાન પુરુષોનાં ઘેરાં અંજામણ લાવો; એટલે મનમાં એમના ગુણો એમની સાધના, એમનાં સુકૃતો વિશેષતાઓનું પણ અંજામણ ઊભું થાય, એની વારંવાર રટણા રહે, લગની રહે, એટલે પછી એ માટે શક્ય પ્રયત્ન થાય.

**ગૌતમ-સુલસાને પ્રભુનું કેવું અંજામણ ? :-**

ગૌતમસ્વામી મૂળ તો મિથ્યામતમાં પડેલા હતા. પરંતુ શ્રી મહાવીર પ્રભુએ એમના મનનો સંશય કહી બતાવી એનું સુંદર નિરાકરણ કર્યું તેથી ગૌતમ મહારાજના મન પર વીર પ્રભુનું ઘેરું અંજામણ ઊભું થઈ ગયું. ત્યારે પછી તો તરત ત્યાં જ ચારિત્ર લઈ પ્રભુના શિષ્ય બની પછી જિંદગી સુધી એ અંજામણમાં કેવું ઉત્તમ જીવન જીવ્યા ?

સુલસાને પ્રભુનું અંજામણ હતું તો અંબડે એને આકર્ષવા બ્રહ્માજી વગેરેનાં સાક્ષાત રૂપ કરીને પણ ખાંડ ખાધી. સુલસાએ તો પ્રભુનાં જ સ્મરણની ધૂન લગાડી, જેથી મનમાં બીજું કશું આવે નહિ. પ્રભુનું યાદ કરવા પ્રભુનું જીવન-સુકૃતો-ગુણો-ઉપકારો અને પ્રભાવ ક્યાં ઓછા છે ?

**કુમારપાળને કેવું અંજામણ ? :-**

કુમારપાળ મહારાજાને ગુરુ હેમચંદ્રસૂરિજી મહારાજનું અને એમના દ્વારા શ્રી જિનેશ્વર દેવ અને જૈન ધર્મનું અંજામણ લાગ્યું તો એણે જીવન કેવુંક ફેરવી કાઢ્યું ? મોટા અઢાર દેશનું તંત્ર સંભાળવાનું છતાં રોજ પોતાનાં દ્રવ્યોથી ત્રિકાળ જિનભક્તિ કરવા જોઈતી હતી. બોલો, તમારા પર પણ પ્રભુનું અંજામણ છે ને ? તો રોજ સારાં તમારા પોતાનાં દ્રવ્યો લઈ પ્રભુની ત્રિકાળ પૂજા ભક્તિ કરો છો ને ? ના ? તો પછી અંજામણ શાનું ? અંજામણમાં તો પછી એમનું જ આલંબન લેવાય, એમના ગુણો-સાધનાઓ-ઉપકારો વગેરે બધું નજર સામે આવ્યા કરે, અને એનું જ મહત્ત્વ લાગ્યા કરે, એમની ભોગ આપીને ભક્તિ થાય.

ઈતિહાસમાં મહાપુરુષોનાં આ અંજામણ ઊભાં થઈ જાય, પછી એમનું જ આલંબન વારે વારે લેવાય; એમના નિર્મળ ધર્મનું અંશે ય અનુકરણ કરવા ઝંખના રહે, પ્રયત્ન રહે. કરો, આ જિંદગીમાં આ ખાસ કરવા જેવું છે કે દુનિયાના શ્રીમંતો સત્તાધીશો, માનવંતાઓ, ભણેલાઓ વગેરેનાં અંજામણ હેઠા ઊતારી પૂર્વના મહાપુરુષોનાં અંજામણ મન પર ઊભા કરો. એમના ત્યાગ, તપ, દાન, વ્રત-નિયમ, એમની ઉદારતા-સહિષ્ણુતા-ગંભીરતા, દયા-સત્ય-સત્ત્વ વગેરે પર હૈયું

ઓવારી જાય. આ થાય તો જ એમનાં આલંબને એ નિર્મળ ગુણો અને ધર્મની આરાધના થાય.

કનકરથ રાજકુમારને જમણું નેત્ર ફરક્યું છે એટલે મનને એમ થાય છે કે, અહો ! આ તો ઋષિદત્તાની પ્રાપ્તિની જ જગા. તો શું એ અહીં હવે પ્રાપ્ત થાય ? પણ ભાગ્યે એને ઉપાડી લીધી, એ હવે શાની મળે ? નિર્મળ ધર્મ વિના પ્રિયનો સમાગમ શાનો થાય ? આના પર આ વાત હતી કે જેમ સારા વેપારીઓ ધંધાદારીઓનાં જેને મન પર અંજામણ હોય છે, એ એનું અનુકરણ કરે છે, એની જેમ વેપાર-ધંધા-ખેડવાનું મન કરે છે, એમ મહાન ધર્માત્માઓનું અંજામણ મન ઉપર લેવાય, તો એમના નિર્મળ ધર્મનું અનુકરણ કરવાનો ઉત્સાહ રહે, અને ઉદ્યમ થાય.

**કુમારને મંદિરમાં ભેટો થાય છે :-**

કુમાર પછી સ્નાનાદિ કરીને પૂજાના સામાન સાથે દેરાસરમાં જાય છે. ત્યાં પાછળથી ઋષિદત્તા તાપસ મુનિવર તરીકે હાથમાં ફૂલનો કરંડિયો લઈને મંદિરમાં આવે છે. કનકરથ એને જોઈને આભો બની જાય છે, અને એના હાથેથી ફૂલની માળા લઈ પ્રભુને ચડાવે છે. મનને ભ્રમ પડે છે કે આ પુરુષવેશે છતાં ઋષિદત્તા તો ન હોય ? પરંતુ એ તો મારી નખાયેલી અહીં શાની આવે ? સંભવ છે એનો કોઈક આ ભાઈ હોય.'

બીજી બાજુ ઋષિદત્તા તો એને બરાબર ઓળખી લે છે. અને વાતાવરણ પરથી કલ્પી લે છે કે, આ હવે રુક્મિણીને પરણવા ચાલ્યા લાગે છે; કેમકે પેલી વાર આ માટે જ નીકળ્યા છતાં અહીંથી પાછા વળ્યાનું કહેતા હતાં.'

એટલામાં કુમાર મંદિરની બહાર નીકળીને આ ઋષિદત્તાજોગીને આદર પૂર્વક બોલાવી આસન પર બેસાડે છે, અને સારા ઉત્સાહ શબ્દોમાં સ્વાગત કરી કુશળ સમાચાર પૂછે છે,-

'પ્રભુ ! મારા નયનકમળને વિકસ્વર કરનાર સૂર્ય જેવા આપ સુમસામ જંગલમાં ક્યાંથી ? આપ ક્યાંથી પધાર્યા ?'

**યોગિરાજની કહાણી :-**

ઋષિદત્તા કહે છે,-'આ આશ્રમમાં એક હરિષેણ નામના યોગી રહેતા હતા. એમને એક પાળેલો પુત્ર હતો તે હું અને વિનયવતી ઋષિદત્તા નામની એક પુત્રી હતી. તે હે કુમાર ! એ કન્યાને તો કોઈ રાજા પરણીને પોતાના નગરે લઈ ગયો. તેમજ હરિષેણ મુનિએ અગ્નિ પ્રવેશ કરી સ્વર્ગે સિધાવ્યું. પછી તો હું જે બહાર સાધના કરતો હતો, તેમાં આ જાણવા મળ્યું. તેથી હું પિતાના વિયોગથી દુઃખિત

થયો, ને પછી આ પૃથ્વીતલ પર ફરવા નીકળી પડ્યો. તે ફરતો ફરતો પાછો અહીં શ્રી ઋષભદેવ પ્રભુની સેવા ભક્તિ અર્થે આવ્યો છું. અહીં રહેતાં મને પાંચ વરસ થયા; પરંતુ આજે ભાગ્યશાળી એવા તારું દર્શન પામી મને લાગે છે કે મારો જન્મ સફળ થયો.'

વાત ઠીક જ કરે છે, કેમકે આ પતિ કુમાર અત્યારે અહીં એકાએક અણચિંત્યો પ્રાપ્ત થયો છે તેમજ એ અનુકૂળ રીતે વાત કરી રહ્યો છે ત્યારે કુમાર આનંદિત થતો કહે છે.-

'યોગિરાજ ! આપને જોતાં મારી આંખ કેમ ધરાતી નથી ?'

યોગી કહે છે. આ જીવનમાં ય કોઈ ગુણસંપત્તિથી કોઈને વલ્લભ બની જાય છે; ત્યારે ક્યાંક પૂર્વ ભવના સંબંધ અભ્યાસથી ય પ્રેમ-આનંદ થાય છે. કેમકે કહ્યું છે કે સહજ રીતે કુમુદ ચંદ્ર પર ખુશ થાય છે, ને કમળ સૂર્ય પર; એ પ્રમાણે માણસોને પણ પોતાનો મનગમતો મળવા પર આનંદ થાય એ સહજ છે. યોગીએ પ્રેમનું તાત્પર્ય સૂચવ્યું કે આ જનમનો કે પરભવનો કોઈ સંબંધ હોઈ શકે છે.

**યોગીને નિમંત્રણ :-**

ત્યારે આવા મીઠા અને યુક્તિયુક્ત બોલ પર રાજકુમાર પ્રભાવિત થઈ ગયેલો કહે છે યોગીશ્વર ! આમ તો મારે આગળ જવું પડે એમ છે, પણ જાઉં શી રીતે ? આપના પ્રેમની સાંકળે બંધાઈ ગયેલું મારું મન આગળ ચાલવા અસમર્થ છે માટે મારા પર જો મહેરબાની કરો તો મારી સાથે પધારો પછી પાછા ફરવાનું આ જ રસ્તે થશે ત્યારે આપ પાછા ફરતાં અહીં રોકાઈ જજો.'

ઋષિદત્તાને આ વાત તો ગમતી જ છે ને ? તો પછી શું એકદમ સ્વીકારી લે ? ના, કેમકે એમ કરતાં કદાચ સામાને વહેમ પડે તો ? કે કેમ આ એકદમ જ હા પાડી દે છે ? અને હજી એકાએક પોતાની અસલી ઓળખ આપવી નથી. ત્યારે પૂછો,-

**પ્ર.**- પરંતુ એમ મિલનનો મોકો આવ્યો છતાં ઋષિદત્તાએ વધું ગુપ્ત રહેવામાં કુમાર રુક્મિણીને પરણી લે તો ? એ ડર એને ન હોય ?

**ઉ.**- ના, સારી સ્ત્રીઓને શોક્ય આવી પડવાનો કોઈ ભય નહિ; કેમકે (૧) એક તો ઊંચા ખાનદાનની સ્ત્રીઓ એવી વિષયલંપટ નહિ કે એને શોક્યનો સુખમાંથી ભાગ પડાવી જવાનો ભય હોય. .

**જીવને ધનની અને ભોગની લંપટતા જ મારે છે, તે કોઈ ભાગીદાર નથી ખમતો.**

સગો ભાઈ પણ મફતનું ન ખાઈ જાય એ ધ્યાન રહે છે. ધનની લંપટતા

ચીજ એવી છે. લંપટતા ન હોય તો એમ થાય કે મારું ધન મારો માલ મારો ભાઈ ખુશીથી ભોગવો. હું જનમ્યો ત્યારે ક્યાં કશું જ લાવ્યો હતો ? આ તો બધી અહીંની કમાણી. અહીંની કમાણી અહીંમાં જ સમાણી. એ આ જનમથી આગળ એક ડગલું ન વધે તો પછી અહીંમાં જ સમાનારી લક્ષ્મીને ભલે ને અહીંવાળા ભોગવે મારે ક્યાં પરલોકસાથે આવવાની છે ?' આ બધો વિચાર ધન-લંપટતા ન હોય તો જ આવે.

**એમ વિષયલંપટતા ન હોય તો જ વિષય સુખોમાં ભાગીદારી ખમાય.**

ઋષિદત્તા વગેરે ખાનદાન બાઈઓ વિષયલંપટ નહિ, તેથી એને શોક્ય આવવાનો ભય નહિ. બીજી એ પણ વાત છે કે પતિ રાજા હોય એ સમૃદ્ધ અને સત્તાધીશ છે; તેથી શોક્ય લાવીને બેસાડે તો થોડો જ રોકાય એવો છે ? પછી નાહકનો ચિત્તબળાપો કે ભય શું કામ રાખવો ? શોક્ય પ્રત્યે ઈતરાજી શું કામ રાખવી ? એના બદલે એનું મન જીતી લેવું શું ખોટું ? જેથી પછી એ શત્રુ-શોક્યનું કામ જ ન કરે, પણ મિત્ર સહિયરનું કામ કરે.

**જીવનમાં ઉન્નતિની આ એક ચાવી છે કે જે આપણા હરિફ-વિરોધી-દુશ્મન લાગે છે એનાં મન જીતી લેવાં.**

એનું મન જીતી લીધા પછી એ આપણા વિરોધમાં નહિ ઊભી રહે; આપણું પ્રતિકૂળ નહિ કરે. પણ સહાયક થશે.

દુનિયાની વચ્ચે રહીએ છીએ. દુનિયાથી મોક્ષ પામવાનો માર્ગ પણ દુનિયાની વચ્ચે રહીને જ સાધવાનો છે. હવે અહીં આજુબાજુના દુનિયાના માણસો અંગે મન જો કચવાટવાળું રહ્યા કરે તો એ શું કામ લાગે ? દુનિયાથી એમ ભાગી જવાય એવું નથી; ને આપણને દૂબળા પુણ્યે દુનિયાના માણસ દેવ જેવા મળ્યા નથી; તો હવે શું કરવાનું ? કચકચ જ ? આ ઉત્તમ જીવન ઠેઠ મરીએ ત્યાં સુધી આવી કચકચ જ કરતા રહી મરવા માટે મળ્યું છે ? બસ, એવા કચવાટથી બચવા માટે આ ચાવી કે (૧) સામાના મન જીતી લેવાનો પ્રયત્ન કરો; ને (૨) ન જીતાય એવા માણસો માટે **'સવ્વે જીવા કમ્મવસ'** નું સૂત્ર લગાડી એમના પર મૈત્રી-કરુણા વરસાવો. હૈયું આપણું છે; ને એમાં કેવા સારા ભાવ રાખવા એ પણ આપણી મુન્સફીની વાત છે, અને રાતો પૈસો ખરચવા વિનાની વાત છે. પછી શું કામ સારા ભાવમાં કસર રાખીએ ? દુશ્મન પ્રત્યે પણ હૈયે સ્નેહ અને દયા ન ઊભરાવીએ ? આ દયા સ્નેહની મફતમાં કમાઈ છે.

**બાકી સામાનું મન જીતવાનો પ્રયત્ન રાખવો એ જીવનમાં એક મુખ્ય કાર્ય છે.**

બીજાના સંપર્કમાં તો આવવાનું જ છે; ને સંપર્કમાં આવેલા એ અવસરે

પ્રતિકૂળ વર્તવાના છે. આ સમજી જ રાખવાનું તો પહેલેથી જો એમનું મન જીતી લઈએ, તો પછી એમને આપણા વિરોધમાં રહેવાનું કે આપણું પ્રતિકૂળ કરવાનું મન જ નહિ થાય. ઊલટું આપણું અનુકૂળ સાચવવા મન કરશે. આપણે બીજાના મન જીતી લીધા પછી ઘણી ફજુલ અને દ્વેષિલી ચિંતાઓથી બચી જવાય છે, અલબત સામાનું મન જીતવા માટે જાતે સહી લેવાની ખમી લેવાની તૈયારી રાખવી જોઈએ ત્યારે આપણા જ કર્મનાં વાંકે ખમવા સહવાનું ક્યાં ઓછું આવે છે ?

**૩ કારણે શોક્યનો ભય નહિ :-**

ઋષિદત્તાએ રુક્મિણી શોક્ય થઈને આવે તો ?' એવો ભય ન રાખ્યો કેમકે.

(૧) એક તો એ વિષય પતિનો, તેથી એમાં માથું મરાય નહિ.

(૨) બીજું એ, કે પોતાને એવી વિષયલંપટતા નથી કે સામી શોકય મારાં વિષયસુખ લૂંટી જશે તો ? એવો ભય રહે.

(૩) ત્રીજી વાત આ કે શોક્ય વ્યક્તિનું મન કેમ જીતી લેવું એ પણ જીવનનું એક પ્રધાન અંગ બનાવતાં એને આવડે છે.

પછી શું કામ પતિથી ભય રાખે કે આ બીજી પરણી જશે તો ? જ્યારે આવો ભય નથી એટલે કુમાર જ્યાં માગણી કરે છે કે, તમે અમારી સાથે ચાલો, ત્યારે સાથે જઈ લગ્ન અટકાવવા ઋષિદત્તા ઝટ એ માની નથી લેતી. લગ્ન અટકાવવાની એને પડી નથી.

**સંયમીને રાજસંગતિથી વ્રત ઘવાય :-**

તેથી કુમારની સાથે ચાલવાની પ્રાર્થનાની સામે આ ઋષિદત્તા જોગી કહે છે, કુમાર ! તમે એવું ન બોલો; કેમકે

**'संयमिनो व्रत देव ! दुष्यते राजसगतेः ।**
**तेनैकान्ते स्थितैः साधुवैर्ध्येयं परं मह ॥**

સંયમી યોગીપુરુષને રાજાની સંગતિથી, વ્રતને યોગમાર્ગને દૂષણ લાગે છે. માટે સારાં મુનિઓએ તો એકાંત સેવી પરમતેજ પરમાત્માનું જ ધ્યાન કરતા રહેવું જોઈએ.

ઋષિદત્તા યોગીના વેશમાં છે, તેથી વેશને અનુરૂપ વાણી બોલે છે. જો એ ન આવડે તો તો વેશવિડંબણા જ થાય. વેશ શ્રાવિકાનો અને બોલ ગણિકાને બોલે તે શોભે ? વેશ સાધુનો, એને બોલ આરંભસમારંભના બોલે, પરિગ્રહના બોલે, સ્ત્રીના યાર જેવા બોલે, એ કેટલું બેહૂદું ? એક ભાઈએ કોક વેશધારીના સ્ત્રીપરિચય ટપાલ વગેરેથી ખિન્ન થઈ પૂ. ગુરુદેવશ્રીને લખ્યું કે સાહેબ અમારે અહીં આ મુશ્કેલી છે. સાધુ, અને બેનો સાથે સંબંધ, એ બહું અજુગતું લાગે છે. આ ભાઈનું કહેવું

શું ખોટું છે ? સાધુ એટલે તો કંચન કામિનીના ત્યાગી, એમને વળી કામિનીઓ સાથે સંબંધ હોય ? સાધુ એટલે તો મહા બ્રહ્મચારી, એમને સ્ત્રીના કપડાના સહેજ છેડાનો પણ સ્પર્શ કે સ્ત્રી બેઠેલા આસને બેસવું ય ન ખપે. એમને સ્ત્રી સાથે વાતો, સ્ત્રીને પત્રો, સ્ત્રીઓ સાથે હસવું ખીલવું, સ્ત્રીઓને કામકાજ ભળાવવાં, આ બધું ખપતું હશે ? આ શોભે ? ખપાવવા જાય તો બ્રહ્મચર્યના ભાવથી પડે કે બીજું કાંઈ થાય ?

ઉત્તમ વેશની વફાદારી જોઈએ. ઋષિદત્તા જોગીના વેશે એને છાજતા બોલ બોલી રહી છે કે રાજાઓના સંપર્ક રાખવામાં જોગીને પોતાનું વ્રત ઘવાય. માટે એવા બધા સંપર્ક ટાળી જોગીઓએ તો એકાન્તવાસ અર્થાત્ સ્ત્રીઓથી તદ્દન અલિપ્ત અને ભક્તોની બહુ બેઠક વિનાનું સ્થાન જ પકડવું જોઈએ. એવા સ્થાને રહીને પણ કામ શું ? આજ કે પરમાત્માનું ધ્યાન કરવાનું.

સ્થાનનો મોટો મહિમા છે. જ્યાં સ્ત્રીઓની બહુ અવરજવર હોય ત્યાં નવકાર વાળી ગણો, અને એના બદલે જ્યાં સ્ત્રીનો પડછાયો પણ ન પડે એવા એકાંત સ્થળે માળા ગણો, બેમાં કોઈ ફરક પડે ? અરે ! પ્રભુનાં દર્શન કરતા હો, અને આગળ સ્ત્રી આવે એમાં અને ન આવે એમાં ફરક પડે ખરો ? વીતરાગ ભગવાનનાં દર્શન કરતાં કરતાં વચમાં આજના ઉદ્ભટ વેશવાળી એક લફરી જો ઘૂસી, તો દર્શનને ડહોળી નાખે.

**મંદિરમાં ઉદ્ભટ વેશ જોતાં** ઘરનાં બળ્યા વનમાં ગયા, તો વનમાં લાગી આગ, એના જેવું થાય. સંસારના વિષયોથી બળ્યાઝળ્યા ઠરવા માટે મંદિરમાં આવ્યા, પરંતુ ત્યાં ઉદ્ભટ વેશવાળી સ્ત્રીનાં દર્શને વિષયની આગ લાગી, આંખ એના રૂપ વિષયમાં આકર્ષાઈ. સ્ત્રી જોવામાં ન આવી હોત, તો આંખ વીતરાગ પ્રભુનાં દર્શનમાં ઠરી હતી, તે સ્ત્રીનું અંગોપાંગ જોતાં ઉન્માદમાં ચડી મસ્ત બની, એજ વિષયની આગ લાગી કહેવાય. વિષયનું સ્થાન મળવામાં આત્મા ભાનભૂલો બન્યો. આ સ્થાનનો મહિમા એની ભયાનકતા સમજી જો આત્માનો બચાવ કરવો હોય, તો વિષયોવાળા સ્થાનથી આઘા જ રહેવું પડે.

ઋષિદત્તા જોગિરાજ કનકરથને આ જ કહે છે કે રાજાઓની સંગતમાં સંયમીઓનો યોગ ઘવાય. માટે એવા બધા સંપર્ક વિનાના એકાન્ત સ્થાનમાં રહી પરમાત્મ ચિંતનમાં રહેવું જોઈએ. માટે તમારી સાથે મારે ન અવાય. જગતની વચમાં રહીને ઇંદ્રિયોને, મનને અને આત્માને શાંત સ્વસ્થ અને શીતળ રાખવા હોય તો ઉકળાટ કરાવનારા ઇંદ્રિયોના વિષયોથી અલિપ્ત આઘાને આઘા જ રહેવું પડે તો જ ચિત્તમાં શાંતતા શીતલતા રહે. પૂછો,

**ખોટો વિચાર કેમ અટકે ? :-**

**પ્ર.**- આઘા રહેવા છતાં મનમાં વિષયોના વિચાર આવી જવાથી ઉકળાટ ઊઠે છે એનું શું થાય ?

**ઉ.**- એ ન ઊઠે માટે તો શાસ્ત્રકારોએ કહ્યું કે એકાન્તમાં એટલે કે વિષયોના સંયોગ વિનાના સ્થાનમાં રહીને પણ પરમાત્માનું ચિંતન ધ્યાન કરતા રહેવાનું. એકાન્ત સેવ્યો એટલે ઇંદ્રિયોને તો એના વિષયોથી બચાવી લીધા, આંખને એવા વિષયનાં રૂપ જોવા ન આપ્યા, કાનને એવા સંગીતના કે કામોત્તેજક શબ્દ, સાંભળવા ન આપ્યા; સ્પર્શન ઇંદ્રિયને એવા કોમળ સ્પર્શ ન આપ્યા; હવે બાકી રહ્યું મન એ મને એવા વિષયોના વિચાર ન અપાય એ માટે મનને પરમાત્માની વિચારણામાં જોડી દીધું. ત્યારે મનનું કામ સીધું છે. એ એક વખતે એક વિષયમાં જ બેસે છે; એટલે જેટલું એને પરમાત્મામાં બેસાડ્યું એટલો સમય એ વિષયોમાં ને કષાયોમાં નહિ બેસે. એમ એનો બચાવ થઈ જશે.

સારાંશ, સારા શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શરૂપી વિષયોથી અલિપ્ત સ્થાનમાં રહેવાનું એટલે ઇંદ્રિયો શાંત બેસી રહે; અને ત્યાં ધ્યાન-ચિંતન-વિચાર પરમાત્માના રાખવાના; પરમાત્માની વાણીની અને એ વાણીએ કહેલ શાસ્ત્રવાતો અને તત્ત્વના વિચાર રાખવાના તેથી મનને બચાવ મળી જાય.

**મનને શાંત-શીતલ-પવિત્ર કેમ રખાય ? :-**

આ હિસાબે જોશો તો દેખાશે કે વીતરાગ પરમાત્મા, એમનો ઉપદેશ અને એમના ઉપદેશેલા તત્ત્વનો કેટલો બધો ઊંચો પ્રભાવ છે કે મનને, એમાં જોડી રાખવાથી વિષયો સ્મરણમાં પણ આવી શક્તા નથી. તેમ ક્રોધાદિ કષાયો ઊઠવા પામતા નથી. તેથી મન અને આત્મા ખૂબ જ શાંત શીતલ અને પવિત્ર રહે છે. બોલો, આ શાંતતા-શીતલતા-પવિત્રતા જોઈએ છે ? ખપે છે ? તો દિવસે ને રાતે વારંવાર આંખ મીંચીને મનને પરમાત્માના વિચારમાં જોડો, પરમાત્માની આજ્ઞાનો, વિચારવામાં જોડો, પરમાત્માએ કહેલાં તત્ત્વ અને મોક્ષ માર્ગના વિચારમાં જોડો. બોલો, આ કેટલું કરો છો ? મળ્યો એ એવા ધનસંગ્રહ અને સુખભોગમાં જીવાતો જાય એમાં લેખે લાગે છે. કોઈ દિવસ પાછું વાળીને જોવાની વાત નથી કે આ હું ઉચ્ચ માનવભવને ઉચ્ચ રસ્તે લઈ જઈ રહ્યો છું ? કે અધમ રસ્તે ? ગુણિયલ બનાવાના માર્ગે છે ? કે અવગુણો પોષવાના માર્ગે ? માત્ર ધનવાન અને સુખભોગી માણસોનાં જ મન પર અંજામણ હોય, ને એમનું જ આલંબન લઈ જીવન જીવવાનું રાખ્યું હોય ત્યાં આ વિચાર શાનો આવે ?

બસ, આ દાખલાથી મન પર અંજામણ જો પ્રભુનું રાખ્યું હોય, પ્રભુના

ભક્ત મહાપુરુષોનું રાખ્યું હોય, તો મનને એમ હરખ ઊભરાતો રહે કે, અહો ! કેવા એમના મહાન ત્યાગ ! કેવી ઉત્તમ એમની ક્ષમા-સમતા ! કેવી સહિષ્ણુતા ! કેવા તપ ! કેવા દાન ! કેવી કઠોર સંમય સાધના !...' મન એ બધા ગુણ વૈભવથી અંજાયું રહે, એટલે પોતાના જીવન માટે એનું આલંબન લેવાયા કરે.

**ઉત્તમ ભવ અને ઉત્તમોત્તમ જિનશાસન પામી, એ પામ્યા પહેલાની સ્થિતિ કરતાં આ મોટો ફરક પાડવાનો છે કે**

**(૧) જીવનના આદર્શ ઉમદા રખાય,**

**(૨) મનને અંજામણ ઉમદા ચીજોના હોય, ને**

**(૩) દિલ ઉત્તમ વાતોનું આલંબન લે.**

આદર્શ તરીકે કોઈ મોટો રાજરાજેશ્વર કે શ્રીમંત ભોગી નહિ, પણ મહાત્યાગી મહાગુણનિધાન, મહાન આરાધક નજર સામે રહ્યા કરે. જીવન જીવતાં એવો મહાત્યાગી-ક્ષમાશીલ-તપસ્વી કેમ બનું, એ ધ્યાન રહ્યા કરે. ભગવાન શ્રી જિનેશ્વર દેવનું શાસન નહોતા પામ્યા ત્યારે તો મિથ્યાત્વ અને તીવ્ર રાગાદિમાં ફસાયા આપણે સમ્રાટ કે અસાધારણ ધનવાન યા ઉચ્ચતમ ભોગી બનવાના કોડ સેવતા હતા. પરંતુ હવે એ પરમાત્માનું શાસન પામ્યા ઉપર પણ એવા જ આદર્શ નજર સામે રાખવાના ? ને એ બનવાના કોડ ધરવાના ?

**જિનશાસન પામ્યાની કસોટી આ, કે આપણા આદર્શ ઊંચા ઉમદા હોય.**

**અંજામણ જર ઝવેરાતના નહિ, પણ ત્યાગના :-**

એમ મનને અંજામણ તુચ્છ નાશવંત અને ભવમાં ભટકાવનારા, જનમ-મરણની વિટંબણામાં ફસાવનારા સત્તા-સંપત્તિ-રંગરાગનાં ન હોય, પણ ત્યાગ, નિસ્પૃહતા-ક્ષમાદિ ગુણો તથા ઉચ્ચ સંયમ-તપ-અહિંસાની આરાધનાના હોય. મનને ઓહો ! લાગે તે શાલિભદ્રના દેવતાઈ વૈભવ અને દિવ્ય વિલાસો પર નહિ કે ઓહો ! કેવી રોજની રોજ દેવતાઈ માલની પ્રાપ્તિ ! ઓહો ! કેવો એના મનોરમ ભોગ ! એના ભોગ વૈભવથી મન ન અંજાય; પરંતુ એની નિસ્પૃહતા, અને ત્યાગ, એની કઠોર સાધનાથી મન અંજાયા કરે.

મનને એમ થાય કે ઓહો ! શાલિભદ્રની કેટલી બધી નિસ્પૃહતા કે ગઈકાલનો દેવતાઈ નવાણું પેટીનો માલ જર-ઝવેરાત વગેરે બીજે દિવસે પણ તાજો નવો છતાં એને ખજાનામાં ભરવાની વાત નહિ, પણ એંઠવાડિયા કૂવામાં પધરાવી દેવાનું ! કેવી જબ્બર નિસ્પૃહતા ! એમ ઓહો ! કેવો એનો ભીષ્મ ત્યાગ કે રોજની મફતમાં ઊતરતી આવી દેવતાઈ પેટીઓની પુણ્યાઈનો ભોગવટાને લાતે ફગાવી મહા કઠોર અહિંસા સંયમ તપનું ઉચ્ચ સાધુજીવન અપનાવી લેવાનો પુરુષાર્થ

આદર્યો ! એમાં ય ઓહો ! શરીર મમતાનો ય કેવો ત્યાગ કે ટૂંકા ટાઈમમાં માસખમણ સુધીના મહાતપ આદિ દ્વારા ગુલાબના ગોટા જેવી કાયાને કાળી હાડ-પિંજર શી કરી દીધી !'

એમ અંજામણ એ નહિ કે, અહો ! મહાવીર પ્રભુનું કેવું બળ પરાક્રમ કે ચરણ અંગુઠડે મેરું કંપાવિઓ ! ના, આવું અંજાવાનું નહિ, કિન્તુ અંજામણ એ કે, ઓહો ! અતુલ બળ-સંપત્તિવાળા પણ પ્રભુએ; ગમાર ગોવાળિયાના ખીલા પોતાના કાનમાં ઠોકવા દીધા !'

જૈન શાસન હૈયે વસ્યું છે એમ લાગે છે ? તો તપાસી જો જો કે હૈયામાં અંજામણ નાશવંત બળ વૈભવ-સત્તાના નહિ, પણ ત્યાગ-ક્ષમા સહિષ્ણુતા વગેરેના છે ને ? દિલને ઓહો ! થાય એ આત્માના ગુણવૈભવ તપવૈભવ અને ચારિત્રવૈભવ પર થાય છે ને ? સમ્યગ્દર્શન પામ્યાનો આ માપદંડ છે. અનાદિ મનના રાહ પલટવા જેવા છે.

**અનાદિના રાહ ભૌતિક લીલા પર અંજાઈ જવાના હતા, તે બદલીને આધ્યાત્મિક સંપત્તિ અને આત્મિક ગુણો પર અંજાવાના રાહ લેવા જેવા છે.**

પેલી ઋષિદત્તા મહાસતી વનમાં જોગી બનીને રહેલી, એને જીવનમાં મહાકડવા અનુભવ થઈ ગયા પછી હવે વિષયસુખોનાં એવા અંજામણ નથી કે કુમાર જાતે એને કહે કે, તમે ચાલો મારી સાથે, તમારા સંપર્કમાં મને બહુ આનંદ રહે છે. તો પછી લલચાઈ એને તરત સ્વીકારી લેવાનું મન થાય એ તો કહે છે,-

કુમાર ! અમારે જોગી-લોકને રાજવી માણસોના સંપર્કમાં રહ્યે વ્રતને ખામી આવે. જોગીનું કામ તો એકાન્તમાં અર્થાત્ એવા સંપર્કથી દૂર રહી પરમાત્માનું ધ્યાન ધરવાનું.

વાત સાચી છે. જગતને ભૂલી પરમાત્માને ભજવા માટે તો જોગ લીધો તો હવે જગતનાં વહીવચંચામાં પડવાનું હોય ?

**જગતની ચોવટમાં મનને જે ભમાવ્યા કરે, એ પરમાત્મામાં અર્થાત્ પરમાત્માની વીતરાગ અવસ્થા ચિંતવવામાં મન શી રીતે રાખી શકે ?**

**દેરાસર શા માટે જાઓ છો ?**

**જગતને ભૂલી જિનેશ્વર ભગવંતમાં ઠરવાને માટે જ ને ?**

જો આ પાકું લક્ષ હોય તો દેરાસરમાં આડા અવળા જગતના પદાર્થના વિચાર કરાય ? એટલો મંદિરવાસ જેટલો અલ્પ પણ કાળ પરમાત્માની કઠોર સાધના અને વીતરાગતાની સિદ્ધિમાં જ મન લગાવવાનું અને એમાં જ ઠરવાનું ન કરાય ? તે મંદિરમાં ય ભૂસા કૂટવાના ? ફરી ફરી યાદ કરો કે,

**જગતને વિસાર્યા વિના જિનમાં ઠરવાનું નહિ બની શકે.**

**તુલનાથી મન વશ થાય :-**

મનમાં જગતના નાશવંત પદાર્થોના કચરા ને ભૂસામાં મન ડહોળ્યા કરવાનું દુન્યવી જીવનમાં તો આખો દિવસ ને રાત થયા કરે છે; પરંતુ જિનમંદિરમાં થોડો પણ કાળ આવ્યે એથી બચવાનો મહાન યોગ મળે છે પછી શા સારુ રુડા પરમાત્માને મૂકી જગતના કૂડા વહીવંચામાં મન લઈ જ જવા દેવું ? આવું બધી સાધના વખતે વિચારી શકાય.

'ખાવાના વિચાર તો ખાવાના દહાડે બહુ કરાય છે; પરંતુ તપના દિવસે શા ખાવાના વિચાર કરું ?'

'દુન્યવી બાબતોની વિચારણા દુનિયાદારી સંભાળતાં તો પાર વિનાની થાય છે. પરંતુ માળા ગણતાં કે સ્તોત્ર સ્વાધ્યાયાદિ વખતે શા સારુ એવા વિચાર કરું ?'

'કૂતરા જેવા હલકા અવતારોમાં તો ક્રોધ-દ્વેષ-ઈર્ષ્યા બહુ કરી, પણ હવે આ ઉચ્ચ માનવ-અવતારે શા સારુ મનમાં ક્રોધાદિના ઉકળાટ ઘાલું ?'

આમ ધર્મનું આલંબન મળ્યા પછી મનને એમાં જ લાગ્યું રાખવા માટે દુનિયાના વહીવંચા અને રાગ દ્વેષાદિ કષાયોના ઉકળાટથી મનને અભડાતું અટકાવવું જોઈએ. તો જ ભગવાન અને ભગવાનના મોક્ષમાર્ગમાં મનને સારી રીતે લગાવી શકાશે, મન એમાં જ સારું લાગ્યું રહેશે.

ઋષિદત્તા કહે છે, અમારે સંયમીને જો રાજસંપર્ક વગેરેમાં પડવાનું થાય, તો મન એવા બાહ્ય ભાવમાં તણાઈ જવાથી સંયમના આધ્યાત્મિક યોગમાં મનની સ્થિરતા ન રહે, સંયમયોગ ઘવાય.

અહીં જોવા જેવું છે કે ઋષિદત્તાએ કાંઈ જીવનભર માટે સંસારત્યાગ યાને ભોગિજીવનનો ત્યાગ કરી યોગિજીવન નથી લીધું. પરંતુ કામ ચલાઉ જે યોગિવેશ લીધો છે એને શોભતી બોલ ચાલ જોઈએ, એ સમજથી એ આમ કહી રહી છે. વેશ જુદો એ પણ વંચના છે, વિટંબણા છે. આજની બાઈઓ દેરાસરમાં વર્તાવ શો કરે છે ? વીતરાગનાં દર્શન-ચૈત્યવંદન કરવાનો. વાણી શી બોલે છે ? પ્રભુ ગુણગાનની, આત્મદોષોની, કે વૈરાગ્યની પણ વેશ કેવો ? ઉદ્‌ભટ; એટલે ? મહારાગનો, કામરાગનો. આ એક આત્મવંચના સહિત પરવંચના કે બીજું કાંઈ ? વિટંબણા કે શોભા ? પણ મૂઢ જીવને આનું કશું ભાન નહિ, કશો વિચાર નહિ, એક જ લગન, એક જ લેશ્યા, કે મારાં કેશકલાપ અને અંગોપાંગ જગતને બતાવું. પછી ભલે એ વીતરાગની ભક્તિ કે પ્રાર્થનાના વર્તાવ કરી બતાવી શકાતા હોય તો એ સહી. કેટલી મોહમૂઢતા ?

વાણી-વર્તાવ જુદા ને વેશ જુદો, એ જેમ વિટંબણા; તેમ વેશ જુદો ઉત્તમ કોટિનો ને વાણી-વર્તાવ જુદા હલકા, એ પણ ઉત્તમવેશની વિટંબણા કર્યાનું ગણાય. નાટકિયો પણ જે વેશ પહેરે છે એને છાજતા વાણી વર્તાવ રાખે છે.

**વેશ તેવા વર્તાવ પર નાટકિયાનું દૃષ્ટાન્ત :-**

ભાવનગરમાં એક નાટકકંપની આવી. એણે રાજા ભર્તુહરિનું નાટક ગોઠવ્યું. નાટક ભજવવાનું ચાલુ થઈ ગયું. રાજા ભર્તૃહરિ રાજસભામાં સિંહાસન પર આરૂઢ થઈ ગયા છે, દરબાર ભરાયેલો છે, ને ત્યાં ભાવનગર નરેશ નાટક જોવા માટે આવ્યા. પ્રેક્ષકગણ ઊભો થઈ ગયો, પણ રાજા ભર્તૃહરિ બનેલો નટ એક્ટર ત્યારે પોતાને મોટો રાજા સમજી સિંહાસન પરથી ઊઠ્યો નહિ. નરેશને અપમાન લાગ્યું. પોતાના હજુરિયાઓને પૂછે છે આ કોણ નાલાયક માણસ છે ? એને વિનય વિવેકની ખબર નથી ?'

પેલાઓએ કહ્યું 'નામદાર ! એ સ્ટેજ પર મુખ્ય સ્થાને રહેલ રાજા ભર્તૃહરિ છે."

'તેથી શું ? મૂળ તો એક નટ જ છે ને ? એને ઊભા થવાનો વિવેક નથી આવડતો ?'

આ ધમધમાટની અંદરમાં રહેલ નાટકવાળાને ખબર પડી ગઈ. એણે ભર્તૃહરિ બનેલાને કશો ઈસારો કર્યો નહિ કે તું ઊભો થઈ ભાવનગર નરેશનું સન્માન કર અને ક્ષમા માગ. કેમકે ભર્તૃહરિનો વેશ ભજવવો હોય તો એક સમ્રાટ રાજા તરીકે પોતાનો મોભો જાળવવો જોઈએ, એમ એ સમજે છે.

તો પછી નરેશ બધું પડાવી લે કે કઈ મોટી સજા કરે તો શું થાય ? કશું જ નહિ, એવો પ્રસંગ જ ન આવે એ માટે નાટકકંપનીના માલિકે અંદરખાને તાબડતોબ પોતાનો સરંજામ પેક કરાવી લીધો, અને નાટક પૂરું થતાં જ તુરતાતુરત ત્યાંથી ઊપડી ગયા ને ભાવનગર રાજ્યની હદ છોડી ગયા. નરેશે સવારે બોલાવી ધમધમાવવાનું ધાર્યું હશે, પણ પેલા હતા જ ક્યાં ?

શું આ ? રાજાધિરાજનો વેશની વિટંબણા નહિ કરવી એ વસ્તુ જાળવી; જો નાટકિયો એ જાળવે તો અહીં તો કામચલાઉ યોગિજીવન જીવવા યોગિવેશ ધરનારી ઋષિદત્તા વેશનું ગૌરવ વેશની મર્યાદા કેમ ન સાચવે ?

**વેશ મુજબ વર્તાવ પર પંડિતનું દૃષ્ટાન્ત.**

જુના કાળમાં એક પંડિત હતો. વિદ્વત્તા ઘણી, પણ કહે છે ને કે લક્ષ્મી-સરસ્વતીને મેળ નહિ ? તે એ બિચારો જો કે પહેલાં તો રાજાનું વર્ષાસન પામતો, પણ પછીથી રાજાને ત્યાં નવા નવા પંડિત ગોઠવાયા, તે એનું વર્ષાસન બંધ થયું. ભાઈ જુની બચત ખાતાં ખાતાં નિર્ધન થઈ ગયા. ત્યારે લોકમાં હવે ક્યાં એવા

રિવાજ છે કે પંડિતને નોતરો, શાસ્ત્રચર્ચા સાંભળો, અને પુરસ્કાર આપો ? પંડિત નિર્ધનતામાં દહાડા મુશ્કેલીએ ગુજારે છે, ત્યારે પંડિતાણી કહે આમ ને આમ કેટલું ચાલશે ? તમે પરદેશ જાઓ ને કાંઈક કમાવી લાવો તો જીવન નિર્વાહ ચાલે.'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૧,અંક-૨૩,તા.૨૪-૨-૧૯૭૩**

પંડિત શાસ્ત્રતત્ત્વોની વિચારણામાં લીન રહેતો, તેથી એને પૈસાની એવી પરવા નહોતી. બાઈને કહે તમે ભગવાન પર ભરોસો રાખો. અવસરે ક્યાંથી થોડું ય મળી રહેશે. એમનો જગત પર એવો પ્રભાવ છે કે જગત ભૂખ્યું ઊઠે છે, પણ ભૂખ્યું સૂતું નથી. આપણે બેને રોટલા ખાવાને ખર્ચ કેટલો ? એટલું નહિ મળી રહે ? તે શું કામ ચિંતા કરીને દૂબળી પડો ? નિરાંતે ભગવાનનું ધ્યાન-ભજન કરો.'

**ઘરબારીને કામ પીડા કેમ અટકે ? :-**

પંડિતને બાળબચ્ચા નહોતા, કેમકે એ સંયમ ઘણું પાળતા,

**પ્ર.**- સંસારીજીવને સંયોગ છતે કામનો આવેગ ન થાય ?

ઉ.- થાય, પણ એ તો અજ્ઞાન મૂઢ જીવને. આ તો પંડિત છે. એટલે રાતદિવસ શાસ્ત્રતત્ત્વોની ચિંતવના કરનારો હોઈ એને વિષયવિલાસ પર ઘૃણા બની રહે છે. વિલાસ પહેલો મનમાંથી ઊઠે છે. પરંતુ મનને જ્યાં તત્ત્વ અધ્યાત્મની વિચારણામાં જ બહુ ઓતપ્રોત કર્યે રાખ્યું ત્યાં વિલાસને ઊઠવાની જગા જ ક્યાંથી રહે ? પાછી આ વિચારણા હૃદયથી થતી હોય એટલે નવરા પડેલા પશુને જેમ ખણજ ઊઠે એવું અહીં શાનું બને ? તમારે આવી શાસ્ત્રતત્ત્વોની ભરપૂર ચિંતવના નહિ, તેથી એવી વિષય ઘૃણા ય નહિ, અને નવરા પડેલા મનને ખણજ ઊઠ્યા કરે છે.

ત્યારે એ પૂછો,-

**પ્ર.**- પણ પંડિતને ક્યારેક તો ખણજ પીડે ને ? ને એ મિટાવવા જતાં ગર્ભ રહેવાની શક્યતા નહિ ?

ઉ.- પણ પંડિતે અહીં એવો હિસાબ રાખ્યો હતો કે ઋતુસ્નાન પછીના ૨૦-૨૫ દિવસ સુધી તો પાકું સંયમ બ્રહ્મચર્ય પાળવું. કેમકે એ દિવસોમાં ઋતુસ્ત્રાવ અંશેય સંભવિત, તેથી ગર્ભ રહેવાને અવકાશ છે. પણ પછીના ૪-૫ દિવસમાં પૂર્ણ બ્રહ્મચર્ય પાળતો., પંડિતાણી પણ પંડિત પાસેથી શાસ્ત્રનાં તત્ત્વોની રોજ સમજ પામતી, વિચારણા પામતી, એટલે એને ય મન તત્ત્વમાં રમવાથી એવી વાસના નહોતી પીડતી.

**પંડિતની સંયમ માટે શિખામણ :-**

વળી પંડિત એને સમજાવતો કે જુઓ, તમારે પરમાત્મામાં મન ઘાલવું છે? તો સમજી રાખો કે, જ્યાં કામ ત્યાં નહિ રામ; ને જ્યાં રામ ત્યાં નહિ કામ. વિષયોમાં લંપટ બનેલું મન પ્રભુમાં પ્રવેશ જ નહિ પામી શકે. આપણને આવો ઊંચો અવતાર મળ્યો છે એ શું અનાદિના વિષયલંપટ મનને વધુ લંપટ બન્યું રાખવા મળ્યો છે ? કે એની લંપટતાને શોષી નાખવા સારું ?'

"હે ભગવતી ! ભૂલશો નહિ, કે ઊંચો માનવભવ પામ્યા તે પશુના ખેલ કરવા માટે નહિ. પરમાત્માને ભજવા માટેની શ્રેષ્ઠ કાયાને વિષયચંડાળોથી અભડાવાની ન હોય, બોલો, જનાવરની કાયામાં કે કીડા-મકોડાની કાયામાં પરમાત્માને એવા ભજવાની લાયકાત છે ? ના, એ તો માનવકાયાને વરદાન છે કે તું ફાવે તેટલી પરમાત્માને તન-મન-ધનથી ભજ. એવી ઊંચી યોગ્યતા અને શક્તિ-સગવડતાવાળી કાયા પાસે શું કરાવાય ?"

"હે સુબુદ્ધે ! એ પણ ખાસ વિચારવા જેવું છે કે ઇંદ્રિયો અને તનને સુખ-સુખ આપ્યા કરવાથી આત્માનું શું લીલું વળવાનું ? આત્માને તો ઊલટું એ વાસના અને સુખના કુટિલ સંસ્કાર જમા થયે જવાના, જે આગળ પર આત્માને વિશેષ ભૂખારવો બનાવશે. અનંતકાળમાં અનંતવાર ઇંદ્રિયો અને કાયાને સુખ આપ્યે રાખ્યા, તેમજ અહીં પણ આજ સુધી એ ધંધા કર્યા, છતાં જુઓ કે એ હજી એવા પૂરા તૃપ્ત થયા નથી કે હવે એને વિષયસુખની ખણજ ન ઊઠે. અનંત વારના ભોગવટા પછી પણ જો આ દશા, તો વિચારો કે હજી પણ એ વિષયોના ભોગવટાથી શી તૃપ્તિ થવાની હતી ? માટે આ ચાળો જ ખોટો છે. એ તો તૃપ્તિ થશે તો સંયમથી જ થશે. મનને એ જ મનાવવાનું કે હું કાંઈ નવરો નથી કે સદા ભૂખી ને ભૂખી જ રહેનાર ઇંદ્રિયોને વિષયસંગથી સુખ આપવાની મૂર્ખાઈ કરું ? મેં એવી શી ભાંગ ખાદી છે કે મારું હિત જોવાનું બાજુએ રાખી પારકી અને નાશવંત એવી કાયા તથા ઇંદ્રિયોના તર્પણ કર્યા કરું ? એને સુખ ન મળે એમાં મારું કાંઈ જ બગડતું નથી, બલ્કે સુધરે છે."

આવું આવું પંડિતે પત્નીને સમજાવી મૂકેલં હશે તેથી પત્ની એના સંયમમાં અનુકૂળ થયેલી. તેથી સંતાન વધવાની ચિંતા નહોતી. એનો ખાધાખરચ મામૂલી હતો. તેથી પંડિત નિશ્ચિંત રહી શાસ્ત્રતત્ત્વનાં ચિંતનમાં મસ્તીથી દિવસો ગુજારતો પરંતુ હવે ખાવાનું ખૂટવા આવ્યું ત્યારે પંડિતાણી કહે છે, લ્યો, હવે તો હાંલ્લામાં ઓરવું શું ? માટે તમે જાઓ પરદેશ અને કંઈક કમાઈ લાવો.

**પંડિત પરદેશ જવા :-**

પંડિતે પણ જોયું કે હવે જવું પડશે તેથી પરદેશ જવા તૈયાર થયો. કાંઈક ભાતું બાંધી નીકળી પડે છે. ગામબહાર નીકળતાં અપશુકન થયું તેથી વિચારે છે કે, આમ તો અપશુકનમાં આગળ ન વધાય. માટે આજની રાત અહીં ધર્મશાળામાં સૂઈ જાઉં. વહેલી પ્રભાતે ઊઠીને આગળ વધીશ.'

પંડિત રાતના ધર્મશાળામાં મુકામ રાખે છે, પણ વિદ્વાન છે ને ? તેથી વિશ્વના વિચિત્ર ભાવોના વિચારમાં ચડ્યો. વિચારમાં એકાએક એવું સ્ફૂરી આવ્યું કે હું અહીં જ રહીને એક દિવસ અવધુત યોગીનો વેશ કરું ને જોઉં કે ઘેલું જગત શું કરે છે.

આ કેવો તરંગ ? કેમ આવો તરંગ થયો ? એટલા માટે કે હવે પરદેશ જવા નીકળ્યો છે ને ? એટલે પરદેશ-ભ્રમણમાં તો ગમે તે પ્રવૃત્તિ કરવા સ્વતંત્રતા મળી છે, ઘરની બૈરી શું કહેશે ? નાતિલા શું કહેશે ? ઓળખીતા પારખીતા શું કહેશે ?...વગેરે કશો ભય કે સંકોચ રહ્યો નથી. પરદેશમાં જ્યાં બૈરી, નાતિલા કે ઓળખીતા પારખીતા છે જ નહિ, પછી સંકોચ શાનો ? માણસને ગમે તેમ વર્તવા-આડે આ બંધનો છે. માટે તો કેટલીક વાર માણસ પોતાના નગરમાં જ્યાં ત્યાં ભટકતો નથી, કે દુરાચારના માર્ગે નથી જતો, એ જ માણસ પરદેશમાં જ્યાં ત્યાં ભટકતો થાય છે, અને કેટલીક વાર દુરાચારના માર્ગે પણ ઝંપલાવે છે. કારણ કે ત્યાં કોની રોકટોક ? પત્ની-કુટુંબ-નાતિલા વગેરે ત્યાં ન હોઈ બંધન વિનાનો સ્વતંત્ર બને છે.

ત્યારે પૈસાના લોભે પરદેશ જનારાને શં આ વિચાર રહેતો હશે કે ત્યાં આ રીતની સ્વતંત્રતા મળ્યા પછી જીવ ગમે ત્યાં નહિ ભટકે ? જે તે પ્રવૃત્તિ નહિ કરે ? યાવત્ યુવાનીના વિષયોન્માદ પોષવા આડે રસ્તે નહિ ઊતરી પડે ? આજે તો જાતનો ય વિચાર નથી, ને વહાલા-વાલેસરીને ય આ વિચાર રહેતો નથી, એટલે તો પરદેશ હોંશે હોંશે મોકલે છે.

તો બોલો, જીવનમાં પૈસાની બહુ કિંમત ? કે કુટુંબ-નાતિલા વગેરેનાં બંધનથી ય સીધા માર્ગે ચાલવાની, ને આડાઅવળા ન ભટકવાની મોટી કિંમત ? ગમે તે યથેચ્છ પ્રવૃત્તિ ન કરવાની અને દુરાચારના માર્ગે ન ઘસડાવાની મોટી કિંમત ? કે પૈસાની મોટી કિંમત ? માનવ અવતારની વિશિષ્ટતા અને બહુ-મૂલ્યતા સમજાઈ હોય એ જ પૈસા કરતાં આ સદાચારાદિની જ ખરી કિંમત આંકી શકે.

**પશુ અવતાર કરતાં માનવ અવતાર ઊંચો શાથી ? પૈસા બહુ કમાઈ શકાય એથી નહિ; પણ યદ્દેચ્છ પ્રવૃત્તિ દોડધામ અને પાંચે ઇંદ્રિયોના દુરાચારો અટકી જાય એથી.**

પશુને પૂરી સ્વતંત્રતા, તે ગમે ત્યાં ભટકે, ગમે તે કરે, અને દુરાચારો સેવે. વિચારજો આજે દેશમાં સ્વતંત્રતા ગવાય છે, તે આ જ ને ? આવી સ્વતંત્રતા ગોઝારી ? કે આશીર્વાદરૂપ ? એ દિવ્ય સ્વતંત્રતા ? કે પાશવી સ્વચ્છંદતા છે ? આજે માબાપોને છોકરા-છોકરીને આવી સ્વતંત્રતા આપવી ગમે છે, પણ એનાં ખતરનાક પરિણામનો વિચાર ખરો ? કહો ને કે એ પરિણામો પણ વાંધાભર્યા નથી લાગતા ! ધન્ય અવતાર !

ઉંમરલાયક છોકરા-છોકરી ગમે ત્યાં ભટકે ગમે તે કરે એ છૂટમાં આડા માર્ગે નહિ જાય ? અરે ! નાની ઉંમરથી આ છૂટમાં કેટલાય છોકરા-છોકરી કુસંગના પ્રતાપે ખરાબ કુટેવના ભોગ બની ગયા છે. પછી ઉંમરમાં આવતાં એ ટેસ તો છૂટે જ શાના ? વળી એમાં એવાં બિભત્સ સિનેમા-દશ્યો જોવા મળે છાપામાં સિનેચિત્રોને બિભત્સ લખાણો દેખવા મળે, પાછું એમાં આજના રિવાજ મુજબ ૨૨-૨૫ વરસની ઉંમર પહેલાં લગ્ન થાય નહિ, એટલે આજની ૧૪-૧૫ વરસની ઉંમરથી યુવાની યાને વિષયવાસના પ્રગટ થઈ જતાં, એ પછીના વરસો પેલી કુટેવમાં કેવા કાઢે ?

**ભ્રમમાં ન રહો :-**

અમેરિકાના આના આંકડા સાંભળો તો દિંગ થઈ જાઓ. અહીં આંકડા કોઈ કાઢતું નથી, એટલે બધું બરાબર સદાચારમય ચાલે છે એમ સમજતા નહિ. સાધુ પાસે ઉપદેશ સાંભળીને પરલોકનો ભય લાગીને તથા કુટેવની ભયંકરતા અને જીવનની બરબાદી સમજીને જે કેટલાક યોગ્ય આત્માઓ આવીને ઈકરાર કરે છે, ને પ્રાયશ્ચિત લે છે, એ પરથી સહેજે અનુમાન થાય કે આજની નવી પ્રજા કેવી ખરાબ છંદે ચડી ગઈ હોય ?

છોકરા-છોકરી માબાપને તો કહે જ શાના ? એટલે માબાપ સમજી બેઠા હોય છે કે અમારા છોકરા-છોકરી ડાહ્યા ડમરા છે, સીધી લાઈને ચાલે છે. માબાપ પાછા મૂરખા એવા કે અમારા ઉપદેશ પણ છોકરા છોકરીને સાંભળવા ન દે કે સાંભળવા દબાણ યા પ્રોત્સાહન પણ ન કરે !! ભય કે રખેને એને વૈરાગ્ય લાગી જાય તો ?' અરે મૂર્ખ ! વૈરાગ્ય લાગવા દે. તો એ પોતાની કૂટેવની ભયંકરતા સમજશે. તને નહિ તો ગુરુને પાપ કહી પ્રાયશ્ચિત લેશે, તેમજ જીવનમાંથી એ બદી કાઢવા પ્રેરણા મેળવશે, તો એના જીવનમાં સુધારો થશે. ધ્યાનમાં રહે કે તને તો એ કહેવાના નથી, તેમ તું એ એને એ અંગે કશું પૂછવાનો નથી, પછી સુધારો ક્યાં થવાનો ? આવું એ મૂર્ખ માબાપને કોણ સમજાવે ?

**સંતાનને શિખામણ :-**

બોલો, તમે તમારા છોકરા-છોકરીને પાસે બેસાડી શાંતિથી અને પ્રેમથી પૂછો

છો ખરા કે "ભાઈ ! તું મિત્રોની સંગતમાં શું શું કરે છે ? તને કોઈ છોકરા-છોકરી ચોરી કે બીજી ખરાબ ચેષ્ટા તો નથી શીખવાડતા ને ? જો જે હોં ખરાબ કુટેવમાં ન ફસાઈશ, નહિતર તારું જીવન પાયમાલ થઈ જશે. મોટા થયે ચોરીની કુટેવ મોટી થશે ને એ તને આ આ રીતે ભયંકર નીવડશે. એમ ખરાબ ચેષ્ટાની કુટેવ તારા શરીરના રાજા વીર્યને ખત્મ કરશે તો ભયાનક ટી.બી. જેવા દરદ લાગશે યા અંદરથી તું મુડદાલ જેવો થઈ જઈશ !..." વગેરે વગેરે છોકરા-છોકરીને સમજાવો છો ખરા ? એમ સમજાવતાં પ્રેમથી અને યુક્તિથી એમા પેટનાં પાપનો ઈકરાર કરાવો છો ખરા ? ના, આ કશું આવડતું નથી, ને એ જેને આવડે એવા સાધુ પુરુષોના સંપર્કમાં એને આવવા દેવા નથી, તો તમે કલ્યાણ માબાપ છો ? કે એ એને પૈસા આપી તથા કુસંગ સિનેમા-વાંચનની છૂટ આપી ઉન્માર્ગમાં આડકતરો સહારો કરનારા અને એ કરી એનું સત્યાનાશ કાઢનારા હિતશત્રુ દૈત્ય છો ?

**પંડિત યોગિવેશ કરે છે :-**

વાત આ હતી કે પરદેશમાં એકલાને ગમે ત્યાં ભટકવાની, ગમે તે કરવાની અને દુરાચારના માર્ગે પણ જવાની છૂટ હોય છે, એ છૂટ એ સ્વતંત્રતા ગોઝારી છે અલબત્ત પરદેશમાં ગમે તે કરવાની અને દુરાચારના માર્ગે પણ જવાની છૂટ હોય છે, એ છૂટ પર તરંગ સ્ફુર્યો કે લાવને જરા યોગિવેશ કરી જોઉં તો ખરો કે દુનિયા એમાં કેવી તણાય છે ? રાજા આકર્ષાય છે કે કેમ ?

એણે રાતના કપડાં ઊતારી પોટલી બાંધી લીધી, માત્ર એક લંગોટી પહેરી અને ગામબહાર જંગલમાંથી ઘાસ લઈ સળગાવી રાખ કરી, ને એ રાખ આખા શરીરે ને મોં પર લગાડી દીધી. વળી મોં અને શરીર પર મેશના લીટા તાણ્યા. વાળ બાંધીને જટા બનાવી. પછી પરોઢિયે ગામ બહાર નાકે એક ઝાડ નીચે સામે લાકડાં સળગતાં રાખી પગ ચડાવી બેસી ગયો, ને લોક આવતા દેખાય એટલે ધ્યાનમાં બેસી ઈષ્ટ દેવનો જાપ કરતાં હોઠ પટપટાવવા માંડ્યા.

બહાર નીકળેલા લોકોને લાગ્યું કે આ કોઈ યોગિરાજ પધાર્યા છે, લોક એમને નમસ્તે નમસ્તે કરે છે છતાં આ યોગી બોલતા નથી ને અર્ધમીંચી આંખે જાપમાં તલ્લીન રહે છે, તેથી લોક સમજે છે કે આ તો કોઈ મહાન યોગિરાજ લાગે છે. આ જોઈ ગયેલ લોકોની પંગત આવતી શરૂ થઈ ગઈ પછી તો વાત આગળ વધતાં ઠેઠ દિવાન અને રાજા સુધી પહોંચી ગઈ કે કોઈ મોટા યોગિરાજ પધાર્યા છે.

લોકનો ધડો છે ? આગળ પાછળ કશું જોવા વિચારવાનું ખરું ? ના, એક તણાયો, પાછળ બીજો તણાયો, એની પાછળ ત્રીજો...ચોથો...ચાલ્યું બધાં એક

સરખી વાત કરે છે, યોગિરાજ મોટા પધાર્યા છે. આગળ પાછળનું જોવું વિચારવું ન હોય એવા લોકનો શો ધડો રખાય ? આજે એવા લોકની વાતો બહુ ચાલે છે. વાતનો પાયો જ ન હોય, ને એવી વાતો બહુ ચાલે છે. વાતનો પાયો જ ન હોય, ને એવી વાતો સાચા જેવી ચાલે છે. એના પર આધાર રખાય ? તેમ આવા લોકને ખુશ કરવા મથાય એમાંથી કાંઈ સાર નીકળે ?

**ધડા વિનાના લોકને રાજી કરવા મથવું કે એની શરમમાં પડવું અને એ માટે કાંઈ અજુગતું બોલવું કે ભગવાનની આજ્ઞાથી વિરુદ્ધ બોલ કાઢવા, અથવા અજુગતી યા જિનાજ્ઞા વિરુદ્ધ પ્રવૃત્તિ કરવી એ મૂઢતા છે, મૂર્ખતા છે.**

કેમ મૂર્ખતા ? કારણ આ જ કે લોકોનો ધડો નહી, એટલે આજ તો એ રાજી થઈ આપણને સારા કહે, પણ કાલે નારાજ થઈ એ જ લોક આપણને ખરાબ કહેતાં સંકોચ નહી રાખે. લોકને તો ઉપર ઉપરનું જોઈ સાંભળી મદાર બાંધવો છે ને ? તે કાલે કોઈના મોઢે આપણી હલકાઈ સાંભળી એમાં સાથ પૂરશે ! સીતાજી વનવાસમાં રાવણને ત્યાં મક્કમ સતીત્વ રાખી પાછા અયોધ્યા આવ્યા, તો લોકે એમને વખાણ્યા, પણ પછીથી કોઈના મોંઢે સીતાની હલકાઈ સાંભળી કે શું રાવણને ત્યાં એકલા રહી આવ્યા એ વળી સતી હોય ?' તો લોકે હવે એ ગાવા માંડ્યું કે ત્યારે આવા પરપુરુષને ત્યાં રહી આવેલ સીતાને રામે સંઘરાતા હશે ?' છે ધડો લોકનો ? પણ રામ એવા લોકની શરમમાં પડ્યાં અને લોકને રાજી રાખવા નિર્દોષ સીતાને છેહ દીધો, એકલા અટુલા એમને વનમાં ત્યજાવી દીધા. કેટલું બધું અજુગતું ? કોણ કરાવે છે એ ? ધડા વિનાના લોકને રાજી રાખવાની વૃત્તિ.

અભયકુમારના વખતમાં આચાર્ય મહારાજે એક ગરીબ પણ વૈરાગી બનેલાને દીક્ષા આપી સાધુ બનાવ્યો. એના પર બે ચાર જણે ફેલાવ્યું કે 'લ્યો, ખાવા ન મળ્યું તો બાવા બન્યા' બસ ચાલ્યું લોકમાં એ સૂત્ર; તે નવા મુનિ બહાર નીકળે છે ત્યાં પાછળ કાન પર એવા બોલ આવે છે. નવા સાધુ ડાહ્યા હતા તે એ નિંદા સાંભળી પાછા રવાના ન થયા પણ ગુરુને વાત જણાવી કે લોક આ રીતે ધર્મની નિંદા કરે છે. આચાર્ય મહારાજ પણ શાણા હતા એટલે એમણે લોક પર મદાર બાંધી એમ ન કહ્યું કે તો ભાઈ ! તારા નિમિત્તે નિંદા થાય છે માટે તું ઘેર જા; ના, એમણે મુનિઓને કહ્યું, વિહારની તૈયારી કરો, અહીંથી જઈએ એટલે લોકને બોલવાનું ન રહે. એવામાં અભયકુમાર આવ્યા. પૂછે છે શાનો એકદમ જ વિહાર ? આચાર્ય મહારાજે અભયકુમારને કહ્યું, લોક આવી નિંદા કરે છે તેથી અમે અહીંથી વિહાર કરી જઈએ છીએ.

શું આ ? લોક નિંદા કરતું હોય ત્યાં એ અટકાવવા રસ્તો કાઢવાનો હોય,

પણ કશું અનુચિત કે જિનાજ્ઞાથી વિરુદ્ધ વર્તવાનું ન હોય, એ આચાર્ય મહારાજની ગણતરી છે.

અભયકુમાર વિનંતી કરે છે. સાહેબજી ! આપ વિહાર ન કરો. હું રસ્તો કાઢું છું જેથી એ જ લોકો ચારિત્રના ગુણ ગાય અને નવા મહારાજના આ મહાપરાક્રમને અભિનંદે.'

પછી અભયકુમારે બગીચામાં સોનૈયાના ત્રણ ઢગ કરાવી લોકને ત્યાં નોંતરી જાહેર કર્યું કે જે જીવન ભર માટે સ્ત્રી, અગ્નિ અને કાચા પાણીના સ્પર્શનો ત્યાગ કરે, એને આ ત્રણ ઢગલા મફત આપી દેવાના છે. જેની તૈયારી હોય તે આવો અહીં ને સોનૈયા લઈ જાઓ.'

કોણ લેવા આવે ? એક નહિ. અભયકુમાર પૂછે છે, કેમ કોઈ આવતું નથી ?

લોક કહે, જો એ ત્રણ સદંતર છોડવાનાં હોય, તો પછી આ સોનૈયા લઈને શું કરવાના ? રંગરાગ ઉડાવવા અને લહેર કરવા માટે તો સોનૈયા લેવા આવ્યા છીએ, ને એ લહેર માટે તો સ્ત્રી-અગ્નિ-પાણીને અડવું જ પડે. હવે જો એ અડવાનું જ બંધ કરીએ તો પછી રંગરાગ લહેર શી રીતે થાય ?'

એ પર અભયકુમાર કહે છે, ત્યારે મૂર્ખ લોકો ! એટલું તો નક્કી થયું ને કે આ ત્રણનો સ્પર્શ પણ ન કરવો એ ખરેખરું પરાક્રમ છે. તો પછી પેલા ગરીબી દશામાંથી સાધુ થયેલાની નિંદા કેમ કરો છો ? તમે પરાક્રમી ? કે એ મુનિ પરાક્રમી ? જુઓ એમને તો હવે આ ત્રણ ઉપરાંત પણ વનસ્પતિ સ્પર્શ મૃષાભાષણ ચોરી વગેરે ઘણું ઘણુ ત્યાજ્ય છે, એટલે સોનૈયાના હકદાર ગણાય ને ? છતાં જુઓ જો, આખા આ ટોળામાં છે એ ક્યાંય હાજર ? તમે તો મફતમાં સોનૈયા મળે છે એ સાંભળી લાલચુ થઈ દોડતા આવ્યા, પણ એમને કશી લાલચ લાગી નહિ, તો શું એ બિનલાલચું નિંદા કરવા લાયક ? ને લાલચું વખાણવા લાયક ? શું જોઈને ખાવા ન મળ્યું તો બાવા બન્યા એવી નિંદા કરો છો ?'

લોકો આ સાંભળી થીજી ગયા, માફી માગી, ને હવે એ ગરીબીમાંથી મુનિ બનેલની પ્રશંસા કરવા લાગ્યા કે, ભાઈ ! ધન્ય એ મહાત્માને કે જેમણે જીવનભર માટે લાલચ તૃષ્ણા મૂકી ને સ્ત્રી-અગ્નિ-પાણી-વનસ્પતિને અડવાનું પણ છોડ્યું !'

જુઓ, આ તે લોક હવે પ્રશંસક છે કે જે એક વાર બે ચાર જણના મુખે સાંભળી નિંદા કરતા હતા કે, ખાવા ન મળ્યું તે બાવા બન્યા, એવા લોકનો શો ધડો ?

**લોકને રાજી રાખવામાં કેટલું ગુમાવવાનું ? :-**

માણસ એવા ધડા વિનાના લોકને રાજી રાખવા નિંદા કરે છે, કુથલી કરે

છે, ખોટા દમામના ખરચા રાખે છે, અવસરે જૂઠ બોલે છે, ખોટી જાત બડાઈ હાંકે છે...વગેરે કેટલુંય આમાં એ કેટલું બધું ગુમાવે છે ?

- નિંદા કરે એટલે ગુણાનુવાદ ગુમાવે, દેવગુરુસેવા ભક્તિ ગુમાવે.
- કુથલી કરે એટલો સમય સજ્ઝાયધ્યાન ગુમાવે.
- જાત બડાઈમાં મહાપુરુષોનાં ગુણગાન કરવાનું ભૂલે.
- ખોટા ખરચામાં એટલો ખરચ પરોપકાર-પરમાર્થમાં કરવાનું ગુમાવે.
- જૂઠ બોલે એમાં સત્ય ગુમાવે યા ગંભીરતા ગુમાવે.

ગુમાવવાનું કેટકેટલું ? શાથી ? ધડા વિનાના લોકને રાજી કરવા છે માટે.

આજે જૈનો લોકને રીઝવવા લગ્નનાં રીસેપ્શન કરવા શીખ્યા. એમાં પોતાની જ દીકરી કે પુત્રવધુને લાજ-શરમ મુકાવી ખુલ્લા માથે લોકની સામે ઊભી કરે છે. ઉપરાંત સમૂહને રાત્રિભોજન કરાવે છે, કદાચ આઈસ્ક્રીમ વગેરે અભક્ષ્યપણ ખવરાવે છે. બધું શા માટે ? લોકને રીઝવવા જ ને ? એવું જ ધડા વિનાના લોકની. શરમમાં પડીને ય માણસ પરલોકહિત ઘણું ગુમાવે છે. મરીચિએ અયોગ્ય કપિલ રાજકુમારને રીઝવવા માટે કહો, કે એની શરમમાં પડી કહો, પણ ઉત્સૂત્રભાષણ અને સંસારભ્રમણ વધાર્યું.

**ધડા વિનાના લોક પાછળ ટટ્ટુ ગુમાવ્યું :-**

પેલી વાત આવે છે ને કે મેળામાં ટટ્ટુ વેચવા નીકળેલા બાપ-દીકરાએ લોકને રાજી રાખવા જતાં પૂલ પરથી પસાર થતી વખતે ટટ્ટુ ગુમાવ્યું ? કારણ ? પહેલાં લોક કહે, કેવા આ મૂરખ ! છતે ટટ્ટુએ પગે બળતા ચાલે છે. ત્યારે છોકરાએ બાપને ટટ્ટુ પર બેસાડ્યો તો હવે લોક એવું કહેનાર મલ્યું કે હાય ! આ બાપ કેવો સ્વાર્થિલો કે પોતે ટટ્ટુ પર ચડી બેસી, ફૂલ જેવા કનૈયા કુંવરને પગે ચલાવે છે !' ત્યારે પોતે નીચે ઊતરી દીકરાને ટટ્ટુ પર બેસાડી ચાલે છે તો હવે એવું લોક મળ્યું કે જે બોલે છે. 'અધધધ ! કેવો કળિયુગ ? આજના છોકરાની ઉદ્ધતાઈ તો જુઓ, પોતે ઘોડે ચડી બેઠો છે, ને બાપને બિચારાને પગે ચલાવે છે !' પછી બંને ટટ્ટુ પર ચડી બેસી ચાલ્યા ત્યારે એવું લોક મળે છે કે જે કહે છે 'અરરર ! આ બંને કેટલા નિષ્ઠુર તે બંને લટ્ઠેબાજ બિચારા આ નાનકડા ટટ્ટુ પર ચડી બેઠા છે ! ક્યાં રહ્યો લોકનો ધડો ? એવાના વિશ્વાસે બાપ દીકરો પગે ચાલતાં મોટા વાંસ પર ઊંચકી ટટ્ટુને લઈ જઈ રહ્યા છે. એમાં પૂલ પરથી મોટી નદી દેખતાં ટટ્ટુ ગભરાયું તે કૂદ્યું ને જઈ પડ્યું નદીમાં. શાના પાપે ? ધડા વિનાના લોક પર વિશ્વાસ કરવાના પાપે'

પેલો પંડિત યોગિરાજ બનીને બેસી ગયો છે; ને લોક ગાવા માંડ્યું છે કે ઓહો ! કેવા મહાન યોગિરાજ પધાર્યા છે ! કાંઈ બોલતા જ નથી, બસ ધ્યાનમાં

જ રહે છે ! લોકોનાં ટોળેટોળાં દર્શન કરવા આવે છે. એમાં પંડિતાણી પણ આવી. એ ય પતિને ઓળખી ના શકી; તે ય વખાણવા માંડી, ને ધન્યવાદ આપે છે, ધન્ય યોગિરાજ ! સફળ તમારો અવતાર ! આ અમે મોહઘેલા, તે માયામાં ફસ્યા છીએ. તમે આ યુવાન વયે માયા મૂકી કેવો અજબ પુરુષાર્થ !

**રાજા યોગિદર્શને :-**

લોક વળી ફળ મેવા વગેરેની ભેટ ધરે છે, પણ યોગી સામું ય જોતો નથી. એટલે લોક વધુ આકર્ષાય છે. હવે તો પ્રશંસા ઠેઠ રાજાના કાન સુધી પહોંચી. રાજા ધાર્મિક દિલનો એટલે એને એવા ખાસ સંત સાધુનો સમાગમ ગમતો. તેથી મંત્રીને કહ્યું, આપણે એ યોગિરાજનાં દર્શને જવું છે; તો યોગિરાજને અનુકૂળ સમય પૂછાવી લો. એ સમયે આપણે જઈએ અને એમનાં દર્શન તથા વાણીશ્રવણથી પાવન થઈએ.

મંત્રી કહે, મહારાજા ! સમય પૂછાવવાની વાતે ય શી ? સાંભળવા પ્રમાણે એ યોગિરાજ તો કોઈની સાથે બોલતા જ નથી, માત્ર પોતાના ધ્યાનમાં જ મગ્ન રહે છે.

તો એમ કરો, આપણે અત્યારે જ જઈએ. ભલે દર્શન-વંદનથી પાવન થઈશું.

**દિલની ધાર્મિકતા ચીજ જ એવી છે કે, 'જ્યારે જેટલો ધર્મ કમાવવાનો મળે ત્યારે એટલો કમાઈ લેવો.' એવી વૃત્તિ રખાવે.**

પછી ત્યાં એ જોવા ન બેસે કે, જઈએ તો ખરા, પણ કશું સાંભળવા નથી મળવાનું ? તો જવાનું શું કામ છે ?' ના, શ્રવણ નહિ સહી, પવિત્ર પુરુષનાં દર્શન-વંદન જેટલો ય ધર્મ મળે છે ને ? એટલો તો એટલો સહી પણ ધર્મ કમાઈ લઈ માનવ તનમન અને માનવ સમયને લેખે લગાડી દેવા. બાકી ધર્મ વિના તો એ એળે જ જઈ રહ્યા છે. એક ક્ષણ પણ સંતનાં દર્શન-નમન ક્યાંથી ?

**'જો ઘડી જાએ પ્રભુનાં ધ્યાનમાં, ધન ધન ભવી માનો.'**

દિલની ધાર્મિકતાનો આ હિસાબ લક્ષમાં રહે તો

**ધાર્મિકતાનો ૫ પ્રકારે હિસાબ :-**

(૧) કાયાની પ્રવૃત્તિથી યા (૨) આંખ-કાન ઇંદ્રિયોના જોડાણથી, યા (૩) ધનના વ્યયથી, યા (૪) વાણીના ઉચ્ચારણથી અને આ કશું ય બને એવું ન હોય ત્યાં (૫) મનની વિચારણાથી ધર્મ શક્યતાનુસાર કમાઈ લેવાનો રહે. જીવન પર નજર નાખશો તો દેખાશે કે

**દિલની એવી હિસાબી ધાર્મિકતા નથી, એટલે જ એક યા બીજી રીતે ધર્મ કમાઈ લેવાની કેટલીય તકો નિષ્ફળ જવા દેવાય છે.**

દા.ત. આવેશમાં ચડીને કોઈ આપણને ધમધમાવતો આવ્યો, ત્યાં મનમાં

'સવ્વે જીવા કમ્મવસ ચઉદહરાજ ભમંત' આ સૂત્ર લગાડી આ બિચારો જીવ કર્મવશ કષાયથી પીડાઈ રહ્યા છે, એ દયાપાત્ર છે, એમ વિચારી એના પર દયાભાવના ઊભી કરવાને અવકાશ છે, દયાભાવ દિલમાં જાગ્રત કરવાની તક છે. પરંતુ એ તો જ બને કે દિલમાં ધાર્મિકતાનો હિસાબ હોય કે જે ઉપાયે ધર્મ કમાવાય એ ઉપાયે કમાઈ લેવો ત્યારે જો દયાભાવને બદલે ઊલટું કષાયનો દ્વેષનો આવેશ જગાવાય છે. તો ધાર્મિકતા શી રીતે ઊભી રહે ? જીવન તપાસવા જેવું છે. ત્યાં દેખાશે કે કેવી અફસોસી છે કે આવા જ સામેથી પ્રતિકૂળના અવસરે જ જે એની દયાની અને ક્ષમા-સમતાની તક ગણાય, એ દયા-સમતાનો ધર્મ આદરવાની કેટલીય તકને વેડફી નખાય છે, અને અનાદિસિદ્ધ પશુસુલભ દ્વેષ ઝળકાવાય છે.

રસ્તે ચાલ્યા માગતો કરગરતો અપંગ ભિખારી મળ્યો, નયા પાંચ પૈસાનાં પણ દાનની તક છે. દઈ દો તો સક્રિય દયા અને દાનનો યત્કિંચિત પણ ધર્મ કમાવવાનું થાય છે. પણ ના, કીર્તિ મળે એવું હજાર રૂપિયાનું દાન કરવું છે. કિંતુ આવું વગર કીર્તિનું નાનું પરચુરણિયું દાન નહિ; ત્યાં દિલની ધાર્મિકતા ક્યાં રહી ? એ નહિ એટલે જ રોજની પ્રભુપૂજામાં પોતાનાં ઘરનાં પૂજાદ્રવ્યો શક્તિ અનુસાર લઈ જવાતા નથી. દિલની ધાર્મિકતા હોય તો તો મનને એમ થાય કે આ તો રોજે એવાં ઘરનાં પૂજનદ્રવ્યો વાસક્ષેપ, થોડું પણ દૂધ, દીવી ઘી, એક અગરબત્તી, વરખનું એક પાનિયું વગેરે મંદિરે લઈ જવાનો ધર્મ તો મારે હાથવેંતમાં છે. એ કમાવવાનો શું કામ ચૂકું ? ખાધું ભોગવ્યું તો ગુમાવાશે; ત્યારે ધર્મમાં દીધું લેખે લાગશે.

**દિલ ધાર્મિક હોય તો વિચારશક્તિથી દરેક પ્રસંગમાં ધર્મનું તત્ત્વ શોધાય, અને પકડાય.**

દા.ત. જમવા બેઠા ત્યાં ત્યાં આ પુદ્ગલની ગુલામી વિચારાય, અભક્ષ્યાદિથી બચવાનું વિચારાય, રાગ તૃષ્ણા આસક્તિથી બચવા એના ભયંકર અનર્થ નજર સામે લવાય. જાણો છો શા અનર્થ છે ? અનર્થરૂપે આપણી નજર સામે તિર્યંચગતિના 'ખાઉં ખાઉં' કરતા કીડી-કીડા-મચ્છર-માખી વગેરે જીવો દેખાય છે. કેવી એની આહારસંજ્ઞા ? એમાં કેવા એ મરે ? તેમ જીવતાં પણ આહાર સિવાય જીવનભર બીજી કોઈ લગન નહિ. ભગવાનનું નામ એ લઈ શકે ? એની શુદ્ધબુદ્ધ જ ક્યાં છે ? એ નહિ એટલે જીવનભરની આહારસંજ્ઞા એને ક્યાં કેવા અવતારમાં લઈ જાય ?...' આવા આવા અનર્થ નજર સામે આવે, એથી જમતાં જમતાં રાગ તૃષ્ણા-આસક્તિથી બચવાનું કરાય. એ ધર્મનું તત્ત્વ શોધ્યું અને પકડયું ગણાય. વિચારશક્તિનું આ કાર્ય છે.

**ચાલતાં કે વાત કરતાં શું ધર્મતત્ત્વ જોવું ?**

બજારમાંથી પસાર થઈ રહ્યા છે. ધર્મનું તત્ત્વ એ કે નીચી મૂંડીએ કોઈ જીવજંત પગ નીચે ન આવી જાય એ લક્ષ્યથી ચલાય; પણ આડા અવળાં ડાફોળિયાં મારતાં ન ચલાય; રખે ને એમાં કાંઈ દેખાઈ જતાં રાગ દ્વેષ સળગે તો !' એ ભય હોય આ ધર્મનું તત્ત્વ પકડ્યું.

એમ કોઈની સાથે વાત કરતાં એ લક્ષ રહે કે એમાં સામાના રાગ-દ્વેષ સળગી ઊઠે એવું ન બોલાઈ જાય. અથવા સામાને પાપનો ઉપદેશ પાપની સલાહ ન દેવાઈ જાય; કે એ પાપમાં પડે એવા કાંઈ બોલ ન બોલી જવાય. એમ વાણીમાં સાવધાની આ, કે એમાં અસત્ય ન આવી જાય કે, હિંસાદિ પાપની અનુમોદનાનું બોલવાનું ન થઈ જાય. જાતના કામ ક્રોધ લોભ સજાગ ન થાય. આવી આવી સાવધાની પર મુખ્ય ધ્યાન રહે, એ બોલતી વખતે ધર્મનું તત્ત્વ પકડ્યું ગણાય.

એમ બીજાની ફિજુલ યા રાગદ્વેષ પ્રેરક વાતો વખતે પોતે મનમાં કોઈ શુભ મનોરથ સેવે, તત્ત્વ વિચારે, છેવટે નવકાર મંત્ર જપે,...એમ નવરા પડ્યા ગણતરી-બદ્ધ નવકારમંત્ર ગણે, એ ધર્મનું તત્ત્વ પકડ્યું કહેવાય.

**દિલ ધાર્મિક બનાવવું છે ? તો આ શીખી કે કમમાં કમ વિચારણામાં ધર્મનું તત્ત્વ દાખલ કરી દેવું.**

તેમ, તન-મન-ધનથી તથા ઇંદ્રિયો અને વાણીથી જેટલો ધર્મ કમાઈ શકાય એમ હોય એટલો જતો ન કરાય, પણ કમાઈ લેવાય. દા.ત. રૂપિયાની ચીજ લઈ આવ્યા, તો એના પર ધર્મનો ટેક્ષ ચડાવી એક રૂપિયો દસ નયા પૈસાનો ખર્ચ સમજી દસ પૈસા ધર્મખાતાની શુભની પેટીમાં પધરાવાય. છોકરાને શાળાનું ભણાવતાં વચ્ચે વચ્ચે ધર્મની વાત વસ્તુ સમજાવાય, ઘરમાં વિશિષ્ટ પ્રસંગ છે, સારું જમણ છે, તો દેરાસરનો પૂજારી ઉપાશ્રયનો માણસ ઝટ યાદ કરાય.

વાત આ હતી કે દિલ ધાર્મિક હોય તો અવસર મળ્યે થોડો તો થોડો, પણ ધર્મ કમાઈ લેવા તત્પરતા રહે. પેલા રાજા ધાર્મિક દિલવાળો છે તેથી મંત્રીને કહે છે, ભલે યોગિરાજનાં માત્ર દર્શન અને વંદન કરવાનું મળે. આપણે જઈએ. તૈયારી કરાવો.

**રાજા યોગીના દર્શને :-**

મંત્રીએ તૈયારી કરાવી દીધી, અને રાજા પરિવાર તથા ભેટણાં સાથે ચાલ્યો. પહોંચ્યો યોગિરાજ પાસે. જઈને યોગીનાં દર્શને ખુશ થયો. યોગીની ભવ્ય મુખાકૃતિ ધ્યાનસ્થ ચક્ષુ, અને બેસવાનો ઢંગ, ઉપરાંત લોકોના મુખે પ્રશંસા,...આ બધું રાજાને આવર્જી ગયું. યોગીને એ પ્રણામ કરી નીચે બેસે છે, હાથ જોડી કહે છે, મહાત્માજી ! કૃપા નજર કરો.'

યોગી મૌનપણે પોતાના ધ્યાનમાં જ રહે છે, જુએ છે કે રાજા આવ્યો લાગે છે, તો જોઉં એની સ્થિરતા કેવીક છે. એને એમ લાગે છે કે જો સ્થિરતા નહિ હોય તો ય મનમાં એવી અસર લઈને જશે કે, સામે ચાલીને આવેલા મોટા રાજા સાથે ય વાત કરવાની પરવા નહિ ! અને સ્થિરતા હશે તો પછી કાંક મારું તત્ત્વ વચન સાંભળવા પર વિચાર કરતાં થઈ જશે.' એમ કરીને એણે થોડી વાર તો પોતાનું ધ્યાન ચલાવ્યે રાખ્યું. રાજા બેસે કે જાય એમાં એને કાંઈ ખોટું મોળું થતું નહોતું.

રાજા તો સ્થિરતાથી બેઠો છે, એ આશામાં કે હમણાં તરત નહિ, તો થોડી વાર પછી ય ધ્યાન પૂર્ણ કરી યોગિરાજ કાંઈક કહેશે. યોગીએ પણ એની થોડી આતુરતા પોષવા એમ વખતે વીતાવ્યા પછી આંખ ખોલી, અને સૌમ્ય દૃષ્ટિથી રાજાની સામે જુએ છે. રાજાને તો લાગ્યું કે મારા પર યોગિરાજે મહાન કૃપા દૃષ્ટિ કરી, તેથી ખૂબ પ્રસન્ન થઈ હાથ જોડી માથું નમાવી કહે છે,

મહાત્માજી ! આપને વંદન કરું છું. આજ આપ સરખી વિભૂતિના એકાએક દર્શન મલ્યા, અમારાં અહોભાગ્ય છે ! આ મેવા-પકવાન્નના થાળ અને સોનૈયા સ્વીકારો. અને કાંઈક તત્ત્વવાણી સંભળાવવા કૃપા કરો.'

જોગી કહે હમેં કુછ નહિ ચાહિયે.'

'અરે સાબ ! અમારા પર થોડી કૃપા કરો.'

'ના ભાઈ ! ના, કુછ નહિ ચાહિયે'

'નહિ સાહેબ ! આ નાની ભેટ સ્વીકારવી પડશે.'

**યોગીનો ભેટ લેવા ઈન્કાર :-**

હવે યોગી વિફર્યો; કહે છે,- ના બોલે; સમઝતા નહી ? હમકો ક્યાં સમઝતા હૈ ? ક્યા હમ ભોગી હૈ યા યોગી ? યહ સબ ખાકર ક્યા હમે ઓરતકા ભામટાભોગી બનના હૈ ? ઉઠાવ તુમારા માલ. માફ કીજિએ, ચલે જાઓ યહાં સે, ક્યોં હમારી યોગ સાધનામેં ભંગ કરાને કો આયે હૈ ?'

શું બોલે રાજા ? વાત તો સાચી જ હતી કે પકવાન્ન-મેવા-ફળ ખાઈને ધાતુઓ ઉત્તેજિત થાય, ને એ કામના વિકારો જગાડે. એ યોગ-ભ્રષ્ટ કરી ભોગલુબ્ધ બનાવે. પોતાના મનથી ભલેને દિલ પાવરફુલ લાગે, પણ કોઠામાં એકમેક થયેલ એ તાજાં ફળ-મેવા-મિઠાઈ સાતે ધાતુમાં પ્રસરી જઈ લોહી અને વીર્યને થનગનતું બનાવે. એની અસર મન પર થાય, મનને એ સુંવાળું કરે, અને વિકારોનો ભોગ બનાવે. બ્રહ્મચર્ય પાળવું છે તો એવા વિકારી રસોઈથી દૂર રહેવું જોઈએ.

રાજા ટૂંકમાં સમજી ગયો, અને તરત માફી માગતાં કહે છે, યોગિરાજ ! ક્ષમા કરો મારે તો ભક્તિ કરવી હતી મારો કોઈ આપને યોગભ્રષ્ટ કરવાનો આશય નથી. પરંતુ આપની વાત સાચી છે. તો મારે એવો ભક્તિનો આગ્રહ શા માટે રાખવો ? ખેર, બધું ઉઠાવી લેવરાવું છું ? હવે મને કાંઈક તત્ત્વબોધ આપો.'

યોગી કહે છે,-

**'જાગનેકે ભવમેં સોના નહીં'.**

રાજા વિચારમાં પડ્યો કે આ શું કહે છે. પણ એનો ખુલાસો પૂછે એ પહેલાં તો યોગીએ પોતાનું ધ્યાન શરૂ કરી દીધેલું; તેથી રાજા પૂછે છે.- 'મહર્ષિ ! આનો અર્થ શો ?' પણ યોગી કાંઈ બોલતો નથી. અંતે રાજા 'ચાલો, પંડિતોની સભામાં પૂછી લઈશું' એમ ધારીને ત્યાંથી ઊઠ્યો. અને મહેલ તરફ ચાલી ગયો.

અહીં રાજાનું સાંભળી મોડી રાત સુધી લોકો યોગી પાસે આવતા રહ્યા; પણ યોગી મૌન રાખી રહે છે. પછી લોક આવતું બંધ થયે યોગી પંડિત સ્નાન કરી લઈ મૂળ વેશ પહેરી લીધો. રાત ધર્મશાળામાં સૂઈ, સવારે ઘરે પાછો ચાલ્યો ગયો.

આપણી વાત ચાલે છે ઉત્તમ વેશને યોગ્ય વર્તાવની. પેલી ઋષિદત્તા જંગલમાં યોગી તરીકે રહી છે અને એને કનકરથ રાજકુમાર પોતાની વિવાહ યાત્રામાં સાથે ચાલવા કહે છે, એ એનો ઈન્કાર કરે છે, કહે છે, સંયમીને રાજસંગતિ કરવામાં વ્રત ઘવાય. આ કેમ કહી રહી છે ? એટલા જ માટે કે વેશ સંયમી યોગીનો છે, તો એનો યોગ્ય બોલ અને એને યોગ્ય વર્તાવ દાખવવો જોઈએ. એના પર પંડિતની વાત ચાલી છે. રાજાએ એની સામે મેવા-પક્વાન્ન-સોનૈયા ધર્યા, અહીં પંડિત પોતે ગરીબ થઈ ગયો હોવાથી પૈસાની જરૂર પણ છે. કિન્તુ વેશ યોગીનો તેથી રાજાની એ ભેટ ઠુકરાવી દીધી.

**પંડિત પત્નીનો સંવાદ :-**

એ જ વાત જુઓ હવે ઘરે કરે છે. સવારે પંડિત ઘરે પહોંચ્યો. પત્ની આશ્ચર્ય પામી કહે, અરે ! એટલામાં એક દિવસમાં પાછા આવ્યા ? શું કાઈ કમાઈ લાવ્યા ?

પંડિત કહે, ના, કશું કમાયા વિના એમ જ પાછો આવ્યો.'

ત્યારે પંડિતાણી બોલી, આ તમે તો ભલા આદમી છો ને ? તો તો પછી અહીંથી એક દિવસ મોડા જ જવું હતું ને ?

કેમ વારું ?'

'આ એટલા માટે કે, અહીં કાલે એક મોટા યોગિરાજ આવ્યા હતા.'

'તે એમાં મારું શું કામ ? શું કાંઈ એ ધન દેત ? ધનનો મંતર દેત ?'

પત્ની કહે 'ધને ય નહિ, ને ધનનો મંતરે ય નહિ; પણ એમના દર્શન વંદન મળત ને ? એવા મહાન યોગિરાજ હતા કે એમના દર્શન-વંદનથી પાવન થઈ જઈએ ! કહે છે ઠેઠ રાજાસાહેબ સુધીના એમના દર્શને ગયેલા. આખું ગામ ઉલટેલું, ને આ તમે જ એક અભાગિયા તે રહી ગયા !'

પંડિત પત્નીને શું કહે ? બાળી-ભોળીને ક્યાં ખબર છે કે યોગિરાજ તારા પતિ પોતે જ હતા ?'

**જગતમાં આવું અંધાધુંધ કેટલું ય ચાલતું હશે ?**

માબાપને દીકરાને લાડથી ઊછેરતી વખતે ખબર નથી કે, આ દીકરામાં શેતાન ભરાયેલો છે એ ઊછરી રહ્યો છે, એ ઉછરેલો તમને જીવનભર પીડશે, તમારાં હૈયાં શેકાશે.'

આજે ચાહના કટોરા ચડાવ્યે રાખી શરીરને મહલાવનાર વ્યસનીને ક્યાં ખબર છે કે જેનાથી ભવિષ્યમાં શરીર હોજરી વગેરે વાંકા ચાલનારા થશે, એ ઝેરને જ હું અત્યારે બહુ વહાલું કરી રહ્યો છું ? ચાહમાં ઝેરના દર્શન ક્યાં ?

કેટલાય વેપારી સફેદ કપડાધારી અને મીઠા બોલ બોલનારાને સારો ઘરાક સમજી ઠગાય છે ને ? તમે ઘરાક પણ એવા વેપારીના મીઠા બોલ પર આ તો સારા વેપારી લાગે છે સમજી માલ ખરીદીમાં ધાપ ખાય છે ને ? સાધુવેશમાં પાછલે બારણે અસાધુતા રમનારાને લોક સારા સાધુ સમજી એની પૂંઠે તણાય છે ને ?

જગતમાં કેટલેય સ્થાને આવી અંધાધુંધ ચાલે છે. તો પૂછો.

**પ્ર.**- એમાં અમારે શું કરવું ?

**ઉ.**- કરવાનું આ, કે જાગતા રહેવું. ઊજળું એટલું દૂધ ન માની લેવું. કળી ચૂનાનું પાણી ય ઊજળું હોય. એ કાંઈ દૂધ થોડું જ છે ? દિલ્હીમાં એક ઉસ્તાદ એવો નીકળ્યો કે ગરમાગરમ દૂધ પર સફેદ બ્લોટિંગ બિછાવી રાખે. એ વરાળથી પલળીને ઢીલા ઘેંસ મલાઈ જેવા થઈ જાય. એના પર ભારોભાર સાકર ભેળવેલું દૂધ છાંટી રાખે. લોકો હોંશે હોંશે એને ત્યાં મલાઈ ખાવા આવે, ને આ બ્લોટિંગમાંથી કાપી કાપીને દૂધ સાથે ખવરાવે. પેલા ખુશી ખુશી થાય,-'વાહ ! કેવી સરસ કડક થયેલી મલાઈ ! અને હોંશે હોંશે એ ખાઈ જતાં શું ખાઈ જતા ? મલાઈ કે બ્લોટિંગ ? દેખાવ માત્રથી વસ્તુ સાચી ન મનાય. **માટે, અંધાધુંધ ચલાવતાં સંસારમાં**

**(૧) પહેલું તો જાગતા રહેવા જેવું છે.**

**(૨) બીજું એ, કે, સંસારના પદાર્થોની બહુ લાલસા ન કરવી. તેમ**

**(૩) ત્રીજું જાગતા રહ્યા એટલે જ્યાં ને ત્યાં ભરોસો ન મૂકી દેવો.**

આ બે વાત મહત્ત્વની છે. સંસારના પદાર્થોના બહુ લાલચુ ન બન્યા એટલે એની ખાતર જે ઠગાવાનું થાય છે એ થાય નહિ. તેમ જરૂરી વસ્તુ અંગે પ્રવૃત્તિ કરવી પડે ત્યાં ખોટો ભરોસો ન મૂકી અંદરખાને જાગતા રહીએ એટલે અવસરે ઇદં તૃતીયં નીકળે. તો ફિકર નહિ; કેમકે પહેલેથી જ સાવધાન હતા.

પંડિતને પડિતાણી યોગિરાજનાં દર્શન-વંદન ન પામવા બદલ અભાગિયા ઠરાવે છે. ત્યારે પંડિત કહે. પણ તે હું એ દર્શન ન પામ્યો માટે અભાગિયો ? કે પૈસા ન પામ્યો માટે અભાગિયો ?

પંડિતાણી અહીં ફિલોસોફી લડાવતી કહે હવે એવું શું પૂછો છો ? પૈસા પામવા એ થોડું જ આપણા જ હાથમાં છે. પૈસા તો લેવા જઈએ છતાં પુણ્ય ન હોય તો, ન મળે, ત્યારે આવા મનખાને પાવન કરે એવાં, દર્શન તો કરવા જઈએ તો મળે. આ તમે એક દિવસ ક્યાંય ભમી આવ્યા તે પૈસા ય ન લાવ્યા અને આવા પુણ્ય દર્શને ય ગુમાવ્યાં.'

ખેર ! પણ આપણે શું એવાં દર્શન પામીએ તો ભાગ્યશાળી ? કે લોકને એવાં દર્શન આપીએ તો ભાગ્યશાળી ?'

એટલે ? શું આપણે યોગિરાજ બનીએ તો આપણે ભાગ્યશાળી ? એમ પૂછો છો ?'

પંડિત કહે, 'હા,'

પંડિતાણી બોલી, એમાં શું પૂછવાનું ? આપણાં એવાં અહોભાગ્ય ક્યાંથી કે આપણને યોગિરાજ બનવાનું મળે ?'

અહીં હવે પંડિત ધીમા અવાજે કહે છે, તો જુઓ, એ ગઈકાલનો યોગિરાજ હું પોતે જ હતો.'

સાંભળતાં જ પંડિતાણી ચોંકી ઊઠીને કહે હેં ? શું તમે જ યોગિરાજ બનેલા ? હોય નહિ મેં ય દર્શન તો કરેલાં, પણ મને તો જરાય તમારી સરખાઈ નહિ લાગેલી. જૂઠું શું કામ બોલો ?'

જૂઠું નથી કહેતો. જુઓ જગતમાં આમ જ ધતિંગ બહુ ચાલે છે. માણસ અંદરખાને જેવો છે એવો, એના બહારના કૃત્રિમ આડંબર-ફટાટોપમાં, ઓળખાવો, મુશ્કેલ છે. વાઘ-વરુ-સાપ સારા કે જેવા છે તેવા ઓળખાઈ જાય; પણ માયાવી માણસ જાલિમ છે. એ અંદરખાને જેવો છે એવો કદાચ એના સગા માબાપ કે સગી બાયડીથી ય ન ઓળખાય એ જાલિમગીરીમાં એ કેઈકને ધોખો દે છે. અરે ! એવા જૂઠા સંત-સજ્જનને, કેટલીક વાર દુનિયા સાચા સંત-સજ્જન કરતાં વધારે માને છે. માટે તો કહેવાય કે,

**દુનિયા જેટલી જૂઠાની છે એટલી સાચાની નથી; કેમકે જૂઠા પાસે બાહ્ય આડંબર-ફટાટોપ મોટો; ને દુનિયાને એ ગમે છે."**

પંડિત શું કહી રહ્યો છે ? સાચું છે ? પણ જુઓ જગતમાં દેખાય છે કે બાપ પાસે સારા પૈસા હોય અને તે કઢાવી લેવા હોય, તો જૂઠા ચાલાક દીકરાને બાહ્ય વિનયનો ફટાટોપ બહુ આવડે. એવો સાચાને નહિ આવડે. માટે તો કેટલાય બાપ જૂઠામાં અંજાઈ પૈસા દુકાન વગેરે દીકરાને દઈ બેઠા ને પસ્તાયા. મોટા યુગપ્રધાન આચાર્ય કાલિકસૂરિજી મહારાજ જેવા વિનયરત્ન નામના શિષ્યમાં ઠગાયા ને પસ્તાયા. આ નામ પાછળથી એ શિષ્યને પોતેજ આપેલું; કેમકે એનો બાહ્યથી અથાગ વિનય વર્ષો સુધી દેખેલો. માયાવીને ધીરજ જબરી. પોતાનો સ્વાર્થ ન સધે, ત્યાં સુધી જરૂર પડ્યે વરસોના વરસો સેવા વિનયનો માયાવી ફટાટોપ કરતાં આવડે, ને ભલભલા એમાં ભૂલા પડી જાય. કાલિકસૂરિજી મહારાજ એટલે ? કમ વિદ્વાન ? કમ અનુભવી ? છતાં છક્કડ ખાઈ ગયા ને ? સ્વારથિયા શિષ્યની માયા આગળ ગુરુની શી મજાલ કે એને પહેલેથી જ અંદરખાને એ કેવોક છે એ ઓળખી શકે ? માયાવીને બાહ્ય સેવા વિનયનો ફટાટોપ બહુ આવડે. તો જ એ પોતાનો સ્વાર્થ સાધી શકે ને ? પછી અવસર મળતાં ગુરુને લાત લગાવે ત્યારે ગુરુને ભાન થાય કે ઓહો ! આ તો ઠગાયા ! દૂધ પાઈ પાઈને ભોરિંગ જ ઉછેર્યો !'

પ્ર.- સાધુપણામાં આવું બને ?

ઉ.- હૈયે સાચી સાધુતા હોય તો આવું ન બને. પરંતુ સાધુનાં સ્વાંગમાં લૌકિક એષણા જ પોષવી હોય, અંતરમાં માનપાન કીર્તિપરિવારની આકાંક્ષા જ બેઠી હોય, ત્યાં સાધુતા-સાધુપણું બાજુએ રહી જાય; ને એ એષણા-આકાંક્ષાઓ સિદ્ધ કરવાની તૈયારીઓ થતી જાય. પછી એમાં બહારથી સાધુતાનો ને સેવા વિનયનો ફટાટોપ રખાય. તૈયારી પૂરી થતાં જ્યાં બહાર પડ્યા ને માનપાન મળવા શરૂ થઈ ગયા, હવે સ્વાર્થ સધે છે, પછી ગુરુ કોણ ને બીજા કોણ ?

આજે ઘણા માબાપ રુએ છે કે 'દીકરા કુલાંગાર પાક્યા ! છેહ દેનારા પાક્યા ! પહેલેથી ઓળખ્યા નહિ કે અંદરખાને એ કેવા હતા. તે આજે આ દિવસ જોવાના આવ્યા !'

પ્ર.- એવા દીકરાને કૃતજ્ઞતાનો વિચાર કેમ નહિ આવતો હોય ?

ઉ.- કળિકાળનો પ્રભાવ છે કે સાધુ બનેલા કોઈકને ય કૃતજ્ઞતાનો વિચાર નથી આવતો. તો સંસારી દીકરાની ક્યાં વાત કરો છો ? નહિતર વિચારો ને કે દીકરા પર માબાપના ઉપકાર કરતાં સાધુ પર ગુરુનો ઉપકાર કેટલો બધો મોટો ? ગુરુએ તો એને જનમ મરણની જંજાળથી છોડાવે એવો મહાકિંમતી ધર્મ આપ્યો,

ભવકૂપમાંથી બહાર કાઢ્યો, ચારિત્રના મહામાર્ગે ચડાવ્યો. આત્માના અનંત અનંત કાળથી પૂંઠે પડેલા રાગાદિ આંતરશત્રુઓની ઓળખ અને નિકાલ કરાવે એવા શાસ્ત્રો ભણાવ્યા, વિદ્વાન બનાવ્યો, આ ઉપકાર જેવો તેવો છે ? પરંતુ પેલી માનપાનાદિની એષણાઓ આકાંક્ષાઓ એવા અનન્ય અનુપમ ઉપકારને ય ભૂલાવી દે છે. ગુરુ અંધારામાં રહે, તે પહેલેથી જ ખબર ન પડે કે આ અંદરખાને સાધુતા ખીલવવાની વૃત્તિવાળો નહિ, પણ બાહ્ય સ્વાર્થ સાધવાની જ લગનીવાળો છે. આ બાહ્યની લગનીમાં પછી કૃતજ્ઞતા શાની યાદે ય આવે ? ગુરુના અથાગ ઉપકારનો વિચાર જ શાનો ?

**એષણા ભયંકર છે, સાધુતા ભુલાવે, કૃતજ્ઞતા ભુલાવે, અરે ! મૂળમાંથી સરળતા ભુલાવે.**

અજ્ઞાન જીવોને ભાન નથી કે આવી એષણાઓ પોષતાં પોષતાં અને સફળ કરતાં અનંતા કાળ વહી ગયા, પણ એથી માત્ર ભવચક્રમાં ભટકતા રહેવાનું જ બન્યું, આંતર શત્રુઓને મહાલતા રહેવાનું જ થયું, તે આજે પણ ઊંચા જીવનમાં ય હૃદય આંતર શત્રુઓથી પીડાઈ રહ્યું છે; ઉપકારી સામે ય માયાના ખેલ ખેલાવી બીજા ય કેટલા ય દોષ દુર્ગુણો ને મલિન વૃત્તિઓને પોષે છે.

વાત આ છે, માણસ અંદરખાને જેવો છે એવો કેટલીકવાર બહારના વર્તાવથી ઓળખાવો મુશ્કેલ હોય છે. પેલો પંડિત પત્નીને એ કહી રહ્યો છે કે, માયાવી માણસનો બાહ્યટોપ ફટાટોપ ભારે, તે અંદરખાને કેવો છે એ ઓળખાય જ નહિ; ને દુનિયા એના બાહ્ય ફટાટોપમાં ભૂલી પડી, સાચા કરતાં આ જૂઠા સંત સજ્જનને વધુ માનવા લાગી જાય છે.

પંડિતાણી પૂછે,- ત્યારે શું ખરેખર તમે જ યોગિરાજ બનેલા ? માન્યામાં નથી આવતું. કેમ મને ય ઓળખાણ ન પડી ?

'શાની પડે ? કહ્યું નહિ જૂઠાનો ફટાટોપ ભારે ?'

'તે તમે શી રીતે યોગિરાજ બની ગયા ?'

'શી રીતે વળી કેમ ? આ રાતના કપડાં ઉતારી લંગોટી લગાવી દીધી, શરીરે રાખોડી ચોળી લીધી, ઉપર કાળાં ટીલા ટપકાં કરી દીધાં ને યોગિરાજ બની ગયા. બહારથી મૌન રાખી એકલા ધ્યાનનો જ ફટાટોપ માંડી દીધો, પછી કોણ યોગિરાજ ન કહે ?

પ્ર.- તે તમારે શું કામ એમ કરવું પડ્યું ?

ઉ.- શું કામ શું ? આ જરા દુનિયાના રંગઢંગ જોવાનું મન થયું.

પંડિતાણી કહે, તો તો તમારી પાસે, સાંભળ્યું હતું, રાજા સાહેબ આવેલા.

પંડિત કહે, "હા સાચું, આવેલા, ને મેવા મિઠાઈ તથા થાળ ભરી સોનૈયા લાવેલા. મારી આગળ નમીને ભેટ મૂકી આગ્રહ કર્યો કે આ લો જ લો. પણ બંદા સામું શાના જુએ ?"

"તો તમે કેમ લઈ લીધા નહિ ? લઈ લીધા હોત તો આ ગરીબી ટળી જાત ને ?"

"ઘેલા છો ઘેલા ? લેવાય એ ? એ વખતે હું કોણ હતો ? એક ગરીબ પંડિત નહિ, પણ મહાન યોગિરાજ, 'યોગિરાજ' એટલે મહાન ત્યાગી, નિસ્પૃહી,મોટા હીરા-માણેકના ઢેરને ય તૃણવત્ ગણનાર. પછી સોનૈયા લેવાય ? એમ લેવામાં તો પછીથી રાજાને ને બીજાને ય યોગીઓ ઉપરથી શ્રદ્ધા જ ઊઠી જાય. મનને એમ થાય કે જોગી આવા ને આવા ભિખારડા અને લોભિયા જ હોતા હશે. ત્યારે.

**આપણા એકલાના સ્વાર્થ ખાતર જગતના યોગીઓ ઉપરથી શ્રદ્ધા ઉરાડવાનું કામ કેવું અધમાધમ ગણાય ?**

**જેવો સારો વેશ, તેવો સારો વર્તાવ રાખીએ, તો લોકની શ્રદ્ધા બની રહે.**

દુન્યવી લાભ તો નાશવંત છે; આજે મળ્યો, ને કાલે ઊડી જવાનો પરંતુ લોકને જે અશ્રદ્ધા કરાવી, (૧) તે તો એ બિચારાને જનમ જનમ મારનારી થાય; તેમજ (૨) એના પુત્ર-પૌત્રની ય પરંપરામાં એ અશ્રદ્ધા ઉતરે.

તમે શ્રાવક છો ? તો શ્રાવકપણાનો વર્તાવ બરાબર પાળો છો ? જો ના, તો ભૂલશો નહિ, એ બીજાની કદાચ શ્રદ્ધા ઉરાડવામાં નિમિત્ત બની જાય. માટે થોડો દુન્યવી લાભ જતો કરીને અરે ! નુક્સાન વેઠી લઈને પણ શ્રાવકને છાજતા બોલચાલ રાખજો. બીજા જીવોની ખૂબ દયા રાખો. એ જીવો બિચારા કર્મપીડિત તો છે જ, એમાં માંડ ધર્મશ્રદ્ધા-ગુરુશ્રદ્ધા પામ્યા હોય, એને તમે એવા અનુચિત વર્તાવ અનુચિત બોલથી એની શ્રદ્ધા ડગમગવાનું નિમિત્ત ન આપશો. નહિતર એ ભયંકર નિર્દયતા થશે.

પંડિતાણી કહે, તમારી ફિલસુફી સાચી પરંતુ અહીં પૈસાની જરૂર છે એનું કેમ ? છેવટે પાંચ સોનૈયા રાખી બાકીના ન લેવામાં નિસ્પૃહતા તો બતાવી શકાત ને ? સામાને કહેવાય ને કે તમારા બહુ ભાવ છે તો લ્યો પાંચ લીધા ?'

પંડિત કહે, ભોળા માણસ છો, યોગી કોને કહેવાય એ જાણતા નથી ? યોગી તો સંસારના ત્યાગી, એને લેશમાત્ર ન સ્ત્રીનો સંગ, ને નહિ પૈસાનો સંગ નહિતર ભોગીમાં ને યોગીમાં શો ફરક ? સામાના મન પર યોગી તરીકેની છાપ પાડવી હોય તો જેમ કામિનીને સહેજ અડાય પણ નહિ, તેમ લેશ પણ કંચનને અડાય નહિ. આપણી સહેજ લાલચ ખાતર ભારતના સાચા યોગીની છાપને ધક્કો ન પહોંચાડાય.

પંડિતાણી બિચારી શું બોલે ? અંતે એ કહે છે કે તમારી વાત સાચી પરંતુ અહીં હાલ્લા કુસ્તી કરે છે એનું કેમ ?

**પૈસા શી રીતે ઊભા કરવા ? :-**

પંડિત કહે મુંઝાશો નહિ. તમારે પૈસા જોઈએ છે ને ? જુઓ રાજાને ઉપદેશના બે અક્ષર એવા કહ્યા છે કે કદાચ એને હવે જંપ નહિ હોય. એટલે યોગીની ભાળ મેળવવા ઢંઢેરો પીટાવશે એમાં તમારું કામ થઈ જશે. ધીરજ રાખો.

પંડિતાણી ગભરાઈને કહે, એટલે શું મારે તમારી ભાળ આપી તમને છતા કરવાના ? ઘેર ગયા એ પૈસા. મારે કાંઈ ભેદ ખોલી તમારા પર જોખમ લાવવું નથી.

અરે બાઈ ! ગભરાઓ ના, એવું કાંઈ કરવાનું નથી. હજી જુઓ તો ખરા કે શું બને છે ને શું કરવાનું છે ?'

પંડિતે પત્નીને ઠારી, એટલે હવે એ રાહ જુએ છે કે જોઉં ત્યારે, શું બને છે એ'.

ઋષિદત્તાના જે પ્રસંગ પર આ વાત ચાલી છે એ ભૂલતા નહિ એણે કામચલાઉ યોગીનો વેશ પહેર્યો છે; ને રાજકુમાર કનકરથ એના તરફ આકર્ષાઈ ગયેલો એને લગ્ન-યાત્રામાં સાથે આવવા વિનંતી કરી રહ્યો છે. ઋષિદત્તા આ કહી રહી છે કે અમારે યોગીઓને એવા રાજાનો સંગ રખાય નહિ. નહિતર યોગ ઘવાય. શું આ ?

**પૈસાના લોભ અને લોકવાહવાહની ભૂખમાં ધર્મ વેચાય ? :-**

કામચલાઉ પણ યોગિવેશ ધારણ કર્યા પછી એને છાજતો વ્યવહાર દેખાડવો જોઈએ.

ધર્મનો ભાર માથે રાખવો હોય તો આ ધ્યાનમાં રાખવા જેવી વાત છે આપણે એક જૈન તરીકે ઓળખાતા હોઈએ તો જૈનના કમમાં કમ જગતમાં પ્રસિદ્ધ વ્યવહાર જાળવવા જોઈએ ને ? બોલો જગત જૈનને કેવા ઓળખે છે ? જૈન રાત્રે ખાય ? બટાટા ખાય ? જૈનનાં જમણ રાત્રે હોય ? જૈન છેતરપિંડી કરે ?... કહો જો દુનિયામાં જૈનની પ્રસિદ્ધિ કેવી ? ત્યારે આજે શું ચાલી પડ્યું છે ? ધંધાના નામે, નોકરીના નામે, રાત્રિભોજન છૂટથી કરવાનું ચાલ્યું છે ને ? પૈસાના લોભ ખાતર ધર્મ વેચવાનો ? લગ્નના રિસેપ્શનના નામે રાતના પાર્ટી ! રાત્રિખાઉ જૈનોને ખુશ કરવા ધર્મ વેચવાનો ? જૈન તરીકેનો શો ભાર માથે રાખ્યો ? તમે આવું કરો એટલે એ રિસેપ્શન લેનાર નાનડિયા પછી આગળ શું ચલાવશે એનો વિચાર કરવાનો ખરો ? ના,

**પૈસાનો લોભ અને લોક વાહવાહની કારમી ભૂખ મનને બુઠ્ઠું-ધિઠ્ઠું કરી દે**

**છે, એટલે એ શાનું ખતરનાક પરિણામનો વિચાર જ કરે ?**

**પૈસા વિષયો અને લોકવાહવાહની અનહદ તૃષ્ણા-મમતા ભયંકર છે.**

એ જાતની ખાનદાનીનો ય વિચાર ન રહેવા દે, ધર્મનો ભાર પણ બાજુએ મુકાવી દે; ખતરનાક પરિણામનો ય વિચાર ન રહેવા દે; અને પરલોકનો ભય તો શાનો જ રહેવા દે ?

પૈસાની અનહદ તૃષ્ણા અને મમતામાં મમ્મણ શેઠે પરલોકનો કશો ભય રાખ્યો નહિ; એનું મન જ ધિઠ્ઠું થઈ ગયું, અને મરીને એ સાતમી નરકે ગયો. મોટો ચક્રવર્તી પણ વિષયોના કેફમાં મરી નરકે જાય છે .બ્રહ્મદત્ત-સુભમના શા હાલ થયા ? આજે નવી પ્રજાને પૈસાની, વિષયોની અને લોકમાં વટ મારવાની કેવી ઘેલછા લાગી છે ? એના મન પર કશો કુળની ખાનદાનીનો કે ધર્મનો ભાર ખરો ? પરલોકનો વિચાર ખરો ? પવિત્ર આર્ય સંસ્કૃતિ માટે મમતા ખરી ? જે આર્યસંસ્કૃતિના પ્રભાવે આજ સુધી ભારત દેશ દુનિયાભરના દેશોમાં સૌથી ઉન્નત રહ્યો છે, એને અમે જીવંત નહિ રાખીએ તો બીજું કોણ રાખશે ? એવી દાઝ આજના યુવકો યુવતીઓને ખરી ? એ હોય તો બેફામ વેશ બેફામ વાતો અને બેફામ વિલાસો શાના ચાલે ?

પણ પાશ્ચાત્યોએ આ જાળ પાથરી છે. વિલાયતના મોટા લેખક લોર્ડ મેકોલેએ અહીં બ્રિટિશરોના પ્રારંભિક રાજ્ય વખતે પહેલી યુનિવર્સિટી સ્થાપીને એમાં લોકને ભણવા, પરીક્ષા આપવા, અને ડીગ્રી મેળવી ગૌરવ અનુભવવા રસ લેતા કર્યા, પછી પાર્લામેન્ટને લખ્યું કે અહીં ભારતમાં હવે આપણી ક્રિશ્ચિયન સંસ્કૃતિનો પાયો નખાઈ ગયો છે. કેળવણીનો પાયો ? કે ક્રિશ્ચિયન સંસ્કૃતિનો પાયો ? એમની સંસ્કૃતિનો પાયો; કેમકે લોકોને એમની રીતરસમનો મોહ લાગ્યો; મન એમાં અંજાઈ ગયું. આર્ય દેશની પદ્ધતિઓ રિવાજોની મમતા અને ગૌરવ ઊડવા શરૂ થઈ ગયા. ત્યારે આજે એનાં દારુણ પરિણામ દેખાય છે.

**પ્ર.**- તો પછી આર્ય દેશનો ઉદ્ધાર શી રીતે ?

ઉ.- ઉદ્ધાર આપણા હાથમાં છે.

**થોડા પણ આપણે પવિત્ર આર્ય સંસ્કૃતિની રીતરસમ, શીલસંરક્ષકવેશ, પવિત્ર રિવાજો મર્યાદાઓ અને પવિત્ર આચારને આપણા જીવનમાં જીવંત રાખીએ તો એટલા અંશે આર્ય દેશનો ઉદ્ધાર છે.** થોડા છીએ તેથી ગભરાવાનું નહિ, થોડામાંથી વધારે થશે. એમાં વળી કોઈક યુગપ્રધાન પાકશે ત્યારે મહાન ક્રાંતિ આવશે અને આર્ય સંસ્કૃતિવાળાનું જૂથ વધી જશે. એ ન પાકે ત્યાં સુધી પણ આપણા માથે સંસ્કૃતિલોપનું મહાપાપ ન ચડે એ માટે આપણે સંસ્કૃતિની મર્યાદાઓનું કડક મનથી

પાલન કરવાનું.

ભૂલશો નહિ દુનિયાના વ્યામોહમાં, પૈસા વિષયો અને લોકવાહવાહના લોભમાં આર્ય આચાર-વિચારોને તરછોડવામાં આવે, પણ જીવનમાં કોકવાર એવા કોઈ રોગ કોઈ અકસ્માત કોઈ કુટુંબકલેશ, કે એવી કોઈક બીજી કટોકટીનો યા છેવટે અંતકાળનો પ્રસંગ આવી લાગે છે. ત્યારે પછી ત્યાં એ પૈસા એ વિષયો, કે એ લોકવાહવાહ જીવને કશું આશ્વાસન આપી શક્તા નથી. એ તો આશ્વાસન આપી શકે તો પવિત્ર સંસ્કૃતિને પવિત્ર ધર્મનું પાલન જ આપી શકે. બાકી પશ્ચિમીય વિકૃતિ અને રીતરસમો એ ન આપી શકે. આજે જુઓ છો ને કે હોસ્પિટલોમાં દરદીના અંતકાળ કેવા કરુણ થાય છે ? ત્યાં કોઈ અંતિમ આરાધના કે ધર્મનું જબરદસ્ત આશ્વાસન જીવને મળે ખરું ? ત્યારે છેલ્લામાં છેલ્લી શોધો જીવને નિર્ધારિત મૃત્યુમાંથી બચાવે ખરી ?

શાંતસુધારસ શાસ્ત્ર કહે છે,-

**प्रविशति वज्रमये यदि सदने, तृणमथ घटयति वदने ।**
**तदपि न मुञ्चति हतसमवर्ती, निर्दय-पौरुषनर्ती ॥**
**विनय ! विधीयतां रे श्री जिनधर्मः शरणम् ।**

અર્થાત્ જીવ જો વજ્રમય મકાનમાં પેસી જાય, કે (શત્રુની આગળ બચાવ માટે દીન બની કરે તેમ) મોંમાં ઘાસ લે, તો પણ નિર્દય પરાક્રમ પર નાચતો અને રાય-રંક દેવ કીટ બધા પર સમાનપણે વર્તતો દુષ્ટ યમરાજ એને છોડતો નથી. માટે હે જીવ ! શ્રી જૈન ધર્મનું શરણું લે.

જૈન ધર્મ એટલે વીતરાગના ધર્મનું શરણ લીધું હશે તો એવા પણ યમરાજના આક્રમણને આનંદથી વધાવી લેવાશે ત્યાં સમજ છે કે અહીંથી જવાનું તો નિશ્ચિત છે, આખી દુનિયાને આયુષ્ય પૂર્ણ થયે ઊઠીને ચાલવાનું હોય તો મારે ન હોય ? પરંતુ મેં વીતરાગ ભગવાનના ધર્મનું શરણું લીધું છે, તો મારી દુર્ગતિ હોય નહિ. રોજ બોલું છું.

**"તુજ્ઝ પણામો વિ બહુફલો હોઈ,..... પાવંતિ ન દુક્ખ દોગચ્ચં;"**

પ્રભુ ! તમને કરેલો પ્રણામ અર્થાત્ તમારા ચરણમાં ઝુકાવટ પણ બહુ ફળદાયી છે; જીવો દુઃખ કે દુર્ગતિ પામતા નથી. પૂછો-

**પ્ર.-** પ્રભુના ચરણમાં ઝુકેલાને દુર્ગતિ કેમ નહિ ?

**ઉ.-** જવાબ સીધો છે.

**દુર્ગતિમાં લઈ જનાર છે દુર્ગતિને યોગ્ય હૈયાના મલિન ભાવ.**

**જીવન જીવતાં કઈ મુખ્ય સાવધાની ?**

એટલે હૈયામાં જો વીતરાગ ભગવાનનું શરણ છે, હૈયું વીતરાગના શરણે છે, હૈયું વીતરાગના ચરણે ઝુકેલું છે, તો એવા મલિન ભાવ એમાં આવે નહિ, પછી દુર્ગતિમાં શાનું જવાનું હોય ?

બસ, જીવનમાં મુખ્ય સાવધાની રાખો તો આ રાખજો કે, મારે અંતિમ કાળ વીતરાગ ભગવાનના ચરણમાં ઝુકેલા હૃદયવાળો લાવવો છે, તો તે પૂર્વની ભૂમિકારૂપે જીવન જીવતાં કેવું હૃદય રાખું ?'

એ તો ઊઘાડી વાત છે ને કે અંતકાળ વેદનાવાળો હોય છે તો એવા અવસરે હૃદયમાં શુભ ભાવ ક્યારે આવે ? જીવન જીવતાં સાજે સારે પણ દિલમાં મલિન ભાવો મહલાવ્યા હોય, તો અંતકાળની વેદનામાં સારા ભાવ આવવા સંભવિત છે ? લાખમાં કોઈક એકને જીવનભરના મેલા ભાવ પછી અંતે સારો ભાવ આવી ગયાનો દાખલો ના લેશો. મોટા ભાગે શું બને છે, શું બનવા યોગ્ય છે, એ જોજો.

સાજે સારે, સરખી સ્થિતિમાં ય, હાય પૈસા !' પૈસાની જ ચિંતા, પત્ની-પુત્રાદિના મોહ, માન પાનની ભૂખ, ખાઉં-ખાઉંની લેશ્યા, બીજા પર રોફ રોષ ધમધમાટ.....વગેરે વગેરે મલિન ભાવ રાખ્યા કર્યા હોય, એને શું અંતકાળની વેદના વખતે પૈસા ખતરનાક લાગશે ? પરિવાર એ સંસાર કારાગારના બંધનરૂપ લાગશે ? લોકવાહવાહ દુઃખદ લાગવાની ? ક્ષમા-મૂદુતા મૈત્રી-કરુણા વગેરે દિલમાં ઝગમગવાના ? આશા રાખો મા,

**સાજે સારે સરખી સ્થિતિમાં એ શુભ ભાવો નથી કેળવવા, તો આપત્તિ કે અંતિમ વેદના વખતે એ શાના સ્ફુરે ?**

(૧) પૈસાની છૂટ વખતે દાનના ભાવ નથી, તો પૈસાની તંગી થવા માંડશે ત્યારે એ ભાવ આવી શકવાના ? (૨) સાજે સારે તપના ભાવ નથી તો માંદા પડ્યે તપ કરવાનું મન થશે ? (૩) પત્ની ઘરે છે ત્યાં સુધી થોડો પણ સંયમ પાળવાનો ભાવ નથી, તો પોતે પરગામ જતાં કે પત્ની પિયેર જતાં સંયમ બ્રહ્મચર્ય આનંદથી પાળવાના ભાવ રહેશે ? સાજે સારે સારું નથી કરવું એ તંગી બિમારી અગવડ વખતે સારા ભાવથી શે બનવાનું ? (૪) સામાન્ય સામાન્ય સંયોગમાં પણ ક્રોધ ઉકળાટ સંતાપ કરવાના છે, તો વિશેષ પ્રતિકૂળ વિશેષ અણગમતું બનવા વખતે એ ક્રોધાદિને બદલે ક્ષમા શાંતિ પ્રસન્નતાના ભાવ કયાંથી આવે ?

આવું તો કેટલેય ઠેકાણે વિચારણીય છે.

(૫) પ્રભાતે શાંત શીતળ ખુશનુમા વાતાવરણ હોય છે. એ સાજો સારો અવસર છે. એ વખતે મૈત્રીભાવ, કરુણાભાવ, પ્રમોદભાવ, વૈરાગ્યભાવ, વગેરે

સારા ભાવો ચિત્તમાં નથી લાવવા તો પછી દિવસના ઘોંઘાટ-ગરમી-ધમાલવાળા વાતાવરણમાં એ શુભ ભાવો શે સગા થવાના ?

(૬) સાજે સારે એટલે કે મુનિઓના સંપર્ક મળે છે એવા અવસરે સત્સંગ સાધી હૃદયને નિર્મળ અને તત્ત્વપ્રકાશવાળું નથી કરવું, તો પછીથી એ સંપર્ક વિનાના અવસરે એકલા દુન્યવી વાતો કરનારા સગા-સ્નેહીના જ સંપર્કમાં હૃદય નિર્મળ અને તત્ત્વબોધવાળું શી રીતે કરી શકવાના ?

(૭) અરે ! સાજો સારો અવસર એટલે આ સાધન સામગ્રી-સમજ-અલ્પદુઃખ-અલ્પપરાધીનતાવાળો મનુષ્ય ભવનો સમય એમાં જો પુષ્કળ પરમાત્મસ્મરણ, દેવ-ગુરુભક્તિ, કષાયનો ઉપશમ, તથા દાનાદિ ધર્મની સાધનાઓ નથી કરી લેવી તો પછીથી સાધન-સામગ્રી-સમજ વિનાના અને મહા દુઃખ મહા પરાધીનતાવાળા તિર્યંચ-નરકના અવતારે એ શું થઈ શકવાનું ?

વાત આ છે કે સાજે સારે સારા સંયોગમાં સારા ભાવ કેળવવા સાચવવા વધારવા ખૂબ અભ્યાસ રાખો તો અગવડના મોકે એ ભાવને આવવાનો અવકાશ મળે. પેલો કનકરથ રાજકુમાર આ ઇચ્છે છે કે જો આ યોગિરાજ મારી સાથે હોય તો મન પ્રસન્ન ને શુભ ભાવમાં ઝીલતું રહે. તેથી જ્યાં યોગિરાજે કહ્યું કે અમારાથી તમારી સાથે ન રહેવાય; એમાં તો જનસંપર્કથી અલગ અલિપ્ત એકાંતવાસ જ જોઈએ, ત્યારે કનકરથ હતાશ થઈ દીન બનીને કહે છે, શું આપ જેવા દયાળુ, પુરુષ પણ અમારી પ્રાર્થનાનો ભંગ કરશે ?'

**ઋષિદત્તા-યોગિરાજને પુનઃ વિનંતિ :-**

કુમારને કહેવા છતાં મંત્રીઓ જુએ છે કે આ યોગિરાજ એમ કદાચ ન પીગળે માટે આપણે પણ પ્રાર્થના કરો, તેથી એ પણ વિનંતી કરે છે કે ભગવાન્ ! કુમાર સાહેબનું વચન માનો, એમની વિનંતી માન્ય કરો. અને એમની સાથે રહેવાની કૃપા કરો. આ ક્યાં કાયમ રહેવાની વાત છે ? આ તો કૌબેરી નગરી સુધી જ આવવાની અને પછી પાછા વળી અત્રે આવી જઈએ ત્યાં સુધીની વાત છે. માટે આટલી મહેરબાની કરો;

કુમાર પણ ફરીથી કહે છે. પૂજ્યવર ! આપ સરખા જ્યારે અહીં મને સહેજે સહેજે મળ્યા છે, તો આપનો મને જેટલો સમય સંપર્ક રહે એટલો સમય આધ્યાત્મિક વાર્તાલાપ-વિચારણાને અવકાશ છે; નહિતર આવા સુયોગ વિના એકલા દુન્યવી માણસોના સંપર્કમાં રહેલા અમને એ વસ્તુનો એવો અવકાશ જ ક્યાં ? તેથી આ માટેની મારી પ્રાર્થનાનો ભંગ ન કરો.

આ સાંભળીને ઋષિદત્તા-યોગિરાજ જુએ છે કે આ કોઈ મારે હજી કાયમી યોગસાધના નથી, તેથી હાલ પૂરતું હવે તાણવા જેવું નથી. એક ઉત્તમ પુરુષ તરીકે મારે સામાની પ્રાર્થના સ્વીકારવાનું દાક્ષિણ્ય દાખવવું જોઈએ. તેમજ આ મારી આધ્યાત્મિક વાત વિચાર માટે જ સંગતિ ઇચ્છે છે તો સંગતિમાં મારે કાંઈ સાંસારિક બાબતોમાં પડવાનું છે નહિ; વાતચીત પણ એ અંગે નહિ માત્ર આધ્યાત્મિક જ વાત કરવાની. એમાં એને શુભ ભાવનો લાભ થશે માટે મારે હવે ન તાણતાં સાથે જવું એમ વિચાર કરી સાથે જવા તૈયાર થાય છે.

**વ્રતને દૂષણનો ભય, તો જવાનું કેમ કરે ? :-**

એક સવાલ થાય કે તો પછી પહેલાં જે કહેલું કે રાજાની સંગતિમાં સંયમીને વ્રતમાં દૂષણ લાગે, એનું શું ? એ શું ખોટું ?

આનો ઉત્તર એ છે, ના, ખોટું નહિ, વ્રતને દૂષણનો ભય તો ખરો જ; પરંતુ જો વિશેષ સાવધાનીથી રહેવામાં આવે તો દૂષણ લાગતું અટકાવી શકાય દા.ત. જુઓ કે મોટી સીડી ઉતરતાં અરબડિયું ખાય તો નીચે પટકવાનો અને વિશેષ નુક્સાન થવાનો ભય છે પરંતુ, કાર્યવશાત્ નીચે ઊતર્યા વિના ચાલે એવું જ નથી, તો સાવધાનીથી ઊતરાય છે. અને પટકવાનું તથા મોટું નુક્સાન થવાનું ટાળવામાં આવે છે. એ જ રીતે અહીં જ્યારે દાક્ષિણ્યવશ અને સામાના લાભની દૃષ્ટિએ જવું જ પડે એમ છે, તો વિશેષ સાવધાનીથી સાથે રહેવાય, અને દૂષણ લાગતું અટકાવી શકાય.

આ સૂચવે છે કે ત્યારે એવા સંયોગમાં કેટલી બધી સાવધાની રાખવી જોઈએ. જીવનમાં એવા અનેક પ્રસંગ આવે છે કે જ્યાં કોઈ વિષયોની લાલચ લાગી જાય એમ હોય, કોઈ જૂઠ અનીતિમાં તણાવાનો ભય હોય, કોઈ સદાચારને સહેજ ખોડ ખાંપણ લાગવાનો સંભવ બની આવે એમ હોય, ને એવા પ્રસંગ ટાળી શકાય એમ ન હોય, તો શું કરવું ? શું પ્રસંગ જ ટાળી દેવો ?

દા.ત. આજે મંદિરમાં પ્રભુના દર્શન ચૈત્યવંદન કરતા હોય ત્યાં આજના ઉદ્ભટ વેશવાળી બાઈઓ વચમાં આવીને ઊભી રહે એવા પ્રસંગ બહુ આવે, તો પછી શું દર્શન ચૈત્યવંદન ના કરવા, મંદિરે જવાનું બંધ કરવું ? ના, ત્યાં વિશેષ સાવધાની રાખવી પડે, જેથી પ્રભુદર્શનને બદલે પરસ્ત્રીદર્શનના દોષથી બચી જવાય. સાવધાની આ, કે પ્રભુનાં દર્શન વંદન કરતા પ્રભુને દિલમાં એવા સ્થાપી દેવા કે પછી એવાં લફરાં વચ્ચે આવીને ઊભી રહે કે તરત આપણે આંખ મીંચી મનમાં

જાણે સાક્ષાત્ પ્રભુને જ જોવાનાં, ને સ્તવના ભાવનાનું કામ આગળ ધપાવ્યે રાખવાનું.

એમાં ય પહેલાં દેખાઈ ગયેલ પરસ્ત્રીનાં ઉદ્ભટ ખુલ્લાં અંગનો ફોટો મનમાં ઘૂસે મનને ન પકડે, એ માટે બંધ આંખે મનમાં સામે જોયેલા વીતરાગ ભગવાનની વીતરાગતા ભરી આંખો પર વિશેષ ધ્યાન લગાવવાનું ને એ વિચારવાનું કે આ પ્રભુની આંખ સામે મોટી રૂપવતી ઈંદ્રાણીઓ હતી, પરંતુ પ્રભુને એની સાથે કોઈ લેણ દેણ નહિ કશી જ નિસ્બત નહિ; એટલો બધો પ્રભુને ઉદાસીનભાવ, બેપરવાભાવ અલિપ્તભાવ રહેતો.

**પ્રભુનો અનંત જ્ઞાનમાં આખું ત્રણે કાળનું જગત દેખાતું પરંતુ એક જ હિસાબ હતો કે, મારે ને જગતને શી નિસ્બત ? શો સંબંધ ?' પ્રભુને મન એ નરો વા કુંજરો વા તેથી કોઈ રાગ નહિ દ્વેષ નહિ.**

પ્રભુનો આ ભાવ મનમાં રટાવીએ એટલે પેલો પરસ્ત્રીનો કે એના અંગનો ફોટો તો ક્યાંય અદશ્ય થઈ જાય ! એની કશી અસર મન પર ન રહે. આ સાવ-ધાનીથી કામ લેવાને આજે કાળ આવી લાગ્યો છે. પ્રભુનો ભાવ મન પર રાખવાની અતિ આવશ્યકતા ઊભી થઈ ગઈ છે. દેવદર્શનાદિ પ્રસંગ છોડી શકાય એમ નથી, નહિતર એ છોડ્યા એટલે તો પછી એકલી સાંસારિક ક્રિયાઓ પ્રવૃત્તિઓની જ લોથ માથે લાગવાની એમાં એકલા અશુભ ભાવોમાં ડૂબ્યા રહેવાનું થાય.

**સાંસારિક પ્રવૃત્તિઓમાં પોષાતા અશુભ ભાવોથી બચવા માટે દેવદર્શનાદિ શુભ અનુષ્ઠાનો છે.**

માત્ર એમાં જ્યાં વિષય પ્રસંગ ઊભા થાય ત્યાં રાગ-દ્વેષ વગેરે ખરાબ ભાવોમાં કેમ તણાઈ ના જવાય એની પાકી સાવધાની રાખવી જોઈએ. બાકી કાંઈ એવા પ્રસંગના ભયથી સારું આચરવાનું મૂકી ના દેવાય.

માથે વાળ રાખવામાં જૂ-લીખ-ખોડો થવાનો ભય છે, પણ તેથી કાંઈ વાળ જ ન રાખવા એવું નથી કરાતું કિન્તુ સાચવણી રખાય છે, જેથી જૂ-લીખ-વગેરેથી બચી જવાય, એવું સારી વસ્તુ આચરતાં સાવચેતી સાવધાની રાખીને રહેવાનું છે.

ઋષિદત્તા હવે આ જોઈ રહી છે કે કુમારનો આટલો બધો આગ્રહ છે. તો એમાં એનું આધ્યાત્મિક મન સાચવવાનો સારો મોકો છે; અને જે ભય છે કે વ્રતને કદાચ દૂષણ લાગે તે તો હું બીજી કશી તથામાં પડું નહિ. તેમ મારા તત્ત્વ-ચિંતન ભગવદ્ભક્તિ વગેરેમાં લયલીન રહું તેથી અટકાવી શકાય એમ છે. કુમાર સાથે કે બીજા સાથે એની દુન્યવી વાતોમાં મારે પડવાનું જ નહિ પછી શી ચિંતા ?

વળી ઋષિદત્તા એ પણ જુએ છે કે મારા સંપર્કમાં કુમારના શુભ ભાવ

વધતા રહેવાથી વળી કોઈક એવો જ અવસર આવી લાગ્યો તો મારા માથે ચડેલા કલંકનું કદાચ નિરાકરણ પણ મળી જાય. એથી મારા પિતાજીનું પણ સારું દેખાય, ને બીજી સુશીલ નારીઓ અંગે મારા કલંકપ્રસંગથી લોકમાં શંકા અવિશ્વાસ વગેરે થતું હોય તે પણ ટળી જાય.

એ બધો વિચાર કરીને ઋષિદત્તાએ કુમારની સાથે જવાનું મંજુર કર્યું.

**કૌબેરી નગરીએ કુમાર :-**

કનકરથ રાજકુમાર અને એના પરિવારને એથી ખૂબજ હર્ષ થયો. બસ, બધા ત્યાંથી હવે આગળ પ્રયાણ કરે છે એમ કરતાં ઠેઠ કૌબેરી નગરીના નાકે પહોંચી જાય છે. ત્યાંના રાજા સુંદરપાણિને સમાચાર મળે છે, ને એ પોતાની કન્યા રુક્મણીને મનમાન્યો પતિ આવી જવાનો અત્યંત આનંદ અનુભવે છે; અને હવે એના ભારે સામૈયાની તૈયારી કરે છે.

સંસારીને મન સુયોગ્ય જમાઈ મળ્યાનો કેટલો બધો આનંદ હોય છે ? એમ સમકિતીને મન સારા મનમાન્યા ધર્મ ગુરુ આવી મળ્યાનો કેટલો બધો આનંદ રહે ? પછી એમનું સ્વાગત સામૈયું કેવુંક કરે ? સારા જમાઈના સ્વાગતમાં ખર્ચનો હિસાબ નહિ, એમ ગુરુના સ્વાગતમાં નહિ, દિલના હરખની વાત છે. ખંભાતમાં જગદ્ગુરુ આચાર્ય શ્રી વિજયહીરસૂરિજી મહારાજનું રામજીગંધાર શ્રાવકે અતિ અદ્ભુત પ્રવેશ સામૈયું કર્યું; કેમકે એના દિલને આવા ધર્મ ગુરુ મળ્યાનો અતિ હરખ હતો તેથી તો એમના આગમનની વધામણી આપનારને અગિયાર લાખ રૂપિયા વધામણી-દાનના દઈ દીધા ! ત્યારે વિચારો કે સામૈયું કેટલા ખરચે અને કેવુંક કર્યું હશે ? દિલમાં હરખની વાત છે.

**રાજાનું જમાઈ સ્વાગત :-**

અહીં રાજા સુંદરપાણિએ આવો સરસ જમાઈ આવી પહોંચવા પર ભારે ઠાઠથી સામૈયું કરી પોતે જાતે કુમારને લેવા સામે ગયો. કુમાર હાથ જોડી એમને પ્રણામ કર્યા. **'આકૃતિ ગુણાન્ કથયતિ'** એ ન્યાયે કુમારના રૂપરંગ અને ભવ્ય આકૃતિ જોઈ રાજાને અનેરું આકર્ષણ થાય છે. એના મનને એમ થાય છે કે આ તે કોઈ માનવીય પુરુષ છે ? કે દિવ્ય પુરુષ ? એના મુખની કેવી પ્રતિભા ! કેવુ તેજ ! કેવી સુયોગ્યતા દેખાય છે ! ત્યારે આનામાં કેટલા બધા ઉચ્ચ ગુણો હશે ? ખરેખર ! મારે તો માત્ર એક સારો સલાહકાર સહાયક અને આત્મીયજન મળ્યો લાગે છે ! અહોભાગ્ય મારા.'

આ વિષમતાભર્યા ને આપત્તિભર્યા જગતમાં શી ખબર ક્યારે કેવી વિષમતા કેવી આપત્તિ ઊભી થાય ? એવા અવસરે એવા ગુણિયલ સ્નેહાળ અને સમર્થ

પુરુષ આત્મીય જન તરીકે મળ્યા હોય છે, તો એની ભારે હુંફ અને હિંમત રહે છે, એની બહુમૂલ્ય સહાય મળે છે. માટે,

**જગતના જીવનમાં શાસ્ત્ર પણ એવા કલ્યાણ મિત્રના યોગની આવશ્યકતા બતાવે છે. સાથે અકલ્યાણમિત્રનો ત્યાગ પણ એટલો જ જરૂરી બતાવે છે.**

જીવન જીવો છો ને ? ત્યાં આ બે વસ્તુનો પાકો ખ્યાલ છે ને ? એ પ્રમાણે જીવનમાં રાખ્યું છે ને ? ભૂલશો નહિ પળે પળે આ ધ્યાન રાખવાનું છે કે કોઈ અકલ્યાણ મિત્રના ઝપાટામાં ન આવી જઈએ; એવાના સ્નેહમાં વિશ્વાસમાં ન ફસાઈ પડીએ તેમ સારા કલ્યાણ મિત્રનો યોગ ન ચૂકીએ. કલ્યાણમિત્ર તરીકે નિશ્ચિત થઈ ગયા પછી એના પર અનહદ સ્નેહ આદર અને વિશ્વાસ ધરીએ, જેથી એ આપણા હિતની પૂરી ચિંતા રાખે, આપણને ચાહીને અવસરે અવસરે કલ્યાણ પ્રેરણા કલ્યાણસલાહ આપ્યા કરે, જીવનભરનો એ આત્મીય જન બન્યો રહે આ સાવધાની ખાસ રાખવાની. જેથી ક્યારેય એની સાથે બોલી બગાડાય નહિ.

રાજાને કનકરથ જમાઈ મળ્યાનો આટલા માટે પરમ આનંદ છે કે મને ભાવી માટે હવે એક સાચો સલાહકાર કલ્યાણમિત્ર મળે છે. ધામધૂમથી નગર વચ્ચેથી કુમારનું ભવ્ય સામૈયું ફેરવી લઈ આવે છે; રાજા ભવ્ય સામૈયું કરે, પોતે એમાં સાથે જોડાય, ત્યારે એના મંત્રીઓ વગેરે અમલદારો તથા નગરવાસી માટે, શેઠ સાહુકારોની એમાં હાજરીનું પૂછવું જ શું ? આ બધાની સાથે મોટા હાથીના હોદ્દા પર કુમારને લઈ આવે ત્યાં એનું કેટલું બધું સન્માન ? નગરવાસીઓને દેખતાં એના માટે કેટલું બધું માન ઊપજે ? એ કેવા એને ધારી ધારીને અને હરખી હરખીને જુએ ? કેવા એના ગુણ ગાય ? કેવા ઓવારણાં લે ?

આ બધો કુમારનાં પુણ્યનો પ્રકર્ષ છે. નાસ્તિકોને ભલે પુણ્ય-પાપ ન માનવું હોય પરંતુ આ જગતમાં હકીકતે બંને ગુણિયલ છતાં એકને મહા માન મળે ને બીજાને અપમાન મળે એની પાછળ પુણ્ય અને પાપ જ કારણભૂત છે. હોશિયારી ન હોય છતાં માન મળે છે, અને હોશિયારીનાં અપમાન થાય છે. એવું ય આ જગતમાં દેખાય છે. ત્યાં પૂર્વનાં પુણ્ય-પાપ સિવાય બીજું શું કારણ કહેશો ? કોઈ-વાર સત્તાધીશનાં ય અપમાન-પરાભવ થાય છે. તો સત્તા જ માન અપાવે છે. એવું ય ક્યાં રહ્યું ? આજે પોલિટિકલમાં રાજ્ય ખટપટમાં આ દેખો છો ને ? છતી શ્રીમંતાઈએ આજ સત્તાધીશો તરફથી અપમાન દેખાતા નથી ? તો પૈસા માન જ અપાવે છે એવું ય ન રહ્યું ને ?

**માન-અપમાન પૂર્વનાં પુણ્ય-પાપનો હિસાબ છે, એવું ઘર કુટુંબોમાં ય ઘણું જોવા મળશે.**

**એ પરથી ત્રણ વાત શીખવા જેવી છે.**

(૧) કોઈને માન મળતું જોઈ ઈર્ષ્યા ન કરો.

(૨) જાતનાં અપમાન-પરાભવ પર પ્રભુનાં માન, પ્રભુભક્તિ અને તપસ્યાદિ ધર્મ વધારો. ગુણસંપત્તિ વધારો.

(૩) જાતને માન મળવા પર છકી ન જાઓ, મદ ન કરો; પણ પૂર્વ ભવના ધર્મ-સેવનનો પ્રભાવ માની કૃતજ્ઞતારૂપે પણ ધર્મનું અધિકાધિક સેવન કરો.

**ઈર્ષ્યામાં નુક્શાનો :-**

(૧) બીજાને માન મળતા જોઈ ઈર્ષ્યા કરવાથી શો ફાયદો ? એનું પુણ્ય તપતું હશે ત્યાં સુધી એને માન મળતું જ રહેવાનું છે. એમાં તમારી ઈર્ષ્યા કશી આડ નહિ કરી શકે; ઊલટું ઈર્ષ્યાથી

(i) તમારું મન બગડેલું રહેશે.

(ii) સામામાં રહ્યા સહ્યા ગુણ અને સુકૃતની અનુમોદના ગુમાવવાનું થશે.

(iii) સુંદર મૈત્રીભાવ પણ ગુમાવશે

(iv) જાતમાં અભિમાન પોષાશે, અને નીચગોત્ર કર્મ તથા બીજી પાપપ્રકૃતિઓ બાંધવાનું થશે.

(v) ઈર્ષ્યાથી ચિત્ત બળતું જળતું રહેવાથી છતા સુખનો અનુભવ નહિ, છતા સુકૃતનો તોષ નહિ, અને બીજાં કામો ય બગડવા સંભવ.

આ બધાં નુક્સાન જોઈ ઈર્ષ્યા કોણ કરે ? મનમાં ઈર્ષ્યા ઉઠી આવતી હોય ત્યાં ઝટ આ હિસાબ માંડવાનો કે, "ભાઈ ! એને પૂર્વનાં પુણ્યનો ઉદય છે એટલે એ માન પામવાનો હકદાર છે, તો ભલે એને માન મળો. આસ્તિક હોઈએ તો આત્માનાં પૂર્વ કર્મની માન્યતાને અવકાશ મળવો જોઈએ.

(૨) એમ જાતનાં અપમાન પરાભવ વખતે કરમાઈ ન જતાં કે દીન ન બનતાં આ જ હિસાબ માંડવાનો કે પૂર્વ જીવનમાં જિનભક્તિ નહિ કરી હોય. યા તપ નહિ કર્યો હોય, તેથી અહીં અપમાન પરાભવ મળે છે માટે લાવ એ સાધું, નહિતર આગળ પર પણ પરલોકમાં અપમાન પરાભવ જ જોવા મળશે. તપ કરવો નથી, પ્રભુભક્તિ કરવી નથી, ને માન-સન્માન મેળવવા છે ? જુઓ યાદ હોય તો દેખાશે કે નાગકેતુને પૂર્વ ભવે પટેલના પૂર્વ પત્નીના છોકરા તરીકે નવી માતાથી અપમાન મળતું હતું. ત્યારે શું કરવુ એની સલાહ માગવા ગયો, તો શ્રાવકમિત્રે આ જ સલાહ આપી કે તપ કર પૂર્વ ભવે તપ નથી કર્યો માટે આ અપમાન પામે છે તેમ અહીં પણ નહિ કરે તો આગળ શું એ સમજી લે.'

**કાકા અજિતસેન** ભત્રીજા શ્રીપાળકુમારથી હાર્યા, અપમાન લાગ્યું, તો સંયમ

અને તપના માર્ગ પર ચડી ગયા. એવું જ વૈશ્રવણે રાવણથી હાર ખાતાં કર્યું. **સુંદરીને** ભરતે ચારિત્ર લેતા અટકાવી. સુંદરીને પરાભવ લાગ્યો, તપ પર ચડી ગઈ, ૬૦ હજાર વરસ આયંબિલનો તપ કર્યો. એથી કર્મના વાદળ વિખરાઈ ગયાં, માનભેર ભરતે એને ચારિત્ર અપાવ્યું.

જાતનાં અપમાને પરાભવમાં દીનતાથી શોષાઈ જવું નકામું છે. તપથી તન-મનને શોષી નાખવા જોઈએ, જિનભક્તિથી ધનને શોષી નાખવું જોઈએ.

(૩) એમ જાતને માન મળે ત્યાં મદથી ફૂલાઈ જવું નકામું છે. વિશેષ ગુણ-સુકૃતથી આત્મ-ખજાનો ફૂલવી નાખવો જોઈએ. માન તો આજે છે ને કાલે નથી; એટલે આજે ફૂલાયા, તો કાલે પસ્તાવું પડશે. માન પુણ્યના ઘરનું, ને મદ થઈ પોતાના આત્મામાં કચરો ઘાલવાનો આત્મામાં પાપકર્મ વધારવાના આવો પુણ્ય વેચીને પાપ ખરીદવાનો મૂર્ખ ધંધો શા સારુ કરવો ?

વાત આ છે,- 'માન અપમાન એ પુણ્યપાપના હિસાબ છે' માની દેવ-ગુરુભક્તિ અને તપ વગેરે ધર્મનો પુરુષાર્થ વધારવો જોઈએ.

**રુક્મિણી સાથે લગ્ન :-**

પેલો કનકરથ રાજકુમાર ગુણિયલ તો છે પણ એમ તો ઋષિદત્તા ય ક્યાં ગુણિયલ નહોતી ? પરંતુ એને બિચારીને અપમાન-પરાભવ મળ્યો શું કારણ ? કહો, એને પૂર્વનાં તીવ્ર પાપનો ઉદય આવી લાગ્યો હતો. અહીં કનકરથને પુણ્યનો પ્રકર્ષ છે, તેથી કૌબેરી નગરીમાં ભારે સન્માન મળી રહ્યા છે. લોકોને એમ થાય છે કે વાહ ! રાજાને જમાઈ કેવો સુંદર મળ્યો ! બસ, માન પામતાં પામતાં કુમાર સામૈયા સાથે રાજાએ નક્કી કરેલા આવાસે પહોંચ્યો. રાજાએ ખૂબ ધામધૂમથી પોતાની રૂપાળી કન્યા રુક્મિણીનાં એની સાથે લગ્ન કર્યા; અને હવે જમાઈને થોડો વખત અહીં જ રોકાઈ જવા વિનવે છે.

આપણે જોયું છે કે ઋષિદત્તાની દુર્દશા પછી પરણવાનો એવો રસ નહોતો, પણ પિતાના આગ્રહે પરણવા અહીં આવવું પડ્યું હતું. તેથી પરણ્યા બાદ અહીં રહેવાનો શો રસ હોય ? પરંતુ દાક્ષિણ્ય-ગુણવાળો છે, તેથી પિતાનાં દાક્ષિણ્યની જેમ હવે સસરાનું દાક્ષિણ્ય આડે આવ્યુ; તેથી તરત ચાલી જવાનું માંડી વાળી એ ત્યાં રહ્યો.

તો શું દાક્ષિણ્યમાં એકાંતે ગુમાવવાનું જ હોય છે ?

**દાક્ષિણ્યમાં કુદરતી સંકેત :-**

ના, એમાં પણ કુદરત કેવું ગેબી કામ કરે છે એ અહીં જોવા મળે છે. રુક્મિણીનો પૂર્વ પ્રપંચ અહીં ખુલ્લો થવાનો છે, તેથી અહીં એના પિતાને એ ભેદ

ખુલ્લો થયેલો જોવા મળવાથી જે સુખદ પરિણામ આવે છે એ વસ્તુ દૂર દેશમાં ભેદ ખૂલતાં એના પિતાનાં મન પર કદાચ એવી અસર ન પણ કરે. એ તો કનકરથનું દાક્ષિણ્યથી અહીં રહેવું, અને સસરાને રૂબરૂમાં પોતાની કન્યા રુકમણીનો પ્રપંચ ખુલ્લો થયેલો જોવા મળવો....એ વસ્તુ પર સુખદ પરિણામ નીપજે છે. માટે કહેવાય કે દાક્ષિણ્ય સાચવવામાં હંમેશા એકાંતે ગુમાવવાનું જ હોય એવું નથી, કમાવવાનું પણ હોય છે.

બન્યું એવું કે કનકરથને ઋષિદત્તાના શોકમાં અહીં રહેવાનો રસ નહોતો, તેમ રુક્મિણીમાં પણ એને એટલો રસ હતો નહિ, તેથી રુક્મિણીમાં પણ એને એટલો રસ હતો નહિ, તેથી રુક્મિણી જુએ છે કે કુમાર કંઈક ઉદાસ જેવા રહે છે, માટે એ કુમારની વિશેષ ચાપલુસી કરે છે. કુમાર સૌજન્યવાળો છે. તેથી ઋષિદત્તાના શોકમાંથી મન વાળી લઈ રુક્મિણીના બહુ સ્નેહ આદર માનને તુચ્છકારવાનું ન કરતાં પ્રેમ દેખાડી એને વધાલી લે છે. એનાં મનને એમ થાય છે કે,-

"મારે મારા શોકમાં આ બિચારીને શા માટે હતાશ કરાવી ? શોક છે એ મારું દરદ છે. એમાં આ બિનગુનેગાર નિર્દોષ રુક્મિણીને હતાશાનું દરદ શા માટે કરવું ?

**આપણા દરદમાં બીજાને દરદી કરવા એમાં સુજનતા નથી, સૌજન્ય નથી.**

સુજનતા એ, કે આપણું દરદ આપણે વેઠી લેવું, પણ બીજાને શાંતિ આપવી, શાતા આપવી. આ જગતનાં જીવનમાં આ જ કમાઈ જવા જેવું છે. આપણું દરદ તો આપણા કર્મે ઊભું થયું પરંતુ બીજાને શાતા શાંતિ આપવી એ આપણા પુરુષાર્થની વાત હોય તો એ શા માટે ગુમાવવી ? કર્મ એનો ભાવ ભજવે, આપણે આપણું કર્તવ્ય સંભાળવું, સુકૃત કમાઈ લેવું. ઉદ્યમીઓ ધૂળમાંથી સોનું કમાઈ જાય છે. નસીબે ધૂળ આપી, ઉદ્યમ એમાંથી કિંમતી સોનું કમાવરાવે છે એમ.

**કર્મે ધૂળ જેવા સંયોગ આપ્યા; પણ આત્માની હોશિયારી એ, કે એની વચ્ચે ઊભો, સદ્ ઉદ્યમથી સોના જેવા મૈત્રી, કરુણાભાવ, વૈરાગ્યભાવ, દયાભાવ વગેરે ગુણો ને દાન-વાત્સલ્ય વગેરે સુકૃત કમાઈ લે.**

**ઘરવાસમાં ઉમદાગીરી શી ? :-**

કનકરથ આ વિચારસરણી પર રુક્મિણીના પ્રેમ આદરને ઝીલી પોતાનો પણ સ્નેહ આદર બતાવે છે. જુઓ ખૂબી એને કાંઈ એવો કામરાગ નથી પીડતો, પરંતુ માત્ર સૌજન્યની દૃષ્ટિએ, અને પોતાના દરદની પીડામાં સામાને દરદી ન બનાવવા પણ એને શાતા શાંતિ આપવી એ દૃષ્ટિએ એ હવે રુક્મિણી પ્રત્યે પોતાનો આદર-સદ્ભાવ દેખાડે છે.

ઘરવાસમાં અને લગ્ન જીવનમાં રહ્યા છતાં પણ વાસનાના રાગને દબાવી ઉમદા દિલ રાખવું હોય, તો આ દૃષ્ટિ છે કે સામાને તુચ્છકાર અનાદર ન દેખાડતાં એના દિલને શાંતિ રહે, ઉત્સાહ વધે એ જોવું એ દૃષ્ટિથી ઘરવાસમાં પણ રહેતાં ગુણ મળે. ત્યારે આંધળા વિષયરાગની દૃષ્ટિએ જીવવામાં એકલું પાપ વધે માટે તો.

**ઘરમાં ઝગડા કેમ :-**

જ્યાં આંધળી વિષયરાગની જ દૃષ્ટિ છે અને સામાની સુખશાંતિની દૃષ્ટિ નથી, ત્યાં સામાની કોક ભૂલભાલ થતાં ઝટ ચડભડાટ કરાય છે ઘેર ઘેર માટીના ચૂલા કેમ ? કહો, સામા પાસેથી વિષયસુખ આંચકી લેવાની જ એક દૃષ્ટિ છે, પણ સામા જ્યારે આપણા જીવન સંબંધમાં આવ્યા છે, તો લાવો એમને સુખશાન્તિ આપવી એમાં મારી સુજનતા છે એ દૃષ્ટિ જ નથી નહિતર થોડી થોડી ભૂલભાલ ખમી લઈ સામાને હિંમત ઉત્સાહ આપવામાં આપણે શું બહુ ગુમાવવાનું થાય ? એ ભાન નથી કે

**'બીજાને ઠાર્યા હશે, તો આપણને ઠરવાનું મળશે, ને બાળ્યા હશે તો બળવાનું મળશે.**

સામા આપણું બધું અનુકૂળ જ કરે, આપણું સારું જ બોલે એમાં એને ઠારવાની શી વડાઈ ? એ તો માત્ર વેપારી-સોદો છે.

**સામાના પ્રતિકૂળ વર્તાવ કે બોલમાં ય એને આપણે ઠારીએ, એને સ્નેહ સદ્ભાવ દેખાડીએ એમાં વિશેષતા છે, વડાઈ છે.**

ત્યાં આપણું પારખું થાય કે જીવન જીવીએ છીએ તે કેવું જીવીએ છીએ ? કાગડા-કૂતરાની જેમ આંધળા વિષયરાગનું નહિ. પણ બીજાને ઠારી સુખશાંતિ આપી ધર્મરાગનું ઉમદા જીવન જીવીએ છીએ ખરા ? વિષય રાગની મોંકાણ છે કે મનમાન્યો વિષય જરાક ઘવાયો કે ઊંચા નીચા થઈ જીવન સંબંધી સાથે પણ સંબંધ બગાડ્યા છે. ત્યાં વિચાર નથી કે સામા સાથે જીવન ગાળવું છે, તો એના મનને વારે વારે દુભવી એને હતાશ કરવામાં તું પછી એની પાસેથી શું સારું પામવાનો ?

ગુરુ શિષ્યમાં ય જો ક્યાંક ઝગડો હોય તો એ શાથી ? વિષયરાગની મોંકાણને લીધે. સાધુને વિષયરાગ ? હા, ગુરુના મનને હોય કે શિષ્ય મને સારો કહે, મારી સેવા બજાવે, એ વૃત્તિ વિષયરાગની છે. શિષ્યના મનને હોય કે, ગુરુ મને સારો કહે, મારી અનુકૂળતા મારી યથેચ્છચારિતા પોષે એ વિષયરાગની વૃત્તિ છે. એમાં તણાયા કાંક સામા તરફથી પ્રતિકૂળ થતાં અણગમતું બનતાં, ઝગડો થાય છે. પણ ત્યાં જો સામાને શાંતિ-સમાધિ આપવી એવો ધર્મરાગ હોય તો ચડભડાટ ન થાય બસ,

**ઝગડો મિટાવવાનું આ સૂત્ર, કે વિષયરાગ હટાવી સામાને શાંતિ આપવાનું મુખ્ય પણે જોવું.**

કનકરથ રાજકુમારની આ સુખશાન્તિ આપવાની દૃષ્ટિ છે તેથી રુક્મિણીને પોતાનું શોકનું દરદ ભૂલી, સ્નેહ-સદ્ભાવ દેખાડે છે તો જુઓ એનો લાભ રુકમણી એમાં તણાઈ હવે દિન પ્રતિદિન પતિનો સારો સ્નેહ-સદ્ભાવ દેખી વિચારે છે કે હવે તો પતિ ઋષિદત્તાને તદ્દન ભૂલી મારા અથાગ રૂપ અને ભારોભાર પ્રેમમાં લટ્ટુ બની જઈ મારા પર અથાગ પ્રેમવાળા બની ગયા છે. માટે લાવ, હવે એમનો મારી પૂર્વની યુક્તિપ્રયુક્તિ દેખાડી બતાવું કે ઋષિદત્તાને હટાવવામાં મેં કેવીક હોશિયારી દાખવેલી ! બસ મારી હોશિયારી જોઈ એ મારા પર વધુ પ્રેમવાળા બનશે.

ભૂલી પડી કે નહિ ? ભોળીને કુમારના ઉમદા દિલની પિછાણ છે ? કુમારનો પ્રેમ પરદુઃખભંજન અને પર તુષ્ટિકરણના ઘરનો ઉમદા પ્રેમ છે, ત્યારે આ રાંકડી કુમારમાં પોતાનાં રૂપ અને સ્નેહના ઘરનો અધમ વિષયરાગ જોઈ રહી છે કેમ જાણે કુમાર એના રૂપમાં લટ્ટુ બની ગયો, ને એના પ્રેમમાં લંપટ બની ગયો ! એવું માની લઈ, જુઓ કે, હવે એ કેવીક ભૂલી પડે છે.

રુકમણી એકવાર કુમારને પૂછે છે,- 'સ્વામીનાથ ! જે તમારે પેલી બિચારી ઋષિદત્તા પત્ની હતી તે કેવીક હતી ? સાંભળેલું, કે તમારું મન એનામાં એવું ઠરી ગયું જેથી તમે અહીં આવવા નીકળેલા છતાં અહીં આવ્યા જ નહિ.'

**કુમારની રુક્મિણીનો ઉલ્લાસ વધારવાની સજ્જનતા :-**

આમ એણે ઋષિદત્તાની યાદ દેવડાવતાં કુમારની આંખમાં આંસુ આવી ગયાં; કેમકે ગુણિયલ ઋષિદત્તાના વિરહે દુઃખ ભારે હતું. એ યાદ આવતાં દિલ ગદ્ગદ કરી નાખે. હવે જ્યારે રુક્મિણી એનાં આકર્ષણનું કારણ પૂછે છે ત્યારે એના ગુણોની પ્રશંસા કરવામાં રુકમણીને કદાચ એમ લાગે કે ત્યારે શું હું નિર્ગુણી છું ? અને પછી એનું દિલ દુભાય એટલે ઋષિદત્તાના માત્ર રૂપની પ્રશંસા કરતાં કુમાર જવાબમાં કહે,

એનું તું શું પૂછે ?

એ એવી રૂપાળી હતી કે જગતમાં કોઈ માનવી સ્ત્રી એના તોલે ન આવે. અરે ! સ્વર્ગની મેનકા પણ એની રૂપસંપત્તિ આગળ હારી જાય. પરંતુ હવે જ્યારે એનો વિયોગ જ પડ્યો છે, ત્યારે ભાગ્યયોગે તું મળી ગઈ. અને તું પણ મારે આનંદ-આકર્ષણ કરનારી છે. શું દૂધ વિના પણ એકલી ઘેંસ પ્રીતિકારક નથી બનતી ? બને જ છે. એટલે તું પણ રૂપવાન હોઈ, મારે તું ય સુખકારી પ્રિયા છે.

અહીં રુકમણીએ લાગ જોયો. એ જુએ છે કે ત્યારે પતિને એમ તો મારા ઉપરે ય રાગ તો છે જ. પરંતુ હવે મારે ઋષિદત્તા કરતાં મારા ઉપરે પતિનો રાગ આકર્ષણ વધારવાં. એટલે એ ધીરેથી કહે છે. સ્વામીન્ ! ભલે તમે મારાં રૂપને સુખકારી માનો, પરંતુ તમારા કહેવા હિસાબે ઋષિદત્તાનું રૂપ અસાધારણ સુંદર એટલે તમારા મનને થોડી ટકાવારી તો રહેતી હશે. છતાં એક વાત કહું ?

કુમાર એનો ઉલ્લાસ વધારવા કહે છે, વાહ ! સંકોચ રાખ્યા વિના જરૂર કહે ?'

**રુકમણીની આકર્ષણયુક્તિ :-**

કહેવાનું એ જ કે મારા માટે તમે મનમાં જરા ય ઓછું લાવશો નહિ. કારણ એ છે, કે એ ઋષિદત્તા બહુ રૂપાળી છતાં વનવગડામાં ઊછરેલી, ને એવું ભણેલી ગણેલી નહિ; ત્યારે હું તો શહેરમાં ઊછરીને કળા વિજ્ઞાન વગેરે કેટલું ય ભણેલી ગણેલી, તેમ કોનો કેવો સત્કાર આદર કરવો...વગેરે વિવેક શીખેલી; તેથી આપની એને ન આવડે એવી સેવા ભક્તિ-સન્માન વગેરે કરવાના મને જે કોડ છે તે આજે હું શું કહી બતાવું ? આજે તો રૂપની દૃષ્ટિએ હું એની આગળ લાચારી અનુભવું છું. એમ કહીને એણે માયાથી મોંઢું વીલું કરી હથેલી પર લલાટ ટેકવ્યું. કેવું સ્ત્રી ચરિત્ર છે !

કુમારને લાગ્યું કે રુકમણીના મનને ઓછું આવ્યું છે એટલે સજ્જન અને ઉદાર દિલનો એ એને ઉત્સાહિત કરવા કહે છે, ભલી રે બાઈ ! આમ નીસાસો શું નાખે ? પ્રિયે ! જો રૂપરંગ તો કોઈ ચીજ નથી, પણ જયારે તારામાં સારો વિવેક અને ભણતર છે, ને તું એથી સુંદર સેવા કરવાના કોડ રાખે છે તો મારે મન રૂપ કરતાં એ ઘણું છે. એ હિસાબે અપેક્ષાએ કહું તો તું મને મળી એ સારું થયું માટે નાહક લાચાર ન બનીશ.

કુમાર એનું માત્ર દિલ વધારવા અને હતાશ ન થવા આ કહી રહ્યો છે, પણ એથી કાંઈ ઋષિદત્તા માટે એના પોતાના દિલમાં જરાય ઓછો ભાવ નથી, કિન્તુ રુકમણી માની લે છે કે ત્યારે તો પતિને મન અપેક્ષાએ હું વધારે સારી છું એટલે હવે ખરી હકીકત કહી દઉં તો વાંધો નહિ. એમ ભ્રમણામાં પડી પોતાનો પ્રપંચ કહેવા તૈયાર થઈ જાય છે.

**માણસ પોતાની કિંમત અંકાતાં ફૂલે છે, અને એ ફુલાવામાં ગુપ્ત રાખવા જેવી વાત બોલી નાખે છે.**

કેવી ભૂલભૂલામણી ! એટલે તો ચતુર માણસો સામાના પેટની વાત કઢાવવા એને હોશિયારી ડાહ્યા ભણેલા તરીકે ચડાવે છે, વાહ ભાઈ વાહ કહી એની

ભારોભાર પ્રશંસા કરે છે. બસ, આ પ્રશંસા એને પચતી નથી. એનો એને આફરો ચડે છે. આફરો પછી ગુપ્ત વાતનો ગેસ બહાર કાઢે એમાં નવાઈ શી ? જગતથી બહુ સાવધાન રહેવા જેવું છે. આપણને કોઈએ બહુ માન્યા આપણા ગુણગાન કર્યા, એથી જરાય ફૂલાઈ જવાની જરૂર નથી. નહિતર ફૂલાઈ જઈને ગુપ્ત વાત બહાર કાઢવામાં પછી ભારે વિમાસણ ઊભી થાય છે.

અહીં જુઓ કનકરથ રાજકુમારે તો કાંઈ હોશિયારી નથી ચલાવી; એણે તો માત્ર રુક્મિણી નવનવી પત્ની બનેલી એટલે એનું મન વધારવા ઉત્સાહ આપતાં કહ્યું છે 'અપેક્ષાએ તું મળી એ સારું થયું છે. માટે મને જરાય ઓછું ન લાવીશ. પરંતુ રુક્મિણી ફૂલાઈ ગઈ કે, હવે કુમાર અપેક્ષાએ મને સારી માને છે.' તેથી હવે દિલનો પૂર્વ પ્રપંચ ખુલ્લો કરે છે,-

**રુક્મિણી પોતાનો પ્રપંચ કહે છે.**

એ કહે છે, સ્વામિન્ ! તમે મારા વિવેક ભણતર વગેરે જોતાં અપેક્ષાએ મને સારી માનો છો એ તમારી વડાઈ છે પણ એ તમને ખબર છે કે હું તમને શી રીતે મળી ?

કુમાર હજી પણ એનું મન સાચવવા કહે, તું ગમે તે રીતે મળી, પણ તારા જેવી ભણેલી ગણેલી હોશિયાર અને રૂપાળી મળ્યાથી મારે તો આનંદનો વિષય બન્યો ને ?

રુક્મિણી કહે, એ વાત સાચી, પણ મારે તમારા જેવા સૌભાગ્યવંતા અને ગુણગણના ભંડાર નરરત્નને મેળવવા મહેનત કરવી પડી છે.

**રુક્મિણી પ્રપંચ ખુલ્લો કરે છે :-**

એમાં તને શી મહેનત પડી ? 'અહીં રુક્મિણીએ લાગ જોતાં મહેનત આ, કે...એમ કરીને પોતે ઊભી કરેલ જોગણી અને એણે અજમાવેલો બધો પ્રપંચ કહી બતાવી કહે છે, 'બોલો, મને ત્યારે મહેનત તો પડી જ ને ?'

રુક્મિણી પોતાનો પ્રપંચ કહી રહી હતી ત્યાં સુધી તો કુમારે અંદરમાં ગુસ્સો ઉછળવા છતાં બહારથી ગંભીર ભાવે એ સાંભળી લીધું. પરંતુ પૂરું જાણી લીધા પછી એ ગુણનો ભંડાર અને ગુણનો જ પક્ષપાતી સાંભળીને ક્યાં ઊભો રહે ? એનું દિલ એકદમ ઊકળી ઊઠ્યું, ભવાં ચડી ગયા, અને એનો ભારે તિરસ્કાર કરતાં રાડ પાડીને કહે છે, અરે દુષ્ટ ! ચંડાલણી ! આટલું બધું ભયંકર અપકૃત્ય કરનારી તું ?...'

**ઋષિદત્તાના સાંભળતાં કુમાર રુક્મિણીને તિરસ્કારે છે :-**

આ વખતે ઋષિદત્તા યોગિરાજ બાજુનાં ખંડમાં જ હશે તે આ ધડાકો સાંભળીને અહીં કુમારની પાસે દોડી આવે છે. કુમારના ચિત્તને તો કલેશનો પાર

નથી. એટલે એ તો પેલી રુક્મિણીને આવેશથી તિરસ્કારી રહ્યો છે-

'રે પાપિણી ! તેં જ આવો પ્રપંચ કર્યો ? જોગણીને તેં ઊભી કરી ? ને એની પાસે રોજ ૧-૧ માણસને મરાવી એના લોહીમાંસથી બિચારી ઋષિદત્તાને ઊંઘમાં ખરડાવી ? અરે ? ક્રૂર દિલની ! તને એ નિર્દોષ માણસોની ય દયા ન આવી ? અને એથી વધારે મારી પ્રાણપ્રિયા ગુણિયલ નિર્દોષ મહાસતી ઋષિદત્તાની ય દયા ન આવી તો તેં એના પર મનુષ્યઘાતિનીનું કલંક ચડાવી જમના દ્વારે મોકલી ? બિચારી એ નિર્દોષ નિરઅપરાધી અને નિષ્કલંક છતાં પ્રતિષ્ઠાથી ય ગઈ, અને પ્રાણથી ય ગઈ, આ તારું કેટલું ગોઝારું કૃત્ય ! ઓ નિર્ઘૃણ-હૃદય ! તેં આ કરીને તો તારા આત્માને ભયંકર નરકના ખોળે પટક્યો, અને મને અપાર દુઃખના કૂવામાં ઉતાર્યો !'

કુમારને નિર્દોષ મહાસતી પર વરસેલા જુલ્મનો ભેદ જાણી ભારે વ્યથા છે. રુક્મિણીને આગળ ફટકારતાં કહે છે, 'હાય ! એ ગુણભંડાર અને અનુપમ રૂપવાળી બિચારી ઋષિદત્તા મહાસતીને તેં નામશેષ કરી નાખી ? આવાં ભયંકર દુષ્ટ કર્મ કરનારી તને ધિક્કાર હો હે દુર્ભાગિણી ! કેવળ તારા સ્વાર્થને સાધવા માટે આ તે શું કરી નાખ્યું ? પાપી વૈરિણી ! આ તને આ લોકથી વિરુદ્ધ અને પરલોકથી વિરુદ્ધ અત્યંત નિંદ્ય કાર્ય કરતાં વિચાર ન આવ્યો કે આ લોકમાં કેવો અપયશ અને વિટંબણા મળશે ? તેમ પરલોકમાં ઘોર નરકાદિના કેવા ત્રાસ વરસશે ? એની બીક જ ન લાગી ?

રાજકુમાર કનકરથ આમ રુક્મિણીનો તિરસ્કાર કરી રહ્યો છે; અને જાતે નિર્દોષ ઋષિદત્તાનો રુક્મિણીના માયા-પ્રપંચને લીધે ઘાત થયો જાણી પારાવાર બળતરા અનુભવી રહ્યો છે. હવે તો રુક્મિણીના મોંઢેથી નિશ્ચિત થઈ ગયું ને કે એણે ગોઠવેલી જોગણીનાં જ હત્યારાં કૃત્યો હતાં ? એટલે કુમારને ઋષિદત્તાની નિર્દોષતા નિશ્ચિત થઈ ગઈ. એવી એને હત્યારીપણાનું મહાકલંક ? અને ચંડાળીના હાથે એની હત્યા ? કુમારનું મન ઘૂમ થઈ ગયું છે, હૈયે લ્હાય લ્હાય સળગી રહી છે.

ત્યારે ઋષિદત્તા હમણાં શાંત બેઠી જોયા કરે છે એને વસ્તુસ્થિતિ સમજાઈ જતાં કલંક માથેથી ઊતર્યું એને હરખ થાય છે, પણ કુમારની બળતરા મિટાવવા, પોતે યોગિરાજના વેશમાં જીવતી ઋષિદત્તા જ છે. એ ખુલાસો નથી કરતો; કેમકે હજી એને પ્રગટ થવાનો અવસર નથી દેખાતો.

પેલા પંડિતને પણ એવું જ બનેલું ને ? પત્ની યોગિરાજ પધાર્યાનું કહી એના ગુણ ગાતી હતી છતાં એ વખતે પંડિતે આ કહેવાનું અવસરનું ન માન્યું કે યોગિરાજ હું પોતે જ હતો. એ તો પછીથી પત્ની જ્યારે એને કહેવા માંડી કે આ

તમે અભાગિયાં તે એક દિવસ વહેલા પરગામ નીકળી ગયા અને આવા યોગિરાજનાં દર્શન વિનાના રહ્યા ત્યારે એણે સાચવીને ઘટસ્ફોટ કર્યો કે યોગિરાજ હું પોતે જ હતો.

પંડિતાણી ચોંકી ઊઠી,-'હે ? તમે પોતે ? ત્યારે રાજાનું ભેટણું કેમ ન લઈ આવ્યા ? આપણે આજીવિકાની ચિંતા મટત ને ?

**પંડિત પત્નીને સમજાવે છે :-**

પંડિત એને કહે, તમે ધીરા પડો, યોગિરાજના વેશે ધન લેવાય જ નહિ; નહિતર એ વખતે તો રાજા આપી જાય, પણ પાછળથી ક્યારેક સભામાં કે બીજે ત્યાગ-રાગની વાત નીકળતાં એના મનને એમ થાય કે તો પછી યોગીઓ ય ધન લેતા રાખતા હોવાથી ત્યાગી નહિ, પણ રાગી જ હોતા હશે...આમાં સારા અનેક ત્યાગી યોગીઓ માટે એને ખોટો ખ્યાલ બંધાય; અને એવા રાજા જેવા મોટા માણસો દ્વારા સાચા યોગીઓ પર કલંક ચડાવવું રાગીનો આરોપ ચડાવવો, એ કેટલું ભયંકર દુષ્કૃત્ય થાય ? પૈસા શી મોટી ચીજ છે ? પૈસા મળ્યા તે તો કાલે જતા રહેવાના, પણ આ સાચા યોગીઓ પર ચડેલા કલંક એમ જ રહી જાય, ને એથી લોક એમનો લાભ ન લે. આ દુષ્કૃત્યના ગોઝારા સંસ્કાર અને જાલિમ પાપ આત્માના માથે સીલપેક ઠોકાઈ જાય ! એ જનમ જનમ દુર્ગતિના કારમા દુઃખોમાં રીબાવે અને કારમાં પાપ કરાવે, માટે...

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"  વર્ષ-૨૧,અંક-૨૬,તા.૨૪-૩-૧૯૭૩**

**પૈસા ખાતર ગોઝાર પાપ કરવાં એ મહામૂર્ખતા છે, મહાક્રૂરતા છે, અંતરમાં ધર્મ સામે બળવો છે.**

તમે જ કહો, યોગીઓ પર કલંક ચડવામાં નિમિત્ત બની પૈસા લેવા સારા ?"

પંડિતાણી કહે, 'ના, એ તો સારું નહિ. પણ તો પછી આપણે પૈસા વિના જીવનનિર્વાહ શી રીતે કરીશું ?'

પંડિત કહે, 'ફિકર ન કરો રાજા યોગીની જે ત્યાગવૃતિ જોઈને ગયો છે તથા જે સાંભળી ગયો છે, એથી એને જપ નહિ વળે. એમાં તમારી ચિંતા ટળશે. જુઓ તો ખરા કે શું થાય છે.'

અહીં પંડિત રાહ જુએ છે, ત્યારે ત્યાં યોગિરાજ ઋષિદત્તા પણ ધીરજ ધરી બેઠી છે, જોવા કે હવે શું થાય છે.

**કનકરથનો આપઘાતનો નિર્ણય :-**

કનકરથ રાજકુમાર કલ્પાંત કરી રહ્યો છે. એમ કરતાં સવાર પડી મન પરથી શોક ઓછો થવાને બદલે વધી ગયો છે. એને એમ થાય છે કે આવી નિર્દોષ ઋષિદત્તાનો ઘાત થવા દીધો, એના પિતાનું એને પાળવાનું વચન પાળ્યું નહિ અને મહા પવિત્ર આત્મા આ જગત પરથી નિર્બળતાએ ઊડી ગયો, તો પછી હવે મારે જીવવું નકામું છે.

'બસ, એમ વિચાર કરીને તરત પોતાના માણસોને કહે છે કે જાઓ નગર બહાર કાષ્ઠની ચિતા ખડી કરો. હું હવે જીવી શકવાનો નથી. અગ્નિસ્નાન કરીશ.'

માણસો ચિઠ્ઠિના ચાકર; તે કડક હુકમ થતાં બહાર જઈને લાકડાની મોટી ચિતા બનાવી દે છે છતાં હજી ઋષિદત્તા કાંઈ બોલતી નથી શું પતિને બળી મરવા દેવો છે ? ના, પણ એને અવસર જોવો છે કેટલી ગંભીરતા ! કેટલી દુરદેશિતા ! **અનવસરનું ટપકી-પડવું એના કરતાં ધીરજ ધરવામાં લાભ છે.** એ સમજે છે કે પતિ ઠેઠ ચિતા ઉપર બેસી જાય, તો ય એને ત્યાંથી ઊભો કરી દેતા શી વાર ? જરાક મૂળ સ્વરૂપે દર્શન આપુ એટલી વાર. મારો નાશ થવા પર તો એને બળવું છે; તે મને જીંવત દેખે એટલે મરે ? ના મરે.' ઋષિદત્તા એમ ગંભીર બની ધીરજ ધરી બેઠી જોયા કરે છે.

**રાજાને યોગિદર્શનની ભાવનાઃ-**

પંડિત પણ પત્નીને ધીરજ ધરી બેસવા કહે છે. ત્યાં પેલા રાજાને પેલો યોગી મનમાં વસી ગયો છે, મહેલમાં ગયો, પણ મન યોગીમાં છે;- 'વાહ કેવા નિસ્પૃહી યોગિરાજ ! સોનૈયાના ઢગલાની સામે પણ ન જોયું ! બહુ આગ્રહ છતાં મેવા-મિઠાઈનો પણ સ્વીકાર ન કર્યો ! જગતમાં આવા નિષ્કામ યોગી કેટલા જોવા મળે ? આવા ત્યાગી મહર્ષિનું દર્શન મળવાનું મારું સૌભાગ્ય ?

એવાનાં દર્શન કરીએ એટલા ઓછાં. દર્શને પાપ જાય...'આમ રાત્રિના રાજા વિચાર કરી રહ્યો છે.' સવારે યોગિરાજના ફરીથી દર્શન કરીશ ' એમ ઝંખી રહ્યો છે.

રાજાને વળી આ ભાવના ? એને શી કમીના છે ? રંગરાગ વિષયવિલાસ, સત્તા-સન્માન, ને ધનના ઢગલા વગેરે ક્યાં ઓછું છે કે એમાં મહાલવાનાં બદલે યોગિરાજનાં દર્શન ઝંખે ? પરંતુ એને જે સત્વ-અર્ક-કસ યોગીમાં અને યોગિ-દર્શનમાં દેખાય છે એ રંગરાગ વગેરેમાં નહિ. આવા ઊંચા બુદ્ધિના ભવમાં જેની દૃષ્ટિ વિષયોમાંથી ઊઠી ઊંચે જાય છે. એને કસ રંગરાગમાં નહિ પણ તત્ત્વદાતા ગુરુયોગમાં દેખાય છે. તમે જ બોલો,

**રસ શેમાં ? દેવ-ગુરુ-સમાગમમાં ? કે ધનમાલ-મજામાં ?**

ભૂલતા નહિ, ધનમાલ તો કીડીઓ ય ભેગો કરવા મથે છે. ને મજા તો કાગડા-કૂતરા ય વિષયવિલાસમાં માને છે. પણ માનવભવે આવ્યા પર એવા જીવો કરતાં કક્ષા ઊંચી મળી જેને લાગે, એ એટલામાં ન રીઝે. એટલું તો એને માત્ર કીડી-કાગડા-કૂતરાનું જીવન જીવવા જેવું લાગે. રસ એ ધનમાલ-મજામાં ન દેખે, પણ ધર્મમાં દેખે, ધર્મદાતા દેવાધિદેવ અને ધર્મગુરુના સમાગમમાં સુયોગમાં દેખે.

શાસ્ત્રે ત્રણ પ્રકારના યોગ કહ્યા છે,-યોગાવંચક યોગ, ક્રિયાવચંક યોગ, ને ફલાવંચક યોગ. એમાં પહેલા યોગાવંચક યોગ તે શું ? આ જ કે ધનમાલ-મજાને બદલે સદગુરુના યોગમાં સંપર્કમાં એવો કસ દેખે કે એ યોગ વંચક ન બને નિષ્ફળ ન જાય પણ અવંચક થાય, સફળ થાય, ઉત્તમ વંદનાદિ ક્રિયાનો લાભ આપનારો થાય એ રીતે સાધે. આ ક્યારે બને ? પ્રથમ પાયામાં સદગુરુયોગમાં કસ દેખે ત્યારે ને ? એમાં કસ જોયો એને ધનમાલ-મઝાના યોગમાં કસ દેખાય ? પૂછો,

પ્ર.- બેમાં કસ દેખે એવું ન બને ?

ઉ.- બંનેમાં કસ એટલે ? ધર્મમાં ય કસ, ને પાપમાં ય કસ, એમ ? અમૃતમાં ય કસ, ને ઝેરમાં ય કસ ? સંયમમાં ય કસ, ને અસંયમમાં ય કસ ? સદાચારમાં ય માલ ને દુરાચારમાં ય માલ ? માંસ-મદિરાના ત્યાગમાં ય માલ અને માંસાહાર મદિરાપાનમાં પણ માલ ? દુશ્મનને પણ ક્ષમા આપવી એમાં ય કસ, ને બિનગુનેગારનું ખૂન કરવું એમાં પણ કસ ? એમ ધન-કુંટુબ-વિષયો અને ગુરુસમાગમ બંનેમાં કસ હોતો હશે ?

કઈ અક્કલે કામ ચાલે છે ? જાલિમ રાગ-દ્વેષ-મોહ કરાવનારા કંચન-કામિનીના યોગ, અને અનંત કલ્યાણકર ક્ષમા-સંયમ-શીલ-વ્રત વગેરે વિકસાવનારા દેવ-ગુરુના યોગ- બંને સરખા ? અમૃત-અફીણ બંને સરખા ? અફીણિયો જ એવું બોલે. કેમકે એને તો અફીણ જ અમૃત લાગે છે. દારૂડિયાને દારૂનું પાન દુગ્ધપાન લાગે છે એટલે એ એમ બોલે કે દારૂ ને દુગ્ધ બે સરખા પણ એ જેમ દારૂડિયાનો બકવાદ ગણાય, એમ આ મોહાંધોનો બકવાદ છે કે ધનમાલ-મઝામાં ય કસ અને સદગુરુયોગમાં ય કસ.

રાજાને મન રાજશાહી માલ-મજામાં જે કસ નથી દેખાતો એવો કસ યોગિરાજના સંપર્કમાં-સમાગમમાં લાગે છે. તેથી ચિંતા કરતો બેઠો છે કે ક્યારે સવાર પડે ને ફરીથી યોગી પાસે જાઉ, સંતસમાગમ કરું ને એમણે આપેલા તત્ત્વવચનનો પરમાર્થ એમની પાસેથી સાંભળું' કયું તત્ત્વવચન ? 'જાગને કે ભવ મેં સોના નહીં,' એ તત્ત્વવચન.

રાજાને ચટપટી થઈ તે હવે જપે ? સવારે દિવાનને બોલાવી કહે છે,

'આપણે યોગિરાજને મળવું છે, તૈયારી કરાવો.' દિવાને પહેલાં તપાસ કરાવી તો માલુમ પડયું કે યોગિરાજ ત્યાં છે નહિ. રાજાને સમાચાર કહેતાં, રાજા ભારે નિરાશ થયો, નીસાસો નાખે છે,'હાય ! આવા મહાન યોગિરાજ ચાલ્યા ગયા ?'

સંતદર્શન-સંતસમાગમમાં કસ દેખ્યા વિના આ નીસાસો હોય ? સંત યોગી ગયા તો ગયા, એમાં ક્યાં માલ ખજાના લૂંટાઈ ગયા છે ? ક્યાં રાણી સાહેબ રીસાયા છે તમને એમ જ લાગે છે ને ? સારું ખટાવનારો દલાલ ચાલ્યો જાય તો જે દુઃખ થાય, એવું સારા આત્મહિતને કમાવી આપનારા ગુરુ જવાનું દુઃખ થાય ? યા હિતશિક્ષા આપનારા બાપ મર્યાનું દુઃખ થવું મુશ્કેલ છે. જેમ તમારે વેપાર ધંધો સારો ચાલતો હોય, ઘરવાળા સારા મળ્યા હોય, 'બાપુજી બાપુજી ' કરનારા છોકરા આવી મળ્યા હોય. ને આ જાહોજલાલીમાં મન ખુશ હોય તો તમને તમારા હિતચિંતક બાપ મર્યાનું દુઃખ મનને પીડતું નથી, એમ અમને ય જો વ્યાખ્યાન સારું વાંચતા આવડતું હોય, ચાર ચેલા સારા સેવાભાવી આવી મળ્યા હોય, ભક્તો વાહવાહ પોકારતા હોય. ને આ જાહોજલાલીમાં મન પ્રસન્ન હોય, તો હિતશિક્ષા આપનારા હિતની ચિંતા કરનારા ગુરુ ગયાનું એવું દુઃખ નહિ લાગે, નીસાસો નહિ પડે 'હાય ! મહાઉપકારી અનન્ય હિતચિંતક ગુરુ ગયા !'

**દુનિયાની જાહોજલાલી ખતરનાક છે. એ જીવન પોતાનામાં લંપટ-આસક્ત બનાવી પોતાના આત્માને ભુલાવે, આત્મહિતકર ગુરુને ભુલાવે, પરમાત્માને ય ભુલાવે !**

ભડકશો નહિ કે હે ? પરમાત્માને ભુલાવે ? હા, એક ગામમાં અમુક સાધુ મહારાજને લાગ્યું કે, 'પરમાત્માની અમુક પરોણા દાખલ બેસાડેલી પ્રતિમા તો દુશ્મનની અંજન કરેલી, એમાં અમારી જાહોજલાલી ઓછી થાય, તેથી રાતોરાત મજુર પાસે એ પરમાત્માની પ્રતિમા ખસેડાવી દીધી. જાહોજલાલી ભૂંડી, લંપટ બનાવી પરમાત્માને ય ભુલાવે. તમે ય એક સારી પૂજા ભણાવી જશ લો ને કે,'આ પૂજા મેં ભણાવી ?'

**પૂજા પરમાત્માના પ્રભાવે ભણાવાઈ ? કે તમારા પ્રભાવે ?**

**શાસ્ત્ર કહે છે બધી જ ધર્મસાધના, અરે એક સારો ભાવ પણ પરમાત્માના પ્રભાવે થાય છે.**

હવે તમે તમારા પ્રભાવથી ધર્મ થયાનું માનો, તો એમાં પરમાત્માને ભૂલ્યા ને ? માનપાનની ને જાહોજલાલીની લંપટતા આ ભુલાવે છે.

**દુનિયાદારી ચલાવતા પરમાત્મા ક્યાં યાદ આવે છે ?** ક્યારે યાદ આવે છે ? ખાતાં ખાતાં ? વેપાર કરતાં ? પૈસા લાવતાં ?

પૈસા પેટીમાં પૂરતાં, બોલો, પરમાત્મા યાદ આવે ખરા કે શું કામ આ લક્ષ્મીને કેદ કરું છું ? જવા દે એને પરમાત્માના ખોળે, પ્રભુની ભક્તિમાં ! ના, 'આવજો આઘા; મારી મહેનતથી મળેલા પૈસા એમ પરમાત્માભક્તિમાં વેડફી નાખવાના ? આવું થાય ને ?

વિષયસુખમાં લયલીન બન્યા સામાયિક-પ્રતિક્રમણ ત્રિકાળ પરમાત્મભક્તિ, વ્રત-નિયમ-તપસ્યા વગેરે ભૂલાય આઘા રખાય છે ને ? શું કર્યું આ ? જાહોજલાલીની લંપટતામાં પરમાત્માને ભૂલવાનું જ ને ? જાહોજલાલી ભૂંડી.

ત્યારે ભરત ચક્રવર્તી, આનંદ-કામદેવ, શ્રેણિક-સુલસા વગેરેની કિંમત છે. દુન્યવી જાહોજલાલીની એવી લંપટતા નથી કે આત્મા-પરમાત્માને ભુલાવે.

મોટા ગૌતમ સ્વામી ગણધર ભગવાનને જાહોજલાલી કેવી ? ચાર જ્ઞાનના ધણી, સ્વયં દ્વાદશાંગીના રચયિતા, છતાં આનંદ શ્રાવકનો સવાલ આવો કે મને આટલું અવધિજ્ઞાન થયું છે તો એ પોતાના જ્ઞાનથી તપાસવાને બદલે ગુરુ શ્રી મહાવીર ભગવાન પાસે પહોંચી જઈ એમને પૂછે છે 'ભગંવત ! ગૃહસ્થને આટલું અવધિજ્ઞાન થાય ?' શું આ ? જાહોજલાલીમાં ગુરુ ભૂલવાના નહિ, દેવાધિદેવ ભૂલવાના નહિ. એ સ્વયં ૧૪૦૦૦ મુનિઓમાં વડેરા, એ જાહોજલાલી છતાં પોતે ગુરુ ભગવાનની ઉપાસનામાં લીન રહેવાનું રાખ્યું છે. ભગવાનને મામુલી પણ પ્રશ્ન પૂછવામાં સંકોચ નથી. કારણકે એ, કે પોતાને મળેલી જાહોજલાલીમાં કસ નથી દેખાતો એટલે એમાં પોતાને આસક્તિ નહોતી ગુરુમાં કસ દેખાય છે તેથી ગુરુમાં મન આસક્ત છે. પછી ગુરુને શું કામ ભૂલે ? આત્મા-પરમાત્માને શું કામ ભૂલે ?

**ભુલાવનારી છે માનપાનાદિ દુન્યવી જાહોજલાલી માટે એ ભૂંડી.**

એ મળી એટલે જો મન એમાં લંપટ છે, તો એ નીસાસો નથી કે, 'હાય ! હિતચિંતક હિતોપદેશક બાપ ગયા ! ગુરુ ગયા !' નિરાંત છે કે ગુરૂ ગયા તેથી શું થઈ ગયું ? એ તો દુનિયાનો ક્રમ છે કે જન્મે તે મરે; આવે તે જાય. એથી કાંઈ આપણા માનપાનને થોડો જ વાંધો આવ્યો છે ?' આવી નિરાત જ હોય એને ગુરુમાં શો કસ દેખેલો ?

વિધવા બાઈને ધણીની હાજરીમાં જે ઠકુરાઈ, માલમિલ્કત પર પ્રભુત્વ અને માન-મર્તબો ન હોય એ જો ધણી મર્યા પછી મળ્યુ હોય તો શું એને નીસાસો પડે ખરો કે 'હાય ! ધણી ગયા ?' ઠીક છે વિષયસુખની એવી ભૂખ હોય તો કદાચ લાગે, પણ તે ય ખરેખર તો ધણી બિચારો મરી ગયાનો કે પોતે હિતચિંતક ગુમાવ્યાનો નીસાસો નથી, પણ વિષયસુખ ગુમાવ્યાનો નીસાસો છે કે 'હાય ! મારું વિષયસુખ ગયું ?' બાકી તો હવે ધણીની જગાએ પોતાને માલમિલ્કત પર

શેઠાણી સાહેબ બનવાનું મળ્યું હોય, છોકરાઓને પણ એની પાસે પૈસા માગવા પડતા હોય, કે છોકરાઓ બાપને બદલે હવે બાને દરેક વાતમાં આગળ કરતા હોય, તો આ જાહોજલાલીના રાગમાં ધણી ગયાનો નીસાસો શાનો થાય ? ધણી ગયા તો ગયા, એમાં માનપાન-ઠકુરાઈને ક્યાં વાંધો આવ્યો ?' જાહોજલાલી ખતરનાક છે એ એવી લંપટતા કરાવે છે કે જેમાં ઉપકારી હિતચિંતક ગયાની ખોટ ન લાગવા દે, એમાં બહુ ગુમાવી નાખ્યું એવું લાગવા ન દે કસ જાહોજલાલીમાં દેખાય એવો બાપ ધણી, ગુરુ વગેરે હિતચિંતકમાં લાગે નહિ.

**બોલો, પાસે દીકરો હોય એમાં કસ ? કે માથે બાપ હોય એમાં કસ? પાસે સારો શિષ્ય હોવામાં કસ ? કે માથે ગુરુ હોવામાં ?**

**ઉન્માર્ગનો ભારે ભય હોય એને માથે આજ્ઞાકારી હોવામાં કસ દેખાય. એ ભય નહિ. તો પાસે કોઈ આજ્ઞાંકિત હોવામાં જ કસ દેખશે, પોતે આંજ્ઞાકિત બનવામાં નહિ.**

'રખે ને હું ઉન્માર્ગે ઘસડાઈ જઉં તો ?' એવો ઉન્માર્ગનો ભારે ભય હોય એટલે સહેજે મનને થાય કે 'કોઈ માથે વડિલ યા ખબરદાર હિતચિંતક પાસે રાખવા દે, જેથી એ મને અવસરે ઉન્માર્ગથી બચાવી લે'આમ પાસે એ રાખવામાં કસ દેખાય. એવો કસ પાસે આજ્ઞાંકિત હોવામાં નહિ દેખાય. દુન્યવી જાહોજલાલી અને મોજમજાહની લંપટતા આ હિસાબ ભૂલાવે છે. એટલે આજના છોકરાને આજ્ઞાંકિત સેવાકારી પત્ની મળતાં એમાં કસ દેખાય છે, પણ આજ્ઞાકારી અને સેવ્ય મા-બાપમાં કસ નથી દેખાતો. તેથી કદાચ સારી પત્ની મરે તો જે શોક થશે એવો માબાપ મરતાં નહિ થાય કે 'હાય ! ઉપકારી અને હિતચિંતક માબાપ ગયાં ?'

પેલા રાજાને આ શોક થયો કે 'હાય ! યોગિરાજ ગયા ? તો પછી એમનાં તત્ત્વવચનનું રહસ્ય મને કોણ સમજાવશે ?' શું હવે એ શોક કરીને બેસી રહે ? ના એણે ચારે કોર ઘોડેસ્વાર દોડાવ્યા, - 'લાવો, યોગિરાજનો પત્તો મેળવી લાવો કે એ ક્યાં ગયા ?' પણ એ યોગિરાજ શાના મળે ? હોય તો મળે ને ? ઘોડેસવારો લાંબે જઈને પાછા આવ્યા, કહે છે 'અન્નદાતા ! યોગિરાજનો પત્તો નથી.'

**રાજાનો યોગી માટે ઢંઢેરો :-**

ત્યારે રાજાએ જોયું કે 'શું યોગિરાજ યોગવિદ્યાથી અલોપ થઈ ગયા ? કે અહીં નગરમાં જ ક્યાંક ગુપ્ત રહી ગયા ?' દિવાનને કહે ઢંઢેરો પીટાવો કે જે યોગિરાજનાં દર્શન કરાવશે એને રાજા દસ હજાર સોનૈયાનું ઈનામ આપશે' દિવાને એ પ્રમાણે નગરમાં ઢંઢેરો પીટાવ્યો; તે આ પંડિતની શેરીમાં પણ જાહેર થયો.

અહીં હવે પંડિતાણીને કહે 'જુઓ, આ તમારા માટે પૈસા આવ્યા. તમે

ઢોલવાળાને કહો કે જાઓ, રાજાને કહો કે હું ધ્યાન ધરીને યોગિરાજનાં દર્શન ત્રણ દિવસ પછી કરાવીશ.'

પંડિતાણી કહે, 'તો ત્રણ દિવસનું શું કામ છે ? આજનું જ કહેવા દો ને'

'અરે ભલા બાઈ ! એમાં તો કદાચ રાજાને વહેમ પડે કે યોગી આના ઘરમાં ભરાયો હશે તેથી તો બાજી ઊંધી પડી જાય.'

પંડિતાણી કહે, 'સારું સારું' ઊઠીને એ ઢોલવાળાને કહી આવી. આવીને એ પંડિતને પૂછે 'તો શું આવું બોગસ ચાલી શકે ?'

**પંડિતની તત્ત્વવાણી**

પંડિત કહે,'આખું જગત બોગસ માયા પર ચાલે છે. આ બધી ધન-માલ-કુટુંબની માયા ક્યાં સાચી છે ? અંતકાળે ઊડી જનારી. એમ ક્યાં એ જીવનું ભલું કરનારી છે, છતાં એ દેખાવ કેવો કરે છે ? જાણે અમે તમારા જ છીએ; તમારા માટે જ છીએ !

**આ માટીની માયા બોગસ નહિ ? છે ખરેખર એ જીવની ? જીવની સાથે ન ચાલે ?**

**માયા જીવની હોય તો જીવનું મોત થતામાં માયા જાય ? જીવની સાથે ન ચાલે ?**

**જીવના ભલા માટેની હોય તો જીવને અધોગતિમાં પડવા દે ? સંસારમાં ભટકવા દે ? જીવની પાસે પોતાની ખાતર અઢળક પાપો આચરાવે ?**

પંડિત પંડિતાણીને પૂછે છે, 'કહો, તમે જ મને જે પૈસા માટે પ્રેરો છો એવો પરમાત્મભજન માટે પ્રેરો તો ખરા ? પૈસાની મમતા કરાવો છો એવી પરમાત્માની મમતા કરાવો છો ? અરે ! એટલું ય કહો છો ખરા કે 'આ તમે મારા પર મોહ ન કરશો, પરમાત્મા પર જ મમતા રાખજો'

**કહો, મારૂં ભલું શું તમારા પરના રાગથી થાય ? કે ભગવાન પરના રાગથી થાય ?**

**જીવનું ભલું માયાના રાગથી ? કે ભગવાનના રાગથી ?**

બસ, ત્યારે સમજી રાખો કે જે માયા જીવના ભલા માટે નથી, એ ભલા માટેનો દેખાવ કરે એ માયા બોગસ છે. જગત આખામાં માયાનું બોગસ ઘણું ચાલી રહ્યું છે. તેથી આ બોગસની નવાઈ ન કરશો. યોગિરાજનો વેશ કરેલો તે ય બોગસ; આટલી કલ્પના નહોતી કે રાજાને આવી ચટપટી થશે. પરંતુ હવે જ્યારે તમારે પૈસાની જરૂર જ છે, તો આટલું બજાવી લેવું પડે છે. બાકી બોગસમાં શી મઝા ?'

પંડિતાણીને સંતોષ થયો, આ નિમિત્તે એને સમજવા મળ્યું કે,'ખરેખર ! આ મારા પતિમાં દેવ વસેલો છે. માણસરૂપે માણસ તો ઘણા હોય છે, થોડામાં ખરેખર માનવ વસેલો હોય; અને બહુ થોડામાં દેવ વસેલો હોય. મારું કેવું અહોભાગ્ય કે આ દૈવી પુરૂષને યોગ મળ્યો કેવી એમની તત્ત્વવાણી ? માયા જીવના ભલા માટે નહિ હું પણ એજ માટીની માયા, તે મારા પરના એમના જીવનું ભલું નહિ, કિન્તુ ભલું તો ભગવાન પરના રાગથી.

**મારામાં ચિત્ત રાખ્યે એમને ચિત્ત પવિત્ર ન બને, સદગતિ ન મળે કે જનમ-મરણની જંજાળ ન મટે. એ બધું તો ચિત્ત પરમાત્મામાં રાખવાથી જ બને.**

ત્યારે મારે પણ ભલું માટીની માયાથી ન થાય, માયામાં ચિત્ત રાખવાથી ન થાય, કિન્તુ પરમાત્મામાં જ ચિત્ત રાખવાથી થાય. પંડિતાણીએ હાથ જોડી પતિનો ગણો ઉપકાર માન્યો કે 'અહો ધન્ય અવતાર તમારો કે તમે મારી આંખ ખોલી !' પેલા રાજાને ઢંઢેરો પીટનાર તરફથી આ પંડિતાણીની તૈયારી જાણવા મળતા ખૂબ આનંદ થયો એને બોલાવી પૂછે છે;

**રાજા અને પંડિતાણી :-**

'બેન ! તું શી રીતે યોગિરાજનાં દર્શન કરાવીશ ?'

પંડિતાણી કહે 'મહારાજા ! મારી તો કોઈ એવી લાયકાત નથી, કિન્તુ યોગિરાજનાં દર્શને ગયેલી ત્યારે મારી ધર્મશ્રદ્ધા અને તત્ત્વ જિજ્ઞાસા વગેરે જોઈ એમને કાંઈક લાગ્યું હશે તે મને કહે કે જો તારે ક્યારેક કાંઈક તત્ત્વનું પૂછવું કરવું હોય ત્યારે ત્રણ દિવસ ઉપવાસ કરી પરમાત્માનું ધ્યાન કરજે, હું યોગવિદ્યાથી આવીને તને જવાબ આપીશ. બસ, આ ભરોસે મને લાગે છે કે યોગી અસત્ય બોલે નહિ, તેથી એ ત્રણ દિવસનાં ધ્યાનથી જરૂર હાજર થશે. ત્યારે હું તમને કહેવરાવીશ, તમે મારા રંકના ઘરને પાવન કરવા તૈયાર રહેજો.'

તો શું તારા પતિ બોલાવવા આવશે ?'

'ના મહારાજા ! એ તો પરદેશ ગયા છે. પણ આજથી ચોથા દિવસની સાંજે આપના સિપાઈને મારા ઘર આગળ ઊભો રખાવજો, એને હું કહીશ એટલે એ આપને બોલાવવા આવશે. આજે સાંજ પછી ધ્યાન શરૂ કરીશ, તે ચોથે દિવસે સાંજે ધ્યાન પૂરું થાય. એ વખતે યોગિરાજનાં દર્શનનો સંભવ છે.'

રાજાના મગજમાં વાત બરાબર બેસી ગઈ કહે છે,- "સારું સારું, તું મને યોગિરાજનાં દર્શન કરાવે તો તારો અનહદ ઉપકાર માનું. મારે પણ તત્ત્વનો સવાલ પૂછવો છે. ગામ બહાર યોગિરાજનાં દર્શને ગયેલ ત્યારે એમણે મારી કશી ભેટ સ્વીકારી નહિ, પણ મને કહ્યું, 'જાગવાના ભવે ઊંઘીશ નહિ' એનું રહસ્ય

સમજવું છે.”

પંડિતાણી કહે ‘ભલે મહારાજા ! તો તો મને પણ જાણવા મળશે.

રાજા ખુશખુશાલીમાં એન ધન આપવાનું કરે છે, પણ શાની લે ? એ તો કહે છે,-

‘મહારાજા સાહેબ ! આમાં પૈસા શાના લેવાના ? આ તો આપે ઢંઢેરો વગર ઈનામનો ફેરવ્યો હોત તો ય હું આપને દર્શન કરાવવા મહેનત કરત. આપ સરખા મોટા રાજ્યના માલિકની આવી સેવા બજાવવાની તક ક્યાં મળે ?’

રાજા પ્રભાવિત થઈ ગયો, પંડિતાણીને રજા આપે છે. એણે ઘરે પતિને વાત કરતાં પંડિત કહે, ‘જુઓ, જોયો ને નિસ્પૃહતાનો પ્રભાવ ?’ કહેવાય છે કે, **‘લેતો લાજે, દેતો ગાજે ’** સ્પૃહાથી લેવા ગયા તો કિંમત ઘટવાની માટે જીવનમાંથી સાર આ ખેંચો,-

**જીવની કિંમત કયાં ?**

**આ દુનિયાના પદાર્થ સ્પૃહા કરવા જેવા નથી, ત્યાગ કરવા જેવા છે.**

માટે તો સ્પૃહા કરી લેનારો લાજે છે, નીચો દેખાય છે, અન`દેનારો ત્યાગ કરનારો ગાજતો યશ પામતો ઊંચો દેખાય છે. તમે ત્યાગ કરો એથી કદાચ તમારે થોડી અગવડ પડે, પરંતુ એમાં જો જગતની દૃષ્ટિએ ઊંચા હોવાનું. જગતને પમાડવાનું, અને જ્ઞાનીની દૃષ્ટિએ ઊંચા આવવાનું મળે છે, તો એ વેપાર કેટલો સરસ ! ત્યાગ ન કર્યો અને જાતે ભોગવી લીધું કે સંગ્રહી રાખ્યું શી વડાઈ ?

ખાધેલું ખોવાઈ તો જવાનું જ છે, સંઘરેલું અંતે મૂકી તો દેવાનું જ છે, તો આ સોદો શું ખોટો કે દેતાં ત્યાગ કરતાં એને આપણે જાતે ખોઈએ, પણ સામેથી જગતનો યશવાદ મળે, જગતને પામવાનું મળે, અને જ્ઞાની તરફથી ઊંચે ચડવાનું પ્રમાણપત્ર મળે ? જીવને એ ઊંચે લાવે છે, ત્યારે લેવાની સ્પૃહા રાખવાનો ધંધો જીવને કનિષ્ઠ બનાવે છે, નીચે ઉતારે છે”

પંડિતની વાત સમજાય છે ?

**જીવન ઊંચુ મળ્યું છે, ઊંચે આવવા કે નીચે ઊતરવા ?**

વહેલી પ્રભાતે ઊઠીને શાંત ચિત્તે આ પ્રશ્ન જાતને પૂછો. તો પછી એના પર સારા વિચારો અને સારા મનોરથો કરવાને અવકાશ મળશે. એકલી લેવાદેવાની જ વાતમાં નહિ, પણ બીજી ઘણી બાબતોમાં આ વિચારાશે કે હું આથી ઊંચે આવું છું, ઉચ્ચ બનું છું ? કે નીચે ઊતરી હલકો બનું છું ? દા.ત. ક્રોધ કર્યો એમાં ઊંચે ચડયા ? કે નીચે ઊતર્યા ? ભલે તમારી દૃષ્ટિએ માની લીધું કે ક્રોધ કરીને મેં મારી ઉચ્ચતા રાખી,’ પણ સામાની દૃષ્ટિએ તો સારા ઊંચા નહિ, પણ હલકા નીચા

લેખાયા. એટલે તો સામાને તમારા પર સ્નેહ સદ્‌ભાવ ન વધ્યો, પણ અભાવ થયો અરુચિ થઈ. ત્યારે ક્રોધનો ત્યાગ વધ્યો, પણ અભાવ થયો અરુચિ થઈ. ત્યારે ક્રોધનો ત્યાગ કરી ક્ષમા રાખો એમાં ઊંચે આવવાનું બને છે.

જીવને ત્યાગ ઊંચે લાવે છે; અહિંસા-સત્ય-નીતિ વગેરે ઊંચે લાવે છે. ત્યારે હિંસા-જુઠ-અનીતિ રંગ-રાગ-ભોગ, એ બધા નીચે ઉતારે છે. જગતમાં અહિંસક પશુઓ-પંખીઓ જે સારા લેખાય છે એ હિંસક નહિ, લોકો પોપટ પાળે છે, કાગડો નહિ, વાઘ-વરુથી ગભરાય છે ગાય-ભેંસ ઘોડાથી નહિ જુઠા બોલા માણસ પોતાના નિકટના સગા હોય, સેવાકારી હોય તોય ગમતા નથી. ત્યારે સેવા નહિ કરનારા પણ સાચાબોલા હોય તો એની કિંમત અંકાય છે જુઠાબોલો કોડીની કિંમતનો; ને સાચાબોલો સો રૂપિયાનો.

જગતમાં જોઈ વળો, દેખાશે કે હિંસા-જુઠ વગેરે દોષ-દુષ્કૃત્યો કરનારો નીચો લેખાય છે. ત્યારે એનો ત્યાગ કરનારો ઊંચો ગણાય છે.

**વિચારો, આ મહાન જીવન ઊંચે આવવામાં ઉચ્ચ બનવામાં વાપરવું છે ? કે નીચે ઊતરવામાં ને અધમ બનવામાં ?**

તમારી જાતે ઉચ્ચતા-નીચતા કલ્પશો નહિ; જગતની દૃષ્ટિએ જોજો,-જગત કોને ઊંચા ને કોને નીચા લેખે છે ?

આ તો હજી જગતની દૃષ્ટિની વાત થઈ, પણ એથી ય આગળ જ્ઞાનીની દૃષ્ટિએ જોવાનું છે કે જ્ઞાની શેમાં ઊંચે આવવાનું ને શેમાં નીચે ઊતરાવનું માને છે? તમે નીચા ઊતરો કે ઊંચા ચડો એમાં જ્ઞાનીને છે કાંઈ લેવા-દેવાનું ? કંઈ એમને નફો-નુકસાન ? ના, જમાલી ઉત્સૂત્ર ભાષણ કરી નીચે ઊતર્યો એમાં મહાવીર ભગવાનને શું નુકસાન થયું ? મેઘકુમાર-ધન્નો-શાલિભદ્ર વગેરે મહા-સંયમ-તપ આરાધી ઊંચે ચડયા એમાં ભગવાનને અંગત શો વિશેષ લાભ થયો ? કશો જ નહિ, છતાં ભગવાન ઉત્સૂત્રભાષણ , રંગરાગ-મોજ, કષાયો, અને હિંસાદિ પાપોમાં નીચા પડવાનું કહે છે, ત્યાગ-સંયમ તપસ્યા-ક્ષમાદિમાં ઊંચા ચડવાનું કહે છે એમાં શો હેતુ છે ? વિચારવું પડે ને ? એકાંત જીવો પર કરુણા સિવાય બીજો કોઈ હેતુ છે ? તો ભગવાનના કહેલામાં મીન-મેખ ફેરફાર છે ?

એટલે જ આ વિચારતા રહો,-

ભગવાને જે કેવળકરુણાથી કહ્યું અને તે પણ ટંકશાળી સત્ય કહ્યું, તે ધ્યાન પર ન લેવાય તો આપણે ડાહ્યા કે મૂર્ખ ?

એમ માનતા નહિ કે 'ભલે અમે ભગવાનની દૃષ્ટિએ મૂર્ખ-અજ્ઞાન-પાગલ ઠરીએ, પણ લોકની દૃષ્ટિએ ડાહ્યામાં ખપીએ એટલે બસ,' આવું માનવામાં શું

ખાટી જવાના ? જોયું ને, લોક પણ આ માને છે કે 'લેતો લાજે, દેતો ગાજે.' લોકમાં ય ક્રોધી વગેરે હલકા પડે છે. ક્ષમાદિમાન સારા મનાય છે વાત આ છે કે પ્રભાતે અને દિવસના પણ આ વિચારતા રહો,-

**આ મહાન જીવન મારે ઊંચા આવવામાં ખરચવું છે ? કે નીચા ઊતરવામાં ? ઊંચે ચડવાનું શેના શેનાથી બનાય ? નીચે ઊતરવાનું શું શું કરવાથી થાય ?**

આ બે વાતનો વિચાર કરતા રહેવામાં મનનો બુદ્ધિનો સદુપયોગ થતો રહેશે. આડાઅવળા ભૂંસા કૂટવામાં મન કથીરનું થઈ જશે, બુદ્ધિ બંઠ થઈ જશે. આજે માણસને આનો વિચાર નથી એટલે આત્મચિંતા ગઈ, અને પરચિંતા વધી પડી, અધ્યાત્મભાવ ગયો, અને બહિરાત્મભાવ જ ફાલ્યો ફૂલ્યો.

**ધર્મનો ઉપદેશ આપનારા પણ જો પોતાની જાતને નીચે ઊતરતી અટકાવવાનું અને ઊંચે ચડાવવાનું વિચારતા નથી તો એ પણ, વાત ધર્મની કરવા છતાં, બહિરાત્મભાવમાં ફસાયેલા છે.**

જ્ઞાની કહે છે 'પારકું શું જુએ ? જાતનું જો નમિરાજર્ષિ ઈન્દ્રને કહે છે,

**'अप्पाणमेव झुज्झाहि, किं ते झुज्झेण बज्झओ ?'**

જાત સાથે લડ, બહારના સાથે લડવાથી શું વળવાનું ? શ્રી ઋષભદેવ ભગવાને અઠ્ઠાણું પુત્રોને આ જ કહેલું, 'ભરત તમને બહારમાં દુશ્મન લાગે છે પણ તમે અંદરના દુશ્મન કામ-ક્રોધ-લોભ-તૃષ્ણા-મદ-અંહકાર વગેરેને નજર સામે લાવો. લડવું હોય તો એ અંદરવાળાની સાથે લડી લો; બહારમાં ભરત સાથે લડીને શું ખાટી જવાના છો ? ક્યાં અમરપટ્ટો અને અનંત સુખ મળવાના હતા ? અંતે કર્મથી હતપ્રહત થઈ હારી જ જવાના; એવા તમે હમણાં ભરતને જીતી લેવામાં શી વડાઈ માનો છો ? ધારોકે બે બકરા લડતા હોય, પણ દૂરથી કોઈ વાઘ તાકી રહ્યો હોય, ત્યાં એક બકરો બીજાને હરાવે એમાં જોનારને શી વડાઈ દેખાય ! અરે ! એ બકરાએ જ દૂરથી વાઘ તાકતો જોઈ લીધો હોય તો બીજા બકરાને હરાવવા શી હામ ભીડે ? એમ અહીં દૂર મૃત્યુ તાકતું દેખાઈ રહ્યું છે, એનાથી હારવાનું નિશ્ચિત છે, પછી અહીં કોકને હરાવવાની હામ ભીડાય ?'

**વાઘ જેવા મૃત્યુથી ઝડપાનારો હું બકરા જેવા બહારના માણસ પર શી તવાઈ કરૂં ?**

**એને હલકો પાડી જાતે વિજેતા બનીને ફુલાવવાનું શું કરાય, જો વાઘ જેવા મોતથી હારી ભયંકર નાલેશી લેવાનો છું ?**

ભગવાન અઠ્ઠાણું પુત્રોને કહે છે 'મહાનુભાવ ! બહારનાની સાથે લડશો અને કદાચ જીવશો તો પણ અંતે મૃત્યુથી તો ભરખાઈ જ જવાના.

કહેશો,-'એ તો કુદરતનો નિયમ જ છે' પરંતુ એ જોવું કેમ ભૂલી જાઓ છો કે બહારનાની સાથે લડવામાં કે બહારની ભાંજગડમાં અંદરવાળા સાથે સોનેરી તક ચૂકી જવાશે. મૃત્યુ આવતાં પહેલાં જ આ તક સફળ કરી લેવાય. મૃત્યુ પછી તો આ તકનું એકમાત્ર માનવજીવન હાથથી ગયું, તે પછી શું કરી શકવાના ? માનવજીવન અંદરવાળા સાથે લડવા મળ્યું છે ? કે બહારવાળા સાથે લડી લેવા ? ભૂલા ક્યાં પડી ગયા કે ભરત સાથે લડી લેવા મેદાને પડવું છે ?'

કેવા સોનેરી સૂત્ર ! 'બહારની ભાંજગડામાં અંદરવાળા રાગાદિ શત્રુ સાથે લડવાનું ચૂકી જવાશે.' વાઘ જેવા મૃત્યુથી હારવાનું જ હોય તો બકરા જેવા જીવ પર શી જીત મેળવવી ?' 'વિજય મેળવવો હોય તો મૃત્યુ પર મેળવો.'

એક સિદ્ધભગવાન મૃત્યુ પર વિજય મેળવી ગયા, મૃત્યુ પાર કરી ગયા છે. બાકી જગતમાં મૃત્યુથી હારવામાં કોઈ બચી શક્યું છે ? લાખ ઉપાયે ક્રોડો ઉપાયે પણ કોઈ બચે ? મૃત્યુ અટકાવવું હોય તો અટકાવી શકાય ? સંદતર અટકાવવાનું નહિ, પણ થોડું આઘું ય ઠેલી શકાય ?

જાણો છો ને કે શ્રી મહાવીર ભગવાનને નિર્વાણ સમયે ઈંદ્રે વિનતિ કરી કે 'પ્રભુ ! આપ કૃપા કરી બે ઘડી આયુષ્ય વધારો તો ભસ્મગ્રહ આપના જીવતાં આપની નજરમાં જ પ્રવેશે તો આપના શાસન-સંઘને ભવિષ્યમાં ઉપદ્રવ ન કરી શકે.'

ત્યારે પ્રભુએ શું કહ્યું ? શું એમ કહ્યું ખરું કે 'ભલે હું બે ઘડી આયુષ્ય વધારી મૃત્યુને બે ઘડી આઘું ઠેલું છું ?' ના પ્રભુએ તો કહ્યું 'ઈન્દ્ર ! આ તારો ખોટો મોહ છે.

**'અસંખયં જીવિયં, મા પમાયએ'**

જીવિત યાને આયુષ્ય અસંસ્કાર્ય છે. એમાં સાંધો ન કરી શકાય. તૂટીની બૂટી નહિ. કોઈ જડીબુટ્ટી એવી નથી કે જે તૂટેલા તૂટતા આયુષ્યને થોડું ય ટકાવી શકે, એમાં સહેજ પણ સાંધો કરી એને વધારી શકે, ને મૃત્યુને સહેજ પણ લંબાવી શકે, અહીં મારે વધારે જીવતા રહી શકાય નહિ માટે મારા સંઘ પર આફત એ તેવી ભવિતવ્યતા જ સમજ.

અનંત બળના ધણી ખુદ ભગવાને ય મૃત્યુને થોડી વાર પણ અટકાવવા અસામર્થ્ય દેખાડ્યું, ત્યાં બીજાના શા ભાર ?

**શાંતસુધારસ શાસ્ત્ર કહે છે,-**

'જીવ મોત આવતું દેખી એથી બચવા માટે વજ્રમય ઘરમાં પેસી જાય અથવા મોંમા તરણું લે, તો પણ નિર્દય પરાક્રમ પર નાચતું મૃત્યુ જીવને છોડતું નથી.

શાસ્ત્ર આગળ કહે છે,-

**विद्या-मन्त्र महौषधिसेवां सृजतु वशीकृतदेवाम् ।**
**रसतु रसायनमुपचयकरणम् तदपि न मुञ्चति मरणम् ॥**

અર્થાત્ દેવોને પણ વશ કરે એવી વિદ્યાની સાધના કરો યા મંત્રની સાધના કરો, કે એવી મોટી ઔષધિ વનસ્પતિ સિદ્ધ કરો, યા શરીર પુષ્ટ-તગડું બનાવનાર રસાયનનો પ્રયોગ કરો, તો પણ મરણ જીવને છોડે નહિ, અહીંથી વિદાય જ અપાવે.

બોલો આમાં શું બાકી રહ્યું ? જે વિદ્યા કે મંત્ર સાધવાથી મોટા દેવ જેવા વશ થઈ જતા હોય, એ વિદ્યામંત્ર પોતાને વશ કરી શકે ? મૃત્યુને વશ કરી ધાર્યા પ્રમાણે એને 'ઊઠ' 'બેસ' 'જા' 'આવ' કરી શકે ?

**વિદ્યામંત્ર દેવને વશ કરે, મૃત્યુને ?:-**

ના; તો શું માણસ એવો ઔષધિપ્રયોગ કરી મોતને અટકાવી શકે ? તો એવા કોઈ રસાયણપ્રયોગથી મૃત્યુને આઘુ ઠેલી શકે ? ના, જગતમાં એવી કોઈ જ વિદ્યા નથી, મંત્ર નથી, જડીબટ્ટી નથી કે રસાયણ નથી કે જે મરણને રોકી શકે, યા સહેજ પણ વિલંબ કરાવી શકે.

મૃત્યુની જો આ નિર્ધારિત સ્થિતિ હોય, એ જો નિશ્ચિત સમયે આક્રમણ કરે એમાં એને કશી જ રોકટોક-ફેરફાર-આડખીલી કરવાનું એને દબાવાનું જીવનું ગજુ જ ન હોય તો જીવ શું જોઈને બહારનાને હરાવવા દબાવવા જતો હશે ?

**આવું નિર્ધારિત મૃત્યુ જીવથી ગમે તેટલું બહારનું ભેગું કરેલું અને પોતાની જ માલિકી નીચે સ્થાપેલું જીવ માટે રદબાતલ કરતું હોય તો શું જોઈને જીવ બહારનું જ ભેગું કરવામાં જિંદગી વેડફી નાખતો હશે ?**

મોટા છ ખંડ, ૩૨ હજાર દેશ અને ૯૬ ક્રોડ ગામ ભેગા કરેલા પણ મૃત્યુ સમયે ચાલી જતા દેખાય છે, ત્યારે એ વખતે જીવની કેવી અશરણ નિરાધાર દશા ! છ ખંડ ની સમૃદ્ધિ અને નવ નિધાન ચૌદ રત્ન ઊભા કરી મૂરખ જીવ એમ માનતો હોય છે કે 'હવે મારે કોની પરવા છે ? મારા માથે કોણ માલિક છે ? હું જ બધાનો સર્વોપરી માલિક. મારે કોઈને શરણે નહિ જવાનું; બધા મારું શરણું લે.' આવું માનતો હોય, પરંતુ જ્યારે મોત અડગપણે આવીને ઊભું રહે ત્યારે એને તો ઘણું ય બચવું હોય, ચારેકોર ફાંફા મારે મોતથી કોઈ મને બચાવે ? પણ છે કોઈ ત્યાં બચાવનાર ? છે કોઈ શરણું આપનાર ? ના,

**મૃત્યુની સામે જીવ અશરણ-નિરાધાર છે.**

સુભૂમ ચક્રવર્તી 'હું આવી મોટી સત્તા-સંપત્તિનો માલિક છું. મારે કોની પરવા ? એમ કહી અભિમાનથી વિમાન વિકુર્વી લ્હાવ-લશ્કર સાથે ધાતકી ખંડના

ભરતના છ ખંડ જીતવા ઊપડેલો, પરંતુ જ્યાં ૧૬૦૦૦ યક્ષદેવતાઓએ એકીસાથે પોતાની કાંધ ખસેડી લીધી અને વિમાન લવણસમુદ્રમાં પડવા લાગ્યું ત્યારે ભાઈના હાંજા ગગડી ગયા. 'અરે ! અરે ! મને કોઈ બચાવો ' એમ શરણું માગવા ગયો, પણ નિર્ધારિત મોતની સામે આખા વિશ્વપર અસ્ખલિત પ્રચારવાળા મૃત્યુની સામે કોણ બચાવનાર છે ? જીવને કોણ શરણું આપી જીવતો રાખી શકે એમ છે ? કોઈ જ નહિ; બિચારાએ જીવન જીવતા પાપો અઢળક કરેલા તે આ જીવન ખોયું તો ખોયું, પણ હવે ફરી મનુષ્ય ભવ તો નહિ, કે નીચે ઊતરીને કાગડા કૂતરાનો ય અવતાર નહિ, અરે ૧લી, ૨જી, ૩જી...નરકેય નહિ, પણ ઠેઠ સાતમી નરકે પટકાઈ પડયો ! કેવો જાલિમ લોભ ! કેટલું ભયંકર અભિમાન ! પણ લોભી-અભિમાની જીવનું મૃત્યુની સામે ને સાતમી નરકમાં પતનની સામે શું ઊપજ્યું ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૧,અંક-૨૭,તા.૩૧-૩-૧૯૭૩**

જીવ જીવન જીવતાં પાપાચરણ કરવામાં પાછું વાળી જોતો નથી, વિષયોના રંગરાગ અને ભોગવિલાસ ઉડાવવામાં મસ્ત પાગલ બને છે, હાય પૈસો ! ની લોથમાં રચ્યોપચ્યો રહે છે લોભ અને અભિમાનના જ શ્વાસ લે છે, ત્યારે એને આગામી મૃત્યુ વખતની અશરણ-દશાનો કશો ખ્યાલ રહેતો હશે ? શું કામ એ ખ્યાલ રાખે ?

બોલો, ક્યાં પાપ સેવતાં, કયો રંગરાગ ઉડાવતાં, ક્યાં ટેસદાર ખાનપાન વખતે, કે ક્યારે વિષયભોગમાં મહાલતાં યા ક્યારે ક્રોધ-લોભ-ગર્વ કે આપમતિમાં ખેંચાતા, તમને આગામી મૃત્યુ વખતની અશરણદશાનો ખ્યાલ આવે છે ? ના,'એ તો પડશે એવા દેવાશે,' એમ જ ને ? પડશે ત્યારે શું દેશો ?

ઋષિદત્તાનું ભૂલી નથી ગયા ને ? કલંક મૂકાઈ આખા ગામમાં હત્યારી તરીકે ફેરવાઈ ત્યારે, અને મસાણમાં એના પર ચંડાળોના ધારદાર લોખંડી ધારિયા ઉગામાયા ત્યારે એના મનને શું નું શું ન થયું ? પડશે ત્યારે દેવાશે ? શું પડશે ? કેવું પડશે ? એના પર ઘોર કલંક અને જીવલેણ આફતના પંજા પડ્યા ત્યારે એનાથી શું દેવાયું ?

**પડશે ત્યારે શું દેવાશે ?:-**

'પડશે એવા દેવાશે' એમ બોલવું સહેલું છે. પરંતુ જ્યા જાલિમ ત્રાસ વરસવો શરુ થઈ જાય ત્યારે વ્યાકુળતા અને હાયવોયનો પાર નથી રહેતો. અહીં જ એક ગુમડું પાકવા પર ચડીને લપકા લેતું હોય, દા.ત-દાઢમાં તીવ્ર કળતર થતી

હોય. આંખ બળું બળું થઈ રહી હોય, કે કાનમાં સણકા જોરદાર મારતા હોય યા પેટ કે છાતીમાં ભારે શૂળ ઊપડયું હોય, ત્યારે કેટલું સહન થાય છે ? આટલામાં પણ 'ઓય વોય' કરનારા તમે તિર્યંચ-નરકગતિના કારમા ત્રાસ અને ભયંકર વેદનાની રિબામણ વખતે શાંતિથી સહન કરશો ? ધણિયાણી જરાક પિયર વધુ રોકાઈ તો આકુળવ્યાકુળ થઈ જનારા માણસ મૃત્યુ સમયે એ આખી ખોવાઈ જતી દેખાશે ત્યારે એનાથી શાંતિથી મરાશે ? થોડા પૈસા, થોડા માલ, કે ચારમાંથી એકાદ દીકરો જતાં શોક-ઉદ્વેગ-કલ્પાંત કરનારા પામરોને અંતકાળે એ બધાથી દેશવટો મળતો જોઈ કશો શોક-ઉદ્વેગ નહિ થાય ?

**જીવન જીવતાં મૃત્યુ વખતની અશરણદશા નજર સામે રાખ્યા કર. તો પાપો-રંગરાગ-કષાયોથી પાછા હટાશે.**

સનત્કુમાર ચક્રવર્તીએ રોગ ફાટી નીકળતાં છ ખંડનો વૈભવી સંસાર કેમ છોડયો ? આ જ સમજીને કે આ રોગ અને પછી મોતમાં જીવની અશરણ નિરાધાર દશા છે.

**તો હવે જે સમૃદ્ધિવિલાસના ઢેર છે તે અશરણ અનાથ દશા હોય, એને શું કામ પકડી રાખવા ?**

એના કરતાં શા માટે ધર્મનું શરણું પકડી સનાથ ન બનવું ?' આએ સમજીને એમણે પાપ સંદતર છોડ્યા અને ચારિત્ર ધર્મનું શરણું પકડયું.

માત્ર મૃત્યુ વખતની અનાથ-અશરણ દશા નહિ. પણ ઘડપણ વખતનીય એવી દશા નજર સામે રાખવાની છે.

'શાંતસુધારસ 'કહે છે,-

**वपुषि चिरं निरुणद्धि शरीरम् पतति जलधिपरतीरम् ।**
**शिरसि गिरेरधिरोहति तरसा, तदपि स जीर्यति जरसा ॥'**

અર્થાત્ શરીરમાં દીર્ઘકાળ સુધી વાયુ-પ્રાણને રોકી રાખે, કે સમુદ્રને પેલે પાર જાય, યા પર્વતના શિખર પર ચડી જાય, તો પણ તે ઘડપણથી જર્જરિત થાય છે.

તાત્પર્ય, દીર્ઘ પ્રાણાયામથી દીર્ઘ આયુષ્ય જીવાય છે એમ કહે છે, પણ તેને ઘડપણ આવે કે નહિ ? ઘડપણમાં શરીર ક્ષીણ થાય કે નહિ ? દીર્ઘ આયુષ્ય જીવાય એનો અર્થ આયુષ્ય વધે નહિ આયુષ્ય તો જેટલું બાંધી લાવ્યા એટલું જ ભોગવવાનું; પરંતુ ટૂંકા શ્વાસોછવાસ વગેરેને લીધે, આગળ જતાં, આયુષ્ય પર ઉપક્રમ લાગી બાકીનાં આયુષ્ય કર્મનાં દળિયા ગુચળું વાળેલી દોરી એકસામટી બળી જાય એની માફક એકસામટા ભોગવાઈ જવાના હોય, તે લાંબી કરેલી દોરી જેમ ક્રમસર બળીને લાંબેકાળે ખત્મ થાય, એની જેમ દીર્ઘ પ્રાણાયામથી આયુષ્ય કર્મનાં દળિયા ક્રમસર ભોગવાતાં આવી એના કાળ પૂરા ભોગવાઈ પૂરા થાય. આમ છતાં વયનાં

પરિપાકથી ઘડપણ તો આવે જ. પૂછો,-

**પ્ર.**- કાયાકલ્પથી નવી જુવાની મળે છે ને ?

ઉ.- એમાં ય શરીનાં ચક્ર અને ધાતુઓ ક્ષીણ તો થાય જ ને ? નહિતર એ મરે શાના ? એ તો દેવતાઈ શરીર કે જેમાં ઠેઠ સુધી યુવાની રહે, ઘસારો જનહિ. ફક્ત છેલ્લા છ મહિના એને નિસ્તેજતા લાગે; બાકી તો તેજસ્વી યુવાની એનું પુણ્ય એવું છે, પણ મનુષ્યને આ ક્રમ-પહેલાં બાલપણ, પછી કુમાર અવસ્થા, પછી યુવાની, બાદ પ્રૌઢતા, અંતે ઘડપણ. એમાં શરીર ક્ષીણતાને પામેલું હોય.

આવા ઘડપણથી કોઈ બચાવનાર છે ? એને અટકાવનાર છે ? ના, જીવ એ બાબતમાં અશરણ છે, એને કોઈ જ એવો આધાર નથી, શરણ નથી, જે એને એથી બચાવી શકે. દરિયા પાર જાય, કે પર્વતના ઊંચા શિખર પર જાય, ત્યાની અહીં કરતાં જુદી જ ખુશનુમા હવામાં રહે, છતાં એ હવા કે બીજું કાંઈ એના ઘડપણને અને એથી નીપજતા ઘસારાને અટકાવી શકે નહિ.

ત્યારે સમજાશે કે કાયા-કલ્પ-રસાયણ-પ્રાણાયામ વગેરે કરનારા ખાંડ ખાય છે, બેકાર કોશીશ કરે છે; મળવાનું કાંઈ નહિ, ઘડપણ અને મોત અટકવાના નહિ.

કોશીશ 'બેકાર' એટલા માટે કે એ ઉપાયો કરવામાં ધન અને સમય જે ખરચ્યા, એને પરમાર્થ યાને આત્મહિત સાધવામાં સારા કામે લગાડી શકાત તે અવશ્ય જર્જરિત થતી અને અંતે અવશ્ય નાશ પામનારી કાયાના હિતમાં ખરચી બરબાદ કર્યા.

જે ઘડપણ અને મૃત્યુની આગળ જીવની અશરણ દશા છે એને અટકાવવાના બાલિશ પ્રયત્નોમાં અમૂલ્ય માનવસમય વેડફી નાખવો, અમૂલ્ય આત્મહિત-સાધના ગુમાવી નાખવી, એ જીવની સરાસર મૂર્ખતા નથી ? દવા ને રસાયણ કાયાકલ્પ ને પ્રાણાયામ શું શરણ બનવાના હતા ? શરણ તો શ્રી જૈન ધર્મ જ બને, એનું ચારિત્ર બને. કેમકે અહીં સેવેલો જૈનધર્મ અહીં સાધેલું ચારિત્ર આગળ માટે ઘડપણનું ઘડપણ અને મૃત્યુનું મૃત્યુ લાવવામાં કામિયાબ કાર્યકર નીવડે છે.

**માણસે, વિવેક હોય તો, આ જોવું જોઈએ કે મારી પુણ્યે મળેલી સામગ્રી, મારો અમૂલ્ય માનવસમય, અને મારી મહાકિંમતી પુરુષાર્થ-શક્તિ જ્યાં લગાવવાથી લેખે લાગે ને ઉચ્ચ ફળને અપાવે, ને અશરણમાંથી સશરણ અવસ્થા બનાવી આપે, ત્યાં જ લાગવાં જોઈએ.**

**બહાર સાથે લડવામાં અંદરવાળા સાથે લડવાનું રહી જાય :-**

માટે કહ્યું બહારના સાથે શું લડો ? બહારનામાં શી ગડમથલ કરો ? અંદરના દુશ્મનની સાથે લડી લો; અંદરવાળાની ગડમથલ કરો. અંદરવાળા છે

હલકટ કામ-ક્રોધ-લોભ અને એની સામે સામે ઉમદા નિર્વિકાર, ઉપશાંત અને નિસ્પૃહ દશા. ગડમથલ આ કરો કે હલકટ ભાવો દબાય, ઉમદા ભાવો વિકસે.

૯૮ પુત્રોને શ્રી ઋષભદેવ ભગવાન કહે છે,'બહારના સાથે લડશો, જીતશો, છતાં મૃત્યુથી તો હાર ખાઈ નાલેશી મળવાની જ છે. અફસોસ આ, કે બહારના સાથે લડવા જતાં અંદરવાળા રાગ-દ્વેષ-તૃષ્ણા-અંહકાર વગેરે સાથે લડવાનું ચૂકી જવાશે; ઊલટું એમને ફાલ્યા-ફુલ્યા કરાશે, અને એ ભાવી અનંત જન્મ અનંત મૃત્યુના ફેરામાં ભટકાવી દેશે ! ત્યારે બહારના સાથે લડવાનું પડતું મૂકી આ અંદરવાળા સાથે લડી એને ખત્મ કરવામાં જનમનો જ અંત અને મૃત્યુ પર વિજય ! એવા મોક્ષમાં સ્થાન કે જ્યાં કદી મૃત્યુ ફરકી શકે નહિ, નવાં જનમ લેવાના જ નહિ.

'જાત સાથે લડો, બહારના સાથે લડવાથી શું વળે ? એવી આ વાત છે કે જાતને ઉપદેશ આપો, એકલો બહારનાને ઉપદેશ આપવાથી શું વળે ?'

**જાતના વિચાર વિનાના પરોપદેશમાં માત્ર પાંડિત્ય છે, જાતનું ઊર્ધ્વીકરણ નથી.**

**આ જ ચોમેર પાંડિત્ય-પ્રદર્શનનું તાંડવ મચી રહેલું દેખાય છે.**

પ્રધાનો ભાષણો ઠોકે છે; છાપાવાળા ડાહ્યા ડાહ્યા લેખ લખે છે; માસ્તરો ડાહી ડાહી વાત કરે છે; કેટલાક સાધુઓ પણ ભરચક ઉપદેશ કરે છે; સમાજના મોવડીઓ બીજાને સારા વર્તવા કહે છે; -પણ બધું બીજાને કહેવાનું જાત માટે શું ? ઈન્કમટેક્ષ-ઓફિસરવાળાઓ લોકને ધમકાવે કે, 'ખોટા ચોપડા લખી સરકારને છેતરો છો ?' પણ જાતે શું ? લાંચ લઈ સરકારને છેતરવાનું ખપે ! છાપાવાળાઓ વેપારીઓને ખાંડે છે કે, 'પ્રજાનું લોહી ચૂસો છો ?' પણ જાતે ? છાપાની વધારે કોપીઓ છાપી ગભરું પ્રજાનું લોહી ચૂસાવી સત્યાનાશ કાઢે એનો વાંધો નહિ !

બસ, બીજાને ઉપદેશ આપવાની, પણ જાતને ઉચ્ચ મહાન બનાવવાનો વિચાર નહિ કરવાની ધાંધલ આજે બહુ ચાલી પડી છે. નમિરાજર્ષિ કહે છે, બહાર લડીને શું કરીશ, જાત સાથે લડ, અવળચંડી જાત સાથે લડીને એને સંયમમાં લાવ, એના કામ-ક્રોધ રાગ-દ્વેષ વગેરે ઓછા કરતો ચાલ.'

ઋષિદત્તામાં આ ડહાપણ હતું. ધરાર સામે દેખ્યું કે,'રુક્મિણીએ જાતે પોતાનો પ્રપંચ ખુલ્લો કર્યો પતિ કનકરથ રાજકુમાર હવે રુક્મિણીને તડકાવી રહ્યો છે.' આમ દેખવા છતાં ઋષિદત્તા પુરુષનો વેશ મૂકી ખુલ્લી પડતી નથી, ખુલ્લી પડી એ ય રુક્મિણી પર તૂટી પડતી નથી કે,'લુચ્ચી ! તો તે મને આમ ભયંકર બદનામ કરી ઠેઠ મોતની સજા સુધી પહોંચાડી ?' ના, એમ તુટી પડવામાં શો લાભ ? હમણા

બીજામાં માથું મારવું નથી. એટલે એ ધીરજ ધરી ઊભી છે, એટલો સંતોષ વાળે છે કે ચાલો, કલંક ઊતરી ગયું, પતિના મનમાં કદાચ મારા માટે હત્યારીપણાની સહેજ પણ શંકા હશે, તો તે નીકળી ગઈ. બાકી આ એક મારાં જ કર્મનું વાદળ આવેલું તે વિખરાઈ ગયું. મારે તો મારી જાતનું જોવાનું રુકિમણીની હલકાઈ જોવાનું કે ગાવાનું મારે શું કામ છે ! એની હલકાઈ પર તુટી પડવાની શી જરૂર છે ?'

જોજો આ એની ઉત્તમતા હજી આગળ વધવાની છે. વાત આ છે કે

**બહારનાનું શું જુઓ ? બહારના સાથે શું લડો ? અંદરનું જુઓ, અંદરવાળા સાથે લડો.**

રોજ પ્રભાતે ઊઠીને અને દિવસના પણ આ વિચાર્યા કરો કે આ મહાન ભવને મારે ઊંચે આવવામાં વાપરવો છે ? કે નીચે ઊતરવામાં ?

**હવે કનકરથ શું કરે છે એ જુઓ.**

કનકરથ આ રીતે ઋષિદત્તા ગુમાવવા પર ભારે ખેદ કરી રહ્યો છે. કનકરથ રાજકુમારે માણસોને ગામ બહાર ચિતા ખડકાવવાનો આદેશ કર્યો, અને પોતે એ અગ્નિચિતામાં પડી બળી મરવા માટે ચાલ્યો. હવે એકજ કલ્પાંત છે કે 'હે ઋષિદત્તા ! મેં મૂર્ખે તારી રક્ષા ન કરી તું જતાં હું કેમ જીવી શકું ?' કુમારના માણસો એને રોકવા ઘણો પ્રયત્ન કરે છે, પરંતુ એ કોઈથી રોકાતો નથી.

આ બધો કોલાહલ સાંભળી એ કૌબેરીનો રાજા સુંદરપાણિ જે રુકિમણીનો બાપ અને કુમારનો સસરો છે, તે ત્યાં ઝટપટ દોડી આવ્યો, ને કુમારને કહે છે, કુમાર ! કુમાર ! આ સુબુદ્ધ મરદ થઈ તમે શું કરો ? એક અબળા જેવું આ કાયરતાનું કામ કરાય ? તમને શોભે ? હવે તમે ઋષિદત્તાને ભૂલી જાઓ.'

પરંતુ કુમાર શે ભૂલી શકે ? માણસની ઉત્તમતા એના મર્યા પછી વધુ યાદ આવે છે.તેથી ઋષિદત્તાની એ ઉત્તમતાને ભૂલવાનું શી રીતે કરી શકે ? રાજાના કહેવાથી પણ રોકાતો નથી, છતાં ઋષિદત્તાની એ ઉત્તમતાને ભૂલવાનું શી રીતે કરી શકે ? રાજાના કહેવાથી પણ રોકાતો નથી, છતાં ઋષિદત્તા ઠંડે કલેજે બેઠી છે. શું પતિ પર ચીડ છે ? એને શું મરવા દેવો છે ? ના, તો કેમ હજી પણ શાંત બેઠી છે ? આટલા જ માટે કે એ હજી અવસર નથી જોતી. જોજો એની ગંભીરતા.

પરંતુ હવે જ્યારે મોટા રાજાનું પણ ન માનતાં ચિતામાં બળી મરવાના નિર્ધારથી રાજકુમાર આગળ ધપી રહ્યો છે ત્યારે એના માણસોને ભારે દુઃખ છે, કલ્પાંતનો પાર નથી. એમનો રાજકુમાર જ મુખ્ય માણસ છે. એની સેવામાં તો એ બધા અહીં સુધી આવ્યા છે હવે એજ જો આમ અકાળે જાતે મૃત્યુને નોંતરતો હોય, અને તે પણ જીવતા બળી મરીને, તો એના પર શોક-આંક્રદમાં શી કમી રહે ?

અહીં માણસોને પોતાની અશરણ નિરાધાર દશા દેખાય છે કે પોતે કુમારને અગ્નિસ્નાનથી રોકી શકતા નથી.

**જગતના જીવનમાં જીવને આવી કેઈ અશરણતાનો અનુભવ કરવો પડે છે.**

તપાસી જોજો જીવનમાં કેટકેટલી બાબતોમાં 'હાય ! આમાં હવે કોઈ ઉપાય નથી,' એમ પાછા પડવું પડે છે, ને લાચારી અનુભવવી પડે છે ? લાચારી સાથે પાછા પડવાનું એ શું છે ? અશરણ નિરાધાર દશા જ ને ? છતાં શું જોઈને અભિમાન થતું હશે કે હું હોશિયાર, હું પુણ્યશાળી, મારી આગળ બધા સીધા,...'શું જોઈને દુન્યવી વિષયો પર ઓવારી જવાતું હશે કે, 'અહો ! કેવી સરસ સગવડો મને મળી છે !'

**પગલે પગલે આપતી અશરણ દશામાં અભિમાન અને આસક્તિથી ઓવારી જવાનું બેકાર ઠરે છે, વાહિયાત ઠરે છે. બેકારના પ્રયત્ન કરવા એ મૂર્ખતા છે.**

અશરણદશા ક્યાં અનુભવમાં નથી આવતી ? ઠામઠામ અનુભવાય છે ચૂલે દૂધ મૂક્યુ હતું, ધ્યાન ન રહ્યું તે દૂધ ઊભરાઈને બહાર નીકળી ચૂલા ભેગું થયું, હવે કેમ ? તો બીજુ શું ? લાચાર, ગયેલું થોડું જ પાછું આવે ? ઘરવાળીને કે છોકરાને કાંઈક કહેવા ગયા, ને એમણે સામે જવાબ ઠોકી દીધો. હવે ? પાછા પડયા લાચારીને પાછા પડવાનું તો આવું કેટલે ય ઠેકાણે અનુભવ્યું, અનુભવી રહ્યા છો. ત્યારે ક્યાંય તમને તમારી અશરણદશા લાગી ? મનને એમ થયું ખરું કે,-

'અહો ! ઠામ ઠામ પાછા પડવું પડે, લાચારી અનુભવવી પડે, તો પછી સંસારમાં આ મારી કેવી અશરણ નિરાધાર દશા ? તો જેમાં આજ યા કાલે પાછા પડવાનું, લાચારી અનુભવવાની એવી અશરણદશા જ હોય, ત્યાં શું જોઈને એવા પદાર્થ પર મુસ્તાક બની અભિમાન કરું છું ? શું જોઈને એના પર આસક્ત બની ઓવારી જઉં છું ? જીવ ! મૂક હવે આ મૂર્ખતાભર્યા અભિમાન અન આકર્ષણ-આસક્તિ અંતે શરણભૂત નિશ્ચિતપણે નહિ બની શકનાર પદાર્થો માટે એમ માનવાનું રહેવા દે કે 'આ હોય તો જ મારું કામ ચાલે; આનાથી જ મને સુખશાંતિ અને ટેકો મળે છે' સડેલાનો ટેકો કેવો ? વ્યાકુળ કરનારથી શાંતિ શી ? ગમે ત્યારે ચાલી જનારથી શું માનવું કે, 'આનાથી જ મારું કામ ચાલે ?

કામ શું ચલાવવું છે ? ઢોરની જેમ સરખું ખાઈપી અને રંગરાગ-આરામ કરી જિંદગીના દહાડા પૂરા કરવાનું કામ ? કામ એટલું જ હોય તો તો બરાબર છે કે બહારના પદાર્થથી કામ ચાલે પરંતુ આ જીવન અધમ પશુંનું નહિ, પણ ઉચ્ચ માનવનું જીવન છે.

**તો પછી ઉચ્ચ માનવભવને યોગ્ય કામ પરમાત્મામાં મન લગાડવાનું છે; એ**

**જડ માયામાં મન લગાડ્યાથી શી રીતે પ્રભુમાં મન લાગે ?**

**આ ઊંચા અવતારનું કામ દાન-શીલ-તપનું છે. એમાં જ મન લગાડવું હોય તો મારે એના વિના ન ચાલે એમ મનાય. પણ પૈસા-વિષયો ખાનપાન વગેરે વિના** ન ચાલે એવું કેમ મનાય ? એના વિના ચાલે એવું થોડું ય મનાય તો તો દાન-શીલ-તપ કરવાની ઉર્મિ જાગે.

**એમ 'સંયમ વિના મારે ન ચાલે'** એમ મનાય તો અસંયમ કરાવનાર સાધન-સામગ્રી વિના ન ચાલે એમ માનવાનું શાનું હોય ?દા.ત. ઘરમાં બહુ ખુરશી ટેબલ વગેરેના સરંજામથી બે પ્રકારે અસંયમ, (૧) જીવજંતુ મરે એ હિંસામાં અસંયમ છે. સંયમનો ખપ હોય તો સરંજામની ઓછાશમાં મન દુઃખી નહિ થાય, ઊલટું આનંદ માનશે કે 'હાશ ! આ લપ ઓછી છે, તો હિંસા અને વિષય-ભોગનો અસંયમ ઓછો થાય છે.'

**બીજાના બંગલા-ફરનીચર-મોટર વગેરે જોઈ દુબળા કેમ પડાય છે ?**

એટલા જ માટે કે જીવનમાં આ એક મુદ્રાલેખ નથી કે 'મારે સંયમ વધાર્યા વિના ન ચાલે' મને એમ માન્યુ છે કે 'આવી સુખસગવડો વિના ન ચાલે શું કરીએ આપણું ભાગ્ય નથી એટલે એ મળતી નથી !' આવું માન્યુ હોય એટલે દુબળા પડવાનું જ થાય ને ? બોલો, નથી માન્યું આવું ? માન્યુ છે, એટલે તો એ જેને ઠીક ઠીક મળ્યું છે એને સુખી સમજો છો, પુણ્યશાળી સમજો છો, પણ જો એના બદલે સંયમ વિના ન ચાલે માન્યુ હોત તો અસંયમના એ વિપુલસાધનો ન મળવામાં જાત ભાગ્યશાળી લાગત; ને જેને એ મળ્યાં છે એ દયાપાત્ર લાગત. આમ કહેત, 'બીચારા ! વિપુલ સાધનોથી એ અસંયમમાં ડૂબી જવાના ! સારું છે મને દીર્ઘ સંસાર કરી આપે એવા અસંયમની સાધન-સામગ્રી ઓછી મળી છે ! અસંયમ ઓછો થશે કેવી ઉત્તમ ભાવના !

**અસંયમ કરાવનારો સરંજામ જેને મળ્યો એ દયાપાત્ર; જાતને ન મળ્યા તો જાત ભાગ્યશાળી.**

**અશરણ ભાવનાના ૫ લાભ :-**

વાત આ છે કે અંતે આપણને અશરણ-નિરાધાર અવસ્થામાં મૂકનારી ચીજોના ભરોસે ન રહો, એનો જ આધાર ન માનો એટલે (૧) એની ખાતર રકમબંધ પાપો ન થાય, તેમજ (૨) એમાં આસક્તિ-અભિમાન કે માયા-પ્રપંચ ન થાય; અને (૩) એની પાછળ ઘેલા બની આત્મહિત સાધવાનું ગુમાવાય નહિ (૪) પરમાત્મા-ગુરુ-દાનાદિધર્મ અને વિનયાદિ સદગુણો વિના ન ચાલે.' એવી દ્રઢ માન્યતા રહે; ને (૫) મોકે મોકે એની આરાધના કરતા રહેવાય.

પર્વતિથિએ તપ કેમ ગુમાવો છો ? માન્યુ છે, 'ખાધા વિના ન ચાલે; માટે તપનું દેવાળું નીકળે છે અલ્યા ! પણ આવા સુંદર ભવે આ માન્યતા નહિ ઘડે કે, 'મારે તપ વિના ન ચાલે' તો પછી બીજા કયા ભવમાં એ ઘડીશ ?

**ઉચ્ચ માન્યતાઓ ઘડવાને માટે માનવ ભવ જેવો ભવ ક્યાં છે ?**

ઉચ્ચ માન્યતા ઘડવા માટે થોડું પણ એવું જીવી બતાવવું પડે થોડો ય સુખનો ભોગ આપવો પડે તિથિએ પણ તપ નહિ પછી 'તપ વિના ન ચાલે' એ માન્યતા શે ઘડાવાની ? પ્રભુની ભક્તિમાં થોડું પણ દૂધ-ઘી-સુખડ-વાસક્ષેપ-અગરબત્તી પોતાની લઈ જવાની નહિ, તો 'પરમપાત્રે દાન વિના યાને પરમાત્મભક્તિ વિના ન ચાલે' એ માન્યતા ક્યાંથી ઘડાવાની ? થોડા ય પ્રસંગમાં ખામોશ ખાવાની ન હોય અને ક્રોધે ધમધમવાનું જ હોય તો 'ક્ષમા વિના ન ચાલે' એ માન્યતા શી રીતે ઘડાશે ? ક્યારેક ક્યારેક પણ વૈર-વિરોધ બાજુએ મૂકી સર્વજીવમૈત્રીભાવ ભાવવાનો ન હોય તો 'મૈત્રી વિના ન ચાલે' એ માન્યતા કેમ ઘડાવાની ?

**સારી માન્યતાઓ ઘડવી છે ? કે પશુની માન્યતાઓ જ ચલાવવી છે ?**

ખાધા વિના ન ચાલે; ધર્મખર્ચમાં સાંકડા થયા વિના ન ચાલે; અવસરે ક્રોધ કર્યા વિના ન ચાલે; વૈર વિરોધ રાખ્યા વિના ચાલે નહિ,...આ બધું પશુમાન્યાતાનું જ નાટક છે. શું એજ માન્યતાઓ અહીં દ્રઢ કરવાની ? પછી એનું જીવન એ માનવખોળિયે પશુજીવન જ થાય ને ?

જીવન માનવનું જીવવું છે ? જો પહેલા નંબરમાં હલકી અધમ માન્યતાઓ પડતી મૂકો, ઉચ્ચ ઉમદા માન્યતાઓ હૈયે વસાવો; અને દ્રઢ કરવા થોડો પણ ભોગ આપો, થોડું પણ એ સારી માન્યતાઓને યોગ્ય કરી છૂટો તો માનવનું જીવન જીવાશે.

**પ્ર.**- પણ ખાધા વિના ન ચાલે, પૈસા વિના ન ચાલે,...એવું એવું મગજમાં ઘર કરી ગયું છે, એ કેમ ખસે ?

**ઉ.**- એ માટે આ અશરણતાની ભાવના વાંરવાર ભાવવાની છે. મનને સમજાવવાનું છે કે 'આ હું જે ખાનપાન એથી તગડું રખાતું શરીર, પૈસા, પરિવાર વગેરેને મહત્વ આપી રહ્યો છું ને એના વિના ન ચાલે માની રહ્યો છું, એ બધી વસ્તુ અંતે મને કશું શરણ આપનાર નથી; ઊલટું મને વધુ અશરણ અનાથ નિરાધાર બનાવનારી છે તો શા સારુ એના પર ભરોસો મૂકું ? શા સારુ એને મહત્ત્વ આપું ? અહીં પૂછવાનું મન થાય,

**પ્ર.**- સંસારમાં અશરણ તો છીએ જ, એમાં શરીર પૈસા-પરિવાર વગેરે વધુ અશરણ શું બનાવે ?

ઉ.- વધુ અશરણ એ રીતે,કે એ શરીર-પૈસા-પરિવાર વગેરે ઠીક મળ્યાથી જીવ ગફલતમાં પડે છે, માની લે છે કે, 'શરીર તગડું છે ને ? ફિકર નથી સારું ખાઓ, પચી જશે; વધારે શક્તિ મળશે. આનંદ-મંગલ કરો. પૈસા ઠીક મળ્યા છે, હવે શી ફિકર છે ? લીલા લહેર કરો. પરિવાર સારો મળ્યો છે, ચિંતા નથી, મજેનું વડિલપણું ભોગવો.' -આવા ધોરણ બાંધી મૂક્યા એટલે પોતાની અશરણદશાનું ઊંઘમાં સ્વપ્નું ય નથી આવતું, અને જાગતાં ક્ષણ પણ ધ્યાનમાં નથી આવતું પછી જયાં એકાએક રોગ ફાટી નીકળે, યા શરીર ઢીલું પડવા માંડે; એમ પૈસા પર આફત-આક્રમણ આવે કે પરિવારમાં કોઈ માંદો પડે, વાંકો થાય, યા ઉપડી જાય, ત્યારે ભારે અશરણદશા લાગે છે; એ શરીર પૂર્વે એવું તગડું નહિ,કે પૂર્વ પૈસા-પરિવાર એવા નહિ તે વખતે લાગતી અશરણદશા કરતાં એ મળીને પછી ખોવાઈ જવા પર વિશેષ અશરણદશા મનને પીડી રહી હોય છે **આનું જ નામ કાયા-પૈસા-પરિવાર આદિ સારા મળ્યા પર અધિક અશરણદશા.**

**શાંતસુધારસ શાસ્ત્ર કહે છે,-**

'સારી માનેલી કાયા, એમાં ગમે તેટલા પ્રાણાયામ કર્યા, ને રસાયણ વાપર્યા, છતાં એ જરાવસ્થાને પામે જ છે. એમ સફેદ વાળ-પળિયાથી ભરેલા માથાને કાળાભમ્મર વાળવાળું બનાવી દેનારો પણ કોણ એવો સમર્થ છે કે જે રસકસ વિનાની જરાઅવસ્થાને રોકવાનું કરી શકે ?'

તાત્પર્ય માણસ કલ્પ લગાડવા વગેરે પ્રયોગ કરીને હજી ધોળા વાળને કાળા બનાવી શકે કે કાયાકલ્પ આદિથી ચામડી પરના પળિયા-કરચલીઓ મિટાવી શકે, પરંતુ ઘડપણને અટકાવી શકવા કોઈ સમર્થ નથી. એ તો,'આ જગતમાં જનમ પામ્યા તો કુદરતના કાયદામાં લાગુ થઈ જાઓ અને યુવાનીની પૂર્ણાહુતિ અને ઘડપણમાં પ્રવેશ કરી જ દો' કેવું ઘડપણ ? કોઈને ન ગમે તેવું, રસકસ વિનાનું યુવાનીના ઉન્માદ અને લોહીના થનગનાટથી કરેલી કોઈ પણ વાત હવે થઈ શકે નહિ એટલે જિંદગી સાવ નીરસ લાગે. તો બોલો, અગર ક્રોડો ઉપાયે આ દશા ટકાવી ન શકાતી હોય તો જીવની ત્યાં કેવી અશરણ નિરાધાર દશા કહેવાય ?

**અશરણતામાં ચારિત્રનું અનુસંધાન કર :-**

માટે જ શાસ્ત્રકાર કહે છે 'હે જીવ ! તું શ્રી જૈન ધર્મનું શરણું લે અને અતિ પવિત્ર ચારિત્રનું સ્મરણ એ શરણસ્વીકારમાં જોડ. અર્થાત એમ વિચાર કે 'જયારે મારે હવે આ એકમાત્ર જિનેશ્વર ભગવંતે કહેલો ધર્મ જ શરણભૂત છે. તો મારી જાતને ક્યારે હવે સમસ્ત પાપ અને ઉપાધિથી મુક્ત એવા ચારિત્રધર્મમાં જોડું !'

**ધર્મનાં શરણ વિના કેવી કંગાળ દશા :-**

શા માટે આ ભાવના ? એટલા જ માટે કે જૈનધર્મના સહારા વિના જરાવસ્થામાં જીવને જરાય ચેન નહિ પડે. જીવ આ કંગાળ દશામાં પડશે કે આ ઉત્તમ જીવન બેકાર લાગશે. મનને થશે કે

'હાય ! હવે આ ઘસારાથી કંટાળી ગયો. કયાંય કશી મજા જ નથી આવતી.

'હાય ! ઘરવાળા પહેલાંની જેમ હવે એવા હેત-ઉમળકાથી બોલાવતા નથી,હવે એમને છોકરી-છોકરા અને વહુઓ વહાલા લાગે છે ! મારી જાણે કશી કિંમત નહિ !

'ત્યારે છોકરા ય એમના તાનમાં દોડ્યા જાય છે. ઘરડો બાપ એટલે એમને મન બુદ્ધિહીન, અક્કલ વિનાનો ! ધંધો વેપાર પણ એમના હાથમાં; એટલે એ પણ મારે મન લગાડવા હાથમાં નહિ !

સમાજના લોકો પણ આ છોકરાઓને જ બોલાવે ચલાવે ! એમના માન-સન્માન કરે ! મારે તો એકલા અટુલા દહાડા ગુજારવાના !

'ત્યારે હાય ! પેટ પણ હવે કશું સારું પચાવી શકે નહિ, એટલે સારું સારું ખાઈ શકાય નહિ. એમાં વળી જરાક જો ભૂલ કરી, તો પાંચ સાત વાર લોટા ભરવા પડે !

રાતના સરખી ઊંઘ પણ આવે નહિ. ઘરમાં બેઠો બૈરાને ન ગમુ; દુકાને બેઠો છોકરાને ન ગમુ. 'વળી હાય ! ધરાર મારી આંખ સામે એ લોકો ખોટા ખરચા કર્યે જાય ખોટા લહેરલાટ અને મોજશોખમાં ધન ઉડાવતા જાય ! મારે તો કહેવાય નહિ, ને સહેવાય નહિ...બળી આ જિંદગી !"

શું છે આ બધું ? ઘડપણમાં અસહ્ય-અશરણ સ્થિતિનો બળાપો. પરંતુ જો પહેલેથી ધર્મનું શરણું પકડી લીધું હોત, તો વાંરવાર આ ભાવના કરી હોત, કે,-

'જીવ ! ધ્યાન રાખજે, -આ જગતનાં જીવનમાં (૧) જગતના રાહ તું નહિ પલટી શકે, (૨) વસ્તુભાવ તું નહિ બદલી શકે, (૩) તું ભાવીભાવ મિથ્યા નહિ કરી શકે.

જગતનો રાહ આ- (૧) જનમ્યા એને અવશ્ય મરવાનું (૨) જુવાની પછી જીવતો રહ્યો તો ઘડપણ અવશ્ય દેખવાનું (૩) જગતની વસ્તુઓ ક્ષણ-દ્રષ્ટ-નષ્ટ; હમણાં દેખાઈ ને હમણાં ગઈ ! (૪) જીવે એકલાએજ જનમવાનું ! એકલા એજ મરવાનું ! એકલાએજ રોગના ભોગ બનવાનું ! એકલે પડે જ કર્મનાં ફળ ભોગવવાનાં ! આ બધે ક્યાંય કોનો ભાગલાગો કે સહાય-સહારો નહિ.

ત્યારે, જગતની વસ્તુના સ્વભાવ જ એવા, કે એ જીવના કહ્યામાં નહિ, પણ પોતાની ખાસિયાત મુજબ જ વર્તનારા, જુઓ. અગ્નિ બાળનારો તે બાળનારો જ. જીવ એને ઠારનારો માની 'ચાલ, આવ મારા હાથમાં, ઠારજે મનેં' એમ હુકમ કરી એને પકડવા જાય તો શું થાય ? બળે કે ઠરે ? ગર્ભનો સ્વભાવ જ એવો કે એ નવ મહિને જ પરિપક્વ થઈ બહાર નીકળવા યોગ્ય થાય. એમાં જીવની ઉતાવળ ચાલે ? ઋતુઓ એના ભાવ ભજવે એમાં જીવ એને ફેરવી શકે ? સંસારના સંબંધી સ્વારથિયા સ્વભાવના, તે જીવ એમને હુકમ કરી બિનસ્વારથિયા કરી શકે ? શું આ ? જગતની વસ્તુના સ્વભાવ ફેરવવા જીવ અસમર્થ છે અશરણ છે.

**(૩) તેમ ભાવીભાવ મિથ્યા ન કરી શકાય.**

કાળ, કર્મ અને ભવિતવ્યતાના રાહ ફોક ન કરી શકાય. આજે જુઓ છો કાળ કેવો વિષમ આવ્યો છે ? કોણ માંધાતા પણ એને અન્યથા કરી શકે છે ? એ તો જીવે જ સમજી રાખવું પડે કે કાળને ફેરવવાનાં ફાંફા નકામાં; એમાં શક્તિ વેડફી નાખવાને બદલે આ જ કાળમાં શક્ય આત્મહિતમાં શક્તિ કામે લગાડી દેવી જોઈએ.

એમ કર્મના રાહ પણ અકાટ્ય કર્મે સરજાવાનું મિથ્યા ન થઈ શકે. ભગવાન ઋષભદેવને એટલા બધા લોકપ્રિય છતાં ચારિત્ર લીધા પછી ૧૨-૧૨ મહિના સુધી ભિક્ષા ન મળી. રામ અને સીતા જેવા ઉચ્ચ અને પવિત્ર આત્માને વનવાસ ભોગવવા પડ્યા પરાક્રમી પણ પાંડવો દેશનિકાલ થયા મહાસતી દ્રૌપદીને ધાતકી ખંડનો રાજા ઉપાડી ગયો. કર્મના ભાવ શે મિથ્યા થાય ? સાજાસારા નિયમિત જીવન જીવનારાને પણ ટી.બી.-કેન્સર-પક્ષાઘાત જેવા મહારોગ કોણ લગાડે છે ? લાગેલા કેમ મટતા નથી ? કહો, કર્મના ભાવીભાવ મિથ્યા કરવાનું જીવનું ગજુ નહિ. જીવ ત્યાં અશરણ છે.

ત્યારે, ભાવિભાવ મિથ્યા થાય ? મહાવીર ભગવાન ચારિત્ર લઈને ખૂબ જ જાગ્રત; છતાં એમણે નાલાયક ગોશાળાને તેજોલેશ્યા શીખવી ? કેમ એમ બન્યું ? શાસ્ત્રે લખ્યું કે ભવિતવ્યતા જ એવી કે ગોશાળાએ પ્રભુને પૂછવું ને પ્રભુએ તેજો લેશ્યાની વિધિ બતાવવી ભવિતવ્યાનો આ અકાટ્ય રાહ ભગવાન ન ફેરવી શકે તો આપણે કોણમાત્ર ? આજે આપણા અને બીજાના જીવનમાં ભવિતવ્યતા કેટલું ય અનિચ્છનીય અણગમતું સમજી મૂકે છે. એને ફેરવવા મથવું વ્યર્થ છે.

જીવને સમજાવી દેવું જોઈએ કે 'શા સારું ફાંફા મારે ? શા સારુ કાળ-કર્મ-ભવિતવ્યતાના ભાવ ફેરવવા વ્યર્થ મથે ? ફોગટ ફાંફા મારીને અનંતા કાળથી કૂટાતો આવ્યો હવે એ રહેવા દે.

**તત્ત્વ સમજ; તત્ત્વ વિચાર; તત્ત્વને રટ; તત્ત્વથી દિલને ભાવિત કર, રંગાયેલું**

કરી દે;

કહી દે જગતના રાહને અને વસ્તુ-સ્વભાવને, કે 'હું તમને બધાને ઓળખું છું. તમારા આગામી પરિણામનો મને પહેલેથી ખ્યાલ છે. એથી તમારાથી જરાય લહેવાઈ જાઉં નહિ. તમે સારામાં હું ખુશી ખુશી થાઉં નહિ, તમે બગડો એમાં હું બગડું નહિ, દુઃખી થાઉં નહિ. મારે ખુશી-નાખુશી માનવા માટે મારા આત્માનું મોટું ખાતું છે. મારા આત્માનું ખાતું ભૂલીને પરની પંચાતમાં કાં પડું ?' કેવો સરસ ખ્યાલ ?

**જગતની ચીજ બગડે એમાં આપણે આપણી જાત શા માટે બગાડીએ ? દુઃખી થવામાં જાત બગડે છે. ખુશી-નાખુશી જાતના ખાતા પર કે બીજાનાં ?**

બોલો, છે દુનિયામાં કોઈ આવો ડાહ્યો કે પોતાના ઘર આખામાં સળગતું ન જુએ, અને 'આ ફલાણાને ત્યાં થાંભલો સળગ્યો, ઢીંકણાને ત્યાં બારણું સળગ્યું.' એવા વલોપાત કરે ? એવું જો કરે તો લોક એને ઠપકારે કે 'અલ્યા ! પહેલા તારે ત્યાં આ આખો પાટડો સળગ્યો છે તે જો ! પણ જીવરામ પટેલ કરવી છે, જાતની નહિ. કપડું મેલું થયું, શરીર મેલું થયું એ જોવું છે, પણ પોતાનો આત્મા-કામ-ક્રોધ-લોભ, આરંભ-સમારંભ-જુઠ-ચોરી-વિષયો-દુર્ધ્યાન-કુવિકલ્પોથી મેલો થવો જોવો નથી.

ભૂલશો નહિ આત્માના મેલ આત્માની ખરાબીઓ, આત્માના રોગ મિટાવવા એ આપણા હાથની વાત છે વીતરાગ ભગવાનનું આલંબન અને એમના તત્ત્વનો બોધ મન પર લઈ એ મિટાવી શકાય છે. પરંતુ જગતના રાહ પલટવા એ આપણા હાથની વાત નથી. તો પછી શા સારુ એની ચિંતા, એના બળાપા કરવામાં અમૂલ્ય માનવમન-માનવસમય વેડફી નાખવા ? અરે ! માનો કે આપણી કાયા જ કોઈ એવા અસાધ્ય રોગે ઘેરાણી, તો શું એ રોગની ચિંતા કરવાથી એ મટી જાય છે ?

શાંતસુધારસ-શાસ્ત્ર કહે છે,-

**उद्यत उग्ररुजा जनकाय कः स्यात्तत्र सहायः ।**
**एकोनुभवति विधुरुपरागं विभजति कोऽपि न भागम् ॥**

જ્યારે માણસની કાયા તેવા કોઈ ઉગ્ર પ્રબળ રોગથી પીડાય છે. ત્યારે ત્યાં એ પીડા ઓછી કરવા માટે પીડામાંથી ભાગ પાડી લેવા કોણ સહાયક થાય છે ? ચંદ્ર ઉપર રાહુનું આક્રમણ થાય, એનું તેજ સાવ હણાઈ જાય ત્યારે ચંદ્રની એ પીડામાંથી ભાગ લઈ લેવા કોઈ તૈયાર નથી, કોઈ સમર્થ નહિ, કોઈ સહાયક નથી હોતું.

ચંદ્ર જગતને નિર્મળ ઠંડો પ્રકાશ આપે છે ત્યારે જગત આનંદ-કલ્લોલ અનુભવે છે પણ ચંદ્ર પરની રાહુની આપદા વખતે કોઈ ભાગ પાડવા જાય ? ના; એમ તમારી સાજી કાયાથી તમે કુટુંબને સ્નેહી-સંબંધીને કેટલાય સુખ આપ્યા હોય, આનંદકલ્લોલ કરાવ્યા હોય, પરંતુ જ્યારે તમારા પર, આ તમારી કાયા પર

મહારોગની આપત્તિ આવે, ભારે દરદવેદના થતી હોય, ત્યારે એ તમારી પાસેથી સુખ-આનંદ લઈ ચુકેલા કોઈ એ દરદમાંથી ભાગ પડાવવા આવે ? ના, દવા દારૂ કરે, જરૂર પડયે ચોવીસ કલાક પાસે બેસે, પણ તેથી તમને અંદરમાં પીડતા રોગની વેદનાનું શું ? એ તો તમે એકલાજ પૂરેપૂરી ભોગવો.

**ચંદ્રથી સુખ પામનારું જગત ચંદ્રને રાહુની પીડા વખતે સહાયક નહિ; એમ જીવથી સુખ પામનારું કુટુંબ જીવને કર્મની પીડા વખતે સહાયક નહિ.**

કાયા એ જગતની આઈટેમ જગતની ચીજ છે. એનો રાહ ગમે ત્યારે રોગ-મૃત્યુથી ઘેરાવાનો છે. તમારે આટલી બધી નિકટની વસ્તુ કાયા; એના રોગનો તમને પીડવાનો રાહ. એ તમે પલટી શકતા નથી. પછી એકલી એની ચિંતાના ફોગટ ફાંફા માર્યે શું વળે ? અત્યંત નિકટના સગા મા-બાપ કે બૈરી એ પીડામાંથી ભાગ પાડી ન લે, કે કોઈ ધન્વંતરી એને ન મિટાવી શકે, મોટા ચક્રવર્તી જીવને ય નહિ,-એ જીવની કેવી અશરણ દશા ! કેવી અનાથ-અસહાય દશા !

આ ધ્યાન પર લો, તો જગતના રાહ પલટવાના ને કાયાના તેવા રોગ મિટાવવાના ફોગટ ફાંફા મારવાનું મૂકી પોતાના આત્માના રાહ પલટવાનું અને આત્માના રાગાદિ રોગ મિટાવવાનું કરાય. એ મિટાવવા માટે સજાગ થઈ જવાય.

**જગતના રાહ શું પલટો ? આત્માના રાહ પલટો.**

અનાથી મુનિ એમજ જાગી પડેલા. એમને રાજકુમારપણે એવી અસહ્ય દાહજવરમી પીડા ઊપડેલી સેવામાં મા, બાપ, બૈરી, બધા જ હતા, મોટમોટા વૈદ-હકિમ હતા, પત્ની ચોવીસે કલાક પલંગનો પાયો પકડી બેસી રહેનારી, ગુણિયલ ગુણોની ખાણ, સેવાકારી; બધું છતાં પોતાની પીડામાંથી ભાગ વહેંચી લે ? પાછળથી રાજા શ્રેણિકને એજ કહ્યું,-

**'ગોરડી ગુણમણિ- ઓરડી, ચોરડી અબળા નાર;**
**પણ કોરડી પીડા મેં સહી, કેણે કીધી ન મોરડી સાર,**
**શ્રેણિકરાય ! હું રે અનાથી નિર્ગ્રંથ**

**અનાથીએ કેવી કેવી અનાથતા બતાવી ?**

હે મગધાધિપ શ્રેણિકરાય ! આવી ગુણિયલ પત્ની ચોવીસ કલાક સેવામાં હાજર છતાં મારે મારી અંતદાહની પીડા સર્વેસર્વા એકલાએજ ભોગવવી રહી, આ મારી અનાથતા હતી.

ધનના ઢગલા મોજુદ છતાં એ મારી પીડા ટાળવા કે ઓછી પણ કરવામાં નાકામિયાબ હતા, આ મારી અનાથતા હતી.

નિષ્ણાત કારીગર રાજવૈદ રામબાણ દવા કર્યે જતા હતા, છતાં મને પીડામાં રાહત નહિ, આ મારી અનાથતા નહિ, તો બીજું શું ?

વહાલસોયા બા-બાપ ચોધાર આસું પાડયે જતા હતા, છતાં પીડામાંથી લેશ પણ ભાગ લઈ શકતા નહોતા, આ સ્થિતિ મારી સરાસર અનાથતા જ સૂચવતી.

નોકર-ચાકર-સ્નેહી પરિવાર બધા જ દુઃખી થઈ જતા, પણ મારી પીડાને ઓછી કરી શકતા નહિ. મારી પીડા અણનમ હતી, આ મારી અનાથ દશા હતી.

દુનિયામાં એક સારા રાજકુમાર તરીકેની અને ભાવીમાં સારા રાજા નિવડવાની ખ્યાતિ-પ્રતિષ્ઠા હતી, છતાં રોગની કારમી વેદનામાં કમી નહોતી, આ મારી અનાથતા હતી.

હે રાજન ! જો, મને એ પીડા - વેદના - રિબામણમાંથી બચાવવા કોણ સહાયક ? બૈરી નહિ, માબાપ નહિ વિશાળ પરિવાર નહિ, સમૃધ્ધિ નહિ, માનમર્તબાખ્યાતિપ્રતિષ્ઠા, કોઈ જ સહાયક નહિ."

અનાથી મુનિ આમ કહીને શ્રેણિક રાજાને એની પોતાની અનાથતા વિચારવા તક આપી રહ્યા છે, 'હું મોટો મગધસમ્રાટ, હું તારો નાથ થાઉં' એ કહેનાર શ્રેણિકને લપડાક લગાવે છે,-

**'નરનાથ ! તું છે અનાથ, શું મુજને કરે છે સનાથ ?'**

'તું તારી પોતાની જ અનાથતા વિચાર, તો બીજાના નાથ થવાનો કેફ ઊતરી જશે. જો આટલી રીતે જીવની અનાથતા છે' એમ કહી મુનિએ પોતાની એવી અનાથતા વર્ણવી, જે મગધ સમ્રાટ શું, આપણને દરેકને અને મોટા ચક્રવર્તીને ય લાગુ પડે.

ચક્રવર્તી બ્રહ્મદત્તને બ્રાહ્મણના પ્રપંચથી આંખે ફૂટી પછી ઘણાય કલ્પાંત કર્યા, છતાં આંખ પાછી લાવવામાં ૧,૯૨,૦૦૦ સ્ત્રીઓ અને એમાં વહાલામાં વહાલી કુરુમતી પટ્ટરાણી શી સહાય કરી શકી ? કઈ પોતાની એક આંખ પણ આપી શકી ? ત્યારે નવનિધાન અને દરિયાપારની બોલાવી શકાય એવા મોટા કિમિયાગર વૈદ પણ શી સહાય કરી શકયા ? તો ૯૬ ક્રોડનું લશ્કર કે ૯૬ ક્રોડની ઠકરાઈ કઈ પીડાની આડે આવી શકી ?

તમારે આટલી બધી સંપત્તિને આટલો બધો પરિવાર તો નથી ને ? છતાં માની બેઠા છો કે 'મારે આ બધાની સારી ઓથ છે ! મને કશો વાંધો નહિ આવે !' કેવી મૂર્ખમાન્યતા ! સંપત્તિ-પરિવારના ઢેર જ્યાં કશા રંજમાત્ર સહાયક ન બની શકે, ત્યાં તમારી ઠીકરા જેવી માટીની માયા સહાયક બનશે ? ઓથરૂપ રહેશે ? કાયા જ્યાં પ્રબળ રોગથી પીડાવા માંડશે, કે જમરાજથી ઝૂંટવી લેવાવી મંડાશે, ત્યારે કશું જ તમને સહાયક નહિ બને.

**આ અશરણભાવના રોજ વાંરવાર વિચારતા રહો; જેથી પોકળ સહાય-શરણભૂત લાગતાની આળપંપાળમાં ખરેખર સહાય-શરણભૂત થનાર પરમાત્મા**

**અને એમના ધર્મની ભરપુર ઉપાસના કરતા રહેવાનું ન ચૂકાય.**

**અસાધ્યમાં ફોગટ ફાંફા મારવા કરતાં, સાધ્યમાં સફળ નીવડે એવી ચિંતા અને ઉદ્યમ રાખવા એમાં જ ડહાપણ છે.**

અનાથી મુનિ અંતે રાજા શ્રેણિકને આ જ કહે છે,-

**'તવ દેખી એ શૂળ, ધાર્યો મેં ધર્મ અમૂલ.'**

'હે મહારાજા ! એ બધી તારી અનાથતાથી ભરેલી પીડા જોઈને મેં વિચાર્યું કે આ બધા ખરેખર અસાહયભૂતથી ઓથ માનવાની મૂર્ખાઈ કરવાને બદલે હવે તો ખરેખર સહાયભૂત નીવડે એવા ધર્મની જ ઓથ પકડવાનું ડહાપણ રાખવા દે એટલે ' જો આ પીડા મટે તો હું ચારિત્રધર્મ જ સ્વીકારી લઉં ' એવો મેં નિર્ધાર કરી લીધો એ સંકલ્પ થતાં પીડા ટળી દિવસો થયા ઊંઘ નહિ આવેલી તે ઘસઘસાટ ઊંઘ આવી ગઈ ! જાગીને જોઉં તો નખમાં ય રોગ નહિ ' ઓહો ! ધર્મભાવનાનો કેવો પ્રભાવ ! તરત મેં સાધુધર્મ લઈ લીધો, હવે ધર્મની ઓથથી હું સનાથ બન્યો, આજે તમારી સામે ઊભો છું. સંસારના પદાર્થો કોઈ જ ઓથભૂત નથી, જીવ એમાં અનાથ છે, એ યાદ રહે તેથીં મેં મારું નામ અનાથીમુનિ રાખ્યું છે.

**"જૈનધર્મ વિના નરનાથ ! નથી કોઈ મુગતિનો સાથ;**
**શ્રેણિક તિંહાં સમકિત પામ્યો, અનાથીને શિર નામ્યો."**

ત્યારે જુઓ, **શ્રેણિકે સમકિતમાં શરણ-અશરણ કોને માન્યા ?**

અનાથી અશરણભાવના વિચારી રાજશાહી ભોગ-વૈભવને પડતા મૂકી ચારિત્ર ધર્મનું શરણું લીધું, ધર્મને નાથ બનાવ્યો, અને શ્રેણિકે અશરણભાવના વિચારી દેવ-ગુરુ-ધર્મ જ નાથ છે એ નક્કી કર્યું, ચારિત્રની સામે રાજશાહી ભોગ-વૈભવને કૂચા દેખ્યા; પરમાત્માની સામે પટ્ટરાણીમાં પણ અસહાયભૂતતા દેખી; રાણીની ભક્તિમાં અઢળક ખરચવાને બદલે રાણીની સુખશાતામાં રાચવાને બદલે પરમાત્માની ભક્તિમાં અઢળક ખરચાવાનું, એમાં જ મન લાગ્યું રાખવાનું, અને એમની શુખશાતામાં આનંદકલ્લોલ અનુભવવાનું રાખ્યું.

બોલો, તમે પણ અશરણભાવના સાંભળી ને ? તો હવે કેટલું જોવાની તૈયારી છે ? ચારિત્ર લેવા તૈયાર થવું છે ? શ્રાવકના બાર વ્રત પણ લેવા છે ? લીધેલા વ્રતને ખાસા સંકોચવા છે ? ત્યાગ-તપસ્યામાં આગળ વધવું છે ? અરે ! આના વિના કલ્યાણ નથી, આ મૂકીને સંસારના રંગ-રાગ-ખાનપાન-પૈસાપરિવારાં ડૂબ્યા રહેવું મૂર્ખતા છે, એવું માનવું છે ? કૂચા ચાવવામાં ડાહપણ ?

પણ રંગરાગ-ખાનપાન-પૈસાપરિવાર એ કૂચા એવું લાગ્યું જ છે કયાં ?

**રંગરાગ-પૈસા કૂચા ન લાગે એટલે પછી ઘરરાણીમાં જે ચિત્ત ઠરે, એવું પરમાત્મામાં ને ગુરુમાં ક્યાંથી ઠરે.**

એને મૂકી દેવાધિદેવની ભરપૂર ભક્તિ કરવાનું શે બને ? ગુરુની સુખશાતામાં આપણને શાતા એવો અનુભવ શી રીતે થાય ? ઘરવાળીની શાતામાં શાતા લાગવાનું જ બને ને ?

અશરણભાવના ભાવતાં આવડે છે ? કે ભાવવાનું પાલવે એવું નથી ? જેમાં ડૂબી ગયા છો, જેમાં ઓતપ્રોત થઈ ગયા છો, જેની પાછળ રાત દિવસ મથો છો, કાળાં કામ કરો છો, ક્રોધ-માન-માયા-લોભમાં સળગી રહ્યા છો, એ પૈસા-પરિવાર ને ખાનપાન-મોજ જેમ અનાથીને તેમ તમને અવસરે કશી જ સહાય નહિ કરે કશી જ ઓથ નહિ આવે, એ વખતે ઊંચે આકાશ સામે જોતા રહેવું પડશે, 'હાય ! મારું કોઈ જ નહિ ? મારું કશું જ નહિ ? કોણ મને આ અવસરે સહાય કરે ?'

પેલા કનકરથ રાજકુમારના માણસો એમ જ અસહાય અશરણ જેવા બની ગયા છે કે,'હાય ! આ અમારા માનવંતા સ્વામી ચિતામાં બળી મરવા જાય છે ! એમને રોકવા માટે કોઈ જ સમર્થ નહિ ? આવા સ્વામી ગુમાવવાના ? કોઈ જ આડે નહિ આવે ? એમને બચાવી લેવામાં કોઈ જ સહાયક નહિ ?'

**અસહાય માણસોને કનકરથને બચાવવા શું સ્ફુર્યું ?:-**

માણસો અશરણ નિરાધાર ઊભા છે. એટલામાં એમને સ્ફુરી આવ્યું કે 'કદાચ પેલા યોગિરાજ એમને સમજાવી શકે, ને એમ કરતાં જો એ અટકે તો સારું.' લોકોને પણ લાગ્યું છે કે 'આવો મહાન રાજકુમાર ચિતામાં બળી જઈ પોતાના પ્રાણનો ત્યાગ કરે એ સારું નથી. પણ કુમાર જ્યારે કોઈનો સમજાવ્યો પાછો હટતો નથી, ત્યારે યોગિરાજ સમજાવે તો સારું,'- એમ બધા વિચાર કરી એ ઋષિદત્તા-યોગિરાજને કહે છે,-

'ભગવન્ ! આટલી હોંશે આ કનકરથ રાજકુમાર અહીં આવ્યો, અને રાજકન્યા રુક્મિણીને પરણીને આનંદથી રહ્યા હતા. એમાં હવે એકાએક પૂર્વ પત્નીને યાદ કરી અતિ દુઃખિત થઈ એના શોકમાં પ્રાણત્યાગ કરવા જઈ રહેલા છે, એ ખૂબ જ દુઃખદ છે, કોઈના રોકાતા અટકતા નથી. પણ આપ કાંઈક એમને ન સમજાવો ? સમજાવીને અટકાવો તો સારું.'

યોગિરાજ કહે છે 'હું સમજાવી જોઉં.'

જોવાની ખૂબી છે કે હજી શું રાજા, કે શું લોકો, કોઈને રુક્મિણીના ભયંકર દુશ્ચરિતની ખબર નથી; એટલે કુમાર એનાથી અત્યંત ઉદ્વિગ્ન થઈને જ ઋષિદત્તાની યાદમાં આ બળી મરવા તૈયાર થયો છે એ મૂળ કારણ લોક જાણતા નથી. ખુદ રાજાને પણ આ ખ્યાલ નથી. ત્યારે કુમારની ગંભીરતા કેટલી બધી ?

**મહાન પુરુષો પોતાના પ્રત્યે કોઈના તરફથી અનિષ્ટ બન્યું હોય તો એનાં દુઃખને પોતાની અંદર સમાવી લે છે, કિન્તુ અનિષ્ટકારકની હલકાઈ બહાર ગાતા નથી.**

સીતાજીને રામે વગર વાંકે માત્ર લોકથી દોરવાઈને જંગલમાં ત્યજાવી મૂકેલા; છતાં એમની મહાનતા એવી કે ત્યાં જંગલમાં એમને આશરો આપનાર એક ધર્મ બધું રાજા મળી આવ્યો એની આગળ રામની કે લોકની કશી હલકાઈ ગાઈ નહિ. અરે ! ઠેઠ પોતાના વહાલસોયા બે પુત્ર લવણ-અકુશને પણ 'પોતાની ઉપર શું વીતેલું 'પુત્રોના પિતાજીએ શું કરેલું,' એ વર્ષો સુધી કશું કહ્યું નહિ. એ તો છોકરાઓ બહારથી જાણી લાવ્યા ત્યારે આવીને સીતાને કહે છે,-

'મા ! તેં તો અમારા પિતાજીએ તને વગર વાંકે કાઢી મૂકેલી એ અમને કશું કહ્યું નહિ ?'

સીતાજી કહે, 'મારા લાલ ! એમાં શું કહેવું હતું ? એ તો મારાં પૂર્વ કર્મે એ કરેલું, એમાં તારા પિતાજીનું હલકું કેમ બોલાય ?'

જુઓ, પેટના દીકરા આગળ પણ પતિનું હલકું બોલવું નથી. બોલે તો દીકરાને માતા ઉપર વિશેષ લાગણી ઊભરાય એવા એ માતૃભક્ત છે પરંતુ બીજાનું હલકું બોલીને પોતાના માટે લાગણી ઊભી કર્યાથી શો ફાયદો ? શી વિશેષતા ?

**મહાસતીની આ મહાનતા છે કે બીજાનું હલકું બોલી પોતાના માટે લાગણી-સ્નેહ વધારવાનું ન કરે.**

**પોતાની પ્રત્યે સાંભળનારની લાગણી વધારવા માટે બીજાનું હલકું બોલવું એ ક્ષુદ્રતા છે. અધમતા છે.**

સીતાજીમાં બીજાનું માત્ર હલકું બોલવાની જ વાત નહિ, પણ હલકું ચિંતવવાની પણ વાત નહિ. જુઓ સીતાજી આગળ પુત્રો કહે છે,

'મા ! તું વાંક તારા કર્મનો જુએ છે એ ઠીક છે, પરંતુ અમારા પિતાજીએ તો લોકથી દોરવાઈ આવો કઠોર હુકમ કાઢ્યો એ શું સારું કર્યું ? ક્યાં તારી ગંભીરતા ? ને ક્યાં એમની જોહુકમી ? શું એ એમ સમજે છે કે તારા કોઈ રખેવાળ નહિ એટલે સમજે છે કે તને ગમે તેમ તગેડાય ? પણ હવે અમે લડાઈ લડીને એમને બતાવી આપીશું કે તારા રખેવાળ તૈયાર થઈ ગયા છે. માટે અમને એમની સાથે લડવા જવાની રજા આપ. તારા આશીર્વાદથી અમે એમને જીતી લઈશું અને તારા રખેવાળ તરીકે અમારાં એમને દર્શન આપીશું.'

ત્યાં સીતા કહે, 'અરરર ! દીકરા ! આ શું બોલ્યા ? પિતાજી સાથે લડવા જવાનું ? પિતાના સુપુત્રો થઈને પિતાની સાથે લડાય ? જવું હોય તો એમને પગે પડવા માટે ખુશીથી જાઓ.'

જુઓ કેટલું ઉમદા દિલ ! કેવી મહાનતા !

આ મહાનતા છે કે હલકું બોલવાનું શું, હલકું ચિંતવવાની વાત નથી. ઊલટું વગર વાંકે પોતાને વનમાં ત્યજાવી દઈ દારુણ સ્થિતિમાં મૂકનાર પતિને પગે

પડવા જવાની જ સલાહ આપે છે. દિલ ઉમદા બનાવવું હોય તો કેટલી હદ સુધી બનાવી શકાય ? આપણે ય માણસ, ને એ સીતાજી પણ માણસ છે ને ? જેવી ધાતુનું આપણું હૃદય એવી જ ધાતુનું એમનું હૃદય ને ? છતાં એમાં ક્યાંય ક્ષુદ્રતા-અધમતા-હલકી વિચારણાનું એક કિરણ પણ છે ? ના, **સીતાજીમાં મહાનતાનો પૂર્ણ પ્રકાશ ઝગમગે છે; ઉમદાગીરીનો નિર્મળ પ્રવાહ વહી રહ્યો છે.**

**સારા સંયોગમાં ય મહાનતા સહેલી છે ?:-**

'કપરા સંયોગમાં આ તો બહુ કઠિન' એમ કહો નહિ. સારા સંયોગમાં ઉમદા દિલ રાખવાનું સહેલુંછે ? દીકરો તમારો સારો વિનયી ને કહ્યાગારો હોય પણ તમારા બાપુજીનું કે તમારી પત્નીનું કહ્યું ન માનતો હોય તો તમે એને કહ્યું કરનારો થવા માટે સારી રીતે પ્રેરણા કરો એવું ઉમદા દિલ તમારી પાસે છે ?આ તમારું કહ્યું માનતા હોય એ તો સારા સંયોગ ને ? એમાં ય શું એને બીજા વડિલનો વિનય-આમન્યા જાળવવાનું કહેવા ઉમદા દિલ તમારી પાસે નહિ ? તો પછી તમારું માન ન સાચવતો હોય એવા કપરાં સંયોગમાં તો તમારામાં ઉમદાગીરી શી રીતે આવે ?

વિચાર તો એ કરો કે, 'કદાચ સારા સંયોગમાં ઉમદા દિલ રહે છે, પણ કપરા સંયોગમાં નથી રહેતું તો એ શાથી રહેતું ?' તમારો કોઈ સ્વાર્થ ભંગાયો, યા તમને કોઈ પ્રતિકૂળતા આવી માટે ને ? ત્યારે એ વિચારવાનું કે, 'એ સ્વાર્થભંગ કે પ્રતિકૂળતા તો આપણા પોતાના નરસા કર્મોદયને લીધે આવી, તો પછી કર્મની શિરજોરી તો વેઠવી જ પડવાની, એમાં વધારામાં દિલની કિંમતી મહાલતા ગુમાવવી છે ? અમૂલ્ય ઉમદાગીરી ગુમાવવી છે ? ઉમદા દિલ એ કેટલી બધી કિંમતી વસ્તુ છે એ જાણો છો ?

**ઉમદા દિલ ઉપર તો (૧) અનેક પ્રકારના આર્તધ્યાન, ખોટા વિચારો, અને કષાયોથી બચી જવાય છે;**

**(૨) એથી કુસંસ્કારો અને પાપકર્મોના થોક બંધાતા અટકે છે.**

**(૩) એના પરિણામે ભાવી જીવન પાપી અને દુઃખદ થતાં અટકે છે.**

જુઓ, ચંડકોશિકના જીવ સાધુએ સાથેના મુનિની સાચી પણ પાપ-આલોચનની સલાહ પર દિલ બગાડ્યું, 'મને કેમ હલકો પાડે ?' એવા અભિમાનમાં દિલને ક્ષુદ્ર-તુચ્છ-તામસી કર્યું, તો એની પાછળ (૧) ક્રોધ-કષાય, (૨) ક્યાં મને આવો સાધુ મળ્યો એવું આર્તધ્યાન, એ (૩) એને શિક્ષા કરવાના ખોટા વિચાર આવ્યા; એનું પરિણામ કેવું ?

એ જ જીવનમાં સાધુને દંડી ફટકારવા દોડ્યા એ પાપ થયું, અને અંધારે થાંભલા સાથે કૂટાઈ મર્યા એ ભારે દુઃખ ઊભું થયું. થયું ? પછી પરલોકે તાપસના

ભવે વાડીના ફળોનો મોહ અને ફળ તોડે એના પર ગુસ્સો, એ પાપ થયું; તથા ખાડામાં પડી પોતે જ ઉછાળેલી ફરસી આવી પડવાથી મોતનું દુઃખ ઊભું થયું. અહીં અટક્યું ? ના, આગળ ચંડકોશિકના અવતારે જેના તેના પર ભંયકર ગુસ્સો અને ઝેરથી એની હિંસાના ઘોર પાપ ઊભા થયાં; અને જો એમ કરતાં મર્યો હોત તો ઘોર નરકનાં દુઃખ દેખત. એ પછી ય જાલિમ ભવભ્રમણ ! પરંતુ ભાગ્યવાન કે અંનત-દયાળુ જગદીશ્વર મહાવીરપ્રભુ ત્યાં પધાર્યા, અને એમના પર પણ હજી જાલિમ ગુસ્સો અને ઝેરના પ્રયોગનું એણે ભયંકર પાપ આચરવા છતાં પ્રભુએ એને એની જાત ઓળખાવી અને ઉપશમવા પ્રેરણા આપી, તો એને પાપ અને દુઃખની પરંપરા અટકી.

**'પન્નગપતિ પાપમતિથી ઉગાર્યો, જન્મમરણ દુઃખ દૂરે કર્યા,**
**વીરવયણાં રે પ્યાલા પ્રેમનાં ભર્યા.'**

અહીં પણ ખૂબી ઉમદા દિલની ચંડકોશિક સાપે પ્રભુને ઓળખવા અને ઉપદેશ ઝીલવા દિલ ઉમદા ન બનાવ્યુ હોત તો હજી ય ઉદ્ધાર ક્યાં સહેલો હતો ?

**ક્ષુદ્ર દિલમાં પ્રભુની ઓળખ ન ઊતરે.**

પ્રભુના શરીરમાંથી લોહી લાલને બદલે સફેદ નીકળ્યું, એ જોતા ક્ષુદ્ર દિલ ચમકે નહિ એ તો 'હશે લાલને બદલે સફેદ પણ કોઈકને હોઈ શકે છે. મારે એ જોવાનું શું કામ ? હું તો મારું આને નીચે પાડવાનું કામ ચાલુ રાખું,' એવા જ વિચાર આવે. ત્યાં પ્રભુની ઓળખ શે થાય ? પણ ચંડકોશિયો ચમકે છે,- 'હેં ? સફેદ લોહી ? કોઈ દિ'જોયું નથી આવું ? આ શું ? ઓ કોણ મહાન જીવ છે ?'- એમ થોડી પણ ઉમદાગરી આવી, ત્યાં પ્રભુએ હવે એની લાયકાત જોઈ, અને અત્યંત કરુણાભર્યા દિલથી 'બુજ્ઝ બુજ્ઝ ચંડકોશિયા ! બુજ્ઝ બુજ્ઝ ચંડકોશિયા !' ઉચ્ચાર્યું.

આ શબ્દો સાપ ડસવા આવ્યો એ વખતે કેમ ન ઉચ્ચાર્યા ? કહો, કરુણાના હિતશિક્ષાના શબ્દો ઝીલવા માટે, શબ્દોની અસર જે ઉમદા દિલ જોઈએ તે હજી સાપમાં જાગ્યું નહોતુ. ક્ષુદ્ર તામસી દિલમાં હજી પ્રભુના શબ્દ ઝીલવાની તૈયારી નહિ, તો એના પર શાંત થવાની વાતે ય શી ? એ તો જ્યારે પ્રભુના ચરણે બટકું ભરી લોહી નીકળેલું સફેદ જુએ છે ત્યારે દિલમાં સહેજ ઉમદાપણું આવ્યું ને મનને થયું કે 'હેં ? આ કોણ મહાન વ્યક્તિ !' પ્રભુની આછીપાતળી ઓળખ પડી.

**દિલ ઉમદા બન્યા વિના પ્રભુની ઓળખ પણ ન થાય તો આરાધના થવાની વાતે ય શી ?**

પ્રભુનાં દર્શન રોજ કરો છો ને ? છેવટે પ્રભુનું નામ પણ લો છો ને ? એ ય આરાધના છે, એ માટે પહેલાં દિલ ઉમદા જોઈએ. 'ઉમદા' એટલે દિલને લાગે કે 'અહો ! પ્રભુ કેવા મહાન !' શાથી મહાન ? આપણને સુખ ચાટવા આપ્યું માટે

નહિ; એ તો સ્વારથિયા ક્ષુદ્ર માણસો ય ચાટવાનું આપનારને મહાન માને.

**પ્રભુ મહાન શાથી ?**

કહો, (૧) અપરાધીને ય એનો અપરાધ ભૂલી કરુણાથી નવરાવ્યો માટે;

(૨) સુકોમળ શરીરે કઠોર સહન કર્યું માટે;

(૩) ભરપૂર મેવા-પકવાન મળી શકે છતાં ઘોર તપ અને ઉગ્ર ત્યાગ કર્યા માટે;

(૪) અતુલ બળ છતાં જબરદસ્ત ક્ષમા-સમતા-નમ્રતા રાખી માટે;

(૫) દેવતાઈ સુખ-સગવડને ય પડતી મૂકી મહાસંયમના માર્ગ આદર્યા માટે...

પ્રભુની મહાનતા જોવી છે ? હૈયે અડાડવી છે ? દિલ ઉમદા બનાવવાથી જ આ થઈ શકશે. પ્રભુની મહાનતાની ઓળખ થાય તો જ એક દર્શન કે સ્મરણ જેટલી પણ આરાધના સાચી થાય. એના પર જ જીવનનાં ઊંચા ફળ મળે.

અહીં ઠીક-ઠીક સુખ-સગવડ-સન્માન શાના દેખવા પામ્યા છો ? રૂપાળા અને હોશિયાર તો તમારા કરતાં બીજા ઘણા ય છે કેમ એ બધા ય ને તમારા જેવા સુખ-સન્માન નથી મળતા ? કહો, પૂર્વ જીવનમાં તમોએ દિલ કાંઈક ઉમદા બનાવેલ અને સારી આરાધના કરેલ એના પુણ્યથી તમને અહીં મળ્યું, ને મળે છે; ત્યારે બીજાને એના અભાવે નથી મળતાં.

**પ્રભુની આરાધનાની જેમ ધર્મની આરાધના પણ સાચી સાત્વિક કરવી હોય તો ઉમદા દિલ પર જ થાય.**

સ્વાર્થાધતા, એકાન્ત વિષયરસ, કે કષાયના આવેશમાં તો દિલ ક્ષુદ્ર તુચ્છ જ રહે, ઉમદા નહિ. એ ઓછા કરવા નથી ને ધર્મક્રિયા મોટી કરવી છે તો એમાં સાચી સાત્વિક ધર્મારાધના નહિ થાય. એ તો એ તામસ ભાવોને દબાવીએ, હટાવીએ, ઓછા કરીએ તો જ સાત્વિક આરાધનાને જગા મળે, અને એનો શુદ્ધ આનંદ જોવા પામીએ.'

ધર્મની આરાધના કરીએ છીએ, પરંતુ એનો હૃદયના તાર ઝણઝણાવે એવો આનંદ આલ્હાદક ક્યાં અનુભવાય છે ? આનંદ કદાચ અનુભવમાં આવતો હશે, તો તે ધર્મ કરતાં કોઈ સારી સગવડ મળ્યાનો, ય સારું માનપાનાદિ ફળ મળ્યાનો આનંદ પરંતુ ધર્મ આરાધવા મળ્યાનો શુદ્ધ આનંદ ક્યાં છે ? કેમ નથી ? કહો, સાત્વિક આરાધના નથી થતી માટે; તામસભાવો કાઢી દિલ ઉમદા બનાવીને કરાતી નથી. તેથી આરાધનાનો આનંદ અનુભવાતો નથી.

**તામસભાવો હટાવી, ધર્મસાધનાનો શુદ્ધ આનંદ અનુભવાય, તો મજાલ છે, કે મનમાં વિષયોના આંધળા આંનદ ઊઠી શકે ?**

વીતરાગ પરમાત્મા દર્શનમાં એવા અદ્ભુત હૃદયસ્પર્શી આનંદનો અનુભવ

કર્યા પછી દુન્યવી રૂપરંગના હૃદયસ્પર્શી આનંદ આવી શકે ?

થોડા પણ ત્યાગની આરાધનાનો આલ્હાદ અનુભવ્યા પછી બાકીના ભોગમાં આંધળા આલ્હાદનો અનુભવ થઈ શકે ?

તપ એટલે ખાવાનું છોડયું તે. એનો શુદ્ધ આનંદ અનુભવ્યો, એટલે પછી ખાવાના ભરચક આનંદમાં મન મસ્ત ન બની શકે.

વાત આ છે,-પ્રભુની આરાધના કરવી છે. ધર્મની આરાધના કરવી છે, આરાધનાનો જ હૃદયસ્પર્શી આનંદ અનુભવવો છે. તો એ દિલને સાત્વિક બનાવવાથી થાય, દિલમાંથી સ્વાર્થાંધતા, આંધળા વિષયરસ, કષાયના આવેશ,...વગેરે તામસી ભાવોને દબાવવાથી અને દિલ ઉમદા બનાવવાથી થાય.

કનકરથ રાજકુમારનું દિલ ઉમદા છે, એટલે નવી પત્ની રુકિમણીનું ભયંકર દુશ્ચરિત્ર ખબર પડ્યા પછી એના બાપને પણ કહેતો નથી. દિલમાં એના પાપે ઋષિદત્તાનો ઘાત થયો સમજી દુખિત થઈને હવે ચિતામાં બળી મરવા તૈયાર થઈ ગયો છે. એને રોકવા એનો પરિવાર પણ સમર્થ નથી, તેથી હવે પરિવાર અને લોકો ઋષિદત્તા-યોગિરાજને કહે છે કે તમે કુમારને સમજાવો ને જેથી એ આમ અકાળે મૃત્યુને ન ભેટે.

**યોગિરાજ કનકરથને સમજાવે છે :-**

હવે ઋષિદત્તા-યોગિરાજ આગળ આવીને કનકરથને કહે છે,'કુમાર ! શું એક મનોહર પત્નીની પાછળ મરવું ઉચિત છે ? તમે તો એક પૃથ્વીના સ્વામી છો, જ્યારે તમારી અવસાન પામેલી ઋષિદત્તા તો એક સ્ત્રીમાણસ કહેવાય. એની ખાતર શું તમારા જેવા પૃથ્વીપતિ મરે ? એના પર તમને ગમે તેટલા પ્રેમ હોય, પરંતુ તમે ક્યાં એની એકલીના માલિક છો ? તમે તો આખી પ્રજાના માલિક; એટલે તમારે તો એકલી એની સામે નહિ, પણ આખી પ્રજાની સામે જોવું જોઈએ.

'બીજી પણ વાત એ છે કે તમે અહીં સાથે લઈ આવ્યા ત્યારે વચન આપીને લાવ્યા છો કે 'પાછા વળતાં હું તમને અહીં આશ્રમે પહોંચાડી દઈશં.' તો એ વચનનું પાલન કર્યા વિના જ શું અહીં મને અસ્થાને મૂકી પરલોક ચાલ્યા જવું છે ?"

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૧,અંક-૨૯,તા.૧૪-૪-૧૯૭૩**

કુમાર કહે છે, 'માફ કરો, હું લાચાર બન્યો છું, ગુણિયલ પ્રિયાના વિરહનું દુઃખ મારે એટલું અસહ્ય બની ગયું છે કે મારે તમને અહીં જ મૂકીને મરવું પડે છે. તમને મારા માણસો તમારા આશ્રમે પહોંચાડી દેશે. આટલી મારી ન્યૂનતાની ક્ષમા કરજો."

**જીવોની પરલોકગતિ ભિન્ન ભિન્ન :-**

યોગિરાજ કહે, "એ તો ઠીક છે, હોવાની વસ્તુ છે, બાકી તો હું એકલે પંડેય જઈ શકું છું. એટલે એની ચિંતા કરશો નહિ. પરંતુ કુમાર ! વાત એટલી છે કે તમે કદાચ પરલોકમાં પ્રિયાના પુનઃ સમાગમની ઈચ્છાથી મરવા તૈયાર થયા હશો, કિન્તુ શું તમે નથી જાણતા કે એ તમારો પ્રયત્ન ફોગટ છે, કારણકે જીવોની પરલોકગતિ ભિન્ન ભિન્ન હોય છે. મરીને કોઈક ક્યાં જાય, ને બીજો વળી બીજે જ જાય. જીવોને પરલોકની ગતિ કરાવી આપનારાં કર્મ નિરનિરાળાં હોય છે, અને એ કર્મ ઊભાં કરનાર કૃત્ય અને દિલના ભાવ જુદા જુદા હોય છે, પછી એકસરખી ગતિ ક્યાંથી થાય ? તમારી પત્ની એના પોતાનાં કૃત્ય અને ભાવોનાં કર્મ લઈને કોઈ ગતિમાં ચાલી ગઈ હોય, હવે તમારા જીવનકૃત્ય અને ભાવ એનાથી જુદા, એટલે તમે જુદી જાતનાં કર્મ લઈને જાઓ, તે પેલીની ગતિમાં જ ક્યાંથી પહોંચી શકવાના ? તમે એને મળવા માટે મરો, પણ એ મળવાની નહિ. તો પછી આમ તમારો મરવાનો પ્રયત્ન શું વ્યામોહ નથી ? માટે કુમાર ! મરીને તમે એને ભેગા થઈ શકવાની કલ્પના રાખો તે ખોટી છે. ભેગા થવાનું તો હજી ય તમે જીવતા હો, તો કદાચ થઈ શકે.

**જીવતો નર ભદ્રા પામે :-**

**रुदता कुत एव सा पुनर्, भवता नानुमृतापि लभ्यते ।**
**परलोकजुषां स्वकर्मभिर्गतयो भिन्नपथा हि देहिनाम् ॥**

પત્નીની પાછળ ગમે તેટલું રોઈને તમે મરો છતાં પણ તમને એ ક્યાંથી મળવાની ? કેમકે જીવોને પોતપોતાના કર્મે ઊભી થતી પરલોક ગતિના માર્ગ ભિન્ન ભિન્ન હોય છે. એટલે તમારે મર્યા પછી તો સમાગમની કલ્પના જ ન રાખવી. હજી ય જીવતો નર ભદ્રા પામે એ ન્યાયે જીવતા રહ્યે. ક્યાંકથી ય એનો સમાગમ મળવા સંભવ રહે. તે સંભાવના તમારે આમ મરીને ખત્મ કરવી છે ?"

કુમાર આ સમાગમના સંભવનું સાંભળીને ચોકે છે, કહે છે, 'હેં ? શું મને અહીં જીવતા રહ્યે એ પ્રિય વલ્લભા ફરીથી મળી આવે ? યોગિરાજ ! તમે મને આમ કહીને શું આશાના દોરે લટકાવી રહ્યા છો ? એ તો રાજીમતી ને નેમનાથ ભાગ્યશાળી કે પૂર્વ ભવોમાં જીવતા ય સાથે રહ્યા અને મર્યા પછી ય સાથે થયા. બાકી તો મરી ચુકેલા જીવો શું આવીને પાછા અહીં ભેગા થાય ?એમ મરી ચૂકેલી મારી એ પ્રિયા અહીં મને પાછી આવીને જીવતા રહ્યે શાની આવીને મળે ? મારાં એવાં ભાગ્ય ક્યાં છે ?'

યોગિરાજ કહે છે, 'હે મહામતિ ! એમ ખેદ કરશો નહિ. તમારુ જીવતા અગ્નિસ્નાન કરવાનું આટલું બધું સત્ત્વ છે તો એ મરી ગઈ મનાયેલી પણ કેમ

સજીવન નહિ થાય ? મહાસત્ત્વથી શું નથી બની આવતું ?'

કુમારને આ શબ્દો પર શંકા પડે છે કે ત્યારે ખરેખર ઋષિદત્તા મરી ન હોય, અને આમણે ક્યાંક એને જોઈ હોય. નહિતર આ ફરીથી મળવાનો યોગ કેમ સૂચવે ?

યોગિરાજને એ નમસ્કાર કરીને કહે છે 'તો તો ભગવન્ ! જો એમજ હોય તો એનો અર્થ એમ લાગે છે કે ઋષિદત્તા ખરેખર મરી નથી ને આપે ક્યાંક એને જોઈ છે, અગર સાંભળી છે. માટે મહેરબાની કરો, તમે જ્યાં ક્યાંક એને જીવંત જોયેલી કે સાંભળેલી હોય ત્યાંથી સત્વર પ્રગટ કરો. આટલી મારા પર કૃપા કરો, જીવનભર હું તમારો ઉપકાર નહિ ભૂલું. પ્રકાશો એ હાલ ક્યાં છે ?'

ઋષિદત્તાએ કુમારને સહજભાવની એવી ઈંતેજારી સુધી લાવી મૂક્યો છે કે હવે એ પોતાનો પત્તો આપે તો કુમારના દિલમાં બરાબર બેસી જાય.

**ઈંતેજારી ચીજ એવી છે કે એના પર સાંભળવા મળે એ ગળે ઊતરી જાય.**

**તત્ત્વબોધનો પાયો તત્ત્વજિજ્ઞાસા :-**

ધર્મની અને તત્ત્વની બાબતમાં માટે જ જ્ઞાનીઓએ ઈંતેજારીને અર્થાત્ જિજ્ઞાસા અને શુશ્રૂષાને મહાન પાયાના ગુણ કહ્યા છે. આઠ યોગદૃષ્ટિમાં પંચમી દૃષ્ટિએ તત્ત્વબોધ મળે છે. પણ એ મળવાં પૂર્વે બીજી અને ત્રીજી દૃષ્ટિમાં તત્ત્વજિજ્ઞાસા અને તત્ત્વશુશ્રૂષા એટલે કે તત્ત્વ સાંભળવાની તાલાવેલી આવશ્ક બતાવી એના પર જ જે તત્ત્વશ્રવણ થાય એ જ ચોથી યોગદૃષ્ટિમાં ચડાવી આગળ તત્ત્વબોધ-તત્ત્વમીમાંસા વગેરે ઉપરની યોગદૃષ્ટિનાં સોપાને ચડાવી શકે.

અષ્ટાપદજી ઉપર તપ તપતા ૧૫૦૩ તાપસને ગુરુ ગૌતમ સ્વામી મળવા પર આ તત્ત્વ જિજ્ઞાસા અને તત્ત્વ શુશ્રૂષા અજબ પ્રગટેલી; તો જ ગુરુ પાસેથી થોડાંક જ તત્ત્વનું શ્રવણ મળતાં એના બોધને એવો વિકસાવ્યો કે ઠેઠ આઠમી યોગદૃષ્ટિ સુધી એ તરતમાં ચડી ગયા.

તત્ત્વ જાણવા સાંભળવાની શુદ્ધ ઈંતેજારી યાને જિજ્ઞાસા-શુશ્રુષાની બલિહારી છે. નહિતર ક્યાં એ તાપસોની અજ્ઞાન મિથ્યાત્વમગ્ન દશા ? અને ક્યાં તરતમાં જ એમની વીતરાગ સર્વજ્ઞ અવસ્થા ? બેનો કોઈ મેળ ખાય એમ નથી. આપણાં જ જીવનમાં જોઈએ તો આપણી જાતને સમ્યગ્દર્શન સમજાવનાર જિનશાસન પામેલી માનીએ છીએ છતાં જાતમાં વીતરાગતાના ક્રોડો કિરણોમાંનુ એક કિરણ પણ સ્ફુરવાનું ક્યાં દેખાય છે ? ત્યારે ૧૫૦૩ તાપસોને મિથ્યા દર્શન માંથી બહાર નીકળી જૈન દર્શનમાં આવતાં તરતમાં જ વીતરાગના ક્રોડો કિરણો ઝગમગી ઊઠ્યા, એ કેટલું મોટું આશ્ચર્ય ! પરંતુ આ પ્રભાવ જૈનદર્શની ગુરુ મળવા પર સ્ફુરી ઊઠેલી તત્ત્વ-જિજ્ઞાસા અને તત્ત્વશુશ્રૂષાનો હતો, તત્ત્વની ઈંતેજારીનો હતો.

વિચારો, શું આપણને ગુરુ નથી મળ્યા ? તો આપણને આવી તત્ત્વની જાણવાની ઈંતેજારી છે ? કે એના બદલે દુનિયાભરનું આડુઅવળું જાણવા-સાંભળવાની જ તાલાવેલી છે ? શું વિચાર નથી આવતો કે આવા ઉત્તમ ભવમાં અને ઉત્તમ હૃદયે આ ગટર-કલાસ ઈંતેજારીઓ રાખ્યા કરવાની ? ઉત્તમબુદ્ધિ-શક્તિએ એ જ કચરાકલાસ સાંભળવાનું સમજવાનું-ચિંતવવાનું ?

**દુનિયાના વિષયમાં ઈંદ્રિય-વિષયોની જિજ્ઞાસા તો અનાર્ય માનવના દિલમાં વસે ? કે આર્ય માનવ-હૃદયમાં ?**

**વિષયોની ઈંતેજારીમાં તત્ત્વની ઈંતેજારી ન આવે :-**

ભૂલેચૂકે જો અનાર્ય મ્લેચ્છ તરીકે જન્મી ગયા હોત, તો તો દિલમાં એવી મારક જિજ્ઞાસાઓ રાખવાનું મહલાવાનું લમણે લખાયું હોત ત્યારે અહીં ઉત્તમ આર્યકુળે જન્મ પામ્યા પર કોઈ ફરક નહિ ? આર્યહૃદય મળી જવા કશો ફરક નહિ ?

ભૂલશો નહિ, દિલમાં એવી વિષયોની ગલીચ ઈંતેજારીઓ રાખ્યા કરી તત્ત્વની ઈંતેજારી નહિ જાગે. સવારના ઊઠીને છાપું જોવાની તાલાવેલીવાળાને એ ક્યાં સૂઝે છે કે 'લાવ આના બદલે ઉપદેશમાળા, તત્ત્વાર્થસૂત્ર કે એવું કાંઈક વાચું તો ઝેરનાં બદલે તત્ત્વબોધનાં અમૃતપાન મળે ? અરે પ્રભાતે તીર્થંકર ભગવાન વગેરે મહાપુરુષનું ચરિત્ર લઈને વાંચવા બેસું તો દિવસના ઉત્તમ સત્કૃત્ય આચરવાની અને સદ્‌ગુણો કેળવવાની ભવ્ય પ્રેરણા મળે,' આવો વિચાર જ ક્યાં છે ? કેમ નહિ ? કહો, અતત્ત્વ જાણવા-વાંચવાની જ ભારે ઈંતેજારી છે માટે; પ્રભાતે મદિરાપાન-તુલ્ય છાપાંવાચન અને ચાપાણીની તાલાવેલી મૂક્યા વિના સમ્યગ્જ્ઞાનરૂપી અમૃત-પાનની તાલાવેલી ક્યાંથી જાગે ?

**યોગિવચન પર રાજાને બેચેની :-**

પેલા રાજાને તત્ત્વ સમજવાની તાલાવેલી હતી, તો તત્ત્વ દેનાર એ પંડિત યોગીરાજનો પત્તો મેળવવા ઢંઢેરો પીટાવ્યો પંડિતની પત્નીએ જઈને ત્રણ દિવસ બાદ યોગિરાજના દર્શન કરાવવા કહ્યું, ત્યારે એને આનંદનો અવધિ ન રહ્યો અને હવે ત્રણ દિવસ એક જ લગન રહી કે 'અહો ! ક્યારે યોગિરાજ ભેટે ? અને હું એમની પાસેથી 'જાગને કે ભવમેં સોના નહીં 'નું તત્ત્વ સમજું !' આ લગની એટલી જોરદાર કે બીજી વાતમાં હવે ચેન નથી, મનમાં બીજું કાંઈ જ આવતું નથી, ને ત્રણ દિવસ મુશીબતે પસાર કરે છે.

ત્રણ દિવસ બાદ રાજા પંડિતના ઘરે આવ્યો. અહીં પંડિતે પણ પૂર્વના જેવો યોગિરાજનો સ્વાંગ સજી લીધો હતો. અંદરના ઓરડામાં પેસતા જ રાજાને યોગિરાજનાં દર્શન થયાં, ને હૈયું નાચી ઊઠયું. યોગિરાજનાં ચરણે મસ્તક નમાવી

વંદના કરે છે. ને માથું ઊંચકી આંખમાં ઝળઝળિયા સાથે યોગિરાજની સામે એકી ટસે જોઈ રહે છે. પછી ગદ્‌ગદ અવાજે કહે છે,-

'ભગવન ! અહોભાગ્ય મારા કે આપના ફરી દર્શન પામ્યો ! આપે દર્શન આપી સેવક ઉપર કેટલો બધો અથાગ ઉપકાર કર્યો ?' આ અસાર સંસારમાં આપ સરખા યોગિરાજનો યોગ ક્યાં મળે ? આપે પૂર્વે કહેલું અણમોલ વચન હજી યાદ આવે છે,-'જાગને કે ભવમેં સોના નહીં' કેટલું બધું રહસ્ય અને ભાવભર્યું વચન ! કૃપા કરી મને એનું રહસ્ય આપ ન સમજાવો ?'

**'જાગને કે ભવમેં સોના નહીં' નું રહસ્ય :-**

યોગિરાજ બનેલ પંડિત કહે છે,-

દેખો મહાનુભાવ ! અપની આત્મા ઈસ સંસાર મેં અનતં અનંત કાલ સે વિષયો કી લગન મેં સોઈ હુઈ હૈ. યહ એક નિદ્રા હૈ, ક્યોં કિ ઈસમેં જીવ અપના ભાન ખો દેતા હૈ અપના સ્વરૂપ રાગ-દ્વેષાદિ વિકારોસે મુક્ત શુદ્ધ નિર્વિકાર હૈ, સચ્ચિદાનંદ સ્વરૂપ હૈ. કિન્તુ જીવ બાહ્ય ઈન્દ્રિયો કે જડ વિષયો કી લગનમેં રાગ-દ્વેષાદિ વિકારો કો જાન બુઝ કર અપનાતા હૈ. વહાં અપને સ્વરૂપ કા ભાન કહાં રહા ? માયા કી લગન મેં સ્વકીય સ્વરૂપ કા ભાન નહીં ઈસકા અર્થ અપના હી ભાવ નહીં રહા, ઔર યહ નિદ્રા હી હૈ.

અબ ઈસ દેવદુર્લભ માનવભવ મેં મહર્ષિયો કે તત્ત્વજ્ઞાન સે ઈસ માયા કા વ આત્મસ્વરૂપ કા પતા ચલા; તબ યહ સુર્વણ અવસર હૈ કિ હમ વિનશ્વર જડ માયા કા મોહ છોડ દે; વિષયો મેં વિવશ ન હો, ઈનકે વશ ન હો રાગ-દ્વેષાદિ વિકારો કો અપનાના કમ કર દે. યહ કરના યહી નિદ્રામેં સે જાગના હૈ જાગૃતિ હૈ; ઔર યહી કરના ઉચિત હૈ. ક્યોં કિ રાગ દ્વેષ કે વિચારો મેં જીવ દુઃખિત હોતા હૈ, જડ વિષય નાશવંત હૈ, પરિવર્તન શીલ હૈ, ઈસલિયે અબ ઈષ્ટ માના ગયા વિષય કાલાન્તર મેં અનિષ્ટ હોતા હૈ, એવં અનિષ્ટ યહ ઈષ્ટ બન જાતા હૈ ઈસ પ્રકાર રાગ-દ્વેષ સે અબી સુખ અબી દુઃખ માનતા હૈ. યહ કોઈ સચ્ચા સુખ નહીં અગર વિષયો કી લગન છોડે, રાગ-દ્વેષ વશ ન હો, તો આત્મ કે સચ્ચે અનંત આનંદ કે પ્રતિ આગેકૂચ કર સકતા હૈ; ઔર અંત મેં એક દિન અપના સચ્ચિદાનંદ સ્વરૂપ પ્રગટ હો જાતા હૈ યહ કરને કે લિએ યહ માનવભવ ઉત્તમ હૈ.

બસ, ઈસી લિયે કહા ગયા કિ જાગને કે ભવમેં સોના નહીં ઈસકા યહ રહસ્ય હૈ અબ જાઇએ; ઈતના કાફી હૈ ઈસ પર સોચતે રહિયે વ અપની આત્માકો જાગ્રત કરતે ચલિએ."

**રાજાને ભારે અસર : તત્ત્વજ્ઞાનની કિંમત :-**

યોગિરાજે જે આ સંભળાવ્યું એ સાંભળવામાં રાજા એકદમ લીન થઈ ગયેલો,

તે એ ઈંતેજારીમાં રાજા એમાં અવનવો પ્રકાશ પામે છે, ને જાણે 'યોગી બોલ્યા જ કરે અને હું સાંભળ્યા જ કરું,' એમ એને લાગે છે. પણ હવે યોગિરાજે વક્તવ્યપૂર્ણ કરતાં આટલો મોટો પ્રકાશ મળવા પર એ ખૂબ વિચાર-મંથન કરવા જેવું હોઈ હવે વધુ બોલી શકતો નથી. બહાર નીકળતાં પંડિતાણીનો પણ ભારે ઉપકાર માને છે અને દસ હજાર સોનૈયા અપાવવા ઉપરાંત કાયમી મોટું વર્ષાસિન બાંધી આપે છે.

તમને આમાં નવાઈ લાગશે કે 'આટલું તત્ત્વજ્ઞાન મળવામાં આટલું બધું ઈનામ ?' પરંતુ તત્ત્વજ્ઞાનની જેને ભારે ઈંતેજારી હોય,-એટલી બધી કે મોટું હીરા-માણેકનું નિધાન જે કિંમતી ન લાગતું હોય,એવું તત્ત્વજ્ઞાન કિંમતી લાગતું હોય, તેથી જ મોટા નિધાન કરતાં આ કિંમતી તત્ત્વજ્ઞાન મેળવવાની ભારે લગની હોય, ઈંતેજારી હોય,-એ એવું મળવાની પર દસ હજાર સોનૈયા ફેંકી દે અને કાયમી વર્ષાસિન બાંધી આપે, એની એને પોતાને વિસાત ન લાગે. ઈંદ્રભૂતિ ગૌતમે એમાં સંસાર ફેંકી દઈ પ્રભુચરણ સ્વીકાર્યાં.

મુખ્ય વાત આ છે કે તત્ત્વજ્ઞાનનું ઊંચું મુલ્ય સમજાવું જોઈએ, અને એ મેળવવાની ભારે ઈંતેજારી રહેવી જોઈએ. પણ,

**ધન અને વિષયોના લાલચુનો મરો છે.**

તત્ત્વજ્ઞાન કરતાં તુચ્છ ધન અને વિષયસુખને કિંમતી માનનારને આવી તત્ત્વજ્ઞાનની ઈંતેજારી ય શાની થાય ? અને તત્ત્વજ્ઞાન મળવા પર બદલામાં એ પમાડનારને હજારો લાખો રૂપિયા દેવાની વાત કલ્પનામાં ય શે ઊતરે ? બોલો, રોજ તત્ત્વજ્ઞાન લઈ જાઓ છો; એ તત્ત્વજ્ઞાન અપાવનાર જિનશાસન છે, તો જેમ પેલા રાજાને તત્ત્વજ્ઞાન અપાવનાર પંડિતાણીને હજારો દેવાનું મન થયું, એમ તમને રોજ મળતા નવા નવા તત્ત્વજ્ઞાનને દેવરાવનાર જિનશાસનને હંમેશા કાંઈ ને કાંઈ દેવાનું મન થાય છે ?

**પૈસા ક્યાં દેવાય ?**

ના, 'તત્ત્વજ્ઞાન મળવામાં વળી પૈસા શાના દેવાના ?' એમ જ લાગે છે ને ? કારણ ? 'પૈસા કિંમતી છે એ કાંઈ એમ ફેંકી દેવાના ન હોય. હા, બદલામાં એવી અગર વધુ કિંમતની ચીજ મળતી હોય, તો એના માટે પૈસા અપાય, 'આ જ તમારા મનનું ધોરણ ને ? કીલો દૂધ લઈ આવો તો રૂપિયો બે રૂપિયા દેવાના હોય; કીલો ઘી લાવો તો દસ-પંદર રૂપિયા દેવાના હોય, ઘરવાળા માટે સારી સાડી લઈ આવો તો બસો-પાંચસો દેવા જોઈએ; દાગીનો લાવો તો બે-પાંચ હજાર દેવાના હોય, પણ મહાકિંમતી તત્ત્વજ્ઞાન લાવો એમાં વળી દેવાનું હોતું હશે ? કેમ નહિ દેવાનું ? કારણ, પેલી બધી ય વસ્તુ કિંમતી તે એના માટે પૈસા ફેંકી દેવાય,

પણ તત્ત્વજ્ઞાન ક્યાં કિંમતી છે તે એ મળવા પર પૈસા દેવાના હોય ? મનનું તમારે આ જ ધોરણ છે ને?

અરે ! પૈસા ન ય છૂટે પણ મનને એટલું ય લાગે કે 'તત્ત્વજ્ઞાન તો એટલું બધું કિંમતી છે કે એ મળવા પર સર્વસ્વ દઈ દઈએ તો ય ઓછું છે; હું કશું નથી દેતો એ 'મારી હીનભાગી દશા છે,'-આમ લાચારી અનુભવાય, તો ય તત્ત્વજ્ઞાનને કિંમતી માન્યું ગણાય. શું એ વિચાર ન આવે કે 'સીધો હિસાબ છે કે

**જગતની થોડી પણ કિંમતી માનેલી વસ્તુ સામે પૈસા ઓછા કિંમતી છે, તેથી એ વસ્તુ લેવા પાછળ પ્યારા પણ પૈસા દેવા જોઈએ છે, તો શું તત્ત્વજ્ઞાન, કે પ્રભુદર્શન વગેરે, એ મળવા પાછળ કશું દેવું ન જોઈએ ?**

બસ, તત્ત્વજ્ઞાન એવું કિમતી ન લાગે, પછી એ મેળવવાની ઈંતેજારી શાની હોય ? અને ઈંતેજારી વિના સાંભળેલુ હૈયાને શાનું હચમચાવે ? કહેતા નહિ, કે

પ્ર.- અહીં અમે સંભળવા આવીએ છીએ તે ઈંતેજારી વિના આવતા હોઈશું ?

ઉ.- જો તત્ત્વબોધ પામવાની ઈંતેજારીથી અહીં સાંભળવા આવતા હો, તો અંતરાત્માને પૂછી જોજો કે સાંભળવા પર હૈયું હચમચી ઊઠે છે ? જીવને એ પાણી પાણી કરી દે છે ? પેલો રાજા ઈંતેજારીથી સાંભળવા આવેલો, તો સાંભળતાં સાંભળતાં એનું હૈયું વલોવાઈ જતું હતું, અને સાંભળીને ગયા પછી તો એના ઊંડા ચિંતનમાં પડી ગયો કે સંસારની માયા એને હવે બેકાર ફિક્કી, અને ભારરૂપ મહાબંધનરૂપ તથા ભયંકર દુઃખદ લાગવા માંડી.

**'હાય આ બેકારી ને બંધનરૂપ માયા પાછળ રાગ-દ્વેષાદિ ખરાબીઓમાં પડી જાતની પાયમાલી નોતરવાની ? કેવી ગોઝારી માયા !'**

એમ એને લાગવા માંડ્યું, તમને એવું લાગે છે ને ? ના, કેમ નહિ ? કહો, સાંભળવા તો આવો છો, પણ એ રાજાના જેવી તત્ત્વબોધ મેળવવાની ઈંતેજારીથી અહીં સાંભળવા આવતા નથી. રાજાને તત્ત્વની ઈંતેજારીમાં પંડિતાણીનું આશ્વાસન મળ્યા પછી તત્ત્વબોધ મળશે એવી આશા પર ત્રણ દિવસ કાઢવા પડ્યા એમાં એને ચેન નહોતું પડતું.

રાજશાહી સુખમાં ચેન નહિ એ તત્ત્વબોધની કેવી ઈંતેજારી ?

**સમ્યક્ત્વનું લિંગ તત્ત્વશુશ્રૂષા :-**

આ ઈંતેજારી યાને તત્ત્વશુશ્રૂષાને, તત્ત્વ સાંભળવાની ઈચ્છાને મામુલી સમજતા નહિ સમ્યગ્દર્શનનું એ લિંગ છે, અને એ પણ પ્રબળ કોટિની હોવી જોઈએ. કહ્યું ને સમ્યક્ત્વના ૬૭ વ્યવહારની ઢાળમાં, કે

**'તરુણ સુખી સ્ત્રી પરિવર્યો રે. ચતુર સુણે સુરગીત;**
**તેહથી રાગે અતિ ઘણે રે. ધર્મ સુણ્યાની રીતે રે,**

**પ્રાણી ! ધરીએ સમકિત રંગ"**

શું કહ્યું ? હે ભવ્યાત્મન્ ! સમ્યક્ત્વનો રંગ ધારણ કર, હૃદયને સમ્યક્ત્વ-સમ્યગ્દર્શનના રંગથી રંગી દે; રંગ કેવો ? જેમાં ધર્મ સાંભળવાની રીત ભારે પ્રીતિવાળી હોય. પ્રીતિ કેવી ભારે ? તો કે યુવાન ઉંમરનો ને સર્વ વાતે સુખી માણસ મનગમતી સ્ત્રીથી પરિવરેલો સ્વસ્થતાથી બેઠો હોય અને ગંધર્વના ગીત સાંભળવા મળ્યા હોય તો એ સાંભળવાંમાં એને કેટલો બધો રસ-રાગ-પ્રીત હોય ? એના કરતાં અતિ ઘણો રસ- રાગ-પ્રીત સમકિતીને ધર્મ સાંભળવામાં હોય **ધર્મ આટલા ઉત્કટ અનન્ય રસથી સાંભળવાની પદ્ધતિ એ સમ્યક્ત્વનું લિંગ છે, ચિહ્ન છે.**

લિંગ-ચિહ્ન સમજો ને ? સમ્યક્ત્વ હોય તો જિનેશ્વર ભગવાનનો ધર્મ સાંભળવાની આવી પ્રીતભરી રીત હોવી જ જોઈએ. એવી રીત ન હોય તો અંદરમાં સમ્યક્ત્વ હશે કે કેમ એ વિચારણીય બને. પોતાનું દિલ તપાસવાની જરૂર છે. ધર્મ સાંભળવામાં આવો અતિ ઘણો રસ રહે છે ? જો ના, તો સમકિતના ફાંફા સમજવા પડે. સમ્યક્ત્વ હોય તો તો સંસારને અસાર અને પાપને ગોઝારા દેખ્યા છે. ધર્મને મહાસારભૂત તારણહાર સમજી રાખ્યો છે; પછી શું એ ધર્મ સાંભળવામાં એટલો ઉત્કટ રસ ન હોય ? અને પાપનું મોહનું વિષયોનું સુણવામાં ભારે રસ આવે ?

**એવો જો પાપશ્રવણનો રસ હોય અને ધર્મશ્રવણમાં રસ નહિ, તો ધર્મ શો ગમ્યો ? ધર્મ પર રાગ કેવો ?**

**સમ્યક્ત્વ તો દેવ-ગુરુ-ધર્મનો જ રાગ રસ અને વિષયોનો વૈરાગ્ય માગે છે.**

**સમકિતીને દેવ-ગુરુ-ધર્મ સરસ-રસદાર લાગે અને વિષયો નીરસ લાગે.**

આવા સરસ લાગેલા દેવ-ગુરુ-ધર્મનું સાંભળવામાં રસ ન આવે એ બનવા જોગ નથી. શરીરમાં સુસ્તી બેચેની રહ્યા કરતી હોય તો આરોગ્યના વાંધા અને કોઈ રોગની પીડા સમજવી પડે; એમ દેવ-ગુરુ-ધર્મનું સાંભળવામાં સુસ્તી નીરસતા રહેતી હોય, રસ ન આવતો હોય તો સમ્યક્ત્વરૂપી આરોગ્યના વાંધા સમજવા પડે, મિથ્યાત્વનો રોગ પીડતો-પ્રવર્તતો સમજી લેવો પડે.

શરીરમાં સુસ્તી કે સ્ફુર્તિ એ રોગ કે આરોગ્યનું માપક યંત્ર બેરોમીટર છે; એમ ધર્મ સાંભળવામાં નીરસતા કે ભારે રસ એ મિથ્યાત્વ યા સમ્યક્ત્વનું માપક યંત્ર છે.

**સતીને કોનું સાંભળવાનો રસ ? :-**

સ્ત્રીમાં પતિ અંગેનું સારું સાંભળવામાં રસ છે ? કે પર પુરૂષ અંગેનું સુણવામાં રસ છે ? એ પતિ પરના કે પુરૂષ પરના રાગ-આસ્થા-વફાદારીનું સૂચક છે. પતિના બહારગામથી સમાચાર લાવેલો કોઈ સંભળાવી રહ્યો હોય, પરંતુ એ સાંભળવામાં

જો એને રસ ન પડતો હોય, અને અહીંના કોઈક માણસના સમાચાર એ ટેસથી રસપૂર્વક સાંભળતી હોય, તો વહેમાવું પડે ને કે એને પતિમાં રસ હશે ?

એમ આપણે વિષયોના દેશમાં રહીએ છીએ, ને ધર્મ એ જાણે વીતરાગના દેશની અર્થાત પરદેશની વસ્તુ છે. શાસ્ત્ર જાણે આ પરદેશની વસ્તુરૂપ ધર્મની વાત કહે છે, ધર્મના સમાચાર આપે છે. રસ શું સાંભળવામાં ? વિષયોનું કે ધર્મનું ? ધર્મનું સાંભળવામાં કેટલો બધો રસ ?

દા.ત. માનો કે કોઈ રાજકુમારીને બાપે કોઈ બીજા રાજ્યના રાજકુમારને દીધી હોય, પછી રાત દિ' એ એની રટણા કરતી, અને એ રાજકુમારના સમાચાર કોઈ લઈ આવે તો એ સાંભળવામાં લયલીન બનતી. હવે જો એના બદલે કાંઈ બીજા જ કુમારનું સાંભળવમાં રસ લેતી દેખાય અને ઠરાવેલ પતિ રાજકુમાર અંગેનું સાંભળવામાં એને રસ ન આવતો દેખાય, તો સમજવું પડે ને કે એને પતિમાં રસ નથી ? જો પતિમાં રસ હોય તો માત્ર પતિનું સાંભળવામાં ઉત્કટ રસ રહે. એ રસ જોઈ માનવાનું મન થાય કે એને પતિમાં જ રસ છે.

**બસ, સમ્યકત્વ એટલે દેવ-ગુરુ-ધર્મનો અનન્ય રસ એ હોય પછી એમના અંગેનું સાંભળવામાં અતિ ઉત્કટ રસ આવે.**

એ ન આવતો હોય અને મોહનું-સંસારનું- વિષયોનું સાંભળવામાં ભારે મજા રહેતી હોય, તો સમજવું પડે કે જીવને દેવ-ગુરુ-ધર્મમાં એવો રસ નથી. ધર્મ સાંભળવામાં અતિ ઘણો રસ,'- એ સમ્યકત્વનું લિંગ છે. એવો રસ હોય ત્યાં ધર્મ સાંભળવાની તત્ત્વ સાંભળવાની ભારે ઈંતેજારી તાલાવેલી રહેતી હોય.

ધર્મ-તત્ત્વ પામવાની ઈંતેજારીથી ધર્મ સાંભળવા આવે, સાંભળવા બેસે તો સાંભળતા સાંભળતાં રુંવાડા ખડા થાય, જીવ પામી જાય પણ જેમ ઊંઘ લાવવા માટે નવકારવાળી ફેરવવા બેસે, એને નવકારવાળીમાં શો રસ ? એમાં જે રહે છે એની સાથે હૈયું મિલાવવાનો કયો રસ હોય ? એમ માત્ર સમય પસાર કરવા માટે અગર કથાવાર્તા કે યુક્તિ-દલીલ યા અલક મલકનું અવનવું જાણવા માટે ધર્મ સાંભળવા બેસતો હોય, એને ધર્મ સાથે હૈયું મિલાવવાનો શો રસ હોય ?

**અકબરની ઈંતેજારી :-**

શુદ્ધ ધર્મ સાભળવાની ઈંતેજારી એ મોટી ચીજ છે. મુસલમાન બાદશાહ અકબરને એ ઈંતેજારી જાગેલી, અને જગદગુરુ હીરસૂરિજી મહારાજને દિલ્હી તેડી એમની પાસે એ ઈંતેજારીથી ધર્મ સાંભળતો, તો દયાધર્મ પામી ગયો; એણે હૃદયનું પરિવર્તન કરી નાખ્યું, આત્મામાં જડ ઘાલી બેઠેલી ક્રૂરતા-નિર્દયતા-ઘાતકીપણાને ફગાવી દીધી; અને એ સક્રિય દયામાં ઊતરી પડયો.

પેલા રાજાને એવી તત્ત્વની ઈંતેજારી જાગેલી એટલે એણે યોગિરાજ પાસે,

'જાગને કે ભવ મેં સોના નહીં' નું રહસ્ય ખૂબ રસથી સાંભળ્યુ, ગદ્ગદ થઈ ગયો, અને એનું હૃદય પરિવર્તન પામી ગયું. એણે ઘરે જઈને એ રહસ્ય જીવનમાં ઉતાર્યું. તમે ય રોજ ધર્મનાં તત્ત્વનાં વ્યાખ્યાન સાંભળો છો; તપાસજો એ સાંભળીને હૃદય પરિવર્તન પામી જાય છે ને ? જુની જડસુખ માન્યતાઓ ને કલ્પનાઓ પડતી મૂકાય છે ? આત્મામાં જડ ઘાલી બેઠેલા વિષયરસ ગુસ્સાના ને રોફના સ્વભાવ, પૈસાની મમતા, વગેરે હવે ડોલવા લાગે છે ? એ ઓછા થઈ જાય એવું હૃદય-પરિવર્તન થાય ખરું ? ઘરે જઈને એ સાંભળેલું સક્રિય અમલમાં ઉતારો ખરાં ? જો ના, તો મૂળ પાયામાં ધર્મની એવી ઈંતેજારીના વાંધા સમજવા પડે.

**ધર્મ સાંભળવા ને લેવાની લગન નહિ એ પાયાનો વાંધો છે એટલે ધર્મ સાંભળ્યા પછી અસર નથી રહેતી.**

**લગન મોટી ચીજ :-**

વિદ્યાનો અર્થી છોકરો મોટા પ્રોફેસરનું ભાષણ સાંભળે અને એમાંથી કશું લઈ ન જાય એ વાતમાં શો માલ છે ? ન લઈ જાય તો એ સાચો વિદ્યાર્થી નથી. એમ મોટા આચાર્યનું ધર્મ-વ્યાખ્યાન સાંભળીને એમાંથી કશો ધર્મ સાથે ન લઈ જાઓ, તો ધર્મના અર્થી શાના ? વાત આ છે કે પાયામાં ધર્મની ઈંતેજારી ઊભી કરો, લેવાની લગન ઊભી કરો.

પેલા કનકરથ રાજકુમારને ચિતામાં બળી મરતો અટકાવી લેવાની એના માણસોને લગન છે એટલે છેવટે ઋષિદત્તા યોગિરાજને વિનવે છે કે,'આપ ગમે તેમ કરીને આમને બળી મરતાં અટકાવો.' ત્યારે હવે અવસર જાણીને એ પણ જુએ છે કે રાજકુમારને ઋષિદત્તાની લગન છે એટલે કહે છે.

"શું આમ બળી મરવાથી પરલોકમાં ઋષિદત્તા મળવાની ?

**કર્મને પનારે પડેલા જીવોના પરલોકના પંથ ન્યારા; કેમકે એ પંથ કર્માધીન છે. ભિન્ન ભિન્ન કર્મે ભિન્ન ભિન્ન ગતિ.**

ભિન્ન પ્રકારના કર્મવાળો એક જીવ પરલોકમાં ક્યાંય ગયો, એની પાછળ એનાથી જુદા પ્રકારનાં કર્મ લઈને મરનારો બીજો જીવ એ પેલાને શાનો ભેગો થાય ? માટે મરીને ઋષિદત્તાને ભેગા થવાની આશા ફોગટ છે. હજી ય ભેગા થવાનું બને તો અહીં જીવતા રહીને બને. માટે જીવતા રહો, જીવતો નર ભદ્રા પામે."

કનકરથને ઋષિદત્તાની લગની છે, એટલે એને આ સાંભળવાનું મળતાં આશા બંધાય છે. વહેમ પડે છે કે, 'શું ત્યારે યોગિરાજના કહેવા હિસાબે ઋષિદત્તા ક્યાંક જીવતી તો ન હોય ?' એટલે તરત કહે છે,-

'તો તો ભગવન ! આપે ક્યાંક એને જોઈ-સાંભળી હોય તો તરત એને

પ્રગટ કરો.'

યોગિરાજ કહે છે,'કુમાર ! જ્ઞાનથી હું જાણું છું કે તમારી પ્રિયા અત્યારે જીવંત છે, અને તે દક્ષિણ દિશાના એક રાજાના નગરમાં છે. તમે જો આદેશ કરતા હો તો હું ત્યાં જઈને લઈ આવું.

આ સાંભળતા જ કુમારને આનંદનો પાર ન રહ્યો. એ તરત હાથ જોડીને કહે છે, "તો તો ભગવન્ ! આપનો મારા પર મોટો ઉપકાર થશે. જો આપે એ જ્ઞાનથી ત્યાં જોઈ છે, તો હવે એને અહીં લઈ આવવામાં આપે જરાય વિલંબ કરવો ઉચિત નથી. આપ જલ્દીથી જલ્દી એને લઈ આવવા કૃપા કરો."

**યોગિરાજનો ધડાકો :-**

યોગિ કહે,'તો હે ભાગ્યવાન ! હું એ તમારી પ્રિયાની પાસે હું અગ્નિસ્નાન કરીને પહોંચી જઈશ; અને એને અહીં લાવીને હાજર કરીશ.'

આ સાંભળતાં જ રાજકુમારના હોંશ ઊડી ગયા, ચોંક્યો કે, વળી આ શું ? આ પોતે બળી મરવાનું કહે છે તો બળી મર્યા પછીની કોને ખબર શું બને ? મારી પ્રિયાને લાવવાની વાતમાં શું આવા મહાન ઉપકારી વિશ્વવત્સલ યોગિરાજને મારે ગુમાવવા ?' એ તરત કહે છે,-

ભગવાન ! આપ આ શું બોલ્યા ? આપે જો અગ્નિમાં પડીને બળી જવાનું હોય તો તો મેં આપને પહેલેથી જ કહ્યું છે કે જે ગતિ આપની થશે તે મારી થાઓ. હું પણ આપની સાથે જ ચિતામાં; એટલે મારે આપની સાથે જ દક્ષિણના નગરમાં મારી પ્રિયાનો વહેલો યોગ પ્રાપ્ત થશે.'

ત્યારે યોગિરાજ કહે,-'જુઓ રાજકુમાર ! તો પછી હું જે જે કહું તે તમે કરશો ?'

કુમાર કહે, 'હા, જરૂર, તમે જે જે કહો તે મારે કરવાનું જ, પરંતુ હવે તમે વિલંબ કેમ કરો છો ? ઋષિદત્તા જીવંત છે એમ આપના શબ્દ પરથી લાગ્યા પછી મારે હવે એને મળવાનો એક ક્ષણનો પણ વિલંબ ભારે પડી જાય છે મને લાગે છે કે વિલંબ થાય તો મારા પ્રાણ નીકળી જશે. માટે હવે ઝટ કરો.'

**યોગિરાજનો બીજો ઉપાય :-**

યોગિરાજ કહે,-'જુઓ, તમારે ઉતાવળ જ છે તો પછી અગ્નિમાં પડી બળીને જવાની વિધિ નથી કરવી, એમાં બળતાં કરતાં વાર થાય. એટલે હવે મંત્રશક્તિથી જ તમારી પ્રિયા પાસે હું પહોંચી જાઉં છું, ને એ જયજયનાદ સાથે અહીં ઉપસ્થિત થાય એમ કરું છું. પરંતુ એમાં એક વાત રહેશે કે પછી મારાથી અહીં પાછા નહિ અવાય. કેમકે તમારું ઈષ્ટ સિદ્ધ થઈ જાય છે, એટલે એ કરી આપીને મારે મારી યોગસાધનામાં જ ચાલ્યા જવાનું છે.'

આ સાંભળતાં કુમાર વિચારમાં પડી ગયો કે 'અરે ! આ કેમ પાલવે ? પ્રિયાને મેળવવામાં આવા મહાન યોગિરાજને મારે ગુમાવવાના ? હાય ! આ કેમ બને ? પ્રિયા આવીને મને શું આપવાની ? ત્યારે આ મહર્ષિથી તો મને ઘણો ઘણો આધ્યાત્મિક લાભ થઈ રહ્યો છે. એટલે ઝટ યોગિરાજને કહે 'પ્રભુ ! તો તો ઊભા રહો. મારે કાંઈ પત્નીના લોભમાં આપને ગુમાવવા નથી. પ્રિયાનો શોક હું મૂકી દઉં છું. આપ જ મારી સાથે રહો.'

જગતમાં બે મળે, પ્રેયસ અને શ્રેયસ. શું જોઈએ, પ્રેયસ ? કે શ્રેયસ ?

કુમારને પ્રેયસ છે કે પ્રિયા; શ્રેયસ યાને કલ્યાણભૂત છે યોગિરાજ. કુમારને શ્રેયસના ભોગે પ્રેયસ નથી જોઈતું.

યોગિરાજ કહે, કુમાર ! પણ એક વાત ભૂલી જાઓ ? હું કાંઈ તમારી સાથે જિંદગી સુધી રહેનાર નથી, આ પાછા વળતાં આશ્રમે પહોંચું એટલી જ વાર છે. પછી તો તમારે એકલા જ જવાનું છે. એમાં ગયા પછી પાછો તમને પ્રિયાનો વિરહ સતાવશે તો શું કરશો ?'

કુમાર વળી વિચારમાં પડયો કે 'આમની વાત તો સાચી છે આ કાંઈ મારી સાથે સાથે જિંદગી સુધી રહે નહિ; ને એ વાતે ય સંભવિત છે કે નથી ને ક્યારેક ઋષિદત્તા યાદ આવે, હૈયું વિરહના દુઃખથી ભરાઈ જાય, ત્યારે શું કરવું ? શું અગ્નિસ્નાન કરવું ? પિતાજીના દાક્ષિણ્યમાં એ કાંઈ બને નહિ. પિતાજી એ કરવા જ ન દે તો તો મારે ન સહેવાય ને ન રહેવાય, એટલે જિંદગીભર રોજનો ભારે બળાપો.'

કુમાર મુંઝવણમાં પડયો કે શું કરવું ? અહીં જ અગ્નિસ્નાન કરું તો પિતાજીની અટકાયત નથી; પરંતુ યોગિરાજના કહેવા હિસાબે જો ઋષિદત્તા હજી જીવંત જ છે, તો પછી મારે એની ખાતર પરલોક ગયે શું વળે ?' એક સમસ્યા ઊભી થઈ ગઈ જોજો હોં, આમાં એને કોઈ વિષયલંપટતા નથી નડતી, કિન્તુ ઋષિદત્તાની ગુણિયલતા અને નિર્દોષતા પર આકર્ષણ છે. બેમાંથી શેને વધુ અગત્ય આપવી એ એક કોયડો બની ગયો.

પરંતુ હવે કુમાર જુએ છે કે આમે ય યોગિરાજ કાંઈ જીવનભર મારી સાથે રહે નહિ, તેથી એ સાથે ન હોય ત્યારે ઋષિદત્તા યાદ આવીને પાછું દુઃખ થવાનું એ સંભવિત છે ત્યારે જો એ પ્રાપ્ત થતી હોય તો થવા દો, જેથી એના વિરહ દુઃખથી શેકાવાનું થાય નહિ'-એમ વિચારી યોગિરાજને કચવાતે દિલે કહે છે,-

'ભગવન ! આપ પાછા ન પધારો અમારે દુઃખનો વિષય છે છતાં આપને યોગ્ય લાગે તેમ કરો.'

**લાભાલાભનો વિચાર જરૂરી :-**

શું કર્યું કુમારે ? લાભાલાભના ટકા માપ્યા. જગતના જીવનમાં આવું જ છે. બધું મનમાન્યુ સરખું બની આવતું નથી, એટલે જોખવું પડે છે કે પરિસ્થિતિવશ ખોટ કેટલી અને બીજી બાજુ લાભ કેટલો ? શાસ્ત્ર એને લાઘવ-ગૌરવનો વિચાર કહે છે, ગુણદોષની ચિંતા કહે છે. જીવનમાં આ ચિંતા વિચાર કરવાની જરૂર રહે છે અને વધુ લાભનું પકડી ઓછા લાભનું જતું કરવાનું હોય છે, યા ઓછા નુકસાનનું અપનાવી લેવાનું હોય છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૧,અંક-૩૦,તા.૨૧-૪-૧૯૭૩

દા.ત માનો કે માણસ એક પત્ની મર્યા પછી પીજી પરણ્યો એ પહેલાની જેવી હોશિયાર કે ગુણિયલ નથી. તો હવે એના મોઢે જૂનીના ગુણ ગાવા ? ના, એમાં અલબત્ત પહેલીના ગુણની અનુમોદનાનો લાભ મળે, પરંતુ મનુષ્યસ્વભાવવશ નવીને ઈર્ષ્યા થાય, એ શોકયની પ્રશંસા સહી ન શકે,એથી વારેવારે એની પ્રશંસા કરનાર પતિ ઉપર અભાવવાળી બનતી જાય એ પતિ માટે મોટું નુકસાન છે; કેમકે હવે જિંદગી આની સાથે કાઢવાની છે, ને તે અભાવ-અસદ્ ભાવવાળી બનવાથી એની સાથેનો સહવાસ ખાટો થઈ જાય. એના બદલે જો જુની અંગે મૌન રાખે તો ગુણિયલની બાહ્ય પ્રશંસા ગુમાવ્યાનું નુકસાન ખરું, પરંતુ તે ઓછુ; જ્યારે નવીની થોડી પણ સારી સેવા આદિની ઉપબૃહણા કદર-સમર્થન કરે, તેનો લાભ વધારે; કેમકે કહે છે ને કે પ્રશંસા દેવને પણ પ્યારી છે ! તો એ ન્યાયે નવીનો ઉત્સાહ વધતો રહે, પતિ પર સદ્ભાવ વધતો રહે, અને તેથી એ કલેશકારી ન બને. એના નિમિત્તે આર્તધ્યાન ન થાય. એ લાભ પેલા નુકસાન કરતાં વધારે વિચારો શું પસંદ કરવું ?

**મોંઘવારીમાં લાભાલાભ :-**

આજે મોંઘવારી વધી ગઈ છે ને ? હવે જો અત્યારે પૂર્વની સોંઘવારી યાદ કરી મનમાં જો એ લાવ્યા કરો કે 'પહેલાં બધું સસ્તુ સોઘું હતુ તો કેટલી નિરાંત હતી ? નિરાંતે ધર્મકાર્ય કરી શકતા;' તો આમાં અલબત્ત ધર્મકાર્ય ઠીક થઈ શકવાની અનુમોદનાનો લાભ છે; પરંતુ બીજી બાજુ હૃદય હતાશ થઈ વર્તમાન મોંઘવારી પર દ્વેષ-ઈતરાજી કરી કરીને નકરું આર્તધ્યાન અને કષાય ચાલ્યા કરવાના. એથી નુકસાન મોટું થયા કરે.

એના બદલે પૂર્વની સોંઘવારી યાદ જ ન કરાય, અને પેલી ઓછી ગુણિયલ બીજી પત્નીની જેમ વર્તમાન મોંઘવારીના થોડા પણ ગુણનો સંતોષ મનાય તો

આર્તધ્યાન મટે, અને વર્તમાનમાં થઈ શકતા ઓછા ધર્મકાર્યને કસોટી-સમયના લેખી વધુ લાભકારી મનાય, તો એની અનુમોદના થાય, કે 'ભાઈ ! આવા કપરા સમયમાં મને ઓછી પણ ધર્મક્રિયા મળે છે ? દાન દેવાનું મળે છે ? ક્ષમા-સમતા રાખવાની મળે છે ? મારાં અહોભાગ્ય છે !' આમ સુકૃતની અનુમોદના, ધર્મની હુંફ અને આર્તધ્યાનની અટકાયતના મહાન લાભ મળે છે. તો વિચારો, શું પસંદ કરવા જેવું ?

**નવી આગળ જુનીના ગુણ યાદ કરવામાં જેમ જીવન ખાટું થાય છે, એમ આજની મોંઘવારી વખતે પૂર્વની સોંઘવારીના ગુણ ગાવામાં જીવન ખાટું થાય છે.**

**એના બદલે નવીના ઓછા પણ ગુણની જેમ આજની મોંઘવારીના ઓછા પણ ગુણ દેખતા રહેવામાં મન પ્રસન્ન રહે છે.**

**યોગિરાજની વિધિ :-**

એટલે સમજાશે કે વર્તમાન સ્થિતિના થોડા પણ ગુણ જોતા રહી આ પ્રસન્નતા જ અપનાવવા જેવી પસંદ કરવા જેવી છે. એ ગૌરવ-લાઘવના વિચાર-વિવેક પર બની શકે. રાજકુમાર કનકરથે એ રીતે વિચાર કરીને યોગિરાજને યોગ્ય લાગે તે કરવામાં સંમતિ દર્શાવી.

બસ, હવે યોગિરાજે થોડે દૂર એક પડદો બંધાવી એની અંદર પ્રવેશ કર્યો, અને પ્રવેશ કરીને બોલે છે,-

'હે નૃપનંદન ! જ્યારે તમને હવે આ ચિંતા છે કે જો મુનિનું આ કાર્ય ઠીક પાર ઊતરે તો આ પૃથ્વી પર હું ધન્ય બની જાઉં, પુણ્યશાળી બની જાઉં; તેમજ સતીઓ અને સત્ પુરુષોનો આ દુનિયા પર પ્રભાવ પડી જાય; વળી મને જીવાડવા સંજીવની ઔષધી જેવી પ્રિયા ઋષિદત્તા આંખે જોવા મળી જાય; આવા આવા પ્રકારની જ્યારે તમને આતુરતા છે તો હવે તમે સૌ થોડી વાર આંખ મીચીં ભગવાન ઋષભદેવનું ખૂબ દિલથી નામ રટવા માંડો, અને હું મંત્રપ્રયોગ શરુ કરી દઉં છું, એથી ત્યાં જાઉં છું જેથી તમારી પ્રિયા ઋષિદત્તા અહીં પ્રગટ થશે; જેને પછી નગરના લાખો લોકોની આંખ હવેલીઓની અટારીઓમાંથી જોશે, અને દેવો-ગંધર્વો કૌતકઉત્સાહથી જેના ગુણ ગાતા હશે.'

**યોગી મૂળ રૂપમાં :-**

આમ કહીને ઋષિદત્તા યોગિરાજે ઔષધીપ્રયોગથી ઊભો કરેલ પોતાનો પુરુષપણાનો ભાવ બદલી નાખ્યો, અને યોગીના વેશની અંદર ગુપ્ત રાખેલ પૂર્વનો મુલાયમ સ્ત્રીવેશ પહેરી લીધો. યોગિવેશને હવે અંદર ઢાંકી લીધો. જટા છોડી નાખીને લાંબો કેશકલાપ બનાવી લીધો.

હવે ઋષિદત્તા જુએ છે કે બધું અવસરસર બની આવ્યું છે, પણ આ બધો

પ્રતાપ ભગવાન ઋષભદેવ સ્વામીનો છે. અહો ! પ્રભુ ! તે કેવી મારી લાજ રાખી ! કેવો યોગ બનાવી દીધો ? આજસુધી શીલનું સાંગોપાંગ પાલન,ચિત્તને અખંડ ચાલી આવેલી સમાધિ-સ્વસ્થતા, પતિને વસ્તુસ્થિતિનો રુકિમણીના જ મુખેથી ખ્યાલ મળતાં મારી નિષ્કલંકતાની થયેલી ખાતરી....આ બધું પ્રભુ ! તારા અચિંત્ય પ્રભાવથી જ બની આવ્યું, એ નાથ ! તારો કેટલો બધો ઉપકાર !' ...એમ યાદ કરતાં હૈયું પ્રભુના ઉપકાર-સ્મરણે ગદ્ગદ થઈ ગયું, અને એ ભક્તિભીનાં પ્રભુ સ્મરણે એવો પ્રભાવ પડ્યો કે હવે જુઓ શું બને છે.

**ઋષિદત્તાના ભક્તિભાવનો પ્રભાવ :-**

હજી તો કનકરથ રાજકુમાર કનકરથ સુંદરપાણિ રાજા, અને લોકો આંખ મીંચી પ્રભુના નામની રટણામાં છે, એટલામાં ઋષિદત્તા જેવી પડદાની બહાર નીકળે છે, કે એજ વખતે એના વિશુદ્ધ સતીત્વ અને જબરદસ્ત પ્રભુશ્રદ્ધાના પ્રભાવે આકાશમાં દેવતા હાજર થઈ વાજિંત્રના સરોદભર્યા મોટા જયજયના સાથે ઋષિદત્તાના મસ્તક પર પુષ્પની વૃષ્ટિ કરે છે. આકાશધ્વનિથી લોકો એકદમ ચોકી ઊઠી ઊંચે જોતાં અદ્રશ્ય જયજયનાદ અને વાજિંત્રના સરોદ ગાજતા સાંભળે છે, અને સામે દેવાંગનાશી ઋષિદત્તાને આવતી દેખે છે; એના માથે ઝરમર ઝરમર પુષ્પવૃષ્ટિ પડતી જુએ છે. આશ્ચર્યનો પાર નથી ભારે હર્ષોલ્લાસમાં આવી જઈ જનસમૂહ 'જય હો જય હો મહાસતી ઋષિદત્તાનો' એવો ગર્જારવ કરી મુકે છે.

**આકાશવાણીથી રુકિમણીના પાપનો ઘટસ્ફોટ :-**

ત્યાં આકાશમાંથી વાણ પ્રગટે છે,-

'હે સુંદરપાણિ ભૂપ ! તારી પુત્રી રુકિમણીએ કુમારને પરણવા સુલસા જોગણી પાસે કેવો ઘોર પ્રપંચ કરાવી આ મહાસતી નિર્દોષ તાપસપુત્રી ઋષિદત્તા ઉપર કલંક ચડાવેલું એ રુકિમણીને પૂછ.'

આ સાંભળતાં રાજા ચોંકી ઊઠે છે, તરત પોતાના માણસોને રુકિમણી ઉપર પહેરો રાખવા અને 'સુલસા'- જોગણીનો પત્તો લગાડી એને પકડી લાવવા મોકલી દે છે; તેમજ અહીં રાજકુમાર કનકરથની સાથે ઋષિદત્તાની સામે હરખભેર લેવા માટે જાય છે. નજીક પહોંચતા, ઋષિદત્તા પતિ કનકરથના પગમાં પડી નમસ્કાર કરીને હાથ જોડી ને ઊભી રહે છે.

(૧) કનકરથને જીવનમાં એનાં દર્શન થવાની કલ્પના જ નહિ, તે અહીં સાક્ષાત્ સામે આવીને ઊભેલી જોતાં હૈયું ગદ્ગદ થઈજાયછે એમાં વળી (૨) એના દેવસત્કાર થયેલા જોવા મળ્યા, એથી એનો જબરદસ્ત પ્રભાવ મન પર આવતાં હૈયું પીગળીને આંખમાં પાણી ભરાઈ આવે છે. (૩) અવસરે પોતે એની રક્ષા એનો બચાવ નથી કર્યો, અરે ! એની આપત્તિ પાછળ પોતે સાથે ય નથી ચાલ્યો,

એની ભારે શરમ પણ આવી જાય છે શું બોલવું ને શું ન બોલવું વિચાર થઈ પડે છે, ને આંખમાંથી આસું ટપક્યા કરે છે.

લોકોને ય અને રાજા સુદ્ધાંને આ દ્રશ્ય જોઈ આંખ ભીનીભીની થઈ જાય છે. ઋષિદત્તા મરી નહોતી ગઈ. કર્માનુસાર અને એની કુશળબુદ્ધિએ સહજ ભાવે બધું બનતું આવેલું; પરંતુ બધાને મન જાદુ થયા જેવું લાગે છે. આમાં ઋષિદત્તાની ધીરજે ભારે કામ કર્યું છે.

**કર્મની આપત્તિમાં આપણે ઉતાવળા થઈએ છીએ, પરંતુ તેથી કામ બગડે છે.**

**સ્નેહીની અપ્રીતિ પર કર્તવ્ય-અકર્તવ્ય :-**

માનો કે આપણે સારા વર્તાવથી રહ્યા છીએ, છતાં આપણી પર આપણા અશુભના ઉદયે બીજાને અપ્રીતિ-દુર્ભાવ-અભાવ થયો, ત્યાં જો ઉતાવળા થઈએ તો કાં તો ખોટી દીનતા-ચાપલુસી કરી સામાને મનાવવાનું કરાશે; પણ એમાં સામાના દિલ પર ઉલટી ખોટી છાપ પડવાની અથવા સામા માટે બીજાની આગળ અનુચિત બોલ બોલવાનું કે એની નિંદા કરવાનું કરીએ તો એમાં સામાને જાણ થતાં અભાવ વધવાનો. કશું નહિ આવા અવસરે ધીરજ ધરવાની; સામા માટે આપણા દિલમાં શુદ્ધ મૈત્રીભાવ વહેતો રાખવાનો સામાને આપણું મળવાનું-બોલવાનું ગમતું ન હોય તો એ બંધ રાખવાનું. પરંતુ બહાર મોકો મળે ત્યાં બીજાની આગળ એનું સારુ જ બોલવાનું. આમ કર્મની આપત્તિમાં ઉતાવળા ન થતાં ધીરજ રાખીએ તો એવો અવસર આવી લાગે કે જ્યારે પેલાને પસ્તાવો થાય, આપણા પરનો અભાવ દૂર થઈ જઈ ઊલટું સ્નેહ-સદ્ભાવ વધી જાય.

જીવનમાં ઘણા ક્ષેત્રોમાં આપત્તિ વખતે આ ધૈર્યનું સૂત્ર પકડવા જેવું છે. માનો ને કદાચ સામાને અભાવ ન હટ્યો, તો ય આપણું કશું બગડયું નથી. આપણે દિલ પવિત્ર, મૈત્રીભાવ, નિંદાનો ત્યાગ, સ્વકર્મવિપાકની વિચારણા,...વગેરેથી ભર્યું ભર્યું રાખ્યું છે તો પ્રત્યક્ષ શાંતિનો અનુભવ મળ્યો છે, દિલ ફોરું ફુલ રહ્યું છે.

**આપત્તિમાં બે વિચારણા :-**

**પ્ર.**- ફોરું શી રીતે ? આપણે જેનું બહુ સાચવ્યું છે, એ આપણા વાંક વિના આપણા પર અભાવવાળો થાય તો દિલને લાગે નહિ ?

ઉ.- ના, ન લાગે,

(૧) જો આપણે આપણા કર્મનું નાટક વિચારીએ. એ કાંઈ આપણી હોશિયારીના પ્રતાપે નહિ; નહિતર એ હોશિયારી તો એની એજ આજેય ઊભી છે, તો આજે કેમ ન બોલાવે ? કહો, સામા સારી રીતે બોલાવતાએ આપણા શુભ કર્મના ઉદયના પ્રતાપે, આજે હવે આપણા અશુભના ઉદયના પ્રતાપે. આજે હવે

આપણા અશુભના ઉદયની વારી આવી છે, તેથી એ નથી બોલાવતા. જો શુભના ઉદયને આવકારીએ છીએ, તો અશુભના ઉદયને પણ આવકારવો જોઈએ.

આપણા શુભનો માલ ખપે, ને આપણા જ અશુભનો ન ખપે ? સારા વિદ્યાર્થીને માસ્તર તરફથી અપાતું સન્માન ખપે છે. તો ભૂલભાલમાં માસ્તરની તમાચ પણ ખપે છે. એની ભૂલ અહીંની છે. ને આપણી ભૂલ પૂર્વભવની છે. ફરક એટલો જ. આપત્તિ આવી એ પૂર્વની ભૂલ થી સર્જાયેલ કર્મરૂપી ગૂમડાનો પાક છે, વિપાક છે. હવે એ ગૂમડું પાકીને ફૂટી ખત્મ થવાનું. એમાં શું કામ દિલભારે કરીએ ?

(૨) બીજી એક મહત્વની વાત એ છે કે સામો આપણને ન બોલાવે, એ આપણને કેમ લાગી આવે છે ?

**શું જીવનમાં આ દુન્યવી માણસો સારા બોલાવે-ચલાવે એ મહત્ત્વનું છે ? કે આપણા દિલમાં ભગવાન ખૂબ ઉછળતા ભક્તિ-બહુમાનભાવ સાથે યાદ આવ્યા કરે એ મહત્ત્વનું છે ?**

**પ્રભુ પ્રત્યે બહુમાન કેમ નહિ ?**

ઊલટું એ જોજો કે બીજા તરફથી આપણા પોતાના માન-સન્માન થાય, સ્નેહ-સદ્ભાવ મળે, એ બહુ ગમે છે એટલે જ દિલમાં પ્રભુ પ્રત્યે અનહદ ભક્તિ બહુમાન ઉછળતા નથી. એનું કારણ સ્પષ્ટ છે. પ્રભુ પ્રત્યે ભક્તિ-બહુમાન લાવવા માટે આપણી જાત માટે અતિ અતિ નમ્રભાવ આવવો જોઈએ. ત્યારે બીજાઓ પાસેથી સ્નેહ-સન્માનની એષણા-આકાંક્ષામાં જાત માટે બહુમાનની અપેક્ષા રહે છે, એ અહંભાવ છે. ત્યાં નમ્રભાવ શાનો ઊભો રહે ? જાતના નમ્રભાવ વિના પ્રભુ પ્રત્યે બહુમાન શાનું ? પૂછો,

પ્ર.- બીજાના સ્નેહની અપેક્ષામાં અહંભાવ શી રીતે ?

ઉ.- અહંભાવ એ રીતે કે ત્યાં મનને એમ લાગ છે કે 'હું બીજાનો સ્નેહ મળવાને યોગ્ય છું' માટે તો સ્નેહ ન મળતાં મન ખાટું થાય છે. 'મને કેમ સ્નેહ ન મળે ? સામા સ્નેહ ન રાખનારા ઠીક નથી. કરતા' એમ લાગે છે. આમ જાતની સ્નેહયોગ્તાનો ખ્યાલ રહે એ અહંભાવના ઘરનો ખ્યાલ છે. એવો જાતમાં ધન-માલની યોગ્યતા હોવાનો ખ્યાલ પણ અંહભાવના લીધે..

**જે વસ્તુ કર્મને પરાધીન છે, એ વસ્તુની પ્રાપ્તિની યોગ્યતા જાતમાં જોવી એ અહંભાવ નહિ તો બીજું શું ?**

**દુનિયાની સારી વસ્તુ સ્નેહ-સન્માનાદિ આપણને મળે એ આપણી લાયકાત પર નહિ, કિન્તુ આપણા શુભ કર્મની લાયકાત પર.**

આપણી લાયકાત એટલે આપણી ગુણિયલતા. એના પર દુનિયાના માલ-માન-સ્નેહ નથી મળતા, પણ પૂર્વોપાર્જિત પુણ્યની લાયકાત યાને કક્ષા પર મળે

છે. એટલે ખાસ સમજી રાખવા જેવું છે કે દુન્યવી માલ-માન-સ્નેહ જાય, ન મળે, મળતા બંધ થાય એથી, જો આપણામાં ગુણસમૂહ છે તો, આપણામાં લાયકાત ન હોવાનું માનવાની જરૂર નથી; માલ-સામાન-સ્નેહ જતાં આપણે જરાય તન-મનથી દુબળા પડવાની જરૂર નથી. મનને એમ થાય કે 'શું મારા પ્રત્યેનો સામાનો સ્નેહ ગયો, એટલે મારા ગુણો ગયા ? મારો ધર્મ ગયો ? શું મારા પૈસા ગયા એટલે મારા ગુણો ગયા ? અરે ! શું રોગ આવી ગયો મારું આરોગ્ય ગયું એટલે મારા ગુણો ગયા ? મારો ધર્મ ગયો ? ના, તો પછી સ્નેહ માલ-માન જતાં હું શું કામ દુબળો પડું ? મારે મનને ઓછું લાવવાની જરૂર નથી.

**આપણી ખરી લાયકાતનું ભાન હોય, તો પુણ્યની લાયકાત ઘટ્યે સામાનો સ્નેહ જતાં કે પૈસા જતાં મનને ઓછું ન આવે, દુબળા ન પડાય.**

ખરી લાયકાત ગુણસમૂહની બાકી સામાનો સ્નેહ-સદ્ભાવ મળવાનું તો પુણ્યાધીન હોઈ એ પુણ્યના ઉદયની પુણ્યની લાયકાતની વસ્તુ થઈ, આપણી લાયકાતની વસ્તુ નહિ. છતાં આપણે એ માટે આપણી લાયકાત માનીએ, જાતને એની હકદાર સમજીએ, એ આપણો અહંભાવ છે એ હોય ત્યાં નમ્રતા-લઘુતા ન રહી; એટલે ત્યાં નમ્રતા વિના પ્રભુ ઉપર ઊછળતો બહુમાનભાવ શી રીતે જાગે ?

સુલસા-રેવતી-ચંદનબાળા વગેરેમાં જુઓ કે એમનામાં શી રીતે પ્રભુ ઉપર પારાવાર બહુમાન ભાવ હતો ? શું એ એમને એમ પ્રગટી ગયો હશે ? દુન્યવી સ્નેહ-સન્માન-સગવડ-સરંજામ વગેરેની ભરચક આકાંક્ષાઓ ઊભી રાખીને પ્રગટી ગયો હશે ? ના, એ એવી આકાંક્ષાઓ જોરદાર ઊભી રાખવામાં તો અહંભાવ સારો ખખડધખ રહ્યા કરે; પછી નમ્રભાવ ન આવી શકે. તો પ્રભુ પ્રત્યે હૈયાની એવી ઝુકાવટ ન બની શકે. બહુમાન ઊભુ કરવા ઝુકાવટ-નમ્રભાવની જરૂર છે. એ માટે જાતનો અહંભાવ ઓગાળી નાખવો પડે; ને એ માટે તુચ્છ સ્નેહ-સન્માદિની આકાંક્ષાઓ પડતી મૂકવી જોઈએ.

**દુન્યવી સ્નેહ-સગવડ-સન્માનની આકાંક્ષામાં જાત લાયક લાગવાથી અહંભાવ પોષાય છે.**

આ જબરું સાયન્સ છે ગુરુ ઉપર પણ બહુમાન ઊભું કરવા માટે ગુરુ તરફથી સ્નેહ-સન્માનાદિની આકાંક્ષાઓ પડતી મૂકવી પડે છે 'ગુરુ મહારાજ મારા પર સ્નેહ રાખે, કૃપાદૃષ્ટિ રાખે મારું થોડું માન રાખે,-' ઈત્યાદિ આકાંક્ષા-અપેક્ષા રાખવામાં જાતે એ વસ્તુઓને લાયક હોવાનું સમજાય છે, ને એથી અહંભાવ પોષાય છે. માટે તો જ્યાં એમાં કમી દેખાય ત્યારે રીસ ચડે છે. મનને એમ થાય છે કે, એમના આટલા ગુણ ગાઈએ, છતાં ગુરુ મહારાજ બીજા ઉપર જે સ્નેહ રાખે છે કૃપાદૃષ્ટિ રાખે છે એટલો મારા પર સ્નેહ કૃપાદૃષ્ટિ નથી રાખતા.' આ રીસ-

કચવાટ કોણ કરાવે છે ? અંહભાવ.

"મારી સ્નેહાદિની યોગ્યતા છે, મને સ્નેહાદિ મળવા જોઈએ,' આ ભાવ અહંભાવમાંથી ઊઠે છે ત્યાં ત્યાં એ નથી જોવાનું કે, 'ભલા આદમી ! સ્નેહ સન્માનાદિ માટે તારી યોગ્યતા કામ ન લાગે એ માટે તો શુભકર્મની યોગ્યતા યાને શુભોદય યોગ્ય શુભ કર્મ પુણ્યકર્મ ઉદયમાં હોય તો સ્નેહ-સન્માનાદિ મળી આવે. શુભોદય પુણ્યોદય ખૂટે એટલે એ મળતાં બંધ થાય. તેથી એ માલ-માન-સ્નેહ જતાં કર્મની યોગ્યતા ગઈ એમાં તું શું કામ દુબળો પડે ? તારી યોગ્યતા ઊભી જ છે. ગુરુ સ્નેહ રાખતા ન દેખાય, એ તારા પુણ્યની ખામી, તારી ખામી નહિ. હા, હવે જો તું દૂબળો પડે, ગુરુ પ્રત્યે મન બગાડે, એમના ભીમ ભવસાગરમાંથી ઉદ્ધરવાના અથાગ ઉપકારને ભૂલે, તો એ તારી ખામી.

**બાપ કે ગુરુનો સ્નેહ તારા પર ઘટ્યો એ તારા પુણ્યની યોગ્યતા ઘટી માટે. પરંતુ હવે તું દુબળો પડે, બાપ કે ગુરુ પ્રત્યે મન બગાડે, એમાં તારી યોગ્યતા ઘટે છે.**

આમ બધું પાપ સ્નેહ-સન્માન અને માલમલીદાની આકાંક્ષાઓ ભરી રાખવાનું છે. એથી અહંભાવ પુષ્ટ રહે છે, નમ્રભાવ આવતો નથી, ને તેથી દેવ-ગુરુ ઉપર ઉચ્ચ બહુમાન-ઉચ્ચ આદરભાવ નથી જાગતા.

વાત આ હતી કે કર્મની આપત્તિમાં ધીરજ ગુમાવીએ ને ઉતાવળા થઈએ તો કામ બગડે છે. ગુરુ શું, કે બીજા શું સામાના આપણા પર સ્નેહ-સદ્ભાવ-સન્માન ઘટ્યા, ત્યાં એ કર્મની યોગ્યતા ઘટવાનું ન વિચારતાં આપણું બગડી ગયું વિચારીએ, આપણે દુબળા પડીએ, એટલે પછી ઉતાવળ-અધીરાઈમાં સામા માટે હલકું ચિંતવવાનું, એની નિંદા કરવાનું... કાંઈ ને કાંઈ અજુગતું કરવા માંડી પડાય છે, ને કામ બગડે છે ત્યારે જો 'કર્મની યોગ્યતા ઘટી પણ આપણી યોગ્યતા તો ઊભી જ છે,' એમ સંતોષ લઈ આપત્તિમાં ધીરજ ન ગુમાવીએ, આકળા-ઉતાવળા ન થઈએ, તો ફરી પાછી કર્મની યોગ્યતા ખીલી ઊઠ્યે સૌ સારું બની આવે છે.

**આપણી ધીરજમાં ગુણ વધાર્યે, આપણી યોગ્યતા વધવાથી પુણ્યયોગ્યતા વધે છે.**

**કુમાર ખમાવે છે :-**

ઋષિદત્તાએ ભયંકર કલંક માથે ચડી આવતાં, ધીરજ રાખી, વનમાં પ્રભુભક્તિ અને તપસ્યા કરતી બેઠી, તો ધીરે ધીરે અત્યારે આ સ્થિતિ આવીને ઊભી કે યોગિરાજના વેશમાંથી, હવે સૌની આતુરતા પૂર્વક જીવંત ઋષિદત્તારૂપે પ્રગટ થવાનું મળ્યું ! દેવોનું સન્માન મળ્યું ! અને પતિ રાજકુમાર કનકરથ હવે એને નજર સામે આમ હુબહુ જોતા હૈયુ ભરાઈ ગયે આંખમાંથી આંસુ પાડી રહ્યો ઊભો છે ! રાજા ને લોકો તો અતિશય આદર-બહુમાન સાથે આ દેવોથી સન્માનિત મહાસતી ઋષિદત્તાને જોઈ રહ્યા છે. કુમાર હૈયુ જરાક હળવું થતાં કહે છે,-

દેવી ! માફ કરજો મારી નબળાઈને કે મેં એ તમારા પરની ભારે કટોકટી વખતે તમારા એક પતિ તરીકેની ફરજ છતાં મેં તમારું રક્ષણ ન કર્યું. હું ક્ષમા માગું છું.'

ઋષિદત્તા હાથ જોડી કહે, 'સ્વામી ! રહેવા દો, તમારે ક્ષમા માગવાની હોય નહિ. જે કાંઈ બની ગયું એમાં તમારો કોઈ દોષ નથી, દોષ મારા પૂર્વનાં કર્મનો છે. એ જાલિમ કર્મ ખડા હોય ત્યાં મારું ય કાંઈ ન ચાલે, ને તમને ય કશું કરી શકવા દે નહિ. તમારી તો વડાઈ છે કે તમે તો ધરાર મારી પાસે રોજ ને રોજ માંસના ટૂકડા પડેલ દેખવા છતાં મારામાં હત્યારી પણાનું કલંક ઠેઠ સુધી માન્યું નથી. આટલો બધો મારા પર તમારો વિશ્વાસ અને, સદ્ભાવ, એ તમારી કેટલી બધી ઊંચી વડાઈ ? ખેર, હવે તો દેવવાણીથી દુનિયાએ પણ મારી નિષ્કલંકતા માની છે, અને આપણા બંનેનો સુખદ યોગ બની આવ્યો છે, તેથી તમારે હવે જરા ય મનમાં ઓછું લાવવાની જરૂર નથી. અનંત ઉપકાર અનંત પ્રભાવ ભગવાન ઋષભદેવનો કે જેથી પરિણામે મહા આનંદના સર્જન થઈ આવે છે. માટે શરણ સાચું ભગવાન જિનેશ્વરદેવનું અને એમના કહેલા ધર્મનું છે. એનો જ સ્વીકાર કરો અંતે એ જ સહાય કરે છે, સુખી કરે છે ' ઋષિદત્તા એને મુખ્ય કર્તવ્ય પર લઈ જાય છે. જીવનમાં મુખ્ય કર્તવ્ય પ્રભુનું અને પ્રભુએ કહેલ ધર્મનું શરણું સ્વીકારતા રહેવાનું છે. (ક્રમશઃ)

❉ ❉ ❉

# ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા ભાગની વિગત

ભાગ - ૧ થી ૧૦, અગ્રલેખામૃત

**સુકૃત અનુમોદન :** કે.પી. સંઘવી પરિવાર,(સ્વદ્રવ્ય) માલગાંવ, સુરત,અમદાવાદ.
શ્રી ધર્મનાથ પો.હે. જૈનનગર જૈન સંઘ(જ્ઞાનખાતા)અમદાવાદ.
શ્રી મુલુંડ ઘોઘારી વિશાશ્રીમાળી જૈન સમાજ(જ્ઞાનખાતા)મુલુંડ, મુંબઈ.
શ્રી નમિનાથ ગૃહ જિનાલય (જ્ઞાનખાતા) ઘાટકોપર-ઈસ્ટ, મુંબઈ.

ભાગ - ૧૧, અગ્રલેખામૃત + દિવ્યદર્શન + ગણધરવાદ

**સુકૃત અનુમોદન :** શેઠ શ્રી ઘેલાભાઈ કરમચંદ સેનિટોરિયમ ટ્રસ્ટ (જ્ઞાનખાતા), વિલેપાર્લે, (વેસ્ટ) મુંબઈ.

ભાગ - ૧૨, સાધર્મિક ભક્તિ + જીવનના આદર્શ + અનંતના પ્રવાસે

**સુકૃત અનુમોદન :** શ્રી ગીતાંજલી શ્વે.મૂ.પૂ.જૈન સંઘ (જ્ઞાનખાતા), બોરીવલી,મુંબઈ.

ભાગ - ૧૩ / ૧૪, શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય

ભાગ - ૧૫, શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય + નિશ્ચય અને વ્યવહાર

**સુકૃત અનુમોદન :** શ્રી શાંતિ નિકેતન જૈન સંઘ (જ્ઞાનખાતા), સુરત.

ભાગ - ૧૬, અનાથી મુનિ + મદનરેખા + કલ્યાણ મિત્ર + નમિરાજર્ષિ

ભાગ - ૧૭, સંસારની જડ + જીવનમાં દિશાનું પરિમાણ+ સંસારના ત્રિવિધ તાપ

ભાગ-૧૮, ગૃહસ્થ ધર્મ કેમ દીપે ? + દર્શનની ષડ્વિધ કલા + અરિહંત પરમાત્માની ઓળખાણ + જૈનશાસનમાં ભાગવતી દીક્ષાનું સ્થાન + સંસ્કૃતિના સંરક્ષણ

**સુકૃત અનુમોદન :** શ્રી રિદ્ધિ સિદ્ધિ આદર્શ શ્વે.મૂ. જૈન સંઘ (જ્ઞાનખાતા), માર્વેરોડ, મલાડ (પશ્ચિમ), મુંબઈ-૬૪.

ભાગ - ૧૯, ધ્યાન અને જીવન

ભાગ - ૨૦, ધ્યાન અને જીવન + ચિંતા ચાર પ્રકારની

**સુકૃત અનુમોદન :** શ્રી લબ્ધિનિધાન સીમંધરસ્વામી જૈન સંઘની આરાધક શ્રાવિકાઓ(જ્ઞાનખાતા) એલ્ફીન્સ્ટન, વરલી, મુંબઈ.

ભાગ - ૨૧/૨૨/૨૩, શ્રી સમરાદિત્ય કથા

**સુકૃત અનુમોદન :** શ્રી નવજીવન શ્વેતાંમ્બર મૂર્તિપૂજક જૈન સંઘ (જ્ઞાનખાતા),મુંબઈ.

ભાગ - ૨૪/૨૫, શ્રી સમરાદિત્ય કથા

ભાગ - ૨૬, શ્રી સમરાદિત્ય કથા + અમીચંદની અમીદૃષ્ટિ + મહાસતી દેવસિકા + રૂપસેન અને સુનંદા

सुकृत अनुमोदन :श्री विलेपार्ले श्वेतांम्बर मूर्तिपूजक जैन संघ एन्ड चेरिटी ट्रस्ट (ज्ञानखाता) पार्ला- ईस्ट, मुंबई.


ભાગ - ૨૭, પર્યુષણ પર્વના પ્રવચનો

ભાગ - ૨૮/૨૯, આત્માનો વિકાસ અને મહાસતી સીતાજી


સુકૃત અનુમોદન : શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ જૈન શ્વેતાંમ્બર મંદિર ટ્રસ્ટ શ્રી કુંભોજગિરિ જૈન તીર્થ (જ્ઞાનખાતા)


ભાગ - ૩૦, લલિત વિસ્તરા + સતી દમયંતી

ભાગ - ૩૧, શ્રી શાંતિનાથ ભવ - ૧ થી ૪

ભાગ - ૩૨, શ્રી શાંતિનાથ ભવ - ૪ થી ૬


સુકૃત અનુમોદન :પૂ. સાધ્વીશ્રી રત્નત્રયીશ્રીજી મ.સા.ની દીક્ષામાં થયેલ ઉપજમાંથી


ભાગ - ૩૩, શ્રી શાંતિનાથ ભવ - ૬ થી ૮

ભાગ - ૩૪, શ્રી શાંતિનાથ ભવ - ૮ થી ૧૦

ભાગ - ૩૫, શ્રી શાંતિનાથ ભવ - ૧૦ + પ્રારબ્ધ પર પુરુષાર્થનો વિજય + મા પુણો નિબુડ્ડિજ્જા


સુકૃત અનુમોદન : શ્રી શાંતિસુધા પાર્ક જૈન સંઘ (જ્ઞાનખાતા), ઘાટકોપર(ઈ), મુંબઈ.


ભાગ - ૩૬, શાંતસુધારસ અને ઋષિદત્તા - ૧

ભાગ - ૩૭, શાંતસુધારસ અને ઋષિદત્તા - ૨

ભાગ - ૩૮, વીસસ્થાનક-અરિહંત પદ-દેવપાલની સાધના + તામસભાવના તાંડવ

ભાગ - ૩૯, વીસસ્થાનક-સિદ્ધપદ - હસ્તિપાલની સાધના + રાગદ્વેષ કરાવે કલેશ

ભાગ - ૪૦, રાગદ્વેષ કરાવે કલેશ + નરસિંહની કથા + દાનધર્મ

ભાગ - ૪૧, શ્રી કુવલયમાળા-ચરિત્ર વ્યાખ્યાન -૧

ભાગ - ૪૨, શ્રી કુવલયમાળા-ચરિત્ર વ્યાખ્યાન -૨


સુકૃત અનુમોદન :શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન સંઘ (જ્ઞાનખાતા), સાંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ.


ભાગ - ૪૩, શ્રી કુવલયમાળા-ચરિત્ર વ્યાખ્યાન -૩ + કષાય રોકોઃ છૂટવાનો મોકો


સુકૃત અનુમોદન :અમદાવાદ વાસણાની આરાધક બહેનો (જ્ઞાનખાતા),અમદાવાદ.


ભાગ - ૪૪, કષાય રોકોઃ છૂટવાનો મોકો

*ભાગ - ૪૫-૪૬, શ્રી પંચસૂત્ર*


સુકૃત અનુમોદન :શ્રી વર્ધમાન જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ (જ્ઞાનખાતા), નાસિક.

યુગો સુધી ઝળહળશે ભુવનભાનુનાં અજવાળાં

૧૦૦

તસ્મૈ શ્રી ગુરવે નમઃ

ભુવનભાનુસૂરિ જન્મ શતાબ્દી

૧૯૬૭ ૨૦૬૭




પ્રિન્ટીંગ: જય જિનેન્દ્ર અમદાવાદ મો:૯૮૨૫૦ ૨૪૨૦૪